## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૩૫ | ૨૮ | દુષ્કૃતના સંતાપમાં સમાધિ ? | ૧ |
| ૨. | ૩૫ | ૨૯ | ‘આવશે ત્યારે જોવાશે’ : આવશે... | ૪ |
| ૩. | ૩૫ | ૩૦ | માનવજન્મમાં અમૂલ્ય જડીબુટ્ટી : | ૬ |
| ૪. | ૩૫ | ૩૧-૩૩ | પરસ્ત્રીદર્શનથી બીનારને વિચારવા માટે (લે.૧-૨) | ૯-૧૫ |
| ૬. | ૩૫ | ૩૪-૩૫ | આજની હાડમારીમાં સુખે કેમ જીવાય (લે.૧-૨) | ૧૫-૨૦ |
| ૮. | ૩૫ | ૩૮-૩૯ | માનવભવની એક વિશિષ્ટ સાધના.. (લે.૧-૨) | ૨૧-૨૫ |
| ૧૦. | ૩૫ | ૪૦/૪૧ | માનવભવની એક વિશિષ્ટ સાધના.. (લે.૩) | ૨૬ |
| ૧૧. | ૩૫ | ૪૨ | ઉત્કટ રાગમાં શાંતિ-સમાધિ નહિ,... | ૨૮ |
| ૧૨. | ૩૫ | ૪૩/૪૪ | પ્રભુના જ્ઞાનમાં યોગ્ય દેખાવું એ પ્રભુની સેવા | ૩૧ |
| ૧૩. | ૩૫ | ૪૭/૪૮ | ધનને વાવવાનો રૂડો અવસર | ૩૪ |
| ૧૪. | ૩૬ | ૧ | કૃતજ્ઞતાની ભાવના મોટી ?... | ૩૬ |
| ૧૫. | ૩૬ | ૨,૪/૫ | વૈરાગ્ય પછી ત્યાગમાં કેમ વિલંબ ? (લે.૧-૨) | ૩૮-૪૨ |
| ૧૭. | ૩૬ | ૩ | ‘ઇષ્ટફલસિદ્ધિ’ તથા ‘દેશનાપદ્ધતિ’... | ૪૨ |
| ૧૮. | ૩૬ | ૬ | દિવાળીની ઉજવણી દયાના દિલથી ઉજવો | ૪૫ |
| ૧૯. | ૩૬ | ૭ | જૈનધર્મનું કર્મવિજ્ઞાન : સનિમિત્તક... (લે.૧-૨) | ૪૮-૫૨ |
| ૨૧. | ૩૬ | ૮ | આપણા સંતાપનું મુખ્ય નિદાન સાંકડું મન | ૫૨ |
| ૨૨. | ૩૬ | ૯/૧૦ | વિકટ સમસ્યા વખતે કર્તવ્ય વિચારણા | ૫૫ |
| ૨૩. | ૩૬ | ૧૦-૧૧ | બીજાના વાંકે આપણું મનોરત્ન બગાડવું ? (લે.૧-૨) | ૫૮-૬૨ |
| ૨૫. | ૩૬ | ૧૨-૧૫ | પાતક-ઘાતક ૫ પરિચયો (લે.૧-૪) | ૬૨-૭૩ |
| ૨૯. | ૩૬ | ૧૯-૨૧ | જૈન ધર્મક્ષેત્ર વ્યવસ્થા (લે.૧-૩) | ૭૪-૧૦૭ |
| ૩૨. | ૩૭ | ૧ | પર્યુષણા મહાપર્વનાં ૫ કર્તવ્યો | ૧૦૭ |
| ૩૩. | ૩૭ | ૨ | પર્યુષણા મહાપર્વનાં ૫ કર્તવ્યો | ૧૦૯ |
| ૩૪. | ૩૭ | ૩ | પર્યુષણા મહાપર્વનાં ૫ કર્તવ્યો | ૧૧૧ |
| ૩૫. | ૩૭ | ૭ | ગોઝારી યાંત્રિક કતલખાનાની યોજના | ૧૧૩ |
| ૩૬. | ૩૭ | ૮ | વિદેશમાં પણ કેવી જીવદયા ! | ૧૧૫ |
| ૩૭. | ૩૭ | ૯ | સન્ડે હો યા મન્ડે, કભી મત ખાઓ અન્ડે | ૧૧૬ |
| ૩૮. | ૩૭ | ૧૧ | જીવનમાં ક્રોડોની કમાણીથી વધુ | ૧૨૦ |
| ૩૯. | ૩૭ | ૧૨ | જિનાગમ મળ્યા છે એટલે શું મળ્યું ? | ૧૨૩ |





| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૪૦. | ૩૭ | ૧૬ | જ્ઞાનતણો મહિમા ઘણો : જીવન-પરિવર્તન | ૧૨૫ |
| ૪૧. | ૩૭ | ૧૯ | ઘેર ઘેર પ્રોબલેમ | ૧૨૮ |
| ૪૨. | ૩૭ | ૨૦ | માનવહત્યા | ૧૩૭ |
| ૪૩. | ૩૭ | ૨૧-૨૨ | પરસ્ત્રી માત સમાન | ૧૪૦ |
| ૪૪. | ૩૭ | ૨૩ | શરાબ કરે બરબાદ | ૧૪૫ |
| ૪૫. | ૩૭ | ૩૦/૩૧ | દર્શનનાં ફળ અને દર્શનની રીત | ૧૫૩ |
| ૪૬. | ૩૭ | ૩૩ | ઊંચી દેવગુરુ કૃપા એટલે શું ? | ૧૫૫ |
| ૪૭. | ૩૭ | ૩૭ | દેવનારનું કતલખાનું રાષ્ટ્રની સંપત્તિનો નાશ | ૧૫૭ |
| ૪૮. | ૩૮ | ૧૩ | વૈયાવચ્ચ, સહનશીલતા-વાત્સલ્યનો ત્રિવેણી સંગમ | ૧૬૪ |
| ૪૯. | ૩૮ | ૧૯ | આજના કાળની ભયંકર હિંસા | ૧૬૭ |
| ૫૦. | ૩૮ | ૨૧ | પ્રભુ-ગુણનાં શ્રવણથી કાયા કે આત્મા નિર્મળ થાય ?... | ૧૬૯ |
| ૫૧. | ૩૮ | ૨૨/૨૩ | મદ્રાસ-ઉપધાનતપની આરાધનામાં... | ૧૭૨ |
| ૫૨. | ૩૮ | ૨૫ | જૈન ધાર્મિક શિક્ષકોને પ્રેરણાદાયી હિતશિક્ષા-૧ | ૧૭૫ |
| ૫૩. | ૩૮ | ૨૬ | જૈન ધાર્મિક શિક્ષકોને પ્રેરણાદાયી હિતશિક્ષા-૨ | ૧૭૮ |
| ૫૪. | ૩૮ | ૨૭ | હોમ ટુ હોસ્પીટલ લઈ જનારા ખાનપાનને ત્યાગો | ૧૮૧ |
| ૫૫. | ૩૮ | ૩૦ | શ્રાવકોએ પોતાની/ધર્માદા મૂડીનું રોકાણ ક્યાં ? | ૧૮૫ |
| ૫૬. | ૩૮ | ૩૧ | ઈંડાના ત્યાગવાળા માટે આઈસ્ક્રીમ અખાદ્ય | ૧૮૯ |
| ૫૭. | ૩૮ | ૩૨ | મદ્રાસ નગરે-એગમોર સોસાયટીમાં અંજનશલાકા | ૧૯૧ |
| ૫૮. | ૩૮ | ૩૫ | ગુજરાતની મચ્છીમાર સરકારનો કાન... | ૧૯૩ |
| ૫૯. | ૩૮ | ૩૬-૩૭ | પરમાત્મ સાક્ષાત્કારના પાંચ ઉપાય (લે.૧-૨) | ૧૯૬-૨૦૨ |
| ૬૧. | ૩૮ | ૩૮ | અરવિંદભાઈ એમ પારેખનો એક પત્ર | ૨૦૨ |
| ૬૨. | ૩૮ | ૪૩ | પર્યુષણા પર્વમાં રાત્રિભોજનથી બચો | ૨૦૫ |
| ૬૩. | ૩૯ | ૮ | સંસાર-ઈમારતનો પાયો ‘અહમ્’ કેમ તુટે ? | ૨૦૭ |
| ૬૪. | ૪૦ | ૧ | પર્યુષણા મહાપર્વ કેમ ઉજવશો ? | ૨૦૯ |
| ૬૫. | ૪૦ | ૬ | વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ તરફથી | ૨૨૫ |
| ૬૬. | ૪૦ | ૭ | લિ.આચાર્ય વિજય ભુવનભાનુસૂરિ તરફથી | ૨૨૮ |
| ૬૭. | ૪૦ | ૧૭ | કષાયો રોકવાના વિચારમાં માયા કેમ રોકવી | ૨૩૧ |
| ૬૮. | ૪૦ | ૨૧ | શ્રેણિકપુત્ર નંદિષેણનો ઉત્ક્રાંતિ ક્રમ | ૨૩૩ |
| ૬૯. | ૪૦ | ૨૨ | જુદા જુદા કર્મ-સંસ્કારોના હિસાબ એક સાથે પતે ? | ૨૩૬ |





E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૭૦. | ૪૦ | ૪૬ | નફા વિનાનો વેપાર | ૨૩૯ |
| ૭૧. | ૪૦ | ૪૭ | ક્રિયામાં મનની સ્થિરતાનો એક પ્રયોગ | ૨૪૧ |
| ૭૨. | ૪૧ | ૧ | વીતરાગ અરિહંત આપણું ભલું કરે ? (લે.૧) | ૨૪૪ |
| ૭૩. | ૪૧ | ૨ | સાંસારિક કાર્ય માટે પાપ કે ધર્મ કરવો ? (લે.૨) | ૨૪૭ |
| ૭૪. | ૪૧ | ૩,૫-૮ | કેટલાક વિચારણીય પ્રશ્ન :... (લે.૧-૫) | ૨૫૦-૨૬૧ |
| ૭૯. | ૪૧ | ૪ | ચિત્તમાં શુભ અધ્યવસાય રમતા રાખો | ૨૬૧ |
| ૮૦. | ૪૧ | ૯-૧૦ | ક્રોધ દબાવી શાંત રહેવા શું શું...(લે.૧-૨) | ૨૬૪-૨૬૭ |
| ૮૨. | ૪૧ | ૧૪ | ઇન્દ્રિયો અને વાણી વગેરે પર અંકુશ... | ૨૬૭ |
| ૮૩. | ૪૧ | ૧૫ | સુખ અને સાત્ત્વિકતાની એક અનુપમ ચાવી | ૨૭૧ |
| ૮૪. | ૪૧ | ૧૬-૧૭ | જડ જીવનની આંધીથી કેમ બચાય (લે.૧-૨) | ૨૭૩-૨૭૭ |
| ૮૬. | ૪૧ | ૧૯ | "ચિત્તપ્રસન્ની રે પૂજનફળ ?" કે "ચિત્ત... | ૨૭૭ |
| ૮૭. | ૪૧ | ૨૯ | જિન કા પરમ પાવન ચરિત્ર પ્રેરણા... | ૨૭૯ |
| ૮૮. | ૪૧ | ૪૨ | નિષ્ફળ-નકામા વિચારોનો અતિ ભયંકર રોગ... | ૨૮૩ |
| ૮૯. | ૪૧ | ૪૩ | દેખિએ માર્ગ શિવનગરનો | ૨૮૫ |
| ૯૦. | ૪૨ | ૪ | મહાવીર ભગવાનની કરુણામાં ફરક કેમ ? | ૨૮૮ |
| ૯૧. | ૪૨ | ૮ | પુરુષાર્થ એ સ્વતંત્ર છે, કર્માધીન નહિ | ૨૯૦ |
| ૯૨. | ૪૨ | ૧૭ | કષાયો રોકવાના વિચારમાં માયા કેમ રોકવી ? | ૨૯૨ |
| ૯૩. | ૪૨ | ૧૮ | માયા કષાયને કેમ રોકાય એના માટેની વિચારણા | ૨૯૪ |
| ૯૪. | ૪૨ | ૧૯ | નમો અરિહંતાણં | ૨૯૭ |
| ૯૫. | ૪૨ | ૩૦ | આત્માની ખરાબીઓ ટાળવાનું એક સૂત્ર | ૨૯૯ |
| ૯૬. | ૯ | ૧ | નવમા વર્ષના પ્રારંભે | ૩૦૧ |
| ૯૭. | ૯ | ૬ | કપરી કસોટી | ૩૦૧ |
| ૯૮. | ૯ | ૮ | રિલિજિયસ ટ્રસ્ટ બીલ અંગે નાયકોનું કર્તવ્ય | ૩૦૩ |
| ૯૯. | ૯ | ૧૦ | શ્રમણસમુદાયના સંગઠનની ભારે આવશ્યકતા | ૩૦૫ |
| ૧૦૦. | ૯ | ૧૩ | આય્યર-કમિશન અમદાવાદમાં | ૩૦૭ |
| ૧૦૧. | ૯ | ૧૮ | દિલ્હીમાં જોઈન્ટ સીલેક્ટ કમીટીની બેઠક | ૩૦૯ |




E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૧) દુષ્કૃતના સંતાપમાં સમાધિ ?

**જેમ સંયમાદિ મળ્યાનું મનને અપરંપાર સુખ એ સમાધિ છે; એમ પૂર્વભવના કે અહીંના રાગાદિ દુષ્કૃત્યોનું મનને ભારે દુઃખ એ પણ સમાધિ છે.**

વર્તમાનમાં તમે સુખી છો, પણ એ બાહ્ય સુખના આનંદને લઈને. એના બદલે તમને વીતરાગ પ્રભુ અને એમનું શાસન મળ્યાનો આનંદ છે ? અને બાહ્ય સુખથી થતા રાગ-મદ-લોભ અને આરંભસમારંભાદિ પાપોનો ભારે કલ્પાંત છે ? જો આ આનંદ અને કલ્પાંત હોય તો એ ચિત્તની સમાધિ છે. ત્યારે વર્તમાનમાં તમે દુઃખી છો પણ જો એનાં રોદણાને બદલે મનને શું એ દુઃખો પાછળના પૂર્વ જન્મના દુષ્કૃત્યોનું દુઃખ છે ? રુદન છે ? તેમજ વર્તમાન દુઃખોની વચ્ચેય વીતરાગ પરમાત્મા અને જિનશાસન પામ્યાનો ભારે આનંદ છે ? તો તમારું ચિત્ત સમાધિમાં ગણાય. પૂછજો,-

પ્ર.- શું દુષ્કૃત્યોનો કલ્પાંત એ સમાધિ કહેવાય ?

ઉ.- હા, એ તો એવી મહાન સમાધિ છે કે એમાં જો આગળ વધતાં આવડે તો એ ગોઝારા રાગાદિ દુષ્કૃત્ય પ્રત્યે એવી જબરદસ્ત નફરત છુટે કે પછી માત્ર 'પૂર્વજન્મના જ રાગાદિ ખોટાં,' એમ નહિ, કિન્તુ અહીંનાય રાગાદિ મહાખોટા લાગે. તે એવા મહાખોટા લાગે કે પછી અહીં મળેલ પૈસા પરિવાર અને યાવત્ પોતાની કાયા તથા અહંત્વ વગેરે પરના રાગ કપાય, આસક્તિ કપાય, અને મહાપ્રભાવી અનાસક્તભાવ જાગે. ત્યારે અનાસક્ત ભાવને શું સમજો છો ? એ જીવને તરત વીતરાગભાગ પર પહોંચાડે ! વીતરાગભાવ પ્રગટ થાય એટલે તરતમાંજ કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય.

તો બોલો, વીતરાગભાવ અને કેવળજ્ઞાન સુધી કોણ પહોંચાડે ? સમાધિ કે અસમાધિ ? ચિત્તની સ્વસ્થતા કે આકુળ વ્યાકુળતા ? કહેવું જ પડે કે સમાધિ યાને ચિત્તની સ્વસ્થતા જ ઠેઠ વીતરાગભાવ સુધી લઈ જાય. ત્યારે મહાન આત્માઓ જો મનને દુષ્કૃત્યોનાં ભારે દુઃખ લગાડવા પર વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા છે, તો એ મનને થતું દુષ્કૃત્યોનું ભારે દુઃખ એ સમાધિ જ છે.

સાધ્વી મૃગાવતીજીને ગુરુણી ચંદનબાળાએ ઠપકો આપ્યો કે 'તમારા જેવા



કુલીન આત્માએ સમવસરણમાંથી આમ મોડા આવવું એ ઠીક નહિ' બસ, ગુરુવચન પર મૃગાવતીજીને આ પોતાનું મોડું આવવાનું એ પોતાનો પ્રમાદ લાગ્યો; દુષ્કૃત્ય લાગ્યું, પણ બચાવ ન કર્યો કે 'અમે ક્યાં ભટકવા ગયા હતા ? ગયા હતા તો પ્રભુની પાસે ને ? ત્યાંથી સીધા સીધા બીજે ક્યાંય ગયા વિના અહીં ચાલી આવ્યા છીએ. એમાં જરાક મોડા પડ્યા. તે શું બહુ અનુચિત કરી નાખ્યું ?' ના, આવો કોઈ જ બચાવ નહિ, પણ એ ખરેખર મહાઅનુચિતજ સમજ્યા, દુષ્કૃત્ય જ માન્યું, અને તરત ગુરુણીના પગમાં માથું મૂકી કકળતા દિલે કહે છે. 'ભગવતી ! ક્ષમા કરો, આ મારી ભૂલ થઈ મિચ્છામિ દુક્કડ. ફરીથી આવી ભૂલ નહિ કરવા ધ્યાન રાખીશ,' કેવો ધન્ય આત્મા !

ગુરુણી તો પછી સંથારો કરી ગયા, પરંતુ મૃગાવતીજીના મનમાં આ દુષ્કૃત્યના ખેદનું તાંડવ ચાલ્યું. ''હાય ! આ મારી કેવી ગફલત ? પ્રભુના સહવાસના અંધ રાગમાં પ્રભુની 'સંયમ યોગોનો સમય ઓળખવાની' આજ્ઞા જ ભૂલી ? પ્રભુ ફરમાવે છે કે સંયમના યોગોને યથાસમય બરાબર આરાધો; 'બરાબર આરાધો' એટલે એક સંયમ યોગ બીજા સંયમયોગનો બાધક ન બને એ રીતે આરાધો. અર્થાત્ એક યોગમાં એટલો બધો સમય ન ખરચાય કે બીજા યોગનો સમય ઘવાય. **'કાલે કાલં સમાયરે,'** 'તે તે કાળે તેને યોગ્ય આચારનું પાલન કરવું'- આ શાસ્ત્રઆજ્ઞા છે

**પ્રભુની આજ્ઞાના પાલનમાં જ પ્રભુની સાચી ઉપાસના છે.**

'ત્યારે મનમાની ઉપાસનાએ મને કેવી ભૂલાવી ?' અંધારું થતા પહેલાં સમયસર મુકામે આવી જવું- આ જિનાજ્ઞાને હું ભૂલી, અહો ! આ મારું કેવું દુષ્કૃત્ય ! મારો કેવો ખોટો મોહ ! એની પાછળ કેવા મારા પૂર્વ ભવના રાગાદિ પાપ ! અને કેવી અહીંની આપમતિ અને મારી જાતનું અભિમાન ?...'

બસ, દુષ્કૃત્યોના સંતાપનો અને દુષ્કૃત્યોના મૂળમાં કામ કરતા આપમતિ, સ્વાભિમાન તથા રાગના પશ્ચાત્તાપનો દાવાનળ સળગ્યો ! એ દાવાનળે સમસ્ત રાગઆસક્તિ વગેરે દોષોને સળગાવી મૂક્યા. દુષ્કૃત્યોનો ખેદ,-પશ્ચાત્તાપ, અને દુઃખ એ સમાધિ ? કે અસમાધિ ? અસમાધિ કાંઈ રાગાદિને બાળી ન મૂકે, એ તો રાગાદિને મજબૂત કરે ત્યારે અહીં તો રાગાદિને બાળી મૂક્યા છે. એ બાળી ભસ્મીભૂત કરનારા દુષ્કૃત્યના પશ્ચાત્તાપ તથા કલ્પાંતને અસમાધિ ન કહેવાય. એ તો ભારે સમાધિ છે કે જેમાંથી અપૂર્વ મહાસમાધિ પ્રગટી ! અને એ વીતરાગ કેવળજ્ઞાની બની બેઠા !



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

**ત્યારે એ ભૂલશો નહિ કે**

આ રાગાદિ દુષ્કૃત્યના ભારે આંતરખેદની સમાધિમાં મૂળ પ્રભાવ કોનો ? પ્રભુનો, પ્રભુના સમ્યગ્દર્શનનો.

**સમ્યગ્દર્શનમાં મનને શું થાય ?**

એ સમ્યગ્દર્શને (૧) વસ્તુસ્વરૂપનું સમ્યગ્દર્શન કરાવ્યું, તત્ત્વદર્શન કરાવ્યું. મોટું ચારિત્ર પાળો, મોટી ધર્મસાધનાઓ કરો, મોટી તપસ્યાઓ કરો, કે જિનભક્તિ કરો, એ બધું આ તત્ત્વદર્શનને વસ્તુસ્વરૂપના દર્શનને, સમ્યગ્દર્શનને વધુ ને વધુ વિકસિત કરવા માટે કરવાનું છે. (૨) પ્રભુએ ભાખેલાં તત્ત્વોનો હાડોહાડ રંગ લાગી જાય, (૩) સમ્યગ્દર્શન અંતરમાં ઉછાળા મારવા લાગે. (૪) દૃષ્ટિ સીધાં તત્ત્વને જ પકડતી થઈ જાય, એવું બધી સાધનામાંથી ઊભું કરવાનું છે. (૫) અંતરની દૃષ્ટિમાં તત્ત્વની એટલી બધી ઓતપ્રોતતા થઈ જાય કે પછી (૬) જડ-ચેતનના ભેદ સાફ સાફ દેખાય, (૭) કાયા-માયાથી આત્માનું તદ્દન નિરાળાપણું સાફ સાફ દેખાય, (૮) રાગાદિની લાગણીઓ એ આત્માના-મહારાગ મહાવિકાર જેવા લાગી અંતરને કરડ્યા કરે.

તીર્થંકર ભગવાને ભાખેલા જીવાજીવાદિ તત્ત્વની શ્રદ્ધાની બલિહારી છે. જીવનમાં જો એવી કશી ત્યાગ-સંયમ-તપની સબળ સાધના નથી બની શકતી, તો ય કમમાં કમ આ તત્ત્વશ્રદ્ધાને આ સમ્યગ્દર્શનને અંતરમાં ઉછાળા મારતું કરી શકાય.

**તત્ત્વ મળ્યાની મનને આવી કદર જોઈએ કે-**

"અહો ! આ વિરાટ વિશ્વમાં ભટકતા જીવને આ તત્ત્વોની ઓળખ ક્યાં મળે ? જગત બિચારું આંધળુ છે, અને આ તત્ત્વોની કશી ગમ નથી. એ તો મને અહીં આ દુર્લભ ભવે વીતરાગ સર્વજ્ઞ ભગવાન મળ્યા તો એમનાં તત્ત્વોની ઓળખ મળી. કેવાં મારાં અહોભાગ્ય ! આ મળવાનો મહાન ભાગ્યોદય મળ્યા પછી પણ હું આ તત્ત્વોને દિલમાં રમાડતો ન બનું ? તો હું કેવો હૈયાફુટો ? હૈયામાં જગતનું બીજું ત્રીજું રાખ જેવું મમરાવીને શું મળવાનું ને શું વળવાનું હતું ? હવે તો હૈયે મમરાવું તો મારા તારણહાર પ્રભુનાં તત્ત્વોને મમરાવું.' આવા નિર્ધાર કરાય, તો સમ્યગ્દર્શનની રઢ લાગે, લગન લાગે; રાત ને દિવસ હૈયામાં એને વધુ ને વધુ ઉછાળા કરાય, રગરગમાં પ્રસરતું કરાય, અને અંતરમાં અધિકાધિક ઓતપ્રોત થતું કરાય.





## (૨) 'આવશે ત્યારે જોવાશે' : આવશે ત્યારે શું જોઈશું ?

સંસારમાં જ્યાંસુધી જીવન ચાલુ છે, પરલોક પ્રયાણ નથી આવ્યું, પરલોકનાં દુઃખ વેઠવાનાં નથી આવ્યા, ત્યાંસુધી મન એ તરફ ચિંતા વિનાનું રહે છે. કોઈ પરલોક યાદ કરાવે, મૃત્યુ ખેંચે, તોય મનને એમ થાય છે કે 'અત્યારે શું છે ?' એ આવશે ત્યારે જોવાશે; પરંતુ એ વિચાર નથી કે 'પરલોકગમન અને દુઃખ આવીને ઊભા રહેશે એ વખતે શું જોઈશ ? એક અત્યારે જ પત્ની કે પુત્ર થોડા આઘા જાય, તો મન મુંઝાય છે, એમાં વળી મહિનો થયો કશો કાગળ ન આવે તો આકુળવ્યાકુળ થાય છે; તો પછી જ્યાં પરલોક જતાં કાયમના વિયોગ અને તે પણ વિના કાગળ-ખબર-અંતરના વિયોગ પડશે, ત્યારે કેટલી મુંઝવણ થશે ? એમ અત્યારે કોઈ શારીરિક વેદના કે બીજાું દુઃખ ઊભું થાય તો સહન નથી થતું, હાય ને વોય થાય છે, તો પરલોકમાં એવા કોઈ જાલિમ ત્રાસ ઊભા થયે શું જોઈશ ? શે શાન્તિ રહેશે ?'

પરલોકગમન અને એના ત્રાસ-દુઃખ-વેદનાનો આ તુલનાત્મક વિચાર નથી એટલે બોલાય છે કે 'આવશે ત્યારે જોવાશે,' પણ પછી શું જોઈશ ? આવવાનું નક્કી છે, માટે અત્યારે જ જો; અત્યારે જ વિચાર કર કે 'એ દુઃખ કેમ ન આવે ? એ દુઃખ આવે તો એમાં કેમ મુંઝવણ ન થાય, એ જો.

**(૧) શું પરલોકગમન અટકે ?**

પ્ર૦- તો શું વિચારણા કરવાથી પરલોકગમન અટકે ?

ઉ૦- અટકે નહિ, પણ એ આવે ત્યારે મુંઝવણ ન થાય એવું કરાય. ત્યારે એ જુઓ કે માણસને મરતાં ને પરલોક જતાં મુંઝવણ કેમ થાય છે ? કારણ આ છે કે અહીં મળેલા કાયા-માયાના મનગમતા સંયોગ પર ભારે મમત્વ છે, તેથી એ છુટી જવાના અવસરે મન આકુળવ્યાકુળ થાય એ સહજ છે. એટલે જ, જો અહીં જીવતાં જ એ મમત્વ ન રાખ્યા હોય, ને મમત્વ ઉતારનારી હાર્દિક સચોટ ભાવના કેળવ્યા કરી હોય, તો દુઃખ ન થાય.

**મમત્વ ઉતારનારી ભાવના આ, કે-**

"આ, પૈસા-પરિવાર વગેરેના સંયોગ નાશવંત છે, એકદિ' જવાના છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

મારું એમાંનું કશું રહેવાનું નથી, માટે એમાં 'મારું મારું' શું કરું ? કશું જ મારું નથી એટલે હું તો અત્યારથી જ માનું કે જાણે આ બધા ઊપડી ગયા, અને હું એકલો જ છું; અને હું એકલો પડવા છતાં ફિકર નથી; કેમકે (૧) મારું ભાગ્ય મારી પાસે છે; તેમ (૨) મારા દિલમાં પ્રભુ અને એમનો ધર્મ મારી સાથે છે. મારે શી ફિકર ? અને જગતમાં અઢળક જીવો એકલા અટુલા ક્યાં નથી દેખાતા ? કોના પર એ મમત્વ કરે ? ત્યારે શું મારી પાસે આજે સંયોગો છે એટલે જ મમત્વ કરું છું ને ? સંયોગો ન હોય તો શાના પર મમત્વ કરવાનું ? સંયોગોના પાપે મમત્વ થાય છે. માટે એવા પાપ સંયોગોને ઓળખી રાખું. એ નિશ્ચિત જવાના એ રીતે એને અત્યારથી જ પર-પરાયા માની રાખું. પરાયા લેખી એમને કહું 'જાઓ, તમે મારા છો જ નહિ, એ આ ઘડીથી બરાબર સમજી રાખ્યું છે.''

આમ વારંવાર ભાવના કરતા રહેવાથી જીવમાં એકત્વનો નિર્ણય ઊભો થાય, મમત્વ મોળું પડે; બાહ્ય મમત્ત્વ રહેતું હોય પણ અંદરખાને બરાબર સમજી મૂકાય કે 'આ બહારનું કશું મારું નહિ, એક દિ' બધું જ ઊડી જવાનું,' જીવનના અંતકાળ સુધી આ નિર્ણય ઘુંટ્યા કર્યો હોય, પછી પરલોકગમન આવીને ઊભું રહે ત્યારે એ ઘુટતાં મુંઝવણ ન થાય. મનને એમ થાય કે 'મેં તો પહેલેથી જ સમજી રાખેલું છે કે આ કશું મારું નહિ તે સ્થિર નહિ.' આ તો અત્યારસુધી મારા થઈને રહ્યા એ આશ્ચર્ય; એ કાકતાલીય સંયોગ; બાકી આ જનમ પૂર્વે આ ક્યાં મારા હતા જ ? ક્યાં હું જનમતાં પૂર્વેથી બધું સાથે લઈને આવ્યો હતો ? આ તો બધા આયારામ-ગયારામ છે, મારા કશા જ નહિ.' ત્યારે હવે પૂછો,

(૨) પરલોક-દુઃખ અટકે ? :-

પ્ર૦- ઠીક છે, મમત્વ અટકાવ્યાથી પરલોકગમનને નિશ્ચિન્ત યાને ચિંતારહિત બનાવી શકાય, પરંતુ શું પરલોકમાં દુઃખ અટકે ?

ઉ૦- હા, પરલોકનાં દુઃખ બે રીતે અટકાવી શકાય,

(૧) એક તો, અહીં ધર્મ કરતા રહી પાપી વિચાર-વાણી-વર્તાવ અટકાવવાથી, અને (૨) બીજાું બંધાઈ ચૂકેલા પાપના ઉદય જાગે ત્યાં ચિત્તને સમાધિ રહે એવા સમાધિના સંસ્કાર અહીંથી લઈ જવાથી ત્યાં સમાધિ રહે, તો મનને દુઃખ ન લાગે.

આ બંને વસ્તુ અહીં સાધ્ય છે, અહીં ઊભી કરવાની છે.

(૧) ધર્મમાં લાગ્યા રહીએ, તે પણ એવા કે ધર્મસાધના સિવાયના કાળમાંય, દા.ત. ખાનપાનાદિ કે ધનપ્રવૃત્તિ કરતી વખતેય અંતરમાં ધર્મપરિણતિ ચાલુ હોય; મન એમ વિચારે કે,



આ તો કાયા-માયાનાં તર્પણ; એટલે કે મુનિમનાં પોષણ છે; એમાં રાગ-દ્વેષ કરીને માલિક આત્માનું ન લુંટાઈ જાય એ ધ્યાન રાખજે. તેમ આ દેહ મુનિમને પોષ્યા પછી એની પાસેથી આત્માનું કામ લેજે.

આવી આવી જાગૃતિ રાખવાથી ધર્મ પરિણતિ ચોવીસે કલાક કાયમ રહે તેથી પરલોકે મહાદુઃખ લાવનારાં પાપકર્મ ન ઊભાં થાય. પાપ અટકાવવા માટે કરવાનું આ, કે

(૧) હૃદયમાં સતત ધર્મના પરિણામ જાગતા રહે એવી ભિન્ન ભિન્ન પ્રકારની સારી ભાવના-લાગણી-ગણતરી શીખી લેવી જોઈએ, કે 'કયા કયા અવસરે કેવી કેવી સારી વિચારણા ને કેવા કેવા શુભ ભાવ અને ગણતરી રાખવાની' તેમ,

(૨) શક્ય સંયમ કેળવવું જોઈએ, તથા

(૩) એને પોષનારી શક્ય ધર્મસાધનાઓમાં રમતા રહેવાનું. એથી દુઃખ લાવનાર પાપ અટકે.

(૪) પરલોકે દુઃખ વખતે ચિત્તને સમાધિ હોય, તો એ દુઃખ દુઃખ ન લાગે એ સમાધિને અહીંથી ઊભી કરવી પડે; અને એ આ રીતે ઊભી કરાય,- સમ્યગ્દર્શનથી, હેયોપાદેય અને આશ્રવ-સંવરના વિવેકથી અને એને અનુરૂપ વલણથી.

અલબત આ બધું ઊભું કરવા માટે વીતરાગ પ્રભુની ભક્તિનાં ઉત્તમ કાર્યો અને ત્યાગના વ્રત-નિયમ આદરતા રહેવું અતિ જરૂરી છે. એથી ચિત્તને સમાધિ મળે છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૫,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૮૭

## ③ માનવજન્મમાં અમૂલ્ય જડીબુટ્ટી : સમ્યગ્દર્શન અને સમાધિ.

સમ્યગ્દર્શન એ મોક્ષોપયોગી ધર્મનો પાયો છે. એના વિના મોક્ષ ન મળે. સમ્યગ્દર્શન શી રીતે આવે એ સમજો છો ને ? (૧) ભગવાન જિનેશ્વરદેવ ઉપરના અથાગ અનન્ય રાગે, અને (૨) એમણે કહેલાં જીવ-અજીવાદિ તત્ત્વ તથા મોક્ષમાર્ગ પર સંપૂર્ણ શ્રદ્ધાએ, સમ્યગ્દર્શન આવે. આ જીવનમાં આ સમ્યગ્દર્શનનો ખૂબ અભ્યાસ કેળવવાથી ચિત્તની સુંદર સમાધિ-સ્વસ્થતા જાળવી શકાય; અને એ સમ્યગ્દર્શન તથા સમાધિના અભ્યાસે એવા સુસંસ્કારોનો જથો ઊભો થાય કે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પરલોકમાં એના બળ પર એ સમ્યગ્દર્શન અને સમાધિ બંને સુલભ બને.

સમ્યગ્દર્શનની તાકાત મામુલી સમજતા નહિ. સમ્યગ્દર્શનની એટલી બધી જબ્બર તાકાત છે કે મોટી સંપત્તિના ઢગલા મળ્યા હોય તો ય ચિત્તને એ અડે નહિ ! ચિત્તને મહેકાવે નહિ ! ઉન્માદી ન થવા દે ! તેમ પૂર્વના અશુભના ઉદયે આપત્તિઓ ઘેરી વળી હોય, છતાં ચિત્ત સમતોલ રહે, સાવધાન રહે, દીન-દુખિયારું ન બને ! આ તાકાત સમ્યગ્દર્શનની છે; અર્થાત્ વીતરાગ પ્રભુ પરના અથાગ રાગની અને જિનોક્ત જીવ-અજીવ આશ્રવ સંવર વગેરે તત્ત્વ પરની અથાગ શ્રદ્ધાની આ તાકાત છે.

ભરત ચક્રવર્તી પાસે છ ખંડનું ઐશ્વર્ય, ચૌદરતન અને નવ નિધાન,... આ સંપત્તિના ઢગલા હતા. છતાં **'ભરતજી મનહી મેં વૈરાગી;'** ચિત્તને રાગની અસમાધિમાં એ ડુબ્યું રાખનાર નહિ ! શાથી ? કહો, પૂર્વ ભવે સુસંસ્કારોના બળે અહીં છ ખંડના સામ્રાજ્ય વખતેય સમ્યગ્દર્શન અને સમાધિ સુંદર અનુભવી શકતા ! દિનપ્રતિદિન એનો વેગ કેવો વધતો રાખ્યો હશે કે એ અંતે આરિસાભવનમાં ઠેઠ વીતરાગતા અને કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા !

શ્રેણિક અને કૃષ્ણ મહારાજા અત્યારે નરકમાં છે, નરકમાં કેટલા કારમા દુઃખો ? પણ શાસ્ત્ર કહે છે કે નરકમાં સમકિતી આત્માઓ કારમા દુઃખોની વચ્ચેય બીજાં મિથ્યાદૃષ્ટિ જીવોની માફક 'બીજાને મારું કાપી નાખું.' એવી દુષ્ટ બુદ્ધિ ધરતા નથી ! ત્યાં પણ પોતાનાં પાપકર્મોનો ઉદય વિચારી ચિત્તને ઘોર દ્વેષની અસમાધિથી બચાવી લે છે ! બીજાના ઘા એ સહી લે, પણ બીજાઓનાં કાપણ-કૂટણ કરવાની એને દુષ્ટતા નહિ ! ઘોર દુઃખમાં ચિત્તની આ સમાધિ સામાન્ય નથી. તત્ત્વની સમજના પ્રભાવે ત્યાં પોતાના અશુભ કર્મોનો અને એ ઊભા કરનારા પૂર્વ દુષ્કૃત્યોનો ખ્યાલ કરે છે, વળી પાપોનો પશ્ચાત્તાપ કરે છે. નરકમાં કારમા દુઃખને દુઃખ માનવા કરતાં પોતાનાં પૂર્વ દુષ્કૃત્યોનું ભારે દુઃખ ધરે છે.

ચિત્તમાં બાહ્ય દુઃખનું દુઃખ લાગવા કરતાં એ બાહ્ય દુઃખની પાછળના પોતાના દુષ્કૃત્યોનું દુઃખ લાગે એ મહાન સમાધિ છે, ચિત્તસ્વસ્થતા છે. ચિત્તજાગૃતિ છે, જાગતું ચિત્ત છે.

શ્રેણિક અને કૃષ્ણ મહારાજાને અહીં સમ્યગ્દર્શનનો સારો અભ્યાસ હતો; એના સંસ્કારોને લઈને નરકમાં આ સમાધિ સુલભ બને છે; જેથી બહારના નિઃસીમ નારકીય રૌરવ દુઃખમાંય મનને એવી અસમાધિનું દુઃખ નથી ! એ કાંઈ વીતરાગ નથી; એટલે બહારનું દુઃખ તો લગાડે, પણ દુઃખ દેનારા પ્રત્યેના ભારે દ્વેષ તિરસ્કારવાળું દુઃખ નહિ.



સીતાને રામે ગર્ભિણી અવસ્થામાં જંગલમાં ત્યજાવી મૂક્યા; તો ત્યાં શું સીતાના મનને દુઃખ ન થયું ? દુઃખ તો થાય, પણ રામચંદ્રજી પ્રત્યે દ્વેષ-તિરસ્કાર નહિ. દ્વેષ પોતાના પાપકર્મ પ્રત્યે અને એને ઊભા કરનારા પોતાના પૂર્વ જન્મનાં દુષ્કૃત્યો પ્રત્યે, દુઃખ રામનું નહિ કે આ કેવો દુષ્ટ નાલાયક પતિ મળ્યો કે વગર વાંકે આવી ઘોર સજા કરે છે ! ના; આ દુઃખ નહિ; પણ દુઃખ જાતનું કે એવો કેવો મારા દુષ્ટ-નાલાયક આત્મા કે એણે એવાં પૂર્વજન્મમાં દુષ્કૃત્ય આદર્યા !'

બાહ્ય દુઃખમાં મનને બીજાની પ્રત્યે દ્વેષ તિરસ્કારભર્યું દુઃખ લાગે, એ ભારે અસમાધિ; અને મનને જાતની દુષ્ટતા લાગી જાતનાં દુષ્કૃત્યોનું દુઃખ લાગે એ સમાધિ.

સમ્યગ્દર્શન આ સમાધિ આપે છે. ભારે સંપત્તિ અને ઘોર આપત્તિ પર સમાધિ કેમ રહે એ માટે ભરતજી અને સીતાજી તથા શ્રેણિક-કૃષ્ણનાં દૃષ્ટાન્ત નજર સામે તરવરતાં રાખવાં જેવાં છે. એથી એમની અપેક્ષાએ આપણને મળતી સાવ મામુલી સંપત્તિ-વિપત્તિ ને તુચ્છ સુખ-દુઃખ વખતે સમાધિ જાળવી શકાય, ચિત્તને સ્વસ્થ રાખી શકાય.

સુખ વખતે મનને એમ થાય કે 'મને તે એવા કયા ચારે બાજુનાં સુખના ઢગલા મળ્યા છે કે વિષ્ઠાના કીડા-કરમિયાની જેમ એને ચાટતો બેસી રહી એમાં મસ્ત બનું ? ક્યાં એ ભરત ચક્રી અને શાલિભદ્રનાં સુખ ? ને ક્યાં મારા ?' એમ દુઃખ આવ્યાં હોય તો ય મનને એમ થાય કે 'મને તે શા એવાં દુઃખનાં પોટલાં વરસ્યાં છે કે એમાં દીન દુખિયારો બનું ? ક્યાં એ જંગલમાં તરછોડાવાનાં સીતાને દુઃખ ? ક્યાં એ શ્રેણિક કૃષ્ણને નરકનાં કારમા દુઃખ ?' આ વિચાર સમ્યક્ત્વનાં બળે આવે.

સમ્યગ્દર્શનની આ પરીક્ષા છે કે તમને કઈ વાતનું દુઃખ લાગે છે ? સમ્યગ્દર્શનનો આ પ્રભાવ છે કે બહારના વર્તમાન સુખ વખતે અંતરમાં ભાવી અનર્થને નોંતરનારા રાગાદિ પાપોનું ભારે દુઃખ લાગે, વર્તમાન દુઃખ વખતે પૂર્વ ભવે જિનભક્તિ-જીવદયા બરાબર નહિ આચર્યાનું દુઃખ લાગે.

સુખ વખતે રાગ, વિષયમૂઢતા અને બીજા અભિમાનાદિ કષાયો તથા આરંભ-સમારંભાદિ પાપો કેવા મહાલવા માંડે છે ! ત્યારે તો જ્ઞાનીઓ સંસારનાં સુખોને અસાર, તુચ્છ અને દુઃખરૂપ કહે છે. સુખી સમકિતીને અંતરમાં આ રાગાદિ પાપોનું ભારે દુઃખ હોય છે એટલે તો કહેવાય છે કે,-

**સમકિતી બહારથી સુખી, પણ અંતરથી દુઃખી; ત્યારે સાધુ બાહ્યથી દુઃખી, કિન્તુ અંતરથી સુખી.**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સાધુને બહારના કષ્ટોભર્યું જીવન હોય, પણ અંતરમાં નિષ્પાપતા-સંયમ-શાસ્ત્રસ્વાધ્યાય તથા વીતરાગ દેવ અને એમનું શાસન મળ્યાનો અપરંપાર આનંદ હોય.

પ્ર૰- તો શું સમકિતીને આ દેવ-ગુરુ-શાસન મળ્યાનો આનંદ નથી ? તો પછી કેમ એ અંતરથી દુઃખી ?

ઉ૰- કહો, આ શાસનથી એને પોતાનામાં ભરચક ભરેલા રાગ-વિષયગુલામી-અવિરતિ-હિંસામય આરંભ-સમારંભ...આદિ પાપોની ભયાનકતા દેખાય છે, ભાવી રાગાદિ પાપમય ભવોની પરંપરા એને દેખાય છે; તેથી એનું એને અંતરમાં ભારે દુઃખ છે. ત્યારે મુનિએ તો આ પાપોને દેશવટો દીધો છે, એટલે મનને એનું દુઃખ નથી, પણ અનંત કલ્યાણ-સાધક સંયમાદિ મળ્યાનું અપરંપાર સુખ છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૫,અંક-૩૧/૩૨,તા.૨૫-૪-૧૯૮૭

## (૪) પરસ્ત્રીદર્શનથી બીનારને વિચારવા માટે

**(લેખાંક-૧)**

સંત સાધુઓના ઉપદેશ અને શુદ્ધ ધાર્મિક આધ્યાત્મિક પુસ્તકોનો આ પ્રભાવ છે કે આજે આ આર્યદેશમાં જન્મેલા ભવ્ય જીવોને પરસ્ત્રી દર્શનમાં ભય લાગે છે, છતાં આંખ ઉદ્‌ભટ વેશવાળી સ્ત્રી તરફ ખેંચાઈ જાય છે. એનું એમને દુઃખ હોય છે. એ કેમ ન ખેંચાય એ માટે અહીં વિચારવું છે.

વર્ષો પહેલાં મુંબઈમાં એવું જાણવા મળેલું કે ત્યાં વૈદ્યોની કોન્ફરન્સ મળેલી એમાં એક ભાઈએ પ્રશ્ન કર્યો કે "પરસ્ત્રી સામે જોવાથી ધર્મશાસ્ત્રો તો ભારે પાપ લાગવાનું અને એમાં પરલોકમાં દુઃખદ ફળ આવવાનું કહે છે, પરંતુ આયુર્વેદની દૃષ્ટિએ પરસ્ત્રી સામે જોવામાં કાંઈ નુકશાન ખરું ?"

એક બુઝર્ગ વૈદ્યે જવાબમાં કહ્યું, "હા, જરૂર નુકશાન એ છે કે શરીરનાં વીર્યની નાડીની જોડે લોહીની નાડી વહે છે. પરસ્ત્રી દર્શનમાં એક પ્રકારનો કામરાગ જાગે છે ને કામરાગથી લોહી ગરમ થઈ જાય છે એની ગરમી બાજુની વીર્યની નાડીમાંના ઘટ્ટ વીર્યને પાતળું પાડે છે, તે પછી એ પાતળું બનેલું વીર્ય કફ મળ મૂત્રાદિ દ્વારા બહાર ફેંકાઈ જાય છે. આમ વારંવારના પરસ્ત્રી દર્શનથી શરીર અને મન નિઃસત્ત્વ નિસ્તેજ બને છે. એથી રોગોની પ્રતિકાર શક્તિ અને સાત્ત્વિક ભાવનાની શક્તિ હ્રાસ પામે છે એ ગુમાવવાનું થાય છે. કામ-ચેષ્ટાથી એકવાર અમુક વીર્યનો નાશ થાય છે. ત્યારે વારંવારના પરસ્ત્રી દર્શનોથી અંદરખાને વારંવાર



વીર્ય નાશ ચાલુ રહે છે.

પરસ્ત્રી દર્શનમાં આંખ ન આકર્ષાવા દેવા માટે પહેલું તો આ મહાનુકશાન ખૂબ-ખૂબ યાદ કરતા રહેવા જેવું છે. બીજું હૃદયમાં આ કોતરી રાખવા જેવું છે કે પરસ્ત્રી તરફ ઝટ આંખ જાય એમાં મન જે સત્ત્વહીન બને છે એની ઘેરી અસર જીવનના બીજા ભાગો પર પડે છે. પરસ્ત્રી તરફ આંખ લઈ ગયા કે સમજો મનનું સત્ત્વ હણાયું તો શું આપણું મહાકિંમતી માનસિક સત્ત્વ આમ નષ્ટ કરવું ?" સત્ત્વનાશ પાછલી વયમાં બહુ પીડે છે. એટલું જ નહિ, પણ પરસ્ત્રી દર્શનમાં મન અસંયમિત બને છે, મલિન બને છે. ઉકળાટવાળું-અશાંત અસ્વસ્થ બને છે.

આ ભયંકર નુકશાનને વિચારી મન પર સંયમન મૂકવાની જરૂર છે. નહિતર પછી એ મન ધર્મસાધનાઓમાં તન્મય નહિ બની શકે.

મન સારું સંયમિત, પવિત્ર અને પ્રશાંત બન્યા વિના પ્રભુભક્તિમાં એવું એકતાન ક્યાંથી બની શકે કે ત્યાં પછી મોટી ઈંદ્રાણી ઊતરી પડે તો ય એના પર દૃષ્ટિ જ જાય નહિ ? ને એનો વિચાર જ ન આવે ? માટે મન પવિત્ર બનાવો, મન શાણું-સ્વસ્થ અને વિષયોથી ધરાયેલું બનાવો. તો મન આડુઅવળું નહિ જાય, સ્ત્રીઓનાં રૂપમાં નહિ જાય. બાકી તો મર્યાદાહીન વેશવાળી સ્ત્રીઓના આજના યુગમાં પુરુષોનું મોત છે. વીતરાગનાં મંદિરમાંય એના હલ્લા ચાલુ ! એ જોઈ માણસનું મન પાગલ થાય એની એવી ઉદ્‌ભટ વેશવાળી બેનોને ક્યાં પરવા છે ? કહો, જાણે એ માટે જ એવા વેશ પહેરી મંદિરે આવે છે ! ત્યારે ભોળા લોક ત્યાં ભાન વિસરી જાય છે.

પરંતુ એવા ઘેલા થતા મનને કહો, "મૂર્ખ ! આવા દેવદર્શનાદિના તારક અવસરે પવિત્ર મટી અપવિત્ર શાનું થવા જાય છે ? તું કોની ખાતર બગડે ? કોની ખાતર ઘેલું અને નિર્માલ્ય થાય ? વિષ્ઠાની કોથળી ઉપર નાઈલોનનું અસ્તર હોઈ શું મોહવું હતું ? એમાં જોવાલાયક કે વિચારવા લાયક છે જ શું ? આ તો હમણાં અહીંથી ખસી જશે. પણ અંતરમાં એથી પેઠેલી પાગલતા વિહ્‌વળતા નહિ ખસે ! ઊલટું એ ઊંડી ઊતરી જશે ! વિષય-વિકારના ઉન્માદનો એ અનંતા કાળનો રોગ છે. એ રોગ આવા લંપટ દર્શનોથી ફાલશે-ફૂલશે. વળવાનું કાંઈ નહિ, અને મહારોગિષ્ઠ બનવાનું ! કવિ કહે છે,-"

**'નરભવ દોહિલો રે, પામી મોહવશ પડિયો,**
**પરસ્ત્રી દેખીને રે, મુજમન તિહાં જઈ અડિયો,**
**કાજ ન કો સર્યા રે, પાપે પિંડ મેં ભરિયો;**
**શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરિયો,'**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

**જીવની કરુણ કથની :-**

કવિ પ્રભુને જાતની કરુણ કથની કહે છે, અને આપણી પાસે પણ પ્રભુને આપણી કરુણ કથની કહેવરાવે છે. કે "હે નાથ ! આ જગતમાં મનુષ્યભવ પામવો કેટલો બધો દુર્લભ છે ! એ ય મને મળી ગયો; તો પછી એ મળવા પર તો, પ્રભુ ! મારે મોહની પરવશતા મૂકી દઈ આપની જ આધીનતા સ્વીકારી લેવી જોઈએ. મોહ શીખવે એમ જ કરવા માટે તો આ જગતમાં જનમ ઘણાં; ત્યારે જિનેન્દ્રદેવ ! તું શીખવે એમ જ કરવા માટેનો આ એક માત્ર મનુષ્યનો જ શ્રેષ્ઠ ભવ; અને આ જ કરીને મારે ભવના ફેરા મટે.

"હે મારા નાથ ! તારે વશ થવા તારી આજ્ઞાને વશ થવા માટેની ઊંચી તક આ દુર્લભ માનવ અવતારે પામ્યા છતાં હું કંગાળ આ ઊંચી તકની કિંમત નહિ સમજતાં, તારી આધીનતા મૂકી મોહની આધીનતામાં પડ્યો રહ્યો ! અફસોસ કે હું મોહાધીન બની મોહે શીખવ્યા દુષ્કૃત્ય-દુષ્ચરિત્ર આચરતો રહ્યો ! એમાંનું એક દુષ્ચરિત્ર આ કે પરસ્ત્રી દેખીને મારું મન એનામાં જઈ લાગી ગયું. આ મારી કેટલી મોહમૂઢતા ! વીતરાગ દેવ જોવા મળ્યા તો એમાં જઈને ચિત્ત ન ચોંટ્યું, ન ઠર્યું, ને મળમૂત્ર ભરેલું ને માત્ર રૂપાળા એક અસ્તરવાળું મોહનું પૂતળું જોવા મળતાં એમાં મન ઓતપ્રોત બની ગયું ! ત્યાં હે વીતરાગ ! અફસોસ કે તારું મુખ યાદે ય ન આવ્યું !

"નાથ ! મને એ ભાન ન રહ્યું કે આવાં મળભર્યાં પૂતળાં તો જનમ જનમ જોયાં, ને જનમ જનમ એમાં મન લગાડ્યાં, તો શું એથી મારા મનને ક્યારેય તૃપ્તિ થઈ ? અહીં પણ અત્યારે તૃપ્તિ છે ? ના, કહો એ રીતે તૃપ્તિ થાય નહિ. વિષયોની તૃપ્તિ થાય તો વીતરાગ તારાં દર્શનથી, તારામાંજ ચિત્ત ઠરવાથી થાય. એમ કરવાની અહીં મળેલી ઉત્તમ તકને ઓળખતાં આવડ્યું નહિ અને ભૂખારવાપણું જ પોષાયે જાય એવાં પરસ્ત્રી દર્શન કર્યે ગયો, ને એ દર્શનથી ચિત્તને ક્ષણિક ઠારવાનું કર્યે ગયો. આ મારી કેવી વિડંબણા ! કેવી મોહવશતા !"

"હે મારા નાથ ! ખૂબી તો પાછી એ થઈ કે એમ પરસ્ત્રીમાં આંખોને ભટકાવી, અને ચિત્તને લગાડ્યું છતાં વળ્યું તો કાંઈ નહિ; મનની કશી ભૂખ ભાંગી નહિ કે જંપ વળ્યો નહિ. પણ ઉપરથી મારા પિંડને મારા આત્માને ફોગટ પાપોથી ભર્યે ગયો મારી આ કેવી ઘેલછા ! વળ્યું કાંઈ નહિ; ને ઊલટું આંખો ને હૃદય બળતા રહ્યા, વલખા મારતા રહ્યા, ને ચિત્ત પરરૂપમાં ચોંટતું રહ્યું, તે સજ્જનતા જ ભૂલતું રહ્યું !"



"હે નાથ" આ ઘેલછા કરવામાં કશી મને શુદ્ધ બુદ્ધ શાન-સમજ રહી નહિ, શુદ્ધ બુદ્ધિ આવી નહિ, આત્મભાન રહ્યું નહિ, ને એથી જ મારો આત્મા આ ભવસાગરથી હજી સુધી તર્યો નહિ, ભવસાગરમાં ભટકતો જ રહ્યો"

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૫,અંક-૩૩,તા.૨-૫-૧૯૮૭

**(૫) (લેખાંક-૨)**

ગત લેખાંકમાં પરસ્ત્રી દર્શનમાં આંખ ન ખેંચાય એ માટે પરસ્ત્રી દર્શનમાં આયુર્વેદની દષ્ટીએ કેવું ભયંકર શારીરિક માનસિક નુકસાન છે એ જોયું. આત્મિક નુકસાનમાં અનાદિના જાલિમ વિષય વિકારના ઉન્માદના રોગની વૃદ્ધિ વિચારી, બંને નયવિમળ કવિના સંભવનાથ પ્રભુના સ્તવનમાંની 'નરભવ દોહિલોરે પામી મોહવશ પડિયો'... વાળી કડીમાં રજુ કરાયેલ પરસ્ત્રી દર્શનમાં જીવની થતી દુર્દશા વિચારી. એમાં છેલ્લે પ્રભુને એ અરજ ગુજારી કે 'પ્રભુ ! પરસ્ત્રી દર્શનમાં મારા આત્મામાં શુદ્ધબુદ્ધ શુદ્ધી અને બુદ્ધી રહી નહિ તેથી મારો આત્મા ભવસાગર તર્યો નહિ, ભવમાં ભટકતો જ રહ્યો.'

'હે વીતરાગ નાથ ! આમ મોહવશ પરસ્ત્રી દર્શન અને બીજા પાપોમાં મન લગાડવાથી હું સંસારમાં કેદમાં જકડાયો રહ્યો. જો તારે વશ રહી મેં તારામાં જ મારું ચિત્ત લગાડ્યું હોત ને તારામાં જ ચિત્ત ઠાર્યું હોત તો હું સંસારની કેદમાં શાનો જકડાયેલો રહ્યો હોત ?'

આ સૂચવે છે કે પરસ્ત્રીમાંથી ચિત્ત ઉઠાડી પરમાત્મામાં ચોંટાડીએ તો ભવસાગર તરાય, ભવનો અંત થાય. પૂછશો,-

**પ્રભુમાં ચિત્ત લગાડવાથી ભવનો અંત કેમ ?**

કારણ સ્પષ્ટ છે કે માનવ-અવતારે મોહવશ પડી ઇન્દ્રિયો દ્વારા મોહની કાળી રમતો કરવાથી એના જ સંસ્કાર ઊભા થાય. પછી ભાવી અવતારો એ સંસ્કારોની રમતના બને એ સહજ છે. ત્યારે ભવમાં ભટકવાનું યાને ભવભ્રમણ એટલે શું છે ? મોહના સંસ્કારોની રમતોના અવતારોની પરંપરા એ જ ભવભ્રમણ છે. અહીંની મોહઘેલી પ્રવૃત્તિઓ અને મોહવશતામાંથી એવી ભાવી રમતોની પરંપરાને ચલાવનારા કુસંસ્કારના જથ્થા ઊભા થાય એમાં નવાઈ નથી. એ જ ઊભા થયેલા કુસંસ્કારોના જથ્થા આગળ પર મોહની રમતો ચલાવશે !

એથી ઊલટું જો મનને જિનવશ અને જિનાજ્ઞાવશ બનાવી દેવાય, તો


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

મોહની કુટિલ ઘેલી રમતો બંધ પડી જાય, ચિત્ત એમાં જાય નહિ, તેથી કુસંસ્કારો વધતાં, ઊલટું હોય એમાંથી ઘસારે પડતા જાય. એમ કરતાં કરતાં કુસંસ્કારો નષ્ટ ! પછી એવા કુસંસ્કારોથી ચાલતી મોહ-રમતનાં જીવન જ બંધ ! અને પ્રભુમાં ચિત્તને ઠરવાનું ગાઢ બની જાય. એટલે એ વીતરાગ પ્રભુમાં ચિત્તની તદ્દન એકમેકતાં થતાં ભવનો અંત આવી લાગે.

કવિ કહે છે, 'આ સમજ જે બોધિરત્નથી મળે, એવું મહાકિંમતી બોધિરત્ન, હે અરિહંત પ્રભુ ! તમારા સિવાય કોણ આપી શકે એમ છે ? કોઈ જ નહિ.'

કવિના સ્તવનની કડી આ છે,-

**"અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળિયો,**
**તુમ વિણ કુણ દીએ રે, બોધિ રયણ મુજ બળિયો ?;**
**સંભવ ! આપજો રે ચરણ કમળની સેવા,**
**નય એમ વિનવે રે સુણિયે દેવાધિ દેવા"**

અર્થાત્ (પરસ્ત્રીદર્શન વગેરે પાપોથી) હું અનંતા ભવ ભટક્યો. એ ભટકતાં ભટકતાં (મહાન પુણ્યોદયે પ્રભુ !) તું મને સાહિબ તરીકે નાથ તરીકે મળી ગયો (તો હવે મારે બોધિરત્ન જોઈએ છે તે એ) બળવાન બોધિરત્ન પ્રભુ ! તમારા વિના મને કોણ આપનાર છે ? મતલબ તું જ આપનાર છે ( એ માટે જિનચરણની સેવા જોઈએ તો) હે સંભવનાથ પ્રભુ ! મને તમારા ચરણ કમળની સેવા આપજો એ પ્રમાણે, હે દેવાધિદેવ ! સાંભળજો કે નયવિમળ કવિ તમને વિનવે છે.

પરસ્ત્રી દર્શનથી બીનારે પરસ્ત્રીમાં આંખ ન આકર્ષાય એ માટે પ્રભુને આ પ્રમાણે વિનંતી કરવાની છે કે પ્રભુ ! આ પરસ્ત્રી દર્શનાદિનાં પાપથી હું અનંતા ભવ ભટક્યો છું. એમાં ઠેઠ સાતમી નરક સુધીના ભવ પણ જોયા, ને અનંતકાળની કાયસ્થિતિનાં નિગોદ (સાધારણ વનસ્પતિકાય)ના પણ અનંતા ભવ જોયા, તો હવે પરસ્ત્રી દર્શનથી થાક; મૂક એનો મોહ; કેમ કે અનંત ભવોની સિરિયલમાં ભટકતાં ભટકતાં હવે અહીં તરણતારણ દેવાધિદેવ અરિહંતનાથ મળી ગયા છે તો પ્રભુને વિનંતિ કર કે મને બોધિરત્ન આપો, જેથી પરસ્ત્રીનું આકર્ષણ જ નષ્ટ થઈ જાય. તમારા વિના બીજાું કોણ એ આપી શકનાર છે ? વળી જિનેન્દ્ર ભગવાનનાં ચરણની સેવાથી બોધિરત્નની પ્રાપ્તિ થાય છે. તો પ્રભુ ! એ બોધિરત્નને પમાડનારા ચરણકમળની સેવા આપો; જેથી મારું મન તમારા ચરણમાં જ ચોટ્યું રહે, તમારા જીવન અને તમારી આજ્ઞામાં જ ચોંટ્યું રહે, લાગ્યું રહે; ચિત્ત એમાં જ ઠરે, ઠંડક-ટાઢક-નિરાંત એમાં જ અનુભવે'



**બોધિરત્નની સમજ :-**

ભગવાનના ચરણમાં ચિત્ત ઠરી બેસવાથી બોધિરત્ન મળે ? હા, એનું કારણ, ભગવાનનાં ચરણમાં ચિત્ત સ્થાપવાથી ભગવાનનું જીવન અને સ્વરૂપ તથા ભગવાનની આજ્ઞા જ નજર સામે આવે. મનને એમ થાય કે

'અહો ! ભગવાનને સંસારના સુખ-વૈભવ' કેવા ઊંચા મળેલા ! છતાં પ્રભુને એ ગમતા નહોતા; એના પ્રત્યે પ્રભુને જ્વલંત વિરક્તભાવ હતો. એટલે જ અવસર આવી લાગતાં પ્રભુએ એ બધું પગે વળગેલા કચરાની જેમ ખંખેરી નાખ્યું, છોડી દીધું ! ઉપરથી કાયાની ય માયા એવી છોડી કે કઠોર તપસ્યા અને ખડા ખડા ધ્યાનમાં કાયાને ગદરી; તથા ઘોર પરીસહો અને ઉપસર્ગોમાં પોતાની કાયા પર કાળો કેર વર્તાવ્યો ! કાયાને ગમે તેટલા ત્રાસ મળ્યા કે સન્માન મળ્યા, પ્રભુએ ક્યાંય રાગ કે દ્વેષ કર્યા નહિ' પ્રભુના ચરણમાં મન લગાડીએ એટલે આ બધું નજર સામે તરવરી આવે તેથી મનને થાય કે 'જો પ્રભુએ કાયા-માયાની આસક્તિ છોડી, તો તો એ મારે પણ અવશ્ય છોડવા જ જેવી." આ સમજ એ બોધિરત્ન.

પરંતુ જો જો હોં, પ્રભુ વીતરાગ બન્યા છે, એ પૂર્વે વીતરાગ બનવાની દિશામાં હતા, તો જ એમનું આવું બધું કઠોર સાધનામય જીવન બનેલું હતું. એવું વીતરાગનું જીવન આપણી નજર સામે આવે એટલે આપણને એ સાધનાઓની ભારોભાર અનુમોદના થાય,- 'હેં ? ભગવાન જેવા પણ આ સાધનાઓ કરે છે ? ત્યારે એ સાધનામાર્ગ કેટલો બધો કલ્યાણકર ! અને કેવોક મારા જેવાને માટે તો ખાસ કર્તવ્ય !' આમ, મોક્ષમાર્ગ પ્રત્યે રુચિ-આકર્ષણ-શ્રદ્ધા જાગે, એની પ્રેરણા મળે, ત્યાં બોધિરત્ન અર્થાત્ સમ્યગ્દર્શન સુલભ થાય.

તો કહો, કોણ પમાડે એ ? વીતરાગ પ્રભુનાં ચરણની સેવા; કોઈ સરાગીની સેવા પમાડી શકે નહિ. વીતરાગમાં જ મન લગાડવાથી સાચી માર્ગ-સમજ આવે, બોધિરત્ન આવે. એટલે જ નયવિમળ કવિએ ગાયું ને કે 'હે વીતરાગ પ્રભુ સંભવનાથ સ્વામી ! તારા વિના મને જોરદાર બોધિરત્ન કોણ આપનાર છે ? માટે હું વિનવું છું કે મને તમારા ચરણકમળની સેવા આપજો હે દેવાધિદેવ ! આ મારી અરજી સુણો," પ્રભુના ચરણની સેવાથી બોધિરત્ન મળે. એટલે જ વિચારવાનું આ છે, કે આવા પરમાત્માનું આલંબન મળવા છતાં એ જ મોહની રમત ચાલુ રહે ? ઉત્તમ મનુષ્યભવે એ પ્રભુનું સુંદર આલંબન મળ્યા પછી જગતના વિષયો પરની મીઠી દૃષ્ટિ ઉઠાવી લેવા જેવી હતી; પરંતુ અફસોસ કે મૂઢ જીવ મોહની ગુલામીમાં


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પડી પરસ્ત્રી દર્શન જેવાં કેટલાંય અવિવેકી કૂડાં કામ કરે છે ! રાજકુમાર કનકરથ રાજશાહી વૈભવમાં ઊછરેલો છતાં વિવેક સંપન્ન હતો, માનવભવનાં મૂલ્યાંકન કરનારો હતો, એટલે જિનમંદિરમાં પૂજા સ્તવનમાં લીન બનેલા એને, ત્યાં આવેલા ઋષિની સાથેની અપ્સરા જેવી કન્યા પર દૃષ્ટી જ જતી નથી ! ચિત્તને પ્રભુમાં કેવું લયલીન બનાવ્યું-હશે ? ચિત્ત-પ્રભુમાં-કેવું ઠરી બેઠું રહેશે કે અપ્સરા માત્ર જોઈ લેવાનો ય રાગની ઉકળાટ નહિ !

**ચિત્ત પ્રભુમાં ઠરતું ન હોય ત્યારે જ એને બહારમાં ઠારવા માટે ડાફોળિયાં મારવાનું મન થાય છે.**

બહારનું જોતાં જોતાં અનંતા સારા કાળ પડી ગયા ! અને આ ભવમાં ય વર્ષો પડી ગયા ! છતાં જો તૃપ્તિ થઈ નથી, તો શું હવે એ બહારનું જોઈને તૃપ્તિ થઈ જશે ?

જે બહારનું જોવાનું ચિત્તને ભુખારવું જ રાખે, એ બહારમાં ચિત્તને શું ઠારવું હતું ?

ચિત્તને ઠરવા દેવું તો ત્યાં, કે જ્યાં પછી એ ભૂખારવું જ ન રહે. એમાં ઉકળાટ-ખણજો-અધીરાઈ ઉઠવાની જ ન રહે. માટે જ પરમાત્મા, શાસ્ત્રો, તીર્થો સદ્‌ગુરુ અને ધર્મક્રિયાઓ વગેરે એવાં આલંબન છે કે એમાં ચિત્તને ઠરતું કરી દેવામાં આવે, તો બહારની કોઈ ખણજો-ઉકળાટ-અધીરાઈ ઊભી ન થાય. ઊલટું બહાર માટે તૃપ્તિ થઈ જાય. મન કહે 'બહારમાં જોવાનું છે જ શું ? ઠરવાનું છે જ શું ? કે ત્યાં જઈને ઠરું ?'

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૫,અંક-૩૪,તા.૯-૫-૧૯૮૭

## ⑥ આજની હાડમારીમાં સુખે કેમ જીવાય ? : ૨ ચાવી.

(લેખાંક-૧)

આજે જાલિમ મોંઘવારી, ચીજ વસ્તુની અછત, સરકારી જાલિમ કાયદા-ટેક્ષો, વેપારમાં અનીતિ-વિશ્વાસઘાત-સ્વાર્થાંધતા, કુટુંબીઓ તરફથી અપમાન...વગેરે હાડમારીઓ એટલી બધી વધી પડી છે કે ચારે કોર જીવન દુઃખમય બન્યાની રાડો પડે છે. એવા પણ આજના સમયમાં સુખે કેમ જીવાય એની બે ચાવી જાણવા માટે પહેલાં તાપસ કન્યા ઋષિદત્તાનો જીવન-પ્રસંગ જુઓ.

પૂર્વે હરિસિંહ રાજા વૈરાગ્ય પામી તાપસ બની તપોવનમાં રહેવા જાય છે.



રાણી ગર્ભવતી છતાં એ પણ રાજાની સાથે જાય છે. પેટ ઊંચું થતાં તાપસોથી શરમાઈ રાજા રાણી વનમાં અલગ ચાલ્યા જાય છે. ત્યાં અપ્સરા જેવી કન્યાનો જન્મ થાય છે. એ તાપસકન્યા, નામે ઋષિદત્તા. મોટી થતાં ત્યાં વનમાં આવી ચડેલા રાજકુમારને પરણાવી દે છે. કુમાર પોતાના રાજ્યમાં લઈ જઈ અને બહુ પ્રેમથી રાખે છે, પરંતુ દૂર દેશની બીજી રાજકન્યાને આ કુમાર પરણવા ન આવ્યો તેથી આ તાપસકન્યાને ઉડાડવા એ માટે એ રાજકન્યા પ્રપંચ કરી એક જોગણને અહીં મોકલે છે, જે દર રાતના એકેક માણસનું ખૂન કરી એના માંસના ટુકડા આ ઋષિદત્તાના ઓશીકે મૂકી એનું મોં માંસકણિયા અને લોહીથી ખરડે છે. પાછી એ જ જોગણ શાણી થઈને, કુમારના બાપરાજાને ભરમાવે છે કે 'આ તાપસ કન્યા જ પૂર્વે જંગલમાં ઉછરેલી, તેથી લોહી માંસ પ્રિય હોવાથી રોજ રાત માણસના ખૂન કરે છે.' રાજા ખાનગી તપાસ કરાવતાં જોગણના પ્રપંચે ઊંઘતી ઋષિદત્તાનું મોં માંસકણ અને લોહીથી ખરડ્યું જોતાં, તથા ઋષિદત્તાની પથારી પાસે ગોઠવેલા માંસના ટુકડા મળતાં, આ તાપસકન્યાને જ ખૂની સમજી એનું મોં કાળું કરી નગર આખામાં ફેરવી પછી એ મારી નાખવા મારાઓને સોંપે છે. અહીં રાજકુમાર બચાવ માટે બાપરાજાને ઘણું કહે છે. પણ રાજા ગણકારતો નથી.'

મારાઓ જંગલમાં મારવા લઈ ગયા, ત્યાં છરા ઉગામતા ઋષિદત્તા ગભરાઈને મૂર્છિત થઈ પડી નીચે. મારા સમજ્યા 'આ મરી ગઈ, હવે સ્ત્રીજાતને શું મારવી ? એના મોતે મરી છે,' તેથી એને મૂકીને ચાલ્યા ગયા.

ઋષિદત્તા ભાનમાં આવતાં પરિસ્થિતિ એને ધ્યાનમાં આવી ગઈ, તેથી રાજ્યમહેલે પાછી ન જતાં, પિતાના વનના પ્રદેશમાં ગઈ, અને ત્યાં પિતાએ આપેલ જડીબુટ્ટીનો ઉપયોગ કરી પુરુષવેશે તાપસકુમાર તરીકે રહે છે.

હવે અહીં વનવાસમાં મહેલવાસના સુખ સગવડો છે ? ના, છતાં એ સુખે જીવે છે. કેમ કે એની પાસે બે ચાવી છે,-

**દુઃખમાં સુખે જીવવાની બે ચાવી :-**

(૧) એક તો, એ પૂર્વના ખૂની તરીકેના આરોપ, નગર આખામાં અપમાન, વધની સજા,... વગેરે ભયંકર દુઃખોની તુલનામાં વર્તમાન દુઃખ નહિવત્ લેખે છે.

(૨) બીજુ એ, કે એ પોતાનું વર્તમાન ભાગ્ય માપી લે છે, અને એથી મનને સંતોષ અનુભવે છે, તેમજ વર્તમાન ભાગ્યને માપી એને યોગ્ય વિચારે છે, ને એને યોગ્ય વર્તી લે છે.

આના પર જરા વિશેષ વિચાર કરીએ.

પહેલી વાત તો એ કે તાપસકન્યા ઋષિદત્તા રાજકુમારને પરણી હવે ખૂની



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

તરીકેનો આરોપ પામી પતિ સાથેના મહેલવાસના રાજશાહી સુખોથી ભ્રષ્ટ થઈ જંગલમાં એકલી મુકાઈ છે, છતાં એ ઋષિદત્તાને જંગલમાં શું ખાઇશું, શું પહેરીશ, મહેલમાં જે બીજી સગવડો મળતી હતી તે અહીં ક્યાંથી મળશે ?' એવી કોઈ ચિંતા ન થઈ. પણ શીલની ચિંતા થઈ કે 'એનું રક્ષણ શી રીતે થશે ?' કેમ વારુ આમ ? કહો, ઓળખી લે છે કે જ્યારે પૂર્વ કર્મે આવા મોટા 'માનવ-હત્યારી' અને 'માંસભક્ષિણી' તરીકેના મોટા કલંકની સજા કરી, અને સસરા રાજાએ એથી ભ્રમણામાં પડીને વધની શિક્ષા ફરમાવી, તો હવે મારે આ જાલિમ દુઃખ આગળ જંગલમાં વાસ ને તુચ્છ ખાનપાન-કપડાં સગવડ-સામગ્રીનાં નાના દુઃખને શું ગણવું હતું ? એવા ભારે અશુભના ઉદય પરથી માપી લેવું જોઈએ કે કર્મ કેટલા જાલિમ રુઠ્યા છે ? એવા જાલિમ રુઠેલા કર્મ પર સુખ સગવડનો અધિકાર રાખવો ખોટો છે. અહીં તો મારે પરલોકહિતકર શીલ આદિ ધર્મની રક્ષાનો જ વિચાર રાખવો જોઈએ.

મહાન આત્માઓ રામ-સીતા, નળ-દમયંતી, હરિશ્ચંદ્ર તારામતી, પાંડવો-દ્રૌપદી વગેરેને વનમાં ભટકવાનું આવ્યું ત્યારે એમણે આ જ કર્યું, પોતાના કર્મ માપી લીધાં કે ભારે અશુભનો ઉદય જાગ્યો છે, તો હવે દાવો રાખવો ખોટો છે કે 'મને આવી આવી સગવડો જ મળવી જોઈએ. એ વિના મને ફાવે જ નહિ' આવો ખોટો અધિકાર શાના ઉપર, કે જ્યારે કર્મ જ રુઠ્યા છે ?

**માણસ પોતાનું પુણ્ય માપી લે તો ખોટા ઓરતા ન કરે, ખોટા અધિકાર ન રાખે.**

સટોડિયા પાયમાલ ક્યારે થાય છે ? ક્યારેક ભારે ફટકો પડી જતાં કે એક-બે-ત્રણ સોદામાં પાછો પડતાં એ નથી વિચારતો કે 'હવે મારે ભારે અશુભનો ઉદય જાગ્યો છે તેથી હવે દાવો રાખવો રહેવા દે કે નવો સોદો કરીને નફો મેળવી જ લઉં. ધંધામાં આપત્તિએ સૂઝાડી દીધું, એંધાણી આપી દીધી, કે 'હવે અશુભ કર્મ ઉદયમાં આવે છે. શુભના પાવર-સામર્થ્ય ઘટ્યાં છે, તો ચેતી જા, આગળ ન વધ, નહિતર આથી પણ મોટી પછાડ ખાઈશ.' આમ કરી સટોડિયો જો અટકી જાય, તો નવનવા દાવ નાખી પાયમાલ ન થાય. પરંતુ આજે કેટલાય એમ ન ચેત્યા, ન અટક્યા, ને પાયમાલ થઈ ગયા દેખાય છે.

એવું જ માનપાનાદિમાં છે. આજ સુધી માન મળતું આવ્યું, આપણી સત્તા ચાલતી રહી, એના ભરોસે એમાં આગળ વધવા ગયા, અને પછાડ ખાવી પડી, માનભંગ થયા, સત્તાની સામે આક્રમણ થયાં ! તેથી સમજી લેવું ઘટે કે 'હવે અશુભના ઉદય જાગ્યા છે, માટે પૂર્વની રીતરસમ બદલી નાખો. માનની આશા અને સત્તાની અજમાયશ રહેવા દો,' એમ કરી જો માનાકાંક્ષાને દાબી દે, માન



લેવાની પ્રવૃત્તિ ન કરે, તો હજી થોડું ઘણું માન બચે. એમ, સત્તા અજમાવવી રહેવા દે, તો હજીય થોડો ઘણો મોભો જળવાઈ રહે; પણ અશુભના ઉદય ચાલુ થઈ ગયા ને પરખ્યા વિના એની એ જ હોશિયારી કરવા જાય તો માર ખાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૫,અંક-૩૫,તા.૧૬-૫-૧૯૮૭

## ⑦ (લેખાંક-૨)

ગત લેખમાં બે ચાવી આ જોઈ,- (૧) 'ભયંકર દુઃખોની તુલનામાં કેટલું દુઃખ ? નહિવત્' એ વિચારવું; અને (૨) વર્તમાન ભાગ્ય માપી એને યોગ્ય વર્તવું. છેલ્લે જોયું કે 'પાછલા સમયમાં કુટુંબ પાસેથી માનાકાંક્ષા ન રાખે, તો હજી થોડું ઘણું માન બચે. એમ સત્તા અજમાવવી રહેવા દે, તો હજીય થોડો ઘણો મોભો જળવાઈ રહે. પણ,

અશુભના ઉદય ચાલુ થઈ ગયા તે પરખ્યા વિના એની એ જ હોશિયારી કરવા જાય, તો માર ખાય.' હવે આગળ વિચારીએ-

સંસાર કેવો વિચિત્ર છે ! સામાન્ય રીતે, માણસ પરણે એટલે પોતાની પત્ની તરફથી એને જે માન મળતું હોય, ને પત્ની પર એની જે સત્તા ચાલતી હોય, તે એને એક બે છોકરા થયા પછી પત્ની તરફથી એવું એને માન નથી મળતું; પત્ની પર એની એવી સત્તા નથી ચાલતી ! એમ, છોકરા નાના છતે છોકરાં તરફથી પોતાને જે માન મળતું હોય ને છોકરા પર પોતાની જે સત્તા ચાલતી હોય, તે છોકરા સારું રળતા થયા પછી એ છોકરા તરફથી એટલું માન નથી મળતું. એના પર એવી સત્તા નથી ચાલતી ! સંસારની આ કેવી વિચિત્રતા ! ત્યારે કહો, વર્તમાન કાળે શુભના ઉદય કેવા તકલાદી !

શુભ કર્મોના આ તકલાદીપણાને ઓળખી લઈ, માણસ જો પત્ની કે પુત્રો પાસેથીય માન-સન્માન લેવાનો હઠવાદ ન કરે, એમના પર પણ એવી સત્તા અજમાવવાનો આગ્રહ ન રાખે, તો તો (૧) એનો માન મોભો જળવાઈ રહે, અને (૨) ચિત્તની શાંતિ-શીતળતાને વાંધો ન આવે. પરંતુ આજનાં મૂર્ખ માનસ આ નથી સમજવા દેતાં, અને માન-સત્તાનો આગ્રહ કરાવી થપાટ ખવરાવે છે ! પછી એવા ખોટા આગ્રહમાં ચિત્તની અશાંતિ જ વહોરવાનું બને કે બીજુ કાંઈ !

શું આપણા ચિત્તની શાંતિ બીજો કોઈ બગાડે છે ? ના રે ના, આપણી જાતે જ શાંતિ ખોઈ નાખીએ છીએ. માન લેવા ગયા ને અપમાન મળ્યું, સત્તા અજમાવવા ગયા ને સામનો થયો, ત્યાં ચિત્ત અશાંતિમાં પડે છે. પરંતુ સવાલ તો આ છે કે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

એવું કરવા ગયા જ શું કામ ?

**અશુભના ઉદયને પરખી લીધો હોત, તો એવી માનાકાંક્ષા અને સત્તાપ્રિયતા બાજુએ જ મૂકી દેત.**

મન સમજી લેત કે 'હવે અશુભોદય ચાલુ થયો છે, શુભોદય દુબળો પડ્યો છે. તેથી હવે એ માન મળવાના દહાડા ગયા, એવી સત્તા ચાલવાના સમય વીતી ગયા, માટે માનાકાંક્ષા અને સત્તાપ્રિયતા છોડીને શાંતિથી બેસુ.'

જીવન શાંતિથી જીવવા માટે આ બહું મજેનું સૂત્ર છે કે 'આપણા શુભોદયની મંદતા અને અશુભોદયની પ્રબળતાને પરખીને ચાલવું.'

આ બે ચાર પ્રસંગ પરથી સમજવું હોય તો સમજી જવાય. અમુક અમુક મનમાન્યું બનતું આવ્યું હોય, પણ હવે એમાં ફરક માલુમ પડતાં શુભની મંદતા છે, અને અશુભનો ઉદય છે, એમ વર્તી શકાય. એ વર્તીને હવે રીતરસમ થોડી બદલવી પડે. મનગમતું જ થવા કે કરવાના આગ્રહ-દાવા મૂકી દેવા ઘટે. આ જો આવડે, તો હાડમારીમાં પણ સુખે જીવી શકાય. મુખ્ય વાત આ છે કે હાડમારીના નિર્ધારિત સંયોગો અને પરિસ્થિતિને સુધારવાની ને અનુકુળ કરવાની વ્યર્થ મહેનત કરવા કરતાં આપણે જ એમાં એડજસ્ટ (adjust) થઈ જવું. આપણે જ એને અનુકુળ બની જવું. દા.ત. પુણ્યાઈ કાચી હોય અને પેટ-હોજરી દુબળી મળી હોય, તો ડાહ્યો માણસ એને અનુકૂળ થઈ જઈ રોટલી-રોટલો ન ખાતાં ભાત અને છાશ પર રહે છે, તો સુખે જીવે છે. બસ, એ જ રીતે માનો કે પત્ની વઢકણી મળી છે, તો ડાહ્યો પતિ એને દમ મારી સીધીદોટ કરવાનું નથી કરતો; કેમ કે એમાં પેલીનો સ્વભાવ જ એવો હોઈ સામા બોલ મળે છે; પરંતુ પોતે જ આવા સંયોગને અનુકૂળ થઈ ઠંડકથી વર્તવાનું કરે છે, અર્થાત્ પોતે નરમ થઈ હસીને વાત કરે છે, અવસરોચિત પત્નીનું સન્માન કરે છે. પછી વઢકણી પત્નીને બહુ ગાજવાનું ક્યાં રહે ? એટલે પતિ સુખે જીવી શકે છે.

એમ હાડમારી તરીકે આવક ઓછી થઈ ગઈ હોય, મોંઘવારી વધી ગઈ હોય, તો રોદણાં વિના સુખે જીવવા માટેનો આ રસ્તો છે કે જીવન જીવવાની પૂર્વની રીતરસમો બદલી નાખો અર્થાત્ સાદાં ભોજન, સાદા કપડાં, ચીજવસ્તુની જરૂરિયાતમાં ધરખમ ઘટાડો, મોજશોખનો ત્યાગ, જીવનમાં હાલતાં ને ચાલતાં ત્યાગ ને તપસ્યા,... વગેરે અપનાવો. કુટુંબને પણ શાંતિથી બેસાડી પરિસ્થિતિ સમજાવી એમને પણ એ રીતના જીવનની શિખામણ આવો... વગેરે રીતરસમ અપનાવો તો સુખે જીવી શકો.



હાડમારીમાં સુખે જીવવા માટે આ પણ એક વિચારણા છે કે 'હુ' મરદ માણસ છું. ગરીબડો નથી. જેમ સુખસાધનોની અનુકૂળતામાં છાતી કાઢીને જીવતાં આવડે છે, એમ પ્રતિકૂળતામાં પણ છાતી કાઢીને જીવતાં આવડે છે. પૂછો,-

પ્ર.- પણ રોટલા જ પૂરા ન મળતા હોય, ત્યાં શી મર્દાનગી દાખવે ?

ઉ.- ત્યાં પણ દિવસના ટંક ઘટાડી નાખે, એકાંતરે ઉપવાસ ચલાવે. બીજા ત્રીજા ખરચા તદ્દન ઘટાડી નાખે. મનને સમજાવી દે કે આપણી હોજરીને સંયોગ પ્રમાણે એડજસ્ટ (અનુકૂળ) થઈ જતાં આવડે છે. 'આટલું તો મારે ઘણું ઘણું એના પર શરીર બરાબર પોષણ પામશે,'... આવી કલ્પના બળ આપે છે. કાંઈ એવું નથી કે 'બહુ ખાય તે બહુ ધાય.' અમેરિકામાં ત્રણ ઉંદર પર અખતરા કર્યા,

(૧) એકને મોટા પાંજરામાં પૂરી એમાં ખાવાનું મૂકી રાખ્યું, જેટલી વાર એને ખાવું હોય એટલીવાર ખાય...

(૨) બીજાને બીજા પાંજરામાં પૂરી ૨૪ કલાકે એકજવાર ખાવાનું મૂકે.

(૩) ત્રીજાને ત્રીજા પાંજરામાં પૂરી ૪૮ કલાકે એકજવાર ખાવાનું મૂકે.

સરવાળે જોયું, કે દહાડામાં ફાવે એટલીવાર ખાનારો પહેલો મર્યો. ૨૪ કલાકે એકજવાર ખાનારો પછી મર્યો, અને ૪૮ કલાકે એકજવાર ખાનારો ઉંદર છેલ્લો મર્યો. બોલો આમાં 'બહુ ખાય તે બહુ ધાય' 'નિયમ ક્યાં રહ્યો ?'

સતી દમયંતી પતિ નળથી જંગલમાં વિખૂટી પડાયેલી ભારે હાડમારીમાં શું મરી ગઈ ? યા શું રો-રો કર્યું ? ના, કશું જ નહિ, સાત વરસ એણે પર્વતની ગુફામાં શાંતિનાથ ભગવાનની પૂજા-સ્તવના કરતાં કરતાં લગભગ ફળાહાર પર જીવી સુખેથી પસાર કર્યા. મહાસતી સીતાજીએ પતિ રામ સાથે ૧૨ વરસ વનવાસમાં મનની ભારે શાંતિથી ગુજાર્યા. વાત આ છે,-

(૧) 'હાડમારીમાં મારે પૂર્વના અશુભ કર્મ કચરાનો નિકાલ થઈ રહ્યો છે.' (૨) 'પૂર્વકર્મના દેવા મારે હસતે મોઢે શાહજોગ ચૂકવવાના.' (૩) 'હાડમારી સહતા આત્માનું સત્ત્વ વિકસે છે. એ મહાલાભ છે ! જે પરભવે જબ્બર જવાબ આપશે.' (૪) 'હાડમારી ગમે તેટલી, પરંતુ મને જે અરિહંતનાથ, જિનશાસન, નવકાર, સદ્‌ગુરુઓ, વ્રતનિયમો, ધર્મની સાધનાઓ-ધર્મના અનુષ્ઠાનો, તીર્થો, મહાપુરુષો, તત્ત્વો વગેરે વગેરે અદ્‌ભુત મળ્યું છે, એનાથી હુ માલદાર છું. મારે એ માતબર સામગ્રી મળી છે...' આવી આવી વિચારણાથી સુખે જીવી શકાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## ૮ માનવભવની એક વિશિષ્ટ સાધના : બુદ્ધિમાં અતિશય ઊભો કરો.

(લેખાંક-૧)

આપણને આ ઉત્તમ ભવમાં બુદ્ધિ તો મળી છે. પરંતુ એનો અનાર્ય મનુષ્યો, યા અજ્ઞાન પશુ-પંખી જેટલો જ સામાન્ય ઉપયોગ કરીએ છીએ ! 'સામાન્ય ઉપયોગ' એટલે કાયા અને ઇન્દ્રિયોનાં જ સુખના વિચારવાળો ઉપયોગ. ખરી રીતે આ ઊંચા આર્ય જૈન માનવભવે બુદ્ધિનો ઉપયોગ આપણા આત્માના હિતના વિચારવાળો ઉપયોગ હોવો જોઈએ. આ શી રીતે થાય ? તો કે બુદ્ધિમાં વિશેષતા લાવીએ. અતિશય ઊભો કરીએ, તો વિશિષ્ટ ઉપયોગ થાય. દા.ત. કાંઈક ખાવાનું સામે આવ્યું. તો 'એ ભક્ષ્ય છે કે અભક્ષ્ય' એ વિચાર્યા વિના જીભને સ્વાદિષ્ટ લાગે છે ને ? એટલા જ વિચાર રાખે, તો એ તો બુદ્ધિનો સામાન્ય ઉપયોગ થયો. પણ જો ભક્ષ્યાભક્ષ્યનો વિચાર રાખે, તો એ વિશેષ ઉપયોગ કર્યો કહેવાય. એવું રૂપસુંદરી સામે આવી, ત્યાં એની સુંદરતા-ભોગ્યતાનો જ વિચાર રાખે, તો એ અનાર્ય મનુષ્ય કે પશુના જેવો બુદ્ધિનો સામાન્ય ઉપયોગ કર્યો ગણાય. પરંતુ કોઈક આત્મહિતકર બાબતનો વિચાર ઉદ્ભવે, તો એ બુદ્ધિનો વિશેષ ઉપયોગ કર્યો ગણાય.

શાસ્ત્રમાં આવે છે કનકરથ નામનો રાજકુમાર પિતાના આગ્રહે એક રાજકુમારીને પરણવા નિકળ્યો છે. માણસો વગેરેનો રસાલો સાથે છે. વચમાં સાંજ પડતાં જંગલમાં એક ઠેકાણે પડાવ કર્યો છે. રાજકુમાર પોતે સંધ્યાકાળના પરમાત્મભક્તિ પ્રતિક્રમણ...વગેરે આવશ્યક કર્તવ્યોમાં પરોવાય છે, ને માણસો ફરવા નીકળી પડ્યા છે, અહીં કુમારે બુદ્ધિનો વિશેષ ઉપયોગ કર્યા, માણસોએ સામાન્ય ઉપયોગ કર્યો.

માણસોએ ફરીને આવી કુમારને કહ્યું- 'અમે એક અપ્સરા જેવી સુંદર કન્યા જોઈ પણ એ પાછી તરત જ ઝાડીમાં અદૃશ્ય થઈ ગઈ ! બાકી એ આપ જેવાને પરણવા યોગ્ય હતી.' કુમારે એ કાંઈ લક્ષમાં લીધુ નહિ; પરંતુ સવારે આગળ પ્રયાણ કરતાં એક સરોવરની નજીકમાં એ જ કન્યાને ફૂલો લઈને જતી જોઈ. ત્યારે કુમાર વિચાર કરે છે કે ''અહીં કદાચ કોઈક જિનમંદિર હોવું જોઈએ તો લાવ તપાસ કરું, ને જિનમંદિર મળે તો ભગવાનના દર્શન પૂજનનો લાભ લઉં'' કુમારે



પહેલા રૂપસુંદરીનું વર્ણન સાંભળેલું, હવે એ સાક્ષાત્ જોવા મળે છે, આ એક દુન્યવી દર્શનીય બાબત છે. છતાં આમાં કુમાર એ નથી વિચારતો કે 'આ કોની કન્યા હશે ? જો એ કુમારી હોય તો પરણવા મળે ? ના, આવો કશો શરીર-ઇન્દ્રિયના સુખનો વિચાર નહિ, પણ જિનમંદિર અને દર્શન-પૂજનની જ વિચારણા કરે છે.

દુન્યવી પ્રસંગમાં પણ ધર્મ સંબંધી વિચારણા શી રીતે આવતી હશે ? કહો, બુદ્ધિમાં સત્સંગ કે શાસ્ત્ર દ્વારા અતિશય ઊભો કર્યાથી એ આવે. માટે આર્ય માનવભવે આ એક વિશિષ્ટ કર્તવ્ય છે,-

**'બુદ્ધિમાં સત્સંગ યા શાસ્ત્ર દ્વારા એક અતિશય ઊભો કરવો'**

આ બહુ મહત્ત્વની વાત છે; કારણ એ છે કે જીવની બુદ્ધિ, મન, આશય, વલણ એ અનાદિ અનંતકાળથી શબ્દાદિ વિષયોમાં રક્ત રહેનારા હોય છે. પોતાના આત્મા તરફ લેશ માત્ર પણ દૃષ્ટી જ નહિ. જીવનમાં બધાં હિસાબ-ખિતાબ માંડે તે જડ વિષયોની જ અનુકૂળતા લક્ષમાં રાખીને ! પછી ભલેને એ મનુષ્યનો અવતાર પામ્યો હોય છતાં મનનું વલણ વિષયો તરફ ! ત્યારે આ તો કાંઈ એને જ આવડે છે એવું નથી, સર્વે જીવોને એ આવડે છે. પશુ-પંખી-કીડા-કીડી વગેરે સૌને આવું વિષયોનું વલણ ને આવી બુદ્ધિ તો હોય છે. એટલે એ તો સર્વ સામાન્ય બુદ્ધિ થઈ. એમાં ઊંચા માનવભવની શી વિશેષતા આવી ? માટે તો કહેવાય છે કે

ખોળિયું મનુષ્યનું મળ્યું, પણ વિષયાંધ અને કષાયવિષ્ટ દિલ જનાવરનું રહ્યું. ગધેડા પરના આથર બદલાયાં, પણ ગધેડા એના એ જ રહ્યા !

એટલે આ કરવાની જરૂર છે કે દિલનો આશય-વલણ બદલાય; દિલમાંથી વિષયમૂઢતા અને કષાયના આવેશને હટાવાય. તો જ પોતાના આત્મા તરફ દૃષ્ટી જાય, આત્મચિંતા ઊભી થાય. આ કરવા માટે સત્સંગ તથા શ્રુત યાને આગમ શાસ્ત્રોની વાતોનું વારંવાર શ્રવણ અને મનન જોઈએ; તેમજ એ કરવા દ્વારા અત્યાર સુધીની ઓઘ બુદ્ધિ યાને સામાન્ય બુદ્ધિને વિશિષ્ટ બનાવવી જરૂરી છે. આ વિશિષ્ટતા એટલે જ અતિશય. કહો, બુદ્ધિ શ્રુતથી અતિશયવાળી બનાવવી જોઈએ. બુદ્ધિમાં શ્રુત-શાસ્ત્રના ચિંતન દ્વારા એક વિશેષતા યાને અતિશય ઊભો કરવો, એટલે કે સ્વાત્માની દૃષ્ટી અને ચિંતા જાગતી કરવી.

**આત્મચિંતાથી કેવો વિવેક આવે ? :-**

સ્વાત્માની ચિંતા જાગતી થઈ જાય, પછી (૧) આત્મા અને જડનો વિવેક ઊભો થાય, (૨) વિષયોમાં મૂઢપણું અને કષાયોની પકડ, એ કેવા અનર્થકારી છે,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

જ્યારે એ ટાળીને સ્વાત્મચિંતા રખાય એ કેવા અનર્થોને અટકાવી કલ્યાણને ઊભાં કરે છે, એનો વિવેક ઊભો થાય; () હવે ખરેખર ત્યાજ્ય શું ? અને આદરણીય શું ? એનો અર્થાત્ હેય-ઉપાદેયનો વિવેક જાગતો બને. આવી અતિશય અને વિવેકવાળી બુદ્ધિમાં શુભ ભાવનાઓ રમતી થઈ જાય, પછી લોકોત્તર પ્રશમસુખ ઊભું થવાનું સહેલું બની જાય.

બુદ્ધિનો અતિશય એ પ્રસંગ પરની કલ્પના પરથી મપાય :-

આના પરથી આપણી જાતનું માપ કાઢી શકીએ કે પ્રસંગ પ્રસંગ પર આપણે આત્મહિતકર વિચારણામાં જઈએ છીએ ખરા ? જો આત્મહિતકર વિચારણામાં, જો તાત્ત્વિક વિચારણામાં જઈએ છીએ તો આપણામાં માનવતાને સૂચવનારો બુદ્ધિનો અતિશય ઊભો થયો છે. જો પ્રસંગ પર માત્ર કાયા અને ઇન્દ્રિયોનાં જ સુખ-દુઃખની દૃષ્ટિએ જ વિચારો ચાલે છે, તો આપણામાં પશુતાને સૂચવનારી સામાન્ય બુદ્ધિ જ છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૫,અંક-૩૯,તા.૧૩-૬-૧૯૮૭

## ⑨ (લેખાંક-૨)

ગત લેખમાં એ જોયું કે પશુ અને અનાર્ય માણસ કરતાં આપણામાં વિશિષ્ટ બુદ્ધિ યાને બુદ્ધિ-અતિશય અને વિવેક છે કે કેમ ? એનું માપ આના પરથી નિકળે કે પ્રસંગ-પ્રસંગ પર આપણને શું સ્ફુર છે ? આપણી બુદ્ધિનો કે ચિત્તનો ઝોક કઈ તરફ જાય છે ? કેવળ જડ વિષયો અને એની લીલા તરફ ? કે આત્મહિતકારી કોઈ તત્ત્વ તરફ ?

દા.ત. સ્નેહી પ્રેમથી બોલાવતા આવ્યા તો (૧) 'આ બહુ સારા સ્નેહી મળ્યા છે' એવા હરખના ખ્યાલ પર હું ચઢું છું ? કે (૨) 'આમાં મારો પુણ્યોદય અર્થાત્ પૂર્વ જીવનની મારી કોઈ તપસ્યા-જિનભક્તિ કામ કરી રહી છે, માટે સ્નેહીના સ્નેહમાં તપસ્યા-જિનભક્તિ ન ભૂલું,' આવો કોઈ ખ્યાલ આવે છે ? એવું ધન વગેરેની અનુકૂળતા થવા પર આ બે પ્રકારમાંથી કયા પ્રકારનો ખ્યાલ આવે છે ? જો આત્મહિતકર તપ-જિનભક્તિનો ખ્યાલ આવતો હોય, તો એ બુદ્ધિ અતિશયવાળી કહેવાય.

અથવા સગાં-સ્નેહી તરફથી અપમાનકારી કે કઠોર બોલ સાંભળવા મળ્યા, તો ત્યાં ચિત્તમાં તરત શું સ્ફુરે છે ? (૧) દ્વેષભાવ ? (૨) સ્વમાનહાનિનું દુઃખ ? (૩) 'આ બોલનારા સારા નહિ' એવો દુર્ભાવ ? શું આવું કાંક સ્ફુરે



છે ? કે એના બદલે 'સારું છે આ મારી ભૂલ બતાવે છે,' અથવા આપણી ભૂલ નથી તો મનને શું એવું થાય છે કે, 'મારી નબળી પુણ્યાઈ પ્રમાણે આ બરાબર છે. પૂર્વે તપસ્યા કે જિનભક્તિ એવી નહિ કરેલી એ સૂચવી મને હવે તપસ્યા કે જિનભક્તિ માટે સજાગ કરે છે તે સારું છે.' આવું ચિત્તમાં સ્ફુરે છે ખરું ? ચિત્તનો ઝોક, બુદ્ધિનો વળાંક, કઈ બાજુ જાય છે, એ તપાસવા જેવું છે.

**જો (૧) સ્વાત્મસ્થિતિ તરફ, યા (૨) મહાપુરુષોનાં ઉમદા ચરિત્ર તરફ, કે (૩) આશ્રવ- સંવર તત્ત્વ તરફ બુદ્ધિ, ચિત્ત, યા આશય દોરાતો હોય, તો સમજાય કે એ બુદ્ધિમાં અતિશય ઉત્પન્ન થયો છે. બુદ્ધિ સતિશય યાને અતિશયવાળી બની છે.**

સાતિશય બુદ્ધિની બલિહારી છે, સાતિશય બુદ્ધિ મનને કેટલાય ખેદ-વિખવાદથી બચાવી લે છે, મનને શાંત સ્વસ્થ રાખે છે.

**લાખો ક્રોડો રૂપિયાની કે મોટા સામ્રાજ્યની સંપત્તિ પર જે શાંતિ અને મસ્તતા ન મળે, એ આ બુદ્ધિના અતિશય ઉપર મળે છે.**

આ બુદ્ધિનો અતિશય શાસ્ત્રના જિનવાણીના ભાવ વારંવાર ચિંતવવા પર ઊભો થાય; કહો,

દિલને જિનોક્ત ભાવોનાં ચિંતનથી વીંધવા પર બુદ્ધિનો અતિશય યાને સાતિશય બુદ્ધિ જન્મે. એનો પ્રભાવ સમજો છો ? રોજિંદી દેવદર્શન-પૂજન-ચૈત્યવંદન સામાન્ય બુદ્ધિવાળાનાં જુદાં; અને દર્શન સાતિશય બુદ્ધિવાળાનાં જુદાં. પૂછો, એ કેવી રીતે ? તો કે,

અતિશયવાળી બુદ્ધિ એ વિશિષ્ટ બુદ્ધિ; અતિશય વિનાની બુદ્ધિ એ સામાન્ય બુદ્ધિ. એવી સામાન્ય યાને જનસાધારણ બુદ્ધિથી તો અનેરો આનંદ લૌકિક દુન્યવી વિષયસુખના જ પ્રસંગોમાં આવે, પણ પ્રભુપૂજન જેવા લોકોત્તર અનુષ્ઠાનોમાં અનેરો આનંદ નહિ આવે. રાબેતા મુજબ પ્રભુનાં દર્શન-પૂજન-સ્તુતિ તો થાય, પણ એ હૃદયને હચમચાવી ન શકે, દિવ્ય આનંદના હિલોરે ન ચડાવી શકે.

પ્રભુભક્તિની બુદ્ધિનો અતિશય આ શ્રદ્ધા કરી રહ્યો છે કે 'સમસ્ત સુખ વીતરાગ પ્રભુના પ્રભાવે જ મળે છે; માટે મારા દિલમાં પ્રભુ જ જયવંતા વર્તો.' પ્રભુ અમાપ અનંતા ગુણોનો ભંડાર છે, તેથી જ્યારે પ્રભુ દિલમાં જયવંતા બને, એટલે સહજ છે કે (૧) એમના એ ગુણોની ભારે અનુમોદના ચાલે; એથી એવાં અથાગ પુણ્ય ઊભાં થાય કે જે સુખની રેલમછેલ કરી દે ! તેમ, (૨) પ્રભુના અમાપ ક્ષમા સમતા-ઉદાસીનતાદિ ગુણોનાં મહત્ત્વ દિલમાં અંકિત થઈ જાય. પછી દુન્યવી દુઃખ એ દુઃખ જ ન લાગે. સમસ્ત સંયોગોમાં માનસિક સુખશાંતિ ધારાબદ્ધ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

વહ્યા કરે. વળી (૩) દિલમાં પ્રભુ જયવંતા બને પછી દુન્યવી સમૃદ્ધિ તુચ્છ લાગે.

આ જીવનમાં મને આંખ-મસ્તક-હાથ-વાણી તો મજેના મળ્યા; પણ મળેલાં. એ આજે જિનદર્શન-વંદન પૂજન-સ્તુતિથી જ સફળ થયાં, સુંદર ફળવાળાં બન્યાં બાકી આ સુકૃતો છોડીને દુન્યવી વિષયો અને પ્રવૃત્તિમાં એ વપરાવવામાં તો એ આંખ વગેરેની શી સફળતા છે ?' આપણને પ્રભુદર્શને એમ વિચાર આવે કે,-

'અહોભાગ્ય છે મારાં કે મને એ કિંમતી ગાત્રો મળ્યા ને સફળ કરાવનાર આ દયાળુ પ્રભુ મળ્યા ! પ્રભુના દર્શનાદિ મળ્યા ! બાકી તો ગમે તેવી સારી આંખ વગેરે મળેલાં પણ ગટરક્લાસ કાર્યોમાં વેડફાઈ રહ્યાં છે.'

બીજો વિચાર આ આવે, કે 'આનાં મહાકિંમતી દર્શન-પૂજન આદિ આપવામાં પ્રભુનો કેવો અનન્ય ઉપકાર !'

ભક્તની અતિશયવાળી બુદ્ધિ પ્રભુદર્શને આ પણ મનાવી રહી છે કે 'આ પ્રભુદર્શન વગેરે સુકૃતો સાધવામાં મારી પોતાની કોઈ ગુંજાયશ-વડાઈ હોશિયારી નથી, કિન્તુ એમાંય પ્રભુનોજ ઉપકાર સિદ્ધ છે. પ્રભુનાં ઉત્તમ આલંબને જ કરાતાં આ દર્શનાદિ સુકૃતોની કિંમત છે. બાકી તો દર્શન વગેરેના પુરુષાર્થે અને હોશિયારી તો ગમે તેટલા કરાય, પરંતુ જો વીતરાગ પ્રભુને બદલે જેનાં તેનાં દર્શનાદિ કરાય તો એનું કશું મહત્ત્વ નહિ, ફળમાં હિંગોડા; એ કાંઈ એવા ઊંચા ફળ ન અપાવે. એ તો ભગવાન અરિહંત પરમાત્માનાં જ દર્શન-વંદન આદિ કરાય, તો જ ઊંચા ફળ આવે; અર્થાત્ એ દર્શનાદિ સારી સફળતાને પામે. માટે,

દર્શનાદિ પ્રવૃત્તિમાં મોટો પ્રભાવ કોનો ? પુરુષાર્થ-કરનારા જીવનો નહિ, કિંતુ દર્શનાદિનાં આલંબનરૂપ બનનાર પ્રભુનો મોટો પ્રભાવ; ને તે ય અતિ ભારી પ્રભાવ.

પ્રભુદર્શનમાં પ્રભુનો આ ઉપકાર સાતિશય બુદ્ધિએ સમજાય; પણ આવું બધું સામાન્ય બુદ્ધિએ ન સમજાય, કે મનને ન જચે, હૈયે ન ઠસે. બુદ્ધિ વિશેષતાવાળી થાય ત્યારે જ

(૧) 'દેવદર્શનાદિ સાધનામાં મૂળભૂત સાચો ઉપકાર મુખ્ય ઉપકાર પ્રભુનો છે,' એ સમજાય; તેમ

(૨) પુણ્યે મળેલ તન-મન-ધન-ઇન્દ્રિયો-ગાત્રોની સફળતા જિનભક્તિ કરવામાં લાગે; તથા

(૩) સુખનાં સ્રોત (પ્રવાહ) પ્રભુમાંથી વહેતા દેખાય.





## (૧૦) માનવભવની એક વિશિષ્ટ સાધના : બુદ્ધિમાં અતિશય લાવો. ૯૮ પુત્રોનો બુદ્ધિ-અતિશય :-

(લેખાંક-૩)

'ભગવાન શ્રી ઋષભદેવના અઠ્ઠાણું પુત્રોએ શું કર્યું ?' એ પ્રભુ પાસે તો મોટા ભાઈ ભરત પરના ક્રોધથી ધમધમતા આવ્યા હતા. પરંતુ પ્રભુએ શાંતિ-ઉપશમ કેળવનારી વાણી રેલાવી. એમાં પ્રભુએ જે (૧) ખરા શત્રુની ઓળખ, (૨) આન્તર શત્રુઓના જાલિમ ત્રાસ, (૩) સંપત્તિની નશ્વરતા સાથે જીવો પર સંહારલીલા; (૪) પરિવારની સ્વાર્થાંધતા અને દ્રોહકારિતા, (૫) મમતાની લોખંડી બેડીની અકાટ્ય જકડામણ ....વગેરે વગેરે સમજાવ્યા, એના પર અઠ્ઠાણું પુત્રો વિચારમાં પડી ગયા; એના ઊંડા ચિંતને એમના દિલને હચમચાવી નાખ્યું, એમના કલેજાને વીંધી નાખ્યું. એમની બુદ્ધિમાં એક સમર્થ વિશેષતા અને અતિશય ઊભો થઈ ગયો. બુદ્ધિ અતિશયવાળી બની પછી તો કેમ ? તો કે

**આ અતિશયવાળી બુદ્ધિએ સ્વાત્માના વિશ્વ સાથેના અનંતકાળના વિચિત્ર સંબંધો નિહાળ્યા.**

બોલો એમાં શું શું અવનવું ન દેખાય ? એ બધાની આગળ વર્તમાન જીવનપ્રસંગ કેવા કૂપમંડુક જેવા ગણાય ? કેવા વામણા દેખાય ? અઠ્ઠાણુંની સાતિશય બુદ્ધિએ

(૧) એમને જગતના અને મળેલા તન-ધન-પરિવારનો નવો જ રંગ દેખાડ્યો ! બુદ્ધિના અતિશયે

(૨) પૂર્વે જ્યાં પ્રકાશ-પ્રકાશ દેખાતો હતો, ત્યાં ઘોર અંધારા દેખાડ્યા ? સાતિશય બુદ્ધિની કેવી બલિહારી !

(૩) એણે જગતના નાશવંત અને વિનાશકારી ભાવો પ્રત્યેની માનસિક ગુલામીની જંજીરો તોડી નાખનારું બળ જગાડ્યું !

બુદ્ધિમાં આ અતિશય યાને વિશેષતા શી રીતે આવે ?

**શાસ્ત્રોના ભારે પરિચય અને હૃદયવેધી ચિંતનથી બુદ્ધિમાં અતિશય આવે.**

વાત આ છે કે બુદ્ધિમાં એવો અતિશય ઊભો કરી દેવો જોઈએ; અને એ માટે શાસ્ત્રોનો ભારે પરિચય રાખવો જોઈએ. એના કહેલાં ભાવો પર હૃદયવેધીચિંતન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ચલાવ્યે રાખવા જોઈએ. તુંગિયાનગરીના શ્રાવકો માટે આ વિશેષણો આવે છે કે 'લદ્ધટ્ઠા, ગહિયટ્ઠા, ભાયિયટ્ઠા...' અર્થાત્ 'શાસ્ત્રે કહેલા જીવાદિ પદાર્થોને સાંભળનારા-સમજનારા-ચિંતવનારા અને પોતાના આત્માને એનાથી ભાવિત કરનારા.' એવા તો બીજા કેટલાય શ્રાવકો ભાવિત બનેલા શાસ્ત્રોમાં સાંભળવા મળે છે.

તો શું એ પૂર્વકાળના જ શ્રાવકો માટે શક્ય હતું ? ને તમારા માટે આજે શક્ય નથી ? શું આજે એ ભાવોને કહેનારા શાસ્ત્રો અને સમજાવનારા ગુરુ નથી મળતા ? મળે જ છે; ને એનું પરિશીલન કરી કરી બુદ્ધિને એનાથી ભાવિત કરવાનું અને એ દ્વારા બુદ્ધિમાં એક અતિશય ઊભો કરવાનું પણ શક્ય છે, તો કેમ એ નથી કરાતું ?

શાસ્ત્રો કોના માટે રચાયા છે ? તમારા માટે નહિ ? તમારા માટે રચાયેલા શાસ્ત્રોનો ઉપયોગ તમારે નહિ કરવાનો ?

દાદાજીએ તમારા માટે ખાસ ઘર, ખાસ કપડાં, ખાસ ફરનીચર, વગેરે કરાવ્યું હોય, તો તમે એનો ઉપયોગ કર્યા વિના રહો ખરા ? કે ચાહીને ખાસ મમતાથી ઉપયોગ કરો ? ત્યારે મહર્ષિઓએ તમારા માટે ખાસ રચેલાં શાસ્ત્રોનો જ ઉપયોગ નહિ કરવાનો ? મહર્ષિઓ પર મમતા હોય, આસ્થા હોય, તો ય એ મમતાની લાગણીથી પણ એમનાં શાસ્ત્રોનો ઉપયોગ કરાય. મારા કલ્યાણવાંછુ મહર્ષિઓએ મારા માટે જો ખાસ શાસ્ત્રો બનાવ્યા છે, તો મારે એનો ઉપયોગ કરવો જ જોઈએ. આવું મનને જરૂર થાય. તો પછી એમ કહો કે મહર્ષિઓ પર એવી મમતા જ નથી. નહિતર એમણે તમારા માટે બનાવેલ શાસ્ત્રરત્નોનો કેમ ઉપયોગ ન થાય ? અગર કહો, 'મારા દાદાજીનો મારા પર બહુ પ્રેમ હતો અને એથી એમણે આ ઘર મારા માટે ખાસ બનાવેલું' એવી મમતાની લાગણીથી એ ઘરનો ઉપયોગ થાય છે, તો શું પૂર્વ મહર્ષિઓને તમારા પર બહુ પ્રેમ નહોતો ? શું એ પ્રેમથી ખાસ ગ્રંથો નથી બનાવી ગયા ? વાત આ છે કે-

પૂર્વજોએ તમારા પરના પ્રેમથી રચેલ શાસ્ત્રોનો અમૂલ્ય વારસો તમને મળ્યો છે તો એનો સુંદર ઉપયોગ કરો; નહિતર પછી ફરીથી બીજા ભવે આવો વારસો મેળવવાનો હક ઊડી જશે ! મેળવવાની લાયકાત નષ્ટ થઈ જશે.

**ભૌતિક વાતોના રસથી શાસ્ત્રરસ ઊડે છે.**

શું કામ આજની બહુ ભૌતિક વાતોમાં જ મન ઘાલ્યા કરો છો ? એમાં મન ઘાલી-ઘાલીને મનને ખરાબ ખસ્ત અને કૂચા જેવું શા-સારું બનાવો ? સમજી રાખો-



કે ભૌતિક વાતો ને દુન્યવી વાતોનો બહુ રસ રાખી એના જ બહુ વિચાર-વાણી-વર્તાવ કરવાથી શાસ્ત્રનો રસ જ જાગતો નથી, પછી શાસ્ત્રોના તત્ત્વભર્યા ભાવ જાણવા-સમજવાનું અને મનમાં પલોટ્યા કરવાનું જ ક્યાંથી ? અને આમાં ગોળને છોડી, ઢોર ખાય એવા, ખોળને પકડવાનું થાય છે, એ ભૂલશો નહિ.

જોશો, હિસાબ કાઢશો, તો દેખાશે કે ઘણો એવો સમય જીવનને બિનજરૂરી એવી દુન્યવી વાતો પાછળ બરબાદ થઈ રહ્યો છે. એ બધો સમય એના બદલે શાસ્ત્રની વાતો સાંભળવા-સમજવામાં ને એને મનમાં પલોટવામાં વાપરી શકાય.

શાસ્ત્રની વાતો મનમાં ખૂબ પલોટવાનો આ મહાન લાભ થાય કે બુદ્ધિમાં એક અતિશય ઊભો થાય; ને એ પછી દુન્યવી જીવનમાં પણ ખૂબ ઉપયોગી થાય. બુદ્ધિનો અતિશય જીવનમાં સામે આવતા પદાર્થો અને પ્રસંગો અંગે જુદું જ ઉમદા વલણ જગાવે, ઉમદા વિચારણા કરાવે, ને એ હૃદયને ખૂબ જ શાન્તિ આપે.

શાસ્ત્રના ભાવોના પરિશીલનથી બુદ્ધિમાં અતિશય ઊભો થયા વિના પ્રભુપૂજનનો ય દિવ્યાતિદિવ્ય આનંદ અનુભવી ન શકાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૫,અંક-૪૨,તા.૪-૭-૧૯૮૭

## (૧૧) ઉત્કટ રાગમાં શાંતિ-સમાધિ નહિ, પણ અસમાધિ છે.

આર્ય માનવભવની આ વિશેષતા છે, કે એ જીવન જીવતા વર્તમાનમાં સુખ અને પરલોકમાં સદ્‌ગતિને સાધી આપનારી ચિત્તસમાધિને સર કરી શકાય છે. પરંતુ એ સમાધિ માટે રાગ કે દ્વેષના સંકલેશથી બચવું જોઈએ. ..દા.ત. માણસ જો એમ વિચારે કે 'ચાલો, આપણને ૨૫-૫૦ લાખ રૂ. મળી ગયા છે એટલે આપણા મનને બહુ શાંતિ-સમાધિ રહે છે, તો આ એની ભૂલ છે; કેમ કે સંપતિ પર ઉત્કટ રાગ એ શાંતિ નહિ પણ અશાંતિ છે. અસમાધિ છે, એ કેવી રીતે ? એ માટે આ વિચારો,-

જીવન કઈ ઊંચી સાધના માટે ? શું ખાનપાન માટે છે ? શું પૈસા કમાવવા માટે ? શું વેપાર માટે છે ? શું પરિવારમાં મોહઘેલા બન્યા રહેવા માટે છે ? શું બીજા પર રોફ બજાવવા ને રોષ કરવા સારુ છે ? એ બધું કરીને અંતે આત્માને શું સારું સિદ્ધ થવાનું ? શું મરણ-સમયે સમાધિ સિદ્ધ થવાની ? જીવતાં જે એ ખાનપાન-વેપાર-પૈસા પરિવાર આદિ સમાધિ યાને ચિત્તની-સ્વસ્થતા-શાંતતા નથી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

દેખાડતા, એ મરણ સમયે શી રીતે સ્વસ્થતા-શાંતતા દેખાડશે ?

રાગમાં શાંતિ કેમ નહિ ? રાગમાં અશાંતિ શી ? ભૂલશો નહિ, સમાધિ-શાંતિ, માત્ર દ્વેષના ધમધમાટમાં ન હોય એમ નહિ, કિંતુ રાગની વિહ્વળતામાં પણ ન હોય.

ચિત્ત રાગ-મોહ વગેરે કરતું હોય તો એ પણ એની અશાંત અવસ્થા જ છે; કેમ કે રાગનો વિષય બગડતા કે ફેરફાર પામતાં ચિત્ત આકુળવ્યાકુળ થાય જ છે. ત્યારે જે અવસ્થાના હિસાબે જ પછી આકુળવ્યાકુળ બનવું પડતું હોય એ અવસ્થા શાંતિ-સમાધિની ન ગણાય. અહીં પ્રશ્ન થાય,-

પ્ર.- ત્યાંસુધી રાગની ચીજમાં ફેરફાર ન થાય ત્યાં સુધી તો એ રાગમાં ચિત્તને શાંતિનો અનુભવ રહે છે ને ? તો રાગમાં અશાંતિ શાની ?

ઉ.- એ અનુભવ ખોટો છે. રાગમાં ચિત્તને ઊંડે ઊંડે એક પ્રકારનો ભય રહે છે શંકા રહે છે કે વસ્તુ બગડશે તો નહિ ? નાશ તો નહિ પામે ? પ્રતિકૂળ તો નહિ બને ?...આવો ભય આવી શંકા રહે એ અશાંતિ જ છે, શાંતિ નહિ. વળી રાગ એક પ્રકારનો નશો છે. વિહ્વળતા જ છે; એનું કારણ એ છે કે માનો કે એ કોઈ દુન્યવી વસ્તુ પર રાગ ભરેલા ચિત્તથી ભગવાનનું નામ જપવા બેઠા, કે ભગવાનની સ્તવના કરવા માંડી; યા કોઈ અનુષ્ઠાનમાં લાગ્યા, તો શું એમા ચિત્ત સ્થિર રહે ખરું ? ના, ચિત્ત અહીંથી ઊઠી ઊઠીને પેલી રાગવાળી દુન્યવી વસ્તુના વિચારમાં જાય છે. ચિત્તને તમે ખેંચી ખેંચીને ધર્મક્રિયામાં લાવતા હો, ને એ ખસી ખસીને બહાર પેલી રાગની વસ્તુમાં સરકી જાય છે. એના વિચારમાં ચડી જાય છે. તો શું આ ચિત્તની વિહ્વળતા નથી ? વળી એ જુઓ કે-

**ધર્મક્રિયામાં અસ્થિરતા કેમ ?**

આજે ધર્મી જીવોની આ ફરિયાદ છે કે ધર્મક્રિયામાં અમને સ્થિરતા કેમ રહેતી નથી ? અમારું ચિત્ત કેમ ચંચળ-અસ્થિર રહે છે ? આનું કારણ સ્પષ્ટ છે કે ચિત્ત જેના વિચારમાં ખેંચાય છે એ વસ્તુ પર રાગ છે, યા દ્વેષ છે, અરુચિ છે. જો અણગમતી ચીજના વિચાર આવે છે તો એ દ્વેષ-અરુચિ ભર્યા આવે છે, ને એમાં ગર્ભિતપણે ગમતી વસ્તુ પર રાગ રહેલો છે. દા.ત. બહુ ગરમી પડે છે એ ગમતી નથી, એના પર દ્વેષ-અરુચિ થાય છે; તો એના પેટામાં ઠંડક ગમે છે, ઠંડક પર રાગ છે. મૂળ આ રાગ ઉપર દ્વેષ થાય છે, અને એમ થતાં પ્રતિકૂળ વસ્તુ પર દ્વેષ ચિત્તને વિહ્વળ કરે છે. તેથી પછી એવું વિહ્વળ ચિત્ત ધર્મમાં સ્થિર રહેતું નથી.



ચિત્ત જો શાંત સ્વસ્થ હોય, તો તો ધર્મક્રિયામાં સ્થિર કેમ ન રહે ? પણ શાંત-સ્વસ્થ નથી, માટે ચિત્તની ચંચળતા અનુભવાય છે. આ અશાંતિ-અસ્વસ્થતા શા કારણે ? કહો રાગ-દ્વેષના જ કારણે. એ રાગ કે દ્વેષ હોય ત્યાં સુધી શાંતિ શાની ? માટે આ વાત છે કે રાગમાં પણ ચિત્ત શાંત નહિ, પણ અશાંત અસ્વસ્થ છે, વિહ્વળ જ છે. માટે તો દુન્યવી ચીજ પર રાગ સ્થાપ્યા પછી ચિત્તમાં એવો ભય કે શંકા થાય છે કે- 'શું આ નાશ તો નહિ પામે ? આ આવી જ રહેશે કે બગડશે ?' રાગની વસ્તુ ન બગડે ન ખોવાય એની તકેદારી રહે; એના પર આક્રમણ દેખી સંતાપ થાય, એ બધી અસ્વસ્થતા જ છે.

અરે ? ખરેખર આક્રમણ ન આવ્યું હોય, તોય એની માત્ર કલ્પના થવાથી ય ચિંતા-સંતાપ ઊભા થાય છે. દા.ત ઘરવાળા પર કે દીકરા પર બહુ રાગ છે, તો તપાસી જુઓ કે આ ફલુ યા બીજી રોગિષ્ટ હવામાં એ માદા પડશે તો ? એવો ભય સંતાપ થાય છે કે નહિ ? પૈસા બહુ ગમે છે તો 'ખર્ચા વધી જશે તો ?' ટેક્ષ લાગશે તો ? વ્યાજ ઓછું આવશે તો ?...વગેરે કેટલાં લફરાં ચિત્તમાં ઉઠે છે ? ધન પર બહુ રાગના હિસાબે જ આ ભય-શંકા-સંતાપ ને ? માટે સારાંશ આ છે કે રાગમાં ચિત્ત શાંત સ્વસ્થ નથી, અસ્વસ્થ છે. વિહ્વળ છે. વિહ્વળતા હોય ત્યાં સમાધિ ન હોય.

વાત આ છે કે જીવનભર રાગ-દ્વેષ કરી કરીને ચિત્તમાં અસમાધિનો જ અભ્યાસ રાખ્યા કર્યો હોય, તો (૧) શું અંતકાળે એ એકદમ ટળી જઈને સમાધિ આવશે ? જો અહીં નહીં તો પછી (૨) શું પરલોકમાં સમાધિ મળશે ? જેણે સમાધિ સિદ્ધ કરવાનો જીવનનો આ ઊંચો ઉદ્દેશ પરખ્યો, અર્થાત્ જેણે મનથી નક્કી કર્યું કે આ માનવજીવન એ સમાધિનો ખૂબ જ અભ્યાસ કરી અંતે સમાધી સિદ્ધ કરવા માટે છે, જેથી પરલોકમાં સહેજે સમાધિ આત્માની સાથે જ હોય, એ જીવનભર મુખ્ય આ જોયા કરે કે બધે સમાધિ સાચવ્યા કરું.

આ સમાધિનો અભ્યાસ ક્યાં થાય ? મનમાન્યા ખાનપાન અને મોહમાયાના સંગ રાખ્યા કરવાથી સમાધિનો યાને ચિત્તની સ્વસ્થતાનો અભ્યાસ ન થાય. એમાં તો રાગાદિ પોષાયા કરે, તેથી ચિત્ત અસમાધિમાં જ સબડ્યા કરે. સમાધિ માટે તો મનમાન્યા ખાનપાન અને મોહમાયાના રંગ પર કાપ અંકુશ મૂકવા પડે, ને વિવિધ બાહ્ય-આભ્યન્તર તપ સાધવા પડે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૧૨) પ્રભુના જ્ઞાનમાં યોગ્ય દેખાવું એ પ્રભુની સાચી સેવા.

માનવભવ ભગવાનની સાચી સેવા કરી લેવા માટે શ્રેષ્ઠ કોટિનો ભવ છે, એ સમજાય એવું છે; પરંતુ ભગવાનની સાચી સેવા કઈ એ કેટલીકવાર સમજમાં કે ધ્યાનમાં નથી હોતુ ; એટલે સેવાના માત્ર બાહ્ય આચરણથી સંતોષ મનાય છે. દા.ત (૧) વાસ્તવમાં પ્રભુની આજ્ઞાના સ્વીકાર વિના તથા (૨) પ્રભુના સિદ્ધાન્તોને પોતાના કર્યા વિના, તેમજ (૩) પ્રભુની દૃષ્ટિને પોતાની દૃષ્ટિ બનાવ્યા વિના, તથા (૪) પ્રભુના આદર્શ પોતાના બનાવ્યા વિના પ્રભુનું સેવકપણું શું ? પ્રભુની સેવા શી કરી ?

જોજો હોં, પ્રભુની લાખ રૂપિયાથી પૂજા કરવી સહેલી છે, પણ એમના વચન-સિદ્ધાન્ત-દૃષ્ટિ-આદર્શ સ્વીકારી લેવા કઠિન છે. આના વિના તો એકલી પેલી બહુ ખર્ચાળ પણ પૂજાની કશી કિંમત નથી. માટે તો કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે કહ્યું કે

'वीतराग सपर्यातस्तवाज्ञापालनं परम्'

હે વીતરાગ ! તારી પૂજા કરતાં તારી આજ્ઞાનું પાલન વિશેષ મહત્વનું છે. આનું કારણ પછી આગળ બતાવ્યું કે 'આજ્ઞાની આરાધનાથી મોક્ષ થાય, ને વિરાધનાથી સંસાર થાય.' પૂજા તો શક્તિ ન હોય તો ન ય બને, ઓછીય બને, પણ એટલા માત્રથી મોક્ષ નહિ અટકે; કિન્તુ આજ્ઞાસ્વીકાર ઓછો ન ચાલે; ને એ ઓછા સ્વીકારથી તો મોક્ષ જરૂર અટકી જાય.

વ્યવહારમાં જુઓ શું છે ? બાપની કે શેઠની ભક્તિ બહુ કરે, પરંતુ એમની આજ્ઞાની પરવા ન રાખે, ખુશમિશાલ આજ્ઞા વિરુદ્ધ વર્તે તો એ કાંઈ બાપનો લાયક દીકરો કે શેઠનો લાયક નોકર નહિ ગણાય. બાપ કે શેઠ એને સારો ન માને; પછી ભલે એ સેવા ભક્તિ સારી કરતો હોય, એવું જ વીતરાગ પરમાત્મા અંગે છે. એમની આજ્ઞા સ્વીકારવાનું, પાળવાનું, એમનાં આદર્શ, એમનાં સિદ્ધાન્ત અને એમની દૃષ્ટિ ધરવાનું જ મોટું મહત્વ છે.

**વીતરાગ સર્વજ્ઞની આજ્ઞાનું વિશેષ મહત્વ કેમ ?**

એટલા જ માટે કે જે રસ્તે એમણે ચાલીને નિજનાં આત્મકલ્યાણ સાધ્યા, ને જે એ જ રસ્તો એમણે જગતને બતાવ્યો, એ જ આપણા માટે પણ કલ્યાણ માર્ગ



હોય. અર્થાત્ એમનાં વચનના આધારે જ કલ્યાણમાર્ગ ને ? કે વચનથી આડા ચાલવામાં કલ્યાણ થાય ? સર્વજ્ઞનાં વચન પ્રમાણે પ્રવૃત્તિ-અમલ-આચરણ હજી ઓછું બને, કિન્તુ કમમાં કમ એમના સર્વ વચનનો સંપૂર્ણ સ્વીકાર તો જોઈએ જ. એ હોય તો પછી પ્રવૃત્તિની ઓછાશમાં અફસોસી થાય. એ અફસોસી પ્રવૃતિમાં આગળ વધારનારી બનવાની; તે ઠેઠ વીતરાગ બનવા સુધી પહોંચાડશે. મૂળ પાયામાં સંપૂર્ણ આજ્ઞા-સ્વીકાર સલામત જોઈએ.

કારીગર બાપના વચન પર પૂર્ણ આદરે જ પુત્ર આગળ વધે.

જુઓ નિષ્ણાત કારીગર બાપનો દીકરો જો બાપની આજ્ઞાને સંપૂર્ણ માથે ધરનારો હોય, તો પછી બાપ એને કારીગરી શિખવાડે એમાં અલબત દીકરાને એકદમ જ બધું નહિ આવડે, કારીગરીનો એ અભ્યાસ કરશે એમાં ભૂલો ત્રુટિ વગેરે આવવાની, ને બાપ એ ભૂલો એને બતાવી સુધાર્યે જવાનો. ત્યાં દીકરાને જો બાપના વચન પર સંપૂર્ણ આદર હશે, તો એ પોતાની ભૂલ ખામી સમજવાનો; અને એના પર એને અફસોસ થવાથી; ને એ અફસોસીથી આગળ આગળ સુધારા કરી વધુ મહેનત કરવાનો. એમ કરતાં કરતાં એ ઠેઠ પરાકાષ્ઠાએ પહોંચી કારીગરીમાં સંપૂર્ણ નિષ્ણાત બનવાનો.

પરંતુ આ આગળ વધવાનું ત્યાં સુધી જ કે એ જ્યાં સુધી બાપના વચન પર સંપૂર્ણ આદરવાળો બન્યો રહેશે. જે ઘડી વચન પર આદર સહેજ પણ ગુમાવ્યો તે ઘડી બાપે બતાવેલી ભૂલ સહન નહી કરી શકે. અર્થાત્ એ ભૂલને ભૂલરૂપે નહિ માને. એટલે પછી પોતે એને સુધારવા તરફ લક્ષ જ નહિ દે. ત્યાં શી રીતે હવે આગળ વધે ?

જ્યારે વ્યવહારમાં આવું છે કે વડિલના વચન પર સંપૂર્ણ આદર હોય, તો જ એમણે ભૂલ બતાવ્યાથી પોતાની ખામી દેખાય છે, એના પર પોતાને અફસોસ થાય છે. અને એને સુધારીને આગળ વધવાનું કરાય છે; તો પછી સમજી રાખો કે આત્માનું સુધારવા માટે પણ આ જ રસ્તો હોય કે જ્ઞાનીનાં સર્વ વચન પર સંપૂર્ણ આદર હોય, તો પ્રવૃત્તિમાં એ વચને બતાવેલી ખામી મનમાં ઊતરે, એના પર અફસોસી થાય, અને એને સુધારીને આગળ વધવાનું કરાય. એટલે.

**આગળ વધવાના આ બે ઉપાય-**

(૧) સર્વજ્ઞવચનો આદર સાથે સંપૂર્ણ સ્વીકાર, અને

(૨) વચનાનુસારી શક્ય એટલી વધુ પ્રવૃત્તિ અને પ્રવૃત્તિમાં પોતાને રહેતી ખામી પર ભારે અફસોસ સાથે શક્ય સુધારા.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

શ્રાવક જિનવચનોક્ત સંપૂર્ણ અહિંસાને તથા સર્વથા અપરિગ્રહને ઉપાદેય-કર્તવ્ય તરીકે સ્વીકારી લે છે. પરંતુ એનું પાલન નથી કરી શકતો, એની એને ભારે અફસોસી રહે છે. આ અફસોસી એને શક્ય એટલી સ્થાવરકાય જીવોની દયા-અહિંસામાં પ્રેરે છે. એમાં આગળ વધારે છે, અને એમ કરતાં એક દિવસ એવો આવે છે જયારે એ સ્થાવર જીવોની પણ સંપૂર્ણ હિંસાનો ત્યાગ કરે છે, અને સર્વથા અહિંસાનું પાલન કરે છે.

ખૂબી આ છે કે જિનવચન પર સર્વે સર્વા શ્રદ્ધા-આદર હોવાથી, પોતાને ગૃહસ્થજીવનમાં અનિવાર્ય એવી પણ સ્થાવર હિંસાને લેશ માત્રેય કર્તવ્ય નથી માનતો; કિન્તુ એને પાપરૂપ જ, અને ત્યાજ્ય જ માને છે. માટે જ એ અંગે એને રોજની અફસોસી રહે છે કે "અરે ? આ મારી કેવી મોહની ફસામણી કે એના લીધે રોજ આ અસંખ્ય સ્થાવરકાય જીવોની મારે હિંસા કરવી પડે છે ? નહિતર એ જીવોએ મારું શું બગાડ્યું છે ? પરંતુ જે ઘરવાસમાં નિરપરાધી એવા એમને મારા સ્વાર્થે હણવા પડે છે, એ આ ઘરવાસને ધિક્કાર છે !

"એમ, રાતા પૈસાનો પરિગ્રહ એ પાપ છે, ત્યાજ્ય છે, છતાં પરિગ્રહપાપને ઘરવાસ અંગે જ સેવવું પડે છે. એવા આ ઘરવાસને ધિક્કાર છે ! ઘરવાસના મારા મોહને અને હિંસા પરિગ્રહાદિ પાપોને ધિક્કાર છે !

બોલો, માત્ર પેટ ભરવા પૂરતા પૈસા વિના ઘર ચાલે ? એટલા પૂરતા ય આરંભ સમારંભ વિના પણ ચાલે ? ના છતાં જિનવચન જો એ પરિગ્રહ-આરંભને પાપરૂપ અને ત્યાજ્ય કહે છે, તો એ જિનવચન પરનો સર્વેસર્વા આદર-શ્રદ્ધા એ પાપોની અફસોસી જ કરાવે છે. તો જ એ અફસોસીમાંથી એક દિવસ સંપૂર્ણ ત્યાગનું જોમ પ્રગટે છે.

પાપની સતત અફસોસીમાંથી જ પાપનો ત્યાગ પ્રગટે, અને જિનવચનના સર્વ સ્વીકારમાંથી જ નાના પણ પાપની અફસોસી જન્મે.

આમ, જિનેશ્વર ભગવાનની મહાન સેવા એમનાં વચનનો પૂર્ણ સ્વીકાર છે. એ સ્વીકાર કરીએ એટલે એમના જ્ઞાનમાં એટલા યોગ્ય એટલા સારા તરીકે દેખાઈએ. જો એ સ્વીકાર ન હોય અને એમની લાખ રૂપિયાથી પૂજાભક્તિ કરીએ તો ય તેથી એમના જ્ઞાનમાં સારા લાયક ન દેખાઈએ.

પ્રભુના જ્ઞાનમાં સારા યોગ્ય દેખાવું એ એમની સાચી સેવા...





## (૧૩) ધનને વાવવાનો રૂડો અવસર

**ધોળકા :-** વરસાદ નથી; પાણી નથી, ઘાસચારો નથી, ખાવાનું નથી એવા સતત ત્રીજા દુષ્કાળમાંથી પસાર થઈ રહેલા મુંગા પશુઓની અને બેરોજગાર ભૂખ્યા માનવની શી પરિસ્થિતિ હોઈ શકે એ ત્રણ ટાઈમ વ્યવસ્થિત ભોજન કરનારને માટે કલ્પવું મુશ્કેલ છે...દુષ્કાળમાં ભયંકર પીડિત પશુઓ અને માનવોને રાહત માટે સતત ઝઝુમતા રાતદહાડાનો ભેદ ભૂલી અનવરત કાર્યશીલ સેવાભાવી કાર્યકરો કુમારપાળ વિ.શાહ-અને કલ્પેશ વિ.શાહનો પત્ર નીચે આપેલ છે.

**'જગડુ ! કમાવવાનો આ અવસર આવ્યો છે'** આચાર્ય ભગવંતના આ માર્મિક શબ્દો સાંભળી જાગૃત થઈ દાનવીર જગડુશાહે ત્રણ ત્રણ વર્ષના ભયંકર દુષ્કાળને ફેડવામાં પોતાની સંપત્તિ શક્તિ સમયનું વપન કર્યું.

દાનવીરો ! તમારા ધનનું વપન કરવાનો અમુલ્ય અવસર આવી લાગ્યો છે જો જો પાછા પડતા...યાદ રહે, 'રક્ષિતો ધર્મો રક્ષતિ' બીજાને સમાધિ આપવાથી સમાધિ મળે, બીજાને શાતા આપવાથી શાતા મળે. સુખની ઈચ્છાવાળાએ સુખ આપવાના જ પ્રયત્ન કરવો જોઈએ.

### પત્ર

સસ્નેહ આત્મસ્મરણ,

શ્રાવણ મહિનાના સોના જેવા દિવસો ય વિદાય થતા જાય છે. દિવસ ડૂબતાં જ હૈયુ કંપી ઉઠે છે. અષાડ મહિનો કોરો ધાકર ગયો, અને શ્રાવણ મહિનોય ઝેરોક્ષ કોપી જેવો જોઈને આંખ ભીની થઈ રહે છે. સર્વત્ર માણસો અને મૂંગા ઢોર ઉના લાય જેવા નિઃસાસા નાખે. ઠેર ઠેર પાણી અને ઘાસના પોકારો પડી રહ્યા છે. સરકારી ઘાસના ગોદામનું ય તળીયું સાફ છે. ઘાસની સગવડ તો શું, તણખલુંય મળવું મુશ્કેલ બની રહેશે ? ઘાસના ભાવો ઘઉંના ભાવોને ટપી જવાની તેજ દોડે દોડી રહ્યા છે. સામાન્ય સ્થિતિના ખેડુત કે પશુપાલકની હામ અને હિંમત હવે તો તુટીને ભૂક્કા થઈ ગઈ છે ! કેમ કે ૨ રૂપિયા હોય તોય બાજરીનો એક પૂળો મળવો મુશ્કેલ બની ગયો છે. સમાચાર પત્રોમાં છપાઈ રહ્યા છે એ સમાચારોથી ય વધારે ગંભીર પરિસ્થિતિ અછતગ્રસ્ત વિસ્તારો ઉપર ઉતરી આવી છે. માણસો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

અને ઢોરો દુકાળના દૈત્ય સામે ઝઝૂમી રહ્યા છે ખરા, પણ વલખા મારતાં લોકો સંપૂર્ણ રીતે ભાંગી પડ્યા છે. અમે તો રોજ રખડતાં રખડતાં કેટલાય જીવોને કાળનો કોળીયો થયેલા સ્પષ્ટ જોઈએ છીએ. કંપારી અને કમકમાટી હવે દૈનિક ક્રમ બની ગયો છે. મુંઝવણ અને મુશ્કેલીઓનો પાર નથી. ભુખનું દુઃખ શું કહેવાય એ અમારા જીવનમાં ય નજરોનજર જોઈ રહ્યા છીએ.

છેલ્લા ૬ મહિનાથી સતત સખત રીતે કમ્મરતોડ મહેનત કરી. શક્ય બધું જ કર્યું. કરવામાં કોઈ જ કચાશ રાખી નથી. હજીય એ જ રીતે આગળ વધી રહ્યા છીએ. ઊભી થયેલી અને આવી પડનારી અછતની બિહામણી અને બદતર પરિસ્થિતિમાંથી આપણા કેમ્પના ઢોરોને બચાલી લેવા માટે આજે વીરોચનગરથી હીજરત કરાવીને દક્ષિણ ગુજરાત તરફ લઈ જવાનું શરૂ કરી દીધું છે. વેદનાથી હૈયું વલુરાઈ જાય છે પણ કોઈ જ આરો ઓવારો ન દેખાતાં કચવાતાં અને કકળતા દીલે આ એક અંતિમ માર્ગ પસંદ કરી લીધો. ૧૦ હજાર અબોલ જીવોને વીરોચનનગરથી પહેલા મુકામે સાણંદ ખાતે સ્થળાંતર કરાવી દીધું. રોજ આ રીતે મજલ કાપતા રહીશું, શક્ય એટલો શ્રમ કરીને ઘાસ પાણીની વ્યવસ્થા કરતા કરતા આશા છે કે થોડાક દિવસોમાં અબોલ જીવોને દક્ષિણ ગુજરાતની લીલીછમ ધરતી ઉપર રમતા મૂકી શકશું.

અ.ભા.હિંસા નિવારણ સંઘ અમદાવાદ અને વર્ધમાન સેવા કેન્દ્ર મુંબઈનું ઉપરોક્ત કરુણાભીનું કાર્ય સ્થળાંતર કરવાના કાર્ય પછી સમાપ્ત થતું નથી, પણ અછતગ્રસ્ત બીજા વિભાગોના ગામડે જઈને જીવદયાનું નવસેરથી યોજનાબદ્ધ કાર્ય ઉપાડી લેવાશે. ગુજરાતને ઈથોપીયાની હરોળમાં મૂકાતું જોઈને નિરાંતે નચિંત બનીને બેસી રહેવા જેવું મને તો લાગતું નથી જ નથી.

આપ સૌના આશીર્વાદ અને શુભેચ્છાની એક માત્ર અપેક્ષા.

લિ.આપના

**કાર્યાલય :** બંગલા નં.૩૬, કલીકુંડ સોસાયટી, ધોળકા. જિ.અમદાવાદ

**કુમારપાળ વિ. શાહ**
**કલ્પેશ વિ. શાહ**





## (૧૪) કૃતજ્ઞતાની ભાવના મોટી ? કે સેવાની ભાવના મોટી ?

પુત્ર પુત્રી ઉપર માતાપિતાનો મહાન ઉપકાર થયેલો હોય છે. હવે સવાલ એ છે કે પુત્ર પછી માતાપિતાની સેવા ભક્તિ કરે એમાં કાં તો એમ ભાવના રાખે કે પૂર્વે માતાપિતાએ મને સંભાળેલો હવે માતાપિતાની સેવા કરવાનો મારો વારો છે, અથવા એમ ભાવના રાખે કે માતાપિતાએ મારા પર ઘણો ઉપકાર કર્યો છે એની કૃતજ્ઞતારૂપે એમની શક્ય વધુ સેવા કરું, તો આ બે ભાવનામાં કઈ ભાવના ઊંચી ? કહેવું જ પડે કે કૃતજ્ઞતાની ભાવના ઊંચી. કેમકે માત્ર સેવા કરવાની ભાવનામાં માતાપિતા પર ઉપકાર કર્યાનો ભાવ અને અહંકારનો ભાવ આવવા સંભવ છે, ત્યારે કૃતજ્ઞતાની ભાવનામાં નમ્રતાનો ભાવ રહે છે અને મનને લાગે છે કે માતાપિતાએ મારા પર જે ઉપકાર કર્યો છે એની સામે આ મેં કરેલી સેવા વિસાતમાં નથી એટલે જ એને અધિક ને અધિક સેવા કર્યે જવાનું મન રહે છે.

આજે મોટા ભાગે આ દેખાય છે કે પુત્રો માતા પિતાને એમની પાકટ વયમાં સંભાળતા હોય તે જાણે એમના પર ઉપકાર કરતા હોય એ રીતે વર્તે છે. આમાં એ પુત્રોનાં દિલ કેટલા બધા ધિઠ્ઠા અને નફટ સમજવા કે એમને હવે માતા-પિતાના અગણિત ઉપકાર યાદ જ નથી આવતા ?

પછી અત્યારે માતાપિતાનું જે કાંઈ કરે છે તે જાણે એમના પર મોટો પાડ ચડાવે છે ! આમાં માતાપિતાના દિલ કેટલા બધા દુભાય અને કકળે ? ઠીક છે સંયોગવશ માતાપિતા સહન કરી લે છે, પરંતુ દિકરો ભવાતંર માટે પોતાના દિલમાં કેટલી બધી કઠોરતા અને ક્રૂરતાના ભાવનો વારસો લઈ જવાના ? ત્યાં પછી એમનાં જીવન કેવા પાપિષ્ઠ બનવાના ?

ત્યારે આ એક વાત વિચારજો કે ધર્મે તમારા પર ઉપકાર કેટલો કર્યો છે ? પૂર્વ જનમના ધર્મે અહીં તમને અમૂલ્ય માનવ-અવતાર અને રુડા માનવદેહથી માંડીને મહાન મગજશક્તિ અને દેવ-ગુરુ-ધર્મના સંયોગ સુધી કેટકેટલું આપ્યું છે ? તો ધર્મના આ અથાગ ઉપકાર વારે વારે યાદ આવે છે ને ? યાદ લાવીને એ ઉપકારોના ધોધની સામે ધર્મ પ્રત્યે શો બદલો વાળવાનું કરતા રહેવા માટે મન થયા કરે છે ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

મન ક્ષુદ્ર સાંકડુ નહિ, પણ મહાન હોય તો એમાં ધર્મના અથાગ ઉપકાર યાદ આવ્યા કરે, ને બદલામાં ધર્મનું ઘણું ઘણું કરવાની ઈચ્છા રહ્યા કરે, તેમજ એવા મનથી ખૂબ ખૂબ ધર્મસેવા કરી કૃતજ્ઞતા બજાવ્યાનો સંતોષ રહે. મન ક્ષુદ્ર હોય તો ધર્મે કશું કર્યું ન લાગે.

ધર્મે ઘણું કર્યું લાગે પછી તો કેમ ?

તો કે સવાર પડી જાગ્યા કે તરત કૃતજ્ઞભાવે ધર્મ ને ધર્મદાતા દેવ-ગુરુ યાદ આવે, પરમેષ્ઠીમંત્ર યાદ કરાય તે કૃતજ્ઞભાવે, કે અહો ! આ પરમેષ્ઠી-નમસ્કારે અને પરમેષ્ઠીઓએ મારા પર કેટલો બધો ઉપકાર કરી મને આટલે બધે ઊંચે માનવ અવતારે અને સત્કુળમાં ચડાવ્યો છે !' આમ નવકાર ગણવાના, દેવદર્શન કરવાના, પૂજા કરવાની, એ બધું ધર્મ પ્રત્યેની કૃતજ્ઞતા બજાવવા. ધર્મે મને ઘણું દીધું છે તો હું એમાંથી ઘી-દૂધ-સુખડ-કેશર-વરખ વગેરે ધર્મના એટલે કે પ્રભુના ચરણે ધરવા લઈ જાઉં,' આવું રોજ ને રોજ થાય.

એવું સાધુ-સેવા, સાધર્મિક-સેવા, અનુકંપાદાન, વગેરેમાં ખરચતા રહી ધર્મ પ્રત્યે માત્ર કૃતજ્ઞતા બજાવ્યાનો સંતોષ રહે. પણ ધર્મ મંદિર વગેરે પર પોતે કોઈ ઉપકાર કર્યો એવી વિશેષતા ન લાગે. તપાસજો મંદિર-ઉપાશ્રય-ધર્મ ખાતામાં ખરચીને તમે ઉપકાર કર્યો એવું નથી લાગતુ ને ? એવું ન લાગતું હોય તો બોર્ડ પર ચડાવવાનું નામ કોતરાવવાનું કે તકતી મરાવવાનું મન ન થાય. જો એનું મન થાય છે તો એનો અર્થ તો એ છે કે ઉપકાર પોતાનો મનાવવો છે કે 'મેં ધર્મનું આટલું ભલું કર્યું મેં પૂજા ભણાવી. આંગી રચાવી, પ્રભુને ગાદીએ બેસાડ્યા, પ્રભુનું આટલું કર્યું, પ્રભુ ઉપર ધર્મ ઉપર ઉપકાર કર્યો ! કેવી ઊલટી ગંગા !

ગંગા હિમાલયમાંથી સમુદ્રમાં જાય છે ? કે સમુદ્રમાંથી હિમાલયમાં ? એમ દેવ-ગુરુ-ધર્મ તરફથી આપણા પર ઉપકાર આવે ? કે ઉપકાર આપણા તરફથી દેવ-ગુરુ-ધર્મની ઉપર જાય ?

ધર્મનું કશું ન કરવું, દેવ-ગુરુ-ધર્મની કશી સેવા ન કરવી એ જેમ એક કૃતજ્ઞતા ભૂલવાનું ગણાય, એમ એમની સેવા કરવા છતાં કૃતજ્ઞતા અદા કર્યાનું ન માનતાં એમના પર ઉપકાર કર્યાનું માનવામાં પણ કૃતજ્ઞતાને ભૂલ્યા ગણાય.





## (૧૫) વૈરાગ્ય પછી ત્યાગમાં કેમ વિલંબ ?

**(લેખાંક-૧)**

જીવને સંસારના વિષયો ઉપર વૈરાગ્ય આવ્યા પછી પણ વિષયોનો ત્યાગ કરવાનું કોણ અટકાવે છે ? કહો, નિઃસત્ત્વતાના વિચાર;- દા.ત."ભાઈ ! મોટા ત્યાગની મારી શક્તિ ક્યાં છે ? અનુકૂળ સંયોગો ક્યાં છે ?" ખરેખર તો જો સત્ત્વ હોય તો શક્તિ અને સંયોગોના મુડદાલ વિચાર બાજુએ મુકાય, ને ત્યાગ માર્ગે ઝંપલાવતા વાર ન લાગે.

વૈરાગ્યભાવ અને ત્યાગની વચમાં આંતરૂ છે. વૈરાગ્યભાવ આવ્યો એટલે તરત ત્યાગ થઈ જ જાય એવો નિયમ નથી. હા, વૈરાગ્ય થયે ત્યાગની તમન્ના ખડી થાય. બાકી સંસારની અનિત્યતા, સંસારની દુઃખદ ઘટનાઓ અને સંસારમાં જીવની કર્મજન્મ ડગલે ને પગલે પરાધીનતા; ઉપરાંત પાપોની અનિવાર્યતા...વગેરે એવું વિષમ છે કે એ જો મન પર વસી જાય તો જીવને વૈરાગ્ય થઈ ત્યાગ માર્ગ લેવાઈ જાય એવું છે.

આ તમને જો વૈરાગ્ય મોંઘો લાગતો હોય તો એનું કારણ આ છે કે આ સંસારની અનિત્યતા, દુઃખદ ઘટનાઓ અને જીવની કર્મ-પરાધીનતા તથા પાપાધીનતા... વગેરે પર મન બરાબર અડતું નથી, વિચારતું નથી. નહિતર સંસારના સુખ ભલે ને મીઠા લાગી ગમતા હોય, છતાં જીવન જીવતા આવતા કષ્ટો, પાપો, વસ્તુ-વસ્તુની પરાધીનતા, ધારણા બહારના ઈષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, અને અંતે મોત, વગેરે બાબતો એવી છે કે સંસાર પરથી આસ્થા ઉઠાડી મૂકે. અંદરખાને એના પર અરુચિ-નફરત-મુંઝવણ થાય, આનું જ નામ વૈરાગ્ય.

એટલે વૈરાગ્યભાવ તો આવી જાય. પરંતુ હવે એવા સંસારનો એકદમ ત્યાગ કરી દેવો એ એટલું સહેલું કામ નથી. એ માટે તો વિશિષ્ટ વીર્યોલ્લાસ જોઈએ. સુખ સગવડમાં પોતાની ગળિયા જેવી જે સ્થિતિ છે તેને ફગાવી દઈ, કષ્ટ પ્રતિકૂળતાભરી ત્યાગી જીવનની ચર્યાઓ આદરવાનું સત્ત્વ જોઈએ. એ કાંઈ વૈરાગ્ય જાગતાંની સાથે ઊભું થઈ જ જાય એવો નિયમ નથી. બહુ સુખશીલિયાને સંસારનું નગુણું સ્વરૂપ જોઈ અંતરમાં એના પ્રત્યે નફરત તો છુટે, પણ પછી એના ત્યાગની હોંશ ન હોય, એવું બને. એ તો વૈરાગ્યભાવ જાગ્યા પછી મનોમંથન ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે, અને અંતરમાં જોમ વિકસાવતાં વિકસાવતાં એક દિવસ એવો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

આવી જાય કે સંસારને ફગાવી ઊઠીને ત્યાગમાર્ગે ચાલતો થઈ જાય. કિન્તુ વૈરાગ્ય અને ત્યાગનો વીર્યોલ્લાસ પ્રગટી ઊઠ્યા પછી પુત્રમોહ શું કે પત્નીમોહ યા રાજ્યમોહ શું બધાય બાજુએ બેસી જાય. ત્યારે જગતમાં પાર વિનાના નિમિત્તો એવાં છે કે જે એક પણ ધ્યાન પર આવતા જીવના વૈરાગ્યને વધારી દે, અને અંદરનું જોમ ઊછળી પડતાં જીવ બધાય મમત્વને ફગાવી દઈ ત્યાગ તરફ ને ત્યાગી જીવન તરફ દોટ મૂકે.

આ જીવન મારું, અને જીવનનો અમૂલ્ય સમય હાય ! દુઃખદ રંગરાગ અને ભોગમાં વેડફાઈ જઈ રહ્યો છે ! માનવજીવનનું મહાન ફળ તપ અને ત્યાગ; એ ચૂકાઈ રહ્યા છે. આમ તો જીવનનો ભરોસો પણ શો છે કે ક્યારે ધબ કરતું બંધ પડી જાય ? અને એમ થતાં પરલોક-કમાણી કરવાની તદ્દન જ રહી જાય. માટે રાજા હરિષેણ રાણીને કહે છે હું હવે આ બધી માયા છોડીને તપોવનમાં જઈ તપ તપવા ઈચ્છું છું. કાયાનો ય શો વિશ્વાસ છે કે એ ક્યારે તદ્દન જ શિથિલ ન પડી જાય ? કે કોઈ મહારોગથી ક્યારે ન ઘેરાઈ જાય ? ત્યાં પછી શી તપસ્યા થઈ શકે ? માટે આજે શક્તિ છે, તો સારી તપસ્યા સાધી લેવી.

રાણી કહે, 'હજી આપણા લગ્ન તો હમણાં જ થયા છે, ને એકદમ જ ત્યાગના પંથે જવું છે ?

રાજા ઉત્તર કરે છે દેવી ! આમાં એકદમ જેવું શું છે ? જીવનનો ભરોસો નથી, એ તમે તમારા જીવનમાં બરાબર અનુભવ્યું છે. જુઓને સર્પદંશ એકાએક જ થયેલો ને તમે મૃત્યુ જેવી સ્થિતિ પર એકાએક જ આવી ગયેલા ! કાળનો ક્રૂર પંજો જીવ પર ક્યારે પડે એનું શું કહી શકાય ? વર્તમાન ક્ષણે એ કાળ પંજો નથી પડ્યો એનો શું એ અર્થ છે કે એ બીજી ક્ષણે નહિ પડે ? આવા માથે લટકતી તલવાર જેવા જીવનમાં ત્યાગમાર્ગને તો વહેલામાં વહેલી તકે વધાવી લેવો હિતાવહ છે. આગળ મરીનેય ત્યાગ જ કરવો પડે છે, તો જીવન જ ત્યાગમય કાં ન બનાવવું ?

ભગવતી ! તમારા એ સર્પદંશ મરણતોલ દશા અને પછી મંત્ર પ્રયોગથી વિષનાશપૂર્વક પુનર્જીવનના પ્રસંગથી તો મારા મનને સચોટ લાગી ગયું છે કે,-

મારા પર આવો કોઈ કાળ પંજો નથી પડ્યો અને હું જીવતો રહ્યો છું તે શા માટે ? ક્ષણ વિનાશી ભોગ સુખમાં અજ્ઞાન પશુની જેમ મહાલવા માટે ? કે અવિનાશી ત્યાગ અને મોક્ષની સમૃદ્ધિ સાધી લેવા માટે ?

ભૂલશો નહિ, મળેલા બાહ્ય સંયોગો નાશવંત છે, અર્થાત જીવન નાશવંત છે, કાયાની શક્તિ સૌંદર્ય બધું જ નાશવંત છે. આત્મા અવિનાશી છે; એ



અવિનાશીનાં હિત આ નાશવંત જીવન અને કાયામાંથી કાઢી લેવા એમાં જ બુદ્ધિમત્તા છે. બાકી નાશવંતની પાછળ અવિનાશીને ખુવાર થઈ જવા દેવો એ તો અજ્ઞાન નાના કીડા મંકોડા પણ કરે છે'

રાજાની ચોંટ સંયોગો અને જીવન તથા કાયાની નાશવંતતા પર છે. બધુંય નાશવંત; તેથી હવે એ નાશવંતતા નજર સામે તરવરતી થઈ ગયા પછી જીવન અને કાયામાંથી સાર ખેંચી લેવા સજ્જ થઈ ગયો છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૬,અંક-૪/૫,તા.૩-૧૦-૧૯૮૭

## (૧૬) (લેખાંક-૨)

ગત લેખમાં એ જોયું કે જીવને સંસારના વિષયો પર વૈરાગ્ય આવ્યા પછી ત્યાગ કરવાનું કોણ અટકાવે છે ? કહો, નિઃસત્ત્વતા ! સત્ત્વ હોય તો શક્તિ અને સંયોગોના મુડદાલ વિચાર બાજુએ મુકાવી ત્યાગ માર્ગે ઝંપલાવતાં વાર નથી લાગતી. જુઓ, રાજા હરિષેણ તેવા નિમિત્તવશ વૈરાગ્ય પામી જાય છે, (ને) સાત્વિકતાથી હમણાની પરણેલી રૂપસુંદરી રાજકુમારીને પણ છોડી ગૃહસ્થાશ્રમ બંધ કરી વાનપ્રસ્થાશ્રમ યાને 'તાપસ જીવન, સ્વીકારવા તૈયાર થાય છે ! નવી પત્નીને આ વાત કરતાં એ પણ વૈરાગ્ય પામી સાત્ત્વિકતાથી તાપસ જીવન માટે તૈયાર થઈ જાય છે ! રાજા હરિષેણે મંત્રીઓને બોલાવી પોતાના વિચાર જણાવી દીધા.' મંત્રીઓએ કહ્યું, "મહારાજ ! હજી રાજકુમાર માત્ર બે જ વરસની ઉંમરના છે. માટે અમારી વિનંતિ છે કે એમને મોટા થઈ જવા દો, પછી આપ ત્યાગ અને તપનો માર્ગ સ્વીકારો એ ઠીક છે."

રાજા કહે, "જુઓ, મંત્રીશ્વરો ! આયુષ્યનો ભરોસો નથી કે એ ક્યારે તૂટે ? એટલે એના વિશ્વાસે, બેસી રહેવામાં એ કદાચ જો વહેલું જ પૂરું થયું, તો આ ઊંચા અવતારે મળેલી સાધનાની અમૂલ્ય તક એમ જ એળે જાય ! જીવને આવા દુન્યવી સમાગમો તો જન્મે જન્મે મળ્યા જ કરે છે. પછી જનમ-જનમના તે તે સંયોગને જ જો સંભાળતા રહેવાનુ હોય; તો પછી પોતાના આત્માને ક્યારે સંભાળવાનો ? ને આત્માનું હિત ક્યારે સાધવાનું ?"

"માટે હવે તો અમારો નિર્ધાર છે કે અમે તપોવનમાં જઈ રહેવાના એટલે લાવો બાળકનો રાજ્યાભિષેક કરી લઈએ. પછી તમો બધું સંભાળી લેજો. તમારા પર વિશ્વાસ છે કે તમે એને મોટો કરી સુયોગ્ય શાસક રાજા બનાવી દેશો."

મંત્રીઓ કહે 'પરંતુ રાણી સાહેબે તપોવનમાં જોડાવવાની ઉતાવળ શા માટે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

કરવી જોઈએ ?'

રાજા કહે, "તમે જાણો છો ને કે એમને ભારે સર્પદંશ થયેલો ને મરવા જેવા થઈ ગયેલા ? એ તો એ વખતે જ પરલોક ગયા હોત, તો કશું સારું સાધ્યા વિના જ ગયા હોત ! ત્યારે જો ભાગ્ય યોગે એ જીવી ગયા તો શું હવે હાથમાં રહેલું જીવન મોહ-મમતાને પોષવા માટે જીવવાનું ? એટલે હવે એમના માટે પણ તમારો આગ્રહ નકામો છે. એમને પણ એમનું આત્મહિત સાધી લેવા દો."

છેવટે મંત્રીઓને વાત માનવી પડી. બાળ રાજકુમારનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો, મંત્રીઓએ રાજ્યકારભારનાં સુકાન સંભાળી લીધાં અને હરિષેણ રાજા તથા રાણી પ્રીતિમતી રાજ્યનો ત્યાગ કરીને તપોવનમાં ચાલી નીકળ્યા.

રાજા-રાણી ત્યાગ કરી તાપસને યોગ્ય વેશ સજીને જ્યારે મહેલમાંથી ચાલી નીકળે છે, એ વખતનું દૃશ્ય કેવુંક ? એ ખૂબ જ કરુણ દૃશ્ય હતું. આખી પ્રજા આવા સારા રાજાનો ગુમાવવા પર ધ્રુસકે રોતી હતી ! રાજા-રાણીને વળાવવા ગયેલા હજારો નર-નારીઓમાંના એકની પણ આંખ કોરી નહિ. દરેકના આંખમાંથી આંસુ ટપકી રહ્યા છે, મોં ઉદાસ છે, ને વાણી આવા પ્રખર ત્યાગની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી રહી છે. દરેક જણ પોતાની ભોગલુબ્ધ કંગાળ દશા તો સમજે ને ? પછી ત્યાં આવા રાજશાહી વૈભવવિલાસ ઠુકરાવી તાપસવેશે તપોવનમાં ચાલી નીકળતા રાજા-રાણીના સાત્ત્વિક દશા પર કેમ ઓવારી ન જાય ? કેમ એની પ્રશંસા કર્યા વિના રહે ?

**"અનિત્ય વિષયો અને સ્વજનો જીવને ક્યારે એકાએક છોડી દે એ પહેલાં જીવે જ એનો ત્યાગ કરી દેવો એમાં બુદ્ધિમત્તા છે, ને પુરુષાર્થશક્તિનો સદુપયોગ છે."**

**"નહિતર બુદ્ધિ અને શક્તિ બંનેય વેડફાઈ જાય !"**- એ સત્યને સમજનાર રાજા અને રાણી વિશ્વભૂતિ કુલપતિના તપોવનમાં જઈ તાપસ-તાપસી તરીકે દાખલ થઈ ગયા. ક્યાં મોટા મહારાજા-મહારાણી તરીકેનું રાજમહેલવાસી જીવન ? અને ક્યાં અહીં તાપસ ને તાપસીપણાનું વનવાસનું જીવન ? આ વનવાસનું જીવન એટલે તો મહેલવાસની બધી જ સુંવાળી અનુકૂળતાઓ વિનાનું જીવન ! ભોજન કેટલીવાર ? ભોજનમાં શું ? વાહન ક્યાં ? શય્યા કેવી ? શું આટલું ગજબ પરિવર્તન એકાએક અપનાવી શકાય ? સાંભળતાં મનને ગભરામણ થાય છે ને કે 'હાય બાપ ! આટલો બધો ત્યાગ એકદમ શી રીતે અપનાવાય ?' પણ નજર સામે જુઓ છો ને કે બધી ય સારી મજેની સુખ-સગવડ એકાએક છોડીને માણસ મરે છે ખરો કે નહિ ?



ત્યારે શું એને માટે પરલોકમાં આવું બધુ સુંવાળું તૈયાર કરી મૂકેલું છે ? એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચગતિ સુધીના અવતારોમાં તો ભારી દુઃખોનાં પોટલાં ખડકાયેલાં પડ્યાં છે. નારકીમાં ત્રાસ-રિબામણનો પાર નથી. માનવ અવતારે પણ પહેલાં તો નવ માસની ગર્ભની કેદમાં પૂરાવું પડે છે ! ત્યારે દેવતાઈ અવતારે કદાચ સુખ ગણો પણ તે મળવો ક્યાં રીઢો પડ્યો છે ? ક્યાં સહેલાં છે ?

માણસ જો પરલોકે આ દુઃખોનો વિચાર કરે. એને નજર સામે તરવરતાં રાખે, તો વર્તમાન જીવન જીવતે જીવતે રાજશાહી પણ સુખ-સગવડના ત્યાગ પર 'હાય બાપ ! આવું કેમ છોડાય ?' એવી ગભરામણ કરવાનું ન થાય. અરે ! કર્મ રુઠે છે ત્યારે આ જ જીવનમાં સુખ સગવડ ખૂંચવાઈ જઈ ક્યાં દુઃખિત દરિદ્ર અવસ્થા નથી આવતી ? એ આવ્યેથી મન પછી એમાં એડજસ્ટ adgust થઈ જાય છે ને ? ગોઠવાઈ જાય છે ને ? સવાલ મનને એડજસ્ટ કરવાનો રહે.

સ્વેચ્છાએ ત્યાગ કરી મનને એમાં ગોઠવી લેતાં આવડે, તો પછી કોઈ દુઃખ નથી લાગતું.

મન વૈભવ પરિવારને સુખદ અને એટલે જ મહત્ત્વનાં માની લે છે, તેથી જ એના ત્યાગની વાત આવતાં ભડકે છે.

એ વિરલ દુર્લભ મહાકિંમતી પુરુષાર્થ શક્તિથી વૈભવ પરિવારના સ્વેચ્છાએ ત્યાગ કર્યા પછી જે તપોમય જીવન બનાવાય, એમાં મન ગોઠવાઈ જાય છે. મન એવા ત્યાગ તપને જ અનુકૂળ માની લે છે પછી ત્યાં કશું કપરું નથી લાગતું...


"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૬,અંક-૩,તા.૧૯-૯-૧૯૮૭

## (૧૭) 'ઈષ્ટફલસિદ્ધિ' તથા 'દેશનાપદ્ધતિ' વિષે ધર્મોપદેશકોને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન :

(**તંત્રી સ્થાનેથી,**- તા. ૧૯-૯-૮૭ ના દિવ્યદર્શન અંકમાં 'ઈષ્ટફલસિદ્ધિ તથા...માર્ગદર્શન'નું લખાણ છપાયેલ, તેમાં શરતચૂકથી એના માથે સંપાદકીય નોંધ મૂકવાની રહી ગયેલ તેની ક્ષમા યાચીએ છીએ અને હવે તે સંપાદકીય નોંધ અમને જે હસ્તાક્ષરમાં મળેલી તે જ હસ્તાક્ષરમાં આ અંકમાં રજૂ કરી સાથે ફરીથી એ જ 'ઈષ્ટફલસિદ્ધિ...' લખાણ પણ પ્રગટ કરીએ છીએ જેથી વાચકને પૂર્વનો અંક જોવા ન જવું પડે.)



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final



"અનંતજ્ઞાની ત્રિલોકનાથ શ્રી તીર્થંકર ભગવંતો ફરમાવે છે કે-જીવ અનાદિકાળથી આ સંસારમાં જન્મ-મરણાદિ દુઃખોથી રીબાય છે. એનો અંત તો જ આવે કે જીવ જો સંસારબંધનથી છૂટી મોક્ષ પામે. સંસારબંધનથી છુટી મોક્ષ પામવા માટે શ્રી જિનેશ્વર દેવોએ શુદ્ધ ધર્મતીર્થની સ્થાપના કરી છે. આલોક-પરલોકના સુખ માટે પણ ઉપાયભૂત આ શુદ્ધધર્મ છે. શાસ્ત્રકારો વાસ્તવમાં આ સુખોને આનુષંગિક ગણે છે મુખ્ય નહિ. કારણ કે ધર્મનું મુખ્ય ફળ તો મોક્ષ છે માટે તે પ્રાર્થનીય છે અને તેથી પ્રાર્થના મોક્ષાંગ છે તેવી રીતે 'જયવીયરાય' સૂત્ર વગેરેમાં પ્રાર્થિત "ભવનિર્વેદ=સંસારનો વિરાગ, માર્ગાનુસારિતા=મોક્ષ માર્ગનું અનુસરણ, ઈષ્ટફલસિદ્ધિ=આ લોક સંબંધી અભિમત અર્થની નિષ્પત્તિ-જેના દ્વારા ઉપકૃત બનેલા આત્માને ચિત્તની સ્વસ્થતા થાય છે અને એ થવાથી ધર્મમાં પ્રવૃત્તિ થાય છે, તથા લોકવિરુદ્ધ ત્યાગ=સર્વજન-નિંદા વગેરે લોકમાં વિરુદ્ધ ગણાતાં કાર્યોનો ત્યાગ, ગુરુજનપૂજા=માતા-પિતા ધર્માચાર્યાદિની પૂજા, પરાર્થકરણ=બીજાના કાર્યોનું કરવું, શુભગુરુ યોગ=ઉત્તમ ધર્માચાર્યનો સંબંધ, તદ્‌વચન સેવા=આ સંસારમાં જ્યાં સુધી રહેવાનું થાય ત્યાં સુધી તેવા શુભ ગુરુના વચનની અખંડ સેવા-સંપૂર્ણ સેવા થાઓ;" વગેરે તથા તેની પ્રાર્થનાઓ પણ મોક્ષાંગ છે. રાજમાર્ગ તો એકમાત્ર સંસારબંધનથી છૂટી મોક્ષ પામવા માટે આરાધના કરવાનો છે.

તે છતાં પણ જૈન શાસ્ત્રકારો મુગ્ધ તથા બાળકક્ષાના (બાધ્ય ફલાપેક્ષાવાળા) જીવોને નીચેનાં કારણોસર ઐહિક સુખ માટે પણ આ જિનોક્ત ધર્મ કરવાનો નિષેધ કરતા નથી.



એ જીવો એ રીતે ધર્મપ્રવૃત્તિ કરવાથી પાપપ્રવૃત્તિથી હઠે છે. અને જીવનમાં શ્રી અરિહંતને મુખ્ય કરે છે. તેમજ સાંસારિક પ્રયોજનના લૌકિક આશયવાળું પણ તે જીવોનું એ ધર્મ અનુષ્ઠાન મુક્તિ અદ્વેષજન્ય સદનુષ્ઠાનના રાગવાળું હોવાથી ક્રમશઃ સમજણ મળતાં એ જીવોનો સાંસારિક આશય બાધિત થઈ જઈ શુદ્ધ મોક્ષના આશયને પમાડનારું બને છે.


આ પ્રયોજન જીવન નિર્વાહ વગેરે ઈહલૌકિક આશયવાળું હોય તો ય એના માટે ધર્મ જ ઉપાદેય છે, આમ કહેવામાં જ્ઞાનીઓનો આશય તે જીવોને પાપમાંથી છોડાવી શુદ્ધધર્મમાં પ્રવૃત્તિ કરાવવાનો છે. એમાં ઐહિક પ્રયોજન સિદ્ધ થવાથી તે જીવ આર્તધ્યાન-અસમાધિના પાપથી બચે અને સ્વસ્થચિત્તે ધર્મપ્રવૃત્તિ કરી શકે જેથી આગળ વધતાં એ શુદ્ધ મોક્ષના આશયવાળો ધર્મ આરાધી અંતે મુક્તિ સુખ પામી શકે.

સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારસુખને સર્વથા હેય માનનારા હોવાથી ચિત્તની અસમાધિ દૂર કરવા પ્રસંગવશ સાંસારિક પ્રયોજનની સિદ્ધિ માટે પણ ધર્મ કરે તો તે અહિતકર બનતો નથી. કારણ કે તેનો અંતિમ આશય તો મોક્ષ પામવાનો જ છે.

ઉપરોક્ત કારણના અભાવે, અબાધ્યફલાપેક્ષાવાળા, મુક્તિ પ્રત્યે દ્વેષવાળા કે કદાગ્રહી જીવો દ્વારા ભૌતિક સુખો માટે કરાતાં ધર્માનુષ્ઠાનો વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન કોટિનાં હોઈ જૈન શાસ્ત્રકારો તેને હેય તરીકે ગણાવે છે.

ચરમાવર્તમાં અપુનર્બંધક વગેરે જીવોનું યત્કિંચિત મુક્તિના અનુરાગજન્ય અથવા મુક્તિના અદ્વેષજન્ય શુભ ભાવલેશથી થતું અનુષ્ઠાન તે તદ્‌હેતુ નામનું સદ્‌અનુષ્ઠાન બને છે.

આ રીતે મુક્તિસુખ પમાડવાનો પવિત્ર આશય હૈયામાં રાખીને ધર્મોપદેશકોએ જીવોના હૃદયમાં સંસારસુખનો રાગ સર્વથા નષ્ટ થઈ મુક્તિનો ઉત્કૃષ્ટ રાગ પ્રગટે તે રીતે કેવલિભાષિત ધર્મની પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ કરવાનો છે."





E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

॥ શાસન-નાયક શ્રી મહાવીરસ્વામિને નમઃ ॥

## (૧૮) દિવાળીની ઉજવણી દયાના દિલથી ઉજવો

દયાના સાગર શ્રી મહાવીર પ્રભુના મોક્ષગમનથી-ભાવ (જ્ઞાન) દિપકના વિરહથી પાવાપુરીમાં અઢાર ગણ રાજાઓએ દ્રવ્ય દીપક પ્રગટાવ્યા. ત્યારથી ઘર ઘર દીવાની શ્રેણી પ્રગટી; દીવાળી પર્વ થયું. જેની ઉપાસના છઠ્ઠતપ=બે ઉપવાસ અને પ્રભુના જાપથી શ્રી મહાવીરસ્વામી સર્વજ્ઞાય નમઃની ૨૦ માળા તથા શ્રી મહાવીર સ્વામી પારગતાય નમઃ'ની ૨૦ માળા તથા શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાય નમઃની ૨૦ માળાથી 'લખકોડી છઠ્ઠફળ' પાવે. આ દિવાળી પર્વ દયા જેનું ફળ છે એવા જ્ઞાન પ્રદીપનુ ભાન કરાવે છે. દરેક જીવ પોતે સુખ-દુઃખ અનુભવે છે. મને કોઈ દુઃખ ન આપે, તેમ હું પણ કોઈ જીવને દુઃખ ન આપું. મને કોઈ સમાધિ-સુખ આપે તેમ હું બીજાને સુખ-સમાધિ આપું, આવો જ્ઞાનનો પ્રકાશ આપનારા મહાવીર પરમાત્મા સૌ જીવોનું કલ્યાણ કરો.

નીચેના લખાણનું કપડાનું બેનર અથવા બ્લેકબોર્ડ ઉપર સારા અક્ષરે લખાવશો.

- **આ તે કેવી દિવાળી ! ફટાકડાના પાપે થાય જીવોની હોળી !**
- **ફટાકડાથી થતી હિંસા એ અનર્થદંડનું = વિના કારણે બંધાતું મહાપાપ છે.**

**દીવાળી આવી, દીવાળી આવી, કરવા કર્મની હોળી !**
**તેમાં ફટાકડાને ફોડી ના ભરશો પાપની ઝોળી.**

- **નાના મોટા બાળકો ફટાકડા ન ફોડશો, ફટાકડામાં પાપ છે, જીવજંતુને મહાત્રાસ છે.**
- **ફટાકડામાં આગ છે, જીવોની હિંસા છે, ધનનો વિનાશ છે.**
- **ફટાકડાના ત્યાગમાં જીવદયાનો લાભ છે, પૈસાનો બચાવ છે.**

**ફટાકડાના વિવિધ નુકશાનો :-**

(૧) ફટાકડાના ઝેરી ધુમાડાથી ફેફસા બગડે છે. ગુંગળામણ થાય છે. (૨) પૃથ્વી-અગ્નિ-વાયુ-વનસ્પતિ અને ઉડતા માખી, મચ્છર જીવજંતુ નાશ પામે છે. (૩) ભયંકર અવાજથી પક્ષીઓ ફફડી ઉઠે છે. કાનમાં બહેરાશ આવે છે. (૪)



નબળા હૃદયવાળાને ભય અને એટેક આવે છે. (૫) એટમના ધડાકાથી મકાન જર્જરિત બને છે. (૬) પૈસાનો ખોટો બગાડ થાય છે. (૭) દયા પરોપકારના સંસ્કાર નાશ પામે છે. (૮) હાથ-પગ દાઝે છે, મરણ નીપજે છે.

- **કર્મને કોઈની શરમ નથી, હસતાં રે બાંધ્યા કર્મ રોતા પણ નવી છુટે રે !**
- **સાવધાન ! ફટાકડા ફોડવાથી આઠેય પ્રકારના કર્મ બંધાય.**
- **બંધાતા કર્મ :-**

૧. કાગળ-અક્ષર બાળતાં જ્ઞાનાવરણીય ૨. જીવોના અંગોપાગના નાશથી દર્શનાવરણીય. ૩. જીવોને દુઃખ પીડા દેતાં અશાતાવેદનીય. ૪. ફટાકડાનો અવાજ ને રોશનીથી આનંદ પામતાં મોહનીય. ૫. ફટાકડા ફોડી રાજીપો કે મદ કરતાં નીચેગોત્ર. ૬. જીવોના શરીરનો નાશ કરતાં અશુભ નામકર્મ. ૭. જીવોની શાંતિમાં ખલેલ કરતાં અંતરાય કર્મ. ૮. દયાના નાશે કઠોર પરિણામથી તથા જીવ હિંસાથી નરકગતિ કે તિર્યંચગતિનું આયુષ્ય બંધાય. બંધાયેલા અશુભકર્મના ઉદયે અંધાપો, બહેરા, બોબડા, મૂર્ખ રોગીષ્ટ થવાય છે.

- **દીર્ઘકાળ દુર્ગતિના દાતા એવા ફટાકડા ફોડશો નહિ.**
- **બચાવેલા પૈસામાંથી પાંજરાપોળમાં મદદ કરો.**
- **દુષ્કાળમાં મરતા પશુધનને બચાવો, અભયદાન એ મહાન લાભ છે.**

દરેક જૈન સંઘમાં ફટાકડાનાં ત્યાગ કરનાર માટે પ્રોત્સાહન ભેટ, ધાર્મિક ઉપકરણ વગેરે આપવા ભેટકુપનની યોજના કરવા જેવી છે.

- આ યોજનામાં મોટી સંખ્યામાં બાળકો જોડાય છે.
- હોંશે હોંશે નિયમો લઈ બાળકો જીવદયાના સંસ્કાર કેળવે છે,
- અઢળક પાપથી અને કર્મથી બચે છે.

વ્યક્તિગત વાલી પણ પોતાના નિયમ લેનાર બાળકને બક્ષીસ...રૂા.માં આપે છે. જૈન સંઘમાં પ્રોત્સાહનાર્થે સુખી દાતાઓ ફંડ કરીને સામુહિક ઈનામ વિતરણની વિશેષ દાતાના શુભ હસ્તે દરેક સંઘે યોજના કરવા જેવી છે. આવી યોજના ઘણા સંઘોમાં ચાલે છે. તમે પણ કરશો. વિવિધ ધાર્મિક ઉપકરણોમાં પુસ્તક-ઉપકરણ માટે નાની થેલી, સાપડો, સ્તુતિ-સ્તવનનું પુસ્તક, નવકારવાળી, કટાસણું, ચરવલો, બટવો, પૂજાની જોડ, નોટબુક બોલપેન, ડબ્બી વગેરે ફંડની રકમ અને બાળકોની સંખ્યા અનુસાર દર વરસે જુદીજુદી આપી શકાય છે.

આપશ્રીના જૈન સંઘના બાળકો માટે-પાઠશાળા માટે ભેટકુપનના કાર્ડો નમુના મુજબ છપાવી સંઘ તરફથી ઈનામ-ભેટની યોજના કરો...જેમાં બાળકો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

અવશ્ય જોડાશે.

॥ શ્રી મહાવીરસ્વામિને નમઃ ॥

**૧ વર્ષ માટે ફટાકડા-ત્યાગાદિ નિયમો લેનાર**

(ઉંમર વર્ષ ૫ થી ૧૮ વર્ષ સુધીના માટે)

**ભેટ કુપન**

ઉંમર કુપન નં.

(૧) ફટાકડા ફોડીશ નહિ. (૨) રોજ જિનદર્શન કરીશ. (૩) માતા-પિતાને નમસ્કાર કરીશ. (૪) કંદમૂળ-ઈંડા-માંસ દારૂનો ત્યાગ કરીશ. (૫) હોળીમાં રંગ છાંટીશ નહિ. (૬) નવરાત્રીમાં ગરબા-દાંડીયા રમીશ નહિ. (૭) જુગાર રમીશ નહિ. (૮) બીડી-સીગારેટ-તમાકુનો ત્યાગ કરીશ.

ઉપર મુજબના નિયમો મે. પૂ. ગુરુદેવશ્રી

તા. થી એક વર્ષ માટે તા. સુધી લીધેલા છે.

નિયમ લેનારની સહી

સરનામું

વાલીની સહી

(કાર્ડ સાચવીને રાખવું. વારંવાર વાંચવું)





## (૧૯) જૈનધર્મનું કર્મવિજ્ઞાન : સનિમિત્તક કર્મના ઉદયમાં સાવધાની

**(લેખાંક-૧)**

'શ્રી પન્નવણાં' સૂત્રમાં કહ્યું કે કર્મ બે જાતનાં, (૧) સાનિમિત્તક ઉદયવાળા, અને (૨) નિર્નિમિત્તક ઉદયવાળા. આમાં સનિમિત્તકમાં આવાં કર્મ આવે કે જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાંનું કોઈ નિમિત્ત પામીને જ વિપાક-ઉદયમાં આવે. દા.ત. સર્પદંશનું ઝેર ચડેલાને મંત્ર-પ્રયોગનું નિમિત્ત મળ્યું; તો આરોગ્યનું કર્મ ઉદયમાં આવ્યું. બિમાર માણસ હવા ખાવાના સ્થળે જાય અને ત્યાં રહેતાં સાજો થાય, એમાં ક્ષેત્રનું નિમિત્ત પામીને શાતાવેદનીય કર્મ ઉદયમાં આવ્યું ગણાય. એમ ઋતુ બદલાય અને શરદી વગેરે મટી આરોગ્ય મળે. એ કાળ-નિમિત્તક કર્મનો ઉદય થયો ગણાય. બહુ ચિંતા-શંકા-ભય વગેરેનું ભાવનું નિમિત્ત પામીને ય રોગ-અશાતા ઊભી થાય, એમાં ભાવ-નિમિત્તક અશાતા વેદનીય કર્મનો ઉદય કહેવાય. આમ સનિમિત્તક કર્મો ઉદયનું નિમિત્ત મળતાં કામ કરે. પણ આવાં કોઈ નિમિત્તને પામ્યા વિના એમજ દા.ત. ટી.બી., કેન્સર, લકવો વગેરે રોગ ઊભો થઈ જાય, ત્યાં પ્રબળ નિર્નિમિત્તક કર્મનો ઉદય ગણાય.

એમ, ગોખવાની ઘણી મહેનત કરવા છતાં જ્ઞાન ન ચડે એ એવાં પ્રબળ જ્ઞાનાવરણ કર્મના ઉદયથી કહેવાય પરંતુ ગોખેલું, ભણેલું ફરી ફરી યાદ ન કરાય, પુનરાવર્તન ન કરાય, અને દિવસો જતાં ભૂલી જવાય; ત્યાં જ્ઞાનાવરણ કર્મનો સનિમિત્તક ઉદય થયો કહેવાય.

એવું મોહનીય કર્મમાં ઘણું ઘણું છે. હાસ્યના નિમિત્તમાં ઊભો રહે અને હસવું આવે, એ હાસ્યમોહનીય કર્મનો સનિમિત્તક ઉદય થયો ગણાય. સ્ત્રી સામે વારંવાર જોયા કરે, અશ્લીલ ચિત્ર કે સિનેમા જુએ, યા વિલાસી વાંચન કરે અને વાસના-વિકાર જાગે. એ કામ-મોહનીય કર્મનો સનિમિત્તક ઉદય ગણાય. દુશ્મને આપેલા ત્રાસ વિચારે કે દુશ્મનની હલકાઈ વિચારે, અને મનમાં ગુસ્સો-રોષ સ્ફુરી આવે. એ ક્રોધ મોહનીય કર્મનો સનિમિત્તક ઉદય થયો કહેવાય. એને મનના ગુસ્સાના ભાવનું નિમિત્ત મળી ગયું, અને કર્મનો ઉદય ભભુકી ઊઠ્યો. કોઈનો માલ-મકાન-મોટર વગેરે પર દૃષ્ટિ જતાં રાગ સ્ફુરી આવે એ લોભમોહનીય



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

રાગમોહનીય કર્મનો સનિમિત્તક ઉદય થયો કહેવાય.

આમ જોશો તો દેખાશે કે હાસ્ય-શોક, હર્ષ-ખેદ-ભય, કામ-ક્રોધ-લોભ, માન-મદ-મત્સર, વગેરેના કેટલાય મોહનીય કર્મ એવાં છે કે એને નિમિત્ત આપો તો જ ઉદય પામીએ હાસ્ય વગેરેની લાગણી ઊભી કરે છે. પૂછો,

પ્ર.- તો શું નિમિત્ત ન આપીએ તો એ કર્મ બેઠાં રહે છે ?

ઉ.- ના, કર્મનો સ્થિતિકાળ પાકે એટલે ઉદય તો પામે જ. પરંતુ એવાં કર્મ નિમિત્ત ન મળતાં, બીજાના ભેગા ભળી ઉદય પામે, તેથી એનું પોતાનું ફળ દેખાડ્યા વિના માત્ર એનાં દળિયાં-પ્રદેશ ઉદય પામે આને પ્રદેશોદય કહેવાય. ત્યારે ફળ દેખાડે એ વિપાકોદય કહેવાય. બંને પ્રકારના ઉદયમાં પછીથી કર્મ ખપી જાય; અર્થાત્ આત્માની સાથેના સંબંધથી અલગ થઈ જાય. વાત આ કે ઘણાં એવાં મોહનીય કર્મ છે કે જેને નિમિત્ત આપો તો જ વિપાકોદયમાં આવી એનું ફળ દેખાડે. માટે એવા રાગ-રતિ આદિના નિમિત્તથી આઘા રહેતાં ઘણો બચાવ મળે !

આ પરથી સમજાશે કે જો એવાં નિમિત્તો ન સેવીએ, એનાથી દૂર રહીએ, તો કેટલાંય મોહનીય કર્મના વિપાકોદયથી બચીએ અર્થાત્ તેવી તેવી મોહની લાગણીઓથી બચી જઈએ.

**પશુ કરતાં માનવનો અવતાર પામ્યાની આ વિશેષતા છે કે,-**

(૧) આપણને ''હર્ષ-ખેદ, કામ-ક્રોધ વગેરે, એ મોહની લાગણીઓ છે'' એની ખબર પડે છે.

(૨) એને જન્માવનાર નિમિત્તોની સમજ પડે છે.

(૩) એ નિમિત્તોથી દૂર રહી, એ લાગણીઓથી બચી શકાય છે. અને

(૪) એમ અનેક પ્રસંગમાં બચવાથી એના સંસ્કાર દૃઢ ન કરવાનું તેમજ વધારામાં શુભ ભાવનાથી જુના સંસ્કારોને નષ્ટ કરતા જવાનું કરી શકીએ છીએ. તેમજ

(૫) એ રીતે અશુભ કર્મ બંધનોથી ય બચી શકીએ છીએ.

માનવભવની આ મહાન વિશેષતાઓને ધ્યાન પર લઈએ તો એ માટેના પ્રયત્નમા શી ખામી રહે ? જીવન લઈને બેઠા એટલે જીવન નભાવવા માટે ખાનપાનાદિ જરૂરી ઘણું ય કરતા રહીએ, છતાં જે એ કશું મુખ્ય કર્તવ્ય ન લાગે. એવું મુખ્ય કર્તવ્ય આ મોહની લાગણીઓથી બચતા રહેવાનું લાગે...

એ બચવા માટે ખાસ સાવધાની એનાં નિમિત્તોથી અલિપ્ત રહેવાની રાખવા જેવી છે. દા.ત. વાતોડિયા મહાજન ભેગા થાય તો એમની વાતોમાં લેવા-દેવા



વિનાના રાગ-દ્વેષ-હાસ્ય-ઈર્ષ્યા અસૂયા વગેરે ઊભા થાય છે. એટલે એમનો સંગ એ મોહની લાગણીઓનું પ્રબળ નિમિત્ત ગણાય. તેથી એનાથી આઘા જ રહેવું એમાં સલામતી છે. કદાચ કહેશો,-

પ્ર.- પણ ક્યારેક શરમાશરમી આવાના ભેગા બેસવું પડે છે, ત્યાં શે બચાય ?

ઉ.- ત્યાં 'મારે જરા જાપ પતાવવાનો છે,' એમ કહી મરમરવા જેવા અવાજથી નવકાર યા લોગસ્સનો જાપ કરવા માંડવાનો, અથવા 'માફ કરજો સંડાસ જવું પડશે,' એમ કહી ઊઠી જવું; અથવા 'અમુક ભાઈને મળવાનું છે, તે જાઉં છું' કહી ત્યાંથી નીકળી જવું; યા સામો બોલતો રહે, અને આપણે આંતરિક રીતે કોઈ ધ્યાનથી કોઈ યોગની મૌન સાધનામાં લાગવું.

સારાંશ, તેવા તેવા પ્રસંગોમાં રાગ-દ્વેષાદિ જગાડે એવાં નિમિત્તોથી આઘા રહેવાનું અત્યંત આવશ્યક છે. એક વાત અવશ્ય સમજી રાખવા જેવી છે કે આ સંસારના પ્રવાસમાં આપણો આત્મા ઉત્તરોત્તર વિશુદ્ધ અધ્યવસાયોને સ્પર્શતો ચાલે એ બહુ અગત્યનું છે અને તેથી વીતરાગ ભાવ નિકટ ને નિકટ આવતો જાય એ અતિ મહત્ત્વનું છે...

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૬,અંક-૭,તા.૧૭-૧૦-૧૯૮૭

## (૨૦) (લેખાંક-૨)

એક રાજકુમારીને સર્પદંશથી ઝેર ચડી ગયેલું પરંતુ હરિષેણ રાજાના મંત્ર-પ્રયોગથી ઝેર ઊતરી ગયું. પરંતુ જો આ મંત્ર પ્રયોગનો યોગ ન મળ્યો હોત, તો તો રાજકુમારી મરત જ ને ? પણ મંત્રથી જીવી ગઈ; તો પછી કર્મોના ફળ અકાટ્ય હોવાનું કહેવાય છે, એ આમાં ક્યાં રહ્યું ? શું મંત્રે કર્મોને કેન્સલ કર્યા ?

ઉ.- જૈનધર્મનું તત્ત્વજ્ઞાન આનું સુંદર સમાધાન આપે છે. જીવને જે પીડા વેદના ચાલે છે એ એક જ કર્મસ્કન્ધની અસર નથી. પરંતુ પ્રતિસમય ચાલતી પીડાવેદનાને ઉપજાવનાર અલગ અલગ કર્મસ્કન્ધની અસર છે. તે તે સમયે પાકનારા કર્મ સ્કન્ધ પાકે એટલે ત્યાં જ વેદના ઉપજાવે છે. એની પછીના પાકનારો કર્મનો સ્કન્ધ પાકતાં જ એ જ સમયમાં વેદના આપે છે. એમ માનો કે સળંગ પીડા વેદના ચાલી, તો આ હિસાબે એટલા કાળની વેદનાનો કોઈ એક કર્મસ્કન્ધ નહિ, કિન્તુ અનેક કર્મસ્કન્ધો જવાબદાર હોય છે. ક્રમસર-ઉદયમાં આવતા હોય છે.

એટલે હવે સમજાશે કે જે સમયે વેદના બંધ પડી, એ સમયે એવો કોઈ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

જોરદાર કર્મસ્કન્ધ પાકનારો હતો જ નહિ. યા હતો તો એના પર કોઈ એવો પ્રભાવ પડ્યો કે જેથી એ ફળ દેખાડ્યા વિના એમજ રવાના થયો. પ્રશ્ન થાય.-

પ્ર.- તો શું બધું કાંકતાલીય ન્યાયથી બને છે ?

ઉ.- ના, અહીં કાકતાલીય ન્યાયથી જેમ તાડ પડવાનું હતું એજ વખતે કાગડો એના પર બેઠો. એમ ઝેરની પીડાનાં-કર્મદળિયા પૂરા થવાનાં હતા એ જ વખતે મંત્રપ્રયોગે એને સાજી કરી એવું નથી, પરંતુ હવે પાકનાર કર્મ પર મંત્રપ્રયોગની એવી અસર પડી કે કર્મની ફળ દેખાડવાની શક્તિ મંત્રપ્રયોગથી કુંઠિત થઈ ગઈ, તેથી જો કે કર્મ પાકવાના હિસાબે ઉદયમાં આવ્યાં તો ખરા, પણ પીડા ન આપી શક્યાં, અને આરોગ્યના કર્મ વિપાક-ઉદયમાં આવી, એણે આરોગ્ય દેખાડ્યું, એમ બની શકે છે.

**પ્રદેશોદય-વિપાકોદય :-**

નિમિત્ત પામી વિપાક દેખાડનાર કર્મ માટે આવું બને છે કે તેવાં નિમિત્તના હિસાબે તેવા કર્મ વિપાકમાં જોર મારી જાય, અને બીજા કર્મ પાકેલાં ખરા, પણ માત્ર પ્રદેશથી ભોગવાઈ જાય, રસવિપાક ન દેખાડી શકે. પરિસ્થિતિ જુઓ કે પૂર્વે પણ સાપનું ઝેર ચડ્યું ત્યારે તે પૂર્વે આરોગ્ય આપી રહેલ કર્મદળિયા આરોગ્ય આપ્યે જ જતા હતાં. તો સર્પદંશ પછી આરોગ્ય કેમ અટક્યું ? કહો, સર્પદંશ નિમિત્ત પામી અશાતાવેદનીય કર્મનો વિપાકોદય જોર મારી ગયો, તેથી પેલા ચાલુ આરોગ્યદાયી કર્મનો રસવિપાક સ્થગિત થઈ ગયો, એટલે એ બિચારા સ્થિતિ પાક્યે ઉદય પામવા છતાં ખાલી પ્રદેશોદયથી એટલે કે રસ વિપાક દેખાડ્યા વિના જ ભોગવાઈ રવાના થતાં ગયાં; ને અશાતા કર્મના વિપાક પ્રબળ બનવાથી પીડા શરુ થઈ. બસ, હવે આ ઝેર-નિવારક મંત્રપ્રયોગથી એથી ઊલટું બન્યું હવે અહીં આરોગ્ય શાતાદાયી કર્મ જોર મારી જાય છે.

**કર્મ પર દ્રવ્યાદિની અસર :-**

આ બતાવે છે કે કર્મના ઉદય પર તેવા તેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અસર કરે છે. કર્મ તો બંધાયા પછી એનો અમુક અબાધા-કાળ અર્થાત્ એને અબાધિત રહેવાનો કાળ પૂરો થયા બાદ, સમયે સમયે ઉદય પાક્યે જાય છે. એમાં શાતા-અશાતા જેવા પરસ્પર વિરોધી કર્મ પણ બંને પોતપોતાના કાળ પાક્યે ઉદય પામતા જાય. પરંતુ જેવાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની પ્રબળતા, એ પ્રમાણે શાતા કે અશાતા બે જાતના કર્મમાં એકની ફળ-પ્રદાન-શક્તિ કુંઠિત થઈ જાય, અને બીજાની શક્તિ અબાધિત કામ કરે. અહીં એક પ્રશ્ન થાય,



**કર્મ માનવાની જરૂર જ શી ? :-**

પ્ર.- તો તો પછી કર્મની પ્રત્યે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જ ફળ આપનાર તરીકે માનો ને ? વચમાં મફતિયા કર્મ માનવાનું શું કામ છે ?

ઉ.- ના, આત્માથી તદ્દન નિરાળા બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, જેમ આકાશ પર તેમ આત્મા પર અસર ન કરી શકે. એ બાહ્ય દ્રવ્યાદિ તો આત્માની સાથે એકમેક ચોંટેલા કર્મ પર જ તેવી તેવી અસર બતાવી શકે. નહિતર દા.ત. જુઓ કે શહેરમાં પ્લેગની હવા ચાલુ થઈ ગઈ, તો એ હવા દ્રવ્ય તો શહેરના બધા જ માણસોને લાગુ થયું છતાં એથી ક્યાં બધા જ માણસ માંદા પડે છે ? કેટલાક જ માંદા પડે છે, આવું કેમ બને છે ? કહો, જેને એવા પ્રબળ અશાતાવેદનીય કર્મ હતાં એના પર આ હવાદ્રવ્યે અસર કરી; એણે શાતાવેદનીય કર્મના ફળની શક્તિ કુંઠિત કરી એથી શાતાફળ રોકાયું. અને પેલા અશાતા કર્મ પોતાનું ફળ બતાવવામાં જોર મારી ગયા. જેના શાતાવેદનીય કર્મ જોરદાર હતાં, એના પર આ હવાએ અસર ન કરી, તેથી એની શાતા ચાલુ રહી ને અશાતા યાને બિમારી ન આવી. સમાન નિમિત્ત છતાં જુદા ફળની પાછળ કારણ તરીકે જુદા કર્મ માનવા જ પડે.

આમ, આત્મા પર અસર એના પર લાગેલા કર્મ જ બતાવી શકે.

બહારનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ કર્મ પર અસર કરે યા ન પણ કરે. કર્મની જેવી દુર્બળતા યા સબળતા એ પ્રમાણે અસર થાય યા ન થાય. કેટલાંક કર્મ નિમિત્તાધીન; એટલે તેવાં તેવાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું નિમિત્ત પામી વિપાકોદય પામનારા, યાને વિપાક દેખાડનારા હોય. એ કર્મ તેવા દ્રવ્યાદિની અસર લે; માટે દુબળા; પરંતુ સબળ કર્મ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અસર નથી લેતાં, અને પોતાના પ્રભાવ દેખાડે છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૬,અંક-૮,તા.૩૧-૧૦-૧૯૮૭

## (૨૧) આપણા સંતાપનું મુખ્ય નિદાન સાંકડું મન

સંસાર એટલે જ્યાં શાંતિમાંથી સંતાપમાં વારે વારે અને ઝટપટ-સરક્યા કરવાનું હોય. માણસને આવા રોજિંદા અનુભવ છે કે ચિત્તને શાંતિની ક્ષણો જુજ, અને સંતાપની ક્ષણો ઢગલાબંધ. તો શું જીવન આખુંય સંતાપભર્યું જીવવું ? ના, જિનશાસન સંતાપનું જે સાચું નિદાન બતાવે છે, એને દૂર કરાય, તો સંતાપ મટે એમ છે. અલબત 'પોતાના દુઃખ અંગે પોતાના પૂર્વકૃત કર્મ જ જવાબદાર છે' એમ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સ્વકર્મ પર નજર નાખવાની; ઉપરાંત વિશેષ તો વળી આ જોવાનું છે કે પોતાને જો પોતાનાથી ઉપકાર પામેલા તરફથી સંતાપ મળતો લાગે છે, તો ત્યાં આ તપાસવાનું છે કે

સંતાપ ખરેખર એવી પરિસ્થિતિના લીધે છે ? કે પોતાના મનની સંકુચિત-ક્ષુદ્ર-તુચ્છ સ્થિતિના હિસાબે છે ? અહીં દા.ત. તમે મા-બાપ હો, તો પૂછશો,-

પ્ર.- છોકરા આડા ફાટે, ને અમને સંતાપ થાય, એમાં અમારા મનની સંકુચિતતા શી ? ક્ષુદ્રતા શી ?

ઉ.- પણ આ વસ્તુ જરા અંતરમાં ઊતરીને વિચારશો તો સમજાય એવી છે. અંતરમાં ઊતરીને જોવાનું આ છે કે 'પુત્ર આડો ફાટે, એમા મને સંતાપ કેમ લાગે છે ? મને પુત્ર તરફથી બાહ્ય સુખ-સગવડ-સન્માન મળે એવી આશા-અપેક્ષા રહે છે માટે ને ? જો આવી આશા અપેક્ષા જ ન હોય, તો સંતાપ કરવાને કારણ છે ? ત્યારે અહીં કદાચ કહેશો,-

પ્ર.- પણ દીકરા તરફથી આશા તો રહે ને કે એ આપણું લીલું વાળે ? આપણું માન રાખે ?

ઉ.- ત્યારે વાત જ આ છે કે કુટિલ સંસારમાં આવી આશા ઠગારી છે. એવી ઠગારી આશા રાખીને પછી એ આશા આડિયા પુત્ર તરફથી ફળતી નથી તેથી સંતાપ થાય છે. એટલે સંતાપ દીકરાના કારણે નથી, એની આડાઈના કારણે નથી, પણ સંતાપ આપણી ઠગારી આશા-અપેક્ષાના લીધે થાય છે. આપણને આ આશા રહે છે એ સ્વાર્થ છે. સ્વાર્થની આશા છે. ને એ ન પૂરનારો પુત્ર આપણા મનને સહન થતો નથી. મનમાં એના પર દ્વેષ થાય છે. દ્વેષના કારણે સંતાપ થાય છે. જો મૂળમાંથી એવી આશા જ ન રાખી હોય તો સંતાપ શાનો થાય ?

તો હવે બોલો, સ્વાર્થલાલસા-દ્વેષ-અસૂયાવાળું મન એ સાંકડુ ગણાય ? કે વિશાળ ? વિશાળ આવા મનને ન કહેવાય.

વિશાળ મન તો જે નિઃસ્વાર્થ, પરગજુ, સહિષ્ણુ, ક્ષમાશીલ, દયાભર્યું ને ઉદારતાભર્યું હોય એવા મનને કહેવાય

એવું વિશાળ મન હોય તો કોઈ સંતાપ નહિ, એનાં બદલે મન સ્વાર્થવશ સાંકડુ હોય, તો કેઈ સંતાપ જિંદગીભર ચાલ્યા કરે છે. વિચારીશું તો દેખાશે કે જીવનમાં ઠેઠ અંત સુધી જો કોઈ ને કોઈ સંતાપ ચાલ્યા કરતો હોય, તો એની પાછળ કારણભૂત આપણું સાંકડું સંકુચિત મન છે. બાહ્ય દુઃખ તો નિમિત્તમાત્ર છે, ગૌણ કારણ છે, પણ મૂળભૂત કારણ નહિ; કેમકે દેખાય છે, વિશાળ દિલવાળા



ભાગ્યવાનને દુઃખ છતાં સંતાપ નથી થતા. શ્રી મહાવીર પ્રભુ પર સંગમ દેવતા, શૂલપાણીયક્ષ, ગોવાળિયા, ચંડકૌશિક વગેરે તરફથી દુઃખની ઝડી વરસી, છતાં પ્રભુના મનને લેશ પણ સંતાપ નહોતો; કેમકે મન વિશાળ હતું. સંતાપ સાંકડા મનને લીધે થાય છે, પણ જ્યાં મન વિશાળ હોય ત્યાં પછી શું કામ સંતાપ થાય ?

રાજા શ્રેણિકને પુત્ર કોણિકે રાજ્યભ્રષ્ટ કરી જેલમાં નખાવ્યા, છતાં શ્રેણિકને પુત્રના કારણે સંતાપ નહોતો થતો. નહિતર તો મનને એમ ખેદ થાત કે આ અભયકુમારે ક્યાં દીક્ષા લઈને મને આ નાલાયક પુત્રને પનારે નાખ્યો ?' પણ ના, પિતા શ્રેણિકને પુત્ર અભયકુમારની દીક્ષા પર ખેદ નથી થયો, ઊલટું અનુમોદના જ કરી છે કે "ધન્ય છે અભયકુમાર, મેઘકુમાર, નંદીષેણ વગેરેને કે જેમણે ચારિત્ર લઈ જનમ સફળ કર્યો ! કમભાગી હું કે રાજ્ય અને વિષયોની મમતામાં બેસી રહ્યો; ચારિત્ર લીધું નહિ ને જનમ એળે જઈ રહ્યો છે ! તેમજ આ જેલના દુઃખ સહવાનું અકામનિર્જરામાં તણાઈ રહ્યું છે ! ચારિત્ર હોત તો એ ઉપસર્ગ માની આનંદથી વધાવીને સકામ-નિર્જરા કમાવવાની થાત."

શું ? રાજા શ્રેણિકના વિશાળ મનની આ ઉદાર વિચારધારા જોવા જેવી છે. અને એમણે પરખેલો સકામ-નિર્જરા-અકામનિર્જરાનો ભેદ જોવા જેવા છે. દુઃખ તો તમને ય આવે, ને જરૂર પડ્યે સાધુને ય આવે. તમારે ય પાળેલો-પોષેલો ને સારો તૈયાર કરેલો દીકરો આડો ફાટે ને દુઃખ આપે એમ બને; તેમ સાધુનેય સારી મહેનત લઈ વિરાગી બનાવેલો દીક્ષિત કરેલો ને ખાસો ભણાવી-ગણાવી તૈયાર કરેલો શિષ્ય કદાચ માનપાનાદિમાં પડી આડો ફાટે, ને ગુરુ સાધુને દુઃખ આપે, એમ બને, તો પણ તમારે પુત્રની એવી નાલાયકી પર અજ્ઞાનતાથી હાયવોય કરી એ સહન કરવામાં અકામનિર્જરા થાય. ત્યારે સાધુ આને એક ઉપસર્ગ સહવાનો આવ્યો' માની વિશાળ મનથી સહર્ષ સહન કરી લે, એમાં સાધુને સકામનિર્જરા કમાવવાની મળે. કારણ આ કે સાધુ ક્ષુદ્ર દિલનો સ્વાર્થ-રસ ન રાખતાં વિશાળ દિલની પરહિતચિંતા રાખે છે, પછી શિષ્યો સેવા ન કરે એનું એને દુઃખ નથી, પણ એ અવિનય કૃતઘ્નતા ગુરુદ્રોહ વગેરે ઘોર પાપમાં પડે એના પર એને દયા આવે છે. પોતાના માટે તો આવા પ્રસંગોમાં એ સમજે છે કે

**"કર્મ ખપાવાનો અવસર એહવો ફરી નહિ મળશે પ્રાણી ! રે..."**

**માનવમન આત્મામાં અખૂટ સંપત્તિ અને પરમશાંતિ વહેતી કરવાનો પાતાળ કૂવો છે.**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

માનવમનમાંથી આ અખંડપણે વહ્યા કરે, પરંતુ જો મનને ક્ષુદ્ર-તુચ્છ-સંકુચિત રાખો તો નહિ, કિન્તુ ઉદાર ઉમદા વિશાળ બનાવો તો જ. ભૂલશો નહિ, રૂપિયાના ઢેર અને સત્તા ઠકુરાઈમાંથી આત્મસંપત્તિઓ અને પરમશાંતિ નથી વહેતી. એમાંથી તો ભિખારીપણું અને ચિંતા-સંતાપ અશાંતિ જ વહ્યા કરે છે. આજ જુઓ છો ને કે મોટા ધનવાનને ધનની મોટી તૃષ્ણા છે. મોટી ભૂખ છે. એને બિચારાને બજાર-દુનિયા-સંસાર પાસે મોટી ભીખ માગવાનું રહે છે, 'બજાર ! દુનિયા સંસાર ! તું મને મોટી દોલત આપ.' આવા મોટા ભિખારીને અખૂટ-અવિનાશી સંપત્તિ શી ? નીતરતા સ્વાર્થ અને મોટી તૃષ્ણાથી મન ક્ષુદ્ર-સાંકડું બને છે. એવાં સાંકડાં મનને શાંતિ હોય નહિ. ભવ મહાન માનવાનો; છતાં મન ક્ષુદ્ર-સાંકડું ! કેવી કમનસીબી ?

જેવો ભવ મહાન, તેવું મન મહાન બનાવાય, તો આંતર સંપત્તિ અને નિર્ભેળ શાંતિની રેલમછેલ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૬,અંક-૯/૧૦,તા.૧૪-૧૧-૧૯૮૭

## (૨૨) વિકટ સમસ્યા વખતે કર્તવ્ય વિચારણા

રાજા હરિષેણ તપોવનમાં એક માસના વસવાટથી વિરક્ત બનેલો. એમાં ત્યાંથી કુલપતિ પાસેથી ઝેર ઉતારવાનો મંત્ર મળેલો, એના બળે એક રાજકુમારીને સર્પ ડસેલો એનું ઝેર ઉતાર્યું તો સજીવન થયેલી કુમારીના બાપના આગ્રહથી એને પરાણે પરણવું પડ્યું ! પરંતુ પછીથી થોડા વખતમાં એનો વૈરાગ્ય વધી જતાં એ તપોવનમાં બાકીની જિંદગી તપની સાધના કરી લેવા માટે જઈને રહે છે. ત્યાં આ એની નવી પત્ની પણ ગર્ભવતી છતાં એ વાત છુપાવી રાજા સાથે તપોવનમાં જાય છે.

પરંતુ હવે ચાર પાંચ મહિને ગર્ભ પ્રગટ થયાથી શું કરે ? રાજા હરિષેણે રાણીનો ખુલાસો સાંભળીને, એને પોતાને તો સંતોષ થયો, પરંતુ બીજા તાપસોને દરેકને શી રીતે ખુલાસો કરવા જાય કે "આ તો પૂર્વના સંસારી જીવનનું પરિણામ છે. બાકી તપોવનના જીવનમાં કશો આચારભંગ નથી થયો ?" આવો ખુલાસો દરેકને કરી શકાતો નથી, અને મનને વસવસો રહે છે કે 'આ બધા તાપસોના મનને શંકા રહેતી હોય તેથી હવે બધાની નજરમાં મોં શી રીતે બતાવવું ?' તેથી ત્યાંથી ખસી જવાનું વિચારે છે.



જીવનમાં કેટલીક વાર આવી વિકટ સમસ્યા ઊભી થાય છે કે "આપણે સાચા સારા હોઈએ, છતાં હકીકત એવી ઊભી થઈ હોય કે જેથી બીજાઓને આપણા માટે હલકી કલ્પના થતી હોય. અને આપણે સાચી વસ્તુનો ખુલાસો ન કરી શક્તા હોઈએ; ત્યારે મુંઝવણ થાય કે મનની સમાધિ શી રીતે રાખવી ? ત્યાં સમાધિ માટે કર્મસત્તાનું તત્ત્વ આવી ઊભું રહે છે. આપણે વિચારવું રહ્યું છે કે,-

**મુંઝવણમાં શું વિચારવું ? :-**

આપણા અશુભ કર્મ વિના શિષ્ટ જનોમાં આપણી હલકાઈ થાય નહિ. આપણે સારા અને સાચા છતાં આપણી હલકાઈ કોણ કરાવે છે ? આપણા પૂર્વના અશુભ કર્મના ઉદય કરાવે છે. એ અશુભ કર્મ ક્યાંથી ઊભા થયા ? પૂર્વ જીવનમાં આપણે મહાપુરુષોના જીવન-પ્રસંગોના વિચાર અને બીજા ઉમદા વિચાર દા.ત. માર્ગાનુસારીના ૩૫ ગુણ, સમકિતના ૬૭ ગુણ, મહાવીર પ્રભુના ૨૭ ભવ, અનિત્યાદિ ૧૨ ભાવનાઓ...વગેરેના ક્રમસર વિચારો કરવાના ભૂલી, પરની હલકાઈના કે જાતની વડાઈના વિચાર કરવા બેઠેલા, અને વાણીમાં એ ઉતારેલા, તેથી એવા અશુભ કર્મ ઊભા થઈ ગયાં ! તે હવે અહીં નડે છે.

"તો ફિકર નહિ હવે અહીં બીજાની હલકાઈના વિચાર પડતાં મૂકી, એ ઉમદા વિચારોની મનમાં સળંગ સીરિયલ (પરંપરા) ચાલુ રાખું, જિનની ભક્તિ અને જિનાજ્ઞાનું પાલન પૂર્વે ઓછાં કરેલાં, તેથી અહીં વિટંબણા-વસવસો ઊભા થાય છે. માટે હવે જિનભક્તિને વધારું જિનાજ્ઞા પાલન વધારું."

**વર્તમાન વાતાવરણ :-**

વિષમ સમસ્યાની પાછળ આ ઉપાય લેવાના અને આપણા માટે હલકું માનનાર પ્રત્યે જરાય દ્વેષ નહિ કરવાનો.

જીવનમાં તપાસજો કે'એક તો પૂર્વના અશુભ કર્મ બીજાનું હલકું બોલી વિચારીને ઊભા કરેલા; ને તેવા અશુભ કર્મ આપણે અહીં ભોગવીએ છીએ. તો પછી વર્તમાનમાં બીજાનું હલકું આપણે નથી વિચારતા ને ? બીજા પર આપણે દ્વેષ નથી કરતા ને ?' આ મુશ્કેલ છે હોં,...આજે...આપણી આજુબાજુ વાતાવરણ લગભગ આવું છે. કવિ કહે છે.-

**'કરત પ્રશંસા સબ મિલ અપની, પરનિંદા અધિકેરી,**
**ક્યું કર ભક્તિ કરું પ્રભુ ! તેરી'**

આવા વાતાવરણની વચમાં રહીને બચવાનું છે. વાતાવરણ છોડીને ભાગી જવાય એવું નથી, ક્યાં ભાગી જઈએ ? જગતની વચ્ચે રહીને જ મોક્ષમાર્ગ સાધવાનો છે, ને જગત વિચિત્ર છે, તો એથી બચવા ક્યાં બહાર જઈ શકાય ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

એ તો બચવું કેમ એનો ઉપાય જ લેવાનો. એ માટે માનવિજયજી કવિ આ જ કહે છે,-

**'કહત માન જિન-ભાવ-ભગતિ-બિન, શિવ ગતિ હોત ન મેરી, ક્યું કર ભક્તિ કરું પ્રભુ ! તેરી.'**

જિનેશ્વર ભગવતંની ભાવથી ભક્તિ કર્યા વિના આ સ્વપ્રશંસાનો રોગ તથા પરનિંદાનો રોગ મટે નહિ, અને મોક્ષ થાય નહિ.

**પ્રભુની ભાવભક્તિનો પ્રભાવ :-**

પ્રભુની ભાવભક્તિ વિના ખાલી દ્રવ્યભક્તિથી પેલા પાપ વિચારના રોગ મટે નહિ. રોગ મટાડનાર છે પ્રભુની ભાવભક્તિ.

વીતરાગ અરિહંત પ્રભુની ભક્તિ કરવાનો તો અમુક સમય મળે. પરંતુ એમાં હૃદય માત્ર શુદ્ધ ભક્તિના ભાવથી ભર્યું હોય, અને બીજી કશી નાશવંત પદાર્થોની લાલસા-આશંસા ન હોય તો પછી એના સંસ્કાર અને એનો રસ બીજા સમયમાં પણ દિલમાં શુદ્ધ ભક્તિના ભાવ જાગતા રાખે. મનને એમ થાય,-

અહો ! પ્રપંચ, કોલાહલ અને વિટંબણાભરી આ દુનિયામાં ભગવાન શ્રી તીર્થંકર દેવ વિના કોણ શાંતિ-સ્વસ્થતા-પ્રફુલ્લિતતા આપનાર છે ? પવિત્રતા સ્ફુર્તિ અને ઓજસ પણ બીજું કોણ આપી શકે એમ છે ? ખરેખર વીતરાગ પરમાત્મા જ એક આધાર છે, અનન્ય ઉપકારી છે. અનન્ય ગુણભંડાર હોઈ, એ જ એક ઉપાદેય, ઉપાસનીય ને આરાધ્ય છે, ધ્યેય અને સ્મરણીય છે. એ પ્રભુના કેવા ઉચ્ચ આદર્શ ! કેવું એમનું ઉચ્ચ જીવન ! કેવા એમના ઉચ્ચ સિદ્ધાન્તો ! પ્રભુની કેવી ઉંચી આત્મલગન અને પરમ આત્મનિષ્ઠતા' આમ મનને વારેવારે થયા કરે, એટલે દિલમાં એ પ્રભુ પ્રત્યે પ્રીતિ-ભક્તિ-બહુમાનના ભાવ ઉછળ્યા કરે.

વિકટ સમસ્યામાં સર્વત્ર આ એક શાસ્ત્રીય મહાન ઉપાય છે કે મનમાં આ વારંવાર લાવવું કે અરિહંતા મે સરણ, સિદ્ધા મે સરણં...' મૂઢે અમ્હિ પાવે, અણભિન્ને ભાવઓ અભિન્ને સિઆ. પ્રભો ! હું પાપી છું. ભાવથી અનભિજ્ઞ છું, તમારા પ્રભાવથી અભિજ્ઞ વસ્તુ-તત્ત્વજ્ઞ થાઉં. મારે અરિહંતો શરણ, સિદ્ધો શરણ અરિહંતને શ્રદ્ધાથી આપણો કેસ સોંપી દેવાથી મુંઝવણ દૂર થાય છે,- એ પ્રભુ પ્રત્યે ભાવભક્તિ છે. અલબત ભાવભક્તિ માટે વૈરાગ્ય અને મૈત્રી આદિ ૪ ભાવો બહુ જરૂરી છે.





## ૨૩ બીજાના વાંકે આપણું મનોરત્ન કેટલીવાર બગાડીએ ?

**(લેખાંક-૧)**

આપણું મન એ રત્ન જેવું છે. અષ્ટકજી શાસ્ત્ર કહે છે કે રાગાદિના સંક્લેશ વિનાનું ચિત્તરત્ન એ આંતરિક ધન છે. એનાથી શુભ અધ્યવસાય, શુદ્ધ તત્ત્વચિંતન, શુભ સંસ્કારોના થોક, ભરચક દુષ્કૃતગર્હા, ભારોભાર સુકૃત અનુમોદનાઓ વગેરે મહાકિંમતી માલ ખરીદી શકાય છે. પરંતુ જો ચિત્તને સ્વાથલંપટતા, કૃતઘ્નતા, દ્વેષ, ઈર્ષ્યા, ખેદ વગેરે દોષોથી ન બગાડીએ તો જ એ ઉત્તમ કમાઈ થાય.

આ દોષો એવા છે કે એથી બગડેલું ચિત્ત ઉપકારીના મહાન ઉપકારને પણ ભૂલી જશે.

અજ્ઞાન મૂઢ માણસ કરતાં સુજ્ઞ માણસની આ વિશેષતા કે ઉપકારીના ઉપકારને લેનાર સુજ્ઞ માણસને એ ઉપકારનો મોટો ભાવ માથે ચડ્યો લાગે છે, તેથી ઉપકારીના સ્વભાવ દોષ વગેરેને મન પર ન લેતાં ઉપકારને જ યાદ કર્યા કરશે. અને અવસરે અવસરે ઉપકારનો બદલો વાળવા સેવા કર્યા કરશે.

નઘરોળને તો એવો કશો ભાર ચડ્યાનું ન લાગે. તો તેથી એને ઉપકારનો યત્કિંચિત્ પણ બદલો વાળવાની વૃત્તિ જ નથી થતી. વિચારવા જેવું છે કે દેવ-ગુરુ-ધર્મનો આપણને આ ઉચ્ચ માનવભવ વગેરે આપવાનો અથાગ ઉપકાર ખરો ? તો એ ઉપકારનો બદલો વાળવા કેટલી તમન્ના ? સુજ્ઞ છીએ ? કે અજ્ઞ ? મૂઢ ?

માતાપિતાનો મહાન ઉપકાર ભૂલવાનું આજના જે છોકરાઓમાં દેખાય છે. એ કઈ કક્ષાના માનવી ગણાય ? થોડા દિવસ રોજ રોટલાનો ટુકડો પામનાર કૂતરાની જાત પણ એ ઉપકારને ભૂલતી નથી, ને તેથી એ ટુકડો દેનારના ઘરની રાતભર ચોકી કરે છે. ત્યારે ઠેઠ જનમથી માંડીને વરસો સુધી માતાપિતા તરફથી રોજ માત્ર ખાનપાન જ નહિ, કિન્તુ સર્વ પ્રકારના ઊછેરને પામનાર છોકરો માતા-પિતાના ઉપકારને ભૂલે, એનો યત્કિંચિત્ બદલો વાળવાની વાતો તો દૂર, પણ ઉપરથી માતાપિતાના ચિત્તને ક્લેશ પમાડવાનું કરે, એ કૂતરાની જાતથીય ગયો ને ? ત્યારે એવા કૂતરાના જીવનથી ય બદતર જીવનને જીવતાં કૃતઘ્ન માણસજાતને કશો વિચાર ખરો ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

કૂતરા શાળામાં શિક્ષણ નથી પામતા. ત્યારે મનુષ્ય આજે શાળામાં શિક્ષણ બન્યો કહેવાય છે. એવા શિક્ષણમાં ઉપકારીના ઉપકારને સમજવાનું યાદ રાખવાનું અને એનો યથાશક્તિ બદલો વાળવાનું કશું શીખવાનું નહિ ? ઊલટું શિક્ષણની પદ્ધતિ જ એવી કે એ શિક્ષણ પામીને તૈયાર થનાર છોકરાઓનો મોટો ભાગ એવો સ્વાર્થલંપટ અને વિષયાંધ બનેલો દેખાય કે એ સ્વાર્થરસ અને વિષયાસક્તિમાં માતાપિતાને દ્રોહ દેનારો, અને એમનાં હૈયાને હંમેશાની બળતરા કરાવનારો દેખાય છે ! ત્યારે સહેજે વિચાર આવે કે આજનો જમાનો કેવો ?

સ્વાર્થાંધતા અને વિષયાસક્તિ જાલિમ વધારી કૃતજ્ઞતા ભૂલાવનારા જમાના પર ઓવારી જવાનું કરાય ? કે જમાનાને ઝેરી સમજી સાવધાન બનવાનું કરાય ? જમાનાનો ચેપ ભૂંડો છે એનું ઝેર ચોમેર પ્રસરી ગયું છે. ઉપકારની કૃતજ્ઞતા ભુલાવી કૃતઘ્ન બનાવનારા આજના જમાનાના પાપે આજે કોના કોના મનને ખેદ નથી ? કોને કોને સંતાપ નથી ? માબાપને છોકરા તરફથી, શિક્ષકોને વિદ્યાર્થીઓ તરફથી, શેઠને નોકરો તરફથી, અવસરે ધન વગેરેની સહાય કરનાર સજ્જનોને સહાય લેનારા તરફથી, યાવત્ ધર્મ ઉપકાર કરનાર ગુરુઓને ભક્તો કે શિષ્યો તરફથી સંતાપ રહેતા હોય એવા માબાપ-શિક્ષક-સહાયક-ગુરુઓની સંખ્યા જોવા નીકળો, તો કેટલા મળી આવે ? ઉપકારીને ઉપકૃત તરફથી શાંતિ સંતોષ મળવાની વાત તો દૂર, પણ ઉપરથી સંતાપ મળે. એ જમાનાનું ઝેર નહિ તો બીજું શું છે ?

તમે માબાપ હો, શિક્ષક હો, કોઈના સહાયક બન્યા હો, ગુરુ બન્યા હો, ત્યાં આવા ઝેરને જોઈ, અર્થાત્ તમારાથી ઉપકાર પામેલા તરફથી તમને સંતાપ મળતો જોઈ દુ:ખ થતું હશે; પરંતુ સાથે સાથે તમારા જીવનને ય તપાસજો કે તમે વળી તમારા ઉપકારીને સંતાપ પમાડનારા બન્યા કે બનતા તો નથી ને ? માણસને બીજાના માથે દોષની પાઘડી પહેરાવવાની અને પોતાના માથે ગુણની પાઘડી પહેરવાની ખરાબ આદત હોય છે. પણ આ આદતમાં ફસાવા જેવું નથી.

**સંતાપ કેમ ટળે ? શાંતિ કેમ મળે ?**

જો જો તમને, તમારા ઉપકારને પામેલા તરફથી સંતાપ મળતો હોય, ત્યાં તો એવા જીવો માટે દ્વેષ ન કરતાં દયા જ ચિંતવજો, અને તમને પ્રતિકૂળ થવામાં તમારા પોતાના એવા અશુભ કર્મોનો જ પ્રભાવ માનજો. જેથી તમારું દિલ તમારું કિંમતી ચિત્તરત્ન બગડે નહિ. વાતે ય સાચી; બીજાના વાંકે આપણું કિંમતી ચિત્તરત્ન શા માટે કલુષિત કરવું ? શા માટે મલિન કરવું ? એટલે ત્યાં તો એવા સંતાપદાયી જીવો પર નીતરતી ભાવદયા વિચારવી, કે "મને તો સારું નરસું મારાં જ પૂર્વકૃત



કર્મ મુજબ મળે છે; એમાં આ જીવોનો કોઈ દોષ નથી, એ તો બિચારા નિમિત્તમાત્ર છે; પરંતુ આ બિચારા જીવોનું આ કૃતઘ્નતાથી શું થશે !! એમને સદ્બુદ્ધિ મળો. અને એ પરલોકના મહાન અનર્થોથી બચો."

મહાવીર પ્રભુના મહાન મનમાં અને પુત્ર કોણિકની જેલમાં પૂરાયેલ રાજા શ્રેણિકના મહાન મનમાં દુ:ખ દેનારા પર દ્વેષ નથી વરસતો, દુ:ખનો સંતાપ નથી થતો. એમ તમને તમારો ઉપકાર પામેલા પુત્રાદિ તરફથી દુ:ખ હોય એમ બને; છતાં એનો સંતાપ નહિ, એમના પર દ્વેષ નહિ, એમના પર દ્વેષ નહિ, એવું મન મહાન બનાવો. તેમ તમે તમારા ઉપકારીના ઉપકારને ન ભૂલો, એમને સંતાપ કરનાર ન થાઓ, પણ સેવા-શાંતિ આપનારા થાઓ, એવું મન મહાન બનાવો.

જો મન મહાન બને તો પછી બીજા પર આપણે બહુ ઉપકાર કર્યામાં પણ કશું કર્યું ન લાગે. ને બીજાએ આપણા પર થોડો પણ ઉપકાર કર્યામાં એણે ઘણું કર્યું દેખાય. સાંકડા ક્ષુદ્ર મનમાં આથી ઊલટું હોય એને પોતે મામુલી કરીને ઘણું ઘણું કર્યું લાગે ! ને બીજાએ પોતાના પર ઘણું બધું કરવા છતાં કશું કર્યું લાગે નહિ. આપણે મનની આવી ક્ષુદ્રતા સંકુચિતતા અધમતાથી બચવાનું; અને ઉદારતા, ક્ષમા, વાત્સલ્ય વગેરેથી મનની મહાનતા કેળવવાની.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૬,અંક-૧૧,તા.૨૧-૧૧-૧૯૮૭

## (૨૪) (લેખાંક-૨)

ગયા લેખાંકમાં એ જોયું કે મન એ રત્ન છે અને ઉપકારી માતા પિતા પ્રત્યે પુત્રે અને ઉપકારી પ્રત્યે શિષ્યે હંમેશા જો પૂજ્યભાવ અને કૃતજ્ઞતાનો ભાવ રાખ્યો, તો તો ત્યાં મન નિર્મળ રાખ્યું ગણાય; પરંતુ જો ઉપકારીના સ્વભાવ-દોષનાં કારણે, પુત્ર કે શિષ્ય એ ભાવ વિસારી દઈ એમને દુશ્મન જેવો દેખે અને વર્તે, તો એણે બીજાના વાંકે પોતાનું મન બગાડ્યું કહેવાય. કહો જો, આવું બીજાનાં વાંકે મન બગાડવાનું જીવનમાં કેટલીવાર ચાલતું હોય છે ? અરે ! દિવસોમાં કેટલીકવાર ? ખરી રીતે માતા પિતા કે ગુરુના અથાગ ઉપકાર વિચારી એમના પ્રત્યે પૂજ્યભાવ અને કૃતજ્ઞભાવ અખંડ રાખવો જોઈએ. એમના સ્વભાવ-દોષ પર એમને બિચારાનો ઉપશમભાવ મળો' એવી કરુણા ચિંતવવી.

આ સિવાય પણ આપણા જીવનમાં જોવા જેવું છે કે બીજાના વાંકે આપણે જાતે જ આપણું મન કેટલીવાર બગાડીએ છીએ ? એમાં કેટલીય વાર તો, સામા સાથે આપણે કશી લેવા દેવા ન હોય, તોય આપણે મન બગાડવા જોઈએ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

દા.ત. પાડોશી એના ઘરમાં લડે છે, તો એના પર આપણે ગુસ્સો કરી, કે એને હરામખોર બદમાશ લેખી, આપણી જાતે જ આપણું મન બગાડીએ છીએ. મંદીર-ઉપાશ્રયના ટ્રસ્ટી અનુચિત રીતે વર્તતા હોય, એને સુધારવાની આપણી તાકાત નથી. પરંતુ એના માટે જેમ તેમ દ્વેષ-રોષના બખાળા કાઢવા એમાં બીજાના વાંકે આપણું મન આપણી જાતે બગાડવાનું થાય છે.

મોટો કે નાનો ભાઈ જુદો રહી સ્વચ્છંદ અને અયોગ્ય રીતે વર્તતો હોય, તો એને સુધારવાની આપણી ત્રેવડ નથી, પરંતુ આપણને રોષ, દ્વેષ અને કષાયી ચિંતન કરી આપણું પોતાનું મન બગાડવાનું આવડે છે.

એમાં વળી 'કાજી ! ક્યોં દુબળે ? તો કે સારે મૂલકકી ફિકર !' એમ પરપંચાયત કરવાની જેને કુટેવ છે, એ તો વળી દિવસમાં કેટલીય વાર બીજાના વાંકે જ પોતાનું મન બગાડતા હોય છે ! એમાંથી મળવાનું શું ? રાખ ને ધૂળ ! આત્માનું કે શરીરનું કશું સારું પામવાની વાત નહિ. ઊલટું,-

**પરપંચાતમાં પોતાના જ શરીરનું કિંમતી લોહી બાળવાનું થાય ! અને પોતાના આત્માનું પુણ્ય બાળી પાપકમાઈ કરવાનું થાય !**

પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સંસાર છોડી દીધો હતો, એટલે હવે એમને પુત્ર કે દિવાન ત્રાહિત જેવા હતા છતાં પરદેશી બે દૂતના 'આ સાધુ ધુતારો, એણે નાના પુત્રને દિવાનને સોંપી ઠગ્યો. દિવાન રાજ્ય બથાવી પડ્યો,' એવા સાચા કે ખોટા વેણ સાંભળી રાજર્ષિએ પોતાનું મન બીજાના વાંકે બગાડ્યું ! માનસિક રીતે દિવાન સાથે યુદ્ધ માંડ્યું, તો એમાં ઠેઠ સાતમી નરક સુધીનાં પાપ બાંધવા માંડ્યા હતા !

દૈનિક છાપાઓમાં માણસોના ઘણી જાતના ગુના છપાય છે. એમાં કદાચ પોલિસ એને પકડતી ન હોય, યા કોર્ટ આપણી ધારણાની સજા ન કરતી હોય, એમ સરકારી અમલદારો ફરજ બરાબર બજાવતા ન હોય એવું વાંચવા મળે, ત્યાં વાંચકો કેવા કેવા કષાયભર્યા વિચારો કરી પોતાના કિંમતી મનને બગાડી રહ્યા હોય છે ? આમાં બીજાના વાંકે જ પોતાનું મન બગાડવાનું ને ? વેપારીઓમાં, ફેક્ટરીઓમાં, દલાલોમાં, વગેરે વગેરેમાં આજે કેટકેટલી જાતની જાલિમ લુચ્ચાઈઓ ચાલતી હોય છે ! એ જાણીને મન નહિ બગાડનારા કેટલા ? આજના માણસે કેમ જાણે દુનિયાની વહીં વાંચવાનો ઈજારો રાખ્યો છે ! ને પ્રસંગ પ્રસંગ પર મન બગાડતા હોય છે. છાપા વાંચનારા લગભગ પોતાનુ મન બીજાના વાંકે બગાડતા જ હોય છે.

અરે ! નિંદા કરનારા શું કરે છે ? બીજાની હલકાઈ બોલે છે. તે પોતાના મનમાં બીજાની હલકાઈ લાવીને જ બોલતા હોય છે ને ? એમાં એ પોતાનું મન બગાડતા હોય છે તે બીજાના વાંકે જ પોતાનું મન બગાડે છે ને ? માનો કે બીજામાં



ખરેખર વાંક છે, હલકાઈ છે, દોષ છે, છતાં પોતાને એથી શું ? બીજાના વાંકે જ પોતાનું મન બગાડવાનું ? સમજવું જોઈએ કે જગતના માનવોમાં ઘણું ઘણું વાંકુ ચાલે છે, તેથી કેટલાના વાંકે કેટકેટલી વાર તારું કિમંતી મનોરત્ન બગાડીશ ?

ખરી વાત એ છે કે જ્યારે અતિ દુર્લભ આર્ય માનવનો અવતાર મળ્યો છે એમાયં અતિ દુર્લભ જૈનકુળ તથા જિનશાસન અને મહાકિંમતી મન મળ્યું છે તો,

**સર્વોચ્ચ, જિનશાસન અને મનના ત્રિવેણી-સંગમ મળવા પર જિનશાસનના સહારે મન બગાડવાને બદલે મનમાં કેઈ પવિત્ર મૈત્રી-કરુણા-પ્રમોદ અને ઉપેક્ષાભાવો, તથા વૈરાગ્યભાવ અને અર્હદ્ભક્તિભાવ લાવી લાવી મનને વધુ ને વધુ વિશુદ્ધ બનાવતા રહેવું જોઈએ,**

એ તો જ બને કે જગત તરફ જોવાનું માંડી વાળી, જિન અને જાત તરફ જ જોતા રહેવાનું; નહિતર તો 'જગતનું જુઓ અને રુઓ' ના સોદા છે ! 'રુઓ' એટલે ભવના ફેરા વધારો.' જગત તરફ ન જોઈએ, જગત તરફ ઉદાસીનભાવ નિરપેક્ષભાવ ને અલિપ્તભાવ રાખીએ, તો ભવના ફેરા વધારનારા કર્મબંધનથી બચી જવાય. માટે તો મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે કહ્યું,-

**'દેખીયે માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે.'**

મોક્ષમાં જવાનો માર્ગ ટુંકમાં જાણવો હોય તો આ છે કે જગત તરફ ઉદાસીનભાવ રાખો.' જગતમાં નરો વા કુંજરો વા હોય. મારે એની સાથે શો સંબંધ ? મારે કોઈ લેણદેણ નહિ, નહિતર સાધુ કે જેમણે સર્વ પાપત્યાગ કરી, એકલો ધર્મ કરવાનું રાખ્યું છે, એ પણ જો જગત પ્રત્યે આ ઉદાસીનભાવ રાખવાનું ચૂકે, ને બીજાના વાંકે પોતાનું મનોરત્ન બગાડ્યા જ કરે, તો તે પણ દુર્ગતિના પલ્લે પડી જાય. સાધુ કે જેને એકલા ધર્મનું જ જબરદસ્ત પીઠબળ છે. એની પણ જો આ દુર્દશા, તો ધર્મના એ પીઠબળ વિનાના ગૃહસ્થને બીજાના વાંકે મન બગાડ્યા કરવાથી કેવી ભયંકર દુર્દશા ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૬,અંક-૧૨,તા.૨૮-૧૧-૧૯૮૭

## (૨૫) પાતક-ઘાતક ૫ પરિચયો

### (લેખાંક-૧)

આનંદઘનજી મહારાજ ત્રીજા ભગવાનના સ્તવનમાં કહે છે, 'જિનપ્રવચન વાક્ (વાણી) મળ્યા પછી પાતક-ઘાતક પરિચય સાધવાના છે' એટલે કે, હવે પરિચય એવા કરવા છે જે પાપનો ઘાત કરનારા અને એવા પાપનાશક પરિચય



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પાંચ છે. (૧) પ્રથમ પરિચય પરમસંત પરમાત્માનો કરવાનો; એટલે કે એમને મનમાં બહુ લાવવાના. કેમકે એ અનંત પ્રભાવશાળી છે. હવે મારે શી ચિંતા ? એવી એમનાથી હુંફ મળે છે. એમની સાથે સર્વ સિદ્ધિઓ મળે છે. એમને મનથી પળ પણ દૂર ન કરાય. એમનો પરિચય શી રીતે કરવાનો ? તો કે પ્રભુનું (૧) જીવન-દર્શન કરવાનું. (૨) એમનું ગુણ શ્રવણ-સ્મરણ. (૩) નામ રટણ. અને (૪) ભક્તિ-સ્તવન કરવા દ્વારા પરિચય સાધવાનો, તો એમાં શું શું કરવાનું ? તો કે (૧) પરમાત્માનાં જીવન-દર્શનમાં સમગ્ર જીવનનું દર્શન કરવાનું. મહાવીર ભગવાનના જીવનમાં આત્મપરાક્રમ કેવા ? સહન કરવાનું આવ્યું તો કેવું સહન કર્યું ? માથા ઉપર ૫૦૦૦ મણનું કાળચક્ર સંગમે જોરથી ઝીક્યું. આઘાત એટલો બધો લાગ્યો કે ભગવાન ઢીંચણ સુધી જમીનમાં ખૂંચી ગયા ! ત્યારે પણ એમ ન વિચાર્યું કે 'મારે કેવું દુઃખ આવ્યું !' મહાવીર ભગવાને આવું કેટકેટલું સહન કર્યું ! એમ પરમાત્માના જીવનને તપાસવાનું. સુલસા શ્રાવિકા આ કરતી હતી, તેથી એને અંબડે હાજર કરેલા કૃત્રિમ બ્રહ્મા વગેરે જોવા જવાની ફુરસદ જ નહોતી. એમ (૨) પરમાત્માના ગુણો યાદ કર્યા કરવાના. તે તે પ્રસંગે પરમાત્માએ કેવા કેવા ગુણો પ્રગટ કર્યાં. કોઈ વિદ્વાન જો ભગવાનનાં સારા ગુણો ગાતો હોય તો સાંભળ્યા જ કરવાના. એમ પરિચય વધારવા માટે પરમાત્માનું નામ રટણ કરવાનું. ગૌતમ મહારાજ 'વીર'...'વીર' કરતા હતા. એથીય પ્રભુનો પરિચય વધી જાય. પેલા ભવદેવે જેમ નાગિલા નાગિલા ૧૨ વર્ષ સુધી કરેલું તો પરિચય કેવો વધી ગયો કે ૧૨ વર્ષે ગુરુને છોડીને નાગિલા પાસે ઉપડી ગયા. એમ પ્રભુનું સતત નામરટણ એક દિવસ આપણને પ્રભુ પાસે લઈ જાય.

ભગવાનનો પરિચય **ભગવાનની દ્રવ્ય-ભાવ ભક્તિથી કરવાનો.** એમાં પ્રભુનો પરિચય વધે. એથી અનંતા તરી ગયા, કોઈ ભક્ત ભગવાનની કેવીક ભક્તિ કરતા, તો બીજા વળી કેવીક ભક્તિ કરતા તરી ગયા ! નાગકેતુ પુષ્પપૂજાની અખંડ ભક્તિ કરતાં કરતાં કેવલજ્ઞાન પામી ગયા ! અરિહંત ભગવાનના આવા પરિચય કરાય. એમનાં જીવન-દર્શન નામ રટણ ભક્તિ-ગુણગાન કરતાં પાતકનો નાશ થાય છે. એકેક પરમેષ્ઠીને કરેલા નમસ્કારની આટલી તાકાત છે. એસો પંચ નમુક્કારો બોલીએ છીએ ને ? શાસ્ત્રમાં અરિહંત નમુક્કારો સવ્વપાવપ્પણાસણો સિદ્ધાણં નમુક્કારો સવ્વપાવપ્પણાસુણો આયરિય નમુક્કારો સવ્વપાવપણાસણો ઉવજ્ઝાય નમુક્કારો સવ્વપાવપ્પણાસણો સાહૂણં નમુક્કારો સવ્વપાવપ્પણાસણો એમ એકેક પરમેષ્ઠીને કરેલ નમસ્કારની આ મહાન તાકાત બતાવી છે, તો પાંચ પરમેષ્ઠીને કરેલા આ પાંચ નમસ્કાર સર્વપાપનો નાશ કરે એમાં નવાઈ નથી. આ ઋષિ



મહર્ષિઓની વાણી છે. આમ પરમાત્માના ગુણગાનાદિ કરતાં પરમાત્માની ઉપાસના સેવાભક્તિ કરવાની. આ પહેલો પરિચય પરમ સંતનો.

(૨) હવે **બીજો પરિચય સંતનો** યાને સાધુનો કરવાનો. સાધુનો પરિચય ચારિત્રસંપન્ન જે ગુરુ છે તેમનો પરિચય કરવાનો. જેમ અરિહંતનો પરિચય અરિહંતની ઉપાસનાથી, એમ સાધુનો પરિચય એમની ઉપાસનાથી થાય. ઉપાસના-સાધના ૩ પ્રકારે (૧) યોગાવંચક (૨) ક્રિયાવંચક અને (૩) ફલાવંચક. આ ૩ અવંચક યોગની સાધના કરવાની. યોગાવંચક એટલે સાધુનો એવો યોગ કે જે નિષ્ફળ ન જાય, પછી ક્રિયા લાવે; એ અવંચક યાને અવશ્ય સફળ. 'વંચક' એટલે નિષ્ફળ ને અવચક એટલે સફળ, સાધુ પાસે ગયા તો ધોળા મૂળાની જેવાં પાછાં નહીં ફરવાનું; કાંઈક ને કાંઈક લઈને આવવાનું. તો શું લઈને આવવાનું ? ક્રિયાવંચક, વંદનની ક્રિયા કરીને વંદનનો લાભ લઈને આવવાનું. આપણા જીવે અનંતા કાળમાં કઈક મોહાંધોને નમી નમીને પાપનાં પોટલાં માથે લીધા છે તો લાવ, સાધુને વારંવાર વંદન કરું જેથી પાપના પોટલા નાશ પામે.' આ ભાવથી નમન ક્રિયા. કૃષ્ણ મહારાજા નેમનાથ ભગવાનના સાધુને વંદના કરીને ભગવાન પાસે આવ્યા. ને કહે 'પ્રભુ ! હવે થાક્યો' ત્યારે ભગવાન કહે 'કૃષ્ણ થાક્યો નહિ, તેં થાક ઉતાર્યો, ભાર ઉતાર્યો. સાત નરકમાંથી ૪ નરકને તોડી.' તો પ્રભુ ! ફરીથી વંદન કરી આવું, જેથી બાકીની ત્રણ પણ તૂટી જાય.' ત્યારે ભગવાન કહે,- 'હવે એ ભાવ ફરી ન આવે. રાઈના ભાવ રાતે વહી ગયા.' વંદનની ક્રિયામાં કેટલી તાકાત છે ? યોગ કર, ક્રિયા કર, પણ સફળ કર. સફળતાનો આધાર વિધિ અને ભાવ ઉપર છે. વિધિ બરાબર સાચવજે.

બિકાનેરના શ્રાવક સુમરેમલજી સુરાણા હતા. પહેલા ઉપાધ્યાય વીરવિજયજી મ.ના. ભગત, પછી પૂ. આ. દાનસૂરિજી મ.ના. ત્યારબાદ પૂ.આ. પ્રેમસૂરિ મ.નાં ભગત રહ્યા. પિંડવાડામાં ૧૭/૧૮ સાધુઓ હતા. તો એકેક સાધુને સ્પષ્ટ સૂત્રોચ્ચારપૂર્વક સંડાસા બરાબર પૂંજીને વંદન કરે. ભગવાનની ક્રિયા ઉપર જેને અત્યંત બહુમાન સાથે વિધિ-પ્રયત્ન હોય તેને સમ્યક્ત્વ નિશ્ચિત થઈ જાય; તેને સંસાર પકડી રાખી શકે નહિ; કેમકે વિધિ પર ભાર એટલે જિનવચને કહ્યા પર ભરાર, એ સમ્યક્ત્વ નક્કી કરી આપે.

અમદાવાદમાં શિવાભાઈ સત્યવાદી હતા. મિલના મોટા મેનેજર, ચૌદશે પોષધ કરે તો જાણે સાધુ જોઈ લો. ક્રિયા એટલી બધી શુદ્ધ અને ઉપયોગપૂર્વક કરે ! એક મિનિટ પ્રમાદ નહીં કરવાનો. ઊંચા સાદે બોલવાનું નહીં. સ્વાધ્યાય જાપ ચાલુ. સાધુઓને આ જોઈને અનુમોદના થાય કે શું સરસ ક્રિયા કરે છે !



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સંતપરિચય એટલે કે સાધુપરિચય કેવોક કરવાનો ? એમાંથી આવી બધી ધર્મનિષ્ઠા આવે, પદ્ધતિસર ધર્મક્રિયા આવે, વિનયાદિ સદ્ગુણો આવે, એવો સાધુપરિચય, એમાં પછી સાધુ પાસે ગપાટા મારવા ન જવાય, આપ બડાઈ હાંકવા ન જવાય. ક્રિયાવંચકમાંથી ફલાવંચક આવે, વંદનક્રિયાનું ફળ શું ? પહેલા નંબરે વિનય. વંદનની ક્રિયા કરો, હૈયામાં વિનયનો ભાવ આવે, બહુમાન આવે; કેવો ભાવ લાવવાનો ? જેવો ગૌતમસ્વામીને ભગવાન ઉપર હતો એવો. ભગવાનની આગળ ધ્યાન કોષ્ઠની મુદ્રાએ બેસતા. ફલાવંચકનું ફળ આવવું જોઈએ જેમાં ક્રિયાનું ફળ વિનય તેમ વિનયનાં ફળમાંથી બીજા બધા ફળ જ્ઞાનસંપત્તિની વૃદ્ધિ, સમ્યગ્દર્શનની નિર્મળતા, ચારિત્ર-પર્યાયની વૃદ્ધિ, વિનયનું ફળ શાસ્ત્રશ્રવણ, ગ્રહણશિક્ષા, આસેવનશિક્ષા...વગેરે. આમ આ બધું સંતના પરિચયથી થાય, ને એથી પાતકનો ઘાત થાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૬,અંક-૧૩/૧૪,તા.૧૨-૧૨-૧૯૮૭

## (૨૬) (લેખાંક-૨)

ગત લેખાંકમાં એ જોયું કે આનંદઘનજી મહારાજે ત્રીજા ભગવાનના સ્તવનમાં ભગવંતના સેવન માટે આ એક વાત કરી કે 'પાતક-ઘાતક પરિચય સાધશું' જેથી ચિત્તની અકુશલતાઓનો અપચય યાને હ્રાસ થાય. આના પર બે પરિચય-પરમસંત અને સંતનો, એમ બે પરિચય વિચાર્યા, - હવે ત્રીજા સત્પરિચય અને ચોથો શાસ્ત્ર-પરિચય વિચારીએ.

(૩) ત્રીજો **સત્-પરિચય એટલે કે સજ્જન પુરુષોનો પરિચય** યાને કલ્યાણ મિત્રનો વારંવાર યોગ, જે પોતાની મનઃકલ્પિત માન્યતાથી આત્માના અહિતની વાત ન કરે. પણ શાસ્ત્રને આગળ કરી આત્મકલ્યાણનીજ વાત કરે. જેમકે, નાગકેતુને પૂર્વ ભવમાં શ્રાવકમિત્ર મળ્યો હતો તો સલાહ સારી મળી. નાગકેતુ પૂર્વભવે ખેડુતપુત્ર, તેણે ઓરમાન માતાના ત્રાસથી કંટાળી શ્રાવકમિત્રની સલાહ માગી. એને જો આ સત્ પરિચય ન હોત ને બીજા મિથ્યાત્વીનો પરિચય હોત, તો તો એ મિથ્યાત્વીએ સલાહ એવી જ આપી હોત કે 'મા શાનો ત્રાસ આપી શકે ? તારા બાવડામાં જોર છે કે નહિ ?' તો તો એ સલાહનો અમલ કરતાં કાંઈ પછીના ભવે ચરમશરીરી નાગકેતુ બનવાનું ન મળતે, કિન્તુ માતાની સાથે પોતે પણ કદાચ ભવોભવનો વૈર બાંધી સંસારમાં રખડી પડતે. આ પરથી દેખાય છે કે જીવને સત્ પરિચય કેટલું બધું આશીર્વાદરૂપ નીવડે છે !



કહેવત છે ને કે સંગ તેવો રંગ ? સારી સંગત મળે તો જીવનમાં પલટો લાવી દે. સંતનો સમાગમ જીવને શેતાનમાંથી સંત બનાવી દે. **એક રાણો** હતો, જંગલમાં સાત સસલાનો શિકાર કરીને ઘોડાના પૂંછડા સાથે સાતેયના મડદા બાંધી જંગલમાંથી ચાલ્યો જતો હતો. તે રસ્તો ભૂલ્યો, ત્યાં સામેથી આવતા એક **બારોટને** પૂછે છે 'ભાઈ ! તું રસ્તો (વાટડી) જાણે છે ?

બારોટ સત્ મિત્ર હતો, તે એણે રાણાનો ભય રાખ્યા સિવાય સાચી સલાહ આપવા કહી દીધું,-

**"જીવ હણંતા નરય ગઈ, રક્ખંતા સગ્ગ હોય,**
**હું જાણું દોય વટ્ટડી, જિમ સૂઝે તે લોય."**

ભાઈ ! હું તો બે વાટડી જાણું છું. જીવોને હણતાં નરકગતિની વાટડી; ને રક્ષા કરતાં સ્વર્ગની વાટડી હોય. હવે તમને સૂઝે તે વાટડી લો. આ બિચારા નિર્દોષ સસલા મારી નાખીને ક્યાં જવા ધાર્યું છે ? રાણો ઘોડેથી નીચે ઉતરી, બારોટને પગે લાગી કહે છે 'શાબાશ ! શાબાશ ! આજ તમે મારી અંતરની આંખ ખોલી નાખી. આજથી મારે શિકાર બંધ'

સત્નો પરિચય સત્ બનાવે. ઋષભદેવ ભગવાનનો જીવ ચોથા ભવમાં **મહાબળરાજા,** એમને મંત્રી મંડળી નાસ્તિક જેવી મળેલી, તે નાસ્તિક જેવી વાતો કરીને રાજાને રંગરાગમાં ડૂબેલો રાખે. માત્ર પ્રધાન મંત્રીને આ ખૂંચતું હતું તેથી અવસરે અવસરે રાજાને થોડો ઘણો ત્યાગ કરતા રહી ધર્મ સાધવા પ્રેરણા કરતો, પરંતુ પેલા કુમિત્રોના સંપર્કના લીધે આની વાત મનમાં ઊતરતી નહિ. એમાં એકવાર બહારગામથી આવી રાજાને જ્યાં કહ્યું કે જ્ઞાની પાસેથી જાણી લાવ્યો છું કે તમારું આયુષ્ય હવે માત્ર એક માસનું બાકી છે,' ત્યાં રાજા ચોંક્યો ? હાય ! મહિનો તો આમ વીતી જશે પછી હું ક્યાં ? મંત્રીને ઉપાય પૂછતાં મંત્રી કહે 'ચારિત્ર એ જ એકમાત્ર ઉપાય છે,' ને રાજાએ તરત ભગવાનનો ઓચ્છવ માંડ્યો, ને ગુરુ પધારતાં ચારિત્ર લીધું. આ પરિણામ શાનું ? સત્ પરિચય હતો એનું.

એમ નાસ્તિક **રાજા પ્રદેશીને** પણ ધર્મરુચિવાળા મંત્રીનો સત્પરિચય હતો તો જ મંત્રીની કુનેહથી શ્રી કેશી ગણી મહારાજનો યોગ થયો, અને રાજા પરમ આસ્તિક બન્યો.

વાત આ છે,-પાતક-ઘાતક પરિચય (૧) જેમ પરમસંત પરમાત્માનો કરવાનો, (૨) જેમ સંત સાધુ મહાત્માઓનો કરવાનો, તેમ (૩) સત્ સજ્જન પુરુષોનો યાને કલ્યાણ-મિત્રોનો પણ પરિચય સાધતા રહેવાનું. એથી અકુશલ અપચય ચેત' અર્થાત્ ચિત્તની અકુશળતાઓ ઘટતી આવે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

(૪) **ચોથો શાસ્ત્ર-પરિચય** કરવાનો,-શાસ્ત્રો વારંવાર રટવા-બોલવા. મુનિ યોગીન્દ્રવિજયજી, મોટી ઉંમર થઈ છતાં સૂત્રો મોટેથી નાના સાધુની જેમ રટે છે. 'ક્યાંક મારા સૂત્રો ભૂલાઈ ન જાય.' શાસ્ત્રોને ખૂબ રટો એની સાથે પારાયણ પણ ખૂબ કરો. અગ્યાર અંગના પાઠી મુનિઓ પણ દિવસ રાત એનું રટણ કર્યા કરતા, ને એના પર અનુપ્રેક્ષા કરતા. આનું નામ શાસ્ત્ર-પરિચય. આ હોય પછી મજાલ છે મોહની કે ઊભો રહે.

શાસ્ત્રમાં આવે છે કે એક સાધુ હતા. મોહનો ઉદય થયો, મિત્ર-સાધુને વાત કરી એટલે સાધુએ સલાહ આપી આયંબિલ-ઉપવાસ વિગઈ ત્યાગ વગેરે કરો, તો એ કરવા લાગ્યા. એમાં બે મહિના નીકળી ગયા. પણ મોહનો ઉદય શાંત ન થયો, છેવટે આચાર્ય ભગવંત પાસે ગયા. પગમાં પડ્યા, રડ્યા ને વાત કરી, 'સાહેબ ! આમ થાય છે.' આચાર્યશ્રી કહે 'કેટલા વખતથી ? બે મહિનાથી.' તો મને કહ્યું કેમ નહીં ? ચિંતા કરીશ નહીં, આ તો બહુ સહેલી વાત છે, જો અમારી સૂરિમંત્રની આરાધના એવી હોય છે કે એમાં સંકલ્પ કરીએ એ સિદ્ધ થાય. તો તારા માટે સંકલ્પ કરીશ. તેથી બધું સારુ થશે.' પણ તે ત્યાં સુધી તું મારું એક કામ કરીશ ? સાધુ કહે વાહ કેમ ન કરું' મારા અહોભાગ્ય ક્યાંથી કે આપશ્રીની સેવા કરવાની મળે ! ફરમાવો.

આચાર્ય મહારાજ કહે, જો આપણી પાસે સાધુઓ ઘણા છે. એમને તારે વાચનાઓ આપવાની છે.' બસ આચાર્ય ભગવંતે સવારથી રાતના ૧૦/૧૧ વાગ્યા સુધી સાધુઓને વાચના આપવી...વગેરેમાં કામે લગાડી દીધા. ૧૦/૧૫ દિવસ પછી આચાર્ય મહારાજ પૂછે 'કેમ છે હવે ?' આ કહે સાહેબ ! શાસ્ત્રોની ભરપૂર વાચનાઓમાં બીજું કશું યાદ જ નથી આવતું ને આખા દિવસના થાક્યા પાક્યા રાતના ગાઢ નિદ્રામાં કશું યાદ જ નથી આવતું. સૂત્ર વાચના આપવાની, અર્થ વાચના આપવાની. એમાં સમય ક્યાં પસાર થાય છે ખબર જ નથી પડતી.' પતી ગયું વાસના શમી ગઈ.

શાસ્ત્ર પરિચય મોહના ફૂરચા ઉડાડી દે છે. સાધુને નવરાશ ક્યાંથી હોય ? બર્નાડશો વિલાયતનાં મહાન ચિંતક હતા. એમને કોઈએ પૂછ્યું મિ. શો ! સુખની ચાવી શું ! ત્યારે બર્નાડશો કહે, 'સુખની ચાવી દિવસના કલાક ચોવીશ પણ ૨૮ કલાક જેટલું કામ રાખો. નવરા ન પડો, એટલે સુખ જ સુખ-દુઃખ યાદ જ ન આવે.' એમ આ શાસ્ત્ર પરિચયમાં પાંચે પ્રકારનો સ્વાધ્યાય આવે. આ કરતાં કરતાં પણ ચિત્તની અશુભતાઓ ઘટતી આવે.





## (૨૭) (લેખાંક-૩)

ગયા લેખાંક ૧-૨ માં ૪ પરિચય વિચાર્યા.

(૫) પાંચમો પરિચય **તત્ત્વનો ને માર્ગનો પરિચય.** તત્ત્વનો પરિચય કરવો હોય તો શું કરવાનું ? તત્ત્વના પરિચયમાં આપણી જીવન-સરણી નવ તત્ત્વના ચિંતનથી વણાયેલી જોઈએ. જેમકે શ્રાવિકા ચાની તપેલી ચૂલેથી નીચે ઉતારી ઉઘાડી ન મૂકે; કેમ ? ચહા ઠંડી ન પડી જાય માટે નહિ, કિન્તુ 'કોઈ જીવજંતુ એમાં ન પડે.' એ માટે આવી કાળજી હોય તો જીવન-સરણીમાં તત્ત્વને, તત્ત્વચિંતનને વણ્યું કહેવાય. તેમ સાધુ ગોચરી કરે તે શા માટે ? એમ વિચાર કે, 'દેહ છે એ મોક્ષની સાધના માટે ધારી રાખવાનો છે, એને ટકાવવા માટે અને સંયમની સારી સાધના થાય. સાધુસેવા-વૈયાવચ્ચ આદિનો લાભ સારો મળે એ માટે વાપરું.' તો આ તત્ત્વની વિચારણા કરી કહેવાય.

એમ તત્ત્વનો અને માર્ગનો પરિચય, એ પાંચમો પરિચય. તત્ત્વનો પરિણય એટલે નવતત્ત્વ જીવનના પ્રસંગોમાં પરિણત થઈ જવા, વણાઈ જવા, બહારના કોઈ આવીને બોલી જાય કે 'ફલાણાએ ઘરે લગ્ન પર હાઈકલાસ જમણવાર કરેલો.' તો એ વખતે એમ જો વિચાર આવે કે, 'અરેરે ! કેવો મોટો આરંભ સમારંભ !' આમ જો વિચારે, તો ત્યાં તત્ત્વ પરિણમ્યા ગણાય. પણ 'હેં ! શું શું જમાડ્યું ?' એમ થયું તો ફસ્યો. એટલે જીવનમાં પ્રત્યેક પ્રસંગમાં તત્ત્વ વણવાનું છે. આ ધ્યાન રાખવા જેવું છે. જીવનમાં ચાલતી વિચારસરણીને ખાસ કરીને તત્ત્વ સાથે વણીને ચલાવવાની છે, એમાં મુખ્યતાએ આશ્રવ અને સંવર અર્થાત્ હેય અને ઉપાદેય તત્ત્વની દૃષ્ટિએ વિચારણા રાખવાની; અર્થાત્ જીવન પ્રસંગો-પદાર્થો-કાર્યો-બોલ વગેરેને હેય કે ઉપાદેયના ખાતામાં હવાલા નાખવાના.

સમરાદિત્યનાં પ્રસંગમાં આવે છે. સમુદ્રદત્ત એ શેઠનો દીકરો છે. સાસરે પોતાની પત્નીને લેવા માટે નોકરને લઈને જાય છે. રસ્તામાં વિસામાર્થે એક ઝાડ નીચે બેઠા છે. નોકર બેઠો બેઠો જમીન ખોતરે છે. ને તેમ કરતાં ઢેખાળો ઊખડ્યો, અંદરમાં સોનૈયા ભર્યો ચરુ (લોટો) દેખાયો ! શેઠના પુત્રની નજર પડી કે તરત જ એ બોલી ઊઠ્યો,- 'અરે ! અરે ! ઢાંક ઢાંક, આ તો મોટું અધિકરણ છે.'

**'અધિકરણ' એટલે દુર્ગતિના અધિકારી બનાવે તે સંસારના સાધનો; અને મોક્ષનો ઉપકાર કરે એવા સાધનને 'ઉપકરણ' કહેવાય.**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

અહીં આ સમુદ્રદત્ત ધનને મહારાગ અને હિંસાદિ પાપ વગેરે કરાવનારું દેખે છે. ને તેથી જ દુર્ગતિદાયી સમજી ભટકે છે. આમ તો એ ગૃહસ્થ માણસ છે. યુવાનીમાં આવ્યો છે. પત્નીને લેવા જઈ રહ્યો છે. આગળ એની સાથે સંસારઘર ચલાવવાનું છે. તો શું પૈસાની જરૂર નહીં પડે ? પણ એને કેમ અહીં લાલચ ન લાગી ? કહો, એની વિચારસરણી તત્ત્વની સાથે વણાયેલી છે. નોકરની પાસે જમીન ઢંકાવી દીધી. નોકરનાં મનમાં થાય છે કે, 'આને આ બધું પડાવી લેવું છે માટે આમ કરે છે; પણ હું કાંઈ કમ નથી. તે એમ જવા દઈશ.' - ત્યાંથી ગામના નાકે આવ્યા શેઠનો છોકરો કહે, 'જા ગામમાં, અને સમાચાર આપી આવ કે જમાઈ ગામ બહાર આવ્યા છે.' એટલે નોકરના મનને આ સાંભળીને એમ થાય છે, 'હં...મને મૂકીને આને હવે પેલો દલ્લો લઈ લેવો લાગે છે.' નોકર તો દોડતો ગામમાં ગયો ને દોડતો પાછો આવ્યો. હાંફે છે. શેઠ પૂછે 'કેમ શું થયું ?' આ કહે 'અરે ! અરે ! જુલ્મ થયો જુલ્મ ! તમારા સાસુ સસરા બિચારા લમણે હાથ દઈ બેઠા હતા. પાડોશમાં કારણ પૂછ્યું તો કહે કે, છોકરી વંઠી ગઈ છે એટલે બિચારા મુંઝાય છે કે, જમાઈને જવાબ શો આપશું ?' ત્યારે શેઠના છોકરાએ શું વિચાર્યું ? એમ ન વિચાર્યું કે 'ત્યારે એ પહેલેથી જ એવી હશે.'

એણે તત્ત્વથી વિચાર્યું કે "ઓહો ! છોકરી તો સારી હતી, વડિલોએ પૂરી તપાસ કરીને પસંદ કરી હતી, પણ અહો મોહ શું કામ કરે છે ! હવે મારે આવા સંસારમાં રહીને પણ શું કામ છે ? હવે તો ગુરુ પાસે જઈને સંયમ લઈ લેવું એ જ હિતકર છે. અહીંથી જ ગુરુ પાસે પહોંચી જાઉં." વિચારસરણી કેવી ઉમદા ! તત્ત્વનો પરિચય હૈયામાં કેવોક વણાયેલો ! અહીં માનો ને કે વાત જુઠ્ઠી હતી, છતાં એના પર પોતાની ઉમદા વિચારસરણીમાં શું બગડ્યું ? આગળ જઈને એ સાધુ થાય છે, ને એની પાછળ પત્ની પણ ચારિત્ર લે છે !

જીવનના પ્રસંગોમાં તત્ત્વો વણાયેલાં હોય, તો એમાં વિચારસરણી આવી ત્યાગ-વૈરાગ્ય-પ્રભુગુણોની ઉત્તમ ચાલે.

જાગૃત રહેવાથી તત્ત્વ-પરિચય થાય, આપણા રોજિંદા જીવનમાં જેટલા દર્શન, જેટલાં શ્રવણ, જેટલાં સ્મરણ,-આ બધામાં તત્ત્વને વણવાનું. દર્શને દર્શને શ્રવણે શ્રવણે જીવાદિ તત્ત્વથી જોવાનું દા.ત. બંગલો દેખાયો તો થાય કે, 'કેવુંક મોટું કેદખાનું !' એમ 'કોઈકે ચોરી કરી' આવું શ્રવણ થયું તો મનને થાય કે, "સવ્વે જીવા કમ્મવસ - આવા સારા મનુષ્ય જન્મમાં આવવા છતાં પણ કર્મો બિચારાને કેવો દબાવે છે !" આ વૈરાગ્ય-પોષક દયાનો શુભ વિચાર છે. પણ જો એમ



વિચારે કે 'માણસ ડામીસ છે' તો આ વિચાર દ્વેષનો કષાયના ઘરનો અશુભ વિચાર છે. એમ મનન કરવાનું કાંઈપણ દુઃખ કે કષ્ટ આવે તો તરત મહાપુરુષોને નજર સામે લાવવાના, કે 'એમને કેવાં કેવાં દુઃખો પડ્યા હતાં ! મને તો કાંઈ નથી.' ૧૦૦ વર્ષ પહેલાં **મણિવિજય** નામે મહાત્મા થઈ ગયા. બરડામાં પાઠું પડેલ કીડા પડી એમાંથી નીચે પડી મરી ન જાય તેથી ત્યાં પાટો બાંધી રાખે ! કેમ ? અંદરના કીડા બિચારા બહાર નીચે પડશે તો મરી જશે !' આ કેટલો મોટો ઉચ્ચ દયાનો વિચાર ! દુઃખ કે કષ્ટ વખતે આવા મહાપુરુષો યાદ નથી કરતા, માટે દુઃખ કે કષ્ટ આવતાં બીજા આગળ રોદણાં રોવાનું જ મન થાય છે.

**સનત કુમાર ચક્રવર્તીને** ૧૬ ભયંકર રોગ ઊભા થઈ ગયા, દવા ન કરી, બલ્કે ૭૦૦ વર્ષ સુધી રોગી અવસ્થામાં જ પ્રખર તપ-સંયમની સુંદર સાધના કરી ! ઔષધ કરવાનો વિચાર કેમ કરતા નથી ? સમજે છે કે, 'રોગ એ મારા મિત્ર છે. એ જેટલા વધુ આવે, અને વધુ રહે, તેટલા વધુ મારાં કર્મોના કચરા સાફ થાય. આરોગ્ય અનુકૂળતા ભોગવવામાં તો પુણ્યની મૂડી સાફ થાય છે. પ્રતિકૂળતા ભોગવતાં અશુભ કર્મોના કચરા સાફ થાય. આરોગ્ય અનુકૂળતા ભોગવવામાં તો પુણ્યની મૂડી સાફ થાય છે, પ્રતિકૂળતા ભોગવતાં અશુભ કર્મોના કચરા સાફ થાય છે.

**ધર્મરુચિ અણગાર** ઝેરી-કડવી તુંબડી પરઠવવા ગયેલા, પણ એના એક બિંદુ પર કીડીઓ મરી તેથી જાતે માસખમણનાં પારણે વાપરી ગયા ! રુંવાડે રુંવાડે ઉગ્ર આગ ઊઠી છે, છતાં સહન કર્યું. એમ **ખંધક મહામુનિ**ની જીવતાં ચામડી ઊતારી ! છતાં 'આ વેદના ખરાબ' એટલું ય મનમાં ન લાવ્યા કેમ ? આ તત્ત્વ અને માર્ગના પરિચયથી પરિણત હતા. ત્યાં એટલું જ વિચાર્યું,- 'કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહિ મળશે. પ્રાણી ! રે.' આપણે આવું બધું યાદ કરીએ, તો દુઃખ કઈ વિસાતમાં નહી લાગે.

એમ ભૂતકાળ ને ભવિષ્યકાળનું આર્તધ્યાન કરે, તો શું વળે ? શો ફાયદો ? વિચારે કે 'પેલો નોકર રાખેલો બદમાશ નીકળ્યો પણ કેમે કરીને ખસે નહિ ! માંડ કાઢ્યો એને' આવું વિચારવાથી શું વળે ? આ ભૂતકાળનું આર્તધ્યાન છે. એમ 'કદાચ હું કમાઉં, તો પાડોશી આપણે કમાયા સમજી પૈસા માગશે ?' આ ભવિષ્ય અંગેનું આર્તધ્યાન છે. ભૂત-ભવિષ્ય અંગેનું પણ આર્તધ્યાન ફોગટ કર્મ અને કુસંસ્કાર બંધાવે. આવા ખરાબ ધ્યાન કેમ ચાલે છે ? તત્ત્વનો પરિચય નથી માટે. એ જ રીતે બીજાની સાથેનો વ્યવહાર પણ તત્ત્વ સમજીને કરવાનો. જેમકે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

'સામો માણસ બહાર આપણી નિંદાના બોલ બોલે છે,' એમ સાંભળવા મળે ત્યારે પણ આપણે સૌમ્યતા રાખવાની, તત્ત્વ જ વિચારવાનું કે 'એ કદાચ એનો સ્વભાવ બજાવે છે, તો મારે મારો ઉમદા સ્વભાવ બજાવી એને ક્ષમા આપવાની.'

આવા તત્ત્વપરિચય પાપોના ઘાતક છે; પૂર્વનાં પાપકર્મ નાશ પામે; નવાં પાપાચરણ અટકે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૬,અંક-૧૫,તા.૧૯-૧૨-૧૯૮૭

## (૨૮) (લેખાંક-૪)

જીવનમાં આપણા આત્માને ઊંચે ઊંચકવા માટે પાંચ પ્રકારના પરિચય સાધવાના છે. એમાં (૧) પરમસંતનો પરિચય. (૨) સંત (સાધુ) નો પરિચય, (૩) સત્ પુરુષો-કલ્યાણમિત્રોનો પરિચય. (૪) શાસ્ત્ર-પરિચય. એની વિચારણા ગત બે લેખાંકોમાં કરી, હવે ગત ત્રીજા લેખાંકથી (૫) તત્ત્વમાર્ગ પરિચયથી વિચારણા ચાલે છે.

તત્ત્વ-પરિચય એટલે જીવન-પ્રસંગોને, કાર્યોને, અને વિચારસરણીને નવ તત્ત્વમાંના ઘટતા તત્ત્વની છાયા આપવાની દા.ત. ઘરમાં વધારે પડતી ચીજ-વસ્તુ લાવ્યા. ત્યાં એ જોતાં મનને એમ થાય કે 'અરેરે ! આ બધા તો હું અધિકરણ (પાપસાધનો) વધારી રહ્યો છું !' બહાર દુનિયામાં કોઈની પૈસા ટકા આદિની જાહોજલાલી દેખાય ત્યાં મનને થાય કે આ તો પૂર્વના પુણ્યની લીલા છે. આ જાહોજલાલી જડ પુદ્ગલની લીલા છે.' એમ એ આત્માને દુર્ગતિમાં તાણી જનારી જડ જાહોજલાલી તરીકે દેખાય. આવો જો તત્ત્વપરિચય સાધતાં આવડે, તો પછી પૈસાની જડ જાહોજલાલી જોવાની ઝંખના કે એવું મેળવવાની ઝંખના ન થાય.

તત્ત્વ પરિચયની મઝા એવી છે કે રળતા-કમાતા છોકરાના એકાએક મૃત્યુ થવા ઉપર મન પર તત્ત્વની છાયા આવી પડે કે ''ઘરમાં મેમાન આવ્યો હતો. તે એના હિસાબ ચુકવીને ચાલ્યો ગયો.'' આ તત્ત્વ-પરિચય હોય તો પછી શોક કલ્પાંત ન થાય. ત્યાં પાપ શાના બંધાય ?

જેવો તત્ત્વ-પરિચય એવો **માર્ગ-પરિચય** કરવાનો; અર્થાત્ મોક્ષમાર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે સારા આચરતા હોય એમની સંગત કરવાની; અને એ માર્ગની વાતો સાંભળવાની. પછી જો આપણી પાસે આવે તોય ત્યાં એ જ સાંભળવાનું અથવા આપણે એમની પાસે જઈ માગીને એ વાતો સાંભળવાની. એવી દાન-



શીલ-તપ-ભાવનાની વાતો સાંભળવાની, જીવનમાં ઠામ ઠામ શક્ય એટલી આચરવાની.

જીવને વાતો ચીતો કરવાની કુટેવ હોય છે. ત્યાં આ ધ્યાન રાખવાનું કે 'વાતો કરું તો એ મારે એક યા બીજા ધર્મમાર્ગની જ પ્રશંસા કરવાની. એનાજ ગુણ ગાવાના. સાંભળવું તો આ જ સાંભળું, પછી કોઈ ભળતી જ વાત માંડે, તો એ વાતને સીફતથી કોઈ ધર્મમાર્ગ સાથે જોડી વાત આગળ લંબાવવાની તે ધર્મમાર્ગની જ વાત લંબાવવાની.

શ્રાવકને માટે આવી વાતો કરવાના ૩૬ આચાર છે જે **'મન્હ જિણાણં આણં'**ની સજ્ઝાયમાં બતાવ્યા છે. એનો અભ્યાસ કરી લેવો જોઈએ. બીજાને એની વાત કરવા ઉપરાંત ચિંતનાત્મક લખતાં આવડતું હોય તો આ આચાર પર ચિંતન લખવાનું.

**શ્રીપાલ મયણા**નું જીવન જોઈએ તો મનોમન તત્ત્વના ને સન્માર્ગના એમણે કેવાક પરિચય યાને ચિંતન રાખ્યા હશે કે શ્રીપાલે મફતમાં મળતી દુન્યવી ચીજોના સંયોગ પર બહુ નહિ લોભાવાનું રાખેલું. મુસાફરીમાં ચિંતા કરાવનારી વેઠ સાથે નહિ રાખવી. દુશ્મન પર પણ પરોપકારની તક મળે છે ? તો એ ચૂકવી નહિ. તક સાધી લેવી, અર્થાત્ પરોપકાર કરી લેવો.

શ્રીપાલ કુમારે આ રાખ્યું હતું, આમ એમનું મન આખું તત્ત્વથી અને માર્ગથીજ રંગાયેલું લાગે. શ્રીપાલ વિદેશ જવા નીકળ્યા છે તો વિદ્યાધર રસ્તામાં કહે 'આ બે જડીબુટ્ટી લો !' શ્રીપાળ કહે 'મારે જરૂર નથી.' તો વિદ્યાધરે પરાણે હાથે બે વિદ્યા મંત્રિત જડીબુટ્ટી બાંધી આપી. આગળ સુવર્ણરસવાળા મળ્યા. કહે, 'આ લો સુવર્ણરસ' નથી લેતા, તો કપડાના છેડે સુવર્ણનો ગઠ્ઠો બાંધી દીધો ! પરંતુ પોતાને એમાં રસ નથી.

ધવલે શ્રીપાલને ઉપાડી લાવવા પોતાનું અને રાજાનું લશ્કર મોકલ્યુ; પણ વિદ્યાધરે બાંધેલી જડીબુટ્ટીના પ્રતાપે શ્રીપાલને એમાંનું એકપણ શસ્ત્ર લાગતું નથી ! પણ શ્રીપાલના છોડેલા બાણ સૈન્યમાં હાહાકાર મચાવી મૂકે છે. બીજી જડીબુટ્ટી આગળ પર પ્રભાવ બતાવશે કે જ્યાં ધવલે શ્રીપાળને દરિયામાં નાખવાનો પેંતરો રચ્યો હતો પણ હાથે બાંધેલ બીજી જડીબુટ્ટીના પ્રતાપે દરિયાનાં જલચર પ્રાણીઓ કોઈ જ એને કાંઈ કરતા નથી.

અહીં અંતે ધવલ પગમાં પડતો આવ્યો. કહે 'ભાઈસાહેબ ! મારાં વહાણ ચલાવી આપવા કૃપા કરો' તો ધવલની એટલી બધી પૂર્વની આચરેલી નાલાયકી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

શ્રીપાલ ભૂલી ગયા, ને વહાણ ચલાવી આપવા ગયા. કેમ ? જીવન તત્ત્વથી વણાયેલું હતું, સામાનું ભૂતકાળનું ખોટું યાદ કરવું નથી, અને વર્તમાનમાં સેવા-વૈયાવચ્ચ આદિની તક મળી છે ? તો એ પરોપકારથી સાધી લેવી છે.' આ દૃષ્ટિ છે તત્ત્વ અને માર્ગના રસિયાની.

એમ મયણાને પણ કેવોક તત્ત્વનો પરિચય હતો ! એને કુંવારીને બાપે કહી દીધું ''લે આ કોઢિયો પતિ તારા કર્મે આવ્યો છે.' તું મારું કર્યું નથી માનતી, ને કર્મ કરે તે થાય એમ માને છે ને ? તો લે આ તારા કર્મ આપે છે'' મયણાસુંદરી મોટી રાજકુમારી છે. ઊંમરમાં આવેલી છે. એને કોઢિયો પતિ તરીકે વરવા બતાવ્યો, તો 'કોઢિયાનો પતિ તરીકે હાથ પકડી લઉં તો મારા ભગવાનના મેં માનેલા સિદ્ધાંત ઉપર કલગી ચડે છે ને ?' તો તરત જ એનો હાથ પકડી લઈ એને સ્વીકારી લીધો ! બાપનો વાંક ન કાઢ્યો. એક અક્ષરનો એવો વિચાર ન કર્યો કે બાપ મિજાસી ! કેમ ? તત્ત્વનો પરિચય કર્યો છે. કેવોક કર્યો હશે ! એમ તત્ત્વનો પરિચય જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં કરવાનો. માર્ગનો પરિચય દર્શન-જ્ઞાન-ચારિત્ર-ધર્મ એ માર્ગ છે, એનાં અનુષ્ઠાનો એ માર્ગ છે...તો એનો ખૂબ પરિચય કરવાનો, નવરા પડ્યા એટલે બીજી કોઈ વાત નહીં, પણ સમકિતના ૬૭ બોલ, સંયમની યોગ્યતાના ૧૬ ગુણો, ધર્મપ્રાપ્તિના ૨૧ ગુણો,...વગેરેનો પરિચય રાખવાનો, ઊંડું ચિંતન મનન રાખવાનું...યાવત્ સૂત્રો આદિનો પરિચય રાખવાનો.

એમ તત્ત્વના પરિચયમાં જિનવચનની વિવિધ વિશેષતાઓ વિચારી શકાય. દા.ત. જિનવચનમાં જ સંપૂર્ણ જીવવિજ્ઞાન અને સંપૂર્ણ અહિંસા જાણવા મળે, અનેકાંતવાદ-સિદ્ધાન્ત જોવા મળે !...

અરે ! એક ધર્મધ્યાનના ચાર પ્રકારમાંથી પહેલો પ્રકાર 'આજ્ઞાવિચય'-પ્રકારનું ચિંતન વિચારી શકાય, બોલી કે લખી શકાય કે 'અહો ! જગતમાં જિનવચન કેટલું બધું મહાન ! કે એ જે કહે તે ટંકશાળી સત્ય ! વળી જિનવચન કેવા મહાન-ઉદાર-ગંભીર પદાર્થો ને તત્ત્વને કહેનારા છે ! કેવાક જિનવચન ! કેવાં સદ્‌ભૂત પદાર્થો યાને સત્યાર્થ કહેનારા છે ! કેવાંક હિતને કરનારા છે ! જિનવાણી આત્માને એકાંતે હિત કરનારી છે. ભગવાનની વાણી યથાર્થ છે.'

આમ પરિચય કરવાથી પાપનો ઘાત થાય છે.





## (૨૯) જૈન ધર્મક્ષેત્ર વ્યવસ્થા

**(લેખાંક : ૧)**

**સમ્પાદક નોંધ :-** પોષ દશમી અને અગ્યારસ (સં. ૨૦૪૪) બે દિવસ, શ્રી કુંભોજગિરિ (મહારાષ્ટ) તીર્થે, શાસ્ત્રમર્મજ્ઞ પ.પૂ. વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભૂવનભાનુસૂરીશ્વરજી મ.સા. તથા તેમના પટ્ટાલંકારો પરમપૂજ્ય સિદ્ધાન્તદિવાકર આચાર્યશ્રી જયઘોષસૂરિજી મ.સા. અને સૂરીમંત્ર પંચપ્રસ્થાનારાધક પ.પૂ.આ.શ્રી ધર્મજિતસૂરિજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં, શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટની કમિટી તરફથી, ધાર્મિક ટ્રસ્ટોના ટ્રસ્ટીઓ અને શુભેચ્છકોનું, ધાર્મિક ક્ષેત્રોના સુવ્યવસ્થિત સંચાલન અને માર્ગદર્શન માટે એક અધિવેશન (સંમેલન) આયોજિત કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત પૂ. આચાર્ય ભગવંતોએ તે સંમેલનમાં બન્ને દિવસે પ્રવચનના માધ્યમે જે માર્ગદર્શન આપેલ, તે પછી તેના ઉપસંહારરૂપે પૂ.આ. શ્રી જયઘોષસૂરીજી મહારાજના શિષ્યરત્ન પ.પૂ.મુનિરાજશ્રી જયસુંદરવિજય મહારાજે સુંદર અને વિસ્તૃત પ્રવચન આપેલ હતું તથા તે દરમ્યાન જે પ્રશ્નોત્તરી થયેલ તેની નોંધ પૂ. મુનિશ્રી ભુવનસુંદરવિજય મહારાજે કરેલી, તેના ઉપરથી તેનું સુંદર સંકલન પૂ. મુનિરાજશ્રી જયસુંદરવિજયજી મહારાજે કરી આપેલ છે. તે અત્રે અમે સહર્ષ પ્રકાશિત કરીએ છીએ.

પરમોપકારી શ્રી તીર્થંકર ભગવંતો સંસાર સાગરથી તરવા સારુ તીર્થ સ્થાપના કરે છે. પરમાત્માના ઉપદેશને ઝીલીને તેમના પટ્ટશિષ્યો જે સૂત્ર રચના કરે છે તેને આગમ અથવા જિનાગમ કહે છે. તીર્થ સ્થાપના રૂપે ભગવાન ચતુર્વિધ સંઘ (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા સમુદાય) ની રચના કરે છે. શ્રી જિનાગમને વફાદાર એવા ચતુર્વિધ સંઘના માધ્યમે ભગવાનની ઉપદેશગંગાથી મોક્ષમાર્ગ દ્વારા યુગોના યુગો સુધી ભવ્યજીવોનો ઉદ્ધાર થતો રહે છે. શ્રાવકો અને શ્રાવિકાઓ પરમાત્માની નિત્ય ભક્તિ માટે શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનમંદિરના નિર્માણ કરાવે છે. આ રીતે આ અવસર્પિણી કાળમાં શ્રી ઋષભદેવથી માંડીને સાત પ્રકારના ભક્તિક્ષેત્રો ૧ જિનમુર્તિ ૨ જિનમંદિર ૩ જિનાગમ ૪ સાધુ ૫ સાધ્વી ૬ શ્રાવક ૭ શ્રાવિકા-આ સાત ક્ષેત્રો હાલ પણ જાજવલ્યમાન અસ્તિત્વ ધરાવી રહ્યા છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

**દાનધર્મથી સાતક્ષેત્રની પુષ્ટિ :-**

પરમાત્માએ ચાર પ્રકારના ધર્મમાં પ્રથમ દાનધર્મ ઉપદેશ્યો છે. આત્માએ પરમાત્મા બનવા માટે આત્મસ્વભાવમાં રમતાં રહેવું જોઈએ અને પરપુદ્ગલની માયા વોસિરાવતા રહેવું જોઈએ. જડ પુદ્ગલ-પૈસો-ટકો-ઘર-જમીન વગેરેનો પરિગ્રહનો ભાર જેટલો વધે એટલા નીચે સંસાર સાગરમાં ડૂબવાનું થાય છે. તેનાથી બચવા માટે ધર્માર્થીએ પોતાની તમામ પૌદ્ગલિક સંપત્તિનો અને તેની મૂર્ચ્છાનો ત્યાગ કરી દેવો એ શ્રેષ્ઠ માર્ગ છે. જેને સાધુ-સાધ્વી વર્ગ આચરણ કરે છે. શ્રાવક શ્રાવિકાઓ સંપૂર્ણપણે પોતાની સંપત્તિનો ત્યાગ ન કરી શકે તો તેઓએ સર્વત્યાગની ભાવના રાખીને યથાશક્તિ ઉપરોક્ત સાતક્ષેત્રોમાં પોતાની સંપત્તિનું વાવેતર કરવું જોઈએ અર્થાત્ દાનધર્મની આરાધના કરવી જોઈએ. (જેથી આત્મામાં ત્યાગના સંસ્કાર જમા થતા જાય.)

**સાતક્ષેત્રોની ભક્તિનું કર્તવ્ય :-**

શાસ્ત્રકાર ભગવંતોએ સુપાત્રદાનનો અપરંપાર મહિમા ગાયો છે. ઉપર કહેલા સાતક્ષેત્રો એ સુપાત્રો છે, આ સાત ક્ષેત્રોની તન-મન અને ધનથી થાય એટલી ભક્તિ-સેવા-વૈયાવચ્ચ કરવી એ દરેક ગૃહસ્થોનું કર્તવ્ય છે. વિવેકી સુશ્રાવકો યુગ-યુગાંતરોથી આ સાતે ક્ષેત્રોમાં યથાશક્તિ પોતાના ન્યાયોપાર્જિત ધન-સંપત્તિનું દાન કરતા આવ્યા છે. અને એ રીતે આ યુગમાં શ્રેણિક મહારાજા, સંપ્રતિરાજા, આમરાજા, વિમલમંત્રી, કુમારપાળરાજા, વસ્તુપાલ-તેજપાલ, ધરણાશા પોરવાડ, પેથડશા, જગડુશા વગેરે ભારતના ઈતિહાસમાં અમર બની ગયા છે. આવા પ્રતાપી પૂર્વજોના કારણે આપણા સાત ક્ષેત્રો સદાય ઉજમાળ રહેતા આવ્યા છે. આપણે હવે આ એક એક ક્ષેત્રનો અને તેની આવક, વ્યવસ્થા અને તે પછી જીવદયા, અનુકંપા, અને સાધારણ ક્ષેત્રનો અને તેની આવક વ્યવસ્થા અને ઉપયોગ વગેરેનો વિચાર કરશું. એના માટે અહીંની કમિટિએ તમને બધાને આમંત્રણ આપીને તેડાવ્યા છે.

## (૧-૨) શ્રી જિનમૂર્તિ-શ્રી જિનમંદિર

આ બે આપણા ઉચ્ચત્તમ પવિત્ર ક્ષેત્રો છે. મૂર્તિપૂજા એ કાંઈ આજ કાલની ચાલી પડેલી પ્રવૃત્તિ નથી સમ્યગ્દષ્ટિ આત્માઓ તો સમજે જ છે કે મૂર્તિપૂજા અનાદિ કાલીન છે પરંતુ તટસ્થ દૃષ્ટિથી શોધખોળ કરનારા વિદ્વાનો પણ મૂર્તિપૂજાને અત્યંત પ્રાચીન માની રહ્યા છે. આપણા જ્ઞાતા ધર્મકથા વગેરે પવિત્ર આગમોમાં પણ અનેક ઠેકાણે અત્યંત સ્પષ્ટ મૂર્તિપૂજાના નિવેદનો પ્રાપ્ત થાય છે. મૂર્તિપૂજા પ્રાચીન હોય એટલે મૂર્તિ અને તેને બહુમાનપૂર્વક પધરાવવાનું સ્થાન એટલે કે



મંદિર આ બંનેનું પ્રાચીન અસ્તિત્વ અનાયાસે સિદ્ધ થઈ જાય છે.

દેવદ્રવ્ય ક્યાંથી આવ્યું :-

એક લેખિત પ્રશ્ન આવ્યો છે કે "આ દેવદ્રવ્ય વળી ક્યાંથી આવ્યું કેટલું પ્રાચીન છે ? ભગવાને તો બધું છોડી દીધું છે. એમને વળી દ્રવ્યનો પરિગ્રહ ક્યાંથી હોય ?" એનો ઉત્તર સ્પષ્ટ છે. કે જેમ કોઈ ગૃહસ્થ પાસે આભૂષણ વગેરે મિલ્કત હોય તો તેને રાખવા માટે સ્ટોરરૂમ વગેરે પણ હોય તેમજ તેની સારસંભાળ, સુરક્ષા યોગ્ય ઉપયોગ, રીપેરીંગ સમારકામ વગેરે પણ એને સંલગ્ન હોય જ. અને આ બધા કામો માટે જે ખર્ચ થાય તે ખર્ચ કરવાનું દ્રવ્ય પણ કોઈને કોઈ રીતે હોય જ. તો એ રીતે શ્રી જિનમૂર્તિ અને શ્રી જિનમંદિર હોય તો તેની પણ સારસંભાળ સુરક્ષા વગેરે યોજનાબદ્ધ રીતે હોય જ અને તે માટે ખરચવા પડતા દ્રવ્યનું દાન કરનારા ભક્તો પણ હોય જ એટલે જિનમૂર્તિ કે મંદિર જેટલા પ્રાચીન એટલું જ પ્રાચીન દેવદ્રવ્ય પણ સિદ્ધ થાય છે. નિશીથ ચૂર્ણિ વગેરે પ્રાચીન આગમોમાં પણ દેવદ્રવ્યના સ્પષ્ટ ઉલ્લેખો છે.

દેવદ્રવ્ય એટલે દેવાધિદેવની માલિકીનું દ્રવ્ય એવો અર્થ છે જ નહિ કે જેથી 'સર્વત્યાગી દેવને વળી દ્રવ્ય પરિગ્રહ ક્યાંથી આવ્યો' એવી શંકા થાય ? દેવદ્રવ્ય દેવની મૂર્તિ અને દેવસ્થાનની પૂજા સારસંભાળ, સુરક્ષા, સમારકામ વગેરે માટે બોલી-ઉછામણી વગેરે ઉપાયોથી ભક્તોએ અર્પણ કરેલું કે કોશ રૂપે સંચિત કરેલું દ્રવ્ય છે. મંદિરના પાષાણ વગેરે કે પરમાત્માની ભક્તિ માટે બનાવાયેલા આભૂષણો વગેરે આ બધું પણ દેવદ્રવ્ય જ છે.

**જિનમૂર્તિ દ્રવ્ય :** જે દ્રવ્ય, ભક્તો વડે માત્ર મૂર્તિ નિર્માણ માટે જ કે મૂર્તિને લેપ વગેરે કરાવવા માટે કે પૂજા વગેરે માટે જ અર્પણ કરાયું હોય તે શ્રી જિનમૂર્તિ ક્ષેત્રનું દ્રવ્ય કહેવાય.

**જિનમંદિર દ્રવ્ય** : જે દ્રવ્ય ભક્તોએ મંદિરને ઝાકઝમાળ રાખવા માટે, સુરક્ષા માટે કે બીજા મંદિરને જ લગતા કાર્યો માટે અર્પણ કરાયું હોય તે જિનમંદિર દ્રવ્ય કહેવાય.

**દેવદ્રવ્ય :** વર્તમાનકાળમાં જેને 'દેવ દ્રવ્ય' કહેવામાં આવે છે તે જિનમૂર્તિ અને જિનમંદિર આ બે ક્ષેત્રોનું ભેગું દ્રવ્ય છે. અર્થાત્ યોગ્ય રીતે તે બે જ ક્ષેત્રમાં તે દ્રવ્ય ખરચી શકાય છે.

**આવકનાં સાધનો :-** (Source of income)

દેવદ્રવ્યની વૃદ્ધિ કરતાં રહેવું તે ગૃહસ્થનું એક મહત્ત્વપૂર્ણ કર્તવ્ય છે આ ક્ષેત્રમાં સીધેસીધી રકમ જમા કરાવીને અથવા દહેરાસરના દેવદ્રવ્યના ભંડારમાં રોજ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

યથાશક્તિ પૈસા નાખીને દેવદ્રવ્યની વૃદ્ધિ થઈ શકે છે. તે ઉપરાંત તીર્થમાં સંઘવીને પહેરાવાની તીર્થમાળના ચઢાવા, ઉપધાનની માળાના ચઢાવા, ભગવાનની પૂજાના ચઢાવા, પ્રભુ પ્રતિષ્ઠા-અંજનશલાકા અને ધ્વજારોપણ વગેરેના ચઢાવા. રથયાત્રા-વરઘોડામાં ભગવાનને લગતા બધા ચઢાવા વગેરે અનેક રીતે દેવદ્રવ્યની વૃદ્ધિ થઈ શકે છે આ બધા ચઢાવાનું દ્રવ્ય દેવદ્રવ્ય ખાતે જ જમા થાય છે.

**રક્ષા અને વ્યવસ્થા :-** દેવદ્રવ્યની યોગ્ય રીતે વૃદ્ધિ, સારસંભાળ, રક્ષા અને યોગ્યસ્થાને તેનો ઉપયોગ કરવા-કરાવાથી સંસારભ્રમણ ઘટે છે. તેથી દેવદ્રવ્યનો વહીવટ કરનારા ભાગ્યશાળીઓની એ ફરજ છે કે પોતે વહિવટદાર બન્યા હોય તો દેવદ્રવ્યને જરાપણ નુકશાન ન થાય તે માટે તેમણે પૂરી તકેદારી રાખવી જોઈએ તેમજ દેવદ્રવ્યના ચઢાવાની ઉઘરાણી કરવામાં ટ્રસ્ટીઓએ શરમ કે આળસ રાખવી જોઈએ નહિ. મૂર્તિમાં ખાડા કે તિરાડ ન પડે, મંદિરના પાષાણ વિ. ભાંગે તૂટે નહિ, તેની શોભા ઘટે નહિ. પણ દિન પ્રતિદિન વધે મૂર્તિના આભૂષણ કે કળશ વગેરે ચોરાય નહિ કે ભાંગે તૂટે નહિ એ માટે વહિવટદારોએ ખાસ સમયનો ભોગ આપીને કાળજી લેવી જોઈએ. તથા દેવદ્રવ્યના પૈસા વગેરેના હિસાબ કિતાબ ચોક્ખા રાખવા જોઈએ. તથા ઉછામણી લેનારાઓએ તેની રકમ જલ્દીમાં જલ્દી ભરી દેવી જોઈએ.

**ઉપયોગ :-** સામાન્ય રાબેતા મુજબની સ્થિતિમાં મંદિર વગેરેની ભાવિ સલામતિ, સમારકામ કે જીર્ણોદ્ધાર વગેરે કાર્યો માટે દેવદ્રવ્યનો સંગ્રહ કરાય છે, પણ હવે કાળ બદલાયો છે. સંઘરો કરી રાખવામાં ક્યારે સરકાર પડાવી લે તે કંઈ કહેવાય નહિ માટે આજે તો આપણા સ્થાનિક સંઘના મંદિરોમાં જીર્ણોદ્ધાર વગેરે મંદિરને લગતી આવશ્યક્તાઓમાં તે ખર્ચી નાખવું જોઈએ. પણ હવે તો ઘણા સંઘોમાં લાખો રૂપિયાની દેવદ્રવ્યમાં આવક હોય છે. છતાં ય કેટલાક સંઘના વહિવટદારો નથી તો એનો પોતાના સંઘના જિનમંદિર માટે ઉપયોગ કરતા, કે નથી બહાર તીર્થો વિગેરેમાં જ્યાં દેરાસરોનો જીર્ણોદ્ધાર કે દેરાસરના નવનિર્માણ થતા હોય ત્યાં આપતા. આ બહુ સંકુચિત વૃત્તિ કહેવાય કે જે જરાય ઈચ્છવા યોગ્ય નથી પોતાના સંઘના મંદિરમાં જો આવશ્યક્તા ન હોય તો તે ટ્રસ્ટીઓ કે સંઘે બીજે જ્યાં જીર્ણોદ્ધાર કે નવનિર્માણ થતું હોય ત્યાં તેની આવશ્યક્તા મુજબ સારી એવી દેવદ્રવ્યની સહાય મોકલી દેવી જોઈએ. પોતાના ગામના કે બહાર ગામના, આપણા પ્રાન્તના કે પરપ્રાન્તના બધાય શ્વે. જૈન મંદિરો કોઈ એક વ્યક્તિ કે કોઈ એક સંઘની માલિકીનાં નથી પણ અખિલ ભારત શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘના



છે એવી વિશાળ દૃષ્ટિ રાખીને જ્યાં જ્યાંથી દેવદ્રવ્ય સહાય માટે અરજી આવે. ત્યાં ત્યાં પૂ. ગુરૂદેવોના માર્ગદર્શન મુજબ યોગ્ય તપાસ કરીને દેવદ્રવ્યની રકમ મોકલતા રહેવું જોઈએ. તમે અંદરખાને તો સમજો જ છો કે લગભગ સાધુ-સાધ્વીની હાજરી હોય ત્યારે દેવદ્રવ્ય વગેરેની ઉપજ સારી થાય છે. સાધુ-સાધ્વીને તો પૈસાનો ખપ હોય નહિ એટલે એ તમારી પાસે માંગે પણ નહિ. છતાં તમારે ત્યાં દેવદ્રવ્ય પડી ન રહે અને ભવિષ્યમાં ખવાઈ ન જાય તેટલા માટે પહેલાં કે પાછળથી બધી રકમ કે અમુક ટકા જરૂરીયાતવાળા સ્થળોએ મોકલી આપવા સલાહ આપે તે પણ તમને લોકોને ગમતી નથી એ આશ્ચર્યની વાત છે. ઉપરથી કેટલાક તો નિંદા કરીને પાપ બાંધે છે તે ખેદની વાત કહેવાય. ભગવાને પોતે કોઈ દ્રવ્યનું મમત્વ રાખ્યું નથી અને તમારે ગૃહસ્થોએ તમારા દ્રવ્ય ઉપર પણ મમત્વ કરવાનું નથી તો પછી ભગવાનની મૂર્તિ અને મંદિર માટેના દ્રવ્ય (દેવદ્રવ્ય) ઉપર સંકુચિત ભાવનું મમત્વ કે માલિકી હક્ક તમારાથી રાખી જ કેમ શકાય ? વળી જે પરમાત્માએ સર્વ જીવોની દયા-અહિંસાનો ઉપદેશ આપ્યો એ જ ભગવાનના નિમિત્તનું દ્રવ્ય (દેવદ્રવ્ય વગેરે) તમે બેંકોમાં ફીક્સ ડીપોઝીટમાં સંઘરી રાખો એટલે એ પૈસા ક્યાં વપરાવાના તેનો તમને કાંઈ ખ્યાલ છે ? સરકારી કતલખાનાઓમાં, મત્સ્યોદ્યોગ વિકસાવવા માટે માછીમારોને લોન આપવામાં, પોલ્ટ્રીફાર્મ એટલે કે ઈંડાના ઉત્પાદન અને વેપારમાં, સરકારી કારખાના વગેરેના આરંભ-સમારંભ વગેરે ભરચક હિંસામાં જ વાપરવાના ! કારણ કે સરકારને આજે હિંસામાં ઘણો રસ છે, તો વિચાર કરો કે દેવદ્રવ્ય દેરાસરોના નિર્માણ વગેરે યોગ્ય કાર્યોમાં વાપરી નાખવાના બદલે બેંકોમાં સંઘરો કરી રાખવાથી કેટલું બધું નુકશાન છે ? અને તે છતાં તમે સંકુચિત વૃત્તિ કે મમત્વથી માલિક જેવા બની બેસો તો કેટલો ભયંકર દોષ લાગવાનો ? માટે તમે બધા સમજી જાઓ અને વિશાળ દીર્ઘદષ્ટિવાળા ઉદાર બનો. જે દેવદ્રવ્યના નિમિત્તે તરવાનું છે તેને ડુબવાનું સાધન ન બનાવો ? એ દેવદ્રવ્ય હિંસાદિ પાપકાર્યોમાં વપરાતું અટકાવી દો !

વળી આ પણ સમજી રાખો કે પવિત્ર દેવદ્રવ્યનો ઉપયોગ શ્રી જિનમૂર્તિ અને જિનમંદિરને લગતા શાસ્ત્રીય કાર્યોમાં જ થઈ શકે બીજા કાર્યોમાં કદાપી થઈ શકે નહિ.

**દેવદ્રવ્યના દુરુપયોગથી નુકશાન :-** શ્રી સંઘના દરેક સભ્યોની અને ખાસ ટ્રસ્ટીઓની એ ફરજ છે કે દેવદ્રવ્યની એક પણ પાઈનો દુરુપયોગ ન થવો જોઈએ. દેવદ્રવ્યનું ભક્ષણ કરાય જ નહિ અને કરતાં હોય તેવાને રોકવા અટકાવવા અને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

દેવદ્રવ્યનું લેણું વસુલ કરવા શક્ય બધા જ ઉપાયો કરવા જોઈએ. દેવદ્રવ્યનું દેવું રાખીને મરનારને ભવોભવ ભુંડી રીતે ભટકવું પડે છે. દેવદ્રવ્યનું ભક્ષણ થતું હોય ત્યારે તેની ઉપેક્ષા સાધુ કરે તો તે સાધુય અનંત સંસારી થાય એમ શાસ્ત્રોમાં કહ્યું છે.

શાસ્ત્રમાં એક ઠેકાણે દૃષ્ટાન્ત આવે છે કે નંદ અને નાગદેવ બે ભાઈ છે. કુસુમપુર નગરના રાજાએ પોતાના દહેરાસરના દેવદ્રવ્યનો કારભાર આ બે ભાઈને સોંપ્યો છે. એકવાર નાનાભાઈ નાગદેવની આર્થિક સ્થિતિ બગડી એટલે એણે નિર્લજ્જ થઈને થોડું થોડું દેવદ્રવ્ય પોતાના અંગત કામોમાં વાપરવા માંડ્યું. તે વખતે મોટાભાઈએ એને રોકવા ઘણી મહેનત કરી પણ એ ન માન્યો. આ દુનિયામાં ઘણા ઠેકાણે કર્તવ્ય પાલન અને સગપણ (સંબંધ) બેનો સંઘર્ષ ચાલ્યો આવે છે એક બાજુ બાપ ન્યાયાધીશ હોય અને પોતાની જ કોર્ટમાં પોતાનો દીકરો આરોપી તરીકે આવ્યો હોય તે વખતે બાપ જો દીકરાનો પક્ષ તાણે તો બાપ અન્યાયી કહેવાય, ફરજ ચુક્યો ગણાય અને ન્યાયનું કર્તવ્ય બજાવે તો બધે પુજાય. તેમ અહીં મોટાભાઈને થયું કે, 'નાનોભાઈ છે તેથી શું થયું ? મારે તો મારૂં કર્તવ્ય બજાવતી વખતે સગપણ સામે લાવવાનું હોય નહિ. માટે હવે સવારે રાજાને ફરીયાદ કરીને પણ આને અટકાવવો જોઈએ' (ભલે પછી નાનોભાઈ પોતાના ઉપર રોષાયમાણ થાય અને સંબંધ બગડે તો ભલે) એવો દૃઢ વિચાર કરીને રાત્રે સૂઈ ગયો. પણ ભવિતવ્યતાવશ રાત્રે જ આયુષ્ય પુરૂં થઈ ગયું. પછી એ દેવલોકના મનુષ્યના ભવો કરી મનુષ્ય ભવોમાં સાત ભવ સુધી દીક્ષા આરાધી અંતે યુગંધર રાજર્ષિ બને છે.

બીજી બાજુ કોઈ રીતે રાજાને કાને વાત ગઈ એટલે રાજાએ નાનાભાઈનું સર્વસ્વ લઈ લીધું અને ગામ બહાર કાઢી મૂક્યો. છેલ્લે ૧૯ વર્ષ સુધી ભયંકર પીડા ભોગવીને સાત સાત વાર સાતમી નરક અને તિર્યંચના ભવો કર્યા.

ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને પણ કહ્યું છે (એવું શાસ્ત્રમાં આવે છે) હે ગૌતમ ! પરસ્ત્રી ગમન કરનાર અને દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર સાત સાત વાર સાતમી નરકે જાય છે.

ભક્ખણે દેવ દવ્વસ્સ, પરત્થી ગમણેણ ય ।
સત્તમં નરયં જંતિ, સત્તવારાઉ ગોયમા ॥

પછી એ નાનોભાઈ કોઢીયાનો ભવ કરે છે તેમાં જાતિસ્મરણ જ્ઞાન થાય છે અને યુગંધર ઋષિ (પહેલાના મોટાભાઈ)નો ભેટો થતાં તેમને પોતાના ભવો પૂછે



છે. છેવટે પોતાની દેવદ્રવ્ય ભક્ષણની ભયંકર ભૂલ ખ્યાલમાં આવતા. તેની આલોચના-પ્રાયશ્ચિત વગેરે કરીને સદ્‌ગતિમાં જાય છે. અનુક્રમે આ બંને મોક્ષે ગયા છે. દેવદ્રવ્યનું દેવું રહી ગયું હોય તો ભવાંતરોમાં ભરપાઈ કર્યા વિના છૂટાતું નથી.

આવા દૃષ્ટાન્તો તમને લૂખી ધમકી આપવા માટે કે ખોટી રીતે ગભરાવી-ડરાવવા માટે શાસ્ત્રકારોએ બનાવી માર્યા છે એવું નથી પણ એમના હૈયામાં આપણા પ્રત્યે અપાર કરુણા હતી. આપણે આવું પાપ કરીને દુર્ગતિમાં જતા હોઈએ તો બચાવવા માટે કહ્યા છે. સદ્‌ગતિમાં લઈ જવા કહ્યા છે.

માત્ર આપણા શાસ્ત્રકારોએ જ આવું કહ્યું છે એમ નહિ. જૈનેતર શાસ્ત્રકારોએ પણ આવું સ્પષ્ટ લખ્યું છે કે- "કંઠે પ્રાણ આવ્યા હોય તો પણ દેવદ્રવ્ય ખાઈશ નહિ, કારણ કે અગ્નિથી બળેલા વૃક્ષો ફરી નવપલ્લવિત થઈ શકે છે પણ દેવદ્રવ્યથી બળેલા મૂળથી નષ્ટ થયેલા ઉગરતા નથી."

પ્રાયઃ મહાભારત કે એવા કોઈ ગ્રન્થમાં પણ કહ્યું છે કે "પ્રભાસ્વંન ભુઝ્જીત" ભગવાનનું દ્રવ્ય ખાવું નહિ એમાં દૃષ્ટાન્ત પણ આવે છે કે યુધિષ્ઠિરના રાજ્યમાં કોઈ લોહી નીતરતો કૂતરો આવીને 'બ્રાહ્મણે મને માર્યો, મને ન્યાય આપો' માંગણી કરે છે. યુધિષ્ઠિર બ્રાહ્મણને બોલાવે છે, ગુનો સાબિત થાય છે, હવે યુધિષ્ઠિર કૂતરાને પૂછે છે કે 'બોલ એને શું સજા કરું ? ત્યારે કૂતરો કહે છે કે એને કોઈ મંદિરનો પૂજારી બનાવી દો. ત્યારે બધાને આશ્ચર્ય થાય છે કે સાત ભવ પહેલાં હું મંદિરમાં ઘીના દિવાની પૂજા કરીને ઘેર આવ્યો નખમાં ઘી ભરાયેલું અને મને ભાન ન રહ્યું ખાવા માટે ગરમાગરમ ખીચડીમાં હાથ નાખ્યો ત્યારે પેલું ઘી પીગળીને ખીચડીમાં આવ્યું તે ખાવામાં આવી ગયું તેથી મરીને સાતવાર હું કૂતરો થયો આ મારો સાતમો ભવ છે અને મને પૂર્વભવનું જ્ઞાન થયું છે, એટલે બોલી શકું છું ?

જુઓ ! આ જૈનેતર ગ્રન્થકારો પણ મંદિરના દ્રવ્યના ભક્ષણથી ભયંકર પાપ અને નુકશાન સ્પષ્ટ દેખાડે છે તો આપણા સર્વજ્ઞ ભગવંતના શાસ્ત્રો જ્યાં ભયંકર પાપ અને નુકશાનનો સંભવ હોય તેનાથી આપણને ચેતવ્યા વિના રહે ખરા ? માટે આ બધી લુખી ધમકી સમજતા નહિ. કર્મસત્તા આગળ કોઈનું ચાલવાનું નથી માટે ભગવાને-શાસ્ત્રકારોએ કરુણા બુદ્ધિથી આપણને અગાઉથી ચેતવ્યા છે.

આપણા શાસ્ત્રકારોએ બીજું પણ દ્રષ્ટાન્ત આપ્યું છે. અરવિંદપુર નગરમાં દેવસેન નામના શેઠને ત્યાં રોજ સવારે એક ઉંટડી આવીને ઉભી રહેતી હતી. શેઠ લાકડી મારી કાઢે તો ય ફરી ફરી પાછી આવે. છેવટે એના માલીક પાસેથી એ વેચાતી લઈ લીધી. એકવાર નગરમાં ધર્મઘોષસૂરિ નામના જ્ઞાની આચાર્ય પધાર્યા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ત્યારે શેઠે ઉંટડીની વાત પૂછી તો "શ્રી ધર્મઘોષસૂરિજીએ કહ્યું કે ગયા ભવમાં એ તારી માતા હતી. દેરાસરમાં સાંજે દીવો કર્યા પછી એ દીવાનો પ્રકાશ માટે ઘરના કામોમાં ઉપયોગ કરતી હતી એ રીતે દેવદ્રવ્યનો ઘરકામમાં ઉપયોગ કરવાના પાપને આલોચ્યા વિના મરી તેથી ઉંટડી થઈ છે અને હજુ તો એ આ સંસારમાં ઘણું ભટકશે.

આ તો એકદમ વ્યવહારુ વાત છે કે સજ્જન માણસ ક્યારેય તણખલા જેટલીય પારકી ચીજ લે નહિ અને પોતાના કામમાં વાપરે નહિ. તો પછી દેવદ્રવ્ય જેવી પવિત્ર ચીજનો ઉપયોગ પોતાના કામમાં શી રીતે થાય ? સમાજમાં પણ દિકરી કે બહેનનો પૈસા ખાય તે ખુબ નિંદાય છે કારણ કે લોકો સમજે છે કે બહેન કે દીકરીને તો દેવાનું જ હોય, તેમ અહીં દેવદ્રવ્યમાં તમારે તમારી શક્તિ મુજબ દીધે જ રાખવાનું હોય, સીધી કે આડકતરી રીતે લેવાની વાત સ્વપ્નમાંય ન થાય કારણ કે આ ભક્તિ ક્ષેત્ર છે.

અમારા સાંભળવા મુજબ કેટલાક લોકો આજે ધાર્મીક ટ્રસ્ટોના દેવદ્રવ્યની લાખોની રકમ બેંકોમાં મૂકી પોતાના ધંધા વેપાર માટે ક્રેડિટ લોન કે ઓવરડ્રાફ્ટ વગેરે લે છે અથવા તો બેંક એવી કોઈ સગવડ તેવાને કરી આપે છે પણ આ જો સાચું હોય તો જરાય ઈચ્છવા યોગ્ય નથી. દેવદ્રવ્યની ક્રેડીટ ઉપર આપણે કોઈ લાભ ઉઠાવીએ તો પણ દોષના ભાગીદાર થઈ જઈએ. કેટલાક તો પછી આવા આડકતરા લાભ ઉઠાવવા માટે જ બેંકોમાં દેવદ્રવ્ય જમા કરાવી રાખતા થઈ જાય તેમાં કેટલો અનર્થ થાય ? ઘણા વર્ષો પહેલાં એક શહેરના નામાંકિત અને ઘણા પ્રતિષ્ઠિત ધાર્મિક સજ્જને એકવાર દેવદ્રવ્યની ડીપોઝીટનો લાભ લેતા તો લઈ લીધો પણ પછી આખરે વાત જાહેર થતાં ઝેર ખાઈને આપઘાત કરવાનો માઠો અવસર આવી ગયેલો. આ રીતે એમનું કરુણ મોત થયું. તમે બધા આ વાતો ખૂબ ધ્યાનપૂર્વક ગંભીરતાથી સમજવા ઉદ્યમ કરો, નહિ તો નફાને બદલે ખોટનો વેપાર થઈ જશે. મુખ્ય વસ્તુ તમારે એ સમજવાની છે કે આપણે બધાએ મોક્ષે જવું હોય તો આજે મોક્ષમાર્ગ દર્શક સર્વજ્ઞ ભગવંતના શાસ્ત્રો અને પૂ.ગીતાર્થ ગુરૂદેવો કહે એ રીતે કરતા થવું જોઈએ. આ સર્વજ્ઞ ભગવાનનું શાસન છે. એટલે એમાં નાસ્તિકને તો સ્થાન હોય જ નહિ તેમજ જેને શાસ્ત્રો અને પૂ. ગીતાર્થ ગુરૂદેવો ઉપર જરાય વિશ્વાસ, શ્રદ્ધા કે આદર-બહુમાન જ ન હોય એવાને કોઈ ધાર્મિક ક્ષેત્રના વહીવટ કે સેવાની તક પણ ન જ હોય. ધાર્મિક ક્ષેત્રના વહિવટ કે સેવાની તક તેને જ મળી શકે કે જે શાસ્ત્રમાં કહ્યું હોય તે રીતે પૂ.ગીતાર્થ ગુરૂદેવોના માર્ગદર્શન મુજબ વહિવટ કરવા તૈયાર હોય. એમાં કેટલીક આધુનિક ડોક્ટર-વકીલ



કે કેળવણીકારો કે લેખક-વિચારકોની ઉચ્છંખલ વિચારસરણીને સ્થાન જ નથી. એટલે ધાર્મિક ક્ષેત્રોનો વહિવટ પોતાની સ્વતંત્ર કે સ્વચ્છંદ બુદ્ધિથી કરવાનો હોય જ નહિ જો બધા પોતપોતાને મનફાવતી રીતે વહીવટ કરવા બેસી જાય તો ઘણા બધા મોટા અનર્થો થાય. તેને રોકવા માટે તો આપણા શાસ્ત્રકાર મહર્ષિઓએ હિતકારી માર્ગદર્શન આપ્યું છે.

**દેવદ્રવ્યની સુંદર વ્યવસ્થાના લાભો :-**

એ માર્ગદર્શન મુજબ વહીવટ-વ્યવસ્થા સેવા કરનારના અશુભ કર્મો ખપે છે પુણ્યાનુબંધી શુભ પુણ્યકર્મની કમાણી થાય છે નિર્મળ યશ સાથે પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થાય છે તેમજ બીજાઓને માટે તે વહીવટદાર આદર્શરૂપ આલંબનરૂપ બને છે, એનાથી બીજા પણ ખોટું કરતાં અટકે છે,

વળી આપણા સંઘમાં દેવદ્રવ્યની ઉપજ પુષ્કળ હોય તો તે બીજા સ્થાનોમાં તીર્થોમાં કે જ્યાં બીજે જીર્ણોદ્ધારાદિની જરૂર હોય ત્યાં આપવાથી કેટલા બધા લાભ થાય છે તે જુઓ. આપણા મોટા ભાગના તીર્થો આ દેવદ્રવ્યના પ્રભાવે જ ઝાકઝમાળ રહે છે. બીજા સમ્પ્રદાયોના મંદિરો જુઓ, પડી ગયા હોય, ભાગ્યા તૂટ્યા હોય, સમારકામ થતું ન હોય, કોઈ કાળજી લેતું ન હોય, મંદિરોમાં ચામાચીડીયા ઘુસી ગયા હોય, પૈસો બધો પૂજારી લઈ જાય અને પોતાના કામમાં ખર્ચે પણ મંદિર માટે ન ખર્ચે, અથવા કંજુસાઈથી ખર્ચે, એટલે એમના મંદિરોમાં સાફ-સફાઈ પણ બરાબર થાય નહિ, અને કેટલીક વાર તો કેટલાક એમના મંદિરો જુગારીઓ અને શરાબીઓનો અડ્ડો પણ બની જાય છે. ત્યારે આપણે ત્યાં એના કરતાં હજારો ગણી સારી સ્થિતિ છે. એ બધો શાસ્ત્રીય માર્ગદર્શન મુજબ પરાપૂર્વથી ચાલી આવતી દેવદ્રવ્યાદિની સુંદર વ્યવસ્થાનો જ પ્રતાપ છે. કસ્તુરભાઈ શેઠે એકવાર ક્યાંક કહેલું કે મંદિરો વગેરેના વહીવટના સંબંધમાં બીજા બધા સમ્પ્રદાયો કરતાં આપણે ત્યાંની વ્યવસ્થાની સરકારીસ્તરે ખુબ જ સારી પ્રશંસા થઈ છે, તો એ ઈજ્જત આપણે કદાચ વધારી ન શકીએ તો ય ઘટાડવી તો ન જ જોઈએ !

તમે લોકો જાણો છો કે સાધુ ભગવંતો પાસે આવીને ગૃહસ્થો જ્ઞાનપૂજન કે ગુરૂપૂજન માટે જે પૈસા મુકે છે તેને સાધુઓ અડતા પણ નથી. જ્ઞાનપૂજન કે ગુરૂપૂજનની સંઘની પેટીમાં તે જમા થાય છે. હવે તમે જો દેવદ્રવ્ય વગેરેનું અપ્રશસ્ત મમત્વ રાખઈને તેની યોગ્ય વ્યવસ્થા નહિ કરો અને પછી એ તમારા મમત્વનો ચેપ ક્યાંક સાધુને લાગી જશે તો પછી તમે જ અમારી પાસે ફરિયાદ કરતા આવશો. સાહેબ ! ફલાણા સાધુ થાળીમાંના પૈસાના ગોટાળા કરે છે.... વગેરે... તો અમારી સાધુ સંસ્થાની પવિત્રતાને સુરક્ષિત રાખવા માટે પણ તમારે દેવદ્રવ્યાદિની



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

શાસ્ત્રીય વ્યવસ્થા કરવી જોઈએ. બીજા સમ્પ્રદાયોમાં તો એમના માલિકી થઈ જાય છે તેનાથી કેટલાક બધા અનિષ્ટ થાય છે. પાડ માનો આપણા સર્વજ્ઞ ભગવંતના શાસનનો કે આપણે ત્યાં એવું નથી થતું.

**દેવદ્રવ્ય સંબંધી પ્રશ્નોત્તરી :-**

**પ્રશ્ન-૧** સાહેબ ! ટ્રસ્ટીઓ તો દેવદ્રવ્ય વધુ હોય તો બીજે આપી દેવા તૈયાર હોય છે, પણ સંઘના જનરલ સભાસદો આપવા જાય તો વિરોધ કરે છે પછી કેમ થાય ?

**ઉત્તર :-** જુઓ ! કેટલીક વાર તો ટ્રસ્ટીને ના આપવા હોય ત્યારે એ જનરલ મિટિંગમાં કોઈને ચડાવીને લઈ આવે. પોતે વિરોધ ના કરે પણ પહેલેથઈ ગોઠવી રાખીને પેલાની પાસે વિરોધ કરાવે એટલે ટાઢા પાણીએ ખસ જાય. પણ આ તો મોટો વિશ્વાસઘાત છે. બીજી વાત, સંઘના જનરલ સભાસદ કે જે મિટિંગમાં ભાગ લેતા હોય તે લોકો શાસ્ત્રોને વફાદાર હોવા જોઈએ શાસ્ત્રને વફાદાર ન હોય તેમણે શ્રી સંઘની મિટીંગમાં બેસવું ઉચિત નથી. અને શાસ્ત્ર વફાદાર સભાસદો હોય તો પછી કોઈ વિરોધ કરવાનું પાપ બાંધવા તૈયાર જ ન થાય. પણ આજે કમનસીબી એવી છે કે જેઓને શાસ્ત્ર કે ધર્મ સાથે કે મંદિર ઉપાશ્રય સાથે કાંઈ લેવા દેવા ન હોય એવાય કેટલાક પૈસાના જોરે આગેવાન બની બેઠા હોય છે. અને વગર જરૂરે વહિવટમાં માથુ મારતા હોય છે તેઓ સમજે કાંઈ નહિ અને તાણે ઘણું એવા વખતે શાસ્ત્ર પ્રેમી શાણા શ્રાવકો અને ટ્રસ્ટીઓએ તેમને સમજાવી ગળે ઉતારવું જોઈએ. છતાંય એ વિરોધ કરે તો એવા એકાદ-બેને બાજુ પર રાખીને પણ શ્રી સંઘે દેવદ્રવ્યની આવક જરૂરીયાત જેટલી રાખીને બાકીની બધી બહારગામ કે તીર્થોમાં જરૂર હોય ત્યાં પૂ. ગીતાર્થ ગુરૂદેવોને પૂછીને મોકલાવી દેવી જોઈએ. આજના કાળમાં રાખી મુકવામાં તો ઘણું જોખમ દેખાય છે.

**પ્રશ્ન-૨** દેવદ્રવ્યમાંથી મૂર્તિ નિર્માણ કરાવી શકાય ?

**ઉત્તર :-** આજે તો મૂર્તિઓ ભરાવવા માટે પડાપડી છે એટલે આ સવાલ ઉભો થતો નથી, છતાં કોઈ સંયોગોમાં ભરાવવાની જરૂર પડે તો શ્રી જિનમૂર્તિ (બીજા કોઈ દેવ દેવીની નહિ) ભરાવી શકાય છે પણ એના લેખમાં ઉલ્લેખ થાય કે 'દેવદ્રવ્યમાંથી આ મૂર્તિ ભરાવી છે.' તે ઉચિત લેખાય. ગંધાર તીર્થમાં એક મૂર્તિ ઉપર આવો સ્પષ્ટ લેખ છે.

**પ્રશ્ન-૩** શ્રાવકો દેવદ્રવ્ય વ્યાજે લઈ શકે ?

**ઉત્તર :** શ્રાવકો દેવદ્રવ્ય વ્યાજે લે તેમાં ઘણો અનર્થ થવાનો સંભવ છે.



સમયસર વ્યાજ સાથે ન ચુકવી શકે, અથવા વ્યાજ ઓછું આપે, કદાચ કોઈવાર પોતાની સ્થિતિ બદલાઈ જવાથી મૂડી કે વ્યાજ પણ ભરપાઈ ન કરી શકે તો દેવદ્રવ્યના ભક્ષણના પાપથી ડૂબી જાય માટે શ્રાવકોએ દેવદ્રવ્ય વ્યાજે લેવું ડહાપણ ભરેલું નથી. વળી શાસ્ત્રકાર ભગવંતોએ તો કહ્યું છે કે જૈનેતરોને પણ દેવદ્રવ્ય સામે તેની કોઈ દાગીના-મિલ્કત વગેરે ગિરવે રાખીને પછી વ્યાજે આપવું - એમને એમ નહિ. એમને એમ વ્યાજે આપવાથી રકમ ડૂબી જવાનો આજે તો મોટો ભય છે. ગૃહસ્થો પોતાની રકમ હોય તો ઉઘરાણી કરવા દશવાર જાય ? પણ ધાર્મિક ક્ષેત્રની હોય તો ટ્રસ્ટી કેટલીકવાર જાય ? છે કોઈ દશ આંટા ખાવા તૈયાર ?

**પ્રશ્ન-૪** સાહેબ ? આપે પહેલાં કહ્યું કે દેવદ્રવ્યને નુકસાન થતું હોય તેની ઉપેક્ષા કરવાથી પાપ લાગે, પણ પારકા ગામમાં માથુ મારવા શી રીતે જવાય ?

**ઉત્તર :-** જુઓ ! આપણા ગામનો સંઘ કે બીજા ગામનો સંઘ એ બધા એક જ શ્રી મહાવીર ભગવાનના સંઘના પેટા વિભાગો છે પણ તમારે તો બીજા ગામના સંઘના દહેરાસરમાં જરૂર હોય તો પણ દેવદ્રવ્ય વગેરે ના આપવું પડે માટે એને પારકોગણો તે બરાબર નથી. બીજું સારાયે ભારતનો સંઘ એક જ હોવાથી કોઈપણ ગામનો શ્રાવક બીજા કોઈ ગામના સંઘમાં થઈ રહેલા દેવદ્રવ્યના નુકસાનને અટકાવવાનો અધિકારી ગણાય.

તમને ખબર નહીં હોય, પણ ગુજરાતમાં એક ગામના સ્થાનિક સંઘને અને એ ગામમાં બીજા ગામોમાંથી આવીને સ્થાયી બનેલા ગામડાવાળાઓને આ બાબતમાં મોટો ઝઘડો પડેલો, કેસ કોર્ટે ગયેલો અને કોર્ટે કસ્તુરભાઈ શેઠની જુબાની લીધેલી. ત્યારે તે વખતે કસ્તુરભાઈએ જુબાનીમાં કહેલું કે "ભારતના કોઈપણ ખૂણાના શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની મિલ્કતના વહીવટ માટે ભારતના કોઈપણ ખૂણામાં રહેતા શ્રાવકોને પૂછવાનો કે વહીવટ બરાબર ન ચાલતો હોય તો વાંધો ઉઠાવવાનો પૂરેપૂરો રાઈટ છે. આ અમારા સંઘની વ્યવસ્થા છે."

આનાથી તમે સમજી શકો છો કે બહારગામના શ્રાવકો પણ તમારા ગામમાં જો દેવદ્રવ્ય વગેરેના ગોટાળા ચાલતા હોય તો પૂછવા-કરવાના કે યોગ્ય રીતે અટકાવવા માટે અધિકારી છે તમારાથી એનું અપમાન ન થઈ શકે કે તમે કોણ પૂછવાવાળા ? પણ સાથે પૂછવાવાળો પોતે ય ચોક્ખો હોવો જોઈએ ! એ પોતે જ પોતાને ત્યાં જાતે ગોટાળો કરતો હોય પછી બીજાને શી રીતે પૂછવાની હામ ભીડી શકે ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૩૦) (લેખાંક : ૨)

**પ્રશ્ન-૫** સાહેબ ! દેવદ્રવ્યની બાબતમાં તમારા આચાર્યોમાં જ મતભેદ છે તો અમારે શું કરવું ?

**ઉત્તર :-** મને એમ લાગે છે કે આ વાતમાં કાંઈ તથ્ય નથી કારણ કે જે દ્રવ્યની સંજ્ઞા 'દેવદ્રવ્ય' થઈ ગઈ દેવદ્રવ્ય ખાતે જે જમા થયું અથવા સંઘમા વ્યાપકપણે જેને દેવદ્રવ્ય કહેવામાં આવે છે તે દેવદ્રવ્ય મૂર્તિ અને મંદિર સિવાયના સાધર્મિકો વગેરેના કાર્યોના પણ વાપરી શકાય- આવું પ્રાયઃ કોઈપણ આચાર્યે કહ્યું નથી અને સં. ૧૯૯૦ ના સાધુ સંમેલનમાં સર્વાનુમતે દેવદ્રવ્યનો ઠરાવ પણ થયેલો છે એટલે હવે કોઈ વિવાદ-વિખવાદ રહ્યો નથી. આમ છતાં કેટલાક ગૃહસ્થો પોતાનું ફાવતું મનમાન્યું કરી લેવા માટે કૃત્રિમ મતભેદને વધારે પડતું મહત્ત્વ આપ્યા કરે તે અયોગ્ય છે, વળી ખરેખર જો મતભેદ હોય તો તેનો પરસ્પર પ્રેમ સદ્ભાવ, સહાનુભૂતિ, વિશ્વાસ કેળવીને શાસ્ત્ર અને સુવિહિત પરંપરાના આધારે નિકાલ લાવી શકાય છે. પણ એવું ન થાય ત્યાં સુધી મતભેદને ઉગ્ર સ્વરૂપ આપીને તમે તમારું ફાવતું કરવા લાગી જાઓ તે વાતમાં તો કોઈ જ સુવિહિત આચાર્ય સંમત થાય નહિ.

**પ્રશ્ન-૬** દેવદ્રવ્યના ઘણા સંઘોમા લાખો રૂપિયા વગર જરૂરે વધારાના જ પડ્યા હોય છે તો ત્યાં બોલીઓ વગેરે ન બોલે તો ?

**ઉત્તર :-** તમારે ત્યાં ધંધાદારી પેઢીમાં દર વર્ષે વેપાર ધંધામા લાખો રૂપિયા વધતા જાય છે ત્યાં આવો વિચાર આવતો નથી અને દેવદ્રવ્યમાં જ કેમ આવો વિચાર આવે છે ? 'દેવદ્રવ્ય ખૂબ વધી ગયું છે આવી ભ્રમણમાં તણાવાની જરૂર નથી. એમ કહો કે ઉપધાન-પ્રતિષ્ઠા વિ. થઈ ગયા પછી તેના ચઢાવાનું દ્રવ્ય છ-બાર મહિનામાં જ્યાં દેરાસરો માટે જરૂર હોય ત્યાં મોકલી આપવાને બદલે બેંકોમાં જમા કરી રખાય છે એટલે જ તમને વધી ગયેલું દેખાય છે.

"ધાર્મિક ટ્રસ્ટોમાં ટ્રસ્ટના ખર્ચાઓ ઉપરાંત વધારાના પડી રહેતા નાણાને સરકાર લોકોપયોગી કાર્યો માટે લોન વગેરે રૂપે લઈને વાપરી શકે કે એમ" એ તપાસવા માટે સરકારે ટેન્ડુલકર કમિટિ (પંચ)ની રચના કરેલી. કસ્તુરભાઈ શેઠે પણ એમાં જુબાની આપી છે. પંચે વારે ઘડીએ શેઠને જુદી જુદી રીતે એક જ વાત પૂછેલી કે તમારા ધાર્મિક ટ્રસ્ટોનાં નાણા જેવા કે દેવદ્રવ્ય વગેરે તમારે ત્યાં જરૂરીયાત પ્રમાણે વાપરી લીધા પછી ઘણા વધે છે કે નહી, અને સરકાર તે વાપરી શકે કે



કેમ ? ત્યારે તે વખતે શેઠે ઠોકી ઠોકીને એક જ વાત કરેલી કે "અમારા ધાર્મિક ટ્રસ્ટોના નાણાનો વધારો છે આ વાત જ ભૂલી જાઓ. કારણ કે અમારા હજારો જિનમંદિરો નાણાના અભાવે જીર્ણોદ્ધારની રાહ જોઈ રહ્યા છે. અને જીર્ણોદ્ધારના ખર્ચા કાંઈ નાના સૂના નથી. એકમાત્ર દેલવાડા (આબુ)ના અમુક ભાગના જીર્ણોદ્ધાર માટે જ ૨૧ લાખ રૂપીયાનો ખર્ચ છે. તો બીજા બધાના જીર્ણોદ્ધાર માટે અમારે કેટલું બધું નાણું જોઈએ ? (નવા દેરાસરના નિર્માણની વાત દૂર) વળી આજે કદાચ આપને ક્યાંક વધારો લાગ્યો હોય, પણ અમારા કયા દેરાસરને ક્યારે કોઈ કુદરતી રીતે નુકશાન થઈ જાય અને તે વખતે અમારે અચાનક તેના સમારકામ માટે જરૂર પડે તે અત્યારથી કહી શકાય નહિ; માટે અમારે ત્યાં વધારો એ વધારો નથી."

માટે અમે તમને પણ કહીએ છીએ કે 'દેવદ્રવ્યની આવક બહુ વધી ગઈ છે માટે તેની બોલીઓ બંધ કરો, એવો વિચાર કરશો જ નહી. તમારે ના બોલવી હોય તો નહિ બોલતા પણ બોલનારનો ઉત્સાહ ભાંગતા નહિ. સોમનાથ પાટણના શિવ મંદિરનો જીર્ણોદ્ધાર સરકારે કરાવ્યો. આપણે સરકારના ઓશિયાળા બનવું નથી. આપણા દેરાસરોનો જીર્ણોદ્ધાર આપણે જ કરશું.

**પ્રશ્ન-૭** દેવદ્રવ્યમાંથી ઉપાશ્રય તો બાંધી શકાય ને ?

**ઉત્તર :-** પહેલા કહેવાઈ ગયું છે કે દેવદ્રવ્યનો ઉપયોગ દેરાસરને લગતા કામો સિવાય બીજે ન જ થાય. તો પછી ઉપાશ્રય શી રીતે બાંધી શકાય ? શ્રાવક દેવદ્રવ્યના પૈસા વ્યાજે પણ લે નહિ. અત્યંત અપવાદ સ્થિતિમાં લે તો સામે પોતાના મકાન વિગેરે એટલી કે એથીય વધુ કિંમતના ગિરવે મૂકે, તો પછી કશુંય સામે જોખ્યા વિના દેવદ્રવ્યમાંથી લોન લઈને પણ ઉપાશ્રય શી રીતે બંધાય ? દેવદ્રવ્યમાંથી લોન લઈને ઉપાશ્રય બાંધવાથી ખોટી પરંપરા ચાલુ થાય અને પછી દેવદ્રવ્ય ડૂબી જાય તો જમીન કે જવાબદાર કોણ ? સાધુ સાધ્વી વૈયાવચ્ચ માટે કે શ્રાવકો માટે પણ દેવદ્રવ્ય વાપરી ન શકાય.

**પ્રશ્ન-૮ :** ઘણા ઠેકાણે દેરાસરના બાર મહીનાના ખર્ચ માટે કે બીજા કોઈ કામ માટે જે બાર મહીનાની તીથીઓ નોંધીને પછી એનું વ્યાજ તે તે કામ માટે વપરાય છે ત્યાં તે એ રકમ આખરે ફરજિયાત બેંકોમાં મૂકવી જ પડે ને ?

**ઉત્તર :** જે રકમોનું ખાલી વ્યાજ જ વાપરવાનું હોય તેવી રકમો બેંકોમાં મૂકવી જ પડતી હોય તો તેના માટે આપણે સાથે મળીને કોઈ ઉકેલ શોધવો જ પડશે. આવા વખતે ખરેખર તમારી વાણીયાશાહી બુદ્ધિની કસોટી છે અને તમે જેમ આજે સરકારી કાયદાઓમાંથી તમારી બુદ્ધિ લડાવીને કે વકીલોની સલાહ લઈને યેનકેન પ્રકારેણ છટકબારીઓ શોધી કાઢીને કેટલાય રૂપીયા બચાવી લો છો.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

તો અહીં ધર્મક્ષેત્રમાં આવા સમયે શું કરવું તે માટે તમે કેમ બુદ્ધિને તકલીફ આપતા નથી ? કાયદા વગેરેનું જ્ઞાન બરાબર પ્રાપ્ત કરીને તમે અહીં પણ ઉકેલ શોધી શકો તેવી વાણીયાશાહી બુદ્ધિ તમારી પાસે છે,

અકબર બાદશાહે ભર દરબારમાં પ્રશ્ન કરેલો કે 'હું કરી શકું પણ ખુદા ન કરી શકે એવું કાર્ય કર્યું ?' ભલભલા વિદ્વાનો, પંડિતો, શાસ્ત્રીઓ અને મુલ્લાઓની બુદ્ધિ ત્યારે ન ચાલી. પણ એક જૈન વણિક લક્ષ્મીચંદ (જેનું હુલામણું નામ લખુ વાણીયો હતું) તેને ભેજું લઢાવીને ફટ ઉત્તર આપ્યો કે ઈશ્વર તો બધા જ સ્થાનનો માલીક એટલે એ કોઈને દેશનિકાલની સજા ન કરી શકે. પણ તમે તો એક નાનકડા ટુકડાના જ માલિક એટલે તમે કોઈને દેશનિકાલની સજા કરી શકો. આખી સભા મોંમા આંગળા નાખી ગઈ. તમે બધા પણ વાણીયાના જ અવતાર છો તો બુદ્ધિને બરાબર કરશો; એટલે ઉકેલ જરૂર મળશે. પણ મોટી ખોટ એ છે કે, તમને તમારા દ્રવ્યની જેટલી પડી છે એટલી ચિંતા દેવદ્રવ્ય વગેરેની તમે નથી કરતા. માટે સારા ધાર્મિક વૃત્તિવાળા કાયદાના જાણકારો સાથે વિચાર-પરામર્શ કરીને એનો ઉકેલ શોધવો જોઈએ. મુસલમાનોએ જેમ કાયદામાંથી છૂટછાટો મેળવી છે તેમ આપણે પણ સકલ સંઘનો એક અવાજ રજૂ કરીને આપણી ધાર્મિક મર્યાદાઓ જળવાય તે માટે કાયદામાંથી છૂટછાટ કેમ ન મેળવી શકીએ ?

(૩) **જિનાગમક્ષેત્ર**

પરમાત્માએ ગણધર... મહારાજને ત્રિપદી-ત્રણ પદોનો ઉપદેશ કર્યો. એ ત્રણ પદોના શ્રવણના પ્રભાવે ગણધર ભગવંતોને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ પ્રગટ્યો અને બે ઘડીની અંદર અંદર ત્યાં ને ત્યાં 'દ્વાદશાંગ'-બાર અંગોની રચના કરી. સાથે સાથે અંગ બાહ્ય આવશ્યક સૂત્રો વગેરેની પણ રચના કરી. તીર્થંકર પરમાત્માએ અર્થથી કહેલી અને શ્રી ગણધરોએ સૂત્રથી ગૂંથેલી આ આગમ વાણીનું આજે પણ દુનિયામાં ઉત્કૃષ્ટ સ્થાન-મહત્ત્વ છે. (પૂ. હરિભદ્રસૂરિ. મ. જેવાએ કહ્યું છે કે 'જો આ જિનાગમ ન હોત તો અનાથ એવા અમારું શું થાત ?') આજે તો મોક્ષમાર્ગની સાધનાનો બહુમૂલ્ય આધાર આ જિનાગમ છે. એ એવો શ્રેષ્ઠ પ્રકાશ આપે છે જેનાથી ભાન ભૂલેલા ગુમરાહ બનેલા આત્માઓ મુક્તિમાર્ગના યાત્રિક બની જાય છે. આ જિનાગમોમાં જે શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન સમાયેલું છે. તે દુનીયાના પ્રાચીન-અર્વાચીન બીજા કોઈ પણ સમ્પ્રદાયોના ગ્રંથોમાં મળવું અતિદુર્લભ છે.

તમને બધાને જેટલી કિંમત તમારા ઘર બાર વગેરેની છે એટલી આ ભગવાનની વાણીની નથી એ બહુ અફસોસની વાત છે. તમને જેટલી શાસ્ત્રો ભણવાનો અધિકાર છે. એટલા પણ શાસ્ત્ર ભણવા માટે તમારામાં કોઈ તૈયાર થતું



નથી. એટલે આ ભગવાનની વાણીનું ખરું મૂલ્ય તમને નહિ સમજાય, પણ સમ્મતિતર્ક, અનેકાન્ત જય પતાકા, કર્મગ્રન્થો કમ્મપયડિ વગેરે આપણા પૂર્વાચાર્યોએ રચેલા ગ્રંથો વાંચીને દિગમૂઢ થઈ જાય છે.

**જ્ઞાનભંડારોની સ્થાપના :-** શ્રી મહાવીર પ્રભુ પછી લગભગ ૯૮૦ વર્ષ સુધી તો મોઢે ને મોઢે ગુરુઓ શિષ્યને ભણાવતા હતા. પણ પછી ધારણાશક્તિ-સ્મરણશક્તિમાં નોંધપાત્ર ઘટાડો થવાથી તે કાળે ઉપલબ્ધ શ્રુત-સાહિત્ય લખવાની આવશ્યકતા ઊભી થઈ અને પૂ. દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણ મહારાજના નેતૃત્ત્વ નીચે આગમો વગેરે લખવાની-લખાવવાની પરંપરા ચાલુ થઈ, તે આપણા પૂર્વજોએ આજસુધી ટકાવી રાખી છે. આજે લીંબડી-પાટણ-ખંભાત-જૈસલમેર વિગેરે સ્થળોએ તાડપત્ર ઉપર લખાયેલા ગ્રન્થોના વિશાળ ભંડારો અને બીજા પણ કાગળ પર લખાયેલા લાખો હસ્તલિખિત પત્રોના જ્ઞાનભંડારો આપણા પૂર્વજોનો અમૂલ્ય વારસો છે, જે આપણા સદ્ભાગ્યે આપણને મળ્યો છે. ઈતિહાસ બોલે છે કે લગભગ ૧૩ માં કે ૧૪ માં સૈકામાં મુસલમાનોએ લુટફાટ કરીને છ-છ મહીના સુધી આપણા ગ્રંથો બાળીને રસોઈ રાંધી. આ રીતે કમનસીબે આપણા હજારો ગ્રંથો નાશ પામી ગયા છે. હવે જે કાંઈ બચ્યું છે તે નષ્ટ થયેલા ગ્રન્થોની અપેક્ષાએ ટીપા જેટલું હોવા છતાં આપણા માટે વિશાળ મીઠા જળના સરોવર જેવું છે. એને સાચવવા-સલામત રાખવા અને થાય એટલી તેની વૃદ્ધિ કરવા તનતોડ મહેનત તમારે પણ કરવી જોઈએ. આ મહાન શ્રુત ભક્તિ છે. એનાથી જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ અને ક્ષય થાય એ મોટો લાભ છે. બને ત્યાં સુધી એની આશાતનાથી દૂર રહેવું જોઈએ.

**વર્તમાનમાં તમારું કર્તવ્ય :-** તમારું હવે શ્રુત ભક્તિરૂપે એ કર્તવ્ય બની જાય છે. કે તમારા ગામ-નગરમાં જે જુનો જ્ઞાનભંડાર હોય તો તેની સુંદર સાચવણી થવી જોઈએ અને જે ગ્રંથો ન હોય તે નવા મળે એટલા વસાવી લેવા જોઈએ. વળી જ્ઞાનભંડાર ન હોય તો નવો જ્ઞાનભંડાર સુરક્ષિત સ્થળે બનાવવો જોઈએ અને તેને ઉધઈ-કીડા ન લાગે, આગ ન લાગે, ચોમાસામાં પાણીથી ભીંજાય નહિ તે માટે કાળજી લેવી જોઈએ. તમારામાંથી ઘણાની એ ફરીયાદ છે કે 'આ બાજુ (દક્ષિણમાં) સાધુ-સાધ્વીઓ ખાસ આવતા નથી, બધા ગુજરાતમાં અને મુંબઈ વગેરેમાં જ વિચરે છે.'-પણ આવે શી રીતે ? સાધુ-સાધ્વીઓ પોતાના જ્ઞાન-દર્શન-સંયમની વૃદ્ધિ થતી હોય તેવા ક્ષેત્રોમાં વિચરે. ગુજરાત વગેરે સ્થળે સાધુ-સાધ્વીને ભણવાની અનુકૂળતા ઘણી મળે ત્યારે આ બાજુના ગામ-નગરોમાં જ્ઞાનભંડારો ગણ્યા-ગાંઠ્યા બે-ચાર મળે અને તેમાંય જે ગ્રન્થો જોઈએ તે ન હોય



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

અથવા જલ્દીથી કાઢી આપનાર ન હોય, ત્યારે પાછા મુંબઈ અમદાવાદથી મંગાવવા પડે. વળી અમારે તો જૈનેતર દર્શન, ગ્રન્થોના અભ્યાસની પણ જરૂર પડે એ માટે જ જે પંડિતો મળવા જોઈએ તે ય ગુજરાત-મુંબઈમાં મલે પણ આ બાજુ ભાગ્યે જ મલે છે, પછી સાધુ સાધ્વી આ બાજુ શી રીતે વિચરે ?

માટે તમારું આ કર્તવ્ય છે કે નાણાકોથળીનો મોહ છોડીને શ્રુત ભક્તિમાં દિલ લગાવી સાધુ-સાધ્વીને ભણવા માટેની સગવડો રૂપે જ્ઞાનભંડારો વગેરેની વ્યવસ્થા ગામેગામ ઊભી કરો. તમને પરમાત્માની કૃપાથી જે લક્ષ્મી મળી છે તેનો થાય એટલો શ્રુત ભક્તિમાં સદ્વ્યય કરો.

**જ્ઞાનદ્રવ્ય અને આવકના સાધનો :-** જ્ઞાનભંડારોના આગમ વગેરે ગ્રન્થો-પોથીઓ. ગ્રન્થો રાખવાની પેટીઓ વગેરે જ્ઞાનદ્રવ્ય કહેવાય. તેમજ જ્ઞાનભંડારોની સાચવણી, રક્ષા અને વૃદ્ધિ માટે સંચિત થયેલું દ્રવ્ય તે પણ જ્ઞાનદ્રવ્ય કહેવાય.

૧ શ્રી સંઘ હસ્તકના જ્ઞાનભંડારો એટલે કે જ્ઞાન ખાતામાં શ્રુતભક્તિ માટે જે દાન કરવામાં આવે તેનું દ્રવ્ય તે જ્ઞાનદ્રવ્ય કહેવાય. શ્રાવકોએ જ્ઞાનવરણકર્મના ક્ષય માટે આ ક્ષેત્રમાં યથાશક્તિ નિત્ય દાન કરતાં રહેવું જોઈએ.

૨. ચોમાસા વગેરેમાં પ્રતિક્રમણમાં જે સૂત્રો બોલાવાની ઉછામણી બોલાય છે તે બોલીનું દ્રવ્ય જ્ઞાનદ્રવ્ય કહેવાય. જ્ઞાનખાતામાં જમા થાય.

૩. જ્ઞાનની થાળીમાં જે જ્ઞાન ઉપર પૈસા કે વીંટી વિ. મૂકીને જ્ઞાનનું પૂજન કરાય છે તે પૈસા કે વીંટી વિ. જ્ઞાનખાતામાં જમા થાય.

૪. પર્યુષણ વિ. માં સૂત્ર વાંચનનો લાભ લેવા માટે જે શાસ્ત્રો વહોરાવવાની અને તે શાસ્ત્રોના પૂજનની બોલીઓ બોલાય તેનું દ્રવ્ય જ્ઞાનખાતામાં જમા થાય.

૫. ઉજમણામાં જે જ્ઞાનના સાપડા વગેરે ઉપકરણો, પુસ્તકો વિ. મુક્યા હોય તે જ્ઞાનભંડાર ખાતે જમા થઈ શકે.

૬. જ્ઞાનદ્રવ્યની વૃદ્ધિ માટે જ્ઞાન સંબંધી જે કાંઈ બોલી બોલાય તે જ્ઞાનખાતામાં જમા થાય.

૭. જ્ઞાનપંચમીના દિવસે શ્રાવકો-શ્રાવિકાઓ જે જ્ઞાન સમક્ષ કોરા કાગળ પેન-પેન્સીલ-ફુટપટ્ટી વગેરે અર્પણ કરે છે. તે બધું જ્ઞાનદ્રવ્ય કહેવાય. એટલે શ્રાવકો તેના પોતાના અંગત કામમાં ઉપયોગ કરી શકે નહિ.

**શ્રુતભક્તિ માટે શાસ્ત્ર ગ્રન્થ લેખન :-**

'મણ્ણહ જિણાણ' સજ્ઝાયમાં 'શાસ્ત્રો લખવા' એ તમારું શ્રાવકોનું પણ કર્તવ્ય દર્શાવ્યું છે. એટલે તમારે પૂ. ગીતાર્થ ગુરુદેવોનો માર્ગદર્શન મુજબ શાસ્ત્રગ્રન્થો સારા સ્પષ્ટ-સ્વચ્છ અક્ષરે લખવા જોઈએ તમારા અક્ષરો સારા હશે તો યુગોના



યુગો સુધી અમર બની જશે. ગુજરાત રાજ્યના મહામંત્રી વસ્તુપાળ શ્રાવકની પોતાના સ્વહસ્તે લખેલી તાડપત્રની પ્રત આજે ખંભાતમાં વિદ્યમાન છે.

તમે ન લખી શકો તો તમારા પોતાના ખર્ચે સારા લહિયાઓને પગારદાર રાખીને તેમની પાસે સારા અક્ષરે લખાવી શકો છો. વસ્તુપાળ-તેજપાળ શ્રાવકોએ આવી રીતે શાસ્ત્રો લખાવીને ૨૧ જ્ઞાનભંડારોની સ્થાપના કરી હતી. તમારા અનેક પૂર્વજોએ આવા તો સેંકડો હજારો નહિ લાખો શાસ્ત્રગ્રન્થો લખાવ્યા હતા. તેમાં કેટલાક સોનાની શાહીથી કેટલાક ચાંદીની શાહીથી અને તે પણ સાચા મોતી વગેરેમાંથી બનાવેલા રંગોથી રંગેલા ભગવાનના ચિત્રો વગેરેથી સમજાવ્યા છે એમાં લાખો રૂપીયા લેખે લગાડ્યા છે આજે આપણા જ્ઞાનભંડારોમાં એવી પણ કેટલીક પ્રતો છે જે એક એકની કિંમત લાખો રૂપીયા થાય તેમ છે. તમે ચિત્રકલાના પણ ઉત્કૃષ્ટ નમૂનાઓ છે. એટલે તો પરદેશીઓ લાખો રૂપીયા ખર્ચીને આપણી હસ્તલિખિત પ્રતિઓની ઉઠાંતરી કરાવે છે, અને આજે પરદેશમાં આપણી હસ્તપ્રેમના પણ મોટા મોટા સંગ્રહો થઈ ગયા છે. એ લોકો એને ગુપ્ત જ્ઞાનના ખજાના તરીકે ઓળખે છે. માટે તમે ચેતી જાઓ જે ગયું તે ગયું પણ હવે વધુ જાયનહિ, તે એટલું સાચવીએ અને તેમાં તમે તમારી લક્ષ્મી ખર્ચીને શાસ્ત્રગ્રન્થો લખાવો છપાવવા જેવા હોય તે પૂ. ગીતાર્થ ગુરુઓના માર્ગદર્શનથી છપાવો અને એનો સંગ્રહ કરીને મોટા મોટા જ્ઞાનભંડારો બનાવી શકો છો.

**જ્ઞાનદ્રવ્યનો સદુપયોગ :-**

૧- જ્ઞાનખાતાના દ્રવ્યમાંથી શ્રી સંઘના જ્ઞાનભંડારો માટે શાસ્ત્ર ગ્રન્થો ખરીદી શકાય તેને પૂંઠા ચઢાવવાનો તથા કાપડની પોથીઓ બનાવવાનો ખર્ચ પણ થઈ શકે. તેની દેખરેખ માટે કોઈ જૈનેતરને રાખ્યો હોય તો તેને પગાર પણ તેમાંથી આપી શકાય છે.

૨- સાધુ-સાધ્વીને ભણવા સંશોધન વગેરેના કામમાં જે જે ગ્રન્થોની જરૂર પડે તે ગ્રન્થો જ્ઞાનખાતામાંતી ખરીદીને તેમને વહોરાવી શકાય.

૩- સાધુ-સાધ્વીને ભણવા માટે જૈનેતર પંડિતો રાખ્યા હોય તો તેમના પગાર, ગાડીભાડુ વગેરેના ખર્ચ જ્ઞાન ખાતામાંથી થઈ શકે.

૪- સાધુ-સાધ્વીને પેન-પેન્સીલ-સાપડા કે સ્ટેશનરી કાગળ વગેરે જ્ઞાનખાતામાંથી આપી શકાય.

૫- હસ્તલખિત શાસ્ત્રગ્રન્થો લખાવવા માટે રાખેલા જૈનેતર લહીયાઓને પૂ. ગુરુદેવોની સૂચના મુજબ જ્ઞાનખાતામાંથી પગાર કે ગાડીભાડુ વગેરે આપી શકાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

૬- આજે એક એક શાસ્ત્રગ્રન્થો છપાવવા માટે હજારો રૂપિયાની જરૂર પડે છે તો તે ખર્ચ પણ પૂ. ગીતાર્થ ગુરુદેવની સૂચના મુજબ જ્ઞાનખાતામાંથી થઈ શકે. આ બધા કામો માટે જ્ઞાનખાતુ ખૂબ સદ્ધર બનાવવું જોઈએ.

**જ્ઞાનભંડાર રક્ષા-વ્યવસ્થા :-**

દરેક જૈન સંઘોએ સમ્યગ્જ્ઞાનની આરાધના માટે સ્વદ્રવ્ય વ્યયથી કે જ્ઞાનદ્રવ્ય વ્યયથી જે જ્ઞાનભંડારો બનાવ્યા હોય તેને કોઈ નુકશાન ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

આગ ન લાગે તથા ચોમાસામાં પાણીથી ભીંજાય નહિ, તેલ વગેરેથી પુસ્તકો ચીકણા થાય નહિ, તે માટે કાળજી કરવી. તથા ઉધઈ કંસારી વગેરે જીવાતોથી પુસ્તકો ખવાઈ ન જાય તે માટે દરેક કબાટોમાં ઘોડાવજ (આસુગંધ) ના ભુકાની પોટલીઓ બનાવી મૂકવી જોઈએ. વર્ષે બે વર્ષે તે પોટલીઓ બદલતા રહેવું જોઈએ આ બધા કામો માટે ખાસ કાળજી કરી સમયનો ભોગ આપવો જોઈએ.

જ્ઞાનભંડારના પુસ્તકો વ્યવસ્થિત ગોઠવીને લીસ્ટ બનાવીને રાખવું, કોઈ સાધુ-સાધ્વીને વાંચવા-ભણવા આપ્યા હોય તે પાછા આવે ત્યારે પાછા તેના નંબર પ્રમાણે ગોઠવી દેવા. એમ ને એમ પડી રહેવા દેવા નહિ. ભણવા માટે ગામ-બહારગામના સાધુ-સાધ્વીને હાથોહાથ પહોંચાડવાની વ્યવસ્થા કરવી જોઈએ.

**જ્ઞાનખાતા સંબંધી પ્રશ્નોત્તરી :-**

**પ્રશ્ન-૧** જ્ઞાનખાતાના પૈસાથી પાઠશાળા ચલાવી શકાય ?

**ઉત્તર :** જ્ઞાનખાતાના પૈસાતી પાઠશાળા ન ચલાવાય. તમે તમારા છોકરાઓને સ્કૂલ કોલેજોમાં ભણાવો છો અને પ્રાઈવેટ ટ્યુશન અપાવો છો તેમાં હજારો રૂપિયાનો ખર્ચો વ્યક્તિગત રીતે કરો છો તો પછી ધાર્મિક પાઠશાળા માટે જ્ઞાનદ્રવ્ય તરફ કેમ નજર કરો છો ? તમે વ્યક્તિગત રીતે કે સકલ સંઘ ભેગો થઈને પાઠશાળાના શિક્ષકને પગાર આપવા માટે કે બીજા કામો માટે મોટું ફંડ કરીને પાઠશાળા ચલાવી શકો તેમ છો. જ્ઞાનખાતાનું દ્રવ્ય તો મુખ્યપણે સાધુ સાધ્વીને ભણાવામાં થતા ખર્ચ માટે અને જ્ઞાનભંડારોમાં વૃદ્ધિ તથા સાર-સંભાળ માટે છે. તેથી તે તમારા શ્રાવકોના કામમાં ન આવી શકે.

**પ્રશ્ન-૨ :** સ્કુલ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને ભણવા માટે જ્ઞાનખાતામાંથી સહાય આપી શકાય ?

**ઉત્તર :** ધાર્મિક પાઠશાળાને પણ જ્ઞાનખાતામાં પૈસાથી મદદ ન થાય તો વ્યવહારિક કેળવણી માટે સ્કુલ કોલેજના વિદ્યાર્થીઓને શી રીતે મદદ થઈ શકે ? એ તો તમારું વ્યવહારિક-સામાજિક કે કૌટુંબિક કાર્ય છે તેમાં કોઈપણ સાતક્ષેત્ર કે



સાધારણ ખાતાનું દ્રવ્ય ન વાપરી શકાય.

**પ્રશ્ન-૩ :** પાઠશાળાના છોકરાઓને બે પ્રતિક્રમણ વગેરેના પુસ્તકો જ્ઞાનખાતામાંથી આપી શકાય ?

**ઉત્તર :** પાઠશાળાના છોકરાઓને ભણવાના પુસ્તકોના ખર્ચ તો તેમના મા બાપ કે વડીલોએ જ ઉઠાવવાનો હોય, તેઓ અશક્ત હોય તો સંઘ તેવાને માટે સહાય કરવાનું અલગ ફંડ કરી શકે પણ જ્ઞાનખાતાના પૈસાનો ઉપયોગ તેમાં ન થાય. અનિવાર્ય દશામાં એ પુસ્તકો સંઘના જ્ઞાનભંડારના પુસ્તકો તરીકે જ્ઞાનખાતામાંથી લાવી શકાય અને વિદ્યાર્થીઓ એનાથી ભણે એનો નકરો આપવો જોઈએ. તેમજ એ પુસ્તક નવા જેવું રહે એ કાળજી રાખવી જોઈએ. પરંતુ આ નકરો અને કાળજીની વ્યવસ્થા કોણ સંભાળશે ? માટે બહેતર છે કે પાઠશાળા માટે પ્રતિક્રમણાદિ પુસ્તકો ગૃહસ્થોએ પોતાના સ્વદ્રવ્યથી ખરીદવા જોઈએ.

**પ્રશ્ન-૪ :** જ્ઞાનખાતામાંથી છપાયેલા પુસ્તકો ગૃહસ્થોને ભેટ આપી શકાય ? અથવા તેઓ માલિકી કરી શકે ?

**ઉત્તર :** જ્ઞાખાતામાંથી છપાયેલું પુસ્તક સાધુ-સાધ્વીને જ વગર મૂલ્યે આપી શકાય; ગૃહસ્થોને નહિ. કેમકે ગૃહસ્થો તેના પર પોતાની માલિકી સ્થાપી શકે નહિ જ્ઞાનભંડારના પુસ્તકો ગૃહસ્થો પોતાના સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ માટે માત્ર અભ્યાસ કરવા વાપરતાં હોય તો તે પણ શક્તિ મુજબ નકરો આપીને વાપરવા જોઈએ. બહારની લાયબ્રેરીઓ પણ પુસ્તકો વાંચવાની ફી રાખે છે. મફત કોઈને પુસ્તકો આપી દેવાતા નથી.

તમારું કર્તવ્ય જિનાગમ ક્ષેત્રની ભક્તિ કરવાનું છે, અંગત કામોમાં ઉપયોગ કરવાનું નહિ તે સમજી રાખવું જોઈએ.

**લાભ અને ગેરલાભ :-** જ્ઞાનદ્રવ્ય-જ્ઞાનભંડાર વગેરેની સાચવણી-રક્ષા સારસંભાળ કરવાથી જ્ઞાનાવરણ વગેરે અશુભ કર્મો ખપે છે. શુભ કર્મ પુણ્યાનુબંધીનો સંચય થાય છે અને પોતાના સમ્યક્‌જ્ઞાનના ક્ષયોપશમમાં વૃદ્ધિ થાય છે. સ્મૃતિ-ધારણા શક્તિ વધે છે.

જ્ઞાનદ્રવ્ય, જ્ઞાનભંડારના પુસ્તકોનો મરજ મુજબ દુરુપયોગ કરવાથી, જ્ઞાનના પુસ્તકો વગેરેની આશાતના-અવિનય કરવાથી જ્ઞાનદ્રવ્યનું સ્વોપભોગમાં ભક્ષણ કરવાથી આ જ ભવમાં અજ્ઞાની-ગાંડા-પાગલ-બહેરા-મુંગા-બોબડા બનવાનું ભારે નુકશાન થાય છે અને પરલોકમાં દુર્ગતિ પ્રાપ્ત થાય છે.

એક વાત યાદ રાખો કે આપણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે જવું છે, અજ્ઞાનીપણે સંસારમાં રખડતા રહેવું નથી. માટે તન-મન અને ધનથી જિનાગમ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ક્ષેત્રના જેટલા ભક્તિ બહુમાન કરો. એટલા ઓછા છે. પણ જ્ઞાનદ્રવ્યના ભક્ષણથી તો ખાસ બચવા જેવું છે એ ભૂલશો નહિ.

**(૪-૫) સાધુ-સાધ્વી ક્ષેત્ર**

પરમાત્માની આજ્ઞા મુજબ સંયમ પાળતા સાધુ-સાધ્વીઓ આજે ય વિશ્વમાં અજાયબી રૂપ છે. તેઓ મોક્ષની સાધના કરવા નીકળ્યા છે અને તમને બધાને મોક્ષની સાધનામાં પ્રેરણા અને મર્યાદાનુસાર સહાય કરે છે. તમારી પણ એ ભાવના હોવી જોઈએ કે આપણે ય ક્યારે સંસાર છોડીને દીક્ષા લઈ સંયમની સાધનામાં લાગી જઈએ ?

કર્મના ઉદયે તમારાથી દીક્ષા ન લઈ શકાય તો જિનાજ્ઞાસાપેક્ષ સંયમધર્મ આચરતા સાધુ-સાધ્વીઓની થાય એટલી વસ્ત્ર-પાત્ર-ઔષધ-વસતી ઉપકરણો વગેરેનું દાન કરીને સેવા-ભક્ષ્તિ-વૈયાવચ્ચ કરવી જોઈએ. અસંયમી બાવા-ફકીર-સંન્યાસીઓના પોષણતી અધર્મની-ઉન્માર્ગની પુષ્ટી થાય છે. જ્યારે સંયમી સાધુ-સાધ્વીઓની ભક્તિ સેવાથી જ્ઞાન-દર્શન ચારિત્રની પુષ્ટિ થાય છે. એ મહાન લાભ છે. જોકે આ વિષયમાં તમને બહુ કહેવું પડે તેમ નથી, પણ ખાસ તો સાધુ-સાધ્વીને નિર્દોષ રીતે સંયમ પાલનમાં ઉત્સાહ વૃદ્ધિ થાય એ જાતની સુવિધાઓ તમારે વિહારના રસ્તામાં કરવાની ખાસ જરૂર છે તમારા આ દક્ષિણના ક્ષેત્રોમાં વિહારમાં ક્યાંક ક્યાંક ઉતરવા માટે કે ગોચરી પાણી માટે કોઈ નિર્દોષ વ્યવસ્થા જ ન હોય તો પછી સાધુ સાધ્વીઓ આ બાજુ શી રીતે વિચરે ? અને એ આ બાજુ ન વિચરે તો તમારા ક્ષેત્રો ધર્મપ્રેરણા વિના સીદાય પણ ખરા માટે વિહાર વગેરેમાં સાધુ-સાધ્વી પોતાની નિર્દોષ ચર્યા-સુખ સંયમ યાત્રાનો બરાબર નિર્વાહ કરી શકે તે જાતની વ્યવસ્થા કરવા માટે તમારે બધાએ ભેગા થઈ વિચારવાની ખાસ જરૂર છે.

**સાધુ-સાધ્વી વૈયાવચ્ચ દ્રવ્ય : ઉપયોગ :-** ભલે સંઘના ચોપડે સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખાતામાં હજારો રૂપીયા હોય તો પણ મુખ્યપણે તો તમારે તમારા દ્રવ્યથી સાધુ-સાધ્વીની ગોચરી-પાણી-વસ્ત્ર-ઔષધ વગેરે જરૂરીયાતો ભક્તિથી પૂરી પાડવી જોઈએ.

તદુપરાંત તમારે અવારનવાર આ ક્ષેત્રની પુષ્ટિ માટે સાધુ સાધ્વી વૈયાવચ્ચ ખાતામાં પ્રસંગે પ્રસંગે સારી એવી રકમનું દાન કરતાં રહેવું જોઈએ.

તથા દીક્ષાર્થીના ઉપકરણોની જે બોલીઓ બોલાય છે તેમાં પુસ્તક-સાપડો જ્ઞાનોપકરણ સિવાયની બોલીઓ સાધુ-સાધ્વી ભક્તિ ખાતામાં જમા થાય છે.

સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખાતાના દ્રવ્યનો ઉપયોગ કોઈપણ જૈનેતર સંન્યાસી વગેરે માટે કે શ્રાવકોને પોતાના માટે હરગિજ થઈ શકે નહિ. આ દ્રવ્ય ફક્ત



સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ માટે જ વાપરી શકાય. દા.ત. વસ્ત્ર પાત્ર ચારિત્રના ઉપકરણ કે ઓપરેશન, દવા, ડોક્ટર, વૈદ્ય, ડોળીવાળાના પગાર, સાધુ મહારાજની સેવામાં રહેલા મજુરના અને સાધ્વીજીની સેવામાં રહેતી જૈનેતર બ્હેનોના પગાર તથા વિહારમાં ક્યાંક, કે માંદગીમાં અત્યંત આવશ્યકતા હોય તો ગોચરી પાણીની વ્યવસ્થા, વિહાર વગેરેમાં ચોર ડાકુ વગેરેથી સલામતીની વ્યવસ્થા, આવા બધા કાર્યોમાં સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખાતાના દ્રવ્યનો ઉપયોગ થઈ શકે છે. દેવદ્રવ્ય કે જ્ઞાનદ્રવ્યથી સાધુ-સાધ્વી વૈયાવચ્ચ થઈ શકે નહિ.

કેટલાક લોકો પોતાના સગા-સંબંધીના દવા દારૂ માટે હજારો રૂપીયા ખર્ચી નાખે અને બીજી બાજુ સાધુ સાધ્વી કોઈ દવા મંગાવે તો લાવી આપીને પછી તેનું બીલ સંઘની પેઢીમાં આપે છે, સુખી અને સંપન્ન શ્રાવકોને આવું શોભે ખરું ? પોતે વૈયાવચ્ચ ખાતામાં રકમ આપી હોય તો પણ શક્તિ પહોંચે ત્યાં સુદી પોતે જ લાભ લેતા રહેવું જોઈએ.

તમારું કર્તવ્ય એ છે કે કોઈપણ જાતના ભેદભાવ વિના પરમાત્માની આજ્ઞા મુજબ સંયમ પાળતા માર્ગસ્થ તમામ સાધુ સાધ્વીની તમારે ખુબ ઉદારતાથી ભક્તિ કરવી જોઈએ. તેમાં 'સાધુની ભક્તિથી લાભ છે અને સાધ્વીની ભક્તિમાં બહુ લાભ નહિ.' આવો ભેદભાવ મનમાં જરાય રાખતા નહિ તેમજ ભક્તિની ઘેલછામાં સંયમ ભંજક ચીજવસ્તુઓ વહોરાવી ન દેવાય, એ પણ કાળજી રાખવાની છે.

**પ્રશ્ન-૧ :** સાધુ સાધ્વીને ડોળીમાં ફરવું પડે છે તે કરતાં વ્હીલચેરમાં બેસે અને બીજા તેને ચલાવે તો શું વાંધો ? ડોળીમાં તો તકલીફ પણ ઘણી પડે છે.

**ઉત્તર :** ડોળીમાં ઘણી તકલીફ છે. એ વાત સાચી છે, પણ વાહનમાં કે વ્હીલચેરમાં બેસીને વિહાર કરવાની વાત અત્યંત બેહુદી છે. ડોળીમાં તકલીફ હોવાના કારણે શક્તિશાળી કોઈ સાધુ-સાધ્વી સારી સ્થિતિમાં તેનો ઉપયોગ કરતા નથી (કરવા લલચાય તેમ નથી.) ડોળીને બદલે જો વ્હીલચેર વાપરવાનું ચાલુ થશે તો સારા શક્તિશાળી સાધુ-સાધ્વી પણ તેનો ઉપયોગ કરવા લલચાશે. એક નાનું છીદું પડે તેમાંથી પહેલા ઉંદર પેસે, પછી ધીમે ધીમે બિલાડી પેસે, પછી કૂતરો પેસે, પછી ગધેડા. બળદને પેસતાં વાર લાગે ? આ વ્હીલચેર તો છોડું છે એમાંથી બધું જ આવશે પચી તમે લોકો જ ત્રાસી જશો અને સાધુ-સાધ્વી સંસ્થાની પવિત્રતા, આચાર ખંડિત થશે માટે આવો વિચાર કરશો નહિ.

કરવા જેવું તો એ છે કે ગામેગામના સંઘ ફક્ત બે બે વૃદ્ધ અશક્ત સાધુ-સાધ્વીને પોતાને ત્યાં આદર-બહુમાન ભક્તિ પૂર્વક સંભાળી લે અને સ્થિરવાસ કરાવી દે તો ડોળીની ૯૦% રામાયણ મટી જાય તેમ છે. પણ આજે કોઈ સંઘ એ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

માટે તૈયાર થતો નથી તેથી શું થાય ? ડોળી એ એક અનિષ્ટ જરૂર છે પણ જ્યાં સુધી સંઘમાં શાસ્ત્રાનુસારી સ્થિરવાસની પુનઃપ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી એ અનિષ્ટ ટાળી શકાય તેવું નથી, તો તમો બધા આ ડોળી પણ ન વાપરવી પડે એવી યોજના કરો, પણ ડોળીને બદલે વ્હીલચેર કે વાહનનું તો સમર્થન કરવા જેવું નથી. કોઈવાર અત્યંત નાજુક કટોકટીની સ્થિતિમાં કોઈ સાધુ સાધ્વી માટે એવી કોઈ અત્યંત આવશ્યકતા તત્કાળ પૂરતી જ ઊભી થઈ હોય તો તે વખતે ગીતાર્થ ગુરુ ભગવંતોની સલાહ સમ્મતિથી. યોગ્ય બધું જ કરી શકાય છે.

**(૬-૭) શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર :-** ઘરમાં રહેવા છતાં પણ જેઓ શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનું પાલન યથાશક્તિ કરે છે તે શ્રાવક-શ્રાવિકા છે. પરાપૂર્વશ્રી અને આજે પણ કેટલાક શ્રાવક-શ્રાવિકાઓ ઘરમાં જયણા વગેરેનું એટલું સરસ પાલન કરે છે કે એ જોઈને જૈનેતરો પણ ધર્મ પામી જાય છે. આણંદ-કામદેવ વગેરે મહાવીર પ્રભુના અગ્રગણ્ય શ્રાવકો હતા. આપણા પૂર્વાચાર્યોએ તેમના પણ ઉત્તમ ચરિત્રોનું આલેખન કર્યું છે, તમારે તમારા શ્રાવક ધર્મની આરાધનામાં પ્રગતિ કરવા માટે આવા દૃઢ શ્રાવક શ્રાવિકાઓના એટલે કે સાધર્મિકોના સંપર્કની ખૂબ આવશ્યકતા ગણાય. આજે કેટલાય લોકોને કમ્પની વિના ટેસ્ટ મેચ કે સિનેમા જોવામાં કે હોટલો-પિકનીક પાર્ટીમાં મઝા આવતી નથી. ત્યારે ધર્મની આરાધનામાં સરખે સરખા ઉત્તમ સાધર્મિકનો સથવારો ન મળે તો આપણે કેટલા આગળ વધી શકીએ ? જે પોળમાં તમે રહેતા હો તેમાં જો બધા ચુસ્ત જૈન રહેતા હોય તો કંદમૂળ ખાતાં કે રાત્રી ભોજન કરતાં તમને શરમ આવે એટલે કે અનાયાસ અભક્ષ્યત્યાગનો ધર્મ પળાય અને ઘરમાં એના સંસ્કારો ટકી રહે.

કહેવાનો ભાવ એ છે કે ધર્મમાં સ્થિર રહેવા માટે અને આગળ વધવા માટે તમારે તમારા સાધર્મિકો સાથે ખૂબ જ સારા સંબંધો કેળવવા જોઈએ. એને બદલે આજે એક બીજાની ઈર્ષ્યા થાય છે તે બહુ ખરાબ કહેવાય. ભગવાને કહ્યું છે કે એક બાજુ એક પલ્લામાં બધા ધર્મો રાખીને અને બીજી બાજુ સાધર્મિક ભક્તિ રાખીએ તો બન્ને પલ્લા સરખા થાય. આટલો બધો મહિમા સાધર્મિક ભક્તિનો સાંભળીને પુણિયા જેવા મહાશ્રાવકો આંતરે એક દિવસ જાતે ઉપવાસ કરીને સાધર્મિક ભક્તિ કરા હતા, ત્યારે આજે કેવી સ્થિતિ છે ? જમાડનારા સાધર્મિક વાત્સલ્ય કે નવકારશીમાં હજારો રૂપીયા ખર્ચીને એક ટંક સાધર્મિકોને જમાડી દેનારા પણ બીજે દિવસે પોતાની ઓફિસમાં મદદ માટે કોઈ સાધર્મિક આવે તો ૫૦-૧૦૦ રૂપિયા આપવામાં કચકચ કરે અને કેટલાક તો અપમાન કરે - આવું બધું શોભે ખરું ? જુઓ હું સાધર્મિક ઊલટું લેતા નહિ, પણ એ કરવાં છતાં તમારો સાધર્મિક પ્રત્યે



કેવો વ્યવહાર રહે છે તે દેખાડવાનો મારો અભિપ્રાય છે.

તમને જો તમારા ધર્મનું ગૌરવ હોય તો તન-મન-ધનથી સાધર્મિક ભક્તિમાં જરાય કચાશ રાખવી જોઈએ નહિ, અને એમાં કોઈ પણ ભેદભાવ પણ રાખવો જોઈએ નહિ, ફક્ત જમણ કરી દેવાથી સાધર્મિક ભક્તિ થઈ જતી નથી પણ શક્તિ મુજબ ભક્તિ અનેક રીતે કરવાની જરૂર છે. તેમાંય જે નિર્ધન-બેકાર-અશકત સાધર્મિકો હોય તેમનો તો તમારે વધુ ખ્યાલ રાખવો જોઈએ. પણ તે દીન હીન માનીને નહ. એવા સાધર્મિકોને ક્યાંય માગવા જવું પડે નહિ, ધર્મ ગૌરવથી ઊંચુ માથુ રાખીને તઓ ધર્મ કરી શકે એવી સારી સ્થિતિમાં લાવવા તમારે મહેનત અને થાય એટલી મદદ ભક્તિ રૂપે કરવી જોઈએ. બેકાર હોય તો તેને આજીવિકાનું સાધન કરી અપાય. બીમાર હોયતો દવા ઔષધ અને સેવાની વ્યવસ્થા કરી અપાય. આવું થાય તો તેના ઘણા લાભ છે.

૧ કોઈ સાધર્મિકને ધર્માન્તર કરવાનું મન થાય નહિ.

૨ તમે જે સાધર્મિકને ઉંચો લાવો તે સાધર્મિક પણ પોતાની સારી સ્થિતિમાં બીજા સાધર્મિક પણ પોતાની સારી સ્થિતિમાં બીજા સાધર્મિકને ઉંચો લાવવા પ્રયત્ન કરે એમ શુભ પરંપરા લાંબી ચાલે.

૩ સાધર્મિક ધર્મકાર્યોમાં સ્થિર થાય, તેમની શ્રદ્ધા વધે અને દૃઢ થાય.

તમે કદાચ વ્યક્તિગત રીતે આ કામ ન કરી શકો તો સકલ સંઘ ભેગો થઈને શ્રાવક શ્રાવિકા ખાતામાં સારી રકમનું દાન કરીને આ ખાતું એવું સદ્ધર કરવું જોઈએ કે જેમાંથી ગામ-બહારગામના અનેક સાધર્મિકોનો વર્ષોવર્ષ ઉદ્ધાર થયા જ કરે. આમાં જેવુ તેવું પુણ્ય નથી. આમાં તો ભારોભાર શુભ પુણ્યની કમાણી છે. મહારાજ કુમારપાળ દર વર્ષે સાધર્મિક ભક્તિમાં એક કરોડ રૂપીયા ખરચતા હતા. એટલો ખ્યાલ રાખવાનો કે શ્રાવક શ્રાવિકા ખાતામાં જે આવક હોય તે પડી રહે એના કરતા આવા સાધર્મિકોને શોધી શોધીને તેમને મદદ પહોંચતી કરવી જોઈએ. એ રકમ જૈનેતરો માટે વાપરી શકાય નહિ.

શ્રાવક શ્રાવિકા ખાતાનું જે કાયમી ફંડ સંઘ હસ્તક હોય તેમાં સુખી સંપન્ન શ્રાવકો અવારનવાર પોતાના કૌટુંબિક લગ્ન વગેરે પ્રસંગો વખતે સારુ દાન કરતા રહે તો આ ખાતું ક્યારેય સીદાય નહિ.

પોતપોતાની આવકના અમુક ટકા શક્તિ મુજબ સાધર્મિક ભક્તિમાં દર વર્ષે કે દર મહિને ખરચવાનો સંકલ્પ કરવો જોઈએ. પોતે ઘર ખર્ચમાં જેટલું વાપરે એનો દસમો હિસ્સો ય સાધર્મિક ભક્તિ-ઉદ્ધાર માટે કાઢે તો બહુ વાંધો ન આવે દા.ત. મહિને ઘર માટે રૂા. ૨૦૦ ખર્ચે, તેને મહિને ૨૦૦ રૂપીયા સાધર્મિક ઉદ્ધાર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

માટે ખર્ચતા શો વાંધો આવો ?

સારા તપસ્વી અથવા શાસનની મહત્ત્વની કામગીરી સેવા બજાવનાર શ્રાવકોનું બહુમાન કરવાના ચઢાવા અથવા તો આણંદ કામદેવ વગેરે શ્રાવકોના તૈલચિત્રો બનાવવાના કે સંઘને દર્શન કરવા માટે ખુલ્લા મુકવાના તથા બેસતા વર્ષે એને ફુલહાર ચઢાવવાના ચઢાવા કરીને પણ આ ખાતું તરતુ કરી શકાય.

શ્રી સંઘની સમ્મતિ વિના આ ખાતાનું દ્રવ્ય શ્રાવકો કે ટ્રસ્ટીઓ પોતે પોતાના માટે વાપરી શકે નહિ. 'આ તો આપણું જ છે ને આપણે સંઘને વગર પૂછ્યે વાપરીએ તો શું વાંધો' એવો કુતર્ક ના ચાલે. કેમકે શ્રાવક શ્રાવિકા ખાતાનું દ્રવ્ય મુખ્યપણે જરૂરીયાતવાળા શ્રાવક શ્રાવિકાઓ માટે છે અને દ્રવ્યના ઉપયોગની એક વ્યવસ્થા મર્યાદા હોય છે. દ્વેષભાવ કે ઈર્ષ્યા કે પક્ષપાતનો ભાવ ન જોઈએ અને નજીવી બાબતમાં તેમની સાથે કજીયા કરવા તે પણ ઠીક નથી.

પણ આજે કમનસીબી એ છે કે કોઈ જૈન જૈનેતર સાથે કજીયો કરવા જતો નથી, પણ બધા અંદરોઅંદર જ કજીયા ચાલે છે. ક્યાંક મારવાડી-ગુજરાતીઓનો ઝઘડો હોય, ક્યાંક ઓસવાળો-પોરવાડોનો ઝઘડો હોય, તો ક્યાંક સંઘ અને ટ્રસ્ટીઓના ઝઘડા હોય, તો ક્યાંય ટ્રસ્ટીઓને અંદર અંદર ઝઘડા હોય છે. એક બીજાના ગુણો જોવાના મુકીને એક બીજાના દોષો જોવા બેસાય છે તેનું આ પરિણામ છે કે તમારા બધામાં એક રાગ નથી અને એના કારણે સરકારમાં કે ભારતીય પ્રજામાં પહેલા મહાજનનું, સંઘનું, શ્રાવકોનું જે વજન પડતું હતું તે હવે બંધ થઈ ગયું છે. જે વજન પડતું હતું તે હવે બંધ થઈ ગયું છે. જો અંદર અંદર એક રાગ હોત તો શાસનનું ગૌરવ કેટલું બધું વધ્યું હોત !

તમારામાં વૃદ્ધ શ્રાવકો જાણતા હશે કે જ્યારે પાલીતાણાના ઠાકોરે મુંડકાવેરો નાખ્યો ત્યારે તેના પ્રખર વિરોધ માટે સકલ સંઘે એકી અવાજે શત્રુંજયની યાત્રાનો બહિષ્કાર કરી દીધેલો જો એ વખતે અંદર અંદર એક રાગને બદલે ખટરાગ હોત તો કોઈ તો એમ કહેનાર પણ નીકળત કે

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૬,અંક-૨૧,તા.૨૦-૨-૧૯૮૮

**(૩૧) (લેખાંક : ૩)**

તમારામાં વૃદ્ધ શ્રાવકો જાણતા હશે કે જ્યારે પાલીતાણાના ઠાકોરે મુંડકાવેરો નાખ્યો ત્યારે તેના પ્રખર વિરોધ માટે સકલ સંઘે એકી અવાજે શત્રુંજયની યાત્રાનો બહિષ્કાર કરી દીધેલો. જો એ વખતે અંદર અંદર એક રાગને બદલે ખટરાગ હોત



તો કોઈ તો એમ કહેનાર પણ નીકળત કે સંસારના કામોનો 'બહિષ્કાર નહિ અને તીર્થયાત્રાનો બહિષ્કાર ? એ ન થઈ શકે માટે અમે તો તીર્થયાત્રા કરવાના જ, ભલે વેરો ભરવો પડે'...આવું થયું હોત તો સંઘને કેટલું બધું નુકશાન થાત ? પણ સદ્‌ભાગ્યે તે વખતે અંદરોઅંદર એક રાગ હતો એટલે છેવટે પાલીતાણાના ઠાકોરને ઘણું જ નુકશાન ભોગવવું પડ્યું અને છેવટે નમવું પડ્યું. સંઘના એક અવાજનો વિજય થયો.

માટે અમારી તો તમને એ સલાહ છે કે તમે તમારી સાંસારિક બાબતોને વચમાં લાવીને સાધર્મિકો સાથે ઝઘડા ટંટા કરવાનું કામ છોડી દો. પરસ્પર પ્રેમ સદ્‌ભાવ અને સહાનુભૂતિ કેળવતા થાઓ. તમો બધા જો સાધર્મિકાની સાથે અંદર અંદર જ લડતા રહેશો તો બેની લડાઈમાં ત્રીજો જ (એટલે કે સરકાર વગેરે જ) ફાવી જશે. દરેક વાતમાં તમને સરકાર દબાવી શક્શે. અને અધમ કાયદાઓ કરીને તમારા ધાર્મિક ક્ષેત્રોના દ્રવ્યને પણ આંચકી લેશે. માટે પરસ્પર સાધર્મિકો પ્રત્યે આદર બહુમાન કેળવતા થાઓ.

આ સાત ક્ષેત્રો ઉપરાંત બીજા પણ અનુકમ્પા વગેરે ક્ષેત્રો છે જ્યાં દાનની આવશ્યકતા છે.

**જીવદયા ક્ષેત્ર :-**

આ વખતે ભારતના ઘણા પ્રાન્તોમાં ભયંકર દુકાળ છે. દુકાળ વખતે પશુઓને ખૂબ જ વેઠવું પડે છે. અને કેટલાય પશુઓ ઘાસચારો-પાણીની તંગીથી મોતને શરણ થાય છે. તો આવા વખતે પશુઓ મરે નહિ તેવી વ્યવસ્થા કરવા માટે તમારે તમારી શક્તિ છુપાવ્યા વિના લાખો-કરોડો રૂપિયા આ જીવદયા માટે વાપરવાની જરૂર હોય છે. સંભવનાથ ભગવાને પૂર્વના ત્રીજા ભવમાં ભયંકર દુકાળમાં છુટે હાથે ધન-સંપતિનો સદ્‌વ્યય કરીને તીર્થંકર નામ ગોત્ર કર્મ ઉપાર્જેલુ-નિકાચિત કરેલું માટે જીવદયામાં કાંઈ લાભ નથી એવું તમે સમજતાં નહિ. અભયદાન તો શ્રેષ્ઠ દાન ગણાયું છે. સં. ૧૩૧૩ માં જ્યારે સતત ત્રણ વર્ષ દુકાળ પડ્યો ત્યારે કચ્છ ભદ્રેશ્વરના જગડુશાએ કરોડો રૂપિયા પાણીની જેમ વાપરીને લાખો પશુ અને માનવોને બચાવેલા. એવો તો કંઈક શ્રાવકોના નામો આ ક્ષેત્રમાં ભૂતકાળના ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાયા છે.

દુષ્કાળ ન હોય ત્યારે પણ આ ક્ષેત્રમાં પુષ્કળ દ્રવ્યની જરૂર હોય છે. કારણ કે સરકારને આજે કતલખાનામાં અને હિંસા વધારવામાં ઘણો રસ છે એવી સ્થિતિમાં પાંજરાપોળની સંસ્થાઓ કતલખાને જતા ઢોરોને સાચવી શક્તા નથી. પાંજરાપોળની વ્યવસ્થાના અભાવમાં એવા ઢોરોને કતલખાને જતા કોણ બચાવે ? માટે આમ તો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

આપણે ત્યાં સારું છે કે ગામે-ગામ પર્યુષણ વગેરેમાં શ્રાવકો ઉલ્લાસ અને શક્તિ મુજબ જીવદયાની ટીપો કરે જ છે, પણ વર્ષોથી પોતે ૧૦૧ લખાવતા આવ્યા હોય તે અત્યારની મોંઘવારીમા શક્તિ હોવા છતાં ૧૦૧ લખાવ્યા કરે તે યોગ્ય ન ગણાય. બધી પાંજરપાળોને સારી મદદ પહોંચે તે માટે શક્તિ મુજબ તે ટીપની રકમ વધારતા રહેવું જોઈએ. તે જ રીતે શાંતિસ્નાત્ર સિદ્ધચક્ર પૂજન-ભક્તિ મહોત્સવોમાં પણ જીવદયાની ટીપ કરવાનો રિવાજ ચાલે છે તે બહુ જ સારો છે. આપણાં ઓચ્છવ-મહોચ્છવોની આ બલિહારી છે. જે લોકો એનો વિરોધ કરે છે. તેઓ સાચી સમજણ ધરાવતા થાય તો વિરાધ કરવાનું ભૂલી જાય તેમ છે. બીજા કોઈ સંપ્રદાયમાં ભાગ્યે જ આવી વ્યવસ્થા હશે. આપણે ત્યાં છે તે ઘણા ગૌરવની વાત છે. પણ એક ખૂંચે એવી વાત છે કે કેટલાય સંઘોમાં જીવદયાની ટીપ થયા પછી પૈસા પડી જ રહે છે. અમે પૂછીએ કેમ મૂકી રાખ્યા છે ? તો જવાબ મળે કે સાહેબ ! કોઈ લેવાં જ આવતું નથી...બોલો કેવું આશ્ચર્ય છે ! જીવદયા સામે ચાલીને કરવાની વાત તો ગઈ પણ કોઈ લેવા ન આવે તો રકમ મૂકી રાખવાની (કેમ તો કે બીજે વર્ષે ટીપમાં બહુ ભરાવવું ના પડે માટે) અથવા ક્યારેક કોક આવી ચડે તો તે જીવદયાની ભેગી કરેલી રકમમાંથી કે વ્યાજમાંથી થોડી રકમ અપાય, ઘરના કાઢવા ન પડે. અરે ત્યાં સુધી જાણવામાં આવ્યું કે રકમ ફીક્સમાં છે, હમણાં વચમાં ઉઠાવતા વ્યાજ ઓછું થાય એટલે દુકાળ છતાં એ રકમ ઉપાડીને જીવદયામાં વાપરવામાં મન પાછું પડે છે. બોલો જીવોની બચાવી લેવાની જીવદયા માટેની એમની રકમ મોજુદ છતાં આવું, આમાં જીવદયાનું હૈયું કેમ ટકે ! એકબાજુ જીવો ધનના અભાવે મરતાં હોય તે બચાવી શકાતા ના હોય, બીજી બાજુ એને બચાવવા માટેનું દ્રવ્ય ભેગું થઈને પડી રહ્યું હોય, આ કેવી દુર્દશા કહેવાય ? જીવદયાના પૈસા કોઈ લેવા ન આવે તો ય સામે પગલે ચાલીને જીવદયાના કાર્યો જ્યાં યોગ્ય રીતે થયા હોય ત્યાં વિશ્વાસપાત્ર સ્થળોએ તેના પૈસા મોકલી આપવા જોઈએ. એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે જીવદયાના પૈસા અબોલ પશુ પંખીઓની દયા કરવા માટે છે. તે બીજા કોઈ કાર્યમાં કે કોઈ ગરીબ માનવો માટે વાપરી શકાય નહિ. ગરીબ માનવો માટે અનુકંપા ક્ષેત્રનું દ્રવ્ય કામ આવે છે હવે આપણે એ વિચારીએ.

**અનુકમ્પા ક્ષેત્ર :-**

દયા તો આપણા ધર્મનો પ્રાણ છે. પાપી જીવો પાપ કરીને અધોગતિમાં જઈ રહ્યા હોય તો તેમને તે પાપો છોડાવવા યત્ન કરવો તે ભાવદયા કહેવાય ત્યારે દીન-ગરીબ નિર્ધન દુઃખીયા જીવોને જોઈને હૃદય દ્રવી જાય તેમને સહાય કરવાની



વૃત્તિ જાગે તે દ્રવ્ય દયા કહેવાય. આ બંને દયા સમ્યક્ત્વનું લક્ષણ હોવાથી જૈન માત્રમાં હોવી જરૂરી છે. માત્ર પશુ પંખીની દયા કરીને આપણે અટકી જવાનું નથી. દુઃખી માનવોને જોઈને તમને તેમના દુઃખો દૂર કરવાની વૃત્તિ જાગવી જોઈએ. નહિ તો હૃદય નિષ્ઠુર-કઠોર બની જાય. ધર્મવૃક્ષના અંકુરો દયાનદીના કિનારે ઉગે છે. ધર્મારાધનામાં દિલ અત્યંત કોમળ હોવું જોઈએ. આપણી ધર્મારાધનાને જીવંત બનાવવા અને ગૌરવવંતી બનાવવા માટે તથા ભગવાનના શાસનની પ્રભાવના કરવા માટે છૂટે હાથે ગરીબોને અનુકમ્પા દાન થવું જોઈએ. તેમજ આપણા દહેરાસરો ઉપાશ્રયો વગેરેની રક્ષા માટે પણ અનુકમ્પા દાન આવશ્યક છે. તમારા ગામમાં વસતા દુઃખી માનવોને જો તમે દરેક ધર્મપ્રસંગોમાં શુભ અવસરે છૂટે હાથે મદદ કરતા રહો, એના દુઃખના અવસરોમાં નક્કર સહાનુભૂતિ આપતા રહો, તો દેરાસર વગેરે પર સંકટના કાળમાં તે લોકો આપણને ખૂબ મદદકર્તા બને છે. ખ્યાલ રાખવાનો છે કે ગરીબ જૈનેતરો માટે અનુકમ્પાની ટીપ થઈ હોય તો તેનો લાભ ગરીબ જૈનેતરોને જ મળવો જોઈએ કોઈ પણ જૈન તેનો લાભ લઈ શકે નહિ.

સાંભળવા મુજબ અમદાવાદમાં હિન્દુ-મુસલમાન હુલ્લડ થયું ત્યારે કેટલાક મુસલમાનો ત્યાંના રાજપુરના પાર્શ્વનાથ ભગવાનના મંદિરને બાળવા માટે ઘાસલેટ છાંટવા લાગ્યા, તે વખતે દેરાસરની બાજુમાં ભાગ્યા-તુટ્યા મકાનમાં રહેતી એક મુસલમાન ડોશીના હૈયામાં દેરાસરની લાગણી ઉભરાઈ, ત્યાં વચમાં પડીને રકઝક કરવા માંડી કે પહેલા બાળવું હોય તો મારું ઘર બાળી નાખો પણ હું દેરાસર નહીં બાળવા દઉં. પેલા મુસલમાન ભાઓ એ ડોશીને ઘણી ગાળો દેવા લાગ્યા પણ પેલી ડોશી પાછી પડી નહિ. એટલામાં પોલીસની જીપ આવી ગઈ. પેલા લોકો ભાગી ગયા, દેરાસર બચી ગયું. જૈનેતરો અને ખાસ કરીને ગરીબોને અનુકંપા દાનથી આપણા પ્રત્યે આદર પ્રેમ ઊભા કરવાથી આવા મહાન લાભ થાય છે. એમાં જો કોઈ જૈનધર્મ પામી જાય એ તો વિશેષ લાભ, માટે પરમાત્માની કૃપાથી તમને ઘી ખાવા મળ્યું હોય અને ગરીબોને તમે ઘી ન ખવડાવી શકતા હો તો છેવટે દુધ પીવડાવીને પણ એમની આંતરડી ઠારવાની જરૂર છે. વરઘોડો તો દબદબાપૂર્વક કાઢો પણ ત્યારે ગરીબોને દેવા માટે કોઈ અનુકંપા દાનની ગાડી સાથે ન હોય તો સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું લાગે. માથે સાફો પણ પગે મોજડી વિનાના વરરાજા જેવું લાગે.

અમારા વડિલ પૂજ્ય ગુણાનંદ સૂરિજી મ. આજે તમારા મહારાષ્ટ્રનું (નિપાણીનું) રત્ન છે, પણ એ રતન એમ ને એમ રસ્તામાંથી જડી ગયું નથી એ પોતે લિંગાયત કોમના, વ્યાખ્યાન પછી શ્રાવકો પ્રભાવના કરતા હતા ત્યારે ઘણા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

વર્ષો પહેલાં એ નાના બાળક, તે બહાર ઊભા જોયા કરતાતાં, ત્યાં પૂજ્યપાદ અજોડ ઝવેરી રત્નપારખું પૂ. સિદ્ધાન્ત મહાદેધિ ગુરુવર્ય આચાર્યશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની દૃષ્ટિ પડી અને એ બાળકને પણ પ્રભાવના આપવા શ્રાવકોનું ધ્યાન ખેંચ્યું. એનાથી એ બાળકને આપણા ધર્મ પર એટલો બધો અહોભાવ થઈ ગયો કે પછી દીક્ષા લીધી અને આજે અમારા સમુદાયમાં ભારે વિદ્વાન છે. તમારામાંથી કેટલાક તો કેટલીકવાર પ્રભાવના વખતે બહાર ઊભેલા જૈનેતરોના છોકરા હાથ લાંબો કરે તો ધુત્કારી કાઢે છે, ને તેથી ત્યાં સંઘો અને જિનમંદિરો આદિની સલામતી જોખમાય છે. કહેવાય છે કે નાની મારવાડમાં જૈનેતરો પ્રત્યે આવા અવારનવારના તિરસ્કારથી તેઓ જૈનોના કટ્ટર વિરોધી બની ગયા છે. અને તે સારું ગણાય ? બે ચાર છોકરા હોય એને એક-એક લાડવો આપ્યો હોય તો ખરચ કેટલો વધે ૪-૫ રૂપિયાનો, અને બીજી બાજુ તમારા પ્રત્યે કે સાધુ મહારાજ પ્રત્યે આદર કેટલો બધો વધી જાય ? વગર કારણે જૈનેતરો સાથે સંબંધ બગાડવામાં કાંઈ લાભ નથી.

તમે વિચાર કરજો કે મુસલમાનોએ સોમનાથ પાટણના શિવમંદિરોનો ભૂકો બોલાવી દીધો તો શત્રુંજય દાદાના દહેરાં કેવી રીતે બચ્યા એ ખબર છે ? અલાઉદ્દીન ખિલજીના મુસલમાનો જ્યારે એને ય તોડવા આવ્યા ત્યારે વાણીયાઓ હિંમત હારી ગયેલા પણ પાલીતાણાની આજુબાજુના બારોટોનું ખમીર ઉછળ્યું. દાદૂ બારોટની મંડળીના ૫૧ બારોટોએ પોતાના જાન કુરબાન કરી દીધા ત્યારે મુસલમાનો ત્યાંથી પાછા હઠ્યા મગજ ચલાવો જરા કે તે વખતે પાલીતાણાની આજુબાજુના બારોટોને જૈનોએ કેવા સાચવ્યા હશે ?

સાર એ છે કે તમે માલ મિષ્ટાન્ન ખાતા હો તો સાથેસાથે જૈનેતરોને પણ અનુકંપાના અવસરે થાય એટલી મદદ કરવી જોઈએ ધર્મપ્રસંગે તો એ મદદ જ નહિ પણ એક શાસન પ્રભાવના બની જાય.

અનુકંપા ઉપરાંત ઔચિત્યદાન તરીકે આવું આવું કરી શકાય કે કોઈ પૂજા વગેરે પ્રસંગ હોય ત્યારે મંદિર કે ઉપાશ્રયની આજુબાજુના જૈનેતરના દસવીસ ઘરમાં પણ સારી પ્રભાવના વહેંચવી જોઈએ.

**સાધારણ ખાતું :-**

પહેલા જે પ્રશ્ન આવેલો કે સાહેબ સાધારણખાતામાં ટોટા હોય છે તેનું શું કરવાનું ? તે વાત હવે વિચારવાની છે.

તમે બધા એટલું તો સમજી ગયા કે દેવદ્રવ્ય ફક્ત જિનમૂર્તિ અને જિનાલયના બાંધકામ વગેરેમાં જ આવે. જ્ઞાનદ્રવ્ય જ્ઞાનભંડાર અને સાધુ સાધ્વીને ભણવાના



કામમાં આવે. સાધુ-સાધ્વી વૈયાવચ્ચખાતાનું દ્રવ્ય એ તેમની વૈયાવચ્ચમાં જ કામ આવે અને સાધર્મિકખાતાનું દ્રવ્ય એ સાધર્મિકો માટે જ કામ આવે, નીચેના ક્ષેત્રોમાં નહિ. પણ આ ઉપરાંત પણ દરેક સંઘોમાં ધાર્મિક કાર્યો સંબંધી બીજા અનેક ખર્ચા હોય છે તેમાં મુખ્ય તો દેરાસરમાં કેસર-સુખડ વગેરે. પૂજાના દ્રવ્યનો ખર્ચો અને પૂજારીને પગારનો ખર્ચ કે વહીવટ ઘણો મોટો હોય તો મુનિમનો ખર્ચ.

પહેલી વાત તો એ છે કે એક જૈનના કર્તવ્ય તરીકે ભગવાનની તમામ પ્રકારની પૂજા સેવા ભક્તિ યથાશક્તિ તમારે કરવાની હોય છે. એટલે કેસર સુખડ વગેરે તમારે તમારા જ વાપરવાના હોય. ખંભાતમાં લગભગ ૮૦ દેરાસરો હશે પણ દરેક પોળવાળા પોતપોતાના દેરાસરમાં વગર પૂજારીએ બધું પોતાની જાતે અને પોતપોતાના ખર્ચે જ આજે પણ કરે છે. ભગવાનની સેવા તો મળે ક્યાં ?

હનુમાનજી રામચંદ્રજીના પરમ ભક્ત હતા. તેમને રોજ તેમની કાંઈક સેવા કરવા જોઈએ જ. ન મળે તો ચેન ના પડે. પછી એ સેવા મજૂર જેવી હોય તો એ પણ ખૂબ ઉલ્લાસથી કરે. તેથી એક વાર બીજા બધાને એમની પરીક્ષા કરવા માટે તાકડો ગોઠવ્યો. એ આવે એ પહેલાં ઝીણા-મોટા-નાના બધા ય સેવાના કામ પહેલેથી જ બીજાઓએ પતાવી દીધા, અને પછી રામચંદ્રજીની આજુબાજુ હનુમાનજીની સીટ ખાલી રાખીને બધા ગોઠવાઈ ગયા. હનુમાનજી તો રોજના સમયે આવ્યા. સેવાકાર્ય શોધવા લાગ્યા પણ કાંઈ જ મળ્યું નહિ, આઘાત લાગ્યો, બાજુમાં વીલે મોંઢે બેસી ગયા એટલામાં રામચંદ્રજીને બગાસા આવવા માંડ્યા, એ કાળમાં એવો રિવાજ (આજે પણ ક્યાંક દેખાય છે) કે સભામાં બગાસા આવે તો ચપરાશી મોઢા આગળ ચપટી વગાડે. હનુમાનજી તો સેવાના ભૂખ્યા હતા. તરત જ એ ચપરાશીનું કામ પોતે કરવા માંડ્યું એ જોતાની સાથે જ બીજા બધાના મોઢા પડી ગયા. હનુમાનજી ઉપર બધા ફીદા થઈ ગયા કે આખરે તો એમને સેવા શોધી કાઢી.

આપણને તો ત્રિભુવનતારક તીર્થંકર ભગવાનની ભવતારક સેવા મળી છે એમાં તો પડાપડી હોય - પછી પૂજારીની જરૂર શી પડે ? પણ કાળ એવો આવ્યો છે કે લગભગ બધે તમારા વતી સેવા કરવા માટે પગારદાર પૂજારીઓ ગોઠવાઈ ગયા છે અને કેટલાય દેરાસરમાં દેરાસરના જ કેસર સુખડથી પૂજા થવા માંડી છે એટલે એ માટે સાધારણખાતાની ખાસ જરૂર ઊભી થઈ છે. વળી ઉપર કહ્યું તેમ ધાર્મિક હિસાબ-કિતાબ પણ પહેલાં તો ટ્રસ્ટીઓ પોતે પોતાના સમયનો ભોગ આપીને સંભાળતા. પણ કાળ એવો આવ્યો છે કે લગભગ બધે તમારા વતી સેવા કરવા માટે પગારદાર પૂજારીઓ ગોઠવાઈ ગયા છે અને કેટલાય દેરાસરમાં દેરાસરના જ કેસર સુખડથી પૂજા થવા માંડી છે એટલે એ માટે સાધારણખાતાની ખાસ જરૂર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ઊભી થઈ છે. વળી ઉપર કહ્યું તેમ ધાર્મિક હિસાબ-કિતાબ પણ પહેલાં તો ટ્રસ્ટીઓ પોતે પોતાના સમયનો ભોગ આપીને સંભાળતા. પણ આજે તો લગભગ બધે મુનીમ-મહેતાજી એ એક જરૂરીયાત બની ગઈ છે. એટલે એના પગારના ખર્ચનો પણ સવાલ છે. તે ઉપરાંત પણ બીજાય અનેક ખર્ચા શ્રી સંઘના અને શાસનના અનેક કામો માટે ચાલુ થઈ ગયા છે અને લગભગ રોજના બની ગયા છે. જેમકે ઉપાશ્રયમાં નોકર રાખ્યો હોય તો તેનો પગાર વગેરે ઉપરાંત સાતે ક્ષેત્રોની સારસંભાળ માટે પણ એક સામાન્ય એટલે કે સાતેસાત ક્ષેત્રોમાં કામ લાગે એવું દ્રવ્ય હોવું જોઈએ જેથી સંઘ કે શાસનનો કોઈ કામ સીદાય નહિ.

પ્રાચીન શાસ્ત્રકારોના ધ્યાનમાં પણ આ વાત હતી, એટલે શ્રાદ્ધવિધિ શાસ્ત્રકારે તો ત્યાં સુધી લખ્યું છે કે-

ધર્મવ્યયશ્ચ મુખ્ય વૃત્યા સાધારણે એવા ક્રિયતે

અર્થાત્ ધર્મક્ષેત્રમાં મુખ્યપણે સાધારણમાં જ વ્યય કરવો જોઈએ. કારણ કે બીજા ક્ષેત્રોમાં આપેલી દાનની રકમ માત્ર તે તે ક્ષેત્રોના જ કામમાં આવે, જ્યારે સાધારણ ખાતામાં આપેલી રકમ જ્યારે જે ક્ષેત્રમાં જરૂરીયાત ઊભી થઈ હોય ત્યારે તે ક્ષેત્રમાં વાપરી શકાય. એટલે કે સાતે ક્ષેત્રના કામમાં આવી શકે. તેનાથી તમને સાતે ક્ષેત્રોની ભક્તિનો લાભ મળે છે.

હવે તમારે વિચાર કરવો રહ્યો કે એક બાજુ તમે બીજા દેવદ્રવ્ય અને જ્ઞાનદ્રવ્યના ક્ષેત્રોમાં મોટી મોટી બોલીઓ બોલો છો એ તો ઘણું રુડું જ છે, પણ બીજી બાજુ તમારા ઘર ચલાવવાના ધંધા-વેપારના અને ક્યારેક લગ્ન વગેરેના મોટા મોટા ખર્ચાઓ તમે ઘણા કરો છો તો એવા અવસરે યા વગર અવસરે સાધારણ ખાતામાં પણ દાન કરતા રહો તો શું વાંધો આવે ? તમે ક્યાંક કોઈ મોટો બંગલો લાખો રૂપિયાના ખર્ચે બંધાવી દેવામાં જે ખર્ચ કરો તેમાં કાંઈ ભવિષ્યના ટેક્સ વગેરેનો ખર્ચો કે સાફ-સૂફી-નિભાવખર્ચ સમાઈ જતો નથી.

તમે સમજો છો કે ચાર લાખ બંગલાના ખર્ચ્યા, તો તે ઉપરાંત દર વર્ષ ૫-૧૦ હજારનો ખર્ચ ટેક્સ વગેરેનો પણ થવાનો છે તેની તમારે અલગ જ વ્યવસ્થા કરવી પડે છે. પેલા બંગલામાં ખર્ચાયેલા ચાર લાખ તો જુદા જ.

છોકરીના લગ્ન કરો તો તે વખતે જે ખર્ચ થાય એ તો જુદો જ, તે ઉપરાંત પણ દર વર્ષે તેને લુગડાં વગેરે જે કાંઈ ભેટ આપો તેના ખર્ચા જુદા જ હોય છે અને એ તમારે જ કરવાના હોય છે. એને એમ ન કહેવાય કે તને લગન વખતે જે ભેટ આપી છે તેમાં બધું પતી ગયું.

તો એ રીતે તમે તમારા ભાવોલ્લાસ મુજબ જે કાંઈ બોલી વગેરે બોલ્યા તેને



સાનુબંધ બનાવવા માટે યથાશક્તિ સાધારણ ખાતામાં પણ દેતા રહો તો 'તોટા-તોટા'ની બુમો પાડવી ના પડે.

**પ્રશ્ન-૧** સાહેબ દેવદ્રવ્યની બોલી ઉપર ૫ કે ૧૦ ટકા સરચાર્જ નાખી દઈએ તો ચાલે કે નહિ.

**ઉત્તર :-** જો તમને સાધારણની આવક માટે સરચાર્જ જ નાખવાનું પસંદ હોય તો તમે તમારા લગ્નના ખર્ચ ઉપર સરચાર્જ નાખો કે લગ્નમાં જેટલા ખર્ચે એના ૧૦ ટકા સાધારણમાં આપી દેવાના. અથવા તમારા બાર મહિનાના ખર્ચ ઉપર સરચાર્જ નાખો. અથવા તમારા હોટલ-સીનેમાના કે ચા-નાસ્તાના કે ઘરમાં વસાવેલા ફર્નીચર યા મોજશોખ વગેરેના ખર્ચા ઉપર સરચાર્જ નાખો, અમે રાજી છીએ. વાતે વાતે તમારી નજર દેવદ્રવ્ય તરફ જ કેમ જાય છે ? દેવદ્રવ્યની આવક કોઈ રીતે ઘટાડવાની નથી અને એને કોઈ જ ફટકો ન પડે એ રીતે સાધારણ ખાતાની આવક કરવાના આ બધા કહેલા ઉપાયો છે.

**પ્રશ્ન-૨** સાહેબ આપે કહ્યું એવી રીતે થાય તો તો સારું, પણ એ રીતે થવાની આશા ન હોય તો કેમ કરવું ?

**ઉત્તર :-** જુઓ ! તમે દેવદ્રવ્ય તરફ નજર કરશો નહિ કટોકટીની સ્થિતિમાં તીર્થ વગેરેમાં બીજુ કોઈ સાધન ન હોય ત્યારે ભગવાન અપૂજ ન રહે એ માટે કે બીજા કોઈ તેવા સંયોગોમાં દેવદ્રવ્યના કેસર-સુખડથી પૂજા થાય છે તે એક અલગ વાત છે, પણ તમારામાંના ઘણા બધા સુખી અને સમ્પન્ન સારી નોંધપાત્ર સ્થિતિવાળા છે. તેમજ ધર્મભાવના નથી એવું ય નથી, ફક્ત ઉલ્લાસનો તોટો છે એ તોટો નીકળી જાય તો સાધારણ ખાતાનોય તોટો નીકળે. એટલે તમે સાધારણ ખાતામાં ઉલ્લાસપૂર્વક રકમ લખાવતા થઈ જાઓ એ પહેલો ઉપાય છે.

(૨) અધિષ્ઠાયક સમકીતી દેવ-દેવીઓના, દા.ત. શ્રી માણિભદ્રજીના ભંડારની આવક હોય તે સાધારણ ખાતે લઈ જઈ શકાય છે. પણ એનાથી પ્રભાવના કે જમણવાર ન થાય. તથા અધિષ્ઠાયકોની મૂર્તિના માથે જો ભગવાનની મૂર્તિ હોય તો તેમના ભંડારની આવક દેવદ્રવ્યમાં જમા કરવી ઉચિત છે. શ્રી અધિષ્ઠાયકદેવોની ભક્તિ કરતાં કરતાં શ્રી જિનેશ્વરદેવોનું મહત્ત્વ ઘટતું ન જાય તેની ખાસ કાળજી કરવી.

(૩) પર્યુષણાદિમાં ચતુર્વિધ સંઘમાં ભારે તપશ્ચર્યાઓ થઈ હોય તો એ બધા તપસ્વીઓને યથાયોગ્ય તિલક કરીને બહુમાન કરવાનો અને તેમના પારણા કરાવવાનો ચઢાવો કરી તે બોલીનું દ્રવ્ય સાધારણમાં લઈ શકાય.

(૪) એ રીતે પાઠશાળાના બાળકોને ઈનામ વહેંચવાના હોય તો એ કોના



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

હાથે વહેંચાય તેનો ચઢાવો કરી તેનું દ્રવ્ય સાધારણ ખાતે લઈ શકાય.

(૫) બહારગામથી તમારા ગામમાં કોઈ વિશિષ્ટ આરાધક (દા.ત. ૧૦૦ ઓળી પૂરી કરી હોય એવા કોઈ) શ્રાવક કે પ્રસિદ્ધ આગેવાન અતિથિ આવ્યા હોય તો સકલ સંઘ વતી તેમનું બહુમાન કરવાનો ચઢાવો સાધારણમાં જઈ શકે.

(૬) ઘણા ઠેકાણે દેરાસરમાં કેસર-સુખડ વગેરે પૂજા દ્રવ્યની જોગવાઈ માટે અષ્ટપ્રકાર પૂજાના બાર મહિનાના ચઢાવા થાય છે તો તે પૂજાના નહિ પણ પૂજાના દ્રવ્યોના ફક્ત ભગવાનની પૂજા માટેના જ સાધારણ (=દેરાસરના સાધારણ) ખાતામાં જઈ શકે.

(૭) ઘણે ઠેકાણે દેરાસર-ઉપાશ્રય કે સંઘના બીજા બધા કામ માટે જનરલ ૧-૧ મહિનાના એમ બારે મહિનાના ચઢાવા થાય છે. તો તે પણ સાધારણખાતામાં જઈ શકે. ચઢાવા ન થાય તો ૩૬૦ તિથિઓની યોજના થઈ શકે છે.

(૮) જેમ દેરાસરના દ્વારોધ્ઘાટનનો ચઢાવો દેવદ્રવ્યમાં જમા થાય છે. તેમ પર્યુષણાદિમાં સકલ સંઘની આરાધના માટે દર વર્ષે ઉપાશ્રયના દ્વારોધ્ઘાટનનો ચઢાવો થાય તે સાધારણમાં લઈ શકાય છે.

(૯) આણંદ-કામદેવ વગેરે મહાશ્રાવકોની મૂર્તિ કે તેમના વિશાળકાય ચિત્રો પર મોટા દિવસે ફુલહાર ચઢાવાની જે કાંઈ ચઢાવાની આવક થાય તે સાતક્ષેત્ર સાધારણ ખાતે જમા થઈ શકે. આમ અનેક રીતે સાધારણખાતુ તરતુ કરી શકાય.

**પ્રશ્ન-૩** સાધારણખાતા માટેનો ભંડાર દેરાસરમાં મૂકી શકાય ?

**ઉત્તર :-** દહેરાસરમાં દહેરાસરના સાધારણ ખર્ચ માટે ભંડાર મૂકી શકાય બાકી સર્વસાધારણનો ભંડાર દેરાસરમાં મૂકવાથી વસ્તુતયા આપણે ભગવાનના આલંબને સાધારણ દ્રવ્ય ઊભું કર્યું ગણાય. શું દેરાસરમાં જમણવારનો ફાળો (થાય) કરાય ? નહિ, તો એમ સાધારણનો ભંડાર ન મૂકાય. વળી દેવદ્રવ્યને એટલે કે લોકો જે ભગવાનના ભંડારમાં રકમ નાખે છે તેને ધક્કો પહોંચવો ન જોઈએ. એટલા માટે સાધારણ ખાતાનો ભંડાર દેરાસરની બહાર અથવા ઉપાશ્રયમાં મૂકવો સારો છે વર્ષોથી જો તમારે ત્યાં દેરાસરમાં મૂકાતો આવ્યો હોય તો તેમાં ફેરફાર કરાવો જોઈએ અને તે સાધારણના પૈસા ખાવાનાં ઉપયોગમાં લેવાઈ ન જાય તેનું ધ્યાન રાખવું પડે. કારણ કે દેરાસરમાં કોઈ ખાવાની ચીજ લઈ ગયા પછી આપણે તેનો ખાવામાં ઉપયોગ કરતા નથી.

**પ્રશ્ન-૪** સાધારણ કે જ્ઞાનદ્રવ્ય કે દેવદ્રવ્યના પૈસાથી લગ્નની વાડી બનાવાય કે નહિ ?

**ઉત્તર :-** ન બનાવાય. લગ્નની વાડી એ ભારે અશુભ આશ્રવનું સ્થાન



કહેવાય લગ્નની વાડીનો ઉપયોગ અવસરે ધાર્મિક કાર્યોમાં થઈ શકે, પણ ધાર્મિક ક્ષેત્રોનો (દેવદ્રવ્ય કે સાધારણ દ્રવ્યના) પવિત્ર ધાર્મિક દ્રવ્યનો ઉપયોગ, અધર્મ સંસાર પોષવાના કાર્યમાં ન થાય. જે કોઈ આવું કરતા હોય તો તેઓ ભારે પાપ બાંધવાનું કામ કરી રહ્યા છે તેવાને દરેક રીતે અટકાવવા એ આપણી ફરજ છે. દેવદ્રવ્ય તો શું પણ સાધારણનું દ્રવ્ય પણ લગનની વાડી માટે લોનરૂપે પણ લઈ શકાય નહિ. સંસારના વ્યવહાર ક્ષેત્રોનું દ્રવ્ય પાપથી બચવા માટે ધર્મ ખાતે વપરાય પણ ધર્મક્ષેત્રનું દ્રવ્ય પાપાચરણ માટે કે સંસાર પોષવા માટે લોનરૂપે પણ ન વાપરી શકાય. તમારે સંસારથી પાર ઉતરવું છે કે એમાં ડૂબવું છે ? ધર્મક્ષેત્રોમાં લોકો સંસારથી પાર ઉતરવા માટે દાન કરે છે, ડૂબવા માટે નહિ. તો એ ધર્મક્ષેત્રના દ્રવ્યનો ડૂબવા માટે વપરાશ શી રીતે થાય ?

**પ્રશ્ન-૫** સાધારણના પૈસા (કે દેવદ્રવ્ય) સ્કુલ-કૉલેજ કે હોસ્પીટલ લગ્નની વાડી બંધાવવા કે ચલાવવા માટે વાપરે તો શું દોષ ?

**ઉત્તર :-** ઘણો મોટો દોષ છે. તમારા લાખ બે લાખ રૂપિયા કોઈને ત્યાં પડ્યા હોય અને એ 'આ એનો છોકરો જ છે ને ?' એમ કહીને તમારા છોકરાને કે બીજા કોઈ તમારા નિકટના સગાને ભેટ પધરાવી દે તો તમે એવું કરવા દો કે ? એમાં તો ભયંકર વિશ્વાસઘાત થાય એ તમે જાણો છો-સમજો છો. તો દેવદ્રવ્ય કે સાધારણ વગેરે ધરમખાતાનું દ્રવ્ય લોકોએ તે તે ધરમ ખાતામાં વાપરવા માટે દાન કરેલું હોય છે. તેને તદ્દન સામાજિક ક્ષેત્રોના કાર્યમાં વાપરી નાખે તો Breach of Trust વગેરેનું પાપ લાગ્યા વિના ન રહે.

કેટલાક લોકો, ધર્મી દાતાઓને છેતરવા માટે આજે એમ ઠસાવવા માંડ્યા છે કે "સ્કુલ કૉલેજમાં જ્ઞાનદાન થાય છે અને હોસ્પિટલમાં દર્દીઓની સેવા થાય છે માટે એ ય ધરમનું જ કામ છે-ભગવાનનું જ કામ છે અને ભગવાન તો આપણા બાપ છે એટલે બાપનું દીકરાને ખપે એમ ભગવાનનું (કે ધર્મખાતાનું) આપણને ખપે વાંધો નહિ." આ બધા કુતર્કો છે બાપનું દીકરાને ખપે એમ કહીને બાપના ચશ્મા સાજી આંખવાળો કે જુદા નંબરવાળો દીકરો પહેરવા મંડી પડે તો ભટકાઈ પડે કે બીજું કંઈ ? આવા કુતર્કવાદીઓએ ધર્મકાર્ય અને સામાજિક કાર્યનો ખીચડો કર્યો છે, યાને ભેળસેળ કરી દીધી છે. સ્કુલ કૉલેજમાં તો આજે કેવા ભયંકર તોફાનો અને નાટકો થાય છે અને કેવા ભ્રષ્ટાચાર ચાલે છે તે અજાણ્યું છે ? આખો સમાજ એ રીતે કંટાળી ગયો છે અને હોસ્પિતાલોમાં પણ ગર્ભપાત વગેરે ભયંકર કૃત્યો થાય છે. આજે સ્કુલ-કૉલેજ વિદ્યાધામ મટીને વેપારધામ બન્યા છે અને હોસ્પિતાલો માટે તો બહુ કહેવા જેવું રહ્યું નથી. લગ્નની વાડી તો આશ્રવનું સ્થાન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

છે. તમે એની આવશ્યકતા સમજતા હો તો ય એ સામાજિક આવશ્યકતા થઈ, સામાજિક કાર્યો થયા, એ તમારે સમાજના પૈસે કરવાના હોય જ્યારે મૂર્તિ દેરાસર ઉપાશ્રય સાધુ સાધ્વી ભક્તિ કે સાત ક્ષેત્રની ભક્તિ આ બધા શુદ્ધ ધાર્મિક કાર્યો છે. તમારે ધાર્મિક અને સામાજિક કાર્યોની ભેદરેખા ઊભી રાખવી છે કે ભૂંસી નાખવી છે ? પછી તો દરેક એમ કહેવા માંડશે કે કુટુંબ એ સમાજનું અવિભક્ત અંગ છે અને હું મારા કુટુંબનું પાલન-પોષણ કરું છું. માટે એ ય સામાજિક કાર્ય છે. તો પછી શું સ્કુલ-કૉલેજ-હોસ્પિતાલવાળા અને લગ્નની વાડી ચલાવનારા જે સમાજ સેવાનો દાવો કરનારા છે એ બધા તેમને ત્યાં ભેગા થયેલા પૈસા સમાજના એક એક કુટુંબમાં વહેંચી નાખશે ખરા ? સામાજિક અને કૌટુમ્બિક કાર્યનો ભેદ ઊભો રાખવો છે અને ધાર્મિક કાર્ય અને સામાજિક કાર્યની ભેદરેખા ભૂંસી નાખવી છે, એવું તો શી રીતે બની શકે ? ધાર્મિક ક્ષેત્રોનું દ્રવય કોઈ પણ સામાજિક કે કૌટુમ્બિક કાર્યમાં ન વપરાય.

જુઓ ? તમે ખુબ ભાગ્યશાળી છો. મહા પુણ્યાદયે તમને ધાર્મિક ક્ષેત્રોનું સંચાલન વહીવટ કરવાની સોનેરી તક મળી છે. પાપક્ષેત્રોના સંચાલન-વહીવટથી પાપની વૃદ્ધિ થાય, ભવસાગરમાં તણાવાનું થાય. જ્યારે આ ઉત્તમ ધર્મક્ષેત્રોનાં યોગ્ય રીતે સંચાલન-વહીવટ કરવાથી પુણ્યાનુબંધી પુણ્ય કમાવાની અને નિર્જરા કરવાની અણમોલ તક મળી છે. તમે એ તક વેડફી નાખશો નહિ. તમને આ વિષે ઘણું ઘણું કહેવાયું છે. તો તમે બરાબર વિચાર કરજો અને આપણા ધાર્મિક ક્ષેત્રોનું સંચાલન-વ્યવસ્થા-વહીવટ આપણા માન્ય શાસ્ત્રો અને પૂ. ગીતાર્થ ગુરુ ભગવંતોની સલાહ-સૂચનાના આધારે જ થાય એ માટે તમારે સૌએ ભેગા મળીને ઉદ્યમ કરવાનો છે. એમાં તમે સફળ થાઓ અને પરંપરાએ ઉત્તમ આત્મહિત સાધો એ જ શુભેચ્છા વીતરાગ ભગવંતની વાણી વિરુદ્ધ કંઈપણ કહેવાયું હોય તે બદલ મિચ્છામિ દુક્કડં.

“દિવ્ય-દર્શન”-“અગ્રલેખામૃત” વર્ષ-૩૭,અંક-૧,તા.૩-૦૯-૧૯૮૮

## (૩૨) ‘પર્યુષણા મહાપર્વનાં ૫ કર્તવ્યો ?

(તંત્રી નોંધ :- નિકટમાં પર્યુષણા મહાપર્વનાં પનોતા પગલાં થનાર છે. એમાં ભવ્ય જીવો ઉત્સાહથી મહાપર્વનાં તે તે કર્તવ્ય બજાવવા સજ્જ થાય એટલા માટે વર્ષો પૂર્વે છપાઇ ગયેલ પર્યુષણા મહાપર્વનાં કર્તવ્યોનાં વિવેચન પર પૂ. પ્રવચનકાર આચાર્યદેવશ્રીના હાથે વિશદીકરણ કરાવી અત્રે પ્રગટ કરવામાં આવે છે.)



જય હો અનંત ઉપકારી વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્માનો કે એમણે પર્વોમાં શ્રેષ્ઠ એવા પર્યુષણા મહાપર્વનો પ્રકાશ આપ્યો. આ પ્રકાશ જૈન મનુષ્ય જન્મમાં જ સહેલાઇથી મળે, માટે એમાં તો ધર્મની વિશેષ આરાધના કરવી જોઇએ; કેમ કે રોજના ધર્મ કરતાં પર્વ દિવસે અધિક ધર્મ અને પર્યુષણા મહાપર્વમાં તો ધર્મ એથી વિશેષ કરવો જોઇએ. રોજ કે પર્વ દિવસે, - બીજ-પાંચમ-આઠમ-અગિયારસ-ચૌદશ-પૂનમ-અમાવાસ્યાના દિને- ધર્મ ન કરી શકતા હોય, એમણે પણ પર્યુષણા મહાપર્વમાં તો ખાસ ધર્મ કરવાનો કવિ કહે છે.-

“કરી શકો ધર્મકરણી સદા તો કરો એહ ઉપદેશ રે,
સર્વ કાળે કરી નવિ શખો, તો કરો પર્વ સવિશેષ રે ”
(પર્વ દિવસે નવિન કરી શકો, તો કરો જિનવર મહાપર્વ સવિશેષ રે)
વીર જિનવર ઇમ ઉપદિશે)

દુર્ગતિમાં પડતા આપણને રક્ષણ આપનાર ધર્મ છે. ધર્મા જ દુર્ગતિમાં ન પડવા દે. તે ધર્મ નિત્ય કરતા જ રહેવાનું છે. જો તેમ ન બની શકે તો તિથિ-પર્વ તો ધર્મ અવશ્ય સાચવવાનો છે. કારણ કે જીવનું આયુષ્ય પ્રાયઃતિથિ દિવસે બંધાય છે. તો તે પર્વ દિવસે આપણે સહેજે ધર્મમાં એટલે કે તપ-ત્યાગ- સંયમમાં હોઇએ; ને તેથી આયુષ્ય બંધાય તો સદ્ગતિનું બંધાય; ને સદ્ગતિના જન્મથી ધર્મ સધાય એટલે પરલોકની સદ્ગતિની સિરિયલ સુધરી જાય.

જીવનને મંગલમય ને મહોત્સવમય બનાવવા માટે તીર્થંકરદેવોએ પર્વની આરાધના બતાવી છે. પર્વો બે પ્રકારનાં- લૌકિક અને લોકોત્તર. ઈતર ધર્મના પર્વને લૌકિક પર્વ કહેવાય, ત્યારે જૈન ધર્મનાં પર્વોને લોકોત્તર કહેવાય.

નિર્દોષ અને લોકોત્તર પર્વને આદર્શ પર્વ તરીકે બતાવનાર શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા મળે છે. આનાથી સમજી શકાય છે કે આપણે લૌકિક-પર્વ આરાધવા ? કે લોકોત્તર ? બન્ને વચ્ચે મોટો ફરક છે. લૌકિક પર્વોમાં સરાગી દેવ-દેવીની આરાધના કરવાની આવે, એથી શું મળે ? કહોને સંસાર મળે, મોક્ષ ન મળે. મોક્ષ તો વીતરાગ ભાવથી ભરેલો છે. એ કોણ બતાવી શકે ? વીતરાગ સર્વજ્ઞ અલ્પજ્ઞાની મનુષ્યના ઉપદેશેલા છે, એટલે એમાં સંપૂર્ણ સત્યતા ન હોય. જ્યારે લોકોત્તર ધર્મનાં પર્વ વીતરાગક- સર્વજ્ઞના કહેલા છે, તેથી વાસ્તવિક તારણહાર અને સંપૂર્ણ સત્ય જ હોય. વળી, લૌકિક પર્વનું સ્વરૂપ આરંભ- સમારંભોવાળું; અને તે પર્વના આદર્શ તરીકે સરાગી દેવ છે, જ્યારે લોકોત્તર પર્વનું સ્વરૂપ હિંસામય આરંભ- સમારંભના ત્યાગનું અથવા આરંભ ત્યાગ તરફ લઇ જનારું હોય છે. વળી લોકોત્તર પર્વના આદર્શ તરીકે વીતરાગ પરમાત્મા છે. એટલે નજર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સામે આ તરવરે કે આપણે આ લોકોત્તર પર્વના આદર્શ તરીકે વીતરાગ પરમાત્મા છે. એટલે નજર સામે આ તરવરે કે આપણે આ લોકોત્તર પર્વની આરાધના કરીને અંતે વીતરાગ થવાનું છે. એટલે જ લોકોત્તર પર્વો, - બીજ, પાંચમ, આઠમ વગેરે અને ચોમાસી ચૌદશપર્વ આદિ, તથા પર્યુષણપર્વોમાં વિશિષ્ટ જિનભક્તિ, સામયિક, પૌષધાદિ ક્રિયા તેમજ વિશિષ્ટ ત્યાગ અને તપશ્ચર્યાઓ તેમજ વિશિષ્ટ શાસ્ત્રશ્રવણાદિ આવે. એથી આત્મા નિર્મળ- નિર્મળતર બનતો જાય છે, અંતે ચારિત્ર પામી મોક્ષ સાધે છે. આમ લોકોત્તર પર્વની બલિહારી છે.

લૌકિક પર્વમાં ખાનપાનની મજા માણતી હોય છે. દા.ત. એકાદશીનાં લૌકિક પર્વમાં મેવા-મિઠાઇ-કુરૂટ વગેરે ફળાહાર મળે. દિવાળીમાં આનંદ-મંગલ કરાય છે. ત્યારે લોકોત્તર પર્વોમાં ત્યાગ-તપસ્યા-વ્રત-નિયમ વગેરે કરવાનાં હોય છે, જે વૈરાગ્યને વધારનારા હોય છે. માટે તો જૈનોનાં પર્યુષણા જગત્ પ્રસિદ્ધ છે. ઈતર લોકો ય સમજે છે કે જૈનોનાં પજુષણ આવ્યા છે, એટલે એમને ત્યાં તપસ્યાઓ ચાલી છે, તપસ્યાનાં વરઘોડા નીકળે છે...વગેરે

આ બધું શું છે ? લોકોત્તર પર્વનો મહા મહિમા, લોકોત્તર પર્વની વિશિષ્ટ ઉજવણી.

ત્યારે લૌકિક પર્વની એવી ઉજવણી હોય છે કે લોકો વિષયોનાં રંગરાગમાં પડી જાય છે, ત્યારે લોકોત્તર-પર્વોમાં જૈનો બ્રહ્મચર્યનો ખપ કરે છે; સામયિક-પૌષધ વગેરે કરી ધંધા રોજગાર બંધ કરે છે. તેથી હિંસા વગેરેથી બચાય છે. દા.ત. બીજ-પાંચમ-આઠમ વગેરે તિથિઓ, એ લોકોત્તર પર્વતિથિઓ છે; તો એમાં આરાધના કરવા માટે ધોવું- ફૂટવું ખાંડ

“દિવ્ય-દર્શન”-“અગ્રલેખામૃત” વર્ષ-૩૭,અંક-૨,તા.૧૦-૦૯-૧૯૮૮

## (33) પર્યુષણા મહાપર્વનાં ૫ કર્તવ્યો

દેદાશાહ કહે છે, “સંઘનું વચન મારા માથા પર. મારે સોનાની ધર્મશાળા બંધાવી આપવાની. બોલો આદેસર ભગવાનની જય.”

કેવો સરસ ઉત્તર ! પણ જવાબદારી કેટલી જબરદસ્ત માથે લીધી ? વાત નક્કી થઇ ગઇ કે દેદાશાહે સોનાની ધર્મશાળા બંધાવી આપવી, ને એ માટે સોનાની ઈંટો ઢાળવાનું નક્કી થઉ ગયું; પણ...પણ શું ?



પણ સોનાની બંધાવવામાં પછીથી ગામ પર લૂંટારા ત્રાટકવાનો ભય, તેથી શું સોનાની બંધાવાય ? છતાં હરે ફરે એમ નથી. છેવટે ગુરૂ મહારાજે ના પાડવી પડે છે. કહે છે ‘આમાં આ આખા ગામ પર ભય.’

પેલો કહે ‘તો શું હું સંઘને આપેલું વચન ફોક કરૂ’

ના, સોના જેવી બંધાવી આપો !

તેથી અંતે કેસરની બંધાવાઇ ! ભારોભાર કેસરની ઈંટોમાં હોં ! આજેય એના ખંડિયેરમાંની ઈંટોમાંથી કેસરના તાંતણા કાઢી લોક પાણીમાં નાખી પારખે છે, પાણી પીળું બને છે. આ હતી પૂર્વના મહાપુરૂષોની ઉદારતા ! લાખો રૂ. નું એ પરમાર્થનું કાર્ય એકલે હાથે કરતા.

‘મોટા પરમાર્થનાં કામ એકલાથી થાય ? એમ સવાલ થાય છે ને ?

પરંતુ બંગલો બંધાવવા વગેરે જો સ્વાર્થનાં કામ એકલાથી થાય, તો પરમાર્થનાં કામ શું કામ ન થાય ?

ત્યારે તમે કહેવાના કે, ‘પૈસા હોય તો ને’ પણ ના,

ધર્મનાં કામ તો દિલ હોય તો થાય છે, ખાલી પૈસાથી નહિ પૈસા તો આજે ઘણા પાસે છે, છતાં એના પ્રમાણમાં સારાં કામ નથી થતા.

તમે જ કહોને કે, જેટલા પ્રમાણમાં તમારી પાસે પહોંચે છે, એટલા પ્રમાણમાં ધર્મ અચૂક કરી લેવાનું દિલ છે ? ભયંકર મોંઘવારીમાં ય ઘરને તાળું ન મારી દેતાં, ઘરને બરાબર ચલાવવાની હામ- ધગશ અને પુરૂષાર્થ ધરાવો છો. એવી ધર્મ સાધી લેવાની હામ- ધગશ અને પુરૂષાર્થ ખરા ? ના, કેમ નહિ ? ઘર નહિ, પણ ધર્મ જ જરૂરી છે,’ એવું હૃદય પોકારતું નથી. બસ; તો

ધર્મ માટે દિલ નહિ હોય ત્યાં સુધી બહાનાં ઊભા રહેવાના કે- પૈસા નથી,’

અરે ! સમજો કે વખત ખરાબ નથી, આપણે પોતે ખરાબ છીએ. ખરાબી તો જ દૂર થાય જો દિલ ધર્મનું બની જાય. ‘ધર્મે મને આવો સુંદર માનવભવ અને જૈનશાસન આપી મારા પર અનંત ઉપકાર કર્યો છે. હજી પણ ભવિષ્યમાં એ જ ઉપકાર કરનાર છે. એની કાતર કે એના આદેશ પાછળ હું શું ન કરૂ ? એ શાસનને ઘેબર પીરસી મારે ઘેંસ ખાવા બાકી રહે, એમાં જાતને મહાન ભાગ્યશાળી માનું’...

બોલો, પૈસા કોના ? ધર્મના ? કે તમારા ?

મન ઍશું કહે છે ? ધર્મની કદર નથી, તેથી કાળી વાસનાઓ ફાલેફૂલે છે. એમાંની આ એક અયોગ્ય વાસના છે,- ‘પૈસા મારા છે,’મારે કુટુંબ છે...’ વખત ખરાબ છે !’ આવી કેઇ ઘેલછાઓ છે. વખત ખરાબ આવ્યો લાગતો હોય તો તો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પુણ્ય વધારવા માટે આવા પરમાર્થના કાર્ય વધુ કરવા જોઇએ. જ્યારે 'પૈસા મારા છે, એવું લાગે છે ત્યારે માણસ મૂઢ બનેલો હોય છે ; કેમ કે '

ખરેખર પૈસા કોના છે એ જોવું ભૂલાયું છે...

દાદુ રાજસ્થાની

પૈસા કોના ? આપણા કે પ્રભુના ?

એક વિવેકી રાજસ્થાની યુવકનું દૃષ્ટાન્ત...

પોતાની માતાને લઇને એક દાદુ નામનો રાજસ્થાની યુવક ગયો શ્રી સિદ્ધગિરિની યાત્રાએ, એની માએ વર્ષીતપ કરેલો તેના પારણા નિમિત્તે, ડોશીએ વર્ષીતપ ઉપર અંતે પાછી અઠ્ઠાઇ કરેલી ! એ આમેય વર્ષી તપમાં સુકાઇ ગયેલી, અશક્ત થઇ ગયેલી; તે અઠ્ઠાઇમાં તો થઇ સાવ ઢીલી ઢચ ! હવે ગિરિરાજ ઉપર ચઢવાની શક્તિ કાયંથી લાવવી ?

"દિવ્ય-દર્શન"-**"અગ્રલેખામૃત"** વર્ષ-૩૭,અંક-૩,તા.૧૭-૦૯-૧૯૮૮

## (૩૪) પર્યુષણા મહાપર્વનાં ૫ કર્તવ્યો

પ્રભુ મહાવીરદેવનું સાધુજીવન શું બતાવે છે ? ભયંકર ઉપસર્ગ કરનારાઓ પ્રત્યે પણ સમતાનો મુશળધાર વરસાદ ! ઉપશમના અમૃતસ્ત્રોત ! શું આપણને એ પ્રભુવીરનું આલંબન આવા ઉત્તમ ભવમાં ય લેવાનું ન ખપે ? તો ક્યાં ભવમાં આ આલંબન લેવાનો સંયોગ મળશે ?

(૪) વળી જુઓ, સુદર્શન શેઠનો ઉપશમ ! ગુનો દુષ્ટ રાણીનો, છતાં ઊંડી તપાસ કર્યા વિના રાજા મહાસદાચારી, બિનગુનેગાર સુદર્શનશેઠને માત્ર રાણીના ચાળાથી ગુનેગાર સમજી શુળીએ ચઢાવવા મોકલી દે છે !આવી ઊલટી સ્થિતિમાં ય સુદર્શનશેઠનો ઉપશમ કેવોક "મારું ગમેં તે થાઓ, પણ મારા ખુલાસાથી રાણી બિચારી ઉપર આપત્તિ ન આવો ! એ માટે મૌનમાં રહ્યા છે.

(૫) પ્રખરશાળી બાહુબલજી, એમનું ચક્રરત્નથી ગળું છેદી નાખવાનું અન્યાયી યુદ્ધ કરનાર ભરતચક્રવર્તીને માથે મુઠ્ઠીનો ઘા કરવા દોડયા છે. શિક્ષા કરવા સમર્થ છતાં, બાહુબળજી વચ્ચે જ ઉપશમભાવના આસમાનમાં ચઢયા ! તો યુદ્ધે ય છોડયું; અને આખો સંસાર પણ છોડયો ! છે તમારે આવા દુશ્મન ? ના, છતાં તમારી મામુલી ગુનેગારને ક્ષમા-ઉફશમભાવ પીરસવા નથી ?



(૬) સનતકુમાર ચક્રવર્તીએ ઇન્દ્રપણાનું અને ચક્રવર્તીપણાનું પુણ્ય શી રીતે ઉપાર્જ્યું હતું ? સનતકુમારને પૂર્વભવે શ્રાવકજીવનમાં રાજાના આગ્રહથી મિથ્યાદષ્ટિ તાપસ તરફથી પોતાની પીઠ પર ગરમાગરમ રસોઇની પતરાળી મુકાવી પડી હતી. તેને લીધે ફદફદી ગયેલી પીઠની સ્થિતિમાં ય રાજા કે તાપસ પર જરાય ગુસ્સો ન કરતાં મહાઉપશમ રાખી જંગલમાં દિવસોના દિવસો સુધી એમણે ખૂલ્લી પીઠે કાઉસ્સગ્ગ સ્વીકાર્યો હતો ; દિવસે સમડી વગેરે પક્ષીઓની તીક્ષ્ણ ચાંચે બટકા ભરાવાનું અને રાતે જંતુઓથી કરડાવાનું સહ્યા કર્યું હતું ! આ પણ એકેક દિશામાં ૧૫-૧૫ દિવસ ! કેવોક ઉપશમભાવ આવશે ? ઉપશમ- ઉપશમનું ફળ કેવું મળ્યું ? જાણો છો ? મહાન ઉપશમભાવના પ્રતાપે એ શ્રાવક સુધર્માઇન્દ્ર થયો ! કેવી સરસ એમાં અસંખ્ય જિનેશ્વરોનાં કલ્યાણક ઉજવવાની મહાન ભક્તિ કરવાનું મળે ! ત્યાંથી પછી પણ એવું સુંદર ચક્રવર્તીપણું મળ્યું કે જેમાં સાકર પરની માખી ટકોરે ઊડે, એમ શરીરમાં એકાએક ૧૬ રોગ ઉત્પન્ન થયા જોઇ તરત જ એ છ ખંડનાં સામ્રાજ્યનાં અતુલ વૈભવ વિલાસને ફગાવી દઇ, મહાતપસ્વી અને ઉપશમ ભંડાર મુનિ બને છે ! કઇ સમુદ્રિમાં ભયંકર તપ ! અને અથાગ ઉપશમભાવ ! તમારે પર્યુષણામાં ય ઉપશમભાવ અને ક્ષમાપાન નથી કરવી ? કઇ ગતિની ટિકિટ કઢાવવી છે ?

(૭) ગૃહસ્થપણામાં જ સુવ્રતશેઠે ઉપશમભાવ રાખી પોતાના જ ઘરમાં ચોરી કરવા આવેલા ચોરોને જીવતદાન અને લક્ષ્મીદાન કર્યું.

(૮) બાકી કૃષ્ણ-વાસુદેવના લાડીલા ભાઇ મહામુનિ ગજસુકુમાળની મહાસમતા અને ઉપશમભાવે એન્મને તત્ક્ષણ કેવળજ્ઞાન અને મોક્ષ અપાવ્યો ! એ તો અનેક વાર સાંભળી ગયા છો ને ?

ત્યારે (૯) ખંધકમુનિ, (૧૦) ખંધકસૂરિના શિષ્યો, (૧૧) સુકોશલમુનિ, (૧૨) ઝાંઝરિયામુનિ... વગેરેના ઉપશમ કેવાક અનુપમ !! શું આમાનાં કોઇએ શત્રુ સામે વિરોધ નોંધાવ્યો ? સામનો કર્યો ? શત્રુવટ રાખી ? અધિકાર અજમાવ્યો ? સમજી રાખો, એ બધા વિરોધ વગેરે ત ો સંસાર- વૃદ્ધિનાં ચાળા છે, મોક્ષનાં વિરોધી છે. હજી એક સુંદર દષ્ટાંત જુઓઃ-

(૧૩) લલિતાંગ (કુરગડુ) મુનિનું દ્રષ્ટાંત

ક્ષમાપનાનો મહાપ્રભાવ જુઓ કે તુરમિણી નામની નગરીમાં લલિતાંગ નામે ગુણિયલ રાજપુત્ર છે. એણે મુનિની ધર્મદેશના સાંભળી એનો સંવેગ રંગ હૈયે માતો નથી. મોટા રાજ્ય - વૈભવનાં સુખ પણ એને ભયંકર ભાલસસ્યા.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

જેમ માનવનું લોહી નીચોવનારા દેશમાં ખરીદેલા મનુષ્યનાં શરીરમાંથી સોયાથી કાણાં પાડી સારી રીતે લોહી નીચોવી લે, અને પછી એ મુડદાલ બનેલા માનવને ફરીથી લોહી માટે પુષ્ટ કરવા પકવાન્ન ફળ મેવા મિઠાઈ પણ ખાવા આપે. તે એને કેવા લાગે ? એમાં એને શું દેખાય ? ફરીથી એ દુષ્ટો દ્વારા શરીરમાં તીક્ષ્ણ સોયાથી કાણાંઓ પાડી-પાડી લોહી નીચોવવાથી ઘોર પીડા જ દેખાય ને ?

બસ, એ પ્રમાણે વૈરાગી બનેલા રાજપુત્ર લલિતાંગ રાજકુમારને એવું જ સમસ્ત સંસારની ઘટનાઓમાં દેખાયું. હવે શી રીતે એક ક્ષણ પણ ઠરી શકે ? એ સર્પની કાંચળીની જેમ દેવાંગના સરખી પત્ની, રાજ્ય વૈભવાદિ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૭,અંક-૭,તા.૧૫-૧૦-૧૯૮૮

અનંતકરુણાનિધાનાય શ્રી પરમાત્માનો નમઃ

## (૩૫) ગોઝારી યાંત્રિક કતલખાનાની યોજના

કર્ણાટક સરકારે પોતાની એનિમલ ફૂડ કોર્પોરેશન સંસ્થા દ્વારા ૫૮૦ લાખ રૂપિયાના ખર્ચે પર બેંગ્લોરમાં કાચરકાનહલ્લી ગામના તળાવની જમીન પર હેન્નુર બેલ્લારી રસ્તા પર, ૫૭ એકર જમીન પર આધુનિક મિકેનાઈઝડ કતલખાનું ખોલવાનો નિર્ણય કર્યો છે. અહિંસાપ્રેમીઓ -આર્યસંસ્કૃતિ પ્રેમીઓએ આ યોજના બંધ કરવા માટે અવાજ ઉઠાવ્યો તો સરકારી સંસ્થાનો જવાબ છે, ''નવું આધુનિક કતલખાનું શહેરના કોર્પોરેશનના પશુ ડૉક્ટરોની દેખરેખ નીચે પશુઓની વૈજ્ઞાનિક અને આરોગ્યના નિયમાનુસારી કતલ કરવા માટે છે. વર્તમાન કતલખાનાઓ આરોગ્યના નિયમ મુજબના માંસ મેળવવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી બનાવેલા નથી. નવું કતલખાનું બનાવવાનો અમારો એક માત્ર ઉદ્દેશ'' 'હાઈજેનિક માંસ' યાને વધુ આરોગ્યપ્રદ સ્થિતિમાં માનવ ખાઈ શકે એવું માસ બનાવવાનો છે. મુંબઈમાં દશ વર્ષથી ચાલતું આધુનિક દેવનાર કતલખાનું, કતલખાના વિરોધીઓના નકારાત્મક વલણને મહત્ત્વહિન બનાવે છે.

સરકારી સંસ્થાનો આ જવાબ આર્થિક વૈજ્ઞાનિક સ્વાસ્થ્ય અને રાષ્ટ્રીય દષ્ટીથી લાભદાયક નથી.

ભારત ખેતીપ્રધાન દેશ છે. પશુઓની અધિકાધિક કતલ ભારતીય ખેતી પર



વિપરીત અસર કરશે. ભારતનો નાનકડો ખેડુત પશુઓની સહાય વગર ખેતી શી રીતે કરશે ? પશુઓની ગેરહાજરીમાં જમીનને ફળદ્રુપ બનાવતું સસ્તુ છાણ એ ક્યાંથી મેળવશે ? પશુ વિના ભારતના આદમીનું અસ્તિત્વ શી રીતે ટકશે ?

ભારતનું બહુમુલ્ય પશુધન રોજબરોજ ઘટતું રહ્યું છે. જુઓ સરકારી તંત્ર માટે બનેલા આ આંકડાઓ :

| | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૨ | ૧૯૮૨ | |
|---|---|---|---|---|---|
| ચોપગા(કેટલ) | ૪૩૦ | ૪૦૦ | ૩૨૬ | ૨૭૮ | પ્રતિ |
| ભેંશ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૬ | ૧૦૦ | ૧૦૦૦ |
| બકરા | ૧૩૧ | ૧૩૯ | ૧૨૪ | ૧૩૬ | મનુષ્યો |
| ઘેંટા | ૧૦૮ | ૯૨ | ૭૪ | ૬૯ | માટે |

પશુઓની આ ઘટતી જતી સંખ્યા ગંભીરતાથી વિચારણીય છે.

સરકારની ફરજ લોકોનું તાજું આરોગ્ય પ્રદ દૂધ પૂરું પાડવાની હોઈ શકે, માંસ પૂરું પાડવાની ફરજ શું સરકારી હોઈ શકે ?

ભારત સરકારની નવી એક્સપોર્ટ પોલિસીમાં માંસના નિકાસની વાત સામેલ કરાઈ છે. શું આ સરકારીની હોઈ શકે ?

ભારત સરકારની નવી એક્સપોર્ટ પોલિસીમાં માંસના નિકાસની વાત સામેલ કરાઈ છે. શું આ નવા કતલખાનાઓ દેશની પ્રજાને માંસ આપવા ઉપરાંત પરદેશોમાં પણ માંસ નિકાસ કરવાની સગવડતા માટે બનાવાય છે ? નીચેના આંકડાઓ આ શંકાને પ્રબળ કરે છે.

| ચામડાની નિકાસ | ૧૯૭૧ | ૧૯૮૧ | લક્ષ્યાંક - ૧૯૯૧ |
|---|---|---|---|
| રૂપિયામાં | ૮૪ કરોડ | ૨૫૦ કરોડ | ૧૦૦૦ કરોડ |

માંસ ચાહે આધુનિક યન્ત્ર પદ્ધતિથી મેળવાયેલ હોય કે બીજી રીતે, આખરે માંસ જ છે. એ આરોગ્યપ્રદ કદી હોઈ શકે ખરું ? માંસથી કેન્સર સુધીની ભયંકર જીવલેણ બિમારીની હકીક્તો જગપ્રસિદ્ધ છે. આધુનિક કતલખાનામાં બનાવાયેલું કહેવાતું આરોગ્યપ્રદાયી માંસ આવી મરણાંત બીમારીઓ નહિ લાવે એવી ખાત્રી કોણ આપી શકે તેમ છે ?

વળી માંસભક્ષણ, ભારતીય સંસ્કૃતિ પ્રસિદ્ધ સાત મહા વ્યસનો પૈકીનું એક છે, સંસ્કૃતિથી વિરોધી છે. પ્રજાની સરકારનું શું આવું આરોગ્યહાનિકારક અને


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સંસ્કૃતિ વિરોધી કાર્ય કરશે ? ભારત સરકાર અને રાજ્ય સરકારે આવું પશુહત્યાનું દાનવીય કામ પોતાના હસ્તક શા માટે લેવું જોઈએ ? પશુકતલખાના ચલાવવાની અનિવાર્ય ફરજ છે શું ?

જીવોનું સન્માન કરનારી, આર્ય સંસ્કૃતિચાહક તમામ ભારતીય પ્રજાને વિનંતી છે કે સરકાર હસ્તક થનારી આ ગોઝારી પશુહત્યાનો સખત વિરોધ કરે. પોતાનો દૃઢ વિરોધ પત્રો દ્વારા ચીફ મિનિસ્ટર, કર્ણાટક રાજ્ય બેંગ્લોરને મોકલી આપે અને અવસર આવ્યે સર્વસ્વનો ભોગ આપવાની તૈયારી રાખે.

આપના સૌના સંયુક્ત પ્રયાસથી જ આ આધુનિક કતલખાનું બંધ થઈને રહેશે.

બોલો અભયદાનદાતા શિરોમણિ પરમાત્માની જય !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૭,અંક-૮,તા.૨૨-૧૦-૧૯૮૮

## (૩૬) વિદેશમાં પણ કેવી જીવદયા !

જેનિફર ગ્રેહામ નામની સોળ વર્ષની એક અમેરિકન બાળાની સામે એક ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયો. પરીક્ષા વખતે ઝુલોજીના શિક્ષકે તેણીની સામે જીવંત દેડકું મૂક્યું એ દેડકાને કાપીને તેના વિષે તેણી શું-કેટલું સમજી છે તેની તેણીએ પ્રતીતિ કરાવવાની હતી. જીવદયાપ્રેમી આ બાળિકાને જીવતા દેડકાનો પ્રાણ લેવાનું મંજુર નહોતું. એણીએ શિક્ષકને જણાવ્યું, 'વિજ્ઞાનની શિક્ષા અને પરીક્ષા માટે હું જીવની હત્યા કરવાનું પસંદ નહિ કરું આ મારી માન્યતાનો પ્રશ્ન છે.'

શાળાના શિક્ષકને ગુસ્સો આવ્યો. એણે જેનિફર ગ્રેહામના નામે શુન્ય માર્ક મૂક્યા. એણીની કક્ષા નીચે ઊતરી ગઈ. શાળાના શિક્ષકોનો આ અભિગમ એણીને અસહ્ય લાગ્યો. એણી વકીલને ત્યાં ગઈ, પોતાની વાત સમજાવી. મામલો ન્યાયની કોર્ટમાં ગયો. કોર્ટમાં કેસ ચાલતો જ હતો, દરમ્યાન વકીલે શાળાની સાથે વાટાઘાટો શરૂ કરી. પરિણામે જે દેડકું કુદરતી મોતે મર્યું હોય તેના મૃત શરીરના ફોટા લેવામાં આવે અને તે પરથી ઝુલોજીના વર્ગમાં અભ્યાસ થાય તો તે શાળાને માન્ય છે' એવું શાળાના અધિકારીઓએ સ્વીકાર્યું. કોર્ટમાંથી કેસ પાછો ખેંચાયો. માન્યતાનું પાલન કરવાનો મૂળભૂત અધિકાર આ રીતે સ્વીકાર્યો.



એક યા બીજી રીતે આ વાતનો પ્રચાર વધ્યો. શિક્ષણશાસ્ત્રીઓ અને સમાજના ચિંતકોને આ વાત વિચારવા જેવી લાગી અને પરિણામે અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યે એક કાયદો ઘડ્યો એ કાંઈક આ પ્રમાણે છે : "પોતાની ધાર્મિક કે નૈતિક માન્યતાને લીધે જે વિદ્યાર્થીઓએ જીવતા દેડકા કાપવા સામે વિરોધ હોય તેમને પ્રયોગશાળામાં તેમ કરવાની ફરજ પાડવી નહિ."

વિદેશની આ બાળાની જીવદયાની લાગણીને ધન્ય છે !

એણીએ પોતાની કારકીર્દિ હોડમાં મૂકીને પણ જીવરક્ષા કરવાનું પસંદ કર્યું.

આર્ય સંસ્કૃતિપ્રેમી ભારતીય વિદ્યાર્થીઓ પણ પોતાની "જીવો અને જીવવા દો"ની માન્યતાને અખંડિત રાખવા આવો કોઈ અભિગમ સ્વીકારે તો કેવું સારૂ ? બિનસાંપ્રદાયિક ભારત સરકાર પણ આવો કાયદો ઘડી જીવોનું સન્માન કરે - આર્ય સંસ્કૃતિની રક્ષા કરે તો કેવું મઝાનું ?

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૭,અંક-૯,તા.૫-૧૧-૧૯૮૮

## (૩૭) સન્ડે હો યા મન્ડે, કભી મત ખાઓ અન્ડે

(તંત્રીનોંધ :- સંજય વોરાનો આ લેખ 'સમકાલીન'માંથી સાભાર ઉદ્ધૃત કરી અત્રે આપીએ છીએ)

મેરી જાન, મેરી જાન, મુરગી કે અન્ડે ......

મારા પાંચ વર્ષના ટેણિયા ભત્રીજાનું ગીત સાંભળી મારા કાન સરવા થયા. હજી હું કંઈ પૂછવા આગળ વધુ એ પહેલાં તેણે બીજી કડી લલકારી : સન્ડે હો યા મન્ડે, રોજ ખાઓ અન્ડે. અમારા પડોશીના ઘરે જ્યારે પણ કેક લાવવામાં આવે ત્યારે આ નટખટ ભત્રીજો પહેલો પ્રશ્ન એ પૂછતો : 'આમાં ઈંડા છે ?' ... કેકમાં જો ઈંડા છે એવી ખબર પડે તો તે લાલચ છોડીને પણ ખાવાની ના પાડી દેતો. ઈંડા વગરની કેક હોય તો જ તે ખાવા માટે તૈયાર થાય. આવા અણિશુદ્ધ શાકાહારી વાતાવરણમાં ઊછરેલા અબુધ બાળકને પણ ટીવીના બોલકી જાહેરખબરોની ઝપટમાં આવી ગયેલો જોઈ મને આશ્ચર્ય થયું અને આઘાત લાગ્યો.

છેલ્લા થોડા સમયથી દેશભરમાં રેડિયો, ટીવી અખબારો અને મેગેઝિનોના માધ્યમથી ઈંડાનો જોરશોરથી પ્રચાર થઈ રહ્યો છે. મરઘાંઉછેર કેન્દ્રોના માલિકોને અને સરકારે જાણે કસમ ખાધી છે કે કોઈને પણ ઈંડા ખવડાવ્યા વગર છોડીશું



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

નહિં. દેશની માંસાહારી પ્રજાને તો આવો બોધપાઠ આપવાની જરૂર જ ન હોય, એટલે સ્વાભાવિક છે કે પ્રચારની આ પડઘમ દ્વારા શાકાહારીઓને નિશાન બનાવવામાં આવ્યા છે.

ઈંડા શાકાહાર ગણાય કે માંસાહાર એની ચર્ચા આપણે પછી કરીશું. મુખ્ય પ્રશ્ન એ છે કે શું ઈંડું સંપૂર્ણ ખોરાક છે ? અને તેનાથી શરીરમાં બહુ તાકાત આવે છે એ વાત સાચી છે ? શું તેનાથી માત્ર લાભ જ થાય છે અને કોઈ નુક્સાન થતું જ નથી ? ઈંડામાંથી જે પોષણ મળે છે તે કોઈ શાક, ફળ, અનાજ કે કઠોળમાંથી નથી મળતું ? જ્યારે કોઈ વસ્તુના ગુણોની બાંગ પોકારવામાં આવતી હોય ત્યારે તેના અવગુણોથી પણ પ્રજાને સાવચેત કરવી જોઈએ. ઈંડાનો પ્રચાર કરનારાઓ એકપક્ષી રજૂઆત કરી બેઈમાની કરી રહ્યા છે. પોતાનો ધંધો જમાવવા તેઓ લોકોની આંખમાં ધૂળ નાખે છે. એટલે સુધી કે ઈંડા ન ખાનારા લોકોને તેઓ પછાત અને અવૈજ્ઞાનિક ગણાવે છે. ઈંડાનો પ્રચાર કરવા માટે તેઓ ડૉક્ટરના અભિપ્રાયો પણ ટાંકે છે.

એમ કહેવાય છે કે, ઈંડાનો ૯૫ ટકા ભાગ પચાવીને શરીર ગ્રહણ કરી લે છે. પરંતુ હકીક્ત કંઈક અલગ છે. નોબેલ પારિતોષિકવિજેતા હદયરોગના નિષ્ણાતો પ્રોફેસરો ંમાઈકલ એસ. બ્રાઉન અને જોસેફ એલ. ગોલ્ડસ્ટીનનો સ્પષ્ટ અભિપ્રાય છે કે હદયરોગના હુમલાનું મુખ્ય કારણ ઈંડાનો આહાર છે. ઈંડામાં કોલેસ્ટરોલ પ્રચુર માત્રામાં છે. જે હાઈ બ્લડપ્રેશર અને હૃદયરોગનું કારણ છે. આટલું ઓછું હોય તેમ કોલેસ્ટરોલનો નિકાસ કરવાની શરીરની શક્તિ ઈંડાના આહારથી ઘટે છે. સન્ડે હો યા મન્ડે રોજ ખાઓ અન્ડેની પિપુડી વગાડનારા લોકોએ આલતુફાલતું ડૉક્ટરોના અભિપ્રાયની સાથે આ નોબેલ પારિતોષિકવિજેતા તબીબોના અભિપ્રાય પણ ટાંકવા જોઈએ.

જાહેરખબરોમાં ઈંડાની પ્રશસ્તિ પૂર્ણ આહાર તરીકે કરવામાં આવે છે. મુરતિયો ભલે કાણો, કૂબડો અને બાઘો હોય, તેની મા તો વખાણ જ કરવાની. ઈંડાનું પણ આવું જ છે. તેમાં એકાદ વિટામીન સિવાય બાકીનાં જીવનત્તત્વોનો સર્વથા અભાવ છે. દાખલા તરીકે તેમાં વિટામીન સી જરાય નથી. કાર્બોહાઈડ્રેટ અને કેલ્શિયમ જેવા પદાર્થો વગર કોઈ ખોરાક પૂર્ણ ન ગણાય. આ બંનેનું ઈંડામાં નામનિશાન નથી. તેમાં જે વિટામીન બી-૧, બી-૨ અને બી-૧૨ ના અંશો હોય છે. તે તેને રાંધવાની પ્રક્રિયામાં બળી જાય છે. બ્રાઉન અને ગોલ્ડસ્ટીને વર્ષોના અનુભવ અને પ્રયોગો પછી એક સત્ય તારવ્યું હતું કે શાકાહારીઓની સરખામણીએ



માંસાહારીઓ હૃદયના, કિડનીના અને લોહીના દબાણના રોગો વધુ થાય છે અને તેનું કારણ ઈંડાનો આહાર તેમ જ માંસાહાર છે.

ઈંડાને શ્રેષ્ઠ ખોરાક ગણાવનારાઓ ભૂલી જાય છે કે ૧૦૦ ગ્રામ ઈંડામાંથી માત્ર ૧૬૦ કેલેરી જ પ્રાપ્ત થાય છે. જ્યારે મગ, અડદ, મસુર, ચણા, વટાણા અને કઠોળમાં દર ૧૦૦ ગ્રામે ૩૨૫ થી ૩૭૫ કેલેરી ગરમી મળે છે. ઈંડાથી ત્રણગણી શક્તિ મગફળીમાંથી મળે છે. એ હકીક્ત પણ શાકારીઓએ જણાવવી જોઈએ.

ઈંડાના પ્રચારકોની મુખ્ય દલીલ એ છે કે તેમાં પુષ્કળ પ્રોટીન છે. ૧૦૦ ગ્રામ ઈંડામાં ૬.૮ ગ્રામ પ્રોટીન હોય છે. (જાહેરખબરમાં તો થોડું પ્રોટીન ઘરનું ઉમેરી સાત ગ્રામ બતાવાય છે.) પરંતુ તમામ કઠોળોમાંથી ૧૪ ગ્રામ અથવા વધુ પ્રોટીન હોય છે. તલ અને મગફળી જેવા તેલીબિયામાં તો આ પ્રમાણ ૨૧ થી ૨૫ ગ્રામ થઈ જાય છે. એક રૂપિયાના ઈંડા ખાવાથી જેટલું પ્રોટીન મળે છે. તેટલું પ્રોટીન કઠોળ અથવા મગફળીમાંથી મેળવવા માટે ચાળીસ-પચાસ પૈસા જ ખર્ચવા પડે છે.

એક વખત માની લઈએ કે પોષણની બાબતમાં નોબેલ પારિતોષિકવિજેતા વિજ્ઞાનીઓ જુઠા છે અને ઈંડાના પ્રાચરકો સાચા છે તો પણ ઈંડાને શાકાહારી કયા અળવીતરા તર્કથી બતાવાય છે તે સમજાતું નથી. શાકાહાર અથવા અન્નહારની સરળ વ્યાખ્યા કરીએ તો જે વસ્તુ વૃક્ષ અથવા છોડ પર ઊગે તેને શાકાહાર કહેવાય. શું ઈંડુ વૃક્ષ પર ઊગે છે ? જો ના, તો પછી તેને શાકાહાર શી રીતે કહી શકાય ?

આવા પ્રચાર સામે જ શુદ્ધ શાકાહારીઓનો મુખ્ય વાંધો છે. ઈંડાને શાકાહાર સાબિત કરવા માટે જાતજાતની ઉટપટંગે દલીલો કરવામાં આવે છે. એક તર્ક એવો છે કે ઈંડામાં કોઈ જીવ નથી, માટે તે શાકાહાર ગણાય. જો આ દલીલ માની લઈએ તો બકરાને કે બળદને મારી નાખ્યા પછી તેના માંસમાં પણ કોઈ જીવ નથી રહેતો. એટલે તેને પણ શાકાહાર માનવો પડે, તેઓ બીજી દલીલી એ કરે છે કે દૂધ પ્રાણીના શરીરમાંથી મળે છે છતાં શાકાહારીઓ તેનું સેવન કરે છે, તેવી જ રીતે ઈંડા મરઘી આપે છે, માટે તેને પણ શાકાહાર ગણી શકાય. દૂધમાં અને ઈંડામાં એક પાયાનો તફાવત છે. ગાય કે ભેંસના શરીરમાં જે દૂધ પેદા થાય છે તે પોષણના હેતુથી થાય છે. દૂધમાંથી ક્યારેય ગાય પેદા થતી નથી, કારણ કે તેમાં જીવ નથી હોતો. આ કારણે દૂધ વાપરવામાં શાકાહારીઓને કોઈ વાંધો હોઈ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

શકે નહિ. ઈંડાની વાત સાવ અલગ છે. મરઘી શરીરમાંથી ઈંડુ તૈયાર થાય છે, તેનો હેતુ નવા જીવના સર્જનનો હોય છે. ઈંડામાંથી મરઘી પેદા થઈ શકે છે, માટે તેને શાકાહાર ગણી શકાય નહિ.

ઈંડાને શાકાહારમાં ખપાવનારાઓ પાસે હજી એક દલીલ બાકી રહે છે. તેઓ કહે છે, 'મરઘાના સંયોગ વગર મરઘી જે ઈંડુ મૂકે તેમાંથી તો ક્યારેય બચ્ચું પેદા નથી થતું. માટે આ ઈંડાનો તો શાકાહાર ગણી જ શકાય.' જીવવિજ્ઞાનનો પ્રાથમિક અભ્યાસ કરનાર માણસ પણ કહી શકશે કે પ્રજનન માટે તૈયાર થતું માદાઅંડ પોતે પણ એકકોષી જીવ છે. એટલે મરઘાના સંયોગ વગરનાં મરઘીનાં ઈંડામાં પણ જીવ તો હોય જ છે અને આ જીવ કોઈ કાકડી, ટમેટાં કે તરબૂચનો જીવ નથી પણ મરગીનો જ જીવ છે. એ વાત તો કોઈ નકારી શકશે નહિ. આ ઈંડા પર જો મરઘાનું પુરુષબીજ પડે તો તેમાંથી જરૂર બચ્ચું પેદા થાય. આ ઈંડુ જો ખરેખર નિર્જીવ હોય તો તેમાંથી ક્યારેય બચ્ચું પેદા થઈ શકે નહિ.

પાંચેક વર્ષ પહેલાં ઈંડુ શાકાહારી ગણયા કે માંસાહારી એ પ્રશ્ને ગુજરાતમાં ગરમાગરમ ચર્ચા ચાલી હતી. આ અખબારી યુદ્ધમાં એક બાજુ હતી ગુજરાત સ્ટેટ પોલ્ટ્રી ફાર્મર્સ કોઓપરેટિવ સોસાયટી અને તેનો વિરોધ કરી રહી હતી હિંસા નિવારણ સંઘ નામની જૈન સંસ્થા મરઘાપાલકોની સોસાયટી પોતાનું વેચાણ વધારવા ઈંડાને શાકાહારી ખપાવતી જાહેરખબરો આપી રહી હતી. હિંસા નિવારણ સંઘે આ જાહેરાતોને હાઈકોર્ટમાં પડકારી હતી. આ ગજગ્રાહમાં સૌથી રસની વાત એ હતી કે મરઘાપાલકોની સહકારી સોસાયટીના પ્રમુખપદે ડો. દેઢિયા નામના જૈન હતા અને તેમનો વિરોધ કરી રહેલી સંસ્થા પણ જૈનોની જ બનેલી હતી. આ વિવાદ વખતે મેં ડો. દેઢિયાની એક મુલાકાત લીધી હતી. આ વખતે થયેલી ચર્ચામાં ડો. દેઢિયાએ કબૂલ્યું હતું કે કહેવાતાં શાકાહારી ઈંડામાં પણ જીવ તો છે જ. ઈંડાને શાકાહાર ગણાવનારાઓ ખુદ સાચી વાત જાણે છે પણ તેઓ બદઈરાદાથી ખોટો પ્રચાર કરી રહ્યા છે. આ પ્રચાનું મુખ્ય કારણ એ છે કે ભારમાં અને ખાસ કરીને ગુજરાતમાં હજી મોટી સંખ્યામાં લોકો શાકાહારી છે. ભારતના તમામ ધર્મોમાં માંસાહારનો નિષેધ કરવામાં આવ્યો છે જે લોકો માંસાહાર કરે છે તેઓ પણ ઘણી વાર ઘરના લોકોથી આ વાત છૂપાવે છે. ઈંડાને શાકાહારી સિદ્ધ કરી તેઓ ગ્રાહકોનું આખું નવું જૂથ તૈયાર કરવા માંગે છે. આ માટે તેઓ બેફામ જુઠાણાંઓ બોલે છે.

ભારત જેવા ગરીબ દેશમાં પ્રજામાં પોષણની સમસ્યા વિકટ બનતી જાય



છે. લોકો અપોષણની અનેક બીમારીઓથી પીડાઈ રહ્યા છે એ નક્કર હકીકત છે. સરકાર જો આ બાબત પ્રત્યે ખરેખર સજાગ હોય તો તેણે સસ્તા, નિર્દોષ અને સુપ્રાપ્ય પોષણના પદાર્થોને પ્રોત્સાહન આપવું જોઈએ. સરકારી નીતિઓને પાપે એક બાજુ કઠોળ જેવો પૌષ્ટિક પદાર્થનું ઉત્પાદન ઘટતું જાય છે અને તેના ભાવો આસમાને અડે છે. બીજી બાજુ મરઘાપાલન અને મચ્છીમારી જેવા ઉદ્યોગને કરોડો રૂપિયાની સબસિડી અપાય છે અને ઈંડાની જાહેરખબરો પાછળ બીજા લાખોનું આંધણ કરવામાં આવે છે. સંદેશો સ્પષ્ટ છે : શાકાહારીઓ માટે દૂધ, શાકભાજી અને કઠોળ મોંઘા થશે અને માંસ, મચ્છી, ઈંડા સસ્તા બનશે.

માંસાહારનો પ્રચાર પ્રોટીનના નામે થઈ રહ્યો છે. ઠેઠ પહેલા ધોરણમાં ભણતા બાળકને પણ મગજમાં ઠસાવવામાં આવે છે કે ઈંડા અને માંસ ખાવાથી તાકાત આવે. આવતી કાલે સરકાર કદાચ તમામ બ્રેડ, બિસ્કિટ અને ચોકલેટમાં પણ પોષણના નામે ઈંડા ઉમેરવાનું ફરજિયાત બનાવે. માંસાહારીઓ એવી દલીલ પણ કરતાં હોય છે કે અમે જો અન્ન વાપરવા લાગીએ તો શાકાહારીઓએ ભૂખે જ મરવું પડે. સંયુક્ત રાષ્ટ્રસંઘની એક બેઠકમાં ભારતનાં ભૂતપૂર્વ વડા પ્રધાન સ્વ. શ્રીમતી ગાંધીએ આ દલીલનો સુંદર જવાબ આપ્યો હતો : "તમે શ્રીમંત દેશો ડુક્કરના શરીરમાં એક કિલો માંસ પેદા કરવા તેને ૭૦ કિલો અનાજ ખવડાવો છો. તમારો એક માણસ જો માંસ ખાવાનું બંધ કરે તો અમારા ૭૦ માણસોનું પેટ ભરાઈ રહે."

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૭,અંક-૧૧,તા.૧૯-૧૧-૧૯૮૮

## (૩૮) જીવનમાં ક્રોડોની કમાણીથી વધુ

માણસને પુણ્યોદય જાગી જાય અને એ કદાચ ક્રોડો રૂપિયા કમાઈ પડે તો એને હરખનો પાર નથી રહેતો. કેમકે એ સમજે છે કે હવે આ કમાઈથી નવા મોટા જંગી વેપાર, જંગી કમાણી, બંગલો, મોટર વગેરે તથા ઊંચી કોલિટીના ખાનપાન વિષયવિલાસ આદિ કરી શકશે.

પરંતુ એને ખબર નથી કે જો દિલમાં ઉપશમભાવ નથી, શાન્તિ નથી,રોષ-રોફ-ઉકળાટ છે, ચિંતા-સંતાપ-હાયવોય છે, તો છતી સંપત્તિએ સાચા સુખનો અનુભવ નહિ થાય. ઊલટું ચિત્તમાં રાગ-દ્વેષ કષાયોના એવા ભારી સંકલેશ રહેશે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

કે જેના યોગે સમયે સમયે એક બાજુ નરકાદિ દુર્ગતિને યોગ્ય ભયંકર પાપકર્મો બંધાશે ! જેના ઉદયે દુર્ગતિઓની જેલોમાં ભયંકર દુઃખ-પીડા-રિબામણ ભોગવવાની આવશે અને બીજી બાજુ એ ચિંતા-સંતાપ-કષાયોના સંકલેશોના ઘોર પાપાનુબંધો-અશુભાનુબંધો બંધાશે, જે પછીથી ભવની પરંપરામાં ભયંકર દુર્બુદ્ધિઓ અને ભયંકર કષાયો જાગતા ને જાગતા રાખશે. જીવનમાં જો ઉપશમ ન હોય તો જીવ પર આ કેટલો જુલ્મ ! પછી ક્રોડોની સંપત્તિ મળેલી તે શા કામની ? શો લાભ કરાવનારી ?

ત્યારે ભલે સંપત્તિ ન મળી હોય, પરંતુ જીવનમાં જો કષાયોનો ઉપશમભાવ હોય, સમતા-શાન્તિ હોય, તો એ અહીં પણ ચિત્તના બધા સંતાપ, બધી ચિંતાઓ ને બધી હાયવોય મિટાવી દે છે, સાચા સુખનો અનુભવ કરાવે છે, અને પુણ્યાનુબંધી પુણ્યના થોક બંધાવે છે. એમાંય પુણ્યની સાથોસાથ જે મહાન શુભ અનુબંધો ઊભા થાય છે, એ તો જીવને એવા મહાન આશીર્વાદરૂપ બને છે કે એના પ્રભાવે ભવિષ્યમાં દુર્બુદ્ધિઓ કુમતિઓ, મિથ્યા વિકલ્પો, મલિન મનોવૃત્તિ... વગેરે અટકી જાય છે, ને અંદર સદ્‌બુદ્ધિઓ, પ્રશસ્ત મનોવૃત્તિઓ અને ક્ષમા-મૈત્રી-કરુણાદિથી વાસિત વિચારસરણી બની રહે છે. આનું મૂળ કારણ ઉપશમભાવ છે.

હવે વિચારો કિંમત આ ઉપશમભાવની છે ? કે ક્રોડો રૂપિયાની સમૃદ્ધિની છે ? કહેવું જ પડશે કે ચાર દિનકી ચાંદની જેવી કોરી સંપત્તિની શી કિંમત છે ? કિંમત ઉપશમભાવની છે. જીવનમાં આપણા દિલમાં આવો ઉપશમભાવ ચાલુ બન્યો રહે, એ આ ઉચ્ચ જનમમાં એક મહાન સિદ્ધિ છે. એ કેમ બને ? એના અંગે નીચે જણાવ્યા મુજબ વિચારણા કરવા જેવી છે,-

(૧) સામાવાળા તરફથી આપણને જે પ્રતિકૂળતા આવે એમાં મૂળભૂત કારણ તો આપણા જ પૂર્વભવનાં કર્મોનો ઉદય છે, સામો તો નિમિત્તમાત્ર છે, એના પર ક્રોધ કરવાથી શો ફાયદો ? એથી કાંઈ નિશ્ચિત ઉદયવાળા આપણા કર્મ કાંઈ રોકાવાતા નથી ઊલટું ક્રોધથી તો આપણને જ કર્મ બંધન વધશે.

(૨) ભવિતવ્યતા ચીજ જ એવી છે કે આવા વિચિત્ર સંયોગ બનાવે. આવી નિર્ધારિત ભવિતવ્યતાની સામે આપણા ક્રોધ ને ધમપછાડા તદ્દન નિષ્ફળ જવાના.

(૩) આપણને અનાદિ કાળથી લાગેલા રાગાદિ દોષો જે આપણને ક્રોધ કરાવે છે, કિન્તુ એ ક્રોધથી સર્જાનારા નરકાદિ દુઃખોની સામે અહીંના ક્રોધ ન કરતાં સહી લેવા પડતા કષ્ટ શી વિસાતમાં છે ?

(૪) મારા ભગવાને પોતાના કેવળજ્ઞાન અને મોક્ષ થવાનું નિશ્ચિતરૂપે જાણવા



છતાં કેવી અજબ સમતા ને શાન્તિ રાખીને ભયંકર કષ્ટો પીડાઓ વેદનાઓ સહન કર્યા. તો મારે સામાન્ય કષ્ટ કેમ સહન ન કરવા જોઈએ. જો હું ભગવાનને મારા શિરછત્ર માનનારો ભગવાનનો સેવક છું ?

(૫) અહીં એટલું થોડું સહન કરી લેવામાં આવે તો મોટા મોટા પુણ્યબંધ અને મોટી કર્મનિર્જરાનો આત્મિક લાભ મને મળવાનો છે. આવું વિચારવાથી મનને સમતા-શાન્તિ રહે છે.

(૬) લાભ કેવો છે કે ક્ષમાદિ કમાવવાનો અને આત્મામાં સ્થિર કરવાનો શ્રેષ્ઠ અવસર મળ્યો છે ! જો ક્ષમાદિ ન રાખે તો એને સ્થિર કરવાની વાત જ ક્યાં રહે ?

(૭) અગર હું ક્રોધ કરું તો સ્વ-પરની દયા કમાઈ લેવાનું ગુમાવવું પડશે ! એથી મારો અને સામેવાળાનો જીવ વધુ બગડશે ! ઉભયને મોટું નુકસાન !

(૮) પૂર્વજન્મોમાં મેં સામેવાળાનું બહુ બગાડ્યું છે, તેથી હવે સામેવાળાનો અધિકાર છે કે એ એવું જ કરે. મારું પ્રતિકૂળ જ કરે. એ પોતાનો અધિકાર બજાવવામાં ન્યાયી છે તો એના પર મારાથી ક્રોધ ન કરાય.

(૯) ઉપદ્રવ-ઉપસર્ગ કરવામાં તો એ પોતાનો અધિકાર મારી કાયા પર બજાવી રહેલ છે પણ તેથી કાંઈ મારા આત્મામાં મેં દઢપણે રાખેલો ક્ષમા ઉપશમભાવ અખંડ રહે છે એના પર એનો અધિકાર કાંઈ જ કામ નથી કરતો. જો મારે શાન્તિ સમતા ટકી રહે છે તો સામાનો કશો ઉપદ્રવ નથી એને શા માટે ઉપદ્રવ માનું ?

(૧૦) મારા આત્માની ઉત્તમતા સહન કરવામાં છે, સામનો કરવામાં કે ભાગી છુટવામાં નથી. સોનું અગ્નિને સહન કરવામાં જ કિંમત પામે છે, અગ્નિથી દૂર ભાગવામાં નહિ.

(૧૧) મારો બીજા પર શો અધિકાર છે કે એણે આવું જ આચરણ કરવું જોઈએ ? શું આવો હક રાખી શકાય ? જો ના, તો એની સ્વતંત્રતાથી એના હક મુજબ જે વર્તાવ કરે એની સામે મારાથી વિરોધ કેમ કરાય ? દા.ત. હું મારી ઈચ્છાનુસાર મારા હક મુજબ જે કાંઈ કરું એમાં બીજાનો વિરોધ યોગ્ય નથી માનતો. એ જ રીતે સામાના વર્તાવ સામે મારો વિરોધ યોગ્ય કેમ ગણાય ? તેથી પણ મારે સમતા શાંતિ સમાધિ રાખવી જોઈએ.

આવી આવી વિચારણાથી ઉપશમભાવ રખાય એ આપણી પરભવ માટે મોટી મૂડી છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૩૯) જિનાગમ મળ્યા છે એટલે શું મળ્યું ?

આજે ધરતી પર દિ' ઊગ્યે નવનવા સાહિત્યનો ઢગલો ખડકાય છે એ માનવપ્રજાનું શું અજવાળે છે, એ વિચારવા જેવું છે. પરંતુ એની સામે "જિનાગમ"-જૈનશાસ્ત્રો તો માનવપ્રજાનું અચુક અદ્‌ભુત અજવાળે છે. એ વર્તમાન જૈનપ્રજાના ધાર્મિક જીવનથી સ્પષ્ટ દેખાય છે, તેમજ આ જિનાગમનાં જ પાન કરી પૂર્વના જૈનો કેવાં કેવાં માનવહિતના અદ્‌ભુત સર્જન કરી ગયા છે. એ ઈતિહાસ બોલે છે. માટે આ જિનાગમને ઓળખવાની જરૂર છે.

વર્તમાન વિષમકાળે તરવાનાં સાધન બે - (૧) એક સાધન જિનબિંબ, અને (૨) બીજું સાધન જિનાગમ. એમાંય જિનાગમમાં એ જિનબિંબનમી ઓળખાણ અને ઉપાસનનો પ્રકાર બતાવે છે, તો જ જિનબિંબની ઉચ્ચ ઉપાસના કરી શકાય છે. તેથી જ જિનાગમની તો બલિહારી છે ! માણસને ઘણોય ધર્મ કરવો હોય, અને એ માટે કષ્ટ ઉપાડવાની તૈયારી પણ હોય, તેમજ ઉપાસનાના અનુકૂળ સંયોગ પણ હોય, પરંતુ જિનાગમ ન મળે તો એ શું જાણી શકે ? શું સાધી શકે ? સાચે જ જિનાગમ જીવનને સાર્થક કરવાનું એક સચોટ સાધન છે. આત્માને ઠેઠ નિગોદમાંથી નીકળી આટલે ઊંચે આર્યમાનવભવ સુધી ચઢવાની જે અપૂર્વ સુંદર સ્થિતિ પ્રાપ્ત થઈ છે,અને એણે જે મહાન સદ્‌ભાગ્ય મેળવ્યું છે, એ સાર્થક તો જ થાય કે જો જિનાગમનું શરણ લેવાય.

મળેલી તન-મન-ધનની સંપત્તિને સાચી સાર્થક કરાવી આપનાર જિનાગમ છે, કેમકે સાચા દાન અને સાચા ત્યાગને જિનાગમે જ બતાવ્યા છે. તેમ આત્માની બીજી કાર્યશક્તિ, વાણીશક્તિ, વિચારશક્તિ વગેરેને ઉચ્ચ સંયમમાર્ગે વાળી ઊંચી સફળતાને કરાવી આપવાનો, સચોટ અને યથાસ્થિત રસ્તો દેખાડનાર જિનાગમ છે. માટે જ આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે પોકાર્યું.-

**"અહો ! જગત પર જો જિનાગમ ન હોત તો અનાથ એવા અમારું શું થાત ?"**

અમે જિનાગમથી જ સનાથ છીએ. નહિતર આ યુગ કેવો ? કેવળી હયાત નહિ. મનઃપર્યાયજ્ઞાની હયાત નહિ ! અવધિજ્ઞાની હયાત નહિ ! આવા સમયમાં જો માર્ગદર્શક આ જિનાગમ ન મલ્યા હોત, તો આજે અમે અનાથ ને રાંક હોત ! એવા અમારું શું થાત ?



જિનાગમ એટલે (૧) કાયાથી પણ કિંમતી, ને (૨) પ્રાણથી પણ પ્રિય ચીજ ! (૩) જિનાગમ એ અપૂર્વ નિધાન ! (૪) જિનાગમ એ ભવોભવને અજવાળનારી ઉમદા ચીજ ! (૫) એ જ અનંતકલ્યાણનું સાધન ! માટે (૬) એ જ ઉપાસ્ય અને એ જ આરાધ્ય ! (૭) રાત-દિવસ એ જિનાગમ જ સ્મરણીય અને એ જ ચિન્તનીય ! (૮) જીવનમાં એ જ ભાવવા યોગ્ય; અર્થાત્ આત્માને જિનાગમથી ભાવિત કરવા યોગ્ય !

આવી અપૂર્વ વસ્તુ એમ મળે પણ શી રીતે ? ત્યારે અહીં જો આવા રુડા જિનાગમને મૂકી જગતને આરાધ્યા કરીએ, તો ફરી કોણ જાણે ક્યારેય જિનાગમ મળે ! જગતમાં બધું જ મળવું સહેલું છે, અને તે પાછું વારંવારેય મળી શકે છે, કિંતુ જિનાગમ વારેવારે તો શું પણ એકાદવાર પણ મળવું મહામુશ્કેલ છે !

આવા આ જિનાગમમાં અપૂર્વ સુખ અને અચિન્ત્ય ઉન્નતિ મેળવવા માટે શું શું બતાવ્યું નથી ! કહો કે, સુખ અને ઉન્નતિના સાચા રસ્તા જિનાગમે જ બતાવેલ છે. અહો ! ખરેખર જિનાગમ એ દીવો છે. જેમ અંધારી ગુફામાં ગમે તેવા રત્નોના ઢગના ઢગ હોય, પણ દીવા વિના એ શી રીતે જણાય ? અને શે મેળવાય ? મોક્ષ છે. મોક્ષના ઉપાય છે, પરંતુ એ બધાનું સાચું ભાન કરાવનાર તો જિનાગમ જ છે. જિનાગમની ચક્ષુથી સાચું દર્શન કરી કરીને કઈ આત્માઓ અલ્પ કાળમાં આત્માના મહાન કલ્યાણ સાધી ગયા છે ! ભવના ભ્રમણને ફેડી નાખ્યું છે ! અસંખ્યાસંખ્ય કાળના ભેગા થયેલાં કર્મબંધનોને અતિ અલ્પકાળમાં જિનવાણી-જિનાગમના પ્રભાવે જ તોડી નાખ્યા છે ! મહાવીરપ્રભુ પાસેથી ત્રિપદીની જિનવાણી પામીને ઈંદ્રભૂતિ ગૌતમ આદિ ૧૧ ગણધરો ભવનાં બંધન તોડી નાખી મોક્ષ ભેગા થઈ ગયા ! અને ૯૯ કરોડ સોનૈયાની સંપત્તિ છોડી મુનિ બનેલ જંબુકુમાર પણ સુધર્માસ્વામી પાસેથી દ્વાદશાંગી-જિનાગમ પામીને શ્રુતકેવળી બની આગળ જતાં કેવળજ્ઞાની અને મુક્ત બની ગયા ! એક વખતમાં મિથ્યાદૃષ્ટિ અને પ્રખરવાદી બનવાની લાલસાવાળા ગોવિંદ બ્રાહ્મણે જયાં જિનાગમ અવગાહ્યા કે તરત જ મિથ્યાત્વમુક્ત બની પ્રસિદ્ધ નિર્યુક્તિકાર ગોવિંદાચાર્ય બન્યા ! જિનાગમના પ્રભાવે જ ૧૪૪૪ શાસ્ત્ર રચયિતા આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ થયા.

મહાવિદ્વાન પુરોહિત હરિભદ્ર બ્રાહ્મણને જ્ઞાનની ભૂખ હતી, માટે પ્રતિજ્ઞા હતી કે જગતનું કોઈ પણ શાસ્ત્ર જો હું ન સમજી શકું તો સમજવા માટે જરૂર પડ્યે સામાનો ગુલામ થઈને પણ જાણી લઉં. એમને એકવાર એવો અવસર આવ્યો કે જેને શાસ્ત્રની 'ચક્કી દુગં...' ગાથાનો અર્થ ન સમજી શક્યા, તો તે સમજવા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

વિદ્વાન પુરોહિત હરિભદ્ર બ્રાહ્મણે એક ડગલું પાછું ન ભર્યું. ગૃહસ્થાવાસનાં કપડાં ફગાવી દઈને સાધુપણું લીધું ! કેમ ? એક જિનાગમની ગાથાનો અર્થ જાણવા ! આપણે ચારિત્ર લેવાનું હોય તો શા માટે લેવાનું ? 'મોક્ષ માટે !' અરે ! મોક્ષ તો મોડો મળવાનો છે, પરંતુ ચારિત્ર સાધુપણું લેવાનું એ તત્કાળ શું પામવા લેવાનું ? કહો, જિનાગમનું જ્ઞાન પામવા. એ જ્ઞાન પામવું તે કેવું સુંદર અને સર્વશ્રેષ્ઠ ધ્યેય ! છતાં એ માટેય ચારિત્ર કેમ નથી લેવાતું ? કહો જિનાગમના જ્ઞાનની તેવી ભૂખ નથી. કેમ નહિ ? એમ કહો, ' પૈસા વિના ન ચાલે, માટે પૈસાની ભૂખ ખરી, પણ જિનાગમના જ્ઞાન વિના ચાલે ' એવું મનને છે, તેથી એની ભૂખ નહિ !

પ્રતિજ્ઞા એટલે પ્રાણ. હરિભદ્ર પુરોહિતના આત્મામાં શું વસ્યું હશે ? ''મારી પ્રતિજ્ઞા ! હું માનવ ! માનવીએ પ્રતિજ્ઞા પાળવી જ જોઈએ. એ સદ્‌ગતિનો માર્ગ છે, એમાં માર્ગાનુસારિતા છે, માનવતા છે. એ માટે ઋદ્ધિવૈભવનો ભંગ થાય તો પરવા નહિ. પણ આવી શાસ્ત્રજ્ઞાન માટેની પુણ્ય પ્રતિજ્ઞાનો ભંગ ન થવો જોઈએ.'' એ માટે એમણે ચારિત્રનું ગ્રહણ કર્યું, ચારિત્ર લઈ એવું ભણ્યા, એવું ભણ્યા, કે મહાન આચાર્ય બન્યા ! જૈનશાસનની અજોડ વિશિષ્ટતા જાણ્યા પછી ખુલ્લં ખુલ્લા એમણે જાહેર કર્યું 'આ જિનાગમ ! જગતમાં ક્યાંય જોવા ન મળે એવાં એ શાસ્ત્ર ! એનું મહાસાગર જેટલું જ્ઞાન ! મારી ચૌદ-વિદ્યા તો જિનાગમના એવા ૧૪ પૂર્વના જ્ઞાન આગળ કુછ નહિ !' પૂર્વોનું જ્ઞાન જો કે આજે નષ્ટ થયું છે. છતાંય ભાંગ્યું ભાંગ્યું તો યે ભરૂચ ! જે આગમો મોજુદ છે, તેનાય અઢળક જ્ઞાનને જોઈને પોતે પોકાર કરે છે,- ''હા ! અણાહા કહું હુંતા જઈ ણ હું તો જિનાગમો ?'' ''ખરેખર ! આવા જિનાગમના શરણ વિના હું મહાઅનાથ રહેત, અને તેથી મદ-અજ્ઞાનમાં સબડી, આ ભયંકર ભવાટવીમાં ભટકી ભટકી રવડી મરત.''

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૭,અંક-૧૬,તા.૨૪-૧૨-૧૯૮૮

## (૪૦) જ્ઞાનતણો મહિમા ઘણો : જીવન-પરિવર્તન

ભગવંતના તત્ત્વજ્ઞાનની સમજણ જીવનમાં કેવાં આમૂલચૂલ પરિવર્તન લાવી શકે છે, એનો આ રહ્યો વર્તમાનનો એક દાખલો. શ્રી અંધેરી ગુજરાતી



સંઘ સંચાલિત ઈર્લાબ્રીજ જૈન પાઠશાળાના ઉપક્રમે પ્રૌઢ ભાઈ-બહેનો લગભગ છેલ્લા દોઢ વર્ષથી નવતત્ત્વનો અભ્યાસ કરી રહ્યા છે. આ પાઠશાળાના પ્રાધ્યાપક છે, પંડિતરત્ન શ્રી ચંપકલાલ પ્રાણલાલ મહેતા. પાઠશાળામાં હમણાં પરીક્ષા લેવાઈ, એ પરીક્ષામાં એક પ્રશ્ન હતો, ''તમારા જીવનમાં નવતત્ત્વના અભ્યાસથી શો લાભ થયો ?''

આ સવાલના જવાબોમાંથી થોડુંક લખાણ તારવીને અત્રે આપવામાં આવે છે-

(૧) નવતત્ત્વના જ્ઞાનથી મારી જિનશાસન પરની શ્રદ્ધા વધુ મજબૂત બની છે, વ્રતનિયમમાં શ્રદ્ધા દૃઢ છે.
- શ્રાવકના બાર વ્રત લેવાની ભાવના વેગવાન બની છે.
- અવિરતિના ઘણા પાપો વ્રત નિયમથી બંધ કરી આત્માને અનર્થ દંડથી દંડાતો રોકી લીધો છે.

(૨) નવતત્ત્વ ભણ્યા પછી,
- જીવનમાં ડગલે ને પગલે જયણા આવી છે.
- પાપ-તત્ત્વના ભેદો જાણ્યા પછી પાપથી દૂર રહેવાની ઈચ્છા થાય છે.
- પુણ્ય-તત્ત્વ, નિર્જરા-તત્ત્વ જાણ્યા પછી દેવદર્શન સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ, વ્યાખ્યાન-શ્રવણ, આધ્યાત્મિક અભ્યાસ વગેરેમાં રસ ખૂબ પડે છે.
- દૈનિક જીવનવ્યવહારમાં ન કરવા જેવું ટાળવાનો પ્રયત્ન કરું છું.
- ''આવા મૂલ્યવાન નવતત્ત્વનું જ્ઞાન પહેલા કેમ ન મલ્યું.'' એનો અત્યારે પશ્ચાત્તાપ થાય છે.

(૩) નવતત્ત્વના અભ્યાસ પછી,
- જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સ્યાદ્વાદને અપનાવી નિસ્પૃહી બનતો જાવું છું.
- આરંભ સમારંભની પાપવૃત્તિઓમાં રસ ઓછો સેવું છું.
- પુણ્ય-બંધની પ્રવૃત્તિમાં રસ ખુબ ખુબ લઉં છું.
- સંસારમાં રહીને સાંસારિક ક્રિયાઓ કરતી વખતે પણ, મનને શુભ વિચારોમાં જોડવાથી, ટ્રેનમાં પણ આધ્યાત્મિક અભ્યાસ કરવાથી, જીવરક્ષાના ઉપયોગપૂર્વક હાલવા ચાલવાથી, અનર્થ દંડથી બંધાતા પાપકર્મના બંધ અટક્યા છે અને પુણ્યો-પાર્જનની સુંદર તક પામ્યો છું.

(૪) પંડિતજીએ નવતત્ત્વના જ્ઞાન આપવા દ્વારા અમારા જેવા મોટી ઉંમરનાઓ ઉપર ખુબ ઉપકાર કરી જીવન જીવવાની એક નવી પદ્ધતિનું દર્શન કરાવ્યું છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

- ધર્મક્રિયામાં રસ ભળવાથી તથા જીવનમાં સંવર નિર્જરા અને જયણા અધિક અપનાવવાથી મન પ્રસન્નતામાં રહે છે.

(૫) નવતત્ત્વના નવનીત પર ઓવારી જઈએ છીએ.

- જીવનમાં ખૂબ જ મૂલ્યવાન ખજાનો હાથમાં આવ્યો હોય એવો આનંદ અનુભવીએ છીએ.
- જીંદગી પ્રત્યેની દષ્ટિ જ બદલાઈ ગઈ છે.
- "વર્તમાન કાળની સુખ-સંપત્તિ એ તો પુણ્ય કર્મની દેન છે અને ભોગવાતી એ સુખ સાહેબીની મઝા નવા કર્મો બંધાવે છે." એવું જ્ઞાન થયા પછી જગત પ્રત્યે ઉદાસીનતા કેળવી, વ્યર્થ વાતો ને પંચાતોમાં સમય ગુમાવવાનો છોડી દીધો છે.
- યુવાનવય છતાં સામે આવતા ભોગવિલાસની અનુકૂળતાને ફગાવી દેવાની સતત કોશીશ કરતા થઈ ગયા છીએ.
- સુવિચારોને આચારમાં લાવવા પ્રયત્ન કરીએ છીએ.
- સમગ્ર જિનશાસન જિનાગમ પર અથાગ શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે.
- પાપભીરુતા આવી છે.
- પરમાત્માની ઓળખ થઈ છે.
- આત્મા કર્મથી મુક્ત થશે એવો નિર્ણય થયો છે.
- ધંધાકીય વ્યવહારમાં ફેર પડી ગયો છે.
- વારંવાર ગુસ્સો કરતાં હતા તે હવે બંધ થઈ ગયો છે.
- ખાવાપીવાના પદાર્થોની સંખ્યામાં નિયમન આવતું જાય છે.
- જયણાનું પાલન આવ્યું છે.
- આશ્રવતત્ત્વને હેય અને સંવરતત્ત્વને ઉપાદેય બનાવવા પ્રયત્નશીલ બન્યા છીએ.

(૬) તત્ત્વજ્ઞાનના અભ્યાસના પ્રતાપે

- અત્યાર સુધી ઉપાદેય તત્ત્વો પર જે અનાદર કર્યો હતો એનો પશ્ચાત્તાપ કરીએ છીએ.
- અજીવ તત્ત્વની મૂર્છા ઘટી છે.
- નિંદા, નિદ્રા, આહાર, ઘરબાર આદિના મમત્વ ઉપર નિયંત્રણ આવ્યું છે.
- વગર કારણે હાથ હલાવવાની પણ ઇચ્છા થતી નથી.
- મનોવૃત્તિ અલ્પ કષાયી બનતી જાય છે,
- જીવ, વિરતિનો પ્રેમી બન્યો છે,



- પ્રતિકૂળતામાં આત્માની પ્રગતિ દેખાય છે,
- મન-વચન-કાયાની પ્રવૃત્તિ નિરવદ્ય (નિષ્પાપ) બનાવવામાં રસ જાગ્યો છે,
- દ્રવ્ય-મરણનો ભય ટળ્યો છે,
- આત્માને દબાવતા જડ કર્મોનો પરાજય કરવાની ઇચ્છા જાગી છે,
- સાંસારિક સુખ ઝાંઝવાના જળની જેમ સુખાભાસ લાગતા થયા છે.
- 'મારો આત્મા અનંત શક્તિનો ધણી છે.' એ જાણ્યા પછી આત્માનો પરમાત્મા બનાવવાના પ્રયત્નો પ્રબળ બન્યા છે,
- જીવનની પ્રત્યેક ક્રિયામાં આશ્રવ-સંવરનો ભેદ યાદ આવે છે.

ઉપરના જીવંત વર્તમાન દષ્ટાંતો તત્ત્વજ્ઞાન અભ્યાસની અતિ આવશ્યક્તા જણાવી જાય છે. આ અંગે જેટલો વિકાસ અધિક થશે તેટલો આત્મોન્નતિ શાંતિ, સમાધિ-સમાધાનનો માર્ગ ઉજ્જવલ બનશે.

(દેવચંદભાઈ ઈર્લાવાળાએ મોકલેલ સમાચારો પર આધારિત)

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૭,અંક-૧૯,તા.૧૪-૧-૧૯૮૯

## (૪૧) ઘેર ઘેર પ્રોબલેમ

**જો સમય હોય તો જરા ઊભા રહો !**

(લે. પૂ. મુનિરાજ શ્રી હેમરત્નવિજયજી મ.)

આર્યાવર્તની આ ધરતી રીતરિવાજો, કુલાચારો અને ધર્મચારોના પાલનથી ધમધમતી હતી. ઘરેઘરમાં પરાપૂર્વથી સદાચારો અને સુસંસ્કારોનો અમૂલ્ય વારસો ચાલ્યો આવતો હતો. આપણાં પૂર્વજોએ જરાય ગોલમાલ કર્યા વિના એ કુલાચારોને આપણા સુધી પહોંચતા કર્યા હતા. પણ ન જાણે કયા જનમના પાપના ઉદયો જાગૃત થયાં કે સેંકડો પેઢીઓથી ચાલ્યા આવતા કુલાચારોના વારસાનો વર્તમાન પેઢીએ ભાંગીને ભુક્કો કરી નાખ્યો. શીલ-સદાચારનાં અને ધર્માચારોના ચીંથરે ચીંથરા ઊડાવી દીધા. પૂર્વજોની જુગ જુગ જુની સંસ્કારની મૂડીના ફૂરચેફૂરચા બોલાવી નાંખ્યા.

આ દેશમાં જ્યાં ઘરે ઘરે કબૂતરને ચણ નીરવામાં આવતી ત્યાં આજે ઘણા ઘરે મરઘીના ઈંડા ખાવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જે દેશમાં કીડીઓનાં નગરાં પર સાકર અને લોટની ઢગલીઓ કરવામાં આવતી તે દેશનાં નરનારીઓ કીડી-મંકોડાની ચટણીઓ બનાવીને ખાતાં શીખી ગયાં છે. જે ધરતી પર ઝેરી નાગને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પણ દેવતા માનીને પૂજવામાં આવતો હતો તે દેશના કોલેજીયનો આજ સાપના સુપ (Snake-Soup) પીતા થઈ ગયા છે. સાપના ચામડાનાં પટ્ટા અને પર્સ વાપરતા થઈ ગયા છે. જે દેશના પુત્રો, માતાપિતાને કાવડમાં લઈને ફરતા હતા તે દેશના સુપુત્રોએ આજે માતાપિતાને ઘરડા-ઘરમાં ધકેલી દીધા છે. જે દેશની સન્નારીઓ વીયાયેલી કૂતરીને પણ ચોખ્ખાં ઘીનો શીરો બનાવીને ખવડાવતી તે દેશની સ્ત્રીઓ આજે એબોર્શન-સેન્ટરમાં જઈને પોતાના બચ્ચાને પેટમાં મરાવી નાંખવાની ધિટ્ઠાઈ ઠંડે કલેજે કરી રહી છે.

જે દેશની નારીઓ ઋતુધર્મમાં નિયમોનું ચુસ્તપણે પાલન કરતી હતી તે દેશની નારીઓ આજે ચાલુ M.C.માં સર્વીસ કરવા જાય છે. કોલેજ એટેન્ડ કરે છે, રસોડામાં રસોઈ બનાવે છે, અને જરા પણ ખચકાટ વગર મન ફાવે તે રીતે મજેથી ઘુમતી ફરે છે.

છેલ્લા પચાસ વર્ષમાં જમાનાવાદનાં રવાડે ચડીને વર્મમાનનાં સ્ત્રી-પુરુષોએ પોતાના બા-બાપુજીએ આપેલા સુસંસ્કારોની જાણે સ્મશાનયાત્રા કાઢી નાંખી છે. સ્વર્ગસ્થ બા-બાપુજીને અગ્નિદાહ દેતાં સાથે સાથે એમણે આપેલા સંસ્કારો, સદાચારો અને કુલાચારોને પણ જાણે અગ્નિદાહ દીધો છે.

ઉદ્ધત, સ્વચ્છંદ અને નફ્ફટ બની ગયેલી પોતાની સંતતિ જો, દેવલોકમાં ગયેલા મા-બાપની નજરે ચડી જાય તો તેઓ આંખમાં આંસુ પાડ્યા વિના ન રહે.

આ દેશમાં ઘરે ઘરમાં ઋતુધર્મ-M.C. માટે તો જડબેસલાક મર્યાદાઓ હતી, બંધનો હતા. કેમકે અહીં તો ઘરે ઘરમાં પૂજા-પાઠ, ગીતા-પાઠ, સંધ્યાપાઠ અને ધર્મ અનુષ્ઠાનો થતા હતા. અહીં તો ઘરે ઘરમાં દેવસ્થાનકો હતા. અહીં તો પાણીયારે દીવા પ્રગટતા અને ઘરઆંગણે તુલસીના ક્યારા પૂજાતા હતા. ઘર અને દુકાનના ગોખલે દેવોની સ્થાપના હતી. M.C.ની બાબતમાં નાનકડી પણ ભૂલ અહીં ચલાવી લેવામાં આવતી ન હતી.

દીકરી ઉંમરમાં આવતાની સાથે જ તેને શાળામાંથી ઊઠાડી મૂકવામાં આવતી. નવ પરણેતર વધૂને પણ ચાર દિવસ સુધી સતત ઓઝલમાં અલગ જગ્યામાં સ્થિરવાસ કરાવી દેવામાં આવતો. ચાર દિવસ સ્થિરાસન, મૌન અને એકાંતની આરાધના કરવામાં આવતી. સંયુક્ત કુટુંબમાં નણંદો, ભોજાઈઓ અને સાસુઓ ગૃહકાર્યને સંભાળી લેતી હતી. આવા દિવસોમાં ઋતુધર્મના પાલનમાં છેવટે પાડોશણો પણ સહાયક બનતી. અને પરસ્પરના કાર્યને સંભાળી લેતી. એકબીજાના મેળ સાધીને તમામ નારીઓ ઋતુધર્મના નિયમો પાળતી. પણ આજની વિલાસી નારીને કુટુંબમાં રહેવું ગમતું નથી. સપ્તપદીના ફેરા ફરતાં જ એનાં મન ફરી જતાં હોય



છે. મહેંદીનો રંગ ધોવાય તે પહેલા તો કુટુંબના રંગમાં ભંગ પડી જતો હોય છે અને પત્નીઘેલા પુરૂષે મા-બાપને રેઢા મૂકીને શ્રીમતીજીના પાવન પગલે અલગ ફલેટમાં રહેવા ચાલ્યા જવું પડે છે.

એકલવાયી આ જીંદગીનો પહેલો મહીનો પૂરો થતાંની સાથે જ ઋતુધર્મના પરિપાલનનો ગઢ તૂટે છે. એક ભયાનક પાપનો પ્રારંભ થાય છે. M.C. વાળી સ્ત્રી રસોઈ બનાવે છે, અને તેનો ધણી પ્રેમથી જમે છે એને બિચારાને ક્યાં ભાન છે કે આ ભયંકર પાપનું પરિણામ કેટલું ખતરનાક આવશે ? આ પાપના પ્રભાવે ઘરમાં જો કોઈ દેવતત્ત્વનો વાસ હશે તો તે પલાયન થઈ જશે. મા સરસ્વતી મોં ફેરવી નાખશે અને દિકરા અને દિકરીઓ બધાં બુદ્ધિનાં બેલ પાકશે. ધનતેરશે દૂધે ધોઈને કંકુએ પૂજાતી મા લક્ષ્મી આ પાપનો પ્રારંભ થતાની સાથે જ પોતાનાં પગલાં ફેરવી નાંખશે. અને એક દિવસ આ અશુદ્ધિથી ઉભરાતા ઘરનો ત્યાગ કરીને સદાને માટે ચાલી જશે.

દુનિયાભરના રોગો ઘરમાં પ્રવેશ કરશે. પેટના અલ્સરથી માંડીને બ્લડ કેન્સર સુધીની બીમારીઓનાં પાવન પગલાં વિના આમંત્રણે થઈ જવાનાં. પાપો વધતાં જવાના અને ધર્મો ઘટતા જવાના. મન ચંચળ અને ચિંતાતુર બની જશે. મનમાં સતત દુષ્ટ ભાવો જ જાગ્યા કરવાના. છતે સુખે પણ ક્યાંય શાંતિ નહિ મળે.

જેમને જમાનાનો, જુવાનીનો, જોબનનો, સંપત્તિનો, અને અહંકારનો કેફ ચડ્યો છે, અને જેમને મોડર્ન બનવાનો ચસ્કો લાગ્યો છે, એમના મગજમાં અત્યારે ભલે કદાચ આ રીએક્શનની વાતો સેટ ન થાય પણ માઠાં પરિણામ જ્યારે ભોગવવાનો અવસર આવીને ઊભો રહેશે ત્યારે તેની આંખ ઉઘડ્યા વિના નહિ રહે. પણ ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હશે. ડહાપણ આવશે ખરું પણ રાંડ્યા પછી.

પોતાની જાતને મોડર્ન (Modern) ગણાવતી આ છટકેલ નારીઓ એવી તો સ્વચ્છંદ અને નિર્લજ્જ બની છે કે પોતે M.C. પાળતી નથી એ વાતનો ખેદ તો દૂર રહ્યો પણ ઊલટું જે નારીઓ પાળે છે તેની છડેચોક ઠેકડી ઉડાવે છે. 'વેદીયણ' અને 'મણીબેન' કહીને ચીડવે છે.

આગળ પાછળનો કશોય વિચાર કર્યા વિના મોડર્ન બનવા નીકળી પડેલી આ નારીઓને પોતાને તો ધર્મ ગમતો જ નથી પણ એમના આ ગોઝારા પાપે ઘરમાં જે કાંઈ ધર્મક્રિયા, સાસુ સસરા કે અન્ય કુટુંબીજનો કરતા હતા એ સહુને ભારે અંતરાય ઊભો થયો છે. ઘરમાં સાધુ સંતોને દેવાતું સુપાત્રદાન બંધ થયું છે અથવા તો એને પણ અભડાવી માર્યું છે. અને સંતોની ભિક્ષા પણ ભ્રષ્ટ કરી છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ઘરમાંથી સામાયિક, પ્રતિક્રમણ, પૂજાપાઠ આદિ ધર્મક્રિયાઓ પણ વિદાય થઈ ગઈ છે. એની પણ એમને પરવા નથી.

રે ! કોકને ધર્મ પમાડી દઈએ તો તો વાહ ! વાહ ! છે. પણ એવું પરાક્રમ જો ન કરી શકીએ તો કમસેકમ આપણા પાપે કોકને ધર્મ છોડવો પડે તેવું અધમ કૃત્ય તો બંધ કરીએ ! ટેકો દઈને કોકને ધર્મના ઉત્તુંગ શિખર પર ચડાવી ન શકો તો કાંઈ નહિ પણ ઊંચે ચડી રહેલા કોઈનો ટાંટીયો ખેંચીને નીચે પટકી નાખવાનું પાપ તો ક્યારેય કરશો મા. માત્ર એક નાનકડા તુચ્છ સ્વાર્થ ખાતર નારીઓ પોતાની જાતને, કુટુંબ-પરિવારને, પોતાની સંતતિને, સાધુસંતોને, પડોશીઓને અને સમગ્ર દેશને કેવા ઘોર પાપમાં પટકી રહી છે. ઘરની, મંદિરની અને તીર્થસ્થાનોની પવિત્રતા કેટલી ભયાનક રીતે ભ્રષ્ટ કરી રહી છે. બહેનો ! જરા શાંતચિત્તે વિચાર કરો. નહિતર આ અધમાધમ કૃત્યને કુદરત તો કદાપી માફ નહિ કરે. બહેનો ! માતાઓ ! કન્યાઓ ! સાવધાન ! સબૂર ! એક મિનિટ માટે હજુ ઊભા રહી જાવ ! ફરી એક વાર વિચાર કરો અને ડાહ્યાં બનીને પાછા વળી જાવ. તમે જે રસ્તે જઈ રહ્યા છો તે રસ્તો સાવ નકામો છે. જોખમોથી ભરેલો છે. તમારા પોતાના માટે જ સહુથી વધારે ખતરનાક પૂરવાર થશે. તમારું શરીર રોગોથી ઘેરાઈ જશે. કુટુંબ પાયમાલ થશે. લક્ષ્મી વિદાય લેશે. સરસ્વતી ચાલી જશે. ધર્મ ભ્રષ્ટ થશે, સુખ ચાલ્યું જશે. અને ભયંકર અશાંતિની આગમાં તમે હોમાઈ જશો. ભૂલ્યા ત્યાંથી ફરી ગણો, જાગ્યા ત્યારથી સવાર સમજો, અને જીવનમાં પેસી ગયેલા આ ગોઝારા પાપને ઊંચકીને ફગાવી દો, થોડી અગવડ પડે તો નભાવી લો પણ ખોટી છૂટછાટો ન લો. કોઈને ધર્મમાં અંતરાયભૂત ન બનો. ધર્મસ્થાનોની પવિત્રતાને ભ્રષ્ટ ન કરો. તમારા આત્માને દુર્ગતિમાં ન ધકેલો. તમારાં શરીરમાંથી છૂટતા પોઈઝનથી મીક્ષ્ચર બનેલી રસોઈ જમાડીને બાળકોની તથા કુટુંબીજનોની તંદુરસ્તીને જોખમમાં ન મૂકો.

### કેટલાક ઉપાયો

a. M.C. ના પરિપાલન માટે મનથી દઢ સંકલ્પ કરો. M.C. ન પાળવામાં ભારે પાપ છે, એ વાતનો સ્વીકાર કરો.
b. જો સંયુક્ત કુટુંબમાં હો તો અરસ-પરસ એકબીજાને સહાયક બનવાનું નક્કી કરો અને ઋતુધર્મનું પાલન શરૂ કરો.
c. જો કુટુંબથી વિભક્ત થઈ ગયા હો તો પડોશીની સહાય મેળવો અને ચાર દિવસ નભાવી લો.



d. જો તે પણ ન બની શકે તેમ હોય તો ભાઈઓએ પોતે જ ઘરકામમાં જરાય શરમાયા વિના રસોઈ બનાવવાનું સંભાળી લેવું જોઈએ.
e. ભાઈઓને જો બધી રસોઈ બનાવતાં ન આવડે તો ચાર દિવસ ખાખરા-થેપલા, પુરી-ખીચડી આદિ સરળતાથી બનતી ચીજ વસ્તુઓથી ચલાવી લેવાની તૈયારી રાખવી.
f. કેટલાક શહેરોમાં સાધારણ કક્ષાનાં જૈન કુટુંબો દ્વારા ચાલતા રસોડેથી વેચાતાં ટીફીન મંગાવીને પણ ઘણા ભાગ્યશાળીઓ ચાર દિવસ કામ ચલાવી લેતા હોય છે.
g. પૂજાનાં વસ્ત્રો દિવાલ ઉપર ઊંચી ખીંટી પર પોટલી બનાવીને લટકાવી રાખો. જેથી કોઈની આભડછેટ લાગે નહીં. પૂજા કરવા જતાં પૂર્વે સ્નાન માટેનું પાણી આભડ્યા વિનાનું શુદ્ધ હોવું જરૂરી છે. આમ સ્નાનશુદ્ધિ અને વસ્ત્રશુદ્ધિનું પાલન કરવાપૂર્વક પૂજાનો નિયમ ચાલુ રાખવો.
h. આજ સુધીમાં થયેલી ભૂલોનું સદ્‌ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધ થવું.
i. દીકરી વળાવતાં પૂર્વે અને વહુ લાવતાં પૂર્વે M.C. પાળવા માટેની પાકી શરતો મંજૂર કરાવીને પછી જ આગળ વધવું. જેથી પાછળથી તકલીફ ઊભી ન થાય.

### દેશ વિદેશની ધરતી પર M.C.

આફ્રિકા (Africa)

કોન્ગો નદીને કિનારે રહેતી સ્ત્રીઓ જ્યારે મંથલી-કોર્સમાં (Monthly-Course) દાખલ થાય ત્યારે તેઓ પોતાનો કાયમી નિવાસસ્થાન ત્યજી દઈને બ્લડ-બુથ (Blood-Booth) (રક્તસ્થાન)માં જઈને રહે છે. ત્યાં કોઈનો પણ સ્પર્શ સુદ્ધાં પણ થવા દેતી નથી. M.C. માં આવેલ સ્ત્રીની ઓળખ માટે તેની છાતી ઉપર ત્રિકોણીયો સ્કાર્ફ (Scarf) બાંધી રાખવામાં આવે છે.

**દક્ષિણ અમેરિકા તથા આયર્લેંડ** (Lateen America and Ireland)

ઓરીનોકો તથા સાઉથ-સી-આયર્લેન્ડમાં રહેતી સ્ત્રીઓ M.C. માં હોય ત્યારે અલગ ઝુંપડામાં રહે છે. ત્રણ દિવસ દરમ્યાન પોતાના માથા પર હાથ સુદ્ધાં લગાડતી નથી. રેડ-ઈન્ડીયન સ્ત્રીઓ, મસ્તક એ ઉત્તમ અંગ હોવાથી માથે હાથ લગાડતી નથી. ચીઝ (Cheese), દૂધ વગેરેને અડતી નથી. અડે તો તે ચીજો બગડી જાય છે.


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

**ન્યુઝીલેન્ડ** (Newzealand)

આ દેશની સ્ત્રીને M.C. આવતાની સાથે જ તે જમીનથી અદ્ધર લટકતા એક પાંજરામાં ત્રણ દિવસ સુધી બેસી રહે છે. પણ જમીનને પગ લગાડતી નથી. જમીન પર ચાલવાથી તેનું ઝેર ચારેકોર પ્રસરે છે.

**લેબોનન** (Lebonon)

આ દેશમાં ખેડૂત પ્રજામાં એવી સજ્જડ મર્યાદા છે કે M.C. માં આવેલ સ્ત્રી ખેતરમાં કામ કરી શકે નહિ. તે જો ખેતરમાં જાય તો વૃક્ષો, વનસ્પતિઓ, ફુલઝાડો અને ફસલ પર ભારે રીએક્શન (Reaction) આવે છે. આવી સ્ત્રીને ઘોડા ઉપર પણ બેસવા દેવામાં આવતી નથી.

**જર્મની** (Germany)

આ દેશમાં M.C. નો રિવાજ હજુ પણ જડબેસલાક પળાય છે. દારૂનાં ગોડાઉનમાં M.C. માં આવેલ સ્ત્રીનો પ્રવેશ નિષેધ છે. કેમકે તેના પ્રવેશ માત્રથી દારૂનો સ્વાદ ખાટો થઈ જાય છે.

**ફ્રાન્સ** (France)

આ દેશમાં M.C. વાળી સ્ત્રીને ખાંડની ફેક્ટરીઓમાં (Sugar-Mills) પ્રવેશ કરવા દેતા નથી. તેમનો પડછાયો પડવામાત્રથી ખાંડ કાળી ધબ્બ થઈ જાય છે. રેશમની ફેક્ટરીઓમાં પણ આવી સ્ત્રીઓને ઊભી રહેવા દેતા નથી તેની ઉપસ્થિતિ માત્રથી રેશમની સોફ્ટનેસ (Softness) ઓછી થઈ જાય છે. અત્તરની બોટલને પણ આવી સ્ત્રીઓ અડે તો તેની સ્મેલ (Smell) ઓછી થઈ જાય છે.

### ભાઈઓ ચેતજો !

M.C. વાળી સ્ત્રીનાં શરીરમાંથી સતત પોઈઝનનો પ્રવાહ વહ્યા કરે છે. તેના શરીરનો ટચ કરતાં, તેની સાથે વાત કરતાં, તેણીએ વાપરેલી ચીજો વાપરતાં, તેની બનાવેલ રસોઈ જમતાં, તે પોઈઝન તમારા શરીરમાં પણ સ્કીન દ્વારા પ્રવેશી જાય છે, જે અનેક રોગો પેદા કરે છે. માટે આ બાબતમાં સાવધાન બનીને M.C. વાળી સ્ત્રીથી ઓછામાં ઓછા ૩ાા હાથ દૂર રહેજો !

### વિવિધ ધર્મોમાં M.C.

**જૈન ધર્મની દૃષ્ટિએ :-** ઠાણાંગ સૂત્રમાં આ બાબત માટે ઘણો અંકુશ મૂકવામાં આવ્યો છે. ઋતુવંતી સ્ત્રીએ M.C. દરમ્યાન ઘરનું કંઈ પણ કામ કરવું નહીં, દેરાસર વગેરે પવિત્ર સ્થાનોમાં જવું નહીં. પુસ્તક (ધર્મનું કે કોઈ પણ), છાપાં તેમજ નવકારવાળી, કટાસણું વગેરે ધર્મનાં ઉપકરણોને અડવું નહીં, સાધુઓ તેમજ



પવિત્ર પુરુષો આદિને તેમનું મુખ દેખાઈ ન જાય તેનું પૂરતું ધ્યાન રાખવું. શાસ્ત્રકારોએ ઋતુવંતીનું મુખ જોવાનું એક આયંબિલ અને વાત કર્યાનું પાંચ આયંબિલનું પ્રાયશ્ચિત્ત જણાવ્યું છે.

જૈન આગમોમાં અને ઇતર શાસ્ત્રોમાં રજસ્વલા સ્ત્રીને કેવળ ઋતુધર્મ-પરત્વે પહેલે દિન ચાંડાલિણી સરખી, બીજે દિન બ્રહ્મઘાતીની અને ત્રીજે દિવસે ધોબણના ધોરણ સાથે સરખાવી છે.

**વૈદિક ધર્મની દૃષ્ટિએ :-** રજસ્વલા સ્ત્રીઓએ M.C. દરમ્યાન એકાંતમાં રહેવું જોઈએ. કોઈ વસ્તુને અડકવું નહીં. હલકું ભોજન લેવું. એક વસ્ત્ર પહેરી સંસારી કામો બંધ કરી, કુદરતી જીવન જીવવું, સ્નાન કરવું નહિ, તેલ ચોળવું નહિ, હસવું નહિ, દોડવું નહિ, વાતો ન કરવી, જમીન ઉપર ડાભનું ઘાસ કે કોથળા પાથરી સૂઈ જવું, માટીના વાસણમાં મગ, ભાત વગેરે સાત્ત્વિક ખોરાક લેવો, શરીરને શણગારવું નહીં, હાંસી-મજાક કરવી નહીં. બહુ ઘોંઘાટવાળા કે જાહેર સ્થળે બેસવું નહિ, પોતાના પતિ સાથે પણ વાત કરવી નહિ. કોઈનો સ્પર્શ કરવો નહીં. મંદિર આદિ પવિત્ર સ્થળોએ જવું નહિ.

શ્રી શુકલ યજુર્વેદમાં પણ રજસ્વલા સ્ત્રીને માટે ખાસ પડકાર કરવામાં આવ્યો છે. **'तदां दिनत्रयं त्यक्त्वा शुद्धा स्याद् गृहकर्मणि'** (M.C. વાળી સ્ત્રી ત્રણ દિવસ પસાર થયા બાદ જ ગૃહકાર્ય કરવા માટે શુદ્ધ થાય છે.)

**ખ્રિસ્તી ધર્મની દૃષ્ટિએ :-** (બાઈબલ Old Testament) પાનું ૧૦૦ માં લખ્યું છે કે "જ્યારે કોઈ સ્ત્રી ઋતુવંતી થાય, ત્યારે તે સાત દિવસ સુધી અશુદ્ધ કહેવાય, તેને જે અડે તે પણ સૂર્યાસ્ત સુધી અશુદ્ધ ગણાય. જ્યાં સુધી તે સ્ત્રી અશુદ્ધ રહે ત્યાં સુધી તે જે-જે વસ્તુને અડે તે બધી અશુદ્ધ ગણાય; જે કોઈ ઋતુવંતી સ્ત્રી પથારીને અડે તે પોતાના વસ્ત્ર ધોઈને સ્નાન કરે તો પણ સૂર્યાસ્ત સુધી અશુદ્ધ રહે. અને તેની અડેલી કોઈ પણ ચીજ વાપરવા જેવી ન રહે. ઋતુમતી સ્ત્રી ચોથે દિવસે શુદ્ધ થાય અને સ્નાન કરે ત્યારથી સાત દિવસ પછી પૂર્ણ શુદ્ધ ગણાય."

**યહુદી ધર્મની દૃષ્ટિએ :-** યહુદીઓ પૈગંબર મોઝીસના ફરમાન મુજબ એમ માને છે કે M.C. વાળી સ્ત્રીઓએ નદી, કૂવા વગેરેના પાણીને અડવું નહિ, કોઈ પણ અનાજ, સોનું કે રૂપિયા વગેરે દ્રવ્ય તેમજ કોઈ પણ ફર્નિચરને અડવું નહિ. ભૂલથી તેમની કોઈ પણ ચીજને અડી જવાય તો તે ચીજ અગ્નિથી બાળી નાખવી. પોતે જે ફર્નિચર વાપરે તેના પર બ્લ્યુ રેબીન બાંધી રાખે છે જેથી બીજા તેનો ઉપયોગ ન કરે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

**પારસી ધર્મની દષ્ટિએ :-** પારસીઓ અગ્નિહોત્રી બ્રાહ્મણની જેમ ખૂબ જ સ્વચ્છતા અને પવિત્રતામાં વિશ્વાસ ધરાવે છે. તેઓના પવિત્ર દિવ્યગ્રંથ "ખૌર દેહ અવસ્થા" નામના ધર્મગ્રંથની આજ્ઞાઓ મુજબ પોતાનાં જીવનને પવિત્ર રાખવા મથતા હોય છે. તેઓ કોઈ પણ ખરાબ કાર્ય થઈ ગયા પછી 'અવારશ પશેમાન' આ જાતના પાજંદ ભાષાના શબ્દો બોલી પોતાની પવિત્રતા જાળવવા પ્રયત્ન કરતા હોય છે, આ શબ્દોનો અર્થ છે "હું ખરાબ કાર્યોથી તોબાહ કરીને પાછો ફરું છું, અને પરેશાન થઈને દૂર રહું છું." M.C. વાળી સ્ત્રીઓ અગીયારીમાં જઈ શકતી નથી. ૩ દિવસ દરમ્યાન અગ્નિનો સ્પર્શ કરતી નથી.

**મુસ્લિમ ધર્મની દષ્ટિએ :-** મુસ્લિમોના પવિત્ર ગ્રંથ **'કુરાને શરીફ'**ના હુકમ પ્રમાણે મુસ્લિમ સ્ત્રીઓને M.C. દરમ્યાન નમાઝ પઢવાની સખ્ત મુમાનીયત (પ્રતિબંધ) છે. M.C. વાળી સ્ત્રીને છ દિવસ અલગ રહેવું પડે છે. જે અડે તેને પણ ૪૦ થી ૫૦ દિવસ સુધી પશ્ચાત્તાપ કરવો પડે છે.

## ઋતુવંતી બહેનોને ખાસ સૂચના

૧ બીજાં વસ્ત્રોને અડકવું નહીં, રાત્રે ફરવું નહી.
૨ પેન, બોલપેન, કે પેન્સીલથી લખવું નહી.
૩ ધર્મચર્ચા તેમજ પ્રભુનાં દર્શન કરવાં નહીં. ગુરુને વાંદવા નહીં, ગુરુનું નામ પણ લેવું નહીં. સામાયિક, વ્યાખ્યાન, પ્રતિક્રમણ વગેરે સાંભળવાં કે કરવાં નહીં.
૪ ગોત્રદેવની આગળ ધૂપ-દીવો-પૂજાદિક કરવાં નહી.
૫ સંઘનાં નવકારશી, સાધર્મિક વાત્સલ્ય, લગ્ન-મરણાદિ પણ પ્રસંગે જમવા જવું નહી.
૬ દેવ-દેવી, ફૂલ-ફળ, સ્નાન વગેરે કાંઈ કરવું નહી, તેમજ દ્રવ્યાદિનો હોમ કરવો નહી.
૭ પ્રભાવના લેવી નહિ. પૂજા-પ્રતિષ્ઠાનું નૈવેદ્ય રાંધવું નહી.
૮ ગીત ગાવા જવું નહીં. અધ્યયન કરવું નહિ.
૯ ધાન્ય સાફ કરવું નહીં તેમજ અડકવું નહીં.
૧૦ કોઈ વસ્તુ રાંધવી, દળવી, ખાંડવી નહીં.
૧૧ શાકભાજી તથા ઘી, તેલ આદિને અડવું નહિ.
૧૨ યાચક-લોકોને હાથથી લોટ કે ધાન્ય આપવું નહી.
૧૩ વહાણમાં-બસમાં, ટ્રેનમાં, પ્લેનમાં બેસવું નહિ, નદી-તળાવમાં સ્નાન કરવું નહિ. અને લુગડાં ધોવાં નહિ.



૧૪ અથાણું, પાપડ-વડી કરવાં કોઈને આપવું નહિ. પાણી ભરવું નહિ.
૧૫ કોઈ સાથે લડવું નહિ. હિંચોળે હિંચવું નહિ.
૧૬ મુખવાસ ખાવો નહીં. દંતમંજન કરવું નહીં.
૧૭ ભરત ભરવું, લુગડાં સીવવાં નહીં, ધોવા નહીં અને ઓઘા-પાટા વગેરે કંઈ ભરવું નહીં.
૧૮ પુષ્ટિકારક આહાર કરવો નહીં, પીરસવું નહિ.
૧૯ માટી કે લાકડાના ભાજનમાં જમવું.
૨૦ ભૂમિ પર સૂવું, પણ પાટ પલંગે સૂવું નહીં.
૨૧ માથામાં તેલ નાખવું નહીં, સ્વજનોને મળવું નહીં. પુસ્તકને અડવું નહિ.
૨૨ નહાવું-ધોવું નહીં, સેંથો પાડવો નહીં, મિષ્ટાન્ન વગેરેનો આહાર કરવો નહિ. માથાના વાળ ઓળવા નહીં, બાળક ધવરાવવાં નહીં.
૨૩ જાત્રાએ જવું નહીં. "તીર્થ ફરસતાં પડે નરકમાં."
૨૪ પાણી ભરીને દેરાસરમાં આપવું નહીં.
૨૫ ચોવીસ પહોર સુધી ૭૨ કલાક એક જગાએ બેસી રહેવું, પછી તે જગાએ લીંપણ કરવું.
૨૬ M.C. વાળી કમલા રાણીએ પ્રભુને વાંદી અને ફૂલ ચડાવ્યાં તેથી તે લાખ ભવ સુધી રખડી.
૨૭ દેવતાને હાથમાં લે તો અઠ્ઠમ (૩ ઉપવાસ) લાગે અને અડકે તો છઠ્ઠ (૨ ઉપવાસ) લાગે, માટે કાંઈ કરવું નહિ.
૨૮ ઋતુવંતીને ખાતાં ભોજન વધે તે અન્ય ઢોરને નાંખે તો બાર ભવ ભટકતી રહે.
૨૯ વિષય ભોગવે તો નવ લાખ ભવ રખડે.
૩૦ પોતાના હાથે સાધુને વહોરાવે તો લાખ ભવ રખડે.
૩૧ ટી.વી., વીડીઓ સીનેમા જોવા નહિ.
૩૨ ગાર્ડનમાં ફરવા જવું નહિ.
૩૩ છાપાં, મેગેઝીન વગેરે વાંચવા નહિ.
૩૪ બાળકોને ભણાવવા નહિ.
૩૫ ઠઠ્ઠા-મશ્કરી, જોકસ કરવાં નહિ.
૩૬ કોઈ પણ પ્રકારની ગેઈમ રમવી નહિ.
૩૭ સોફા, કમ બેડ, ફર્નીચર વાપરવા નહિ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૪૨) માનવહત્યા

### જનનીની જોડ સખી નહિ જડે રે લોલ !

### (લે. પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજ)

ભારતીય વસુંધરા પર 'મા' નો મહિમા હતો. 'મા તે મા બાકી બધા વગડાના વા,' 'છોરૂ કછોરૂં થાય પણ માવતર કમાવતર ન થાય.' એવી અનેક સ્લોગનો અહીં પ્રસિદ્ધ હતા. પણ એકવીસમી સદીમાં દોડી જવા માટે ઉતાવળી બનેલી સ્ત્રીઓએ બધી કહેવતોને ભાંગીને ભુક્કો કરી નાખ્યાં છે. કોણ જાણે સ્ત્રીઓના લોહીમાં શું ઝનુન ચડી ગયું છે તે સમજાતું નથી.એણે ઘરમાં માંકડ, મચ્છર, વાંદા અને જુ મારવાનું પાપ તો ઘણા વર્ષોથી શરૂ કરી દીધું છે. પણ હવે તો એ આગળ વધી ગઈ છે. અને પેટનાં બચ્ચાં મારી નાંખવાનું ગોઝારૂં પાપ પણ એણે શરૂ કરી દીધું છે. જીવતાં ઘેટાં-બકરા કાપી નાખતા દેવનારનાં કતલખાના કરતાં ય ભૂંડા કહી શકાય તેવા ભ્રૂણહત્યા માટેનાં કતલખાનાં (એબોર્શન કેન્દ્રો) ઠેર ઠેર નંખાઈ ચૂક્યા છે. ભરબજાર વચ્ચે તેનાં પાટીયાં લટકતાં હોય છે. ટ્રેનોમાં અને દૈનિક પત્રોમાં તેની જાહેરાતો આવતી હોય છે. આ કતલખાનાઓમાં પ્રતિવર્ષ સત્તાવન લાખ બાળકોને રહેંસી નાખવામાં આવે છે. બાળકના શરીરનાં ટુકડેટુકડા કરીને ગટરમાં વહેતા કરી દેવામાં આવે છે. ખરેખર હવે તો વાડ જ ચીભડાં ગળવા મંડી છે. આર્ય દેશની નારીઓ જો આ ગોઝારા પાપથી નહિ અટકે તો તેનું રીએક્શન ભયાનક આવશે. ધર્મશાસ્ત્રોએ પંચેન્દ્રિય જીવના વધને નરકગતિનું કારણ કહ્યું છે.ગર્ભહત્યા એ નરકગતિનો પાસપોર્ટ છે. ગર્ભહત્યારી સ્ત્રીની નજરે ભોજન કરવાની પણ મનાઈ છે. (પછી તેની બનાવેલી રસોઈ તો જમાય જ શી રીતે ?)

સ્ત્રીઓ ગર્ભહત્યા કરાવતાં કરાવી નાંખે છે. પછી જીવનભર માટે પીડાતી રહે છે. શરીર રોગોનું ઘર બની જાય છે. ઘર કલેશ કંકાશ અને કજીયાનો અખાડો બની જાય છે. આખોય પરિવાર અશાંત અને અજંપાની આગમાં હોમાઈ જાય છે.

માતૃત્વના ફુરચા ઉડાવી ચૂકેલી સ્ત્રીઓ આમ તો કોઈને ગાંઠે તેમ નથી. કોઈનું સાંભળે તેમ નથી. એટલે એના માટે કશું લખવું બોલવું વ્યર્થ છે. આમ માતાઓ ગમે તેટલી હદે ગઈ હોવા છતાં જ્યારે પેલી કાવ્ય પંક્તિઓ કાન પર અથડાય છે, 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.' ત્યારે માતાઓના ખોળામાં ફરી વિશ્વાસ જન્મે છે અને મન એમ પોકારે છે, 'ના ના ના ભાઈ ! મા તે મા !'



માતાઓ પ્રત્યેની શ્રદ્ધા હજુય આ દેશમાં સલામત રહી છે. એટલા માટે જ અહીં કેટલાક લેખો મૂક્યા છે. જે વાંચ્યા બાદ જાણે અજાણે પણ જે સ્ત્રીઓ ગર્ભહત્યાનું પાપ કર્યું હશે તે પોશ પોશ આંસુડે રડ્યા વિના નહિ રહે. એબોર્શનના વિચારોમાં જે રમતી હશે તે લેખ વાંચ્યા બાદ ગોઝારા પાપથી પાછી વાળ્યા વિના નહિ રહે. લ્યો. હવે જરા શ્વાસ હેઠો મૂકો, મનને મોકળું કરો, અને તમારા માંહ્યલાને જગાડીને પછી લેખ વાંચવો શરૂ કરો.

**ચાલો એબોર્શન કેન્દ્રમાં**

ગર્ભપાતની કેટલીક વૈજ્ઞાનિક માન્ય અન્ય સ્વીકૃત ડૉક્ટરી પદ્ધતિઓ જે આજે ભારતમાં પ્રચલિત છે તે જ જોઈ લઈએ. મન જરા મક્કમ કરો અને પછી ચાલો એબોર્શન કેન્દ્રમાં.

ડી.એન્ડ.સી. ઓપરેશન : દાક્તરી સાધનો વડે સગર્ભા સ્ત્રીના ગર્ભાશયનું મુખ પહોળું કરવામાં આવે છે. પછી એ સાધન વચ્ચેથી એક ચપ્પુ અથવા કાતર જેવું હથિયાર અંદર નાંખીને જીવતા બાળકને તે વડે વીંધી નાખવામાં આવે છે. ગર્ભમાં તરફડતું બાળક લોહીલુહાણ થઈ, અસહ્ય વેદના ભોગવી મૃત્યુને શરણ થાય છે. પછી એક ચમચી જેવા સાધનની મદદથી બાળકના ટુકડે ટુકડા બહાર કાઢવામાં આવે છે. ખીમો થઈ ગયેલું મગજ, લોહી દદડતાં આંતરડાં બહાર નીકળી પડેલી આંખો, દુનિયામાં જેણે પહેલો શ્વાસ નથી લીધો તેવાં ફેફસાં, ધબકતું નાનકડું હૃદય, હાથ,પગ બધું જલ્દી જલ્દી બાલદીમાં ડૉક્ટરે ફેંકી દેવું પડે છે. કેમકે બહાર ગર્ભપાત માટેના ઉમેદવાર બહેનોની લાંબી લાઈન હોય છે. એટલે ડૉક્ટરે આ બધુ જલ્દી જલ્દી પતાવવું પડે છે. તેથી ઘણી વખત બાળકને અંદર તરફડીને મરી જવા માટે પૂરતો સમય પણ અપાતો નથી. અંધારામાં તીર મારવા જેવું આ ઓપરેશન છે. હથિયાર ગર્ભમાંહેના બાળકના માથામાં, છાતીમાં, પેટમાં કે હૃદયમાં ન વાગતા હાથ, પગ કે સાથળમાં ઘોંચાય તો બાળક જલ્દી મરતું નથી. ૭૦, ૮૦ કે ૯૦ વર્ષ જીવવા માટે કુદરતે જે છોડ તૈયાર કર્યો હોય છે, તેની જિજિવિષા ખૂબ પ્રબળ હોય છે. તેથી ઉતાવળે ગર્ભમાંથી બહાર કાઢીને બાલદીમાં ફેંકી દીધેલાં ધબકતાં હૃદય જોઈને ડૉક્ટરો, નર્સો અને સ્વીપરો સુદ્ધાં બીજી બાજુ આંખો ફેરવી લે છે.

આ હથિયાર ક્યારેક ઉતાવળમાં અને ક્યારેક અનભ્યસ્ત હાથે ગર્ભાશયને પણ નુક્સાન કરી દે છે. દુનિયાભરના રોગો ઘરમાં પ્રવેશ કરશે. પેટના અલ્સરથી માંડીને બ્લડ કેન્સર સુધીની બીમારીઓનાં પાવન પગલાં વિના આમંત્રણે થઈ જવાનાં. પાપો વધતાં જવાના અને ધર્મો ઘટતા જવાના. મન ચંચળ અને ચિંતાતુર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

બની જશે. મનમાં સતત દુષ્ટ ભાવો જ જાગ્યા કરવાના. છતે સુખે પણ ક્યાંય શાંતિ નહિ મળે.

જેમને જમાનાનો, જુવાનીનો, જોબનનો, સંપત્તિનો, અને અહંકારનો કેફ ચડ્યો છે, અને જેમને મોડર્ન બનવાનો ચસ્કો લાગ્યો છે, એમના મગજમાં અત્યારે ભલે કદાચ આ રીએક્શનની વાતો સેટ ન થાય પણ માઠાં પરિણામ જ્યારે ભોગવવાનો અવસર આવીને ઊભો રહેશે ત્યારે તેમની આંખ ઉઘડ્યા વિના નહિ રહે. પણ ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હશે. ડહાપણ આવશે ખરું પણ રાંડ્યા પછી.

પોતાની જાતને મોડર્ન (Modern) ગણાવતી આ છટકેલ નારીઓ એવી તો સ્વચ્છંદ અને નિર્લજ્જ બની છે કે પોતે M.C. પાળતી નથી એ વાતનો ખેદ તો દૂર રહ્યો પણ ઊલટું જે નારીઓ પાળે છે તેની છડેચોક ઠેકડી ઉડાવે છે. 'વેદીયણ' અને 'મણીબેન' કહીને ચીડવે છે.

આગળ પાછળનો કશોય વિચાર કર્યા વિના મોડર્ન બનવા નીકળી પડેલી આ નારીઓને પોતાને તો ધર્મ ગમતો જ નથી પણ એમના આ ગોઝારા પાપે ઘરમાં જે કાંઈ ધર્મક્રિયા, સાસુ સસરા કે અન્ય કુટુંબીજનો કરતા હતા એ સહુને ભારે અંતરાય ઊભો થયો છે. ઘરમાં સાધુ સંતોને દેવાતું સુપાત્રદાન બંધ થયું છે. અથવા તો એને અભડાવી માર્યું છે અને સંતોની ભિક્ષા પણ ભ્રષ્ટ કરી છે. ઘરમાંથી સામાયિક, પ્રતિક્રમણ, પૂજાપાઠ આદિ ધર્મક્રિયાઓ પણ વિદાય થઈ ગઈ છે. એની પણ એમને પરવા નથી.

રે ! કોકને ધર્મ પમાડી દઈએ તો તો વાહ ! વાહ ! છે. પણ એવું પરાક્રમ જો ન કરી શકીએ તો કમસેકમ આપણા પાપે કોકને ધર્મ છોડવો પડે તેવું અધમ કૃત્ય તો બંધ કરીએ ! ટેકો દઈને કોકને ધર્મના ઉત્તુંગ શિખર પર ચડાવી ન શકો તો કાંઈ નહિ પણ ઊંચે ચડી રહેલા કોઈનો ટાંટીયો ખેંચીને નીચે પટકી નાખવાનું પાપ તો ક્યારેય કરશો મા. માત્ર એક નાનકડા તુચ્છ સ્વાર્થ ખાતર નારીઓ પોતાની જાતને, કુટુંબ-પરિવારને, પોતાની સંતતિને, સાધુસંતોને, પડોશીઓને અને સમગ્ર દેશને કેવા ઘોર પાપમાં પટકી રહી છે. ઘરની, મંદિરની અને તીર્થસ્થાનોની પવિત્રતા કેટલી ભયાનક રીતે ભ્રષ્ટ કરી રહી છે. બહેનો ! માતાઓ ! કન્યાઓ ! સાવધાન ! સબૂર ! એક મિનિટ માટે હજુ ઊભા રહી જાવ ! ફરી એક વાર વિચાર કરો અને ડાહ્યાં બનીને પાછા વળી જાવ. તમે જે રસ્તે જઈ રહ્યા છો તે રસ્તો સાવ નકામો છે. જોખમોથી ભરેલો છે. તમારા પોતાના માટે જ સહુથી વધારે ખતરનાક પૂરવાર થશે. તમારું શરીર રોગોથી



ઘેરાઈ જશે. કુટુંબ પાયમાલ થશે. લક્ષ્મી વિદાય લેશે. સરસ્વતી ચાલી જશે. ધર્મ ભ્રષ્ટ થશે, સુખ ચાલ્યું જશે. અને ભયંકર અશાંતિની આગમાં તમે હોમાઈ જશો. ભૂલ્યા ત્યાંથી ફરી ગણો, જાગ્યા ત્યારથી સવાર સમજો, અને જીવનમાં પેસી ગયેલા આ ગોઝારા પાપને ઉંચકીને ફગાવી દો, થોડી અગવડ પડે તો નભાવી લો પણ ખોટી છૂટછાટો ન લો. કોઈને ધર્મમાં અંતરાયભૂત ન બનો. ધર્મસ્થાનોની પવિત્રતાને ભ્રષ્ટ ન કરો. તમારા આત્માને દુર્ગતિમાં ન ધકેલો. તમારાં શરીરમાંથી છૂટતા પોઈઝનથી મીક્ષ્ચર બનેલી રસોઈ જમાડીને બાળકોની તથા કુટુંબીજનોની તંદુરસ્તીને જોખમમાં ન મૂકો.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૭,અંક-૨૧-૨૨,તા.૧૧-૨-૧૯૮૯

## (૪૩) પરસ્ત્રી માત સમાન

### (લે. પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજ)

હીરાના બાહ્ય સ્વરૂપમાં જેમ કલર અને કટીંગ સારા હોવા જોઈએ. તેમ માનવના બાહ્ય બે અંગો સારા (સાફ) હોવા જોઈએ. પહેલાં નંબરમાં આંખ સારી હોવી જોઈએ અને બીજા નંબરમાં હાથ સારા હોવા જોઈએ. આ બે અંગ જેના સાફ છે તેને જ સાચા માનવ બનવાનો અધિકાર છે.

ઓ ઝવેરીઓ તમારી આંખ સારી છે ? સારીનો મતલબ ચશ્માના નંબર વિનાની, મોતીયા કે ઝામર વિનાની એવો નહિ કરતા પણ સારી એટલે વિકાર વિનાની. માણસ તેનું નામ કે જેના નયન નિર્વિકાર હોય. જે માણસના નયન વિકાર રસથી છલકી રહ્યાં હોય તેની આંખને ખરાબ નહિ પણ ખતરનાક કહેવી રહી. આજે ઘણા માણસોની આંખો આ વિકારના વાયરસનો ભોગ બની ચૂકી છે. એમની આંખમાં સતત ખણજ આવતી હોય છે. આ વાયરસવાળા માણસો જ્યાં જાય ત્યાં ફાંફા માર્યા કરતાં હોય છે. નારીઓના રૂપ શોધ્યા કરતા હોય છે. ટીકી ટીકીને ધારી ધારીને જોયા કરતા હોય છે.

જાણે આઈગ્લાસથી હીરો જોવા બેઠા, ઓ મૂર્ખ ! આ હીરો નથી પથ્થર પણ નથી માત્ર માંસમાટીનો પિંડ માત્ર છે. એમાં જોવા જેવું શું છે ?

નાકમાં આંગળી નાંખો તો શ્લેષ્મ નીકળે, આંખમાં આંગળી નાંખો તો પીયો નીકળે, કાનમાં કાનખોતરણી નાંખો તો મેલનાં પોડાં નીકળે. મોં ઉઘાડો તો વાસ મારે, અત્તર ચોપડો તોય પસીના ગંધાય, સુંગધીદાર થમ્સઅપ પીવડાવો તો ય



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

જવાબમાં પેશાબ છોડે. સ્વાદિષ્ટ મિષ્ટાન્ન ખવડાવો તો પણ વિષ્ટા સિવાય કશું પ્રોડક્શન ન કરી શકે. દેહની જરા આરપાર નજર કરો તો શું દેખાશે ? ચામડાના કોથળામાં માંસના લોચા, નાડીઓમાં ગંધાતા લોહીના પ્રવાહો, આંતરડામાં એકલા મળના ગઠ્ઠા, બ્લેડરમાં યુરીન અને લીવરમાં ઝરતો પીત્તનો ઝરો, હાય ! હાય ! આવા સાવ નઠારા, માઠાં અને મેલા દેહમાં જોવા જેવું દાટ્યું છે શું ? નાહકનાં સમજ્યા વિનાના હવાતીયા મારવાના છે. જીવને સમજાવી દેવો જોઈએ કે ભાઈ ! આ શરીર તો દુનીયાની સૌથી ખરાબમાં ખરાબ ચીજ છે. વિશ્વની સૌથી ખતરનાક ફેક્ટરી છે. મુંબઈમાં ચાલતી ફેક્ટરીમાં કચરો - (Raw-Material) નાંખો તો ફેન્સી માલ બનીને બહાર આવશે.

હું વિદર્ભના વિહારમાં હતો. ભદ્રાવતી પાસે વરોરા ગામ છે. બહાર એક કાગળની ફેક્ટરીમાં હું ઉતર્યો હતો. વિરાટ કમ્પાઉન્ડમાં ઠેર ઠેર ચીંથરાના ઢગલાં પડ્યાં હતા. કાગળીયાનાં ડુચાના તો ઢગના ઢગ ખડકાયા હતા. મેં પૂછ્યું, ‘આ કચરાપટ્ટી અહીંયા શું કામ જમા કરી છે. ?’ ફેક્ટરીના માલિકે મને કહ્યું કે ‘આ કચરાપટ્ટીનું શુદ્ધિકરણ કરીને તેમાંથી બોક્ષ બોર્ડ બનાવવામાં આવે છે. સર્ફ અને ડેટનાં ફર્સ્ટક્લાસ બોક્ષ આ કચરાપટ્ટીમાંથી તૈયાર થાય છે.’

હવે જરા આ શરીરની ફેક્ટરીનો વિચાર કરો. આ શરીરમાં સારામાં સારા ગુલાબજાંબુ કે મલાઈ-કોફતા જેવા સુપરફાઈન પદાર્થોની બીજા દિવસે આ શરીર એવી હાલત કરી નાંખશે કે તમે ખુદ એ ન્યૂ બ્રાન્ડ પ્રોડક્શન સામે જોવા તૈયાર નહિ હો ! એક ચિંતકે કહ્યું છે કે જેને ઈશ્વરદર્શનની ઈચ્છા જ થતી હોય તેણે કમસેકમ “નિત્યં મલદર્શનં કુર્યાત્” મલનું દર્શન કરવું.

આજે ઘણાં માણસો પ્રભુદર્શનની એલર્જીવાળો હોય છે. હા લલનાઓના રૂપદર્શનમાં એ સવારથી સાંજ સુધીમાં ક્યારેય થાક્તા નથી. પણ પ્રભુદર્શનની વાત કરીએ તો તેમને એલર્જીના કારણે બેચેની ઉત્પન્ન થઈ જાય. એલર્જી એટલે સમજ્યાને ? કોકને ઠંડા પીણાની એલર્જી હોય છે, કોકને પંખાની હવાની એલર્જી હોય છે, કોકને સુંગધી પદાર્થોની એલર્જી હોય છે, તો કોકને ગરમ કપડાંની એલર્જી હોય છે, પણ આ દુનિયામાં એક એવી પણ જમાત છે જેને પ્રભુદર્શનની એલર્જી હોય છે. પરમાત્મદર્શને જવાની વાત નીકળે ને એને બિચારાને જાણે તાવ ચડે, માથુ દુઃખે, બેચેની લાગે, મુડ પણ આઉટ થઈ જાય. બરાબર તે જ વખતે તમે એ નબીરાને કોક ફેવરીટ હીરોની ફિલ્મની ટિકિટ આપો તો એ ચારે પગે કૂદે એની બધી સુસ્તી ઊડી જાય છે અને સ્ફુર્તિના ફુવારા ઉછળવા લાગે.

આવા એલર્જીવાળા માણસો જ્યારે સંડાસ જાય ત્યારે પોતાના દેહમાંથી



છુટતી વિષ્ટાનું દર્શન કરે તો રૂપાળા શરીર પર વિરાગ થઈ જાય. માંસ પિંડના દર્શનની ઈચ્છા નષ્ટ થઈ જાય અને પ્રભુદર્શનની તાલાવેલી જાગ્રત થઈ જાય.

રૂપદર્શન માટે તરફડીયાં મારતી મારકણી આંખોને સીધી કરવાનો ઉપાય છે પરમાત્માના દર્શન ! ‘યુ વર્શિપ ધ ગોડ’ તમે પ્રભુને ભજો, એનું ધ્યાન ધરો-સ્મરણ કરો. તમારા તનમનના વિકાર નીચોવાઈ જશે.

મને ઓલો સોની યાદ આવે છે. કુમારનંદિ જેનું નામ છે. પાંચસો પાંચસો સ્ત્રીઓને પરણવા છતાંયે એ ધરાયો નથી. એ દેવાંગનાઓનાં રૂપદર્શને લપટ્યો હતો. એને હવે ઉર્વશીઓ સાથે ભોગ ભોગવવા હતા. આ રંભાઓનાં સ્વાદ ચાખવા માટે એ જીવતો બળી મુવો. અને દેવલોકમાં દેવ થયો, પણ અફસોસ ! એ લટકી પડ્યો ! ઢોલી તરીકેની સર્વીસ તેના લમણે ટીચાણી. ધરતીની સ્ત્રીઓ ગુમાવી બેઠો અને આકાશની અપ્સરાઓ પણ હાથ ન લાગી. બિચારો દિનરાત વાસનાઓથી જલવા લાગ્યો. તેનું કંઈક ભાગ્ય જાગતું હશે જેથી તેને કોઈક મિત્રદેવ મળી ગયો. એણે આને સમજાવ્યો, ‘ભાઈ ! દેવીઓનાં દર્શન રહેવા દે, તેને બદલે દેવાધિદેવનું દર્શન કર તેથી તારા ચિત્તમાં શાંતિ થશે, અશાંતિ દૂર થશે. એ દેવાત્મા એને સિદ્ધાયતન (જિનમંદિર)માં લઈ ગયો, પ્રભુના દર્શન કરાવ્યા. પ્રભુદર્શનના પ્રભાવે એ દેવાત્માનો વાસનાથી ઊકળતો ચિત્તપ્રદેશ શાંત પડ્યો. એને પ્રશમ સુખનો અનુભવ થવા લાગ્યો. જેમ જેમ પ્રભુદર્શનમાં તલ્લીનતા આવતી ગઈ તેમ તેમ ચિત્તમાંથી વાસનાઓના મૂળીયા ઉડતા ગયા એના બધાં સંતાપો ટળી ગયા અને પ્રભુદર્શનના પ્રભાવે એ પોતાના નયનને નિર્વિકારી બનાવી શક્યો.

હજુ ફરી ફરી મારે તમને ભલામણ કરવી છે કે સાંજ પડે ઈધર ઉધર ભટકવાનું બંધ કરો. ગાર્ડનોમાં, રેસ્ટોરંટોમાં, પાવભાજીની લોરી પાસે, પાનના ગલ્લાઓ  પાસે આંટા ફેરા ન મારો, રોડના કોર્નર પર અડ્ડા ન જમાવો, વગર મફતના ડોળા ન ભમાવો. એ મરવાના ધંધા છે. વગર પૈસે પાપ પરચેઝ કરવાની માર્કેટો છે. પ્લીઝ ! ડોન્ટ વોન્ડર હીયર એન્ડ ધેર ! બસ ! ઘણું થયું ભાઈ ! હવે બસ કરો. મહેરબાની રાખો. આ અગન જ્વાલાઓથી સળગતા પંથેથી પાછા ફરો અને તારક દેવાધિદેવના મંદિરે જઈને બેસો ! જરા ઠરો ! શાંત બનો ! ચિત્તને નિર્મળ કરો !

સાંજના બે કલાક રખડવાનું બંધ કરીને તે સમયને પ્રભુના દર્શન-ધ્યાનમાં પસાર કરો. આપણે ત્યાં એક સ્તુતિમાં ગવાય છે, “પ્રભુદર્શન સુખ સંપદા પ્રભુદર્શન નવનિધ, પ્રભુદર્શનથી પામીએ સકળ પદારથ સિદ્ધ” પ્રભુદર્શનનો અચિંત્ય મહિમા આ શ્લોકમાં વર્ણાવાયો છે. એ મહિમાને તમે અનુભવ-સ્વાનુભવ કરો. કરશો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ને ? જસ્ટ ટ્રાય, પ્રયત્ન કરવામાં શો વાંધો છે ? કોઈ દર્દ ન મટતું હોય ત્યારે કોક ડોશી પણ દવા દેખાડે તો ચાલુ કરો કે નહીં ? તેમ મારું માનો અને એક વાર પ્રભુદર્શનનો પ્રયોગ ચાલુ કરો.

નારીદર્શનનો પ્રયોગ કરીને તો સક્કરવાળ વળ્યો. એ તો તમને સારી રીતે સમજાઈ ગયું હશે. હવે એ સમજાવવાની જરૂર ખરી ? છતાં શોર્ટ ફોર્મમાં નારીદર્શનનો મહિમા જાણવો હોય તો એક શ્લોક સંભળાવી દઉં. "નારીદર્શન દુઃખ આપદા, નારીદર્શન, દશપીડ; નારીદર્શનથી પામીએ, સકળ ભવભ્રમણ ભીડ." પ્રભુદર્શને નવનિધિઓ મળે છે જ્યારે નારીદર્શનથી કામની દશ પીડાઓ ઊભી થાય છે. પ્રભુદર્શને સકલ પદાર્થો સિદ્ધ થાય છે, જ્યારે નારીદર્શનથી સકલ સંસારનાં પરિભ્રમણની ભીડ ઊભી થાય છે.

દીવડાની જ્યોત પર આસક્ત થયેલા પેલા રંગબેરંગી પતંગીયાને તમે કદી જોયું છે ? કેવું ખુવાર થાય છે ! રૂપની આગમાં કેવું ખાખ થાય છે ! રૂપરંગથી ઉભરાતા દેહને બાળીને રાખમાં ઢાળી દે છે.

રૂપમાં આસક્ત થયેલા મનુષ્યોનાં આથી પણ ભયાનક બૂરી હાલતો સર્જાતી હોય છે. મારે ઓલા રૂપસેનની કથા કહેવી છે. પણ ઘડીયાળ ફાસ્ટ દોડી રહી છે. સમય ઓછો છે એટલે ટૂંકમાં એટલું જ કહું છું કે એ યુવાને જે કન્યાના રૂપમાં આસક્ત થયો હતો, તે જ સમયે રસ્તે ચાલ્યા જતાં અચાનક મકાનની ભીંત તુટી પડવાથી ત્યાં જ મરીને તે કુમારી કન્યાના પેટમાં જ ગર્ભ તરીકે ઉત્પન્ન થયો. અંતે એક દિ પોતાની આ પ્રેયસીએ એને ગર્ભાશયમાં જ ખતમ કરી નાખ્યો અને દુઃખભરી ભવપરંપરાઓમાં ધકેલી દીધો.

પરસ્ત્રીમાં આસક્ત બનેલા રાવણની શી દશા થઈ એ તો જગજાહેર વાત છે. રૂપદર્શનના આ હાહાકારોને જાણ્યા બાદ તે પંથેથી પાછા વળીને પરમાત્મદર્શનમાં ચિત્તને જોડવાનું છે.

વિદ્યુન્માલી અને મેઘરથ નામના બે ભાઈઓ વિદ્યા સાધનાર્થે નીકળેલા. એ સાધના એવી હતી કે પહેલા ચંડાલણી સાથે મેરેજ (લગ્ન) કરવાના. પછી એકાંતમાં સ્ત્રીને સાથે લઈને સાધનામાં બેસવાનું તેમાં જરાયે વિકારભાવ ન આવવો જોઈએ, સ્ત્રીનો સ્પર્શ ન થવો જોઈએ. આવી કઠોર સાધનામાં આ બંને વિદ્યાધરોએ પ્રવેશ કર્યો. કિન્તુ એક તરી ગયો અને બીજો ડૂબી ગયો. મેઘરથ પાર ઉતરી ગયો પણ વિદ્યુન્માલી ઓલી ચંડાલણીમાં ફસાઈ ગયો, રંગે સાવ કાળી કઢંગી અને હેડંબા જેવી સ્ત્રીમાં એ મોહી પડ્યો. સાધના છૂટી ગઈ અને વાસના વળગી પડી.

આંખને સાચવવાનું કામ ઘણું મુશ્કેલ છે. જો આંખમાં કાંઈક પડે તો ઉપાધી



છે પણ આંખ ક્યાંક પડે તો મહાઉપાધિ છે. આંખમાં કંઈક પડે તો પાણી છાંટીને કે આંખ ચોળીને કાઢી શકાય છે. પણ આંખ ક્યાંક પડે તો મહાવિનાશને નોંતરીને જંપે છે. આંખ કોઈક દશ્યને ઝડપ્યા પછી તરત મનને સળી કરે છે. મન સાથે મેળ સાધે છે. કંપની બનાવે છે પછી આ નયનાબેન (આંખ) અને મનુભાઈ (મન) એ ભેગાં મળીને નવનવા પ્લાન ઘડે છે. આશાઓના મીનારા બાંધે છે પણ અંતે કુદરત બધા મીનારા જમીનદોસ્ત કરી નાંખે છે.

વિચારો કરી કરીને મન બગાડવું. ઉજાગરા કરી કરીને રાતો બગાડવી અને શરીરનો રોટલો વાળી નાંખવો તે વધારામાં. ઓલા બિલ્વમંગળનું નામ તમે સાંભળ્યું છે ? એમણે ભગવા પહેર્યા હતા. કોક ગામના કૂવે પનઘટના આરે જલઘટ ભરતી રૂપયૌવનાના મુખ ઉપર નજર પડી અને એ ભાન ભૂલ્યો. સ્ત્રીઓનાં મુખકમળ પર ભ્રમર બનીને એ રૂપપરાગનું પાન કરવા લાગ્યો, ભાન ભૂલ્યો, સાન ભૂલ્યો અને વેશભૂષા પણ ભૂલી ગયો. એક સુભાષિતમાં કહ્યું છે કે 'કાગડો રાતે નથી જોઈ શકતો, ઘુવડ દિવસે નથી જોઈ શકતો પણ કામાંધ માણસ તો દિવસ-રાત કશું જ નથી જોઈ શકતો.' એક પનિહારીને ટીકી ટીકીને ઝીણી નજરે જોઈ રહેલા બિલ્વમંગળની સામે કોઈકે હાથ લાંબો કર્યો અને સણસણતો શાબ્દિક ચાબૂક લગાવી દીધી, 'રે ! વૈરાગ્યના સુધાપાન કરનારા ઓ સંત ! લાજ શરમ નથી આવતી અમારી સામે તાંકતા ? ભગવા પહેરીને ભૂલા કાં પડો ?' બિલ્વમંગળના હૃદયને સટ્ટાક કરતો ચાબૂક વાગી ગયો, એણે ઝોળીમાં હાથ નાંખ્યો, અંદરથી સોયો બહાર કાઢ્યો અને ગચાગચ કરતો સોયો બે ય આંખોમાં ઘોંચી દીધો. લોહીની ધાર વછૂટી. વારંવાર ભૂલ કરનારી આંખોને સજા ફટકારી દીધી.

મારે તમને આંખો ફોડી નાખવાનું નથી કહેવું પણ કમસેકમ નીચી ઢાળી દેવાનું તો જરૂર કહેવું છે. મારૂતી કારમાં બેઠા પછી સામેથી જો સૂર્યનો તડકો આવતો હોય તો ડ્રાયવર ગાડીની ઉપર રહેલા ટ્રેપરને નીચે પાડી દે છે. તેમ તમારી નજર જો ક્યાંક પડી જાય તો તમારી આંખો પરનાં ટ્રેપર (પાપણો) નીચે પાડી દો. દરવાજો બંધ કરી દો, પછી પેલો કામ ચંડાલ દૂરથી જ ભાગી જશે.

ફોરેનમાં એક વાર સમગ્ર વલ્ડના વૈદ્યો, હકીમો અને યુવાનોનું સંમેલન મળેલું. એક સવાલ ચર્ચાયેલો કે નારીની સામે જોવાથી પુરુષને લોસ કે પ્રોફીટ શું મળે છે ? સમગ્ર કોન્ફરન્સે એકી અવાજે નિર્ણય લીધો કે સ્ત્રી સામે જોવા માત્રથી પુરુષ પોતાનું સત્ત્વ ગુમાવે છે. નારીની સામે જોતાંની સાથે મનમાં વાસનાના તરંગો આંદોલિત થવા માંડે છે. જે બ્લડને ગરમ ગરમ કરી મૂકે છે. લોહીથી ઉત્પન્ન થયેલી આ ગરમી શરીરનાં સત્ત્વને ખતમ કરી નાંખે છે. જેટલી વાર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

રૂપદર્શનનો પ્રયોગ થતો રહે છે તેટલી વાર આ ગોઝારો ખેલ શરીરમાં ખેલાયા જ કરે છે. અંતે એ નર સાવ સત્ત્વહિન બની જાય છે. ટી.બી. કેન્સર કે એઇડ્ઝ જેવા રોગો તેને ઘેરી વળે છે અને અકાળે યમ આવી પહોંચે છે.

પાપનું પ્રવેશદ્વાર આંખ છે એને ખૂબ સંભાળો એ નાજુક અવયવ છે. નાનકડી સુકોમળ આઈટેમ છે. પણ મહાભારતો અને રામાયણો સર્જી દેવાની તાકાત ચક્ષુઇન્દ્રિયમાં પડેલી છે.

સાચા માનવ બનવું હોય તો આંખને સાફ રાખો. આ સફાઈનું કામ લોક્યુલા કે નેત્રપ્રભાનાં આઇડ્રોપ્સ નહિ કરી શકે. પણ પરમાત્માનાં પાવન દર્શન જ કરી શકશે.

જેમ હીરાની ચાર પરીક્ષામાં પ્રથમ કલર સારો હોવો જોઈએ તેમ માનવભવની પ્રથમ પરીક્ષા છે આંખ સારી હોવી જોઈએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૭,અંક-૨૩,તા.૧૮-૨-૧૯૮૯

## (૪૪) શરાબ કરે બરબાદ

### (લે. પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજ)

સાધના માટે જેમ સ્થાન શુદ્ધ હોવું જોઈએ, આસન, કટાસણું આદિ શુદ્ધ હોવું જોઈએ. જેમ વ્યવહાર શુદ્ધ હોવા જોઈએ, જેમ વાતાવરણ શુદ્ધ હોવું જોઈએ તેમ દેહ પણ શુદ્ધ હોવો જોઈએ. દેહ અશુદ્ધ હોય તો સાધનામાં રંગ જાગતો નથી. જે હીરાનાં કલર અને કટીંગ પરફેક્ટ છે એવા પણ હીરાના પેટમાં જો નાટસ અને જીરમ નામના બે દોષો પડેલા હોય તો તે હીરો નહિ પણ ઝીરો ગણાય છે. સાવ નકામો લેખાય છે.

તેમ માનવનાં આંખ અને હાથ સાફ હોવા સાથે ત્રીજા નંબરમાં તેનું પેટ પણ સાફ હોવું જોઈએ. નાટસ અને જીરમ નામના બે દોષો હીરાને બરબાદ કરી નાખે છે, તેમ શરાબ અને માંસાહાર નામના બે દોષો માનવનાં પેટને દુષિત કરી નાખે છે. ઓલા નાટસ અને જીરમ કરતાંય ખતરનાક ગણાતા આ બે દોષો છે.

માણસ આજે શેતાન બન્યો છે. તે પાણી પીવાને બદલે દારૂ ઢીંચવા મંડ્યો છે. શાકાહારને બદલે માંસાહારમાં લોલુપ બન્યો છે. આખી જીંદગીને પાયમાલ કરી નાખનાર અને પેટને બરબાદ કરી નાખનારા આ બે દોષો છે.

આજે જમાનો વકર્યો છે, વંઠ્યો છે. સારા કુળમાં જન્મેલાઓએ પણ આ બે



પાપથી પોતાના પેટને અભડાવી માર્યું છે.

કોક મંદિરનાં ઓટલે જો શરાબની બાટલીઓ ઢોળી દીધી હોય અને માંસના લબરકા વેર્યા હોય તો ત્યાં શું ધ્યાન કરવા બેસી શકાય ખરૂ ? ત્યાં ઊભા રહેવાની ઇચ્છા પણ થાય ખરી ?

રે ! મંદિરના ઓટલે ઢોળેલો શરાબ અને વેરેલા માંસના ટુકડા આટલી દુર્ગંધ પેદા કરાવે તો જે માણસો આ બે ચીજોને પોતાના પેટમાં પેક કરીને રાખતા હોય તેની પાસે ઊભા રહેવાનું પણ મન થાય ખરૂ ?

સારામાં સારા માનવભવને ખરાબ કરી નાખવાનું કામ આ શરાબ કરે છે. બીજા વ્યસનો કરતાં આ વ્યસન વધુ સુંવાળું છે. લપસી પડતાં વાર લાગતી નથી. તમારો મિત્ર જો શરાબ પીતો હોય તો વહેલી તકે તેની મિત્રતામાંથી તમે ફારગતિ લઈ લેશો.

વિ.સ. ૨૦૩૬ ની સાલમાં લાલબાગના ચાતુર્માસમાં મને એક યુવાન મળેલો. ખાનદાન ઘરનું ફરજંદ હતો, પણ એની જીવનનૈયા શરાબનાં ખરાબે ચડી ગઈ હતી, એનાં બા મારી પાસે વારંવાર ફરિયાદ કરતાં હતાં. દીકરાને સમજાવીને પાછો વાળવા આગ્રહ કરતાં હતા. ઘણા પ્રયત્નોનાં અંતે એ આલ્કોહ્લિક મને એકવાર મળ્યો.

મેં એની પાસે છોડવાની વાત કરતાં પૂર્વે પીવાની શરૂઆત કેવી રીતે કરી ? એ નિખાલસ ભાવે જણાવવા કહ્યું. એણે પણ મન મૂકીને દિલ ખોલ્યું. ને હતું તે કહી દીધું.

સાહેબ ! એ બધા મારા સ્કૂલ મિત્ર હતા. દર રવિવારે સાંજે અમે સહુ ચોપાટીએ ફરવા જતા હતા. પાંવભાજી જેવું કશુંક ખાઈને હરી ફરીને પાછા ફરતા હતા. એક દિવસે એ બધા મને બારમાં લઈ ગયા. શરમનો માર્યો હું અંદર ઘુસ્યો તો ખરો પણ મને આશ્ચર્ય થયું કે આ મિત્ર સર્કલ આજે અહીં કેમ આવ્યું હશે ? થોડી વારમાં તો શરાબની બોટલો અને ગ્લાસ લઈને વેઈટર હાજર થયો. હું ચોંકી ઊઠ્યો. મને ઝાટકો લાગી ગયો પણ કંપની તોડીને હું બહાર ન નીકળી શક્યો. એ લોકો તો સહજ ભાવે જ બધી બોટલો ખોલવા લાગ્યા. પેગ ભરવા લાગ્યા. એક પેગ તેમણે મારા માટે પણ તૈયાર કર્યો. અંદર થોડી સોડા ભેળવી અને મને પીવા આગ્રહ કર્યો. મેં સાફ ના પાડી. પણ તેમણે મને સમજાવ્યો,મનાવ્યો, 'દોસ્ત! લઈ લે કશું નહિ થાય ! કોઈને ખબર નહિ પડે. આ તો માત્ર સીંગલ પેગ છે. ગભરાવા જેવું કંઈ નથી. ગુરુજી આ તત્ત્વજ્ઞાન આગળ હું ઝૂકી ગયો અને જીંદગીનો પ્રથમ પેગ મેં ચોપાટીના બારમાં બેઠા બેઠા પીધો.'



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

એક ઘુંટ પેટમાં પડતાં સાથે જ જાણે હું હવામાં ઊડવા લાગ્યો હોઉં એવી જોરદાર કીક મારા આખા શરીરમાં લાગી ગઈ. હું મદહોશ બનીને ઝુમવા લાગ્યો. મેં મારી જીંદગીમાં પ્રથમ વખત જ આવો કોઈ આનંદ અનુભવ્યો. ઘરે જઈને ચૂપચાપ સૂઈ ગયો. પણ મારી આંખો અને લથડિયાં ખાતી ચાલ જોઈને મમ્મી સમજી ગઈ કે માનો યા ન માનો પણ કંઈક ગરબડ છે. એણે ઘણાં સવાલો પૂછ્યા પણ લાંબી ઝંઝટમાં ઉતર્યા વગર હું બેડરૂમમાં જઈને ઘસઘસાટ સૂઈ ગયો. બીજા દિવસનાં સવારથી જ પેલી ચીજ મને સતત યાદ આવી રહી હતી. ક્યારે Sunday આવે, ક્યારે મિત્રો મળે, ક્યારે બારમાં પહોંચી જાઉં. સ્વપ્નો જોતાં જોતાં Sunday આવી ગયો. અને પ્રથમ વખત પીતી વખતે ના-ના કરનારા અને પીધાં પછી નાલાયક બની ચૂકેલા આ જીવે બધા મિત્રોને ફોન કર્યા. ચોપાટીએ ભેગાં કર્યા અને પેલાં બારમાં સહુ પહોંચી ગયા. આજે મારા તરફથી બધાને પાર્ટી આપવાની હતી. વધુમાં મારે એક પેગ આગળ વધવું હતું. થોડી વધારે મજા કરવી હતી. એક પેગ, બીજો પેગ, ત્રીજો પેગ, ચોથો પેગ. ગુરુજી ! શું કરું ? તે Second Sunday ની સંધ્યાએ હું કુલ સાત પેગ ગટગટાવી ગયો. બસ ! તે પછી આજ સુધીમાં કેટલાં પેગ પીધાં તેનો હિસાબ-કિતાબ મારી પાસે નથી.

આ યુવાનની કર્મકહાણી સાંભળ્યા પછી તમને નથી લાગતું કે આ લપસણું પગથિયું છે. શરદીની દવાને નામે, સ્ફૂર્તિને નામે આ હરામ ચસકો કરવા જેવો નથી. આ મોતનો કુવો છે. તે યુવાનને તો પછી મેં ઘણો સમજાવ્યો. ધીમે ધીમે કરીને સદંતર પીતો બંધ કર્યો અને તે ઊગતો યુવાન બચી ગયો.

મેં આ શરાબની વાત તમે પીનારાં છો તેમ સમજીને નથી કરી પણ ક્યારેય પીવા જાવ નહીં તે માટે શરૂ કરી છે.

મારે તમારા જીવનમાં પાણી પહેલા પાળ બાંધવી છે. પીવા જાઓ તે પહેલા જ પાછા વાળવા છે. એકવાર શરાબનાં Reaction બરાબર સમજીએ તો ક્યારેય બારનું પગથિયું નહીં ચડો. હજુ તો તમારી ખીલતી યુવાની છે. ચડતું લોહી છે. આગળ ઘણાં કામ કરવાનાં છે. જીંદગીને શરાબના તળાવમાં ઝબોળવાની નથી. પેટને પાયમાલ કરવાનું નથી. કુટુંબને તારાજ કરવાનું નથી.

એક ભાઈ મુંબઈ ફોર્ટમાં રહેતાં હતાં. પાકા આલ્કોહોલિક હતાં. પત્ની ખૂબ જ ધર્મિષ્ઠ હતી. તેને વર્ષી તપ ચાલતો હતો. ચઉવિહાર ઉપવાસ હતો. રાત્રે બાર વાગે પેલો પીને ઘેર આવ્યો. થેલીમાં બીજી બે બોટલો લેતો આવેલો. તેણે મધરાતે પત્નીને કહ્યું કે, આ એક બોટલ તું પી જા ! એક હું પી જાઉં.' પત્નીએ કહ્યું કે 'આવા ખોટા લવારા શું કરો છો ! સૂઈ જાવ છાનામાના ! ચાલુ વર્ષીતપે ઉપવાસમાં તો કાંઈ દારૂ પીવાતો હશે ?' પત્નીની વાત પતિને ગળે ઊતરે તેમ



ન હતી, કેમ કે તે તો બિચારો નશામાં ચકચૂર હતો. તે ઊભો થયો. બાટલી હાથમાં લીધી અને પત્નીના મોંમાં રેડવા દોડ્યો. કુશળ પત્ની સમજી ગઈ કે આજે આ ઉપવાસ તોડાવી નાંખશે. તેણે બાટલી ઝૂંટવી લીધી. બાથરૂમની દિવાલ સાથે ભટકાડીને ફોડી નાંખી. શરાબને ગટરમાં વહેતો કરી દીધો. પણ આ પ્રવૃત્તિનું પરિણામ ખતરનાક આવ્યું. પેલો શરાબી ઓર ગિન્નાયો ઘાસલેટનો ડબ્બો ઊઠાવી ઘાસલેટ પત્ની પર છાંટી દીધું અને લાઈટર લગાવી દીધું. પત્નીએ બૂમાબૂમ કરી મુકી. આખો માળો ભેગો થઈ ગયો. ગમે તેમ કરીને આગ બુઝાવી નાંખી. એમ્બ્યુલન્સ બોલાવી અને સળગેલી શ્રાવિકાને હરકિશન હોસ્પિટલમાં Admit (એડમિટ) કરવામાં આવી. અર્ધદગ્ધ દેહવાળી તપસ્વી શ્રાવિકા હોસ્પિટલનાં ખાટલે સાત દિવસ સુધી રિબાઈ અને આઠમે દિવસે તે મૃત્યુને વરી.

આ શરાબે કેવા હાહાકાર મચાવ્યા છે. તેમાં એક નહીં પણ એક હજાર દાખલાં હું તમારી સમક્ષ મૂકી શકું તેમ છું. હજુ એક વધુ દૃષ્ટાંત તમારી આ મુંબઈ નગરીનું જ રજુ કરું.

વાલકેશ્વરનાં એક એપાર્ટમેન્ટમાં એક યુવાનનું એકાએક મૃત્યુ થયેલું. Marriage (મેરેજ) થયાને બે-ચાર વર્ષ જ થયેલા. બે બાળકો અને પત્નીને મૂકીને તેણે વિદાય લીધેલી. તેનાં મૃત્યુનો ભેદ પાછળથી મને સાંભળવા મળેલો. તે ખૂબ પીતો અને કોઈકને ગાંઠતો જ ન હતો. મનફાવે તેમ પૈસા ઊડાવતો હતો. તેની સગી માતા અને પત્નીએ મળીને તેને પીધેલી હાલતમાં જ પતાવી નાંખ્યો હતો.

આવા પ્રસંગો સાંભળીને અમારાં તો કાળજા કંપી ઊઠે છે. રાતની ઊંઘ હરામ થઈ જાય છે. ક્યાં જઈ રહી છે આજની આ યુવા પેઢી ? આમ શરાબ ઢીંચી ઢીંચીને જ શું બરબાદ થઈ જવાનું છે ? શું આમ અકાળે જ મોતને શરણ થવાનું છે ?

કેટલું બેફામ રીતે આજે શરાબપાન વધી રહ્યું છે ! ગાંધીનાં આ દેશમાં નશાબંધી સાવ (Fail) ગઈ છે. છાપાવાળાં લખે છે કે ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરમાં શરાબ ચિક્કાર પીવાય છે. દારૂ ગાળવાની અનેક ભઠ્ઠીઓ ત્યાં ખુલ્લેઆમ ચાલે છે. આજના આ વિશ્વમાં દિવસ પુરો થાય તે પહેલાં માણસોએ કુલ અઢી કરોડ બોટલો પૂરી કરી નાંખી હોય છે. નાતાલ જેવા દિવસોમાં રોજની અંદાજે ચાર કરોડ બોટલો માણસો પેટમાં પધરાવી દેતા હોય છે. દર મહિને વિદેશી દારૂની કુલ અઢાર કરોડ બોટલો ઈન્ડિયામાં દાખલ થાય છે. તેમાંથી ચૌદ લાખ બાટલીઓ તો એકલા આ મુંબઈવાળા ગટગટાવી જાય છે. આ મુંબઈમાં પાણીનો નહીં પણ શરાબનો દરિયો હોય તેમ મને લાગે છે. દર મહિને ચૌદ લાખ બોટલો એટલે કેટલો શરાબ થયો ! એ બધો પી જવાનું કામ માત્ર મુંબઈના માણસો જ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

કરે છે. જોગેશ્વરીના તબેલામાં બાંધેલી કોઈ ભેંસે ક્યારેય શરાબની બોટલ પીધી હોય તેવું સાંભળ્યું નથી.

ગિનેસબૂકમાં નામ આવી જાય તેવી એક મોટી શરાબની બોટલ Foreign માં બની છે. તે બોટલ છ ફુટ ઊંચી અને પોણા પાંચ ફુટ પહોળી છે. જેમાં કુલ ૧૮૫ લિટર શરાબ ભરી શકાય છે. આ દુનિયા આજે આવા વિક્રમો તોડવામાં માને છે.

સિકંદરનો વિક્રમ નોંધાયો છે કે ૩૨ વર્ષની ઉંમરે તેણે બધા દેશ જીતી લીધેલા. આજના યુવાનો માટે આવી કોઈ વાત (વિક્રમસર્જક) કહેવી હોય તો કહેવું પડે કે બત્રીસ વર્ષની ઉંમરે તેણે વ્હીસ્કી, બીયર, રમ, બ્રાન્ડી, જીન, શેમ્પેઈન, વોડકો આદિ તમામ પ્રકારની બાટલીઓ પી લીધી હતી. દરેક પરિક્ષામાં તેણે ચોરીઓ કરીને “ચાર્લ્સ શોભરાજ ગોલ્ડ મેડલ” મેળવ્યો હતો.

અહીં મલાડમાં બાર ઘણાં ચાલે છે. ગુજરાતીઓ પણ સારા પ્રમાણમાં એ બારમાં જાય છે. ઘણાં Husbunds (હસબન્ડ) પોતાની Wife (વાઈફ) ને પણ સાથે લેતાં જાય છે. દેશમાંથી પરણીને આવેલી તે ધર્મપત્ની આ કર્મ કરવામાં કંપની આપવાના બહાના હેઠળ બારમાં જાય છે. પહેલાં પતિને પીતા જુએ છે અને પછી પોતે પીતા શીખે છે. ઘણી પત્નીઓ આજે શરાબ પીવા લાગી છે. એટલું જ નહીં પોતાનાં સંતાનોને પણ પીવડાવવા લાગી છે. ‘લે બેટા ! થોડો પી ! શરમાઈશ નહીં. આ તો મુંબઈ છે ! અહીં તો પીવાય ! થોડો Modern થા. તારા મમ્મી પપ્પા પીવે છે પછી તને શું વાંધો છે ? આ તો સારી ચીજ છે ! શરીરમાં જરા તાકાત રહે ! સ્ફૂર્તિ રહે ! પી બેટા પી !’ આવું તત્ત્વજ્ઞાન બતાડનારીને મા કહેવી કે ડાકણ ?

અમદાવાદની એક સ્કૂલમાં સીગરેટના નુકશાનો સમજાવીને Teacher એ પૂછ્યું, “આ ક્લાસનો જે વિદ્યાર્થી સીગરેટ પીતો હોય તે આંગળી ઊંચી કરે. બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી એક પણ આંગળી ઊંચી થઈ નહીં. ત્યારે આગલી બેન્ચના એક વિદ્યાર્થીને પુછવામાં આવ્યું કે, તું સીગરેટ પીતો નથી ? તો પેલા Student એ નિર્દોષભાવે જવાબ આપ્યો, “ના સર ! હું તો ફક્ત શરાબ જ પીઉં છું.” શિક્ષક કંપી ઉઠ્યા તેમણે આખા ક્લાસ સામે સવાલ કર્યો, આમાંથી જે કોઈ શરાબ પીતા હોય તે ઊભા થાય. લગભગ અડધા ઉપરનો ક્લાસ ઊભો થઈ ગયો. દારૂડિયાં વિદ્યાર્થીઓના ગુરુ ચકિત થઈ ગયાં. તેમણે પુછ્યું “તમે શા માટે શરાબ પીઓ છો ?” ત્યારે એ બાળકોએ જણાવ્યું કે, ‘અમે પીતા નથી, અમને ભાવતો પણ નથી. પરંતુ અમારા મમ્મી, પપ્પા અમને પરાણે પીવડાવે છે.’

જ્યાં મા-બાપો જ સંતાનોની ઘોર ખોદવાનું કામ કરતાં હોય ત્યાં બીજાને



શું કહેવું ? આ મા-બાપોને કોણ સમજાવે કે આ બાળકોનાં પેટ અભડાવી મારવાનો તમને કોઈ અધિકાર નથી. દારૂડિયા બનવા માટે આ બાળકોએ તમારે ત્યાં જન્મ નથી લીધો. મા-બાપ બનીને સંતાનો સાથે આવો ખેલ ન કરી શકાય. યુવાનો ! જો તમે કોઈના બાપ બની ચૂક્યા હોય તો આવો ધંધો કરશો મા, તમારા પાપનો ચેપ તમારા સંતાનોને લગાડશો નહીં.

તમે જો પરણી ચૂક્યા હો તો તમે ક્યારેય બારમાં જશો નહીં, તમારી પરણેતરને ક્યારેય બારમાં લઈ જવાની મૂર્ખાઈ કરશો નહીં. બારમાં તો તે તમારી સાથે પીશે. પછી ફ્લેટમાં ઘાટીઓ પાસે બોટલો મંગાવીને પીશે, પાર્ટીઓમાં સામેથી માંગીને પીશે. ભયંકર આદતો તેનાં જીવનમાં એવી ઘર કરી જશે કે તમારે ઘર બચાવવું મુશ્કેલ પડશે.

પેટની દીવાલોમાં જે સ્ક્રીન છે તે એકદમ મુલાયમ છે. ટર્કીશ ટુવાલની જેમ ચારે તરફ સ્ક્રીન પર રેસાઓ ફૂટેલાં હોય છે. શરાબ પેટમાં જતાંની સાથે જ પેલાં રેસાઓ તુરત જ તેને ચૂસવાનું કામ શરૂ કરે છે. એ રેસાઓ દ્વારા ચૂસાયેલો આલ્કોહોલ તુરત જ લોહીમાં ભળી જાય છે, દારૂ પીધા પછી Blood Check-up (બ્લડ ચેકઅપ) કરવામાં આવે. તો તેમાંથી અવશ્ય આલ્કોહોલ મળી આવે, લોહીમાં શરાબ ભળી ગયા બાદ જે શરાબ વધે તે નાનાં આંતરડામાં ઠલવાય છે, ત્યાં પણ રેસાઓ દ્વારા લોહીમાં ભળવાની પ્રક્રિયા ચાલુ જ રહે છે. જો શરાબ થોડા પ્રમાણમાં પીધો હોય તો એ નાના આંતરડા સુધી જ પહોંચે છે. મોટા આંતરડાને તો એક ટીપું પણ ચાખવા મળતું નથી. મોટા આંતરડામાં આવે તે પહેલાં જ લોહીમાં ચાલી જાય છે.

ઈંગ્લેન્ડનો રાજા એડવર્ડ ગાદી છોડતાં પહેલાં ઊંધું ઘાલીને ઢીંચવા માંડ્યો હતો, તેણે શરાબ એટલાં ભયજનક પ્રમાણમાં પીધેલો કે તેને મરતો બચાવી લેવા માટે પંપ ગોઠવીને પ્લાસ્ટિકનાં પાઈપ વડે પીધેલો શરાબ પેટમાંથી બહાર ખેંચી કાઢવો પડ્યો હતો.

એક કોલેજનાં પ્રોફેસર વીસ કોલેજીયન યુવાનોને લઈને એક રક્તદાન શિબિરનાં કેમ્પ પર ગયેલાં. નર્સે સહુના લોહી ચેક કર્યા પછી માત્ર પ્રોફેસરનું જ Blood તેણે સીરીંજમાં લીધું. યુવાનોનું Blood માં આલ્કોહોલ છે, અને સાત જણાંનાં લોહીમાં જાતીયરોગનાં કીટાણુઓ છે.’

આવા કિસ્સાઓ જાણ્યા બાદ કહેવાનું મન થાય છે કે, આજનાં ઘણાં યુવાનો પોતાના Blood માં આલ્કોહોલ લઈને ફરી રહ્યા છે જે આલ્કોહોલ ચામડાંના જૂતાં પર નાંખવામાં આવ્યો હોય તે જૂતા પણ કહોવાઈ જાય. આવો જલદ આલ્કોહોલ પેટમાં, આંતરડામાં ગયા બાદ અને લોહીમાં ભળ્યા બાદ શું નુકશાન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

નહીં કરતો હોય તે એક સવાલ છે. પણ અફસોસ ! પીનારા એમ જ માનતા હોય છે કે તેમની હોજરી સ્ટેનલેસ સ્ટીલની બનેલી છે અને આંતરડા P.V.C. પાઈપના બનેલા છે. શરાબ પીવાય છે ત્યારે પેટમાં ઈન્સ્યુલીન ઝરવા માંડે છે. તેમાં ઝરવાનું પ્રમાણ વધી જતા હોજરીમાં રોકડાં રૂપિયા જેવા ચાંદા પડે છે. નર્વસ સિસ્ટમ પર ભયંકર અસર પડે છે ઘણા લોકો ''પીધા પછી અમને કશી અસર થતી નથી.'' એવા ફાંકા રાખીને મોટર ચલાવતા Accident (એક્સિડન્ટ)ના ભોગ બને છે. વિહારમાર્ગોમાં અમારી સાઈડ પરથી પસાર થતી ટ્રકોની કેબીનો મોટે ભાગે શરાબની વાસથી ગંધાતી હોય છે.

પરદેશમાં આજે પીવાનું પ્રમાણ વધી ગયું છે. અમેરિકાથી પ્રસિદ્ધ થતા "U.S. News & World Report" નામના મેગેઝીનમાં લખ્યું છે કે અમેરિકામાં વરસે દહાડે જેટલા Murder, Accidents, Rape, Suicide ના પ્રસંગો બને છે તેમાંથી અડધોઅડધ તો માત્ર શરાબને કારણે જ બને છે. દુનિયાના તમામ હાહાકારનો અડધોઅડધ યશ માત્ર શરાબની બોટલને ફાળે જાય છે. બાકીના અડધા હાહાકારનો યશ જુગાર, વેશ્યાગમન, ચોરી બધાંની ભાગીદારીમાં હોય છે.

અમેરિકામાં ટી.વી. પર બીયરની જાહેર ખબર આપતી ફિલ્મો દર્શાવાય છે. બાળક અઢાર વર્ષનું થાય ત્યાં સુધીમાં તેની આંખ નીચેથી કુલ એક લાખ ફિલ્મો પસાર થઈ હોય છે. આ ગંદવાડો જોયા બાદ તેનાં પરિણામો પણ બહુ ખરાબ આવ્યા છે. ત્યાંનો યુવાવર્ગ લગભગ આલ્કોહોલિક બની ગયો છે. ત્યાં દર ત્રણ યુવાને તમને બે પીનારા મળી રહેશે.

આ શરાબીઓને તેમની લત છોડાવવા માટે 'આલ્કોહોલિક એનીમીસ' નામની સંસ્થા વર્ષોથી ત્યાં ચાલી રહી છે. જેના કુલ વીસ લાખ માણસો વ્યસન મુક્તિ માટે પ્રયત્ન કરી રહ્યા છે. જેની એક બ્રાંચ ભારતમાં પણ છે.

ફ્રાંસમાં તો લોકો પાણીની જેમ દારૂ પીવે છે. પેરિસમાં પચ્ચીસ-પચ્ચીસ ફૂટની Underground (અન્ડરગ્રાઉન્ડ) ટાંકીઓમાં શરાબ ભરીને રાખી મુકવામાં આવે છે. આજે ત્યાં સો વર્ષ જુના શરાબના માટલાં જમીનમાંથી મળી આવે છે. આવા જુના શરાબની એક બોટલની કિંમત રૂા. ૮૫,૦૦૦ ઉપર થાય છે. શરીરનાં ધૂમાડા કાઢી નાંખનારી આવી બાટલીઓ પીનારા ત્યાં પડ્યા છે.

ફોરેનમાં કોઈપણ ચીજ પહેલા માર્કેટમાં આવી જાય છે. થોડા દિવસ સુધી એનું ધૂમ વેચાણ ચાલે છે. પછી જ્યારે રીએક્શન દેખાય ત્યારે તે ચીજોને લેબોરેટરીમાં લઈ જવાય છે. ચેકીંગ થયા બાદ તેના પર પ્રતિબંધ મૂકાય છે. વિરોધ કરનાર મંડળો સ્થપાય છે. વિરોધની સભાઓ યોજાય. આ બધો ચેકીંગ રાઉંડ પૂરો થાય



તે દરમ્યાન પેલું દૂષણ આરામથી ભારતમાં ઘુસી ગયું હોય છે. જ્યારે ત્યાં વિરોધ ચાલુ થાય ત્યારે તે જ ચીજોનો ભારતમાં ધૂમ પ્રચાર ચાલુ થઈ ગયો હોય છે.

આજે મુંબઈમાં સારામાં સારી ઓફીસમાં ખુલ્લેઆમ શરાબ પીવાય છે. શરાબ એ જાણે એક સ્વાગતનું પીણું બની ગયું છે. એમાં માણસો સ્ટેટસ સમજે છે. તમે આવી કોઈ ઓફીસમાં ભૂલા પડ્યા હોય અને શરાબની ઓફર કરે તો જરાય ખચકાટ રાખ્યા વિના ઘસીને ના પાડી દેજો. ત્યારે શરમની પૂંછડી ન બનતા.

## શરાબનાં પુણ્ય પ્રભાવે (!)

૧ B.P. હાઈપરટેન્શન, એટેક, એનેમીયા આદિ રોગો ઉત્પન્ન થાય.
૨ બ્લડમાં રેડ અને વ્હાઈટ સેલનું પ્રમાણ ઘટી જવાથી ભારે રોગોની સંભાવના રહે.
૩ હોજરીનો સ્ટેમીના ખલાસ થઈ જવાથી પાચનતંત્ર સદા માટે ખલાસ થઈ જાય.
૪ આલ્કોહોલના કારણે નપુંસકતા આવી જાય. માણસ પુરુષાતનથી, સદા માટે ભ્રષ્ટ થાય.
૫ લીવર, પેટ, આંતરડા, અન્નનળી અને સ્તનમાં કેન્સરની પધરામણી.
૬ શરીર જડ થઈ જવાથી આંખની પાંપણો આદિ સ્થિર થઈ જાય છે.
૭ જ્યારે ઉપરોક્ત નુકશાનોનું બ્રહ્મજ્ઞાન પેદા થાય ત્યારે 'ડાયસલ્ફીરમ' કે એસોશલ બ્રાન્ડની ટેબ્લેટોનું શરણ સ્વીકારીને જીવવા પ્રયત્ન કરવો પડે છે. પણ તે વાત યમને મંજુર હોતી નથી.

### તમારા બ્લડને પી જતી જળોના નામો

૧ વ્હીસ્કી, ૨ રમ, ૩ જીન, ૪ બીયર, ૫ શેમ્પેઈન, ૬ વાઈન, ૭ બોરબોન, ૮ બ્રાન્ડી, ૯ ખજુરાહો, ૧૦ હેવડંસ, ૧૧ લંડન પિલ્સનર, ૧૨ સ્કોચ, ૧૩ ટેકીલા, ૧૪ વોડાકા, ૧૫ રોયલ સેલ્યુટ, ૧૬ થોમસ હાર્ડી.


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૪૫) દર્શનનાં ફળ અને દર્શનની રીત

પરમાત્માનાં દર્શન આપણે રોજ કરીએ છીએ. શું એથી નવનવી પ્રેરણા અને ચડિયાતો આત્મવિકાસ કરીએ છીએ ખરા ? જો કરતા હોત તો દિનપ્રતિદિન આપણને અરિહંત દેવનું આકર્ષણ અને મમત્વ વધતું જતું હોત. માતા પુત્રને જન્મ આપ્યા પછી જેમ જેમ એનાં દર્શન કરે છે, તેમ તેમ એની મમતા વધતી જાય છે. માટે તો કદાચ વરસ દહાડે બાળક ગુજરી જાય તો જે શોક થાય છે એના કરતાં બે વરસે ગુજરે એમાં વધારે અને એના કરતાં પાંચ વરસનું થઈને ગુજરી જાય એમાં વધારે આઘાત અને શોક થાય છે. વીતરાગનાં દર્શન કર્યે જતાં મમતા ન વધે એ બતાવે છે કે દર્શનની રીતમાં - દર્શનના ઢંગમાં ખામી છે.

જે કષાયો અને દોષોનો એમણે સર્વનાશ કર્યો હોવાને લીધે તો જેમને આપણે માનીએ પૂજીએ છીએ, એ વીતરાગ પરમાત્માનું દર્શન કર્યે જવા છતાં ક્રોધ-લોભ મદ-માન માયાદિ કષાયો તરફ જો ધૃણા ન થાય, એ કર્યાની શરમ ન લાગે, કરતાં કોઈ સંકોચ, ભય કે સંતાપ ન રહે, એનાથી અંશે પણ પાછું ફરવાનું ન થાય તો એ દર્શને આપણને શું આપ્યું ? દર્શન કેવા ઢંગથી થયા ?

વળી વીતરાગ પરમાત્માએ જડનાં મહત્ત્વ હટાવી આત્માને મહત્ત્વ આપવાનું કર્યું, આત્મસમૃદ્ધિ-આત્મતેજ-આત્મગુણો ને આત્મધર્મનું જ જીવન બનાવ્યું. અને જગતને પણ એ જ શિખવાડ્યું માટે તો એ આપણા ઈષ્ટદેવ બન્યા છે, અને એક આદર્શ તરીકે એમનાં રોજ ને રોજ દર્શન કરીએ છીએ; તો હવે એ દર્શનની સંખ્યા વધતી જાય છતાં આપણું જડને મહત્ત્વ આપવાનું એનું એ જ રાખીએ, અરે ! એમ કરવામાં કોઈ સંકોચ કરવાનું કે શરમાવાનું ન કરીએ કે 'આ હું કેવા દેવાધિદેવનાં દર્શન કરનારો ને આ શું કરી રહ્યો છું ?' વળી આત્માને મહત્ત્વ જ ન આપીએ, આત્મસમૃદ્ધિ-ધર્મ વગેરે તરફ કાંઈ જ આકર્ષણ ઊભું ન કરીએ પછી એના પ્રયત્નની તો વાતે ય શી ? તો વીતરાગનાં એ દર્શન કેવાં ? કેવી રીતે થઈ રહ્યા છે ?

વીતરાગ દર્શનનાં તો એવા કેટલાંય ઉત્તમ ફળ વિચારી શકાય પણ સારાંશ (૧) વીતરાગ ભગવાન પ્રત્યે સગી માતા કે પત્ની યા પતિ કરતાં ય કેટલુંય ઊંચું મમત્વ વધે, એ મમત્વ પાછું જીવનમાં સક્રિય બની એમના પ્રત્યે જગતની પ્રત્યે હોય કરતાં કેટલોય ઊંચો વ્યવહાર કરાવે, વળી (૨) ક્રોધાદિ કષાયો અને હાસ્ય-



હિંસાદિ દોષો પ્રત્યે ભય અને ધૃણા વધતી જઈ એના પર કાપ મુકાવે. તેમજ (૩) પ્રભુને મહત્ત્વ વધુ આપી જડને મહત્ત્વ આપવાનું ઓછું કરાય. એમ, (૪) દુઃખ-આપત્તિના પ્રસંગે દિલને પ્રભુની અનેરી હુંફ અનેરૂં આશ્વાસન મળે.

વીતરાગ પ્રભુનાં દર્શનના આ લાભો અગર નથી પામતા આવડતું તો દર્શનના ઢંગ બદલવા જોઈએ. તે આ રીતે,-

(૧) પ્રભુનાં દર્શન કરવા જઈએ ત્યારે માથા પરના દુન્યવી ભાર, ભૌતિક આકર્ષણ અને આહારાદિ સંજ્ઞાઓની સતામણી અટકાવીને જઈએ. કમમાં કમ દર્શન-કાળ પૂરતું તો આ થવું જ જોઈએ. બહારના ભાર અને ખેંચાણ ઓછા કર્યા વિના જિનદર્શનમાં આત્મા શી રીતે ઓતપ્રોત થવાનો ? તે નહિ, તો એમાંથી પ્રેરણા શી રીતે મેળવશે ? દર્શન વખતે પણ જો આહાર-વિષય-પરિગ્રહ, ક્રોધ-લોભ, મદ-માયા કે લોક-હેરીની સંજ્ઞામાં ખેંચાયા રહેવું છે તો તે વિનાના વીતરાગ પ્રભુ સાથે અંતર ક્યાંથી ભળવાનું ? માટે એની અટકાયત જોઈએ.

(૨) દર્શનમાં અત્યન્ત ઉપાદેય બુદ્ધિ સાથે દર્શન કરાવાં જોઈએ. તત્કાળ પેલી સંજ્ઞા પર અંકુશ તો મૂક્યો હોય, પરંતુ એક સામાન્ય માણસને મળવાની જેમ પ્રભુને મળાતું હોય તો પણ દર્શનથી ઉપર કહેલ લાભ ખેંચવાનું નહિ થાય. એ તો મનને એમ લાગવું જોઈએ કે 'અહો ! પાપભર્યા અને મોહમૂઢ આ જીવનમાં વીતરાગ પ્રભુનું દર્શન અત્યન્ત ઉપાદેય છે, અતિશય જરૂરી હિત-કર્તવ્ય છે.' આ તીવ્ર ઉપાદેય બુદ્ધિ થાય તો જ પછી દર્શનમાં જીવ ઓતપ્રોત થાય. કોઈ મોટા માણસને મળવાનું અત્યંત કર્તવ્ય સમજીને જો કરાય છે, તો એ મળતાં મન એમાં તન્મય થાય છે અને લભ્ય લાભ પ્રાપ્ત કરવાનું બને છે.

(૩) દર્શનમાં એક મહાન ખામી એ રહે છે કે પ્રભુની મૂર્તિમાં જ અટકી જવાય છે. ખરી રીતે વીતરાગની મૂર્તિનું દર્શન થતાં જ સાક્ષાત્ વિચરતા અરિહંત પ્રભુ જાણે સામે બેઠા છે એ ધ્યાનમાં લાવી એમનાં દર્શન કરવા જોઈએ ત્યાં સામે પાષાણ કે ધાતુને બદલે ગોરી ગુલાબી જીવંત કાયા દેખાય. એ દેખવાનું આંખ અર્ધ મીચેલી કરવાથી બને. આમ જો સાક્ષાત્ વિદ્યમાન જીવંત પ્રભુ જ નજર સામે રહે, તો એમના ગુણો, એમનું જીવન, એમના ઉપકાર વગેરે તરફ દૃષ્ટિ જાય. વળી મૂર્તિ-દર્શનની આડે કોઈ આવી ઊભું, તો પણ આપણાં ચિત્તને જરાય વિહવળતા કે સંકલેશ નહિ થાય; અને હૃદય પ્રભુની સાથે વાત કરતું બની શકે.

સારાંશ, સાચા ઢંગથી પ્રભુનાં દર્શન કરી દર્શનના મહાન લાભ હાંસલ કરીએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૪૬) ઊંચી દેવગુરુ કૃપા એટલે શું ?

વિવેકી આસ્તિક માણસ સમજે છે કે ઉન્નતિમાં દેવાધિદેવ અને ગુરુની કૃપાનો મોટો ફાળો છે. આપણી હોશિયારી આપણી ધગશ અને આપણો પુરુષાર્થ અગર પુણ્ય અલબત ઉપયોગી છે, પરંતુ દેવ-ગુરુની કૃપા જબ્બર કામ કરે છે. એમની કૃપા જેટલી ઊંચી એટલા પ્રમાણમાં એ સાધનોથી ઉન્નતિ-ઉચ્ચ પ્રાપ્ત થાય. આત્મિક ઉન્નતિમાં પુરુષાર્થ અને ભૌતિક ઉન્નતિમાં પુણ્ય અગત્યનો ભાગ ભજવે છે. પણ એમાં દેવગુરુની કૃપાનો સહારો સારો હોય તો ઉન્નતિની કક્ષા ઊંચી બને છે.

ગણધર મહારાજને તીર્થંકર ભગવાન જે ત્રિપદી આપે છે, 'ભયવં ! કિં તત્તં ? ભગવન્ તત્ત્વ શું ?' એવા ગણધર મહારાજના પ્રશ્નમાં, પ્રભુ 'ઉપ્પન્ને ઈ વા, વિગમે ઈ વા, ધુવેઈ વા' અર્થાત્ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ધ્રુવ રહે છે.' એવો ત્રણ પદમાં ઉત્તર જે કરે છે, તે ત્યાં હાજર રહેલ પર્ષદા પણ સાંભળે છે. કિન્તુ એના પર દ્વાદશાંગી મહાશાસ્ત્રોની રચના તો ગણધરો જ કરી શકે છે. અલબત એમાં એમની ધગશ હોશિયારી અને પુરુષાર્થ જોરદાર કામ કરે છે, પરંતુ એ સમજે છે કે એમ થવામાં મુખ્ય ઉત્કટ ફાળો એ પરમ ગુરુ દેવાધિદેવની કૃપાનો છે.

એમ ભૌતિક ઉન્નતિ તરીકે શ્રીપાળકુમારને કોઢ રોગ જવાનું બન્યું, રાજકન્યાઓ અને મોટાં સન્માન તથા અઢળક લક્ષ્મી, રાજ્ય, સેવાકારી રાજાઓ અને સમુદ્રપતનમાં સંરક્ષણ વગેરે મળ્યું એમાં પુણ્યનો જબરદસ્ત ફાળો છતાં એ સમજતાં કે આમાં મુખ્યરૂપે નવપદમય સિદ્ધચક્રની કૃપાનો જ ખરેખરો મહાન ફાળો છે. (સિદ્ધચક્ર એટલે સ્વરૂપ અને ફળની અપેક્ષાએ પ્રમાણસિદ્ધ દેવ-ગુર-ધર્મનું ચક્ર) આમ બીજાઓને પણ આત્મિક-ભૌતિક ઉન્નતિ દેવ-ગુરુની કૃપાથી ઉચ્ચ કોટિની પ્રાપ્ત થાય છે.

સવાલ એ છે કે જીવોને ઊંચી-નીચી ઉન્નતિ થવામાં કારણભૂત કૃપા વરસાવવામાં શું દેવગુરુ પક્ષપાત કરે છે ? કૃપા એક સરખી વરસતી હોય તો એક સરખો ઉદય ઉન્નતિ કેમ ન થાય ? તેમજ કૃપા ઊંચી વરસતી જ રહેતી હોય તો



આપની કૃપા જોઈએ. "મહેર કરજો" વગેરે માગવું કેમ પડે ? માગવાની પાછળ શો આશય છે ?

ઉત્તર એ છે કે દેવ વીતરાગ છે, અને ગુરુ મહા ત્યાગી-વિરાગી હોવા સાથે ઉચ્ચકોટિનાં મૈત્રીભાવ અને કરુણાભાવથી ભરેલા છે. એટલે એમને પક્ષપાત કરવાનો હોય નહિ, કરે નહિ. એમનો સર્વજીવો પ્રત્યે વીતરાગભાવ અને મૈત્રી-કરુણાભાવ એક સરખો છે. આપણા ચિત્તમાં એમનું આલંબન ધરીએ પછી ચાહ્ય તે એમની પૂજા, પ્રાર્થના, સ્તુતિ, જપ આદિ દ્વારા કે મહા ગુણિયલ મહા-પરાક્રમી યા મહા ઉપકારી તરીકે એમનું સ્મરણ બહુમાન-શ્રદ્ધા કરવા દ્વારા એ આલંબન એ એમની કૃપા આશીર્વાદ છે. કેમકે એનાથી અદ્‌ભુત અચિંત્ય કાર્ય સિદ્ધ થાય છે.

આમ દેવ-ગુરુને કોઈ પક્ષપાત નથી, પરંતુ આપણા દિલમાં એમનું જેટલું ઊંચું સ્થાન, ઊંચું બહુમાન, ઊંચી સમર્પિતતા, એટલી એમની ઊંચી કૃપા અને ઉચ્ચ આશીર્વાદ કહેવાય.

લૌકિક શાસ્ત્રમાં પ્રસંગ છે કે ગુરુ દ્રોણાચાર્યે એકલવ્ય ભીલને રાજકુમારો સાથે ભણાવવા ના પાડી ત્યારે ભીલે જંગલમાં ગુરુની મૂર્તિ કરી એમના પર અત્યન્ત શ્રદ્ધા-બહુમાન અને વંદનાદિ ભક્તિ સાથે બાણ વિદ્યાનો અભ્યાસ શરૂ કર્યો. એમાં એવો પારંગત થઈ ગયો કે પ્રસંગ આવતાં પેલા રાજકુમારો કરતાં બહુ ચઢિયાતી નિષ્ણાતતા બતાવી. ગુરુએ પૂછ્યું. 'ક્યાંથી શીખ્યો ?' 'આપણી પાસેથી. આપની મોટી કૃપા વરસી, કહીને ભીલે મૂર્તિ બતાવી હકીક્ત કહી.'

આ સૂચવે છે કે દેવ અને ગુરુને આપણા દિલમાં જેટલું ઊંચું સ્થાન ઊંચી શ્રદ્ધા બહુમાન અને ભક્તિ કરાય તથા સર્વોત્કૃષ્ટ ઉપકારી તરીકે ઊંચો કૃતજ્ઞભાવ ધરાય, એટલી એમની ઊંચી કૃપા અને આશીર્વાદ આપણા પર વરસ્યા ગણાય. એથી ઉચ્ચ કાર્યસિદ્ધ થાય. પર્ષદામાં ગણધરોમાં આ વિશેષતા હતી એટલે એમણે ત્રિપદી પરથી દ્વાદશાંગી રચી.

કૃપા માગીએ એમાં પણ આવું આપણું દિલ બનવાનું માગવાનું છે.


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

(સંજય વોરા લિખિત સમકાલીનમાંથી સાભાર ઉદ્ધૃત)

## (૪૭) દેવનારનું કતલખાનું દર વર્ષે રાષ્ટ્રની ૨૦૦ કરોડ રૂપિયાની સંપત્તિનો નાશ કરે છે અને એક લાખ લોકોને બેકાર બનાવે છે

સંજય વોરા

મુંબઈ, તા. ૩૦ : દેવનારના કતલખાનામાં વર્ષે ૧.૨ લાખ બળદ, ૮૦ હજાર ભેંસ અને ૨૫ લાખ ઘેટાંબકરાંની કતલ કરી ચાર કરોડની આવક ઊભી કરવા જતાં અને ૧૫૧૦ કર્મચારીઓને રોજી આપવા જતાં રાષ્ટ્રની આશરે ૨૦૦ કરોડ રૂપિયાની સંપત્તિનો કાયમી નાશ થાય છે અને ગામડાંના આશરે એક લાખ લોકો બેકાર થઈ જાય છે એનો ખ્યાલ કદાચ મુંબઈ સુધરાઈના સત્તાવાળાઓને નહીં હોય.

અન્ય ઉદ્યોગોની સરખામણીએ પશુઓમાં કરવામાં આવતું મૂડીરોકાણ અનેક રીતે નફાકારક હોય છે અને તેમાંથી જે રોજી મળે છે તે ગરીબ ખેડૂતોને આત્મનિર્ભર બનાવે છે. દેવનારમાં વર્ષે ૧.૨ લાખ બળદોની અને ૦.૮ લાખ ભેંસોની કતલ કરવામાં આવે છે. આ દરેક પ્રાણીની સરેરાશ કિંમત ૩,૦૦૦ રૂપિયા ગણીએ તો વર્ષે ૬૦ કરોડ રૂપિયાની રાષ્ટ્રીય સંપત્તિનો નાશ આ રીતે થઈ રહ્યો છે. આ જ રીતે એક બકરાની કિંમત ૫૦૦ રૂપિયા ગણીએ તો ૨૫ લાખ બકરાંના રૂપમાં બીજા ૧૨૫ કરોડ રૂપિયાની મૂડી નાશ પામી રહી છે. રાષ્ટ્રીય સંપત્તિનો આ ઝડપે ગૌરવ અનુભવી રહી છે.

પશુધનના આ અવિચારી સંહારને કારણે ગામડાંઓ ભાંગી રહ્યા છે અને બેકારીના ખપ્પરમાં હોમાતા લાખો લોકો શહેરમાં ખડકાઈ રહ્યાં છે. દેવનારનું કતલખાનું કુલ ૧૫૧૦ માણસોને રોજી આપે છે, પણ તેના કારણે ગામડાંના એક લાખ માણસોની રોજી દર વર્ષે ઝૂંટવાઈ જાય છે. બે બળદની જોડી એક માણસને દસેક વર્ષ માટે રોજી આપી શકે. દેવનારમાં કપાતા ૧.૨ લાખ બળદોને કારણે ૬૦ હજાર માણસો બેકાર બને છે. આ જ રીતે પાંચ ભેંસ અને ૧૦૦ ઘેટાંબકરાં અક્કેક માણસને રોજી આપી શકે. જો ૨૫ લાખ ઘેટાંબકરાં અને ૮૦,૦૦૦ ભેંસની કતલ બંધ થાય તો બીજા ૪૦ હજાર માણસો બેકાર બનતા અટકી જાય. એક લાખ



લોકોને બેકાર બનાવ્યા પછી પણ વર્ષે ૨.૩૨ કરોડની ખોટ કરતું કતલખાનું અર્થતંત્રની કતલ કરી રહ્યું છે.

ખેતીપ્રધાન ભારત દેશના અર્થતંત્રમાં પશુઓ ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અત્યારે જે ગતિએ ઉપયોગી પશુઓની બેફામ કતલ થઈ રહી છે તેને રોકવામાં નહી આવે તો કરોડો ખેડૂતો અને પશુપાલકો બેકાર બનતાં ગામડાઓની કરોડરજ્જુ ભાંગી જશે. એક અંદાજ મુજબ ભારતના સમગ્ર પશુધનની બજારકિંમત આશરે ૪૦,૦૦૦ કરોડ રૂપિયા છે. આ પશુઓ વર્ષે ૪ કરોડ ટન દૂધ આપે છે અને વધુમાં એક અબજ ટન છાણ આપે છે. દેશના ૧૯.૪ કરોડ ગાયબળદ અને સાત કરોડ ભેંસ મળીને ૪ કરોડ હોર્સ પાવર જેટલી ઊર્જા પેદા કરે છે, જેનો ઉપયોગ ખેતીકામ માટે અને પરિવહન માટે કરવામાં આવે છે. આ દેશમાં કુલ જેટલી ઊર્જા વપરાય છે. તેમાં ૬૬ ટકા યોગદાન આ પશુઓનું હોય છે...આની સામે કોલસો અને પેટ્રોલિયમ જેવા પરંપરાગત સાધનોમાંથી માત્ર ૧૪ ટકા જ ઊર્જા પેદા થાય છે. પશુધનનું જો જતન કરવામાં આવે તો પેટ્રોલિયમ અને રાસાયણિક ખાતરો પાછળ વેડફાતું અબજો રૂપિયાનું હુંડિયામણ બચાવી શકાય. પશુઓના છાણમાંથી જે બળતણ મળે છે તેની કિંમત ૩.૫ કરોડ ટન કોલસા અથવા તો ૬.૮ કરોડ ટન લાકડાં બરાબર હોય છે. પશુઓનું છાણ દુર્લભ બનતાં બળતણ માટે જંગલો કપાય છે અને પર્યાવરણની કટોકટી પેદા થાય છે.

પશ્ચિમી પદ્ધતિના શોષક અર્થતંત્રને કારણે આ દેશનું પશુધન કફોડી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. મદ્રાસની સેન્ટ્રલ લેધર રિસર્ચ ઇન્સ્ટિટ્યુટે કરેલા એક સર્વે અનુસાર ભારતમાં દર હજાર માણસદીઠ પશુઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ૧૯૫૧ ની સાલમાં ભારતમાં દસ હજાર માણસોની વસતિદીઠ ૪૩૦ ગાયબળદ હતાં, જે ૧૯૮૨ ની સાલમાં ઘટીને ૨૭૮ થઈ ગયાં હતાં. આવી જ રીતે દર હજાર માણસદીઠ ભેંસની સંખ્યા ૧૨૦થી ઘટીને ૧૦૦ની થઈ ગઈ હતી. આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, કોલમ્બિયા, બ્રાઝિલ, નેપાળ, પાકિસ્તાન, વિયેટનામ અને થાઈલેન્ડમાં આ સંખ્યા આપણા કરતાં ઊંચી છે.

સરકારની અવળી નીતિઓને કારણે અને ઉદ્યોગીકરણ તથા દુષ્કાળ જેવાં પરિબળોની અસરથી પશુપાલનનું કાર્ય ખૂબ કપરું બની ગયું છે. વારંવાર પડતા દુકાળને કારણે માથે દેવું ચડી જતાં લોકો અતિ વહાલાં પશુઓ પાણીના ભાવે કસાઈઓને વેચી મારે છે. ખેતી હેઠળની અને કારખાનાંઓ માટેની જમીન વધતાં ચરિયાણો સંકોચાતાં જાય છે. અત્યારે દેશમાં ૧૩ કરોડ હેક્ટર જમીન પર જ કાયમી ચરિયાણો છે. આ કારણે ઘાસચારાના ભાવ આસમાને પહોંચ્યા છે અને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પશુઓનો નિભાવખર્ચ વધી ગયો છે. ખેતીવાડીનું આધુનિકીકરણ થવાને કારણે પણ પશુઓનું મહત્ત્વ ઘટ્યું છે. આટલું ઓછું હોય તેમ સરકારે પશુઆહારની નિકાસ કરવાની છૂટ આપી છે. ઘરનાં પશુઓ ઘંટી ચાટે છે ત્યારે ૧૯૮૩-૮૪ ની સાલમાં ૨૦૩.૬ કરોડ રૂપિયાના પશુઆહારની અને ૨૪.૪ કરોડ રૂપિયાના મોલેસીસની નિકાસ કરી હતી. મોટા ભાગનો પશુઆહાર દૂધનું વિપુલ ઉત્પાદન કરતાં યુરોપિયન ઈકોનોમિક કોમ્યુનિટી (ઈઈસી)ના દેશોમાં પગ કરી જાય છે અને તેની સામે આપણે દૂધના પાઉડરની અને બટર ઓઈલની આયાત કરીએ છીએ. જો આ પશુઆહારની નિકાસ બંધ કરીને આપણે ભૂખ્યાં ઢોરોને ખવરાવીએ તો દૂધની બનાવટોની જેટલી આયાત કરવી પડે છે તેનાથી બમણું ઉત્પાદન ઘરઆંગણે થાય એવો એક અંદાજ છે.

દેવનારના દરવાજાની બહાર છેલ્લાં સાત વર્ષથી સ્વ. વિનોબા ભાવેના આદેશથી ૮૪ વર્ષના શાંતિસૈનિક અચ્યુત દેશપાંડેની આગેવાની નીચે એક સૌમ્ય સત્યાગ્રહ ચાલી રહ્યો છે. સર્વોદયવાદી સત્યાગ્રહીઓ દરવાજાની બહાર છાવણી નાખીને પડ્યા છે અને કતલ માટે પ્રાણીઓને લઈને આવતી ટ્રકને તેઓ દરવાજામાં પ્રવેશતી અટકાવે છે. પોલીસ આ સત્યાગ્રહીઓની ધરપકડ કરે છે અને પોલીસ ચોકીએ લઈ જઈ તેમને છોડી દેવામાં આવે છે. આ ફિક્કો સત્યાગ્રહ અત્યારે હાસ્યાસ્પદ બની ગયો છે અને દેવનારની પ્રવૃત્તિઓ પર તેમની કોઈ અસર ઊપજતી નથી. હવે તો પોલીસે સત્યાગ્રહીઓની ધરપકડ પણ કરવી નથી પડતી. તેઓ જાતે ઊઠીને પોલીસની વાનમાં બેસી જાય છે.

દેવનારનું કતલખાનું રામનવમી, જન્માષ્ટમી, મહાવીર જન્મકલ્યાણક અને ગાંધીજયંતી જેવા તહેવારોને દિવસે બંધ રહે છે. પરંતુ એ દિવસે જેટલાં પશુ ઓછાં કપાય તેનું સાટું આગલા દિવસે વધુ કતલ કરી વાળી લેવામાં આવે છે. એટલે ધાર્મિક તહેવારો નિમિત્તે પ્રાણીઓની કતલ ઘટે છે એવી જીવદયાપ્રેમીઓની માન્યતા સદંતર ખોટી છે. ગાંધીજીની અહિંસાનો આ દેશને હવે ખપ રહ્યો નથી.

૧૯૮૪ ની સાલમાં ગુજરાત સરકારે એનિમલ પ્રિઝર્વેશન એક્ટમાં સુધારો કરી ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બળદની કતલ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ સુધારાને હાજી ઉસ્માનભાઈ હસનભાઈ કુરેશી નામના કસાઈએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો ગુજરાત સરકારની તરફેણમાં આપતાં જણાવ્યું હતું, ''અનેક વૈજ્ઞાનિક પાસાંઓને કારણે ગુજરાત રાજ્યમાં પશુઓનું આયુષ્ય વધ્યું છે. આ રીતે ૧૬ વર્ષ સુધીના બળદ પ્રજોત્પતિ અને ખેતીવાડી માટે ઉપયોગી ગણી શકાય. પ્રજાહિતમાં ઉપયોગી પશુઓની જાળવણી થવી જોઈએ



અને કસાઈઓને પોતાનો ધંધો કરવાની પણ છૂટ હોવી જોઈએ. આ બંને વચ્ચેની સમતુલા જાળવવા કતલ માટે ૧૬ વર્ષની મર્યાદા ઠરાવવાનું ગુજરાત સરકારનું પગલું વાજબી છે.'' સુપ્રીમ કોર્ટે ગુજરાતના પશુઓ વિશે જે અવલોકન કર્યું છે તે મહારાષ્ટ્રમાં પણ લાગુ પડે છે અને હકીકતમાં મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓએ મહારાષ્ટ્ર સરકારને પણ આ ચુકાદો ધ્યાનમાં લઈ પોતાના કાયદાને સુધારવાની ભલામણ કરી છે. કૃષિ ગોસેવા સંઘની માગણી તો ગાય ઉપરાંત ગોવંશની કતલ પર પ્રતિબંધ મૂકવાની છે, જેથી કોઈ છટકબારી રહી ન જાય.

**સંખ્યાબંધ સરકારી કાનૂનોના ભંગ સિવાય દેવનારનું કતલખાનું કામગીરી ચાલુ રાખી શકે તેમ નથી**

એક સમયે એક જ પ્રાણીની કતલ કરવાના નિયમને ચાતરીને કતલખાનાના મુખ્ય ઓરડામાં એકસાથે દસથી બાર પ્રાણીઓને પૂરવામાં આવે છે. આ ઓરડાની જમીન લોહી, છાણ અને મૂતરથી ખદબદતી હોય છે. ગળા પર છરી ફેરવતાં પહેલાં દરેક પ્રાણીના પગ દોરી વડે કચકચાવીને બાંધવામાં આવે છે. બચવા માટે તરફડિયા મારતાં પ્રાણીને ધક્કો મારીને ગબડાવવામાં આવે છે. બે માણસો તેનું માથું શિંગડા વડે મજબૂત રીતે પકડી રાખે છે અને કસાઈ પોતાની ધારદાર છરી તેના ગળા પર ફેરવી દે છે. આ દરમિયાન બીજા પ્રાણીઓ પોતાનો વારો આવવાની રાહ જોતાં આ દૃશ્ય જોઈ રહે છે. ભયના માર્યા તેમના ડોળા ફાટી જાય છે અને ઓરડામાંથી નાસી છૂટવાના તેઓ નિષ્ફળ પ્રયત્નો કરે છે.

૧૯૬૦ ના પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટની ૧૧ મી કલમની પેટાકલમો ૧ અને ૨ (ઈ) મુજબ કતલ વખતે જો પ્રાણીઓને બિનજરૂરી પીડા પહોંચાડવામાં આવે તો તે સજાપાત્ર ગુનો બને છે. દેવનારમાં કતલની જે પદ્ધતિ અપનાવવામાં આવી છે તેમાં મરણ પહેલાં દરેક પ્રાણી ઓછામાં ઓછી દસ મિનિટ સુધી ગોઝારી યાતનામાંથી પસાર થાય છે. એક વખત છરી ફેરવી કસાઈ પ્રાણીના ધમપછાડા શાંત થવાની રાહ જુએ છે. પછી તે શ્વાસનળી કાપે છે, જે માટે તેણે ચારથી પાંચ પ્રહારો કરવા પડે છે. આખરે ધોરી નસ કપાય છે અને ગળામાંથી ધસમસતા લોહીનો ફુવારો છૂટે છે. આ લોહી ક્યારેક બાજુમાં મોતની પ્રતીક્ષા કરતા પ્રાણીના શરીર પર પડે છે. અંતિમ ડચકાં લેતું પ્રાણી મરણ પામે છે.

દેવનારના કતલખાનામાં દરરોજ ૧,૦૦૦ બળદ, ભેંસ અને પાડા જેવાં મોટાં પ્રાણીઓની અને ૬,૯૦૦ ઘેટાંબકરાંની કતલ કરવામાં આવે છે. મંગળવારે અને શનિવારે અહીં પ્રાણીઓની બજાર ભરાતી હોવાથી આ બંને દિવસે ઘેટાંબકરાંની



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

કતલનો આંકડો ૧૦,૦૦૦ પર પહોંચી જાય છે. ૧૯૮૭-૮૮ ની સાલમાં એશિયાના આ સૌથી મોટા કતલખાનામાં ૨૫ લાખ ઘેટાંબકરાંની, ૮૦,૦૦૦ ભેંસ અને પાડાની, ૫,૨૦૦ પાડાં બચ્ચાંઓની અને ૫૦,૦૦૦ ડુક્કરોની કતલ કરવામાં આવી હતી. બળદ અને ભેંસ જેવાં ઉપયોગી પ્રાણીઓની જાળવણી માટે મહારાષ્ટ્ર સરકારે જે એનિમલ પ્રિઝર્વેશન એક્ટ ઘડ્યો છે તેનું સ્પષ્ટ ઉલ્લંઘન કરી આ કતલ કરવામાં આવે છે.

ધ મહારાષ્ટ્ર એનિમલ પ્રિઝર્વેશન એક્ટ, ૧૯૭૬ ની કલમ ૬ (૨) કહે છે કે જે પ્રાણી ભારવહન, ખેતીવાડી, પ્રજોત્પત્તિ અથવા દૂધના ઉત્પાદન માટે સક્ષમ હોય તેને કતલ માટેનું પ્રમાણપત્ર આપી શકાય નહિ આ સંવાદદાતાએ જ્યારે દેવનારના કતલખાનાની મુલાકાત લીધી ત્યારે તેણે મકાનના પહેલે માળે ભેંસનાં મૃત બચ્ચાંઓ પડેલાં જોયાં હતાં. આ બચ્ચાંઓને સગર્ભા માતાની કતલ પછી પેટ ચીરીને બહાર કાઢવામાં આવ્યાં હતાં. કતલખાનાના એક કર્મચારીએ કબૂલ્યું હતું કે સગર્ભા ભેંસોની કતલ અમારા માટે રોજની બાબત છે, એનું અહીં જરાય આશ્ચર્ય નથી.

દેવનારમાં કતલ માટે જેટલી ભેંસો આવે છે તેમાંની મોટા ભાગની ભેંસો મુંબઈના તબેલાઓમાંથી આવતી હોય છે. મુંબઈના તબેલાઓને સૌથી વધુ દૂધ આપતી જાફરાબાદી અને મહેસાણી જેથી શ્રેષ્ઠ ઓલાદની ભેંસો જ પોસાય. આ ભેંસો એક વેતરમાં સરેરાશ ત્રણ હજાર લિટર દૂધ આપતી હોય છે. આ ભેંસો દૂધ આપતી બંધ થાય પછી તેને ફરીથી વિયાતા આશરે છ મહિના લાગે છે. તબેલાવાળાઓમાં એટલી ધીરજ નથી હોતી. ઘણી વાર સગર્ભા ભેંસોને પણ તેઓ કતલ માટે દેવનાર મોકલી આપે છે. ઓછામાં ઓછાં દસ વર્ષ સુધી દૂધ આપી શકે તેવી ભેંસ દેવનારમાં ધકેલાઈ જાય છે. એનિમલ પ્રિઝર્વેશનલ એક્ટની પરવા કર્યા વિના તેને સરકારી પશુચિકિત્સક ફિટ ફોર સ્લોટરનું પ્રમાણપત્ર આપી દે છે.

દેવનારના પ્રવેશદ્વારે મહારાષ્ટ્ર સરકારે એનિમલ પ્રિઝર્વેશન એક્ટના અમલ માટે ૧૫ પશુચિકિત્સકોની નિમણુંક કરી છે. કતલ માટે આવતાં પ્રત્યેક મોટાં પ્રાણીની ચકાસણી કરી આ ડૉક્ટરોએ નક્કી કરવાનું હોય છે કે તે ખેતીવાડી અથવા પ્રજોત્પત્તિ માટે કામનું છે કે નહિ. આશ્ચર્ય લાગશે કે આ ડૉક્ટરોને અહીં આવતાં ૯૯ ટકા પ્રાણીઓ ખેતીવાડી માટે નકામાં અને કતલ માટે કામનાં જણાય છે. જો આ ડૉક્ટરો પોતાની જાતને વફાદાર રહે તો દેવનારનું કતલખાનું ચાલી જ ન શકે એટલાં પ્રાણીઓ રિજેક્ટ થઈ જાય. રક્ષકો ભક્ષકનું કામ કરે છે. પશુચિકિત્સકો સગર્ભા ભેંસોને પણ ફિટ ફોર સ્લોટરનું પ્રમાણપત્ર આપી દે છે.



એનિમલ પ્રિઝર્વેશન એક્ટનો ભંગ ન થાય તો દેવનારનું કતલખાનું જ ભાંગી પડે.

પશુચિકિત્સકોની આ ઉદારતાનું રહસ્ય સમજાવતા સોલાપુરથી બળદોની ટ્રક લઈ આવેલો રફીક નામનો વેપારી કહે છે કે કતલ માટે યોગ્ય ઠેરવતું પ્રમાણપત્ર મેળવવા માટે અમારે ડૉક્ટરને પશુદીઠ પાંચ રૂપિયાની સત્તાવાર ફી ઉપરાંત ૧૦ રૂપિયા લાંચ આપવી પડે છે. રોજના એક હજાર પ્રાણીદીઠ રૂપિયા દસ હજાર કમાતા આ ૧૫ પશુચિકિત્સકો પછી કાયદાનું પૂંછડું પકડી ન રાખે એ સ્વાભાવિક છે. સંભવ છે કે તેમને મળતી આવકની કટકી કતલખાનાના ઉચ્ચ અધિકારીઓ સુધી પણ પહોંચતી હોય.

સોલાપુરનો રફીક જે ટ્રક ૨,૮૦૦ રૂપિયાનું ભાડું આપીને લાવ્યો હતો તેમાં પંદર બળદોને ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યા હતા. પ્રિવેન્શન ઑફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટની કલમ ૧૧ (ડી) અને (ઈ) મુજબ એક ટ્રકમાં આઠથી વધુ બળદો ભરી ન શકાય. વળી, આ રીતે બળદો ચડાવતાં પહેલાં તે બળદો મુસાફરી માટે યોગ્ય છે એ મતલબનું તબીબી પ્રમાણપત્ર લેવું પડે. ટ્રક દ્વારા બળદોના વહન માટે આરટીઓની પરવાનગી લેવી પડે. ગુજરાત જેવા રાજ્યમાં પશુઓની બીજા રાજ્યોમાં નિકાસ પર સદંતર પ્રતિબંધ છે. લાંચરુશ્વતનાં સાધન દ્વારા આ તમામ કાનૂનોનો ભંગ કરી ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશ જેવાં રાજ્યોમાંથી રોજનાં હજારો પ્રાણીઓ દેવનાર સુધી લાવવામાં આવે છે અને દરવાજા પર દસ રૂપિયાની લાંચ આપવાથી કતલ માટેનું પ્રમાણપત્ર પણ મળી જાય છે.

સેંકડો માઈલનો પ્રવાસ ખોરાકપાણી વગર ખેડ્યા પછી આવેલાં પ્રાણીઓ મરણતોલ હાલતમાં હોય છે. સોલાપુરનો રફીક જે ટ્રક (એમસીવાય ૨૧૨૩)માં પંદર બળદો લઈને આવ્યો હતો, તેમાંના બે તો મરવાની તૈયારીમાં હતા અને એક અપંગ થઈ ગયો હતો. દેવનાર કતલખાનું ચલાવવા તમામ કાયદાઓનો ભંગ ચલાવી લેવાય છે.

દેવનારમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓનો વાચકોને ખ્યાલ આપવા અમે કતલખાનાની તસવીરો મેળવવા ખૂબ પ્રયાસો કર્યા, પરંતુ મ્યુનિસિપલ કમિશનર સદાશિવ તિનઈકરથી લઈ દખેવનાર કતલખાનાના જનરલ મેનેજર પડલકરે આવી પરવાનગી આપવાની ના ભણી હતી. દેવનાર કંઈ રાષ્ટ્રીય સંરક્ષણની દષ્ટિએ મહત્ત્વનું મથક નથી, પણ સુધરાઈને ખરો ડર ગેરકાનૂની પ્રવૃત્તિઓ ખુલ્લી પડી જવાનો લાગે છે.

**દેવનાર કતલખાનાની જંગી ખોટથી ચોંકી ઊઠેલું વહીવટીતંત્ર પારોઠનાં પગલાં ભરવા તૈયાર થયું છે.**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

મહારાષ્ટ્ર એનિમલ પ્રિઝર્વેશન એક્ટ ભારતના બંધારણની જે ૪૮ મી કલમના અમલ માટે બનાવાયો તે કહે છે : ''રાજ્ય દ્વારા પશુપાલન અને ખેતીવાડીનો વિકાસ આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિએ કરવા માટે પુરુષાર્થ કરવામાં આવશે અને તે, ખાસ કરીને પશુઓની ઓલાદને જાળવવા અને સુધારવા માટેનાં પગલાં લેશે અને ગાય, વાછરડાં તેમજ અન્ય દુધાળાં તેમજ ભારવહન માટે ઉપયોગી પશુઓની કતલને પ્રતિબંધિત કરવા પગલાં લેશે.''

દેશભરમાં દેવનાર જેવાં જંગી કતલખાનાંઓ ઊભાં કરવાની જે યોજના સરકારે તૈયાર કરી છે તે બંધારણના આ માર્ગદર્શક સિદ્ધાંતોથી વિરુદ્ધ છે, કારણ કે કતલખાનાંઓના અને માંસઉદ્યોગના વિકાસ માટે તંદુરસ્ત અને ઉપયોગી પ્રાણીઓનો વધ અનિવાર્ય બને છે. કોઈ કતલખાના માટે એવો દાવો કરવામાં આવે છે તો એ હાસ્યાસ્પદ પૂરવાર થાય. મહારાષ્ટ્ર સરકારને જો સદ્‌બુદ્ધિ સૂઝે અને તે પોતે ઘડેલા કાયદાના અમલ માટે કડક બને તો રાજ્યનું એક પણ કતલખાનું એક દિવસ પણ ચાલી જ ન શકે. મહારાષ્ટ્ર એનિમલ પ્રિઝર્વેશન એક્ટના થતા નિયમિત ભંગને અટકાવવા માલેગાંવના કૃષિ ગૌસેવા સંઘે મુંબઈ હાઈકોર્ટમાં મહારાષ્ટ્ર સરકાર અને બીજાઓ સામે દાવો નોંધાવ્યો હતો. ૧૯૮૭ ની ૨૩ મી સપ્ટેમ્બરે આ કેસનો ચુકાદો આપતાં જસ્ટિસ ધર્માધિકારી અને ટિપણીસની બેન્ચે મહારાષ્ટ્ર સરકારની નિષ્ક્રિયતાની આકરી ટીકા કરી હતી. વિદ્વાન ન્યાયમૂર્તિઓ પોતાના ચુકાદામાં કહે છે : ''એમ લાગે છે કે સરકારનું માનવું છે કે કાયદો ઘડ્યા પછી અમારી જવાબદારી પૂરી થઈ ગઈ છે. જો સરકાર આ કાયદાના અમલ માટે ખરેખર ગંભીર હોય તો તેણે દૂર ઊભા રહીને તમાશો જોવો ન જોઈએ.'' વિદ્વાન ન્યાયમૂર્તિઓએ પોતાના ચુકાદામાં એવું પણ સૂચન કર્યું છે કે ગુજરાતમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બળદની કતલ પર જે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે ખ્યાલમાં લઈ મહારાષ્ટ્ર સરકારે પણ પોતાના એનિમલ પ્રિઝર્વેશન એક્ટમાં સુધારો કરવો જોઈએ. આ માટે મહારાષ્ટ્ર સરકારે નિષ્ણાતોની એક સમિતિની રચના કરવી જોઈએ. આ સમિતિએ મહારાષ્ટ્ર એનિમલ પ્રિઝર્વેશન એક્ટમાં રહેલા છીંડાંઓ પૂરવા માટે સૂચનો કરવાં જોઈએ અને તેને આધારે સરકારે કાયદામાં સુધારાવધારા કરવા જોઈએ.

હાઈકોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિઓના આ ચાબખાઓ ખાધા પછી મહારાષ્ટ્ર સરકારની સુસ્તી થોડી ઓછી થઈ છે અને તેણે કોર્ટના આદેશ મુજબ આ કાર્ય માટે પાંચ સભ્યોની એક સમિતિની રચના કરી છે. મહારાષ્ટ્રના પશુસંવર્ધન ખાતાના ડિરેક્ટર ડૉ. પી.ડી. મોકસ્દરને આ સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે,



પરંતુ આ સમતિની રચના પાછળ પણ મહારાષ્ટ્ર સરકારનો ઈરાદો સાફ નથી જણાતો. અન્ય સભ્યો ઉપરાંત તેણે દેવનાર કતલખાનાના જનરલ મેનેજર કે.એ. પડલકરનો પણ આ સમિતિમાં સમાવેશ કર્યો છે. દેવનારમાં જે કતલખાનાએ મહારાષ્ટ્ર એનિમલ પ્રિઝર્વેશન એક્ટના રાઈ રાઈ જેવડા ટૂકડા કરી નાખ્યા છે તેના જનરલ મેનેજર પ્રાણીઓની સુરક્ષા માટે કેટલી નિષ્ઠા ધરાવતા હશે એની કલ્પના ખૂબ આસાનીથી થઈ શકે છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૮,અંક-૧૩,તા.૧૬-૧૨-૧૯૮૯

## (૪૮) વૈયાવચ્ચ, સહનશીલતા-વાત્સલ્યનો ત્રિવેણી સંગમ

**લેખક : પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજય મ. રત્નપ્રસૂતા-મૂળીબેન**

વિ.સં. ૨૦૪૫ આસો સુદ ૫ ના દીને છેલ્લા સોળ કલાક સતત નવકારની ધૂનનું શ્રવણ કરતા શ્રાદ્ધવર્યા, રત્નપ્રસૂતા મૂળીબા સ્વર્ગવાસને પામ્યા.

સંવત ૧૯૫૬ની જ્ઞાનપંચમીએ ખંભાતમાં વિશા ઓશવાળ જ્ઞાતીય દલપતભાઈ ખુશાલચંદ ઝવેરીના ધર્મપત્નીના રતનબેનની કુક્ષિએ જન્મ પામી, મૂળીબેનને નાની ઉંમરમાં જ આવશ્યક ધર્મપ્રવૃત્તિ ચાલુ હતી. એમના એમની જ્ઞાતિના અંબાલાલભાઈ સાથે લગ્ન થયા પછી શોક્યની પુત્રી ચંપાબાઈને સ્વપુત્રીવત ઉછેરી અને સાસુની દિલ લગાવીને માતા સમાન ભક્તિ કરી. પતિની દીર્ઘ માંદગીમાં પણ સેવા કરી. પતિ તથા પોતે બંને બાળપણથી જ સુપાત્રદાનના અત્યંત પ્રેમી. પુત્રોને ધર્મ સંસ્કારી બનાવ્યા. એક પુત્ર હીરાલાલને મોહથી દીક્ષા આપવાની ઈચ્છા નહીં છતા તેને દીક્ષાની તીવ્ર ઈચ્છાના કારણે હૃદય કઠણ કરીને મહોત્સવપૂર્વક દીક્ષા આપી. ચારિત્રની ભાવાનાવાળી પુત્રી વિજયાને પણ મોહથી પરણાવ્યા છતાં એની બ્રહ્મચર્યમાં મક્કમતા તથા એના પતિની સંમતિ થતાં એને મહોત્સવપૂર્વક દીક્ષા અપાવી. પુત્ર હીરાલાલને દીક્ષાના ત્રણ વર્ષ પૂર્વે સ્વેચ્છાથી જેની સાથે સગપણ કરેલ, તે સરસ્વતીબેને પણ દીક્ષા ગ્રહણ કરી.

પુત્ર હીરાલાલ મુનિ હેમચંદ્રવિજયજી બન્યા. પુત્રી વિજયા સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજી બન્યા. પુત્રવધુ સરસ્વતીબેન સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી બન્યા.

થોડા વર્ષ પછી પૌત્રી દિવ્યાની દીક્ષા ઉજમણા સાથે કરી સાધ્વી દિવ્યયશાશ્રીજી બનાવ્યા.

આ બધી દીક્ષાઓથી પાછળવાળાનું પુણ્ય કેવુંક વધી ગયું કે મુળીબેનના



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ચાર પુત્રો પરોણીગરમાંથી ઝવેરાતના વેપારી થયા અને પ્રસિદ્ધ "બી.એ.શાહ એન્ડ બ્રધર્સ"ની ફર્મ સ્થાપી.

વૈયાવચ્ચ તેમના જીવનનો મહત્ત્વનો ગુણ : વર્ષોથી ખંભાતના દરેક ઉપાશ્રયોમાં બિરાજમાન સાધુ-સાધ્વીને ઔષધ દાનનો લાભ મૂળીબેન તરફથી લેવાય છે. આ સિવાય પણ જ્યારે જ્યારે ખંભાત જાય ત્યારે ત્યારે બધા ઉપાશ્રયે ફરીને સાધુ-સાધ્વીની ભક્તિ કરતા. એમ ખાનગી અને પ્રગટ સાધર્મિક ભક્તિ બહુ કરતા. આ ભક્તિ અને વૈયાવચ્ચનું ફળ તેમને આ લોકમાં જ એવું મળ્યું કે ૮૧ વર્ષની ઉંમર સુધી તો ખડે પગે વૈયાવચ્ચ કરી. માંદગી ક્યારેય આવી નહીં. એમના વૈયાવચ્ચ ગુણના કારણે, જ્યારે હસ્તગિરિમાં પોતે નિર્માણ કરાવેલ આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠા પ્રસંગે ગયેલ, ત્યાં એમની તબીયત અસ્વસ્થ થતા, આખો દિવસ સેંકડો સાધુ-સાધ્વીઓ તેમને સમાધિ આપવા શાતા પૂછવા આવતા અને આરાધના કરાવવા લાગતા.

**સહનશીલતા :-** મૂળીબેનને આ ગુણ સારો સિદ્ધ થયેલો. સંગ્રહણીની ભયંકર બિમારીમાં પતિની રાતદિવસ સેવા કરતા. લાંબી બિમારીથી પતિની ઉગ્રતા પણ સહર્ષ સહન કરતા. પૂજ્ય ગુરુદેવ શ્રી ભાનુવિજયજી મ.સા. (હાલ પૂ. આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)ના પ્રવચનો સંવત ૨૦૦૬, શેષકાળમાં ૨૦૦૭, ૨૦૦૮માં મુંબઈમાં સાંભળી સાંભળીને એવા ભાવિત બન્યા કે ત્યારપછી ૩૮ વર્ષમાં એમના જીવનમાં કદી પણ ઉગ્રતાનો પ્રસંગ બન્યો નથી. કોઈએ પણ એમને ક્યારેય સામાન્ય ક્રોધમાં પણ જોયો નથી. સાથે સાથે માન-માયા-લોભ પણ એમના અત્યંત પાતળા પડી ગયેલા.

વર્ષોથી સચિત ત્યાગ, ઉભય ટંક પ્રતિક્રમણ, સામાયિક, જિનવાણી-શ્રવણ, સ્વાધ્યાય, નવકાર જાપ, રાત્રિભોજન ત્યાગ વગેરે આરાધનાઓથી જીવન ઓતપ્રોત હતું. છેલ્લી માંદગીમાં પણ ક્યારેય રાત્રે દવા પણ લીધી નથી. ઉલટું ક્યારેક સૂર્યાસ્ત પૂર્વે રાત્રિનો ભ્રમ થતા ભોજનનો કે દવાનો નિષેધ કરતા. આ ઉપરાંત નવપદની ઓળીઓ, ત્રણે ઉપધાન તપ, ૭૮ વર્ષની ઉંમરે અઠ્ઠાઈ તપ, અનેકવાર શ્રી સીમંધરસ્વામીના અઠ્ઠમ તપો, પર્વતિથીએ એકાસણું, આયંબિલ, વર્ધમાન તપની ઓળીઓ વગેરે અનેક આરાધનાઓથી જીવન મઘમઘાયમાન હતું. ભારતભરના તીર્થોની યાત્રા તથા સિદ્ધગિરિ તીર્થમાં ચાતુર્માસ વગેરે આરાધનાઓ ઉપરાંત સુપુત્રો દ્વારા એમના હાથે લાખો રૂપિયાનાં સુકૃત થયાં.

પોતાના પતિની સ્મૃતિ નિમિત્તે તેમણે "સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ"ની સ્થાપના કરાવી. એના અન્વયે નડિયાદ, વીરમગામ, હસ્તગિરિ,



વિમલ સોસાયટી (મુંબઈ) વગેરે સ્થળે જિનમંદિરો કરાવ્યા. વીરમગામમાં ધર્મશાળા કરાવી. ત્રણ ઠેકાણે ઉપાશ્રયો કરાવ્યા. જિર્ણોદ્ધારનો લાભ લીધો, ખંભાતમાં લગભગ ૨૦૦ જિન પ્રતિમાઓનો અંજનશલાકા મહોત્સવ પુત્ર મુનિ તથા કુટુંબના સાધ્વીઓની પ્રેરણાથી પૂજ્યપાદ આચાર્ય-ભગવંત શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાદિ ૮૦ મુનિભગવંતોની નિશ્રામાં કરાવ્યો. પૂજ્ય આચાર્યભગવંતની ૧૦૮મી ઓળીના પારણા પ્રસંગે મુંબઈમાં અનેક માસખમણો સિદ્ધિતપો વગેરે તપસ્યાઓ મુનિઓમાં થઈ તથા શ્રાવક શ્રાવિકાઓમાં છસો નવા પાયા તથા એક હજાર ઓળીઓ થઈ. ભવ્ય મહોત્સવનો લાભ પાંચ વ્યક્તિઓએ ભેગા થઈ લીધો, તેમાં મૂળીબેને પ્રથમ નામ લખાવ્યું. અનેક પુસ્તકો પણ પ્રકાશિત કરાવ્યા, લખાવ્યા, બીજા નાના નાના સંઘપૂજન, પૂજા, આંગીઓ, પ્રભાવનાઓ વગેરે અનેક સુકૃતો તો અગણિત કર્યા. આટલા બધા સુકૃતો છતાં મનમાં જરાય માન નહીં.

છેલ્લા વર્ષોથી કુટુંબ પરના મમત્વભાવને પણ ઉતારી દીધું. માત્ર આરાધનામાં જ લાગી ગયા. રોજ ચોવીશે કલાક આરાધનાની લગની, દિવસે જિનપૂજા, સામાયિક, વ્યાખ્યાન શ્રવણ આદિ તથા રાત્રે પ્રતિક્રમણ પછી જાપ વગેરે કરે.

બે વર્ષ પૂર્વે ૨૦૪૩ ના શ્રાવણ સુદ ૧૫ પૂજા કરીને આવતાની સાથે લકવાનો હુમલો આવ્યો. જમણું અંગ ખોટું થઈ ગયું, સ્મરણશક્તિ પણ ચાલી ગઈ. તરત ઉપચાર લેવાતાં સ્મરણશક્તિ પુનઃ પ્રાપ્ત થતાં, સૌથી પહેલાં નવકારમંત્ર યાદ આવ્યો.

પુત્ર મુનિ પૂજ્ય હેમચંદ્રવિજયજી મહારાજના ગણિપદ, પંન્યાસપદ વખતે તેમણે સારો સુકૃત લાભ લીધેલો. પણ તેમની એક મહેચ્છા પુત્ર મુનિનો આચાર્યપદના મહોત્સવનો લાભ લેવાની હતી. અને પુત્ર મુનિને આચાર્ય થયેલા જોઈને જવાની હતી. પૂજ્ય ગુરુદેવને વિનંતી કરી. પૂજ્યશ્રીએ પણ તેમની ઇચ્છા તથા સંયોગોને પિછાનીને પૂજ્ય પં. હેમચંદ્રવિજય ગણિવર્યને આચાર્યપદ પર આરૂઢ કરવા આજ્ઞા ફરમાવી. ભાયખલા મુકામે ૨૦૪૪ના ફાગણ વદ ૩ મહોત્સવ યોજાયો. મૂળીબેને આમાં પણ ખૂબ સારો લાભ લીધો, આ પ્રસંગે લકવાગ્રસ્ત મૂળીબેનને ઠેલણ ગાડીમાં બેસાડીને લાવ્યા. ખૂબ ઉલ્લાસપૂર્વક આચાર્યપદ પ્રસંગ નિહાળી ભારે અનુમોદના કરી. સૂરિમંત્રની પ્રત વહોરાવવાનો તથા સૂરિમંત્ર પ્રદાનની વિનંતી કરવાનો લાભ પણ સારી ઉછામણીપૂર્વક લીધો, અને ઉલ્લાસપૂર્વક પુત્રના માથે સૂરિપદ પ્રસંગે વાસક્ષેપ નાખ્યો. પુણ્યાનુબંધી પુણ્યના સ્વામી એવા તેમની બધી જ પ્રશસ્ત ઇચ્છાઓ પાર પડી.

પુત્ર મુનિ, પુત્રી સાધ્વી વગેરે દૂર દૂરથી તેમને સમાધિ આપવા ઉગ્ર વિહાર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

કરી આવતા. પૂજ્ય હેમચંદ્ર વિજયજી મહારાજ એકવાર ગિરનારથી ઉગ્ર વિહાર કરીને તથા બીજી વાર નવાડીસાથી ઉગ્ર વિહાર કરી સંસારી માતાને સમાધિ આપવા આવ્યા હતા. મુંબઈમાં પણ તેમના ઘેર જઈ આરાધના કરાવતા.

આસો સુદ ૪ ના રાત્રે શ્વાસ ભયંકર ઉપડ્યો. સૌ ભેગા થઈ નવકારમંત્રની ધૂન સતત મચાવી. ૧૬ કલાક સતત નવકાર સાંભળતા સ્વર્ગવાસ પામ્યા.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૮,અંક-૧૯,તા.૩-૨-૧૯૯૦

## ૪૯ આજના કાળની ભયંકર હિંસા

**તંત્રીનોંધ :**

આજના કાળમાં કેવી કેવી ભયંકર હિંસાઓએ માઝા મૂકી છે, એ નીચેના લેખ પરથી સમજાશે. જેનું જેનું જેટલા જેટલા અંશમાં ચાલતું હોય તેટલા તેટલા અંશમાં આને અટકાવવા પ્રયત્નશીલ રહેવા જેવું છે.

વળી આપણે ભવિષ્યકાળ સુખદ બને, આપણા જ જીવને આવી યાતના ભોગવવાના દિવસો ન આવે એ માટે હિંસક સાધનોનો ઉપભોગ ઘટાડાય, ને જીવન ત્યાગમય-ધર્મપ્રધાનમય બનાવાય એ માટે પ્રયત્નશીલ રહેવા જેવું છે.

સંખ્યાબંધ સરકારી કાનૂનોના ભંગથી ચાલતા દેવનારના પશુકતલખાનાની થોડી વિગતો

(સંજય વોરાના લેખમાંથી સાભાર ઉદ્ધૃત)

- અહીં દેવનાર પશુકતલખાનામાં પ્રાણીઓ પર બિનજરૂરી ક્રૂરતા આચરવામાં નથી આવતી એવા સત્તાધારીઓના પ્રચાર પશુઓની કતલ નજરે નિહાળ્યા બાદ પોકળ સમજાયા છે.
- એક સમયે એક જ પ્રાણીથી વધુ કતલ ન કરવાના નિયમને ચાતરીને કતલખાનાના મુખ્ય ઓરડામાં એક સાથે દસથી બાર પ્રાણીઓને પૂરવામાં આવે છે. આ ઓરડામાં એકી સાથે દસથી બાર પ્રાણીઓને પૂરવામાં આવે છે. આ ઓરડાની જમીન લોહી, છાણ, મૂતરથી ખદબદતી હોય છે. છરી ફેરવતાં પહેલાં દરેક પ્રાણીના પગ કચકચાવીને બાંધવામાં આવે છે, તરફડિયા મારતાં પ્રાણીને ધક્કો મારીને ગબડાવવામાં આવે છે, બે માણસો તેનું માથું શીંગડા વડે મજબૂત રીતે પકડી રાખે છે અને કસાઈ ધારદાર છરી તેના ગળા પર ફેરવી દે છે. આ દરમ્યાન બીજા પ્રાણીઓ પોતાનો વારો આવવાની



રાહ જોતા આ દશ્ય જોઈ રહે છે. ભયના માર્યા તેમના ડોળા ફાટી જાય છે. ઓરડામાંથી નાસી છૂટવાના તેઓ નિષ્ફળ પ્રયત્નો કરે છે. દેવનારમાં કતલની જે પદ્ધતિ અપનાવવામાં આવી છે તેમાં મરણ પહેલા દરેબ પ્રાણી ઓછામાં ઓછી દશ મિનિટ સુધી ગોઝારી યાતનામાંથી પસાર થાય છે. એક વખત છરી ફેરવી કસાઈ પ્રાણીના ધમપછાડા શાંત થવાની રાહ જુએ છે પછી તે શ્વાસનળી કાપે છે, જે માટે તેને ચારથી પાંચ પ્રહારો કરવા પડે છે. આખરે ધોરી નસ કપાય છે, ગળામાંથી ધસમસતા લોહીનો ફુવારો છૂટે છે, અંતિમ ડચકાં લેતું પ્રાણી મરણ પામે છે.

દેવનાર કતલખાનામાં દરરોજ

૧૦૦૦ બળદ-ભેંસ-પાડા જેવા મોટા પ્રાણીઓ

૬૯૦૦ ઘેટાં બકરાની કતલ કરવામાં આવે છે.

મંગળવારે અને શનિવારે ઘેટાં-બકરાની કતલનો આંકડો ૧૦૦૦૦ પર પહોંચી જાય છે.

૧૯૮૭-૮૮ ની સાલમાં એશિયાના આ સૌથી મોટા કતલખાનામાં

૨૫ લાખ ઘેટાં બકરાની

૮૦૦૦ ભેંસ પાડાની

૫૨૦૦ પાડાના બચ્ચાઓની અને

૫૦૦૦૦ ડુક્કરોની કતલ કરવામાં આવે છે.

કતલખાનાના એક કર્મચારીએ કબૂલ્યું હતું કે સગર્ભા ભેંસોની કતલ અમારા માટે રોજની બાબત છે, એનું અહીં જરા ય આશ્ચર્ય નથી.

મુંબઈના તબેલાઓની શ્રેષ્ઠ ઓલાદની ભેંસો એક વેતરમાં ૩૦૦૦ લીટર દૂધ આપતી હોય છે આ ભેંસો દૂધ આપતી બંધ થાય તેને ફરી વીયાતા આશરે છ મહિના લાગે છે. તબેલાવાળાઓમાં એટલી ધીરજ નથી હોતી. ઘણીવાર સગર્ભા ભેંસોને પણ તેઓ કતલ માટે દેવનાર મોકલી આપે છે. ઓછામાં ઓછા દસ વર્ષ સુધી દૂધ આપી શકે એવી ભેંશ કતલખાનામાં ધકેલાઈ જાય છે. એનિમલ પ્રિઝર્વેશન એક્ટની પરવા કર્યા વિના તેને સરકારી પશુચિકિત્સક 'ફીટ ફોર સ્લોટર'નું પ્રમાણપત્ર આપી દે છે.

સોલાપુરથી બળદોની ટ્રક લઈ આવેલો રફીક નામનો વેપારી કહે છે કે કતલ માટે યોગ્ય ઠેરવતું પ્રમાણપત્ર માટે અમારે ડૉક્ટરને પશુ દીઠ પાંચ રૂપિયા સત્તાવાર ફી ઉપરાંત ૧૦ રૂપિયા લાંચ આપવી પડે છે. રોજના દશ હજાર રૂપિયા કમાતા આ ૧૫ ચિકિત્સકો પછી કાયદાનું પૂછડું ન પકડી રાખે એ સ્વાભાવિક છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

કાયદા મુજબ એક ટ્રકમાં આઠથી વધુ બળક ન ભરી શકાય. સોલાપુરનો રફીક જે ટ્રકમાં પંદર બળદો લઈને આવ્યો હતો તેમાંના બે તો મરવાની તૈયારીમાં હતા અને એક અપંગ થઈ ગયો હતો દેવનાર કતલખાનું ચલાવવા તમામ કાયદાઓનો ભંગ ચલાવી લેવાય છે.

(ઇતિ સંજય વોરા કૃત લેખનો ઉતારો)

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૮,અંક-૨૧,તા.૬-૧-૧૯૯૦

## (૫૦) પ્રભુ-ગુણનાં શ્રવણથી કાયા કે આત્મા નિર્મળ થાય ?

પૂ. ઉપા. યશોવિજય મહારાજે પરમાત્મા શ્રી મહાવીર પ્રભુના સ્તવનમાં ગાયું

''ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે,
સુણતાં શ્રવણે અમી ઝરે, નિર્મળ થાય મોરી કાયા રે...''

આમાં આ આવ્યું કે પ્રભુના મોટા ગુણો સાંભળતાં (૧) કાનમાં જાણે અમી (અમૃત) ઝરે છે અને (૨) મારી કાયા નિર્મળ થાય છે. અહીં પ્રશ્ન આ થાય કે

પ્ર.- પ્રભુના ગુણો સાંભળવાથી તો આત્મા નિર્મળ થાય ને ? કાયા તો જલસ્નાનથી નિર્મળ થાય તો અહીં કાયા નિર્મળ થવાનું કહ્યું એ કેમ ઘટે ?

ઉ.- વાત સાચી છે કે પ્રભુનાં ગુણ સાંભળવાથી આત્મામાં એ ગુણોની અનુમોદના થાય, શુભ અધ્યવસાય જાગે અને એથી આત્મામાંથી પાપ અનુમોદના તથા અશુભ ભાવનો કચરો સાફ થાય. તેથી આત્મા નિર્મળ બને. પરંતુ અહીં જે ''નિર્મળ થાયે મોરી કાયા રે'' લખ્યું એનાં બે સમાધાન છે.

(૧) 'નિર્મળ થાયે કાયા'નું ૧ લું સમાધાન - (૧) અહીં 'કાયા' શબ્દનો અર્થ આત્માની અવસ્થા છે. 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શાસ્ત્રમાં તીર્થંકર પ્રભુની 'કાય' શબ્દ વાપરીને આ ૩ અવસ્થા બતાવી છે. (૧) ધર્મકાય (૨) કર્મકાય અને (૩) તત્ત્વકાય.

(૧) ધર્મકાય - એટલે પ્રભુની ધર્મસાધનાની અવસ્થા. તે પ્રભુ ચારિત્ર લઈને વીતરાગ સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી હોય. કેમકે એમાં ચારિત્ર ધર્મની સાધનામાં આગળ આગળ વધવાનું હોય છે.

(૨) કર્મકાય - અર્થાત્ પ્રભુની કેવળજ્ઞાન પછીની તીર્થંકર નામકર્મના ઉદયની



અવસ્થા. આ અવસ્થા પ્રભુ કેવલજ્ઞાન પામતાં જ તીર્થંકર બને ત્યારથી મોક્ષ ન પામે ત્યાં સુધી હોય. આ કર્મકાય અવસ્થામાં તીર્થંકરપણાનાં પુણ્યકર્મનાં હિસાબે ધર્મશાસન સ્થાપે, ચતુર્વિધ સંઘ સ્થાપે અને દેશોદેશ વિચરી ધર્મનો ઉપદેશ આપે. એ પછી છેલ્લે

(૩) તત્ત્વકાય - એટલે કે શુદ્ધ આત્મતત્ત્વની અવસ્થા, તે અહીં કર્મકાય અવસ્થાના છેડે આયુષ્ય પૂર્ણ થતાં સર્વ કર્મોનો ક્ષય કરે ત્યારે શરીરના બંધનથી હંમેશ માટે છુટી મોક્ષ પામે, સિદ્ધ-બુદ્ધ-મુક્ત થાય ત્યાં આત્મા પોતાના શુદ્ધ-અરૂપી સ્વરૂપમાં આવી જાય, અને પોતાના અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય આદિ શાશ્વત કાળ માટે પ્રગટ થઈને રહે. આ અવસ્થા એ 'તત્ત્વકાય' અવસ્થા. આટલી પ્રાસંગિક વાત થઈ.

પ્રસ્તુતમાં 'નિર્મળ થાયે કાયા રે' આમાં કાયા એટલે પુદ્ગલનો લોચો નહિ પણ 'કાયા' - કાય એટલે 'ધર્મકાય' લેવાની છે. 'ધર્મકાય' એટલે 'ધર્મસાધનાની અવસ્થા.' પ્રભુના ગુણોનું શ્રવણ કરતાં આ ધર્મઅવસ્થા નિર્મળ થાય છે, વધુ શુદ્ધ અને પાવરફુલ થાય છે, કેમ કે એ શ્રવણમાં (૧) પ્રભુના ગુણોની અનુમોદના થાય છે, (૨) શુભ અધ્યવસાયની લહેરીઓ ઊડે છે, તેમજ (૩) એ ગુણોની સામે પોતાના દોષોની ઘૃણા-સંતાપ થાય છે. પરિણામે (૪) પોતાની ધર્મસાધનાની અવસ્થા વધુ નિર્મળ અને જોમવાળી બનાવાય છે. આ એક સમાધાન.

**(૨) 'નિર્મળ થાયે મોરી કાયા'નું બીજું સમાધાન -**

'કાયા'નો અર્થ 'પુદ્ગલના લોચારૂપ શરીર' લઈએ તો એ પણ પ્રભુના ગુણો સાંભળતાં નિર્મળ થાય; તે આ રીતે ઘટી શકે છે,-

પ્રભુના ગુણો સાંભળતાં નિર્મળ મનોવૃત્તિ અને નિર્દોષ પ્રસન્નતા ઊભી થાય છે, અને એની પચનક્રિયા તથા લોહી ઉપર સુંદર અસર ઊભી થવાથી શરીર પણ આંતરિક રીતે નિર્મળ બને છે.

(i) આજનું મેડિકલ સાયન્સ-વિજ્ઞાન કહે છે કે, જો તમે મનમાં ભય-શંકા-ચિંતાદિની લાગણી રાખ્યા કરો, તો તમને 'ડાયાબિટિસ' (મીઠી પેસાબ)નું દરદ થાય છે. તેમજ (ii) આજની 'સાયકોલોજી' (મનોવિજ્ઞાન) કહે છે કે 'તમે જો મનમાં ક્રોધ-ધમધમાટ-આવેશ રાખી ભોજન કરો તો એની અસર પાચકતંત્ર ઉપર થવાથી એ ભોજનમાંથી વિકૃતરસો ઊભા થાય છે.' એમાં કાયાનું બગડે છે, તો પછી એથી ઉલ્ટું મનમાં નિર્દોષ પ્રસન્નતા-પ્રફુલ્લિતા રાખો, ઊંચી કોટિના શુભ અધ્યવસાય સર્વજીવ વાત્સલ્ય રાખો, તો એની પણ પાચકતંત્ર અને લોહી ઉપર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સારી અસર પડે એમાં નવાઈ નથી. એથી કાયા નિર્મળ બને. આ પ્રભુનાં ગુણ શ્રવણથી થાય. માટે કહ્યું 'સુણતાં શ્રવણે અમીઝરે, નિર્મળ થાયે મોરી કાયા રે.'

આમાં કવિએ નિર્મળ કાયાની ચાવી બતાવી, કે તમારે જો કાયા નિર્મળ કરવી હોય તો વીતરાગ પ્રભુના ગુણો સાંભળો, એથી તમારી મનોવૃત્તિ ઉપર સારી અસર પડશે તે એ શુભ મનોવૃત્તિ તમારી કાયાને પણ નિર્મળ બનાવશે.

**ગુણોની સાથે ગુણોનો આનંદ અવશ્ય જોઈએ.**

'જગજીવન જગવાલ હો' સ્તવનમાં છેલ્લે કીધું,- 'ગુણસઘળા અંગીકર્યા રે' પણ પછી માગ્યું 'દેજો સુખનો પોષ.' એમ શાથી ? પ્ર.- ગુણનો પોષ માગવો જોઈએ ને ? યા તો પહેલા 'સુખ સઘળું અંગી કર્યું' એમ કહેવું હતું ને ?

ઉ.- અહીં જે સુખનો પોષ માગ્યો એટલે 'ગુણના સુખનો પોષ' માગ્યો છે. કારણ કે આપણે તપ-સ્વાધ્યાય-ક્ષમા વગેરે ગુણોની સાધના તો કરીએ છીએ, પરંતુ કેટલીક વાર એનો આનંદ નથી હોતો. દા.ત. ઉતાવળે ઉપવાસનું પચ્ચકખાણ તો કર્યું, પણ પછી બપોરે-સાંજે ઢીલા પડ્યા, ત્યાં મનને થાય કે, 'આ પચ્ચકખાણની ઉતાવળ કરવા જેવી નહોતી,' આમાં તપનો આનંદ ન રહ્યો. અથવા કોઈની વૈયાવચ્ચ કરી, પરંતુ સામાને ન ગમ્યું ને એ જેમતેમ બોલ્યા, ત્યાં વૈયાવચ્ચ કર્યા પર ખેદ થાય છે, એમાં વૈયાવચ્ચ ગુણનો આનંદ ન રહ્યો. કોઈના પર એના વાંક બદલ આપણે ક્ષમા રાખી પણ પછીથી એનો વાંક જોતાં આપણે કરેલ ક્ષમા ધર્મનું આપણને દુઃખ થાય છે કે 'મેં ક્યાં આના પર ક્ષમા રાખી ?' આમાં ક્ષમાગુણનો આનંદ ન રહ્યો. આમ તપ-ક્ષમા-વૈયાવચ્ચ આદિ ગુણો સેવવા છતાં એનો આનંદ ગુમાવવો એ ખોટું છે. કારણ કે આપણે ક્ષાયોપશમિક ભાવોના ગુણોમાંથી ક્ષાયિક ભાવના ગુણ ઉપર જવાનું છે. તે તો જ બને કે જો ક્ષાયોપશમિક ભાવના ગુણોમાં ક્ષયોપશમ વધારી વધારી એને અધિકાધિક ઉત્કૃષ્ટ બનાવીએ, તો જ એ અંતે ક્ષાયિક ભાવમાં પરિણમે. ત્યારે, આ ક્ષયોપશમમાં વધારો અને ગુણમાં ઉત્કર્ષ તો જ આવે કે જો એ ગુણોનો આપણને અપરંપાર આનંદ હોય. એટલા માટે જ અહીં પ્રભુ આગળ 'દેજો સુખનો પોષ' કહીને ગુણોનાં સુખ (આનંદ)નો પોષ માગ્યો...





## (૫૧) મદ્રાસ - ઉપધાનતપની આરાધનામાં પીરસાયેલ નવનવી વાનગી

(તંત્રીનોંધ :- મદ્રામાં પ.પૂ. આચાર્ય મ.શ્રીની પાવન નિશ્રામાં થયેલ ઉપધાનતપની આરાધનામાં સવારના ૮॥ થી ૯॥ વાગ્યાના ગાળામાં ૧૦૦ ખમાસમણ ૨૫-૨૫ ના વિભાગથી દેવાતા. એમાં ત્રણ આંતરામાં પૂજ્યશ્રી ટૂંકી વાંચના આપતા હતા. એ વાંચનામાં જે નવનવી વાનગી પીરસવામાં આવતી હતી એનાથી આરાધકોને એમ લાગતું કે જીવનમાં આવું કદી સાંભળવા મળ્યું નથી. એટલું જ નહીં પણ ઉપવાસ-ઉપવાસના પારણે પુરિમુઢ્ઢ એકાશનની કઠોર તપશ્ચર્યા છતાં, ને ઉપધાનની અનેક કષ્ટભરી ક્રિયાઓ છતાં એ તપ અને ક્રિયામાં જોમ, ઉલ્લાસ તથા ભાવનાબળ તેમજ અધ્યવસાયની વિશુદ્ધિ ખૂબ વધેલા. વાંચનાઓની નવનવી વાનગીઓમાં ખમાસમણનું ગુપ્ત સાયન્સ, વાંદણાનું ત્રણ વિભાગે અદ્ભુત રહસ્ય, નવકાર, નમુત્થુણ, લોગસ્સ, સકલતીર્થ આદિના વિશાળ રેગ્ઝીન ચિત્રપટો દ્વારા ભાવોદ્ઘાટન, સરોવરના ચિત્રથી નવતત્ત્વના બાલભોગ્ય રહસ્યોદ્ઘાટન, જીવવિજ્ઞાનનો ચાર્ટ, અજીવ, આશ્રવ, સંવર વગેરેનો સુબોધક પરિચય, મુહપત્તિના ૫૦ બોલનો સરળ ખ્યાલ, મંદિરવિધિની ૧૦ ત્રિક, ૧૨ વ્રત, ભક્ષ્યાભક્ષ્ય વગેરેની બાલગમ્ય સમજૂતી, "શદદ્શુલિદૂભુલ આજભાઢ્ઢાપ્રભાવિ" આ લીટી દ્વારા સમ્યગ્દર્શનના ૬૭ બોલની તત્કાલ યાદ રહી જાય તેવી સમજૂતીમાં ખાસ કરીને ૪ સદ્દહણા, ૫ ભુષણ-લક્ષણ, લિંગ અને લક્ષણ વચ્ચેનો ભેદ, ષટસ્થાન, ૬ જયણા-ભાવના ઉપરોક્ત વિષયો પર સચોટ રોચક દૃષ્ટાંતો દ્વારા ફક્ત ૧-૧ કલાકની વાંચનામાં દોઢ માસમાં રજૂ થયેલ ચિતાર ઈત્યાદિ નવી નવી વાનગી પીરસાઈ. જેનો અહીં નીચે શક્ય આછો ખ્યાલ રજૂ કરીએ છીએ.)

મદ્રાસ સંઘ અને ઉપધાન વાહકોના મહાન સૌભાગ્યથી પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે ઉપધાનના આરાધકોને પ્રથમ પાયે ખમાસમણ દેતાં શિખવાડ્યું કે, ખમા. બોલવામાં પહેલાં 'ઈચ્છામિ' પર ભાર મૂકીને 'ઈચ્છામિ ખમાસમણો' એમ ન બોલાય; તેમજ તે પછીથી 'વંદિઉજાવણિજાએ' ન બોલાય કેમ કે 'ઈચ્છામિ ખમાસમણો' એટલે 'હે ક્ષમાશ્રમણ (ગુરુજી) ! હું ઈચ્છું છું' એટલું જ બોલવું એ વ્યવહાર-વિરુદ્ધ છે. વ્યવહારમાં આપણે કાંઈ ઈચ્છતા હોઈએ, તો શું



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ઇચ્છીએ છીએ એ પણ સાથે જ બોલાય છે. જેમ કે 'હું પીવા ઇચ્છું છું', 'હું ખાવા ઇચ્છું છું' પણ એકલું 'હું ઇચ્છું છું' બોલીને અટકી, પછી 'ખાવાને' કે 'પીવાને' એમ નથી બોલાતું, તેથી અહીં 'ઇચ્છામિ ખમાસમણો વંદિઉં' એમ સળંગ જ બોલવું જોઈએ. એમાં 'ઇચ્છામિ' પર ભાર ન મૂકતાં 'વંદિઉં' પદ પર ભાર મૂકાય. જેમ કે 'હું ઇચ્છું છું વંદન કરવાને' એમાં 'હું ઇચ્છું છું' પર ભાર નહિ, પણ 'વંદન કરવાને' પદ પર ભાર દેવાય છે. એમાં 'વંદિઉં'માં 'ઉ' નહિ પણ 'ઉં', 'વંદિઉમ્' બોલવું જોઈએ. પછી એ વંદન કેવા પ્રકારે ? તો કે 'જાવણિજ્જાએ નિસીહિયાએ' અર્થાત્ 'યાપનિકાથી (આપની સુખશાતા પૂછવા વડે)' અને 'નિસીહિયાએ' આપના પ્રત્યે મારાથી લાગેલ દોષનો નિષેધ = નિરાકરણ યાને પ્રતિક્રમણ કરવા વડે, 'મિચ્છામિ દુક્કડ' કરવા વડે. અને છેલ્લે 'મત્થએણ વંદામિ' (મસ્તક વડે વાંદું છું) બોલાય.

એટલે આમાં ત્રણ વાક્ય-ટુકડા થયા. એમાં પહેલા બે ટુકડા ઊભા ઊભા જ હાથ જોડેલા રાખીને બોલાય; જેમ કે ઊભા ઊભા જ 'ઇચ્છામિ ખમાસમણો વંદિઉં' અને 'જાણિજ્જાએ નિસીહિયા'એ બે વાક્ય સાથે બોલાય. પછી નીચે પડી જ્યારે બે હાથ બે ઢીંચણ અને માથું એ પાંચ અંગ જમીનને કે ચરવળા (ઓઘા)ને અડે, બરાબર એ જ વખતે 'મત્થએણ વંદામિ' બોલાય; પરંતુ ચાલુ ઘરેડ મુજબ ઊભા ઊભા જ 'મત્થએણ વંદામિ' ન બોલાય; કેમ કે એમાં અસત્ય ભાષણ થાય; કારણ જ્યારે ઊભા ઊભા 'મસ્તક વડે વાંદું છું' બોલે, ત્યારે વંદન ક્રિયા થતી નથી; અને પછીથી જ્યારે મસ્તક જમીનને અડવારૂપ વંદન ક્રિયા કરે, ત્યારે 'મત્થએણ વંદામિ' બોલાતું નથી.

આ સમજણ આપીને ઉપધાન-આરાધકોને ૧૦૦ ખમાસમણ વેદરાવાતા ત્યારે બધા આરાધકો સાથે જ 'ઇચ્છામિ ખમા. વંદિઉં' એ એક વાક્ય, એની સાથે જ બીજું વાક્ય 'જાવણિ. નિસીહિ.' બોલતા; પછી નીચે માથું અડાડતાં 'મત્થએણ વંદામિ' બોલતા. આ ૧૦૦ ખમાસમણ પણ એક સાથે પૂરેપૂરા ૧૦૦ ખમા. નહિ, પણ ૨૫-૨૫ ખમા.ના ચાર ટુકડે ૧૦૦ દેવાતા. જેથી આરાધકોને વચમાં વચમાં થોડો વીસામો મળતો. એમાં ૨૫-૨૫ના ત્રણ આંતરામાં પૂજ્યશ્રીના ત્રણ નાનાં પ્રવચન સાંભળવા મળતા. પૂ.શ્રીએ પ્રવચનોમાં નવકારથી માંડી સૂત્રોનાં અને ક્રિયાનાં રહસ્ય સમજાવતા. એ માટે નવકાર, લોગસ્સ, પુકખરવર, સિદ્ધાણં, નમુત્થુણં તથા અષ્ટાપદના ઓઈલ પેઈન્ટ સુંદર મોટા પટ્ટ પેન્ટર ખુશાળભાઈ પાસે બનાવરાવેલો. એ પછી સમકિતના ૬૭ બોલ, વીસસ્થાનક, સમજણ અપાયેલ.



નવકારના રહસ્યમાં સમજાવાયેલું કે દા.ત. નવકારના પહેલા પાંચ પદમાં 'નમો' પર ભાર નહિ, કિન્તુ 'અરિહંતાણ', 'સિદ્ધાણં'... એ પરમેષ્ઠીપદ પર ભાર મૂકીને બોલવાનું. જેથી નમસ્કારની ક્રિયાને બદલે એકેક પરમેષ્ઠી પર ભાર અપાઈને એ નજર સામે આવે, અને અમને નમન થાય. ત્યાં સવાલ થયો કે એમ જો પરમેષ્ઠી પદ મુખ્ય છે તો 'અરિહંતાણં નમો' ન કહેતાં 'નમો અરિહંતાણં' કેમ કહ્યું ? એનાં બે કારણ બતાવાયાં કે

(૧) અરિહંત મુખ્ય હોવા છતાં (એમનો  એમનો અભિગમ) યાને એમની પાસે જવાનું નમસ્કાર દ્વારા જ થાય છે, માટે 'નમો' પદ પહેલું મૂક્યું; તેમજ

(૨) જિનશાસનમાં એકલા જ્ઞાનનું મહત્ત્વ નથી, પણ ક્રિયા સાથે જ જ્ઞાનનું મહત્ત્વ છે, તેથી પરમેષ્ઠીપદના જ્ઞાન કરતાં 'નમસ્કાર' ક્રિયાની વધુ મહત્તા છે, એ બતાવવા 'નમો' પદ પહેલું મૂક્યું, પછી પરમેષ્ઠી પદ 'અરિહંતાણં' મૂક્યું.

**નવકારના છેલ્લા ૪ પદનું રહસ્ય :-**

(૧) નવકારના છેલ્લા ચાર પદ 'એસો પંચ નમુક્કારો' વગેરેમાં પહેલું રહસ્ય એ સમજાવેલું કે પંચપરમેષ્ઠીને નમસ્કાર તો સમર્થ છે જ, કિન્તુ એકેક પરમેષ્ઠીને નમસ્કાર પણ સમર્થ છે, કેમ કે, 'એસો પંચ નમુક્કારો'નો અર્થ શો ? 'આ પાંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર'- એવો અર્થ નહિ; એનું કારણ

(૧) એવો પાંચે પરમેષ્ઠીને ભેગો એક જ નમસ્કાર કર્યો જ નથી, કિન્તુ અરિહંત આદિ દરેક પરમેષ્ઠીને અલગ અલગ નમસ્કાર કર્યો છે. તેમજ

(૨) 'સવ્વ પાવપ્પણાસણો' અર્થાત્ સમસ્ત રાગાદિ પાપોની નાશકતાનું સામર્થ્ય અલબત્ત પાંચ પરમેષ્ઠીના સમૂહને કરેલા એક નમસ્કારમાં તો છે જ, પરંતુ એકેક પરમેષ્ઠીને કરેલ એકેક નમસ્કારમાં પણ એ સામર્થ્ય છે, માટે નિર્યુક્તિ શાસ્ત્રમાં આ પણ બતાવેલું છે કે

'અરિહંત નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો'
સિદ્ધાણં નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો
આયરિય નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો
ઉવજ્ઝાય નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો
સાહૂણં નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો

આમાં માત્ર સાધુને નમસ્કાર એટલે કે માત્ર 'નમો લોએ સવ્વ સાહૂણં'ના જાપથી એક કલકત્તાના યુવકને ચોરાયેલા બે લાખના ઝવેરાતનો કેવો પત્તો લાગ્યો એનું દૃષ્ટાંત બતાવાયેલું.


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

(૨) નવકારના છેલ્લા ચાર પદનું બીજું રહસ્ય એ સમજાવાયેલું કે પહેલાં પાંચ પદથી પાંચ નમસ્કાર કરવાનું જે સુકૃત કર્યું, એની અનુમોદના માટે છેલ્લા ચાર પદ છે. સુકૃત કર્યા પછી તરત એના અદ્‌ભુત પ્રભાવની અનુમોદના કરવામાં, સુકૃત કરતાં પણ, ભાવ વધવાથી કઈ ગુણો લાભ મળે છે. સુકૃતની અનુમોદનાના વિશિષ્ટ લાભ પર શાલિભદ્રનું દૃષ્ટાન્ત લઈ બતાવેલું કે એને રોજની નવી નવી દેવતાઈ જર-ઝવેરાત વગેરેથી ભરેલી ૯૯ પેટી મળતી અને એનો પણ બીજે જ દિવસે વખાર-સંગ્રહ નહિ કિન્તુ એંઠવાડિયા કૂવામાં ત્યાગ કરાતો એ કાંઈ પૂર્વભવના થાળી ખીરના માત્ર દાનસુકૃતતા પુણ્યે નહિ, કિન્તુ પછીથી કરેલી એ સુકૃતની પ્રચંડ અનુમોદનાના પ્રભાવે. એમ અહીં 'એસો પંચ નમુક્કારો...'માં 'અહો ! આ પાંચ નમસ્કાર કેવાક મહાન ! કે એ સમસ્ત પાપનો નાશ કરનારા ! સર્વશ્રેષ્ઠ મંગળ !' એમ નમસ્કારની અનુમોદના છે. જૈનશાસન બતાવે છે કે 'તમે સુકૃત કર્યું એકવાર ને એનું પુણ્ય બંધાયું; પરંતુ પછી એની જ્યારે જ્યારે અનુમોદના કરો ત્યારે ત્યારે નવું નવું પુણ્ય બંધાયા જ કરે. શાલિભદ્રને એક જ સુકૃત પર એમ નવનવા પુણ્યોની જંગી થપ્પી થયે ગયેલી, માટે જ નવકાર બોલતાં કે નવકારવાળી ગણતાં 'એસો પંચ નમુક્કારો' પદ નમસ્કારના ભારે હર્ષ-અનુમોદના સાથે બોલવાનું-ગણવાનું.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૮,અંક-૨૫,તા.૩૧-૩-૧૯૯૦

## (૫૨) જૈન ધાર્મિક શિક્ષકોને પ્રેરણાદાયી હિતશિક્ષા-૧

- ૫. પૂ. વર્ધમાન તપોનિધિ આ. વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. તરફથી ધર્મલાભ સુખશાતા જાણશો. આ હિતશિક્ષાનું મનન અને અમલીકરણથી સુકૃતથી કમાઈનું પ્રધાન લક્ષ્ય બનાવશો. જેનો લાભ અચિંત્ય મળશે.

ભાગ્યવાનો ! ધ્યાનમાં રાખો કે એક ધાર્મિક શિક્ષક તરીકેનો તમારો દરજ્જો હજારો રૂપિયાની કમાઈ કરાવનાર એક ઉદ્યોગપતિ કરતાં ય ઘણો ઊંચો છે, કેમ કે એ ઉદ્યોગપતિ તો માત્ર ઐહિક અને દેહોપયોગી લૌકિક વસ્તુ આપે છે. ત્યારે તમે જે જ્ઞાનદાન પ્રધાન ધર્મદાન કરો છો એ પારલૌકિક અને આત્મોપયોગી લોકોત્તર ચીજ છે. માટે જ આજનું જગત્ કદાચ એની ઓછી કદર કરે, ન કરે તો પણ જેવી રીતે એક માતાના દરજ્જાની કદરને ગૌણ કરી એ પોતાના સંતાનોનો સારો



ઉછેર ભોગ આપીને હૈયાના ઉછળતા હેતથી કરે છે, તેવી રીતે તમારે પણ સંઘના બાળકોનો ધર્મ ઉછેર માતાની જેમ ભોગ આપીને અને હૈયાના ઊછળતા હેતથી કરવાનો છે. આ ભાવના મન પર લેવામાં "સંઘ બાળકો જે કોઈ પ્રબળ પુણ્યોદયે આ માનવભવ પામ્યા છે, તેમને વીતરાગ-શાસનનું તારક જ્ઞાનદાન સાથે ધર્મદાન કરી એમના આત્માનું હિત કરું." આ એવી ભાવકરુણા ખડી થાય છે કે એના પર ગણધર-નામકર્મ સુધીના મહાપુણ્યનો લાભ મળે છે. એમ 'યોગબિન્દુ', 'પંચ સંગ્રહ ટીકા' વગેરે શાસ્ત્રથી જાણવા મળે છે. આવો મહાલાભ મળતો હોય પછી સમાજની અલ્પ કદર અંગે રોદણાં રોવાનું શું કામ છે ? મનદુઃખ કરવાની શી જરૂર ?

'Do your Pious duty and be helpful in the kingdom of God. This will compensate you the most.'

અર્થાત્ 'તમારું પવિત્ર કર્તવ્ય બજાવો અને પરમાત્માના સામ્રાજ્યમાં-શાસનમાં મદદગાર થાવો જે કૃપા તમને ઉત્કૃષ્ટ બદલો આપશે.' આ બદલો માત્ર પરલોકમાં જ મળે છે એવું નથી. પરંતુ અહીં પણ પૂર્વોક્ત ઉચ્ચ ભાવ કરુણા અને ધાર્મિક શિક્ષણ દાનના પ્રભાવે ઉમદા ચિત્તવૃત્તિ, વર્ધમાન ધર્મશ્રદ્ધા, વધતો શાસનરાગ વગેરે પ્રાપ્ત થઈને માનસિક જીવનધોરણ ઉચ્ચ કોટિનું બને છે. જે ભરપૂર આત્માનંદ, ચિત્ત-શાંતિ, મનઃસ્ફૂર્તિ અને જ્ઞાનમસ્તી આપે છે. જે મોટા તવંગરનેય દુર્લભ છે.

બસ, તો પહેલી વાત આ કે સમાજની અલ્પ કદર સામે ન જોતાં આ મહાન લાભો સામે જ દૃષ્ટિ રાખો અને એક માતાની જેમ રોજ નવા વેગથી ઊંચા દરજ્જાને યોગ્ય કર્તવ્ય બજાવે જાઓ !

**કદાચ પ્રશ્ન ઉઠશે કે 'પણ અમારા જીવન નિર્વાહનું શું ?'**

આનું સમાધાન એ છે કે મહાનુભાવ ! જીવન નિર્વાહ લલાટ સાથે સંકળાયેલ વસ્તુ છે. દુનિયાની કેળવણી લઈને નોકરી કરનારને પણ અંતે તો લલાટ જ આગળ આવે છે. માટે ઊંચા પવિત્ર જ્ઞાનદાન ધર્મદાનના વ્યવસાયને રૂપિયા-નયા પૈસામાં જોખતા નહિ. વર્ષો પૂર્વે કુંભોજના દિગંબર વિદ્યાલયમાં M.A. સુધી ભણેલા પ્રોફેસરો બહાર જાય તો રૂા. ૫૦૦, કે ૧૦૦૦ સુધી કમાય, પણ બ્રહ્મચારી રહી રૂા. ૭૫ થી ૧૦૦ ના પગારથી ભણાવવાનું કાર્ય કરે છે, ને એવા શુદ્ધ સેવાને જીવનમંત્ર બનાવનાર નવા ૧૦૦ બ્રહ્મચારી-પ્રચારક તૈયાર કરે છે.

આવા ઉચ્ચ માનવ અવતારે આ મહા પવિત્ર જ્ઞાનદાનનું સુકૃત બજાવવાનું જીવન જ ક્યાંથી મળે ? પરમાત્માએ સ્થાપેલા અને આચાર્યોએ આજ સુધી પહોંચાડેલા શાસનની કમમાં કમ થોડા માણસોમાં તો, શ્રુત-પ્રભાવના કરીએ, અને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

એથી ભાવી શાસનધારા ચાલુ રાખીએ તેમ આપણા આત્મા માટે ભાવીને અજવાળનાર મહાન પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરીએ. જો આ જ્ઞાનદાનને અહીં જ બરાબર મૂલ્યવી લેવાનું હોય, એનો મળી શકે એટલો પૂરો બદલો મેળવી લેવાનો હોય તો પછી પરલોક માટે સદ્ધર પુણ્યાનુબંધી પુણ્યનો બદલો મેળવવાનો રહે નહિ, એ તો તો જ થાય કે દિલ એવું રાખ્યું હોય કે શું કરું આ પેટનું પરિવારનું સંભાળવું પડે છે તેથી વેતન લેવું પડે છે. છતાં એ સંતોષી બની જરૂર પૂરતું લઈ ભવ્યાત્માઓને વધારેમાં વધારે જ્ઞાનદાન કરું. બાકી એવો ધન્ય દિવસ ક્યારે આવે કે તીર્થંકર પરમાત્મા અને ગણધરાદિ આચાર્ય ભગવંતોએ વગર બદલાએ દીધેલ મહાજ્ઞાનમાંથી મને વિના કિંમતે પ્રાપ્ત થયેલ અલ્પ જ્ઞાનને હું પણ સ્પૃહા વિના જ કરુણા પાત્ર જગતના જીવોને દેતો રહું ! આવી ઉમદા ભાવના કરવી.

એટલે બીજો મુદ્દો ધ્યાન રાખવાનો એ કે આત્મતારક પવિત્ર જ્ઞાન અને ધર્મ સંસ્કાર અમૂલ્ય વસ્તુ છે. રૂપિયા-નયા પૈસામાં એને જોખાય નહિ. એનું તો દાન નિર્મૂલ્ય કરી શાસન પ્રત્યે કૃતજ્ઞતા-સેવા પાપક્ષય અને મહાન પુણ્યાનુબંધી-પુણ્યનો જ લાભ ઉઠાવવાનું લક્ષ સતત ચાલુ રહે.

**આજે એક ફરિયાદનો પ્રશ્ન છે.**

પ્રશ્ન : વિદ્યાર્થીઓ અમારું ઝીલતા કેમ નથી ? એમના માતાપિતા અને પાઠશાળાના સંચાલકોને કાળજી હોય તો પાઠશાળામાંથી કેમ સારામાં સારું પ્રાપ્ત ન કરી જાય ?

ઉત્તર : આના ઉકેલમાં પહેલું તો એ ધ્યાનમાં રહે કે અશક્ય-દુઃશક્ય જેવી વસ્તુ અંગે નિરાશ થવાથી કાર્યસિદ્ધિ નહિ થાય. જિંદગીભર રોદણાં રોતાં રહેવાશે, કાર્ય સિદ્ધ થવાના ચોક્કસ ઉપાય સાધવા રહી જશે, કાર્ય સિદ્ધ થશે નહીં. અને જીવન પૂરું થઈ જશે. જો આજના માબાપો અને શાળા સંચાલકો એ ધગશ ધરાવવા તૈયાર નથી તો તમારે તમારી મહેનતનું ઊંચું ફળ નીપજાવવું નથી ? એ નીપજાવવા તમારા હાથમાં રહેલ પણ ઉપાય યોજવા નથી ? યોજવ છે તો આ વિચારો કે -

તમે પોતે ધાર્મિક શિક્ષણ લીધેલું તે (૧) માત્ર પૈસા કમાવવાના ઉદ્દેશથી લીધેલું ખરું ? અથવા (૨) બીજા પર ઉપકાર કરવાના ઉદ્દેશથી લીધેલું ખરું ? (૩) શિક્ષણ લેતી વખતે એને સાથે સાથે સ્વજીવનમાં સક્રિય કર્યે રાખવાનો પ્રયત્ન કરેલો ખરો ?

જો પહેલો ઉદ્દેશ હશે તો જેમ કોઈ પેટ ભરવા અને માનપાન પામવા માટે ચારિત્ર લે એમાં એ સ્વાર્થી તુચ્છ ઉદ્દેશ સારો નહિ ગણાય. એમ આ પણ ઉદ્દેશ



એવો તુચ્છ ગણાશે. જેમ એ તુચ્છ ઉદ્દેશની દીક્ષા બીજાને પમાડી ન શકે એમ આ સ્વાર્થી ઉદ્દેશનું શિક્ષણ બીજાને શી રીતે પમાડી શકે ? ધ્યાનમાં રહે કે દુન્યવી શિક્ષણ લીધેલા શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવી હોંશિયાર કરે છે, ત્યાં તો એ વિદ્યાર્થીઓ ગરજવાળા બની સામેથી ફીના પૈસા આપીને ભણવા આવે માટે પામી શકે છે, જ્યારે અહીં તો વિદ્યાર્થીઓ કોઈ તેવી ગરજવાળાય નથી હોતા તેમજ ફી આપવાની વાત તો દૂર પણ મફત અને ઉપરથી પ્રભાવના-ઈનામ મળે ને ભણવા આવે છે. એને પમાડવું હોય તો ભણાવનારનો ઉદ્દેશ બહુ ઊંચો પવિત્ર જોઈએ. સમજી જ રાખવું જોઈએ કે સામાની તેવી ગરજ ન પણ હોય તોય આપણને ગરજ છે કે તેને ધર્મક્રિયામાં જોડી શાસન પરંપરા ટકાવવી અને સુકૃતનો લાભ લેવો. આ માટે આપણું જીવન, પવિત્ર આશય, ઉદ્દેશ અને ભાવનાથી ભર્યું ભર્યું જોઈએ, તો જ સામા પર અસર પડે છે. અને જીવન પ્રભાવશાળી તો જ બને કે પાયામાં જીવન અને ઉદ્દેશ પવિત્ર હોય, હૃદય વિશુદ્ધ આશયવાળું હોય, અને મન સાત્ત્વિક શુભ ભાવનાઓમાં રચ્યું પચ્યું હોય તથા કાયા એને અનુરૂપ સત્પ્રવૃત્તિમાં જોડાયેલી રહેતી હોય. કદાચ શિક્ષણ કાળમાં સમજના અભાવે કરવાનું ન બન્યું હોય તો પણ હવે સમજ પડ્યા પછી કરી શકાય છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૮,અંક-૨૬,તા.૧૪-૪-૧૯૯૦

## (૫૩) જૈન ધાર્મિક શિક્ષકોને પ્રેરણાદાયી હિતશિક્ષા-૨

(૨) શિક્ષણ વખતે જો ઉદ્દેશ માત્ર બીજાને ભણાવવાનો જ રાખી તૈયાર થવાનું હોય તો તે પણ શિક્ષણ પ્રભાવશાળી નહિ થાય, કેમ કે એમાંય ઉદ્દેશ પહેલું સ્વજીવનને ઉચ્ચ કોટિનું બનાવવાનો નથી. તેમજ જે શિક્ષણ લે છે તે પણ બીજાને કેમ સારી રીતે અપાય એ લક્ષ હોવાથી પોતાને ક્યાં લાગુ પડે છે, અને પોતાને શું શું જીવનશુદ્ધિ તથા આત્મ પ્રગતિનું કર્તવ્ય છે એ તરફ લક્ષ ઓછું રહે છે. તેથી સહજ છે કે સ્વાત્માના ઉદ્ધાર-ઊર્ધ્વીકરણની પ્રવૃત્તિ ઓછી રહેવાની એટલે પછી ઉપર કહ્યું તેમ સ્વજીવનની અસર પડવાને અવકાશ ઓછો રહે છે. માટે આ ઉદ્દેશ પણ તેવો કારગત નહિ નીવડે. ખરી રીતે ધાર્મિક શિક્ષણ પોતાના આત્માના ઉદ્ધારના ઉદ્દેશથી લેવાવું જોઈએ. તો એ આત્મામાં પરિણત થઈ શકે અને પછી એનો વિનિયોગ સચોટ સફળ નીવડે. પોતાના જ હિતાર્થે પ્રાપ્ત કરેલ અવસરે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

બીજાને કામ તો લાગે જ છે. ઉપરાંત એ આત્મામાં પ્રદેશે પ્રદેશે ઓતપ્રોત થયું હોવાથી એની બીજા પર અસર જબરજસ્ત પડે છે. પ્રારંભથી કદાચ એ ઉદ્દેશ ન રહ્યો હોય તો પણ હવે એ ઉદ્દેશ ઊભો કરી શકાય છે. અને એ હિસાબે, જૂનું ભણેલું અને નવું નવું વંચાતું બધું જ, પોતાના આત્મામાં ક્યાં ક્યાં લાગુ પડે છે અને કેવી રીતે સ્વઆત્માને નિર્મળ કર્યે જવામાં ઉપયોગી કરું, આ મુખ્ય ધ્યાન રાખી એને સ્વાત્મ શુદ્ધિ-પુષ્ટિકારી બનાવતા જવું.

આ જ મુદ્દાની સાબુતી પર ત્રીજા પ્રશ્નનો જવાબ અનુકૂળ મળે છે. શિક્ષણ લેતી વખતે એને સાથે સાથે સ્વજીવનમાં સક્રિય કર્યે રાખવાનો પ્રયત્ન કરેલો ખરો ? તો કહેવાય હા, કેમ કે ધાર્મિક શિક્ષણ સ્વાત્માની શુદ્ધિ અને પુષ્ટિ અર્થે જ લેવાનું રાખ્યું એટલે મળતું જતું શિક્ષણ સહેજે સહજે સ્વજીવનમાં શક્ય અમલી બનાવાતું જશે, આ ત્રણેય પ્રશ્નનો સાર આ છે કે પ્રાપ્ત સમ્યગ્ જ્ઞાનને મુખ્ય ગણી પોતાના આત્માની શુદ્ધિ પુષ્ટિકરણ કરતું જાય એ લક્ષ્ય ખાસ રહે. આ સ્વાત્મ લક્ષને વિશેષ વિકસ્વર કરવા માટે બીજાને ભણાવતી વખતે પણ ધ્યાન આ જ રાખવાનું કે આ ભણાવીનેય હું મારા પોતાના આત્માનો કર્મ નિર્જરાનો લાભ તથા સ્વ-સ્વાધ્યાય અને જિનશાસન પ્રત્યેની કૃતજ્ઞતાનો જ લાભ ઈચ્છું છું. આ પવિત્ર ઈચ્છા પણ સામા પર આપણા બોલ-શિક્ષણથી સુંદર અસર પડે છે. જે અસર કેવળ સામાના આપણે ફિરસ્તા બન્યા રહેવામાં નથી પડતી.

ધાર્મિક શિક્ષક તરીકે પ્રભાવ પડવામાં એક અતિ જરૂરી તત્ત્વ શિક્ષકનું ઉચ્ચ આચાર ને ક્રિયામય જીવન છે. દેવદર્શન, ત્રિકાળ જિનપૂજા, પૂજામાં સ્વ-દ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજાભક્તિ ઉપરાંત રોજ ૧૪ નિયમ ધારવાના, અચિત્ત પાણી પીવાનો ઉપયોગ, ગામમાં ગુરુ હોય તો ગુરુવંદન, દશ મિનિટ પણ જિનવાણી શ્રવણ, અને બને ત્યાં સુધી ઉભયકાળ પ્રતિક્રમણ જોઈએ. જીવન એવું સાદું જીવવું કે જેથી એવાં બહુ ટ્યુશન કરી પૈસા કમાવવાનો લોભ ન રહે કે જેમાં આવશ્યક આચારને-અનુષ્ઠાનને જતાં કરવા પડે. રાત્રિભોજન, અભક્ષ્ય, હોટલ, સિનેમા વગેરેનો ત્યાગ જ પ્રભાવ પાડી શકે છે.

શિક્ષકમાં આત્મગુણો દા.ત. ઉદારતા, સહિષ્ણુતા, સેવાભાવ, આત્મચિંતા, વાણી-મુદ્રા-મન અને સ્વભાવમાં સૌમ્યતા, દયા, સત્ય, વીતરાગના વચન ઉપર અથાગ શ્રદ્ધા સારા ઝગમગતા રહેવા જોઈએ. તેમજ આત્મદોષો જેવા કે નિન્દા રોફ-રોષ, ઈર્ષ્યા, પૌદ્ગલિક વાતો, સ્વાર્થ-પટુતા, કટુ શબ્દ, નિર્દયતા, અસત્ય, વ્યસન વગેરેને તિલાંજલિ જ આપેલી હોય.



અનુભવથી દેખ્યું છે કે જ્યાં શિક્ષક આ રીતનું જીવન જીવે છે ત્યાં વિદ્યાર્થીઓમાં સુંદર શિક્ષણ-સંસ્કરણ અને ધાર્મિક શ્રદ્ધા સહિત પ્રવૃત્તિ ચાલે છે.

**હવે શિક્ષણ અંગે સંક્ષેપમાં -**

(૧) વિદ્યાર્થીઓ ઉપર નીતરતી ભાવદયા જોઈએ. આ કુલીન બાળકો વિષય-કષાય, મિથ્યા શિક્ષણની આગમાં બળી રહેલા અહીં આવ્યા છે તો કેમ એ જિનાગમ-જ્ઞાનની શીતલ વર્ષા પામી પેલા સંતાપથી બચે !' વિદ્યાર્થીની બેદરકારી તોફાન વગેરે દેખાય ત્યાં દ્વેષ થઈ જવાનો પ્રસંગ છે. છતાં એ વખતે ભલે સામાને સુધારવા અને વર્ગમાં શિસ્ત જળવાવવા માટે કદાચ કડક શબ્દ કહેવો પડે તો પણ હૈયામાં ભાવદયા ભરપૂર વહેતી હોવી જોઈએ.

(૨) શિક્ષણ સૂત્રો, સ્તવનો વિગેરે બનતા લગી Chorus સમૂહ-અવાજમાં બોલાવી કરાવવું. જેથી સારા અને જલ્દી કંઠસ્થ બને છે.

(૩) સૂત્રના ભાવ પહેલેથી જ સમજાવવા. બાળકને એની કક્ષા મુજબની સમજૂતી આપવી.

(૪) સૂત્ર, અર્થ, આવડે તો એનું ચિત્ર (જુઓ-પ્રતિક્રમણ-સૂત્ર આલ્બમ) બતાવી સમજાવવા.

(૫) સૂત્ર શિક્ષણ કે તત્ત્વ શિક્ષણની વચમાં ટૂંકું કે ઉપદેશભર્યું દૃષ્ટાન્ત-પ્રસંગ-કથા-અનુભવ કહેવો યા સુંદર સ્તવન-ગીતની ૨-૩ કડી ગવરાવવી.

(૬) થોડો થોડો જૈન ઇતિહાસ કહેતા રહેવો (જૈન તત્ત્વાદર્શ વગેરેમાં છે) મહાપુરુષના ધર્મ પરાક્રમભર્યા જીવન પ્રસંગો કહેવા.

(૭) શ્રાવક જીવનમાં જરૂરી દિનચર્યા, પર્વચર્યા, માર્ગાનુસારી ગુણો, અભક્ષ્ય-અનાચારોના ત્યાગ વિગેરેની સમજૂતી આપતા રહેવું, અને શક્ય અમલ કરાવતા રહેવું.

(૮) વિદ્યાર્થી પાસે નિત્ય નોંધ રખાવવી. જેમાં એ રોજ નોંધે કે નવી ગાથા કેટલી કરી ? જૂનો સ્વાધ્યાય કેટલો કર્યો ? મા-બાપને પગે લાગ્યા ? દર્શન-પૂજા કરી ? સામાયિક કેટલા કર્યા ? નવકારવાળી કેટલી ગણી ? તપ શો કર્યો ?... વગેરે

નોંધના આધારે સારી બક્ષીસ અપાવવી ને ઉપબૃંહણા કરવી.

પ્રારંભમાં અમલીકરણ અઘરું લાગશે. અભ્યાસ કરતાં સરલ બનશે. સ્વ-પરના હિતના ભાગી બની પરમ કલ્યાણને પામો.

દ.: આ. રાજેન્દ્રસૂરિના ધર્મલાભ


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૫૪) હોમ ટુ હોસ્પીટલ લઈ જનારા ખાનપાનને રેડ સિગ્નલ આપો.

**● માર્ગદર્શક ● પૂ. આ. શ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ. સા.**

જાગ્યા ત્યારથી સવાર માની, તન, મન, જીવનને બગાડનારા, અભક્ષ્ય અપેય પદાર્થોનો ત્યાગ અપનાવી સ્વસ્થ સુખી બનો.

સૌ કોઈ દેહ નિરોગી ચાહે છે પણ વર્તમાનકાળની વિષમ સ્થિતિમાં લાખો દવાઓ-હોસ્પીટલો છતાં રોગો દિન-પ્રતિદિન વધતા જાય છે. કેટલાકના નિદાન પણ થઈ શકતા નથી. બુદ્ધિમાન ગણાતો માનવ રીબાઈને જીવનને પૂરું કરે છે. જેનું કારણ તપાસતા માલૂમ પડશે કે,

તો ન ખાવાનું ખાય છે, ન પીવાનું પીવે છે, વગર ભૂખે ખાય છે, અકાળે-રાત્રે ખાય છે, બજારનું અભક્ષ્ય ખાય છે,

વાસી પાઉં, ઈંડારસથી મિક્સ આમલેટ, કેક, ટીન પેક્ડ ફૂડ, રસાયણ-ક્લેવરયુક્ત આઈસ્ક્રીમ, પીણાઓ વગેરે અખાદ્ય પદાર્થોથી આરોગ્ય-તેજ-બળ-શક્તિ અને આયુષ્ય શીઘ્ર ક્ષીણ બને છે. અનુભવી ડૉક્ટરો સર્વેક્ષણ કરીને જણાવે છે કે 'માનવો ખાવા-પીવામાં ગંભીર ભૂલ કરી રહ્યા છે. જીભને ચટકો મળ્યો કે જીવ ભાન ભૂલીને ખાય છે. તે ભૂલી જાય છે કે, પેટમાં ગયા પછી આરોગ્યનું શું થશે ? આરોગ્યની ઉપેક્ષા કરીને પેટ બગાડનારા લાખો માનવો જીવન હારી જાય છે.

જ્યારે કેસ સીરીયસ બને, હોસ્પીટલમાં મહા મુસીબતે નંબર લાગે ત્યારે 'ઓપરેશન થશે કે કેમ ?', 'ગુમાવેલું આરોગ્ય પાછું મળશે કે કેમ ?' વગેરે પ્રશ્નો સૌને મૂંઝવે છે. માટે પેટમાં નાખતાં પહેલાં અભક્ષ્ય-અશુદ્ધ અને આરોગ્યનાશક પદાર્થોને છોડો. પેકેટ ઉપર બતાવેલા કન્ટેન્ટસને વાંચી સાવધાન બનો. દરેક પેકેટ-બાટલી-ટીનફુડ લેતા પહેલાં 'તેમાં શું શું નાખ્યું છે' તેની જાણકારી મેળવી લો.

નીચેની વસ્તુઓનો ત્યાગ કરો.

**રેડ-સિગ્નલ**

(૧) જીલેટીન :- પ્રાણીઓનાં હાડકાંનો પાવડર છે, જેનો ઉપયોગ જેલી, આઈસ્ક્રીમ, પીપરમેન્ટ, કેપ્સુલ, ચ્યુઇંગ-ગમ વગેરેમાં થાય છે.



(૨) જાજાબ્સ :- રંગબેરંગી, રબ્બર જેવી નરમ અને ઉપર સાકર લગાડેલી પીપર. તે જીલેટીનના મિશ્રણથી નરમ બને છે, જે ખાવા જેવી નથી; દેરાસરમાં નૈવેદ્ય તરીકે ચડાવાય નહીં.

(૩) એક્સ્ટ્રા સ્ટ્રોંગ સફેદ પીપરમેન્ટ :- જીલેટીનનું મિશ્રણ, બોન પાવડરનું મિશ્રણ તેમાં વપરાયું હોય છે.

(૪) જેલી ક્રીસ્ટલ :- તેમાં જીલેટીન આવે છે.

(૫) સેન્ડવીચ સ્પ્રેડ તથા મેયોનીઝ :- તેમાં ઈંડાનો રસ મિક્સ કરાય છે. અને બ્રેડ ઉપર લગાડીને ખાવામાં તેનો ઉપયોગ કરાય છે.
બ્રેડ-પાઉંમાં અભક્ષ્ય મેંદો, ધનેરા-ઈયળનો નાશ, આથો લાવતાં ત્રસજીવોનો અગ્નિમાં નાશ, પાણીના અંશથી વાસી રહેતાં કરોડો જીવો ઉપજે તેથી અભક્ષ્ય સચિત્ત છે. બટર-માખણમાં અસંખ્ય ત્રસ જંતુ છે.

(૬) ચાયનાગ્રાસ :- તેમાં અગર (નોનવેઝ) પાવરડનું મિશ્રણ છે.

(૭) વાઈન બિસ્કિટ :- (નાના-ચપટા-ગોળ) તેમાં ઈંડાનાં રસનું મિશ્રણ હોય છે : તે અભક્ષ્ય છે.

(૮) એનીમલ ટાઈપ બિસ્કિટ :- (જનાવરોના આકારના) જુદાં જુદાં પશુઓનાં આકારવાળાં, જેમ કે : હાથી, ઘોડો, વાંદરો, માછલું વગેરે આકારના હોય છે. તે ખાવાથી - 'મેં ઘોડો ખાધો, સિંહ ખાધો,' એવા હિંસક સંસ્કારો બાળકોમાં પડે છે : માટે ખાવા નહીં. બાળકોને જાગૃતિ આપવી.

(૯) ક્રાફ્ટ ચીઝ :- રેનેટ ફ્રોમ કાઉઝ (૨-૩ દિવસનાં જન્મેલાં વાછરડાંની હોજરીના રસ)નાં મિશ્રણથી બને છે. તેનો ઉપયોગ બ્રેડ ઉપર લગાડવામાં તથા પીઝા બનાવવામાં થાય છે.

(૧૦) આઈસ્ક્રીમ પાવડર :- તેમાં જીલેટીન આવે છે અને તેના મિશ્રણથી આઈસ્ક્રીમ બને છે.

(૧૧) ફૂટેલા ચ્યુઇંગ-ગમ :- તેમાં બીફ ટેલો અને હાડકાંનો પાવડર છે.

(૧૨) મેન્ટોસ :- તેની બનાવટમાં બીફ ટેલો, બોન પાવડર તથા જીલેટીન વપરાય છે.
ઉપરની (૧૧), (૧૨) બંને વસ્તુઓ સ્કૂલ તથા કૉલેજનાં વિદ્યાર્થીઓ પુષ્કળ ખાય છે, મોઢામાં ચગળે છે. જીભને તેનો ચટકો લગાડવા જેવો નથી. એ શાકાહારીને માંસાહારી બનાવે છે.

(૧૩) પોલો :- સફેદ એકસ્ટ્રાસ્ટ્રોંગ પીપર - જેમાં જીલેટીન એન્ડ બીફ ઓરીજીન ગાય-બળદનું માંસ મિશ્રણ થાય છે. નાના-મોટા ચૂસે છે. અને પેટમાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

માંસનાં અણુઓ તામસિક અસર ઊભી કરે છે.

(૧૪) નુડલ્સ (સેવ) પેકેટ :- જેમાં ચિકન ફલેવર (કૂકડીનો રસ) ભેળવવામાં આવે છે : કેટલાકમાં ઈંડાનું મિશ્રણ થાય છે. નાસ્તાની આઈટમ તરીકે વપરાય છે - તે વર્જ્ય છે.

(૧૫) સુપ પાવડર તથા સુપક્યુબ્ઝ :- જેમાં ચીકન ફલેવરનું મિશ્રણ થાય છે. તે સુપ બનાવવામાં વપરાય છે. જે માંસાહારનો એક પ્રકાર છે.

(૧૬) પેપ્સીન :- સાબુદાણાની વેફર-રતાળુ (કંદમૂળ)ના રસમાંથી બને છે : જે રસના હોજમાં અસંખ્ય કીડાઓ પગ નીચે કચરાયા પછી મશીનમાં ગોળ ગોળ દાણા પડે છે. અનંતકાય અને અસંખ્ય જંતુનો નાશ હોઈ વર્જ્ય છે.

(૧૭) ટુથપેસ્ટ :- લગભગ જેમાં ઈંડાનો રસ, હાડકાંનો પાવડર તથા પ્રાણીજ ગ્લીસરીનનું મિશ્રણ હોય છે. સવારના પહોરમાં દાંત સાફ કરવા લગાડતાં હિંસક વસ્તુઓના દોષ લાગે છે. તેનાથી બચવા આયુર્વેદિક નિર્દોષ મંજન સારું.

(૧૮) ઈન્સ્યુલીનના ઈન્જેકશનો :- કતલ કરેલાં ઘેટાં-બકરાં-ભૂંડનાં પેન્ક્રિયાસ નામના અવયવમાંથી બને છે.

(૧૯) કસાટા આઈસ્ક્રીમ :- જુદી જુદી કંપનીઓનો આવે છે. તેમાં ઈંડાના રસવાળી કેક વપરાય છે. રાસાયણિક દ્રવ્યનું પણ મિશ્રણ થાય છે; તે અભક્ષ્ય અને આરોગ્યને હાનિકારક છે.

(૨૦) સાબુ ન્હાવાના :- ઘણાખરામાં પ્રાણીજ ચરબી આવે છે, જે ટેલોમાંથી બનાવવામાં આવે છે. હિંસક પદાર્થનો ત્યાગ કરી નિર્દોષનો ઉપયોગ કરવો.

(૨૧) સૌંદર્ય પ્રસાધનો :- લીપ્સ્ટીક, આઈબ્રો, શેમ્પુમાં જનાવરોના હાડકાંનો ભૂકો, લાલ લોહી તેમજ જુદા જુદા અવયવોના રસમાંથી અને ચરબીમાંથી તૈયાર થાય છે. સસલા-વાંદરા-ઉંદર વગેરે પર તે પદાર્થોનો પ્રયોગ થાય છે. તેમાં અસંખ્ય જનાવરો મરી જાય છે, અંધ બની જાય છે, મેકપમાં શરીરના સુશોભન માટે સ્ત્રીઓ અને પુરુષો તેનો ઉપયોગ કરે છે, જે દરેક અહિંસા-પ્રેમીએ અવશય ત્યાગ કરવો જોઈએ.

લીપ્સ્ટીકમાં માછલીના શરીરના ભીંગડાનો ઉપયોગ થાય છે.

**પ્રાણિજ પદાર્થોનો ત્યાગ કરો.**

એસ્ટ્રોજન :- ઘોડીઓને સતત બાંધેલી ગર્ભિણી રાખી તેના મૂત્રમાંથી તથા કતલ કરેલા જનાવરની ગ્રંથિમાંથી મળે છે. ઉપયોગ :- દવા અને સૌંદર્ય.



ઓલિયેટસ :- જનાવરમાંથી મેળવી ક્રીમ-સૌંદર્ય માટે.

ઇંસીંગ્લાસ :- માછલીમાંથી મેળવી જેલી, સરેસ અને સૌંદર્ય અને આલ્કોહોલિક પીણા માટે.

કસ્ટર્ડ પાવડર :- ઈંડાના મિશ્રણથી બનેલ પુડિંગ, આઇસ્ક્રીમ, ફ્રૂટસલાડ વગેરે માટે.

કેસ્ટોરિયમ :- નર બીવર પ્રાણીમાંથી સૌંદર્ય અને હોર્મોન માટે.

કોચિનિયેલ :- લાલ રંગની જીવાતની સુકવણીમાંથી ખાદ્યપદાર્થ તથા સૌંદર્યના લાલ રંગ માટે.

ગ્લીસરીન :- પ્રાણીજ ગ્લીસરીન દવા-ટુથપેસ્ટ-ક્રીમ-કાજળ-શેમ્પુ-મલમ-રબર વગેરે માટે.

બીફ-ટેલો-ચરબી :- ગાય, બળદ વગેરેની ચરબી હલકી મીઠાઈઓમાં, સસ્તી ખારી બિસ્કીટ, તળેલી વસ્તુમાં, ઘીમાં મિશ્રણ, સાબુ માટે.

પ્લેસેન્ટી :- ઢોરના બચ્ચામાંથી મેળવી હોર્મોન-સૌંદર્ય માટે.

પેપ્સીન :- ડુક્કરના પેટનો રસ. ચીઝ માટેનું મેળવણ.

રેનેટ :- ૩ દિવસના વાછરડાનો રસ. ચીઝ માટેનું મેળવણ.

મીણ :- મધમાખીના મધપૂડામાંથી બનાવી બાટિક-કલા-લીપ્સ્ટીક વગેરેમાં.

લાર્ડ :- ડુક્કરની ચરબી ક્રીમ-સૌંદર્ય સાધન માટે.

લેસીથીન :- ઈંડામાંથી મેળવી પરદેશી ચોકલેટ-સૌંદર્ય માટે.

સિવેટ :- બિલાડી જેવા સિવેટ પ્રાણીમાંથી સુગંધ માટે.

સ્ટીયરેટ :- પશુઓની ચરબીમાંથી ક્રીમ-લીપ્સ્ટીક માટે.

વીટામીન 'એ', 'ડી' :- વાળી દવાઓ ફરોડોલ, શાર્કોફરીલ, કોડલીવર ઓઈલ, શાર્ક ઓઈલ, પીલર્સ કોડ, પીલર્સ શાર્ક, અને હેલીવર વગેરે નામની દવાઓ માછલીના લીવરથી તૈયાર થાય છે.

સ્કાટ ઈમલશન :- બળદ-ભેંસના પાડાના માંસમાંથી બને છે.

વીરોલ :- ગાયના મગજના રસમાંથી.

એક્સ્ટ્રેટ :- સુકાવેલ માંસના મિશ્રણમાંથી.

એક્સ્ટ્રેટ ચીકન :- ઉંદરના માંસમાંથી.

પેપસેંટ પાવડર :- કુતરા-સુવરના વૃષણમાંથી.

એડ્રેનેલિન (દમની દવા) :- કતલ કરેલ પશુના લીવર અને ગ્રંથિમાંથી.

ડેકસોરેન્જ :- (ટોનીક) કતલ કરેલ પ્રાણીઓની થાઈરાઈડની ગલ ગ્રંથિમાંથી.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સ્ટ્રેસકેપ (ટોનીક ગોળી) :- ગાયના સુકાવેલ લીવરમાંથી.

આવી ત્યાજ્ય અભક્ષ્ય ચીજો બેસુમાર બહાર વેચાય છે. સાવધાન બની ત્યાગ નિયમ અપનાવી દયાળુ-અહિંસક બનો.

● વિશ્વના ગામે ગામે જીવદયાનો પ્રચાર કરો. ●

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૮,અંક-૩૦,તા.૧૨-૫-૧૯૯૦

## (૫૫) શ્રાવકોએ પોતાની/ધર્માદા મૂડીનું રોકાણ ક્યાં કરવું જોઈએ

**(લે. અતુલકુમાર દલપતલાલ શા. મુંબઈ)**

તા. ૨૧ જુલાઈ'૮૮ના ''ફાઈનાન્શિયલ એક્સપ્રેસ''નું એક જૂનું કટીંગ હાથમાં આવી ગયું ત્યારે બેંકો દ્વારા કેટલી ઘોર હિંસા ફેલાવાઈ રહી છે તેની પ્રતીતિ દૃઢતર થઈ. એક્ષપોર્ટ હાઉસ માટેના એક સેમિનારમાં બોલતાં સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના ચીફ જનરલ મૅનેજર શ્રી એસ. સોલોમન રાજે જણાવ્યું હતું કે માંસ અને માંસની પેદાશોની હાલ દર વર્ષે થતી ૭૫ કરોડ રૂપિયાની નિકાસ વધારીને દર વર્ષે ૧૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચાડવા શાં પગલાં લેવાં તે અંગે સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા વિચારણા કરી રહી છે. આ માટે ઓછા વ્યાજે ધિરાણ આપવા ઉપરાંત બેંકની વિદેશી શાખાઓ દ્વારા ગ્રાહકો શોધી આપવા સુધીના સંખ્યાબંધ પગલાં લેવામાં આવશે.

આ તો માત્ર એક નાનકડો દાખલો જ થયો. પરંતુ માંસની નિકાસથી માંડીને મચ્છીમારી અને મરઘાં કતલ સુધીની અનેકવિધ હિંસાના પ્રચાર માટે બેંકોથી લઈને યુનિટ ટ્રસ્ટ સુધીની અનેક સરકારી નાણાં સંસ્થાઓ જે ભરપૂર પ્રયાસો કરી રહી છે, તે જોતાં દરેક અહિંસાપ્રેમી વ્યક્તિએ પોતાના વ્યક્તિગત કે ધાર્મિક નાણાં બેંકો-યુનિટો વગેરેમાં રોકવાં કે કેમ તે ખૂબ ગંભીરતાથી વિચારવા યોગ્ય બાબત બની જાય છે.

હકીકતમાં તો બેંકો દ્વારા ઘોર હિંસાના ધંધાઓને મળતા પ્રોત્સાહન કરતાં પણ વધુ ગંભીર બાબત તો બીજી છે. સમગ્ર હિંદુસ્તાનમાં જૈનો અલ્પ સંખ્યક હોવા છતાં પણ સમગ્ર દેશનું વાસ્તવિક નેતૃત્વ 'મહાજન'ના હાથમાં રહેતું. તેનું અગત્યનું કારણ એ હતું કે શરાફી-ધીરધાર-નાણા પ્રકરણ વિષયક ધંધાઓ ઉપર



જૈનોની મોટી પકડ હતી. આના કારણે નાના ગામમાં જૈનનું એક જ ઘર હોય તો પણ તે ગામનો શેઠ ગણાતો, અને ગામમાં ઊભા થતા કોઈ પણ અનિષ્ટને તે રોકી શકતો. ગામેગામ બેંકો ચાલુ થવાને કારણે શરાફી-ધીરધારનો આ ધંધો જૈનોના હાથમાંથી ચાલ્યો ગયો. પ્રમાણમાં ઘણો નિર્દોષ એનો આ વ્યવસાય છુટી જવાથી કારખાના વગેરેના કર્માદાનના ધંધાઓમાં જૈનો જોડાતા ગયા. તે માટે તેમને ગામડાં છોડી શહેરો ભણી હિજરત શરૂ કરવી પડી. જેના પરિણામે ગામડામાં જૈનોના ઘર ન રહેવાથી ત્યાંના જિનમંદિરો વગેરે ધર્મસ્થાનોની સારસંભાળના, વિહાર માર્ગમાં સાધુ-સાધ્વીજીની ભક્તિના વિગેરે વિકરાળ પ્રશ્નો ઊભા થયા, તે એટલે સુધી કે અમદાવાદ-મુંબઈ જેવા શહેરોની ઝુંપડપટ્ટીઓમાં પણ જૈનોને વસવા મજબૂર થવું પડ્યું. અપૂજ રહેતા જિનમંદિરોના વસતિ વિહીન થતા જતા વિહારમાર્ગોના કે ઝુંપડપટ્ટીઓમાં વસતા સાધર્મિકોના પ્રશ્નોથી ખૂબ ચિંતિત ભાઈઓ કોઈ વાર આ રીતે આ પ્રશ્નના મૂળમાં ગયા હશે ખરા ?

અને જો ખરેખર ગયા હોત, તો ગામેગામ ખૂલતા કતલખાના કે મરઘા મારણ (પોલ્ટ્રી) કેન્દ્રો તેમને જેટલી ચિંતા ઉપજાવે છે, તેટલી ચિંતા ગામેગામ ખૂલતી બેંકોની શાખાઓ ઉપજાવતી હશે ખરી ? અધર્મી સરકારના પાશવી બળ સામે આપણું કાંઈ ચાલે નહિ, અને બેંકોના કે બીજી કોઈ પણ હિંસક યોજનાના જુવાળને આપણે ખાળી ન શકીએ તે જુદી વાત છે. (એમ તો આપણે કતલખાનાઓને પણ ક્યાં રોકી શકીએ છીએ ? પણ કતલખાનાં ખૂલતાં રોકવા શક્ય પ્રયાસ તો કરી છુટીએ ને ? તથા તેને પ્રગતિ-વિકાસ તો ન માનીએ ને ?) પણ તેમાં આપણો સહકાર ન ભળે, અને કદાચ સહયોગ આપવો પણ પડે તો ય તે ખોટું છે તેમ તો માનીએ ને ?

હકીકતમાં તો કારખાનાઓ અને યંત્ર ઉદ્યોગોના કર્માદાનનો જે ઘોર આરંભ-સમારંભ આટલા મોટા પાયા ઉપર પ્રસર્યો છે, તેના મૂળમાં બેંકો, યુનિટ ટ્રસ્ટ જેવી નાણા સંસ્થાઓનો મોટો ફાળો છે અને એ બેંકો વિગેરેની સદ્ધરતામાં જૈનોની મોટી મૂડી ઉપરાંત ધર્માદાના રોકાયેલા અબજો રૂપિયાનો પણ ફાળો છે.

લાખો કરોડોની સંખ્યામાં દાઉદી વ્હોરા ભાઈઓ કે પાક. મુસલમાનો આજે પણ બેંકો સાથે વ્યવહાર કર્યા સિવાય પોતાનું જીવન મજેથી ગુજારતા હોય છે. અર્થાત્ બેંક વિહિન જીવનવ્યવહાર સાવ શક્ય જ નથી એવું તો નથી. પરંતુ માની લો કે કદાચ સર્વથા તેવું જીવન શક્ય ન હોય તો પણ એક વાર બેંક-યુનિટ-શેરો-બોન્ડઝ વગેરેમાં પૈસા રોકવાનું અનિષ્ટત્વ સમજાઈ જાય, તો તેમાં શક્ય અંશે બચવાના માર્ગો અવશ્ય મળી રહેશે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

એ પછી પોતાના કુટુંબીની પુણ્યતિથિ નિમિત્તે રૂા. ૧૦૦૦ ની આંગીની કાયમી તિથિ નક્કી કરી, એટલી રકમ બેંકમાં મૂકી દર વર્ષે તેના વ્યાજમાંથી રૂા. ૧૦૦ ની આંગી કરાવવાને બદલે, એ હજારે ય રૂપિયા એક વાર ખર્ચી પ્રભુજીની ભવ્ય અંગરચના કરાવવાનું મન થશે. કાયમી તિથિની યોજના કરીને આયંબીલ ખાતું કે ઉકાળેલા પાણીનું ખાતું ચલાવવાને બદલે, ઘેર ઘેર આયંબીલ કરવાનો કે ઉકાળેલા પાણીની વ્યવસ્થા કરવાનો મહિમા પ્રચારાશે. પુસ્તકો છાપવાથી માંડીને ચોપાનિયા ચલાવવા સુધીની જાતજાતની પ્રવૃત્તિઓ માટે કાયમી તિથિ કરવાનો 'શોર્ટ-કટ' લેવાનું મન તો નહીં જ થાય, પરંતુ મંદિરો-તીર્થો આદિના અનિવાર્ય ખર્ચને પહોંચી વળવા માટે પણ થોડી તકલીફ વેઠીને, વર્ષો વર્ષની તિથિઓથી માંડીને ઘર દીઠ લાગાઓ જેવી અસલની પરંપરાઓને પુનર્જીવિત કરવા પુરુષાર્થ કરવાનું બળ મળશે.

કર્માદાનના ધંધાઓમાં દ્રવ્ય રોકીને વ્યાજ મેળવવા કરતાં તો ધર્મદ્રવ્યને નીધિરૂપે સ્થાપન કરીને રોજ દર્શન કરવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. તેથી ધર્મદ્રવ્યને બેંકો-યુનિટો-બોન્ડઝ-શેરોમાં રોકીને શાસ્ત્રવાક્યનું ઉલ્લંઘન કરવાનો ઈરાદો જાણ્યા પછી તો કોઈ ન રાખે, **(જિણવર આણારહિયં, વદ્ધારન્તા વિ કે વિ જિણદવ્વં, બુડન્તિ ભવસમુદ્દે, મૂઢા મોહેન અન્નાણી ॥** અર્થાત્ જિનેશ્વરદેવની આજ્ઞાથી વિપરિતપણે જિનદ્રવ્યને વધારનારો એવા પણ મોહ વડે મૂઢ અજ્ઞાની ભવ સમુદ્રમાં ડુબે છે. - સૂરિ પુરંદર આ.દે.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત 'સંબોધ પ્રકરણ') પણ પોતાનું અંગત દ્રવ્ય પણ તેમાં રોકી હિંસામાં ભાગીદાર થતાં વિચાર કરે.

વાસ્તવમાં આર્યાવર્તમાં તો પરિગ્રહને જ પાપ માનવામાં આવ્યું છે. છતાં તે પાપનો સર્વથા ત્યાગ ન કરી શકનાર વ્યક્તિ પોતાનો પરિગ્રહ શેરો કે બેંકોના એકાઉન્ટમાં ન રાખતાં ધન-ધાન્ય-ક્ષેત્ર-વાસ્તુ-રુપ્ય-સુવર્ણ-કુપ્ય-દ્વિપદ-ચતુષ્પદ એ નવવિધ પ્રકારે રાખે. આ નવવિધ સ્વરૂપમાં જ પરિગ્રહ રાખવા પાછળ રહેલા વ્યાવહારિક લાભો વગેરેનું વિવેચન કરવા બેસીએ તો પણ એક સ્વતંત્ર લેખ થાય.

ગૃહસ્થનો કેટલોક પરિગ્રહ તે તે સમયે જે સોના ચાંદીનું નાણું ચાલતું તેમાં રહેતો, તો કેટલોક પરિગ્રહ એક બે વર્ષની ખાધાખોરાકીની સમગ્ર જરૂરિયાતો ભરી રાખવા દ્વારા રખાતો. શ્રીમંતોને ત્યાં તો ધાન્યના કોઠારો રહેતા, જે દુષ્કાળાદિ સમયે કામમાં આવતા. દર અઠવાડિયે થેલી લઈને બજારમાં અનાજ લેવા નીકળવું પડે તેવી પરિસ્થિતિ ન રહેતી.



પોતપોતાની શક્તિ અનુસાર ઘરની આજુબાજુ કે ખેતરો વગેરે સ્વરૂપે 'ક્ષેત્ર'માં પણ મૂડી રોકાતી. આઠમે માળે વસતા પચાસ લાખના ફ્લેટના માલિક પાસે પોતાની કહી શકાય તેવી તસુભાર જમીન પણ ન હોય તેવું ન બનતું. સામાન્યમાં સામાન્ય માણસને પણ પોતાનું ઘર-વાસ્તુ રહેતું. આજે કરોડપતિ શ્રીમંતને પણ ચાર બેડરૂમના ફ્લેટમાં સ્કવેરફીટનો હિસાબ ગણીને રહેવું પડે છે. તેને બદલે પૂર્વના સમયમાં ૫૬-૫૬ ઓરડાની સાત-સાત માળની વિશાળ હવેલીઓમાં તેઓ વસતા.

શ્રીમંતોને પણ આજે અમેરિકન ડાયમંડના ખોટા દાગીના પહેરીને સંતોષ માનવો પડે છે. તેની સામે ત્યારે સામાન્ય માણસોને ઘરે પણ સોના ચાંદીના (સુવર્ણરૂપ્ય) અલંકારો રહેતા.

'કુપ્ય'માં વાસણો-રાચરચીલા-ઘરવખરીનો સમાવેશ થાય છે. સ્ટીલના વાસણો, પ્લાયવુડ ને ફોરમાઈકાનું રાચરચીલું તથા પ્લાસ્ટીકની ઘરવખરી નહોતી આવી, ત્યારે ચાંદીના-કાંસાના વાસણો, સાગ-સીસમનું ફર્નિચર તથા ત્રાંબા-પિત્તળની ઘરવખરીના સ્વરૂપમાં પણ એટલી મૂડી સચવાઈ રહેતી કે વિપત્તિના સમયે વિધવા ડોશીઓ ઘરવખરી વેચીને પણ સમગ્ર જીવન આસાનીથી પસાર કરી દેતી.

યંત્રવાદનું પાપ નહોતું પેઠું ત્યારે ઘરના નાના મોટા કામો માટે નોકર-ચાકરો (દ્વિપદ)ની બહોળી સંખ્યા રહેતી. તથા ડેરીના અભક્ષ્ય દૂધ અને યાંત્રિક વાહનવ્યવહારના આરંભના વિકલ્પમાં ઘેર ઘેર ગાયો, ઘોડા, બળદ વગેરે પશુઓ (ચતુષ્પદ) પણ સચવાતા.

આજના કહેવાતા 'ઈન્વેસ્ટમેન્ટ'ના પાપોથી બચવા આધુનિક રોકાણોની સરખામણીમાં ઘણા ઓછા દોષવાળી ઉપરોક્ત નવ પ્રકારની મૂડીમાં વ્યક્તિગત/ધર્માદાની સંપત્તિનું રોકાણ થાય તો તે સાચી દિશા ભણીનું પહેલું કદમ બની રહેશે. છેવટે આધુનિક જમાનાના આ પાપોને 'પ્રગતિ'ની નિશાની માનવાના ભ્રમમાંથી તો વેળાસર છુટી જઈએ.

તા. ૧૫-૩-૧૯૯૦

**શાહ અતુલકુમાર દલપતલાલ**
બીજે માળે, શીતલભુવન, શીતલબાગ,
૬૪, વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬.
ફોન : ૮૧૨૩૬૮૭ - ૮૧૧૯૩૬૦



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૫૬) ઈંડાના ત્યાગવાળા માટે આઈસ્ક્રીમ-બિસ્કિટ પણ અખાદ્ય છે

**(લે. અતુલકુમાર દલપતલાલ શા. મુંબઈ)**

જે સૂક્ષ્મતમ જીવદયાનું જૈનો પાલન કરે છે, તદનુસાર તો આઈસ્ક્રીમ-બિસ્કિટ જેવા બજારૂ પદાર્થોમાં કોઈ પણ પ્રકારના પ્રાણીજ પદાર્થ ન આવતા હોય તો પણ, તેમના માટે તે વસ્તુઓ અભક્ષ્ય છે. પરંતુ જેઓ તેટલા સૂક્ષ્મ ભક્ષ્યાભક્ષ્યનો વિવેક નથી જાળવતા, તેમના માટે પણ - જો તેઓ માંસાહારથી દૂર રહેવા માંગતા હોય, તો આઈસ્ક્રીમ તથા બિસ્કીટ જેવી વસ્તુઓ પણ અખાદ્ય બની જાય છે તેની ઘણાને ખબર નહીં હોય.

ખાદ્યપદાર્થોમાંની ભેળસેળ અને ગ્રાહક સુરક્ષા અંગેના મુંબઈના ટોચના તજજ્ઞ એડવોકેટ શ્રી વેલજીભાઈ ગણાત્રા તથા શ્રીમતી લાજવંતીબેન ગણાત્રાએ એક જગ્યાએ લખેલ કે ખાદ્યપદાર્થ ભેળસેળ પ્રતિબંધક નિયમ અ. ૧૧.૦૨.૦૮ની રૂએ આઈસ્ક્રીમ, કુલફી અને ચોકલેટ આઈસ્ક્રીમનું ધોરણ નિયત કરવામાં આવ્યું છે. તદ્નુસાર આઈસ્ક્રીમમાં ઈંડાં ઉમેરવાની કાનૂને છૂટ આપી છે. પરંતુ ઈંડાં ઉમેરવામાં આવ્યા હોય તો તેની જાહેરાત કરવાની કાનૂને જોગવાઈ કરી નથી. તેથી ઉત્પાદકે આઈસ્ક્રીમમાં ઈંડાં ઉમેરલ હોય તો જનતા-ઉપભોગકર્તાઓ અંધારામાં રહેવાના.

ઈંડાંની ઉમેરણની જાહેરાત ફરજિયાત બનાવવામાં આવે તો પણ અર્થ સરશે નહીં. કારણ કે એવી જાહેરાત કોણ વાંચવાનું ? કોનું તેના પ્રત્યે ધ્યાન જવાનું ? જો કે ઈંડાં વગરના આઈસ્ક્રીમમાં પણ ઘણો દોષ રહેલો છે, પરંતુ અન્નાહારીઓના પેટમાં ઈંડાં જતાં અટકાવવા પૂરતું પણ કોઈએ આઈસ્ક્રીમમાં ઈંડાંના ઉમેરણની છુટ ત્વરિત રદ કરાવવા માટે કાયદાકીય તથા સરકારી રાહે પગલાં લેવાં જોઈએ. જિલેટીન પણ બેશક માંસાહારી પદાર્થ છે. નિયમ અ-૨૨ ની રૂએ જિલેટીન પ્રાણીઓના હાડકા અને ટિસ્યુમાંથી બને છે. કેટલાક ઉત્પાદકો આઈસ્ક્રીમમાં જિલેટીન પણ ઉમેરતા હોવાનું સાંભળ્યું છે.

ઈંડાંને અભક્ષ્ય માનનાર વ્યક્તિઓ પોતાના અંગત વપરાશમાં તથા લગ્ન, પાર્ટી જેવા પ્રસંગોએ આઈસ્ક્રીમ ખાવા-ખવડાવવાનો સદંતર બહિષ્કાર કરે તો જ



બચી શકે તેમ છે. તેના બદલે કેસર-બદામ-પિસ્તાવાળું કઢેલું દૂધ, ફળો મંગાવીને જાત દેખરેખ નીચે કઢાવેલો તેનો રસ, સમારેલાં તાજાં ફળો, સાકર-લીંબુના તથા બીજા તેના જેવા જ ઘરે બનાવેલા શરબતો, ખાદ્ય મસાલાઓ ભરીને તૈયાર કરેલી ખારેક, સૂકો મેવો વગેરે યથાયોગ્ય રીતે પીરસી શકાય. અભક્ષ્ય ઈંડાં ન ખવડાવવા પડે તે માટે આઈસ્ક્રીમનો ઉપયોગ ટાળનારની સમાજમાં ટીકા નહીં, પરંતુ પ્રશંસા થશે.

જો કે ઈંડાં વગરનો આઈસ્ક્રીમ પણ માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહીં, બીજા પણ અનેક દૃષ્ટિકોણથી વાપરવા યોગ્ય નથી. આયુર્વેદમાં અતિ ઉષ્ણ અને અતિ ઠંડી વસ્તુઓના ભોજનને રોગકારક-અગ્નિ મંદ કરનાર કહ્યો છે. જેનો જઠરાગ્નિ મંદ થાય તેને બીજો કોઈ ખોરાક નહીં પચવાનો, અને પરિણામે રોગોનું આક્રમણ આવવાનું.

આઈસ્ક્રીમ શક્તિપ્રદ છે તેમ માની તેનું સેવન કરનારા પણ આ વાત સમજી લે. આઈસ્ક્રીમને હવાથી ફૂલાવવામાં આવે છે તે પણ હકીકત છે. આ પ્રક્રિયાને "Overrun" કહેવામાં આવે છે, જેનું પ્રમાણ ૧૩૦ ટકા સુધી પણ હોઈ શકે. જેટલા પ્રમાણમાં હવા વધારે તેટલા પ્રમાણમાં આઈસ્ક્રીમની ગુણવત્તા નીચી. કાનૂનમાં "Overrun" ની ટોચમર્યાદા નિયત કરવામાં આવેલ નથી. એટલે આઈસ્ક્રીમના નિર્માતાઓ આઈસ્ક્રીમના ઓછા જથ્થામાં હવા ફૂલાવીને તેને વેચે છે. એનો અર્થ એ કે આઈસ્ક્રીમ નિર્માતા પચાસ ટકા હવાના પૈસા પણ વસુલ કરે છે, અને મોડર્ન દેખાવાના મોહમાં આપણે હોંશેહોંશે તે ચૂકવીએ છીએ. આઈસ્ક્રીમના કપ કે પેક પર કેટલા ગ્રામ આઈસ્ક્રીમ છે તે છાપેલું ન હોવાનું આ જ કારણ છે.

આઈસ્ક્રીમના પેક કે કપ ઉપર expiry date જાહેર કરવાની જોગવાઈ તો નથી જ, પરંતુ ઉત્પાદનના મહિના અને વર્ષની જાહેરાત કરવાની પણ જોગવાઈ નથી. પરિણામે ગમે તેટલો વાસી આઈસ્ક્રીમ હોય, તેમાં બરફના કણ જામી ગયા હોય તો પણ જનતાને તે ફટકારવામાં આવે છે. ડબ્બામાં સાચવી રાખેલા વર્ષ-વર્ષ જૂનાં ફળો, બનાવટી ફ્લેવર્સ, બનાવટી કેમિકલ્સમાંથી બનાવેલા રંગો, સ્ટેબિલાઈઝર, ઈમલ્સિફાઈંગ એજન્ટ તથા સેકરિન જેવા આઈસ્ક્રીમમાં વપરાતા બીજા અનેક દ્રવ્યો સ્વાસ્થ્યને બગાડી કેન્સર સુધીના અનેક રોગો પેદા કરે તે નફામાં.

જેમ આઈસ્ક્રીમમાં ઈંડાં વાપરવાની છુટ છે, તેમ બિસ્કિટમાં પણ ઈંડાં વાપરવાની છૂટ છે. (નિયમ અ. ૧૮.૦૭) બિસ્કિટમાં ઈંડાં ઉમેરવામાં આવ્યા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

હોય તો તેની જાહેરાત પણ ફરજિયાત નથી. એટલે શુદ્ધ અન્નાહારી ઈંડાયુક્ત બિસ્કિટ હોંશેહોંશે આરોગે તો તે અંધારામાં જ રહેવાનો. નાના બાળકોને મેંદાના બનેલા-પેટમાં ચોંટી જઈ કબજિયાતથી લઈને અનેક રોગો પેદા કરતા-અને નાની ઉંમરે જ દાંત બગાડી દેતા બિસ્કિટ ચોકલેટને બદલે ગોળપાપડી, તલસાંકળી, ધાણી-ચણા જેવી સંખ્યાબંધ સ્વાદિષ્ટ, પૌષ્ટિક નિર્દોષ વાનગીઓ ખવડાવીએ તો ? ચાર રૂપિયે કિલોના ભાવના ઘઉંના મેંદામાંથી બનતા બિસ્કિટનો કિલોનો ભાવ ગણ્યા પછી પણ તેને આરોગનારનો હિસાબ કેવો ગણીશું ? દહેરાસરમાં પણ નૈવદ્યને બદલે ચોકલેટ, ટીકડા મૂકનાર અજ્ઞાની લોકોનું અજ્ઞાન દૂર થાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૮,અંક-૩૨,તા.૨૬-૫-૧૯૯૦

## (૫૭) મદ્રાસ નગરે-એગમોર સોસાયટીમાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠા

**પૂજ્યપાદ આચાર્યદેવશ્રીની પાવન નિશ્રામાં ભવ્યાતિભવ્ય ઉજવણી :-**

પરમારાધ્યપાદ્ શાસન પરમહિત સંરક્ષક પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પરમ કલ્યાણકારી પાવન નિશ્રામાં અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ શાનદાર ઉજવાયો. અહીં ઓગમોર સોસાયટીમાં શ્રીમાન માંગીલાલજી કટારિયાના ઘરમાં એક નાનું પણ સુંદર ઘરમંદિર લગભગ ૨૫ વર્ષથી હતું. ઘણાં વખતથી તેઓની ઈચ્છા એક વિશાળ જિનમંદિર નિર્માણની હતી. તેઓના પ્રબળ પુણ્યોદયથી તેઓની ભાવના સફળ થઈ અને બે વર્ષ પહેલા પ.પૂ. મુનિરાજશ્રી અરુણોદય સાગરજી મ.સા.ની શુભ નિશ્રામાં મંદિરજીનું ખાતમુહૂર્ત થયું. બે વર્ષમાં નીચે ઉપાશ્રય તથા ઉપર ચૌમુખજી વેદિકા સહિત વિશાળ મંદિરનું નિર્માણ થઈ ગયું. શ્રીમાન માંગીલાલજી કટારિયા કહે છે કે -

''અમારા અંતરની એવી પ્રબળ ઈચ્છા હતી કે શ્રી મદ્રાસ જૈન સંઘની પ્રબળ પ્રાર્થના અને વિનંતીથી મદ્રાસમાં પધારેલ સુવિશાલ ગચ્છનાયક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવવી.''

પરંતુ શ્રીમાન માંગીલાલજી તથા તેમનો પરિવાર અને સગાસંબંધી પ્રતિષ્ઠાની સાથે સાથે અંજનશલાકા મહોત્સવ પણ થાય તો સોનામાં સુગંધ ભળે. આ વાતથી



લગભગ અજાણ હતા. અંજનશલાકા કેવી રીતે થાય ? તે કેવી રીતે પાર પડે ? આટલી મોટી વ્યવસ્થા શી રીતે થઈ શકે ? ઈત્યાદિ અંજનશલાકા વિષયક વિધિવિધાનથી અનભિજ્ઞ હતા, અને આ વિષયમાં ગભરાતા હતા, ત્યારે મદ્રાસ જૈન આરાધના ભવનના ટ્રસ્ટી-પ્રમુખ તથા કર્મઠ કાર્યકર શ્રીમાન પુખરાજજીએ અંજનશલાકા માટે માર્ગદર્શન અને હિંમત આપ્યા જેથી તેમનો ડર-ભય જતો રહ્યો. એટલું જ નહિ કટારિયા પરિવારના બધા જ સભ્યો અંજનશલાકા માટે સહમત થયા, અને પુખરાજજીએ પણ તેમને તન-મનથી ખૂબ જ સહયોગ આપ્યો.

એ પછી શ્રીમાન માંગીલાલજી કટારિયા આદિ પરિવાર પૂજ્યશ્રી પાસે કેસરવાડી તીર્થમાં ઉપધાનતપની મહાન આરાધના ચાલતી હતી ત્યાં પૂજ્યશ્રીને અંજનશલાકા તથા પ્રતિષ્ઠામાં પધારવા તથા મુહૂર્ત આપવાની વિનંતી કરવા આવ્યો. તેઓએ ભાવભરી વિનંતી કરી. પૂજ્યશ્રીએ વૈશાખ સુદ ૬ ના મુહૂર્ત આપ્યું પરંતુ કહ્યું કે - ''મારે ચાતુર્માસ માટે ૫૦૦ કિ.મી. દૂર કોઈમ્બતુર જવાનું હોવાથી હું મદ્રાસ ન રોકાઈ શકું છતાં પણ આ કાર્ય માટે બીજા આચાર્ય મહારાજને આપું છું.'' તો શ્રીમાન માંગીલાલજી કટારિયાએ કહ્યું કે - ''સાહેબ ! મારે આપના હાથે જ અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવવી છે.'' પછી તેઓની અતિ આગ્રહભરી વિનંતીને માન આપી તેઓના પ્રસંગ પર સપરિવાર પધારવાની સહર્ષ સમ્મતિ આપી.

ઉપધાન તપ પૂર્ણ થયા બાદ આરાધના ભવનમાં બે દીક્ષા કરાવી પૂજ્યશ્રી વેપેરી પધાર્યા. વેપેરીમાં પૂજ્યશ્રીએ સૂરિમંત્રની ત્રીજી તથા ચોથી પીઠિકાની આરાધના એકાગ્રતાપૂર્વક કરી. પછી પૂજ્યશ્રી સુલે, રાયપુરમ જૈન આરાધના ભવન આદિ પધારી અનેકવિધ શાસનપ્રભાવના કરી પૂજ્યશ્રીએ એગમોર તરફ વિહાર કર્યો.

વૈશાખ વદ-૧૧ ના શુભ દિવસે નૂતન જિનપ્રતિમા તથા સુવિશાલ પરિવારની સાથે પૂજ્યશ્રીનો અરિહંત એપાર્ટમેન્ટથી વિશાળ વરઘોડો પ્રારંભ થયો. નગરના વિશાળ રસ્તાઓ પર ફરીને એગમોર નૂતન જિનમંદિરની પાસે વરઘોડો ઉતર્યો. ત્યાં પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન થયું. બાદમાં શ્રીમાન માંગીલાલજી કટારિયા તરફથી શ્રીફળની પ્રભાવના થઈ.

**વૈશાખ વદ-૧૪.** મહોત્સવ દિવસ-૧.

આજે સવારે અંજનશલાકા-પ્રતિષ્ઠા નિમિત્તે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં કુંભ સ્થાપના, જુવારારોપણ, વેદિકાપૂજન, માણેકસ્તંભરોપણ, ક્ષેત્રપાલ સ્થાપના આદિ માંગલિક વિધિ થઈ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સવારે ૮ કલાકે પૂજ્યશ્રીએ સ્વહસ્તે શ્રી નંદ્યાવર્તનું આલેખન કર્યું. પછી નંદ્યાવર્ત પૂજન થયું. લગભગ ૨ાા કલાકનો સમય પૂજ્યશ્રીને નંદ્યાવર્તના આલેખનમાં લાગ્યો. જેમાં ૧૧ વલયમાં ૨૪ ભગવાનના માતા, યક્ષ-યક્ષિણી ૬૪ ઈન્દ્ર-ઈન્દ્રાણી ઈત્યાદિ લગભગ ૩૦૦ નામ લખવાના હોય છે. પૂજ્યશ્રીએ પૂરી સ્વસ્થતા અને સાવધાનીથી આ કાર્ય પૂર્ણ કર્યું. આ નિહાળીને પૂજ્યશ્રીની અપ્રમત્તતા ઉપર લોકો આશ્ચર્યચકિત બની ગયા.

બપોરના નવગ્રહપૂંજન, ૧૦ દિકપાલપૂજન તથા અષ્ટમંગલના પૂજનોની વિધિ થઈ.

વૈશાખ વદ અમાસ. **મહોત્સવ દિવસ-૨.**

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૮,અંક-૩૫,તા.૧૬-૬-૧૯૯૦

## (૫૮) ગુજરાતની મચ્છીમાર સરકારનો કાન કોઈ પકડશે ખરું ?

**(લેખક :- શાહ અતુલકુમાર દલપતલાલ-મુંબઈ)**

તા. ૨૩ મે, ૧૯૯૦ ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રસિદ્ધ થયેલા સમાચાર અનુસાર ગુજરાતના મચ્છીમારી (તેને મત્સ્યોદ્યોગનું રૂડું રૂપાળું નામ આપવું તે તો 'ઉદ્યોગ' શબ્દની વિડંબના છે. આ સરકાર તો આવતી કાલે દારૂ, જુગાર અને વેશ્યાગીરીને પણ દારૂ ઉદ્યોગ, જુગાર ઉદ્યોગ તથા વેશ્યા ઉદ્યોગનું નામ આપી તેને પણ સન્માનનીય પ્રવૃત્તિ તરીકે ઉપસાવવાની કોશિશ કરશે !) ખાતાના પ્રધાન શ્રી દિલિપ સંઘાણીએ જાહેર કરેલ છે કે તેમનું ખાતું આ વર્ષે ૪૨ કરોડ જેટલા માછલીના બીજ પેદા કરશે જે ગયા વર્ષ કરતાં સીધા બમણા હશે. આ ઉપરાંત માછલીઓ પેદા કરવા માટે (અહીં ખરેખર તો 'મારવા માટે' એમ વાંચવું) નવા નવા તળાવો તૈયાર કરવામાં આવશે તથા જૂના તળાવોમાં એવા સુધારા (!) કરવામાં આવશે કે જેથી વધુ માછલીઓ મારી શકાય. મચ્છીમારીમાં મોટા પ્રમાણમાં વધારો કરવા માટે ચાઈનીઝ પદ્ધતિનો ઉપયોગ કરવાની પણ તેમણે જાહેરાત કરેલ. ૪૨ કરોડ માછલાનાં બીજનો અર્થ એ કે દરેક ગુજરાતી દીઠ દસ કરતાં વધુ માછલાનું પાપ આ સરકાર કરશે. અને આવા હિંસક કામો માટેના પૈસા સરકાર પાસે આપણે ભરતા કર દ્વારા જ એકઠા થતાં હોવાથી તે પાપ આપણે માથે ચોંટીને રહેવાનું.



જે દેશમાં કબૂતરને જાર, કૂતરાને રોટલા અને કીડીયારે આટાની સાથે સાથે લોકો ગામના નદી કે તળાવે જઈ લોટની નાની નાની ગોળીઓ કે ચણા જેવી વસ્તુઓ માછલાંને પણ ખવડાવતા. જેથી તે ખાઈને સંતુષ્ટ બનેલા માછલાં ખોરાક માટે નાનાં માછલાંને ન મારે, તે દેશના કમનસીબે એવી સરકારો છેલ્લા ચાલીસ વર્ષોથી તેમના માથે મારવામાં આવી છે કે જે પ્રજાના આવા અનુકંપાના ભાવોને ખીલવવાને બદલે ગામડે ગામડે મચ્છીમારીના કેન્દ્રો ખોલવા કટિબદ્ધ છે.

ધાર્મિક પ્રસંગોમાં હાજર રહે ત્યારે ધર્મગુરુઓને પણ ઉપદેશ આપવાનો પોતાનો અધિકાર સમજતા આ રાજકારણીઓ કેટલા જુઠ્ઠા છે અને વચનભંગ તો તેમને માટે કેવી રમત વાત છે તેની પ્રતીતિ તો નીચેના એક જ દાખલાથી થશે.

૧૯૬૦ માં અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થયા પછી આ રાજ્યના ઈતિહાસમાં પહેલવહેલી વાર સરકાર દ્વારા જેવી મચ્છીમારીની હિલચાલ શરૂ થઈ કે તુર્ત જ એનો પ્રચંડ વિરોધ થયેલ. ૯-૧૦-૬૦ ના દિવસે અમદાવાદના નાગરિકોની જાહેરસભામાં લેવાયેલ નિર્ણય અનુસાર શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, અમૃતલાલ હરગોવનદાસ, નંદલાલ હરિદાસ વગેરેએ પ્રધાનોને મળી જે રજૂઆત કરી તેના પરિણામે ઉદ્યોગો માટેની રાજ્ય સલાહકાર સમિતિની તા. ૧૯-૧૨-૬૦ ની બેઠકના અધ્યક્ષ સ્થાનેથી ત્યારના મુખ્યપ્રધાન જીવરાજ મહેતાએ જે વચન આપેલું તે ત્યારની સરકારી પુસ્તિકામાંથી જ અક્ષરશઃ ટાંકું છું. ''જાહેર જનતાના કેટલાક વિભાગમાં મત્સ્ય-ઉદ્યોગ હમણાં ચિંતાનો વિષય બનેલ છે. પરંતુ સરકાર તો માત્ર સાગરકાંઠાવાળા વિસ્તારોમાં જ આ ઉદ્યોગના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. આ સંબંધી ખાસ કરીને રાજ્યના અંદરના ભાગના જળવિસ્તારોમાં તેનો વિકાસ કરવા સંબંધી લોકોની લાગણી હું સમજી શકું છું. આપને વિદિત જ હશે કે આવી લાગણીને માન આપવાની નીતિ સરકાર અનુસરી રહી છે આથી જ્યાં વર્ષો થયાં આ ઉદ્યોગ ચાલી રહ્યો છે ત્યાં જ મત્સ્ય ઉદ્યોગ ખાતું તેને વિકસાવી રહ્યું છે.'' આમ રાજ્યના અંદરના જમીન વિસ્તારોમાં એટલે કે નદી, નાળાં, સરોવરો, તળાવો, વાવો વગેરેમાં મચ્છીમારી ન થવા દેવાના સ્પષ્ટ વચનનો જે સરકાર છડેચોક ભંગ કરી રહી છે તે સરકારના કાન કોઈ માઈનો લાલ પકડશે ખરો ?

ઊલટું, કમનસીબીની વાત તો એ છે કે જે નર્મદા યોજનાના સરદાર સરોવર અને નર્મદાસાગર નામના માત્ર બે જ બંધોના જળાશયમાં દર વર્ષે ૨૪ લાખ કિલો માછલાં મારવાની જાહેરાત નર્મદાનિગમની છાપેલી ચોપડીમાં જ કરવામાં આવી છે તે નર્મદા યોજનાનો પ્રચાર અને તરફેણ જીવદયા માટે લાખ્ખો રૂપિયા ખર્ચનાર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

કેટલાક જૈનો સુદ્ધાં કરી રહ્યા છે. નર્મદા યોજના માટે ભલામણો કરતા એ શ્રેષ્ઠીઓને આ બાબતોનો ખ્યાલ પણ હશે કે કેમ તે બાબત શંકા જાગે છે.

શેત્રુંજી ડેમથી માંડીને, દ્વારકા, સોમનાથ અને પ્રભાસપાટણ જેવા જૈન, શૈવ અને વૈષ્ણવ તીર્થધામોથી ઊભરાતા આખાયે સૌરાષ્ટ્રના સાગરકાંઠાને અબજો માછલાંની હત્યાથી અભડાવી દેનાર સરકારોની નીતિ-હિંદુ પ્રજાના ધર્મોની રક્ષા કરવાની વાત કરનાર-ભાજપની સરકાર આવ્યા પછી તો બદલાવી જોઈએ તેને બદલે ભાજપની સરકાર જ છાપામાં મોટી મોટી જાહેરાતો આપી મચ્છીમારીનું શિક્ષણ(!) આપવા ફિશરીઝ કૉલેજ સ્થાપવાની વાતો કરે તો પછી તેમની હિંદુત્વરક્ષાની વાતો માત્ર મત મેળવવા માટે જ છે એમ સમજવું કે પછી હિંદુત્વની સાચી રક્ષા શામાં છે તેની તેમને ખબર જ નથી એમ માનવું ? સ્કૂલ અને કૉલેજના મકાનો માટે મોટા મોટા દાન આપતા દાનવીરો તથા આપણા દેશમાં સાક્ષરતાનું પ્રમાણ ખૂબ ઓછું હોવા બાબત રોદણા રડતા સમાજસેવકોમાંથી કોઈ જઈને મંત્રીશ્રીને કહેશે કે શિક્ષણ તો જીવાડવાનું હોય, મારવાનું નહિ. ગ્રામોદ્યોગ અને ગૃહ ઉદ્યોગોને સાચું પ્રોત્સાહન આપી માછીમારોને પણ નિર્દોષ ધંધાઓમાં વાળવા જોઈએ તેને બદલે ફિશરીઝ કૉલેજ દ્વારા લોકોને વધુમાં વધુ માછલાં મારવાનું શિક્ષણ આપીને તમે શિક્ષણ શબ્દનું અવમૂલ્યન નથી કરી રહ્યા ?

હજી હમણાં જેમના જન્મની નવમી શતાબ્દિની ઉજવણી આપણે કરી તે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજી અને મહારાજ કુમારપાળની ગુરુશિષ્યની જોડીએ જે ગુજરાતમાં અહિંસાની એવી આહલેક જગાવેલી કે જેની સુવાસ આજે નવસો-નવસો વર્ષનાં વ્હાણાં વાયાં પછી પણ શમી નથી તે ગુજરાતમાં મચ્છીમારી, મરઘામારણ અને કતલખાનાઓ દ્વારા સરકાર હિંસાનું તાંડવ ફેલાવીને હેમચન્દ્રાચાર્યજીના એ ગુજરાતને બીજા પંજાબમાં ફેરવવા માગે છે ? ગુજરાતના મહાજન અને જીવદયાપ્રેમી પ્રજામાં કૌવત હોય તો તેમણે ફિશરીઝ કૉલેજથી માંડીને સરદાર સરોવરમાં મચ્છીમારી અને ૪૨ કરોડ માછલાના બીજ પેદા કરવા જેવા તુક્કાઓ તાત્કાલિક રદ કરવાનું અથવા આપણા લોહીપસીનાના કરવેરાઓનો આવો જ ઉપયોગ થવાનો હોય તો સદંતર કરબહિષ્કારનું અલ્ટીમેટમ આપી દેવાની વેળા આવી ચૂકી છે.





## (૫૯) પરમાત્મ સાક્ષાત્કારના પાંચ ઉપાય : તે દ્વારા આત્મ સાક્ષાત્કાર

### (લેખાંક-૧)

આજે 'આત્માનો સાક્ષાત્કાર કરવો' એવો વાયરો ચાલ્યો છે. અને 'એ માટે ખૂબ ધ્યાન કરો અને એમાં પોતાના અરૂપી આત્માને જુઓ,' આ ઉપાય બતાવવામાં આવે છે, પરંતુ જ્યાં સુધી મન પર બાહ્યના અનેક બંધનો પડેલા છે ત્યાં સુધી આવું આત્મદર્શન-આવો આત્મ સાક્ષાત્કાર થવો સંભવિત નથી. ખરી રીતે આત્માનો સાક્ષાત્કાર કરવા માટે પહેલાં શુદ્ધાત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરવાના પ્રયત્નો કરવા જોઈએ. કેમકે પરમાત્મા સાક્ષાત્કાર કરવા માટેના જે ઉપાય છે એ ઉપાયોથી મન પરના ઘણાં બંધનો ઓછા થઈ જાય છે, પછી સાચો આત્મસાક્ષાત્કાર કરવા તરફ પગરણ મંડાય છે.

પરમાત્માનો સાક્ષાત્કાર કરવો એટલે પરમાત્માને વીતરાગ અને શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા તરીકે આપણાં અંતરમાં અનુભવવા. એ અનુભવવા હોય તો એનાં પાંચ ઉપાય છે.

(૧) પ્રભુને જે ન ગમ્યું તે આપણને ન ગમવું જોઈએ.

(૨) પ્રભુએ જે ચલાવી લીધું તે વ્યાજબી કર્યું એમ આપણને લાગવું જોઈએ.

(૩) મનને હંમેશાં લાગે કે 'જગતમાં મારું કશું નથી, મારે તો મારા પ્રભુ છે.'

(૪) અરિહંત પ્રભુ મળ્યા પછી મારે કશું દુઃખ નથી, એમ મન બોલ્યા કરે.

(૫) પ્રભુ મળ્યા પછી મારે કશી ન્યૂનતા નથી એવું મનને સચોટ લાગવું જોઈએ.

આ પાંચને આ રીતે વિસ્તારથી સમજવાની છે.

**(૧) પ્રભુને જે ગમ્યું તે આપણને ગમવું જોઈએ :-**

પ્રભુને રાગ-દ્વેષ, હર્ષ-ખેદ, ગુસ્સો-ગુમાન વગેરે ન ગમ્યા... તો આપણને પણ તે ન ગમવા જોઈએ. દા.ત. મહાવીર પ્રભુને ગૌતમ ઉપર રાગ ન ગમ્યો અને ગોશાળા ઉપર દ્વેષ ન ગમ્યો. તો ૩૦-૩૦ વરસ સેવા કરનાર ગૌતમસ્વામીને નિર્વાણ અવસરે આઘા કાઢ્યા. જે વખતે બીજો વિશાળ પરિવાર હાજર હતો.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પોતાના અંત સમયે જ્યારે વિશાળ પરિવાર હાજર હતો ત્યારે મુખ્ય શિષ્ય ગૌતમસ્વામીને તો વ્યવહારથી પણ ખાસ હાજર રાખવા જોઈતા હતા. પરંતુ ગૌતમ પર એવો રાગ ન હતો, માટે એમને પાસે ન રાખ્યા.

તેમ ભગવાનને ગોશાળા પર દ્વેષ ન હતો તેથી ગોશાળો તેજોલેશ્યા મૂકવા ઊભો છે એ વખતે પોતાના ૧૪ હજાર શિષ્યોના પરિવાર અને ક્રોડ દેવતાના પરિવારને ગોશાળાને રોકવા કશું સૂચવ્યું નહીં. જો પ્રભુને ગોશાળા પર દ્વેષ હોત તો પોતાના પરિવારને સૂચવ્યું હોત કે - ગોશાળાને અહીં આવવા દેતા નહીં.

પ્રભુને શું ન ગમ્યું ? - પ્રભુને કાયાની સુંવાળાશ ન ગમી, માટે પ્રભુ દીક્ષા પછી લગભગ કાયોત્સર્ગમાં ખડા રહ્યા. ઋષભદેવ ભગવાન એ રીતે ૧ હજાર વર્ષ સુધીના છદ્મસ્થ કાળમાં ઊભા ને ઊભા જ રહ્યા ! કેમ ? ભગવાનને દેહમમતા, દેહાધ્યાસ ન ગમ્યા. એટલા માટે એમણે એકાંત ગુફામાં શાંતિથી બેસીને ધ્યાન કરવાનું રાખવાને બદલે જંગલમાં કે શૂન્ય ઘર વગેરેમાં કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહેવાનું રાખ્યું, જેથી કાયાની સુખશીલતા-સુંવાળાશ ન પોષાય, શાંતિથી બેસીને ધ્યાન કરવામાં એ પોષાય છે. ભગવાનને એ ગમતી નહોતી. એટલા જ માટે આપણને પણ કાયાની એવી સુખશીલતા-સુંવાળાશ ન ગમવી જોઈએ. એ માટે ત્યાગ-તપસ્યા પરિષહ સહન આદિ દ્વારા સહર્ષ કષ્ટ સહન કરવાનું રાખવું જોઈએ.

(૨) **'પ્રભુએ જે વધાવી લીધું તે વ્યાજબી કર્યું' એમ આપણને લાગવું જોઈએ :-**

મહાવીર ભગવાને ગોવાળિયો કાનમાં ખીલા ઠોકવા આવ્યો તો તેને ધક્કો ન માર્યો પણ એને વધાવ્યો. તે ત્યાં સુધી કે ગોવાળિયો કાનમાં ખીલો ઠોકવા જાય તો ભગવાનનું માથું પ્રહારના આઘાતથી હાલી જાય એટલે ખીલો કાનમાં અંદર ઘુસી શકે નહીં, તેથી ભગવાને એને એના કાર્યમાં આ રીતે સહાયતા કરી કે પોતાનું મસ્તક સજડબંબ સ્થિર રાખ્યું અને બે કાનમાં ખીલા ઠોકાવાનું વધાવી લીધું.

સંગમ દેવતાએ છ છ મહિના સુધી ભગવાનની અવહિલના કરી, અનાર્યદેશના લોકોએ છ મહિના સુધી ભગવાનને અનેક જાતના ત્રાસ આપ્યા એ બધું ભગવાને પોતાના વિના અપરાધે ખોટું સહવાનું વધાવી લીધું. એ આપણને વ્યાજબી લાગવું જોઈએ. ત્યાં એવો પ્રશ્ન ન કરાય કે આવું ખોટું કેમ સહન કરાય ? આવા પ્રશ્નનો અર્થ એ થાય કે ભગવાને ખોટું કર્યું તે ગેરવ્યાજબી છે. ત્યાં આપણને ભગવાન પર શ્રદ્ધા ક્યાં રહી ? ખરી રીતે ભગવાનને ત્યાં ધન્યવાદ આપવો જોઈએ કે - "વાહ રે મારા વીર મેરુ ડોલાવવાની શક્તિવાળા આપે



આવા અનાડી માણસોનું ખોટું ઘણું સહન કર્યું અને ક્ષમાધર્મનો સિમેન્ટ કોંક્રીટનો પાયો નાંખ્યો. જેથી આપની પછીના અમારા જેવા કંગાળ નિઃસત્ત્વ જીવોને પણ જીવનમાં ખોટાની સામે પણ ક્ષમા કેળવવાનું મનોબળ મળે. ધન્ય તમને."

ભગવાને આવા ઘણા બધા કષ્ટ સ્વેચ્છાથી વધાવી લીધા. એ આપણે કદાચ આપણી જાતમાં વધાવી ન શકીએ તો પણ ભગવાને પોતાની કાયા પરના જુલમને વધાવી લીધા એ કમમાં કમ આપણને વ્યાજબી તો લાગવું જ જોઈએ.

(૩) **મનને હંમેશાં લાગે કે - 'જગતમાં મારું કશું નથી, મારે તો મારા પ્રભુ છે,' મારા દિલમાં એ સલામત તો સબ સલામત.**

હૃદયના આ નિશ્ચિત ભાવ ઉપર મગધ સમ્રાટ શ્રેણિકને પુત્ર કોણિકે કેદમાં પૂર્યા, અને ઉપરથી એમને રોજના ૧૦૦ હંટર મરાવે છે ! છતાં રાજા શ્રેણિકના મનને કશું દુઃખ ન લાગ્યું કે - "હાય મારું રાજ્ય ગયું ! મારો છોકરો જ મને કેદમાં પૂરે ?" કેમ કે એમણે મનમાં નિશ્ચિત રાખ્યું હતું કે 'જગતમાં કશું જ મારું નથી. મારે તો ભગવાન જ મારા છે.' તેથી એ જેલમાં પણ મસ્તીથી રહેતા અને અંતરમાં પરમાત્માનો સાક્ષાત્કાર અનુભવતા.

**પાલક** પાપીએ ૪૯૯ મુનિઓને યંત્રમાં પીલી નાખ્યા પછી ગુરુ ખંધકસૂરિએ પાલકને કહ્યું - 'આ બાળમુનિને જવા દે; યા કમમાં કમ એને મારી નજર સામે ન પીલ. પહેલાં મને પીલી નાખ.' ત્યારે અનાડી પાલકે ન માનતાં બાળમુનિને પહેલાં પીલવા લીધા. ત્યાં બાળમુનિને એવો ખેદ ન થયો કે - 'અરેરેરે! આ અનાડીએ મારા જેવા બાળ માટે પણ મારા ગુરુ આચાર્યનું ન માન્યું ?' ખેદના બદલે એ શુભ ભાવનામાં ચડ્યા અને પીલાતાં કેવળજ્ઞાન લીધું ! તો એ ભાવના કેવીક હશે ? - આવી જ કોઈક કે "આ જગતમાં કશું જ મારું નથી. આ પુદ્ગલના લોચારૂપ કાયા પણ મારી નથી. મારે તો મારા મુનિસુવ્રત ભગવાન જ મારા છે. માટે કાયાને ગમે તે થાય તેમાં મારું કશું બગડતું નથી. મારા દિલમાં ફક્ત મારા ભગવાન સલામત રહો." આ વિચારથી પરમાત્માનો સાક્ષાત્કાર થયો ને ત્યાં જ એ વીતરાગ બન્યા, કેવળજ્ઞાન પામ્યા અને મોક્ષમાં ગયા !

**કામદેવ** શ્રાવક પૌષધ-પડિમા વહન કરતા હતા. રાતના ધ્યાનમાં ઊભા હતા, ત્યાં દેવતાએ એમની સમતાની પરીક્ષા કરવા મોટો હાથી, મોટો અજગર અને ભયંકર પિશાચનાં રૂપ કરી, બીક આપીને ધ્યાનમાંથી ડગાવવા ઘણું કર્યું, પણ કામદેવ લેશમાત્ર પણ ન ડગાયા. ત્યારે દેવતાએ એમના માતા-પિતાનાં રૂપ બનાવી એમને ચપ્પલથી મારવા મંડ્યો. માતા-પિતા ચીસ પાડે છે - 'હે દીકરા! આ દુષ્ટ માણસ અમને મારે છે. તું અમને બચાવ. તું અમને કેમ બચાવતો નથી !' આવા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

અનુકૂળ ઉપસર્ગમાં પણ કામદેવ ડગ્યા નહીં ! કેમ ? કહો કે એમના મનમાં નિર્ધાર હતો કે આ જગતમાં કશું મારું નથી. તો માતા-પિતા પણ મારા નથી. મારા તો એક માત્ર મહાવીર ભગવાન છે. આ નિર્ધાર પર અડગ રહ્યા તો દેવતા પણ નમી પડ્યો અને એમની ધર્મમાં દૃઢતાની પ્રશંસા કરી તેમજ પ્રભાતે મહાવીર પ્રભુએ પોતાના સાધુ-સાધ્વીને એકઠા કરી કહ્યું - 'જુઓ ! આ એક ઘરબારી ગૃહસ્થ-માણસ કામદેવે આજ રાતના પૌષધ પ્રતિમામાં દેવતાઈ ભયંકર ઉપસર્ગ કેવી દૃઢતા અને સમતાથી સહન કર્યા ! તો તમે બધા તો સંસારના ત્યાગી સંયમી સાધુ તમારે કેટલું સહન કરવું જોઈએ !'

અહીં સવાલ છે કે - કામદેવ એ દૃઢતા અને સમતા કેમ રાખી શક્યા ? કહો, મનમાં એક જ હિસાબ હતો કે - 'જગતમાં મારું કશું જ નથી. મારા માતા-પિતા યાવત્ મારી કાયા પણ મારા નથી તો એનો વિચાર જ શાનો ? મારા તો એક મહાવીર ભગવાન જ મારા છે.' એ ભાવના મનમાં રમ્યા કરતી હતી. તેના બળ પર સમતા અખંડિત રહી હતી અને અંતરમાં પ્રભુનો સાક્ષાત્કાર થયો.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૮,અંક-૩૭,તા.૩૦-૬-૧૯૯૦

## (૬૦) (લેખાંક-૨)

ગત લેખમાં એ જોયું કે - આપણા અંતર આત્મામાં પરમાત્માનો કંઈક સાક્ષાત્કાર કરવો હોય તો પાંચ ઉપાય આદરવા જોઈએ, આત્મ સાક્ષાત્કારની વાતો કરીએ છીએ, પરંતુ એ કરવા માટે પહેલાં પરમાત્મ સાક્ષાત્કાર કરવાની જરૂર છે. એના હવે ચોથા-પાંચમાં ઉપાયનો વિચાર કરીએ. આ ઉપાય આદરવાથી આપણને પોતાને અંતરમાં પરમાત્માનો અંશે સાક્ષાત્કાર થવાનો અનુભવ થાય છે.

**(૪) 'અરિહંત પ્રભુ મળ્યા પછી મારે કશું દુઃખ નથી,' એટલી બધી પ્રભુમાં હુંફ હોય.**

માણસ દુઃખ આવે ત્યારે ગરીબડો થઈ જાય છે. એવા ગરીબડા શા માટે થવું જોઈએ ? મનમાં એક વાત નક્કી રાખે કે 'મને અરિહંત ભગવાન મળ્યા છે, એટલે હવે મારે કશું જ દુઃખ નથી,' અને ભગવાનમાં પૂરી હુંફ અનુભવે, તો પછી દુઃખ પર દુઃખિયારા-ગરીબડા થવાની જરૂર જ નહિ. એટલા માટે તો કહ્યું - **'નવકારનો ગણનારો દુઃખી ન હોય !'** 'દુઃખી' એટલે કે દુઃખિયારો, ગરીબડો, રુદન કરનારો ન હોય. કેમ કે એને મહા સુખનું સાધન પંચપરમેષ્ઠી મળી ગયા છે. એટલે એમાં એને ભારે હુંફ છે. તેથી કશું દુઃખ એને દુઃખરૂપ લાગતું જ નથી.



દા.ત. સીતાજી રામચંદ્રજીની સાથે વનવાસ ગયા ત્યાં એમને - 'હાય ! મહેલવાસને બદલે વનવાસ ! હાય ! રાજશાહી સુખ-સગવડો ભોગવવાને બદલે જંગલમાં ખુલ્લા પગે કાંટા-કાંકરામાં ચાલવાનું ? અને ઝુંપડીમાં રહેવાનું ?' આવું કશું જ દુઃખ એમને લાગ્યું નહીં. 'અરેરે ! બાપના ઘેરથી હું શું સમજીને સાસરે આવેલી ? ને આ કેવા દુઃખના દહાડા જોવાના આવ્યા !' એવું કશો જ સંતાપ એમને થયો નહીં; કેમ કે એમને પતિમાં એવી પૂરી હૂંફ હતી. એવી રીતે આપણને પણ પ્રભુ મળ્યાથી પછી કશું જ દુઃખ ન લાગે, જો પ્રભુમાં આપણને એવી જ પૂર્ણ હૂંફ હોય. મનને એમ થાય કે 'મને સર્વ સુખના ભંડાર અરિહંત પ્રભુ મળ્યા છે. તો મારે સુખ સુખ ને સુખ જ છે. મારે શું દુઃખ છે ?' આ ભાવ કેળવવાથી અંતરમાં પ્રભુનો સાક્ષાત્કાર થાય.

મહાસતી દમયંતી પતિ નળ સાથે વનમાં મુકાયા, અને પતિ એમને કહે છે, 'જુઓ આ તમે ના-ના કહેવા છતાં મેં જુગાર ખેલ્યા તો તમને આ વનવાસના દુઃખ દેખાડ્યા.'

મહાસતી કહે છે - 'આ તમે શું બોલ્યા ? જેમ મહેલવાસ તેમ વનવાસ પણ કર્મની એક રમત છે. બાકી તમે સાથે છો તો મારે કશું દુઃખ નથી.' દમયંતીને તો પણ પતિ નળે પિયરના રસ્તે ચડી જવા માટે અડધી રાતે જંગલમાં એનો ત્યાગ કર્યો, અને એને ઊંઘતી મૂકીને નળ ચાલ્યો ગયો. ત્યારબાદ મહાસતી મુખ્યતયા પોતાનું શીલ સાચવતી સાચવતી આગળ વધી, અને આગળ એક તાપસોના આશ્રમ પાસે પર્વતોની ગુફા સલામત ધારીને નળના સમાચારની રાહ જોતી જોતી ત્યાં ગુફામાં એણે સાત વર્ષ પસાર કર્યા. એ વખતના શાસનપતિ શ્રી શાંતિનાથ ભગવાનની માટીની મૂર્તિ બનાવીને રોજ પુષ્પોથી એમની પૂજા કરવાપૂર્વક પ્રભુના ગુણગાન આદિ કરતી રહી. એના મનને કશું દુઃખ ન લાગ્યું કેમ કે એને પ્રભુમાં ભારે હૂંફ હતી કે - 'મને અરિહંત પ્રભુ મળ્યા છે મારે કશું દુઃખ નથી.'

**(૫) 'પ્રભુ મળ્યા પછી મારે કશી ન્યૂનતા નથી' - એવું મનને સચોટ લાગવું જોઈએ :-**

મારા પ્રભુમાં બધું છે, મારે હવે શું જોઈએ ? કશું જ નહિ.

દેવપાલ ઢોરાં ચારવાવાળો નોકર અને એને જંગલમાં પર્વતની ભેખડમાં દટાયેલી ઋષભદેવ ભગવાનની પ્રતિમા મળી. એથી એનું મન એવું ભરાઈ ગયું ને ધરાઈ ગયું કે એણે ટેક ધરી કે રોજ આ ભગવાનના દર્શન-પૂજન કર્યા વગર મોંમાં પાણીનું ટીપું પણ નાંખવું નહીં. એમાં સાત દિવસ વરસાદની હેલી થતાં એ જંગલમાં જઈ શક્યો નહીં અને આઠમે દિવસે વરસાદ બંધ થતા પ્રભુ પાસે પહોંચી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પ્રભુ આગળ રૂએ છે કે - 'પ્રભુ ! સાત સાત દિવસ આપની ભક્તિ વિના મારા વાંઝિયા ગયા. જોઈએ તો મને ૭ નહીં ૨૭ દિવસના ઉપવાસ કરાવજે પરંતુ એક પણ દિવસ મને તારી ભક્તિ વિનાનો ન રાખીશ.' એમ ઊભો ઊભો રડે છે ત્યાં ચક્રેશ્વરી દેવી પ્રગટ થઈ. એને કહે છે - 'દેવપાલ ! હું આ તારા ભગવાનની અધિષ્ઠાયિકા દેવી છું. તારી અપરંપાર ભક્તિથી હું પ્રસન્ન થઈ છું. તારી ભક્તિના બદલામાં તારે ઇષ્ટ હોય તે માંગી લે.' ત્યાં દેવપાલ કહે છે - 'મારે ભક્તિ વિના કાંઈ જોઈતું નથી.'

દેવપાલ એક મામુલી નોકર ! શું એને કશું જોઈતું નથી ? પરંતુ એને ભગવાન પર એટલી બધી શ્રદ્ધા હતી કે મને ભગવાન મળ્યા છે, તો હવે મારે કશી ખોટ નથી. એને દેવીએ ઘણો ચકાસ્યો પરંતુ પ્રભુ મળ્યા પછી એને કોઈ વાતની ખોટ-ન્યૂનતા જ લાગતી નથી તો પછી શું માગે ? - દેવીએ બહુ કર્યું ત્યારે એ જવાબ કેવોક અદ્ભુત દે છે ! એ કહે છે - 'માતાજી ! મારી પ્રભુભક્તિ ઐરાવણ હાથી જેવી છે. એના બદલામાં કાંઈક માંગી લેવાનું તું કહે છે, એનો અર્થ - "તારો ઐરાવણ હાથી વેચીને ગધેડો ખરીદી લે, એમ તું આગ્રહ કરી રહી છે. પણ માફ કરજે, મારે ભક્તિ વેચવી નથી."

ત્યારબાદ દેવીએ કહ્યું - "તું મારું આપ્યું નહીં લે; પરંતુ આ ઉત્કૃષ્ટ ભક્તિથી તેં ઉપાર્જન કરેલું પુણ્ય જ તને સાત દિવસમાં આ નગરનો રાજા બનાવશે." ત્યારે પણ પ્રભુ મળ્યા પછી એને કશું જોઈતું જ નથી; તેથી દેવપાલને આનંદ થવાને બદલે ખેદ થયો કે - 'અરે ! તો પછી રાજપાટ સંભાળવાની ખટપટમાં હું મારા પ્રભુની નિશ્ચિંત ભક્તિ શી રીતે કરી શકીશ ?" અને બન્યું પણ એવું જ. કેવળજ્ઞાનીએ એ રાજાનું સાત દિવસનું આયુષ્ય કહેલું, ત્યારે કોઈને રાજ્ય સોંપી ચારિત્ર લઈ લેવા માટે એણે પાણીના કળશ સાથે સાંઢણી બહાર કાઢેલી. અમારા મસ્તક પર સાંઢણી કળશ ઢોળે એ ભાવનાથી મોટા શેઠિયાઓ યાવત્ દેવપાલનો શેઠ પણ રસ્તા પર આવી આશાએ ઊભેલા, ત્યારે દેવપાલ નગરની બહાર જઈ, ઢોરાં ચરતા રહેવા દઈ, પોતે ઝાડ નીચે બેઠેલો હતો. કેમ કે એને તો 'મને તો પ્રભુ મળ્યા છે એટલે મારે કશી ન્યૂનતા જ નથી' એ જ ભાવ મનમાં હતો તેથી અહીં શું કામ ઊભો રહે ? એટલે જ તો ચક્રેશ્વરી દેવીની ઓફર એણે ઠુકરાવી દીધેલી. પરંતુ પુણ્ય કેવો જાદુ કરે છે કે સાંઢણીએ આખા નગરને ટાળીને નગરની બહાર આવી દેવપાલના માથે જ કળશ ઢોળ્યો અને એને પોતાની પીઠ પર બેસાડ્યો અને રાજા તરીકે જાહેર કર્યો.



**ચંદનબાળા**એ પણ આ કરેલું. મૂળા શેઠાણીએ એનું માથું મુંડાવી, પગે બેડી ઘાલી ત્રણ દિવસ ભોંયરામાં પૂરી રાખી અને ત્રીજે દિવસે પાલક પિતા એને લેવા આવ્યા અને પોતે રોઈ પડી અને આશ્વાસન આપતા હતા કે આ તારી માએ શું બાળ્યું ? ત્યારે ચંદનબાળાએ આ કહેલું કે - 'મને મારા મહાવીર ભગવાન મળ્યા છે એટલે મારે કશી વાતની ન્યૂનતા નથી. ઊલટું માતાએ આ બધું કરીને મારા ભગવાનને ચોવીશે કલાક રટવાની સગવડ કરી આપી. નહિતર બેડી ન હોય તો ચાલવા કરવામાં, માથે કેશ હોય તો તેને સમારવામાં, ભૂખ-તરસ લાગે ત્યારે ખાવા-પીવામાં વગેરેમાં મારે પરોવાવું પડે અને ત્યાં વહાલા વીર ભગવાનને ભૂલી જવાય !

**મયણાસુંદરી**ને એના પિતાએ કોઢિયો પતિ આપ્યો અને એને લઈને જ્યારે એ બજાર વચ્ચેથી નીકળી ત્યારે લોકો એની નિંદા કરવા મંડ્યા - 'જોયું ! બાપની સામે ચવાવલી થઈ તો સારો રાજકુમાર પતિ અને મોટો દાયજો મળવાનું ગુમાવ્યું.' ત્યારે પણ મયણાના મનને એટલા માટે આનંદ હતો કે મને અરિહંત ભગવાન અને એમના કર્મસિદ્ધાંતની રક્ષા કરવાનું મળ્યું છે એટલે બધું મળી ગયું છે. મારે કશી ન્યૂનતા નથી.

સારાંશ, ઉપરોક્ત પાંચ ઉપાય સિદ્ધ કરવામાં આવે તો આપણા અંતરમાં ભગવાનનો ખરેખરો સાક્ષાત્કાર થાય અને તો જ ત્યાં આપણા આત્માનો પણ સાક્ષાત્કાર થાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૮,અંક-૩૮,તા.૭-૭-૧૯૯૦

## (૬૧) અરવિંદભાઈ એમ પારેખનો એક પત્ર

તારીખ : ૯-૬-૯૦

વિદ્વદ્વર્ય રા.રા. શ્રી સાદર પ્રણામ.

છેલ્લા ૪૦ વર્ષથી આ દેશની પ્રજા ઉપર લાદવામાં આવેલું રાજ્યતંત્ર આ દેશની પ્રજા માટે એક ભયભરેલી રચનાના સ્વરૂપમાં બહાર આવતું જાય છે. તેની ઉત્પત્તિ અન્યાયના પાયા ઉપર કરવામાં આવી છે. સ્થાનિક પ્રજાના હિતોનો નાશ કરવાની, તથા આંતરરાષ્ટ્રીય શ્વેત પ્રજાના હિતો આ દેશમાં વિકસાવવાની દિશામાં આ તંત્ર હરણફાળ ભરી રહ્યું છે. 'વિકાસ' શબ્દનો સાચો અર્થ છુપાવી રાખવામાં


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

આવ્યો છે. 'વિકાસ'ના નામ હેઠળ પ્રજાને નિચોવવામાં આવતી રહે, પરંતુ 'વિકાસ'નો સાચો અર્થ - ''કોના માટે વિકાસ ?'' એ વાત પડદા પાછળ છુપાવાયેલી રાખવામાં આવે.

આ દેશની પ્રજા ઉપર જેટલો જુલ્મ ચંગીઝખાને, નાદીરશાહે કે મોગલ બાદશાહોએ નથી કર્યો, તેના કરતાં કેટલાય ગણો જુલ્મ અંગ્રેજોએ કર્યો છે, અને અંગ્રેજોના જુલ્મને પણ ટપી જાય તેવો જુલ્મ તેમણે ગોઠવેલા દેશી પ્યાદાંઓએ કર્યો છે. તેના ફળ સ્વરૂપ ઈ.સ. ૨૦૪૭ સુધીમાં યુરોપિયન પ્રજાનું સંપૂર્ણ સ્વરાજ્ય આ દેશમાં સ્થપાઈ જાય તો નવાઈ નહીં.

જેમ મુઠ્ઠીભર અંગ્રેજી ભણેલા માણસો દ્વારા ખેતી અંગેની નીતિ નક્કી કરી દેશના તમામ ખેડુતો ઉપર ખેતી વિષયક એ નીતિ લાગુ કરવામાં આવે છે, જેમ પશુ સંવર્ધન વિષયક નીતિ મુઠ્ઠીભર માણસો દ્વારા લાદવામાં આવે છે, તેમ મુઠ્ઠીભર માણસોએ એકત્ર થઈ નવું બંધારણ ઘડી દેશની પ્રજા ઉપર ઠોકી બેસાડ્યું છે. આ દેશની પ્રજાની સંસ્કૃતિ વિરુદ્ધ, રીતરિવાજોની વિરુદ્ધ, જીવનના ઉદ્દેશ વિરુદ્ધ બંધારણ ઘડવાનો અધિકાર એ અંગ્રેજી ભણેલાઓને કોણે આપ્યો હતો ? ક્યારે આપ્યો હતો ? દેશની પ્રથમ ચૂંટણી તો ઈ.સ. ૧૯૫૨ માં થઈ હતી, તો પછી ઈ.સ. ૧૯૪૬ માં બંધારણસભાને નવું બંધારણ ઘડવાની સત્તા કેવી રીતે પ્રાપ્ત થઈ ?

આખી બંધારણસભાની રચના જ અન્યાયના પાયા ઉપર હતી અને જો તેવું સાબિત થાય, તો તેના દ્વારા ઘડાયેલું નવું બંધારણ અન્યાયના પાયા ઉપરનું ન ગણી શકાય ? તો પછી તે બંધારણને આધારે ઘડાયેલી પાર્લામેન્ટ અને તેણે પસાર કરેલા કાયદાઓમાં ન્યાયનું તત્ત્વ શી રીતે સમાય છે ?

જ્યારે આ પ્રશ્ન શ્રી મીનુ મસાણીને પૂછવામાં આવ્યો હતો, ત્યાર તેમણે નીચેના ભાવાર્થનો જવાબ આપ્યો હતો. "I do not know anything about the legality of the constituent Assembly, and in this annection you may refer to mr. Seshagiri Rao at Bangalore."

બંધારણના પ્રીએમ્બલમાં લખ્યું છે, "We, the People..." "We" એટલે કોણ ? બંધારણના ઘડનારા ૫૦૦ માણસો "We the People" નથી બની જતા. બધું બમેબમ ચાલે છે. શ્રી નાની પાલખીવાલાથી માંડીને શ્રી સોલી સોરાબજી જેવાએ આ પાયાના પ્રશ્નને સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો હશે કે કેમ ? અથવા તેનો સાચો જવાબ તેમની પાસે હશે કે કેમ ? વળી બંધારણની કલમોનો ઝીણવટભર્યો ઊંડો અભ્યાસ કરવામાં આવે તો સ્પષ્ટ જણાઈ આવશે કે તેમાં ન્યાયના અંશ



કરતાં અન્યાયના તત્ત્વો વધુ જોડાયેલાં છે. બંધારણસભાએ નવું બંધારણ આ દેશની પ્રજાના સર્વાંગીણ વિકાસ માટે ઘડવાનું હતું ? કે યુરોપિયન પ્રજાના હિતો આ દેશમાં વિકસાવવા માટે ઘડવાનું હતું ? આ દેશના ઋષિમુનિઓએ ઘડેલા બંધારણની વિરુદ્ધ થઈ, નવા બંધારણમાં રાજ્યને નહીં કરવાના કાર્યો રાજ્યને શા માટે સોંપવામાં આવ્યા છે ? વેપાર કરવાનું કાર્ય રાજ્યનું નથી, ખેતી કરવાનું કાર્ય રાજ્યનું નથી, અનાજ ભરવાનું કાર્ય રાજ્યનું નથી, પશુ ઉછેર કરવાનું કાર્ય રાજ્યનું નથી; છતાં આ બધાં કાર્યો રાજ્યોને સોંપીને દેશના ખેડુતોના, વેપારીઓના, રબારીઓના વગેરેના ધંધાઓ પડાવી લઈ તેમને અને તેમની સાથે જોડાયેલા હજારો વર્ષ જૂના સિદ્ધ થયેલા ખેતીવિજ્ઞાનને, પશુવિજ્ઞાનને, વેપારીકાળને છિન્નભિન્ન કરી નાખવામાં આવ્યા છે. બંધારણની એક એક કલમ અન્યાયના પાયા ઉપર રચાયેલી છે. લોર્ડ વેવલ, પેથિક લોરેન્સ, લોર્ડ માઉન્ટબેટન, સ્ટેફર્ડ ક્રીપ્સ વગેરેના હાથમાં રમી જઈ દેશના અંગ્રેજી ભણેલા માણસોએ આ દેશની પ્રજા ઉપર કાળો કેર વર્તાવ્યો છે, તેમના સમગ્ર જીવનને ચૂંથી નાખ્યું છે.

સ્વરાજ્યના રૂડા નામ નીચે પ્રજાના જીવનના તમામ પાસાઓને પરાધીન બનાવવાનું જે કૌભાંડ - જે આંતરરાષ્ટ્રીય રેકેટ ચાલી રહ્યું છે, તેનો ભાંડો ફોડવાના કોઈ ઉપાયો સૂઝે છે ? પ્રજાને પરાધીન બનતી અટકાવવાના ઉપાયો સૂઝે છે ?

કહેવાતું સ્વરાજ્ય મેળવવા જે પ્રયાસ કરવા પડ્યા હતા તેના કરતાં ગંભીર પ્રયાસો સાચું સ્વરાજ્ય પ્રાપ્ત કરાવવા કરવા પડશે. દેશના સાચા વિદ્વાનોનું ઘોંઘાટ નીચે દાબી દેવામાં આવેલા સત્ય તરફ આપશ્રી ધ્યાન દોરી શકો તે માટે અત્રે સંક્ષેપમાં કેટલોક નિર્દેશ કરવામાં આવ્યો છે. આપનાથી બનતું આપ બધું જ કરી છુટશો એવી શ્રદ્ધા છે, માટે જ આપને આ પત્રમાં કેટલીક ગંભીર બાબતો જણાવી છે. આ દેશની પ્રજાને સાચો રાહ બતાવવાની તમામ શક્તિઓ / સગવડો ઈશ્વર તમને પૂરી પાડે એવી પરમાત્મ તત્ત્વને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

સૌની કુશળતા ચાહું છું.

107 પ્રસાદ ચેમ્બર્સ, તમારો,

ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪. **અરવિંદ મ. પારેખ**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## ૬૨ પર્યુષણા પર્વમાં રાત્રિભોજનથી બચો

**(લે. આચાર્યશ્રી વિજય રાજેન્દ્રસૂરિજી મ.)**

ભાદરવા સુદ ૧ ના દિવસે મહાવીર પ્રભુના જન્મવાચન પૂર્વે દરેક જૈન સંઘમાં ચૌદ સુપના-પારણાની ઉછામણી બોલાવવામાં આવે છે. જેમાં ચઢાવા ઘણા હોય છે. બોલીની શરૂઆત મોડી થાય, લોકો મોડા આવે, ઘીની ઉછામણીમાં સમય વધુ લાગે. તેવી સ્થિતિમાં જન્મવાંચનનું મોડું થાય છે. પારણું લઈ જવાના વરઘોડામાં સમય લાગે છે. આ દિવસે કેટલાક સ્થાનોમાં રાત્રિભોજનનો દોષ સેવવો પડે છે. આ માટે દરેક સંઘે આ મહા પર્વના દિવસોમાં જરા પણ દોષ ન લાગે તે માટે સૂર્યાસ્તના ૧-૧ાા કલાક પૂર્વે જન્મવાંચન (લગભગ સાંજના ૫-પાા કલાકે) થઈ જાય તે રીતે સુપનાની ઉછામણી વહેલી કરવી યોગ્ય છે, પૂ. ગુરુભગવંતો સમયસર જન્મવાંચન કરે તે લાભદાયી છે. સંઘ પૂ. ગુરુભગવંતનો સમયસરનો આદેશ તહત્તિ કરી રાત્રિભોજનના દોષથી બચી જવું યોગ્ય છે. તપ આરાધના સાથે આત્મશુદ્ધિ માટેનું મહા પર્વ છે. ઘીની ઉછામણીના લોભમાં ગુરુવચનનો સ્વીકાર ન થતાં રાત્રિભોજન અનેકોને કરવું પડે તે નુકશાન ઘણું મોટું છે. જૈન સંઘોએ સમયસર ઉછામણી કરવી જેથી કોઈને પણ રાત્રિભોજન ન કરવું પડે.

કલ્પસૂત્રના-સુપના પારણાના કે તપશ્ચર્યા નિમિત્તે કરાતા રાત્રિ જાગરણ-જિનભક્તિમાં રાતના ચા-નાસ્તો, રાત્રિભોજન કરવું-કરાવવું નહીં. અન્યથા લાભ કરતાં જિનાજ્ઞા-ઉપેક્ષાનું નુકશાન સૌએ ધ્યાનમાં લઈ વિવેક કેળવવા જેવું છે.

પર્યુષણા બાદ જિનભક્તિના મહોત્સવોની ઉજવણીમાં સિદ્ધચક્રપૂજન વગેરે પૂજનો સાંજે ૬ સુધી ચાલતાં રહે છે. તેમાં ઘણી જગ્યાએ રાત્રિભોજનનો દોષ લાગે છે. આ માટે દરેક જગ્યાએ મોટા પૂજનો સવારે ૯ થી ૧ાા વાગ્યા સુધી ગોઠવણ કરવામાં આવે તો સંઘજમણ કે વિશાળ સંખ્યામાં જમનાર હોય તો પણ રાત્રિભોજન થશે નહીં. વધેલી વસ્તુઓનું દિવસ છતાં અનુકંપાદાન થશે. અન્યથા રાત્રિના વધેલી વસ્તુઓ પડી રહે છે. રાત્રિના જમણવારની વાસણ વગેરેની સાફસુફી વગેરેમાં ઘણી હિંસા રહેલી છે. આ માટે વિધિકારો તથા પૂ. ગુરુભગવંતો પૂજન કરાવનારને, સમજાવીને રાત્રિભોજનના મહાદોષમાંથી બચવાની અરિહંત પરમાત્માની પાલન થાય તેવી આજ્ઞાની દેવાધિદેવના પૂજન-ભક્તિ પ્રસંગે ઉપેક્ષા કરવી કોઈ પણના માટે પણ હિતકર નથી. પૂજનબાદ આજ્ઞાની ઉપેક્ષા કરીને



રાત્રિભોજન કરવું-કરાવવું કેવા અશુભકર્મ બંધાવશે ? સ્વામીવાત્સલ્ય પણ દિવસના રહે અને તેમાં પણ દ્વિદળ-કોથમીર-બરફ-પાંઉ-વાસી મિઠાઈ-માવા-મેવા વગેરે અભક્ષ્ય વર્જવા વિશેષ ઉપયોગ જરૂરી છે. અભક્ષ્ય ખાનપાનના નુકશાનો અપરંપાર છે, જયવંત શાસન પામી સૌ ધર્મી બનો.

**રાત્રિભોજન ત્યાગી જૈન બનો**

રાત્રિભોજન વારો, આગમવાણી સાચી જાણી, સમકિત ગુણ સહિ નાણી રે **પ્રાણી ! રાત્રિભોજન... વારો**

અભક્ષ બાવીશમાં રયણી ભોજન, દોષ કહ્યા પરધાન, તેણે કારણે રાતે મત જમજો, જો હોય હૈયડે સાન રે પ્રા૦

માખી, જુ, કીડી કોળીવાડો, ભોજનમાં જો આવે, કોઢ જળોદર વમન, વિકળતા એવા રોગ ઉદ્ભવે રે પ્રા૦

રાત્રિભોજનમાં દોષ ઘણાં છે, કહેતાં ન આવે પાર, કેવળી કહેતાં પાર ન આવે, પૂરવ કોડી મઝાર રે પ્રા૦

એવું જાણીને ઉત્તમ પ્રાણી રે, નિત ચઉવિહાર કરી જે, દોય માસે માસખમણનો, લાભ એણીવિધ લીજે રે પ્રા૦

રાત્રિભોજન-પરસ્ત્રીગમન-બોળ અથાણું અને કંદમૂળનું ભક્ષણ નરકમાં લઈ જનાર મહાપાપ છે.

રાત્રિભોજન આ ભવને વિષે આરોગ્યની હાનિ કરે છે, પરભવને વિશે દુર્ગતિ આપે છે.

સૂર્યાસ્ત પછી અનેક સૂક્ષ્મ જીવોનો અને ઉડતા ઝીણાં મચ્છરો, ત્રસ જીવોની રાત્રિભોજનમાં હિંસા થાય છે.

રાત્રિભોજનમાં જૂથી જલોદર, માખીથી ઊલટી, કીડીથી બુદ્ધિનો નાશ, કરોળિયાથી કોઢ, ઝેરી જંતુથી મૃત્યુ, મચ્છરથી તાવ તથા ગેસ અપચો-જડતા થાય છે.

રાત્રિભોજનના પાપથી પરલોકમાં ઘુવડ-કાગડા-બિલાડી-ગીધ-સાબર ભૂંડ સર્પાદિના ભવો થાય. પરિણામ કઠોર-કલુષિત થાય તો નરકગતિ પણ મળે.

રાત્રિભોજનથી શરીર-મન-જીવન-મૃત્યુ અને પરલોક બગડે તે કેટલું મોટું નુકશાન કહેવાય ? આ વિચારીને ત્યાગમાં જોડાઈ જવું શ્રેયસ્કર છે. રાત્રિભોજન ત્યાગમાં જિનાજ્ઞાનું પાલન થાય, મહિને ૧૫ ઉપવાસનો લાભ થાય, પ્રતિક્રમણ સરળ બને, હિંસાના પાપથી બચાય, આરોગ્ય સુરક્ષિત રહે, સ્વાધ્યાય-ધ્યાન થાય વગેરે અનેક ગુણોનો લાભ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## ૬૩ સંસાર-ઈમારતનો પાયો 'અહમ્' કેમ તુટે ?

એક ગામની નજીકમાં જંગલમાં એક સુંદર કાષ્ઠનું ઝાડ હતું. એ કાષ્ઠ મકાન બાંધવા સુંદર ઉપયોગી થાય એમ હતું તેથી રાજા અને મોટા શ્રીમંતોએ એમાંથી કાષ્ઠ કાપી લાવવા મજુર દ્વારા પ્રયત્નો કરેલા; પરંતુ એ વૃક્ષ દેવાધિષ્ઠિત હોવાથી દેવે વૃક્ષ છેદવા આવેલાને મોતને ઘાટ ઉતારી દીધેલા. પછી તો એ કાષ્ઠને કાપી કાષ્ઠ લાવવા કોઈ તૈયાર જ નહીં... એમાં રાજાએ એ કાષ્ઠ લાવનારને ઇનામ જાહેર કર્યું, પણ કોણ હિંમત કરે ? ત્યાં તો એક ગરીબ કારીગરને સહાયતા કરવા એક સમજદાર શ્રાવકે કહ્યું,-

પેલા ગરીબ કારીગર માણસે એ પ્રમાણે દેવપૂજાની સામગ્રી લઈ જઈ દેવનાં બહુમાન સાથે પૂજન કર્યા, પછી ઘુંટણીએ પડી પ્રાર્થનાપૂર્વક કાષ્ઠને લેવાની રજા માગી, પછી કુડાહી લગાડતાં ફટોફટ કાષ્ઠ મળવા લાગ્યું, દેવે કશી શિક્ષા કરી નહિ, ને કારીગરને મોટું ઈનામ મળ્યું.

બસ, આ પરથી શીખવાનું છે કે આપણી દરેક ધર્મક્રિયા પર પહેલાં, હૈયામાં એ ક્રિયા પ્રત્યે બહુમાન ઊભું કરો, પછી ક્રિયા કરો તો અથાગ લાભ.

નવા જમાનામાં આ બહુમાનનું તત્ત્વ વિસરાઈ જવામાં આવ્યું છે. એટલે જ આજના છોકરા મા-બાપનું બહુમાન કરવાને બદલે જાણે હુકમથી કામ લે છે. એ એમજ સમજે છે કે 'માબાપ અમને સંભાળવા બંધાયેલા છે.' એનું પરિણામ એમના જીવનમાં માનવતા આવવાને બદલે પશુતા દેખાય છે. અલબત મનુષ્યજીવન જીવાઈ જાય છે, પરંતુ માનવતા નથી જીવાતી. જો પૂજ્યો પ્રત્યે વડિલો પ્રત્યે બહુમાન આવી જાય તો માનવતા ખીલી ઊઠે. પણ આજનો નાનો ભાઈ જરાક વધારે કમાતો થયો એટલે મોટા ભાઈને એક પાડોશી કરતાં ય નીચા દરજ્જાથી જુએ છે !

ધર્મક્ષેત્રમાં પણ આવું બને છે, ધર્મની થોડી ગરજ ઊભી થઈ એટલે ધર્મક્રિયા તો થાય છે, પરંતુ તે ક્રિયા અને ક્રિયાના સાધન પ્રત્યે બહુમાન સાથે નહીં. દા.ત. પ્રભુને હાથ જોડશે તે જેમતેમ, ખમાસમણ જેમતેમ આપશે !

ખરી રીતે ક્રિયા શરૂ કરતાં પહેલાં દિલમાં બહુમાન થાય, અહોભાવ થાય કે 'ક્રિયા ! તું મારી તારણહાર, અહો કેવાં મારાં અહોભાગ્ય કે મને આ ધર્મક્રિયા કરવા મળી !' એ ક્રિયા પર બહુમાન આવે એટલે એ ક્રિયાના સાધન અને ક્રિયાના



દાતા ગુર્વાદિક પ્રત્યે પણ બહુમાન આવે. દા.ત. ભગવાનની પૂજાની ક્રિયામાં એ પૂજાનાં સાધનભૂત કળશ વાટકી પ્રત્યે પણ બહુમાન હોય, તો એને જેમતેમ પછાડાય નહીં, ફેંકાય નહીં, પગેથી ઘસેડાય નહીં. એમ અભિષેક પૂજાની ક્રિયામાં પણ એક હાથે કળશ પકડી જેમતેમ ભગવાનને નવરાવાય નહીં, કિન્તુ બે હાથે કળશ પકડી ભગવાનના મસ્તક પર બહુમાનથી અભિષેક ક્રિયા થાય. તિલક પૂજામાં પણ ભગવાનને જેમતેમ આંગળીઓના ગોદા લગાવીને નહીં; કિન્તુ ભગવાનને ગોદો ન લાગે એ રીતે બહુમાનથી કોમળ હાથે તિલક થાય.

જ્ઞાન ભણવાની ક્રિયામાં પણ પહેલાં પુસ્તકને બહુમાનથી આપણી બેઠક કરતાં ઊંચા બાજોઠ-સાપડા પર પુસ્તક સ્થાપી એને બે હાથ જોડી વંદન કરી, પછી બહુમાનપૂર્વક ગોખવા-વાંચવાનું કરાય.

મુનિને દાન દેવું છે, તો મુનિ પધારતાં 'ધન્ય ભાગ્ય ! પધારો સાહેબ ! લાભ આપો !' ઇત્યાદિ બહુમાનના શબ્દોથી એમનું સ્વાગત કરાય, અને દાન-ક્રિયા બહુમાન સાથે કરાય.

સાધર્મિક વાત્સલ્યની ક્રિયામાં સાધર્મિકને પહેલાં હાથ જોડાય, અહોભાવ પ્રગટ કરાય, 'મારાં અહોભાગ્ય ! આપની ભક્તિ કરવાનો સુવર્ણ અવસર મળ્યો !' પછી પીરસણ બહુમાનપૂર્વક કરાય.

સાધુને વંદનની ક્રિયામાં પણ દિલમાં પહેલાં સાધુ અને ખમાસમણની ક્રિયા પ્રત્યે બહુમાન ઊભું કરાય. 'આ મારા તારણહાર છે, મને વંદન કરવા દઈ મને તરવાની તક આપે છે. વંદનની ક્રિયા દા.ત. 'વંદણા' પર પણ બહુમાન એવું કે જેમ કોઈ રાજાને વંદન કરવાનું આવે તો કેવા બહુમાનથી વંદન થાય, એમ અહીં પણ વંદન બહુમાનથી થાય. પછી ત્યાં સૂત્ર બોલવાનું હોય તે બહુમાનથી સૂત્ર બોલાય, પણ ગાડી ગબડાવાય નહીં.

સારાંશ, ધર્મક્રિયામાં પહેલાં ક્રિયા પ્રત્યે બહુમાન લાવો, ગુરુ પ્રત્યે હૈયે બહુમાન ઊછળતું કરો, અરે ! એનાં સાધન દા.ત. ઓઘો ચરવળો મુહપત્તિ વગેરે એના પર પણ પહેલાં બહુમાન ઊભું કરો, જેથી એને જેમતેમ હેન્ડલ ન થાય. દા.ત. ચરવાળાને ઓશિકું ન બનાવાય.

બહુમાન મોટી ચીજ છે. આ બહુમાન એમ ને એમ ન આવે, એ માટે તો અંતરમાંથી 'અહમ્' (સ્વાભિમાન) ને દૂર મૂકવું પડે. ધ્યાન રાખવું જોઈએ કે "અહમ્-અભિમાન તો અનંતા ભવે કર્યા હવે તોડવાનો આ ઉત્તમ ભવ મળ્યો છે, તે અહીં નહીં તોડીએ તો ક્યાં તોડીશું ? એમાં ય જે આપણા તારણહાર ધર્મના સાધનો અને સ્થાનો છે ત્યાં પણ 'અહમ્ ઊભું રાખીને ક્રિયા-વ્યવહાર કરવાનાં ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

આ 'અહમ્'નું નાટક એવું થાય છે કે પૂજ્યભાવ તો બહુમાનના સ્થાને દેખાડાય, પણ એવા પ્રસંગે આરાધનાના સ્થાને આશાતના થાય છે. દા.ત. જિનપૂજામાં કોઈએ ઠપકો આપ્યો કે 'તમે મેં ભરેલો કલશ કેમ લીધો ?' તો એને 'લ્યો આ તમારો કલશ' એમ બોલતાં એ કલશ પછાડીને આપવાનું થાય છે ! એમ એવા પુસ્તક દેવાના અવસરે પુસ્તક પછાડીને આપવાનું થાય છે ! આમ કોઈક વ્યક્તિ પ્રત્યેનું દિલનું અભિમાન અને રોષ તારણહાર કલશ કે પુસ્તક ઉપર ઉતારવાનું થાય છે. આ કેવી આપણી કરુણ દશા ! આનું મૂળ કારણ એના પર મૂળ પાયામાં બહુમાન નથી, એ છે; ને એનું કારણ હૈયામાં વાઘ-વરુના અવતારે જાળવેલું અહમ્ અહીં ઉત્તમ માનવ અવતારે પણ જાળવી રાખવું છે ! કેવી કરુણ દશા !

ભૂલવાનું નથી,- 'અહમ્' ઉપર સંસારની ઈમારત અસ્ખલિત ઊભી રહે છે; કેમકે એમાં પોતાના આત્માની દુર્દશાનો ખ્યાલ જ નથી રહેતો. પછી એ દુર્દશા દૂર રાખવાનો વિચાર પણ ક્યાંથી આવે ? ધર્મક્રિયામાં પહેલા નંબરમાં સ્થાન-સ્થાન પર બહુમાન કેળવી કેળવી આ 'અહમ્' ભાવ તોડી શકાય છે.

સારાંશ, દરેક ધર્મક્રિયા શરૂ કરતા પહેલાં એના પર હૈયામાં બહુમાન ઊભરાવો, અને પછી ધર્મક્રિયા શરૂ કરો. એમ કર્યાથી પેલા ભૂતની જેમ ધર્મક્રિયા આપણા પર પ્રસન્ન થઈ સારી ફળે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૪૦,અંક-૧,તા.૭-૯-૧૯૯૧

## (૬૪) પર્યુષણા મહાપર્વ કેમ ઉજવશો ?

**કોઈ પરમાત્મા અનાદિથી પરમાત્મા કેમ નહિ ? :-**

જૈનશાસનમાં જીવોનાં કલ્યાણ માટે એકમાત્ર શુદ્ધ ધર્મને જ ઉપયોગી કહેવામાં આવ્યો છે. ધર્મની આરાધના કરો તો જ આત્માનું કલ્યાણ થાય. બીજાની શી વાત, પણ શાસનના જે પ્રણેતા અનંતા તીર્થંકર ભગવંતો થઈ ગયા, એમણે પણ પોતાનું કલ્યાણ સાધ્યું તે શુદ્ધ ધર્મથી જ. શુદ્ધ ધર્મ પામ્યા ત્યારથી એમના ભવ ગણતરીમાં લેખાવા માંડ્યા. નહિતર તીર્થંકરના જીવો એક વાર તો બીજા જીવો જેવા સંસારી જીવ જ હતા, સંસારી એટલે ચાર ગતિમાં સંસરણ કરનાર પરિભ્રમણ કરનારા હતા. કોઈ જ તીર્થંકર પરમાત્મા અનાદિના પરમાત્મા નહિ, અનાદિ કાળથી તીર્થંકર નહિ. પૂછો જો,-



પ્ર.- તીર્થંકર પરમાત્મા અનાદિ કાળના કેમ ન હોય ?

ઉ.- એટલા જ માટે ન હોય કે પરમાત્મા એટલે શુદ્ધ આત્મા. 'શુદ્ધ' એટલે રાગ-દ્વેષ વગેરે ખરાબીઓ વિનાના. રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મોહ-મદ-મત્સર, અહંત્વ-મમત્વ એ બધી આત્માની ખરાબીઓ છે, એ તો સમજો છો ને ? કે રાગ-દ્વેષ વગેરેને સદ્ગુણ માનો છો ? સદ્ગુણ કહી શકાય એમ નથી, કારણ કે જ્યાં વિશેષ રાગ કરવા જતાં નુકસાન થાય ત્યાં પસ્તાવો થાય છે કે 'હાય ! મેં આ રાગ ક્યાં કર્યો ?' સદ્ગુણ ઉપર પસ્તાવાનું હોય ? રોવાનું હોય ? **રાગાદિ એ સદ્ગુણ નથી, ખરાબી છે.**

**રાગની પાછળ રોવાનાં દૃષ્ટાંત :-**

(૧) દુકાન પર નોકર રાખ્યો; માનો કે એ બહુ વિનય અને વફાદારી દેખાડે છે, ચાપલુસી સારી કરે છે. શેઠ એના તરફ આકર્ષાઈ જાય છે, એના પર બહુ રાગ કરી ભારે વિશ્વાસ મૂકે છે. પેલો તાલંબાજ છે, તેથી દુકાનની અને શેઠના વેપારની ગુપ્ત વાતો લઈ જઈ, બીજા વેપારીનો એ ફૂટેલો, એની પાસેથી લાંચ ખાનારો, તે એને જઈને કહી આવે છે. પરિણામ એ આવે છે કે આ શેઠની ગુપ્ત વાતો મળવા પર એ વેપારી સામો વેપાર નાખી યા આ શેઠના ઘરાકોને ભરમાવી શેઠને નુકસાનમાં ઉતારે છે. તે દહાડે માનો કે આ શેઠને નોકરની આ વિશ્વાસઘાતી રમતની ખબર પડી ગઈ, તો એને શો વિચાર આવે ? આ જ ને કે 'અરે ! મારો વિશ્વાસમાં લીધેલો નોકર આ કામ કરી રહ્યો છે ? મને ભયંકર ધોખો ? હાય ! મેં ક્યાં આના પર રાગ કરી વિશ્વાસ મૂક્યો ?' શું થયું ? રાગનો ભારોભાર પસ્તાવો.

(૨) બાપે દીકરા પર બહુ રાગ કરી એને લાડમાં ઊછેર્યો હોય, અને મોટો થતાં એ છોકરો બાપની સામે ઉદ્ધત થાય, અભિમાની, આપમતિવાળો અને અંતે બાપને જુદા કાઢનારો બને, તો બાપને એ દીકરા પર રાગ કરી લાડ લડાવ્યાનો કેટલો પસ્તાવો થાય ?

(૩) પકવાન્નનું જમણ મળ્યું, બહુ ગમ્યું ને જમવામાં વધારે દાબ્યું; પછી પેટ ચડ્યું, અકળામણ થાય છે, તો શું થાય ? આમાં બીજા કોઈને દોષ દેવાય એવું નથી, લોભથી જાતે જ દાબ્યું છે, એટલે જાત માટે જ પસ્તાવો થાય છે. 'અરેરે ! આ ક્યાં મને આના પર લોભ ગૃદ્ધિરાગ થયો ને મેં વધારે ખાઈ નાખ્યું ? માલ પારકો હતો, પણ પેટ કાંઈ પારકું હતું ? તે પારકા પર લોભાઈ પોતાનું જ પેટ બગાડ્યું ?' શું છે આ ? લોભનો પશ્ચાત્તાપ, રાગનો પસ્તાવો. માટે સમજો,-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

રાગ એ સદ્ગુણ નથી, પણ મોટો દોષ છે, આત્માની મહાન અશુદ્ધિ છે. એના પર જ બીજા અનેકાનેક મદ-માયાદિ, દોષ ઊભા થાય છે, અનેકાનેક જૂઠ-ચોરી-વિશ્વાસઘાત વગેરે દુષ્કૃત્યો આચરાય છે. એ બધા પર જીવ કર્મનાં કારમા બંધનોએ બંધાય છે, અને કર્મનાં ફળ ભોગવવા સંસારમાં ભટકે છે. સંસારમાં ભટકાવનાર અને જન્મ-મરણ રોગ શોક-મારપીટ-પરાધીનતા, ભૂખ-તરસ વગેરે અનેકાનેક દુઃખો દેનારા આ રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ વગેરે જ છે. માટે એ રાગાદિ એ આત્માની ખરાબીઓ છે.

**અનાદિ શુદ્ધ પરમાત્માને ખરાબી જ નહિ, તો શરીર નહિ :-**

હવે જુઓ કે તીર્થંકર ભગવાન અનાદિના જ પરમાત્મા હોય, શુદ્ધ આત્મા હોય, તો એમને આ રાગાદિ ખરાબીઓ હોય જ નહિ; પછી એમને સંસારમાં જનમ શાનો લેવાનો હોય ? એમને શરીરધારી શાનું બનવાનું હોય ? ત્યારે જો શરીર જ નહિ, તો મુખ પણ ક્યાં ? અને મુખથી ધર્મોપદેશ કરવાનું પણ કેમ બની શકે ?

માટે કહો, જ્યારે તીર્થંકર પરમાત્મા શરીરધારી છે, મુખથી ધર્મનો ઉપદેશ કરે છે, તત્ત્વ પ્રકાશે છે, શાસન સ્થાપે છે, ત્યારે એ સૂચવે છે કે એમને એ શરીર બનવા માટે પૂર્વે કર્મનાં બંધન હતાં, અને એ કર્મ રાગાદિ ખરાબીઓથી ઊભા થયા હતાં. અલબત્ કર્મ દ્વારા શરીર ઊભું કરનાર રાગની સાથે સમ્યગ્દર્શન એવું ઝળહળાવેલું અને સમસ્ત જીવોની ભાવકરુણા એવી ભાવેલી, તેમજ અરિહંત પરમાત્મા આદિની એટલી બધી બહુમાનભરી ઉપાસના કરેલી, કે એના પર તીર્થંકર બનવા યોગ્ય પુણ્યાઈ ઊભી થયેલી; તે એના બળ ઉપર છેલ્લા ભવમાં એમણે સંસારત્યાગ કરી અપૂર્વ તપ-સંયમ-ધ્યાનના પુરુષાર્થ ફોરવ્યા, અને એના દ્વારા રાગાદિ દોષોના ભુક્કા કર્યા; ત્યારે એ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બન્યા, અને જગતને એમણે તત્ત્વનો ધર્મનો-મોક્ષમાર્ગનો ઉપદેશ કર્યો, ધર્મશાસન સ્થાપ્યું, સંઘ સ્થાપ્યો.

વાત આ છે કે આત્માનું કલ્યાણ શુદ્ધ ધર્મની આરાધના કરો તો થાય. 'શુદ્ધ ધર્મ' એટલે વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો ધર્મ; રાગાદિ ખરાબીઓને ખરેખર મિટાવનાર ધર્મ. પછી ભલે પહેલે પગથિયે એ ધર્મની, એ સર્વજ્ઞ વચનની, કોઈ પ્રવૃત્તિ પાલન આચરણ ન કર્યું પરંતુ માત્ર શ્રદ્ધા કરી, પણ શ્રદ્ધા કેવી ? કે આ ધર્મ અને સર્વજ્ઞવચન સામે જગતની મોટી સંપત્તિઓ તુચ્છ લાગે, મહાવિટંબણારૂપ લાગે, એના પર નિર્વેદ-નફરત-ગ્લાનિ થાય એવી ધર્મશ્રદ્ધા કરી, તો એ પણ શુદ્ધ ધર્મ છે. શુદ્ધ ધર્મ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ. એમાં



સમ્યગ્દર્શન, ધર્મશ્રદ્ધારૂપ છે. વીતરાગ સર્વજ્ઞવચનની શ્રદ્ધારૂપ છે. આટલા પણ ધર્મની આરાધના કરતા ચાલો, તો આત્માનું કલ્યાણ થતું આવે.

**આત્માનું કલ્યાણ એટલે શું ?**

**આત્માનું કલ્યાણ આ કે જેમાં મન પ્રશાંત થાય,** અનાદિના રાગાદિ ઉકળાટ અંશે પણ શમે, શાંત થાય, એવા વિચાર-વાણી-વર્તાવ એ આત્માનું કલ્યાણ કહેવાય. ભૂલશો નહિ, આત્મા અનાદિ કાળથી રાગાદિ ભાવોમાં ઊકળતો છે. જમીનમાં સોનું છે ત્યારથી માંડીને એ અશુદ્ધ છે, માટી-મિશ્રિત છે એમ જીવ જ્યારથી આ જગતમાં છે, ત્યારથી અર્થાત્ અનાદિ કાળથી એ રાગાદિ મેલા ભાવોથી અશુદ્ધ છે. એ સોનું પ્રયોગથી જેમ શુદ્ધ બનાવી શકાય છે, એમ આત્મા ગુણ રાગાદિ મેલથી રહિત, તદ્દન શુદ્ધ યાને પરમાત્મા બનાવી શકાય છે.

**હકીકત આ છે કે રાગાદિ ભાવો એ ઉકળાટ છે.**

હેં ? રાગ ઉકળાટ ? હા રાગ એ મહા ઉકળાટ છે.

પ્ર.- પણ અમે તો રાગ કહીએ, કાંઈ સારું મળવા પર એ ગમી જાય, ત્યારે અમને શાંતિ લાગે છે ને ?

ઉ.- આ ખરેખર શાંતિ નથી, પણ એક જાતની ઠંડી બળતરા છે, મૂઢ માર છે.

(૧) વનસ્પતિ ધમધોખ ઉનાળામાં બળી નથી જતી; પણ ઠંડુ હીમ પડે ત્યારે એ બળીને કાળી બઠ પડી જાય છે. કહો ઠંડા હીમથી ખરેખર શાંતિ કે બળતરા ?

(૨) દારૂડિયો દારૂ ચડાવે ત્યારે એને એના મદમાં શાંતિનો અનુભવ થાય છે, એ શું ખરેખર શાંતિ છે ? કે એક પ્રકારનો ઉકળાટ ઉન્માદ ? દારૂના નશાનાં કેફમાં ઉન્માદ છે ને ? એટલે ઉકળાટ લાગે નહિ એ જુદી વસ્તુ છે; પણ ખરેખર હકીકતમાં શું છે ? ઉન્માદ, ઉકળાટ.

(૩) ઉન્માદ ચીજ જ એવી છે કે ઊંધું મનાવે. એમ તો ચહાના વ્યસનીને ગરમાગરમ ચહા પીતાં બળતરા થોડી જ લાગે છે ? પણ શું ત્યાં જીભ બળતી નથી ? બળે જ છે. પરંતુ ચહાનાં નશાનો ઉન્માદ છે, એટલે કલેજે ઠંડક લાગે છે.

એમ મોહના ઉન્માદમાં રાગની ઠંડક લાગે છે. જ્યારે ખરેખર તો એ ઉકળાટ જ છે, હૈયાની લાગણી રાગમાં ઝણઝણાટીવાળી છે. દા.ત. પૈસા સારા મળ્યા પર અગર એના પર ભારે રાગ થાય છે તો દિલ ઝણઝણાટી અનુભવે છે. એ રાગનો તાપ છે, આયુર્વેદ કહે છે, માણસને સ્ત્રી પર દૃષ્ટિ પડતાં યા એનો વિચાર આવતાં કામરાગ સ્ફૂરે ત્યારે એનું લોહી ગરમ થાય છે. એ વીર્યને ઓગાળે છે. કહો,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

લોહીને ગરમ કોણે કર્યું ? રાગના તાપે, તાપ વિના ગરમ થવાનું થાય તો નહિ. તો અહીં કામરાગે તાપનું કામ કર્યું. બસ જેવો આ રાગ, એવા બીજા રાગ પણ ઠંડક-શાંતિરૂપ નહિ કિન્તુ તાપરૂપ છે.

રાગ તાપરૂપ છે, એટલું જ નહિ રાગમાં વિહ્વળતા પણ છે; કેમકે રાગ વખતે જીવ ગદ્ગદતા અનુભવે છે કે 'વાહ ! કેવી સરસ પેઢી ! કેવી સુંદર મૂડી ! તાત્પર્ય દ્વેષાદિની જેમ રાગમાં પણ વિહ્વળતા છે, શાંતિ નથી. એ કલ્યાણરૂપ નથી.

કલ્યાણ તે કે જેમાં મન શાંત થાય, સ્વસ્થ બને, સ્વસ્થ બન્યું રહે. મનુષ્ય જીવન આ કલ્યાણ સાધના માટે છે, ને એ સિદ્ધ ધર્મ-આરાધનાથી થાય. ધર્મ બધો આરાધવાનો તે આ કલ્યાણ માટે આરાધવાનો છે.

**ધર્મ આત્માના રાગ-દ્વેષ-મોહ વગેરે ભાવોની શાંતિ કરવા માટે અને આત્માને વૈરાગ્ય-ઉપશમ જ્ઞાનદૃષ્ટિમાં ઝીલાવવા માટે કરવાનો છે.**

ધર્મ કરીએ કરીએ ને રાગાદિની શાંતિ ન થતી આવે તો શું કમાયા ? પુણ્ય ? ભૂલશો નહિ; એકલા પુણ્યની લાલચ ખોટી છે. રાગાદિ સતેજ રાખીને એકલું પુણ્ય લઈ જતાં એ ભારે પડશે; કેમકે એ પુણ્યના મળેલા માલ ઉપર રાગ-મદ-વિષયતૃષ્ણા વગેરે ખરાબીઓ એટલી બધી ફાલશે-ફૂલશે કે એ દીર્ઘ સંસારયાત્રા સરજી આપશે. કહો, કલ્યાણના લક્ષ વિનાના ધર્મથી શું સાધ્યું ? લાંબી સંસારયાત્રા જ ને ? આ કમાવાનું માનવ જેવા સર્વોત્તમ ભવમાંથી ?

લક્ષ તો આ જોઈએ કે 'નાનો દેવદર્શન જેવો ધર્મ સાધીને એ વીતરાગ દેવાધિદેવના આલંબને મારા રાગાદિને મોળા પાડું; પહેલા નંબરમાં એ રાગાદિ જાલિમ રોગની ભડક ઊભી કરું, હાય ! આ રાગાદિ અહીં પણ એમ ઊભા રહી જાય, અગર વધી જાય, તો મારું શું થશે ? પરલોકમાં ક્યાં ફેંકાઈ જઈ કર્મથી કેવો ફેંદાઈ જઈશ ?'

**રાગાદિ પર પસ્તાવો થાય કે,**

'અરેરે ! આવા વીતરાગ ભગવાન મળ્યા છતાં હું હજી એવા ને એવા રાગ કર્યે જનારો ? એવો ને એવો રાગ-દ્વેષ વગેરેથી રોગિષ્ઠ ? આ પ્રભુએ તો સંપત્તિ-સન્માન-પરિવાર વગેરે કેઈ ગુણું મળેલું છતાં એના ત્યાગ કરી રાગને ઉડાવ્યો; ત્યારે હું એમના કરતાં બહુ જ અલ્પાંશે મળ્યા પર રાગમાં મરી રહ્યો છું ? રાગથી કેટલો બધો રીબાઈ રહ્યો છું કે થોડો પણ ત્યાગ નથી કરતો ? ઊલટું હજી પણ અધિક અધિક સંપત્તિ સન્માન વગેરે મળવાના ઓરતા કરી રહ્યો છું ? મારા નાથને ન ગમ્યું એ શું મને ગમતું થાય ?'



વીતરાગ દેવાધિદેવનાં દર્શને રાગના ભયંકર પરિણામની ભડક લાગે, સેવાતી રાગની રીબામણનો પસ્તાવો થાય, તો એ દર્શનનો નાના જેવો પણ ધર્મ રાગાદિને સહેજ ધક્કો લગાડનારો થાય, એથી મનને સહેજ પણ શાંતિનો અનુભવ કરાવનારો બને. આવું દર્શન કલ્યાણ માટે થયું ગણાય. **પર્યુષણા મહાપર્વની વિવિધ ધર્મસાધના આ કલ્યાણ સારું કરવાની છે.**

**કલ્યાણ આ, કે મનને રાગ-દ્વેષાદિ રીબામણમાંથી અંશે પણ શાંતિ મળે.**

ધર્મ આ કલ્યાણ માટે કરવાનો છે. એ કરતા રહીએ તો આ મનુષ્યજનમ કલ્યાણમાં ઉપયોગી થયો કહેવાય. બસ, આ ધ્યાન રાખીને જીવન જીવવાનું છે, જીવનમાં ધર્મ કરતા રહેવાનો છે.

'પર્યુષણા મહાપર્વ ધર્મની આરાધના માટે ઉત્તમ તક છે.' એમ સમજીએ છીએ, તેથી તે વરસમાં ક્યારે ય ધર્મ નહિ કરનારો પણ જૈન બચ્ચો આ મહાપર્વમાં ધર્મ કરવા પ્રેરાય છે, એ દેખીએ છીએ. એના મનને એમ થાય કે રોજ તો ખાધાપીધા બજારી કરી, અને વિષયરંગમાં મહાલ્યા, પણ આ મહાપર્વના દિવસોમાં તો કાંક ધર્મસાધના કરું તપસ્યા કરું, વ્યાખ્યાનો સાંભળું, પ્રતિક્રમણ કરું, દયા કરું, દાન કરું, ભગવાનની ભક્તિ કરું, વગેરે વગેરે તમન્ના પર્યુષણા મહાપર્વમાં રહે છે. નાનાને રહે છે, મોટાને રહે છે. સૌ સાથે મળીને વિવિધ ધર્મ-આરાધનામાં જોડાય છે. શક્તિવાળા માસખમણ કે એથી પણ લાંબી તપસ્યા આદરે છે, પર્યુષણમાં સંઘમાં હજારો લાખો રૂપિયાનાં સુકૃત થાય છે. વ્યાખ્યાનોમાં માણસોની ઠઠ જામે છે. ગામેગામ આઠે દહાડા ભગવાનને સારી આંગીઓ થાય છે સૌના મન કોમળ બની પરસ્પરને ખમતખામણા કરે છે... બધુ પર્યુષણા-મહાપર્વમાં.

**પર્યુષણાની બલિહારી છે.** જૈન શાસનને જયવંતુ રાખવામાં આ મહાપર્વનો ફાળો મોટો છે, સંઘમાં થતી મહાપર્વની આરાધનાનો કિંમતી ફાળો છે.

આ વસ્તુ પર જો ધ્યાન ઠેરવીએ, તો સમજાશે કે

**ધર્મ વાયડી વાતો કરવામાં નથી, યા કહેવાતા નિશ્ચય ધર્મમાં નથી, પણ ધર્મપરિણામ જગાડનારા આચરણમાં છે.**

પર્યુષણા મહાપર્વમાં સંઘ ધર્મનાં સુંદર આચરણ કરતો આવ્યો છે, તેથી જૈન શાસન આજસુધી ટકતું આવી આપણા હાથ સુધી પહોંચ્યું છે. મહાવીર ભગવાને શાસન સ્થાપીને ધર્મનું જો આચરણ ન બતાવ્યું હોત, ને ઊલટું ધર્મનાં આચરણને નકામુ-નિરુપયોગી કહ્યું હોત, તો સંઘમાં કશું ધર્મ-આચરણ જ ન હોત તો શું તમને લાગે છે કે શાસન આગળ ચાલત ?

**નિશ્ચય ધર્મ અંતરમાં ધર્મપરિણામ સ્વરૂપ છે, અને અંતરાત્મામાં ધર્મના**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

**પરિણામ પાપાચરણથી નહિ પણ બાહ્ય ધર્મ આચરણથી જાગે છે, વધે છે અને દૃઢ થાય છે.**

અંતરમાં જેને ધર્મના પરિણામ હોય એ બાહ્યમાં ધર્મના આચરણને તો જતા કરે, અને પાપનાં આચરણ સારી રીતે કર્યે રાખે, એ બને જ કેમ ? માટે પાપાચરણમાં વાંધો નહિ ને ધર્માચરણમાં વાંધો, બતાવનારા નવીન પંથી અંતરમાં લેશ પણ ધર્મના પરિણામવાળા નથી, લેશ પણ આત્મધર્મ સમજ્યાં જ નથી. માટે એવા બનાવટી વાહિયાત નિશ્ચય ધર્મમાં જરા ય ફસાશો નહિ.

**બાહ્યથી આંતર ભાવનો દાખલો :-** મન ખોટો સવાસલો કરવા જાય કે 'અંતરભાવની કિંમત છે, બાહ્ય આચરણથી શું વિશેષ ?' ત્યાં મનને સમજાવી દેવાનું કે ધર્મનાં આચરણ વિના ધર્મના ભાવ શાના ? વ્યવહારમાં દેખાય છે કે પ્રેમનો ભાવ પ્રેમનાં આચરણ કરાવે જ છે. જો સગા ભાઈ પ્રત્યે પ્રેમ છે, તો સહેજે ભાઈ સાથે પ્રેમથી બોલવાનું થાય છે, પ્રેમથી એકબીજાની અગવડમાં સહાય કરાય છે, બહારમાં પ્રેમથી ભાઈની પ્રશંસા કરાય છે, ભાઈની દૃષ્ટિ મળતાં આનંદની રેખા મોંઢા પર તરવરી આવે છે, અવસરે અવસરે ભાઈને નિમંત્રણ, ભાઈની ભક્તિ અને આગળ વધીને જો પોતાની સ્થિતિ પહોંચતી હોય તો ભાઈને ઊંચે લાવવાનું અને સંપત્તિ-સન્માન વધરાવવાનું થાય છે હવે જો બાહ્યમાં આ કશો વર્તાવ નથી, તો ભાઈ પર અંતરમાં પ્રેમ શો ?

**અંતરનો ભાવ બહારની પ્રવૃત્તિમાં દેખા દઈ દે છે.** કોઈની પ્રત્યે અંદરમાં જો ક્રોધ સળવળ્યો, તો બહારમાં એના પર ભ્રકુટી ઊંચી થવાનું, મોં પર અરુચિ દેખાડવાનું, કર્કશ શબ્દ બોલવાનું,- વગેરે બની આવે છે ને ? ઠીક છે એ બાહ્યમાં દેખાડવામાં જો લાભ નહિ, પણ નુકસાન દેખાતું હોય, તો મનથી દાબીને એ ન દેખાડાય એ જુદી વાત, બાકી સહેજે બનવાની વસ્તુ તો આ જ ને કે બહારની પ્રવૃત્તિ પર અંતરના ભાવનો પડઘો પડે છે ? સારા નરસા, બંને પ્રકારના ભાવમાં બાહ્ય પર આ પડઘો પડવાનું થાય છે. એટલું જ નહિ, પણ બાહ્યની તેવી તેવી પ્રવૃત્તિ અંતરના એવા ભાવને સતેજ કરી દે છે. દેખાય છે કે બહારના એવા ક્રોધના બોલ અને વર્તાવ દિલની અંદરના ક્રોધને દૃઢ કરે છે, ક્રોધની ને વૈર-વિરોધની માત્રા વધારી દે છે.

જો નરસા ભાવમાં આમ, તો સારા ભાવમાં પણ એવું જ છે. અંતરમાં ધન અને જાત પર એટલી મૂર્ચ્છા નથી, તો બહારમાં સહેજે દાનની પ્રવૃત્તિ થઈ આવે છે. અંતરમાં જો ઇન્દ્રિયોના વિષયોનો એવો રંગ નથી, પણ ધૃણા છે, તો સહેજે એના ત્યાગ, અને ત્યાગના વ્રત નિયમ બની આવે છે. એમ અંતરમાં એવી ખા-



ખા કરવાની લગન નતી, ખાનપાન કરવા પ્રત્યે કંટાળો છે. તો સહેજે બહારમાં ખાનપાનની બહુ પ્રવૃત્તિ પર અંકુશ લાવી દે છે; એથી એકાશન ઉપવાસ વગેરે તપ સહેજે બની આવે છે.

**બાહ્ય-આંતરને પરસ્પર ઓથ :-** આ તો અંતરના ભાવનો બહારની પ્રવૃત્તિ પર પ્રભાવ પડવાની વાત થઈ પણ બાહ્યની પ્રવૃત્તિનો અંતરના ભાવ ઉપર પણ પ્રભાવ પડે છે એ હકીકત છે. હાલતાં ને ચાલતાં જીવોને મારવાની પ્રવૃત્તિ હોય, યા પોતાના થકી જીવો મરે એના તરફ બેપરવાઈ હોય, તો અંતરમાં નિર્દયતાના ભાવ ઊભા થાય છે, દૃઢ થાય છે. એથી ઊલટું, બહારમાં જીવોની રક્ષા-જતના કરવાની સારી પ્રવૃત્તિ રાખી હોય તો અંતરમાં દયાના ભાવ ઊભા થાય છે, દયાના ભાવ વધે છે. એમ બાહ્યમાં દાનની પ્રવૃત્તિ કરતો રહે તો અંતરમાં દાનના ઉદારતાના ભાવ ઊભા થાય છે, વધે છે.

અહીં દલીલ કરતા નહિ કે 'અમે તો ભૂતકાળમાં દયા-દાનની બાહ્ય પ્રવૃત્તિ તો ઘણી કરી, તો પછી કેમ જીવને અંતરમાં સહજ દયાળુતા અને ઉદારતાના ભાવ નથી દેખાતા ?' આવી દલીલ કરવા કરતાં અહીં જીવની રક્ષાની જયણાની પ્રવૃત્તિ કરવા માંડો, પછી જુઓ કે અંતરમાં દયાના ભાવ જાગે છે કે નહિ. એમ દાનની પ્રવૃત્તિ કરવા લાગો, પછી જુઓ કે અંતરમાં ઉદારતાના ભાવ જાગે છે કે નહિ હા, જુઓ દાનની પ્રવૃત્તિ કરતી વખતે કોઈ માનાકાંક્ષાદિની ચંડાળણીથી એને અભડાવતા નહિ; 'દાન દઉં ને મારું નામ બહાર આવે; મને પૈસા મળે, મને જશ મળે,' એવી લાલસા જરા પણ રાખતા નહિ, એમ દયા કરતાં કોઈ માનાકાંક્ષા, કે બદલો લેવાની સ્વાર્થીવૃત્તિ રાખતા નહિ; પછી જો જો કે બાહ્ય દયા-દાનની પ્રવૃત્તિ હોંશથી કરતાં કરતાં અંતરમાં સહજ ઉદારતા અને દયાળુતા જાગે છે કે નહિ.

આવું કાંઈ જો કરવું નથી, તો એનો અર્થ તો એ છે કે અંતરમાં ગાઢ ધનમૂર્ચ્છા, સ્વાર્થની જ માયા, અને નાના જીવો પ્રત્યે બેપરવાઈ પોષ્યે રાખવી છે. પાછું, એના બચાવમાં ઓઠું ધરવું છે કે 'બાહ્ય દયા-દાનની પ્રવૃત્તિ અનંતી કરી છતાં અંતરમાં દયાળુના અને ઉદારતાના ભાવ જાગ્યા નહિ; તેથી બાહ્ય પ્રવૃત્તિની અંતરના ભાવ પર કોઈ અસર નથી.'

ખરી વસ્તુસ્થિતિ એ છે કે દયા-દાનની અનંતી બાહ્ય પ્રવૃત્તિની અંતરમાં અસર ન પડવાનું કારણ એ પ્રવૃત્તિની પાછળ નીતરતો સ્વાર્થનો રંગ હતો, વિષયાસક્તિ અને માનાકાંક્ષા હતી. અંતરના દયાળુતા-ઉદારતાના ભાવની પરવા જ નહોતી કે 'આ ભાવ મારા અંતરમાં જાગો.' ઊલટું, બાહ્ય સ્વાર્થમાયા, માનપાન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

અને વિષયોની આસક્તિના જોરમાં અંતરના દયાળુતા-ઉદારતા વગેરે ભાવને નકામા માન્યા હતા, મૂર્ખના ભાવ માન્યા હતા, નુકસાન કરનારા માન્યા હતા. એને જો હિતકારી ભાવ ડાહ્યાના અક્કલવાનના ભાવ માન્યા હોત, તો એના પર લક્ષ રહેત, બાહ્ય દયા-દાનની પ્રવૃત્તિથી એ જગાવવાનું ધોરણ રહેત. પરંતુ એ નહિ, પછી એવા સારા ભાવ જાગે જ શી રીતે ?

છોકરો રમતિયાળ છે, અને જ્ઞાનપ્રેમ નથી, પણ એને જો નિશાળે ઘાલો છો, તો જ્ઞાનાભ્યાસની બાહ્ય પ્રવૃત્તિ કરતાં કરતાં અંતરમાં જ્ઞાનની રુચિ જાગતી જ જાય છે ને ? અને તેવો કોઈ અજડ હરામી જ છોકરો હોય, તો એને નિશાળે ઘાલવા છતાં દિલમાં એને એકલી રખડપટ્ટીના જ ભાવ હોવાથી વર્ષો જવા છતાં જ્ઞાનરુચિ નથી જાગતી પણ એથી કાંઈ કોઈ માબાપ છોકરાને નિશાળે બેસાડવાનું જ માંડી વાળે છે ખરા ?

એટલે વાત આ છે કે

**મેલા ભાવ વિના બહારની તેવી તેવી સારી પ્રવૃત્તિ કરતાં કરતાં અંતરમાં તેવા તેવા સારા ભાવ જાગે છે, વધે છે.**

આમ બે વાત આવી,-

(૧) બાહ્યમાં ધર્મના આચરણથી અંતરમાં ધર્મના ભાવ જાગવાને પૂરો અવકાશ છે. તેમજ,

(૨) અંતરમાં ધર્મના ભાવ હોય તો સહેજે એ પાપપ્રવૃત્તિ ઓછી કરાવી એનાં સ્થાને ધર્મનાં આચરણ જગાવે છે. એ આચરણ વળી ધર્મના ભાવ ઉલ્લાસ ઓર વધારે છે.

(૩) અને ત્રીજી વાત આ થઈ કે ધર્મનાં આચરણ કરતાં કરતાં અંતરના રાગ-દ્વેષાદિ ભાવ પર ઘૃણા ઊભી કરતા જવાનું છે, રાગ-દ્વેષાદિને મોળા પાડતા જવાનું છે.

પર્યુષણાનાં ધર્માચરણ વખતે આ ત્રણે વાતો બનાવવાની છે. એ કરવાનું સરળ છે. કેમકે જ્યારે ઇન્દ્રિયોનાં વિષયોની રમત મૂકીને, કે શરીર-સુખશીલતા મૂકીને ધર્મનું આચરણ કરવા જઈએ છીએ, તો સહેજે એ વિષયો અને કાયાના રાગને ધક્કો લાગવાનો. સહેજે મનમાં આ લાવવું સહેલું છે કે 'જ્યારે હું હાથવેંતમાં રહેલી વિષયરમત, કાયાની સુખ-શીલતા એટલી પડતી મૂકીને ધર્મ-પ્રવૃત્તિ કરવા જાઉં જ છું, તો એટલું સમજુ છું કે એ વિષયરમત વગેરે ખોટી છે, ખરાબ છે; પછી મારે એના પર બહુ રાગ કરવાનું શું કામ છે ?' આમ રાગને ધક્કો લાગે છે; અને અંતરમાં સાચા ધર્મ પરિણામ પ્રગટે છે.



ફરીથી યાદ કરી લો, રાગથી જ આત્માનો સંસાર છે રાગ ન હોય તો સંસાર રહેવાને કોઈ કારણ નથી. કોઈ ને કોઈ રાગની ઉપર જ બીજે દ્વેષ થાય છે. પૈસા પર અનહદ રાગ હોવાના કારણે જ એને ધર્મમાં ખરચવાનું કોઈ કહે તો એ ગમતું નથી મોં બગડે છે, અરુચિ દ્વેષ જાગે છે. જાત અને જાતની સમૃદ્ધિ-સન્માન ઉપર રાગ છે તો જ બીજાની સમૃદ્ધિ-સન્માન જોતાં ઈર્ષ્યા થાય છે. જો ધન પર એવી મૂર્ચ્છા નથી, તો દાનની વાત પર દ્વેષ શું કામ થાય ? જો જાત, જાતની સમૃદ્ધિ-સન્માન ઉપર એવો રાગ નથી, તો બીજાની એ જોતાં ઈર્ષ્યા શું કામ થાય ?

**મૂળ, રાગની ઉપર જ દ્વેષ-ઈર્ષ્યા-અભિમાન, ગુસ્સો-વૈર-વિરોધ, નિર્દયતા-કૃપણતા-ક્ષુદ્રતા, વગેરે દોષોની ફોજ ઊભી થાય છે. એના પર સંસાર નભે છે.**

સંસરણ એટલે કે ભવભ્રમણ અને સુખ-દુ:ખમાં માન-અપમાનમાં, જશ-અપજશમાં, ભય-ચિંતામાં આથડવાનું રાગથી બને છે. એટલે કહેવાય કે મૂળ, રાગ ઉપર જ સંસાર છે.

સંસાર એટલે કે ભવભ્રમણ, વારંવાર જનમ-મરણ, અને આ સુખ-દુ:ખાદિ દ્વન્દો (જોડકા)માં આથડવાનું જો નથી ગમતું, તો એના મૂળ કારણભૂત રાગને મોળો પાડતા જવાનું બહુ જરૂરી બની રહે છે. ત્યારે એ સ્પષ્ટ સમજાય એવું છે કે રાગની પોષક પાપપ્રવૃત્તિઓમાં ડૂબ્યા રહેવાથી રાગ મોળો પડે નહિ. સારી રાણીઓ પરણ્યા પછી રાજકાજ મૂકીને રાણીવાસમાં પડ્યો રહેનારો રાજા શું રાણીઓ પરના રાગને મજબૂત કર્યે જવાનો ? કે રાગને મોળો પાડી શકવાનો ? એ તો દિલ દઈને રાજકાજમાં ભળે તો જ પેલો રાગ એવો દૃઢ ન થાય, બલ્કે સારા પરમાર્થના રાજકાજમાં રસ પડવાથી રાણીઓ પરનો રાગ મોળો પડતો આવે પછી રાણીઓને સંભાળે ખરો, પણ આંધળો, લંપટ થઈને નહિ.

બસ, એ રીતે ધર્માચરણમાં દિલથી લાગતાં, 'ઉદ્યોગ રસને જગાવે' એ ન્યાયે, ધર્માચરણના ઉદ્યોગથી એનો રસ જાગવાને લીધે પાપપ્રવૃત્તિઓ પરનો રાગ મોળો પડતો આવે, એની આંધળી લંપટતા ઓછી થતી આવે. આ માટે ધર્મનું આચરણ દિલથી કરવું જોઈએ. એ ભૂલશો નહિ. 'દિલ વિનાનું મળવું ને ભીંતડિયે ભટકવું.' એવું થાય. વેપારીને કોઈ ખટાવવા આવ્યો હોય, ત્યારે વેપારી વાત તો કરે પણ ગેરસમજમાં જો એની સાથે દિલથી વાત ન કરે, તો પેલો નફાનો સોદો આપ્યા વિના ચાલતો જ થઈ જાય. એટલે વેપારીને ભીંતડિયે ભટકાવા જેવું થાય, કશું નહિ ખટાવનારી જડ ભીંત સાથે વાત કરવા જેવું થાય એમ પર્યુષણાપર્વ અને ધર્માચરણ આપણને ખટાવવા તો આવ્યું, પણ આપણે દિલ વિના એને વેઠની જેમ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

આચરીએ, તો એ ખટાવ્યા વિના જાય; એટલે આપણે જાણે ભીંતડિયે ભટકાયા ! કશું એમાંથી પામ્યા નહિ.

**ધર્માચરણમાંથી આ પામવાનું છે કે**

(૧) આપણા રાગ-દ્વેષ, અને સ્વાર્થમાયા-સુખશીલતા-વિષયલંપટતા-ધનમૂર્ચ્છા વગેરેને ધક્કો લાગે. એમ,

(૨) બીજું આ પામવાનું કે આપણા અંતરમાં ધર્મના પરિણામ ધર્મના ભાવ જાગે-વધે. તેમ,

(૩) ત્રીજી વાત આ કે આપણા અંતરમાં ધર્મના ભાવ ખરેખર છે એને ધર્માચરણથી પ્રમાણિત કરવાનું થાય, ધર્માચરણથી એની ખાતરી થાય, ને એથી અધિક ધર્મ સાધવાનો ઉલ્લાસ વધે.

બસ, પર્યુષણા મહાપર્વમાં અનેક જાતની ધર્મપ્રવૃત્તિ ધર્માચરણ કરવાનું આવે છે એમાં આ ત્રણ વસ્તુ ખાસ લક્ષમાં રાખવાની. તેમ કદાચ બારે ય મહિના આવી ધર્મપ્રવૃત્તિ ન કરી શકતા હો, તો પણ પર્યુષણા મહાપર્વની ધર્મપ્રવૃત્તિ આ ત્રણ વસ્તુ કરવાના લક્ષ સાથે કરાવી જોઈએ. દરેકે દરેક ધર્મપ્રવૃત્તિની આરાધના વખતે રાગદ્વેષાદિને ધક્કો લગાડવાનું, અંતરમાં ધર્મના ભાવ જગાવવાનું, અને અંતરના ધર્મ-પરિણામના વિશ્વાસ ઉપર ધર્મનો ઉલ્લાસ વધતો રાખવાનું કરતાં રહેવું જોઈએ.

**પર્યુષણાની ઉજવણીમાં શું શું ? :-**

મહાપર્વની ઉજવણી આ રીતે કરવાની છે. ઉજવણીમાં રોજ સવાર સાંજ પ્રતિક્રમણ, વિશેષ જિનભક્તિ, વ્યાખ્યાનશ્રવણ, તપસ્યા, દાન, બ્રહ્મચર્ય, આરંભ-સમારંભત્યાગ વગેરે ઉપરાંત અમારિ-પ્રવર્તન, સાધર્મિકવાત્સલ્ય, અઠ્ઠમ, ક્ષમાપના તથા ચૈત્યપરિપાટી એ પાંચ કર્તવ્ય બજાવવાનાં હોય છે. તો પહેલી વાત આ કે એ બધાં જ અનુષ્ઠાન અણિશુદ્ધ બરાબર આચરવા જોઈએ, પણ એમ નહિ કે, દા.ત. 'સવારનું પ્રતિક્રમણ ન કર્યું તો શું થઈ ગયું ?' અથવા 'પ્રતિક્રમણમાં લોચા, બેધ્યાન કે દિલ શુષ્ક રહ્યું તો શો વાંધો ?' એટલા જ માટે કે ઊંઘવાના લોભમાં યા આળસમાં પ્રતિક્રમણ ગુમાવતાં પર્યુષણા જેવા મહાપર્વમાં ય કાયા પર રાગ ને આરામી પર રાગ પોષાય છે. ઉપરાંત મહાપર્વની સામે કાયા-આરામીને વધુ પ્રિય કરવાનું થાય છે. કેમકે ઉત્તમોત્તમ પર્વની આરાધના કરવાની તક મળી ત્યારે એ મૂકીને ઊંઘતા રહેવામાં કાયાની ઉપાસના કરવાનું બને છે. આમ કાયાની પરવા કરવા જતાં કાંક મહાપર્વની બેપરવાઈ ઊભી થાય છે. ત્યાં મન સાથે વિચારવા જેવું છે કે

'બાહ્ય કાયા-માયાની વધુ પડતી ગુલામી છતે મારા અંતરમાં ધર્મના પરિણામ



કેટલા ઝગમગતા રહે ? ધર્મના પરિણામ રોજ શક્ય નહિ પણ જો મહાપર્વમાં ય ઝગમગતા હોય તો છતે શક્તિ-સંયોગે આવું મામુલી કષ્ટવાળું પ્રતિક્રમણનું ધર્મ-આચરણ ચૂકાય ? મારો આત્મા કેવો સત્ત્વહીન અને બુદ્ધિહીન કે આવા મહાપર્વમાં આટલું ચૂકે ?' **પ્રતિક્રમણ તરફ બેપરવા રહેવામાં કેટકેટલા દોષ ?**

જેવું પ્રતિક્રમણ માટે, એવું વિશેષ જિનભક્તિ વગેરે માટે પણ આ રીતે વિચારવા જેવું છે. એમાં વિશેષ જિનભક્તિ એટલે એમાં સમય બહુ કાઢવો એમ નહિ; કેમકે એથી સંપૂર્ણ વ્યાખ્યાન-શ્રવણ, જે આ પર્વમાં 'વિશેષ' એટલે વિશેષ દ્રવ્ય ખરચીને જિનભક્તિ કરવાની. કદાચ રોજ પરભાર્યું સાધારણ-ખાતાનું દૂધ-ઘી-કેશર-ચંદન-અગરબત્તી લઈને પૂજા કરતા હતા, જો કે રોજ પણ પોતાનું દૂધ વગેરે લઈ જઈ ભક્તિ કરવી જોઈએ, છતાં માનો કે પરભાર્યાથી ચલાવતા હતા, તો પણ મહાપર્વમાં તો દ્રવ્ય પોતાના લઈ જવાં જોઈએ, તે પણ સારાં કિંમતી. એ માટે મનને એમ થાય કે 'અહો ! આ પ્રભુના જ અનન્ય ઉપકારથી આ મહાપર્વ જેવી અલૌકિક વસ્તુ પામ્યો છું. તો એ ઉપકારના બદલામાં એ અસાધારણ ઉપકારીની ભક્તિ મારાં જ દ્રવ્યોથી અને તે પણ કિંમતી દ્રવ્યોથી કરવી જોઈએ. આટલું ય ન કરું તો મારા જેવો હરામી બીજો કોણ ? પ્રભુએ આપેલા મહાપર્વ ખપે છે, મંદિર-ઉપાશ્રય ખપે છે, એનાથી ઊભા થતાં અઢળક પુણ્ય ખપે છે, ને એમાં ખર્ચ કરવાનું નથી ખપતું ! મહાઉપકારી સામે ય કેવી સ્વાર્થરમત ! પૈસાનો કેવો ગોઝારો પ્રેમ ? એક ચાર દોસ્તદાર સાથે જરા હોટલમાં પેઠા અને રૂપિયા આઠ-દસ ચૂકવી દેતાં આવડે છે, પણ અહીં આખા વરસ દહાડાના મંદિર-ઉપાશ્રયના ખર્ચ ફાળાના રૂપિયા પાંચ પણ દેવામાં દિલ દુઃખે છે ! એનો અર્થ તો એ જ થયો ને કે 'પ્રભુએ-મંદિર-ઉપાશ્રયે અમને શું આપ્યું છે, યા શું આપે છે, તે એની પાછળ અમે ફોગટનું મામુલી ય આપીએ ?'

**મહાપર્વ આપનાર પ્રભુએ અને મહાપર્વની સાધના કરાવનારા મંદિર-ઉપાશ્રયે શું કશું આપ્યું નથી ?**

ત્યારે જો અઢળક આપનારા પ્રભુ-મંદિર ઉપાશ્રયને કશું નહિ આપનારા તરીકે માનવા છે ને તેથી જ ગાંઠેથી સામાન્ય પણ છૂટતું નથી, તો વિશેષની ક્યાં વાત રહી ? તો પછી એ કૃતઘ્નતા નથી ? અવગણના નથી ? ત્યાં અંતરમાં ધર્મપરિણામ આવે ? રાગ-દ્વેષ ઓછા થાય ? લક્ષ્મી પરનો રાગ ઘટે ? એ તો સારું ખરચે તો લક્ષ્મી-રાગ ઘટતો આવે. અંતરમાં આટલા ય ધર્મપરિણામ નહિ, તો ધર્મઉલ્લાસ વધવાનું ક્યાં રહે ?

મહાપર્વ ઊજવતાં ધન વગેરેની આવી મૂર્ચ્છા એ મહાપર્વને ય આપણા માટે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

અસમર્થ બનાવી દે છે. માટે પ્રભુની ભક્તિ વિશેષ કરવી જોઈએ; જાતનાં કિંમતી દ્રવ્યો લઈ જઈ ભક્તિ સુંદર કરવી જોઈએ.

**પ્રભુ ભક્તિ કરતાં ધ્યાન આ રહે કે**

(૧) આપણો ધનરાગ ઓછો થાય, સાચા ઉપકારીનું અવમૂલ્યાંકન ઓછું થાય, હરામીવેડા ઓછા થાય, પાપની ઘૃણા થાય..., દોષ ઘટતા આવે;

(૨) અંતરમાં શુદ્ધ ધર્મપરિણામ પ્રગટે, વીતરાગ પ્રત્યેનો નક્કર ભક્તિભાવ પ્રગટે, તેમજ,

(૩) નવો, નવો ધર્મઉલ્લાસ વધતો ચાલે.

**તપસ્યા 'ખા-ખા' પાપનાં વળતર માટે :-**

એમ, તપસ્યા પણ આ ત્રણ ઉદ્દેશ લક્ષમાં રાખીને કરવાની. તપમાં આનંદ રહે કે 'હાશ ! બાર મહિના ખા-ખાનું પાપ કર્યાનું કાંક વળતર વાળવા ઠીક મોકો મળ્યો, એ ભાવથી તપ કરાય એથી તપમાં ઉલ્લાસ આવે, જોમ પ્રગટે, પૂરી શક્તિ ખરચીને તપસ્યા કરાય, ને એમાં પણ ઉલ્લાસ-ઉલ્લાસ રહ્યા કરે કે 'વાહ ! આજે

(૧) ભવમાં ભટકાવનારી આહારસંજ્ઞાને કચરવાનો ખરેખરો અવસર મળ્યો !

(૨) ભોજનના પાપઘરમાંથી છુટી ભજનના પ્રભુઘરમાં વસવાની સુંદર તક મળી.

(૩) સારી મોટી તપસ્યાથી શરીર ભલે દુબળું પડ્યું પણ આત્માનું સત્ત્વ વિકસ્યું !'

મન મારીને પણ તપનું પચ્ચકખાણ લઈ લેવામાં અને તપ કરવામાં આત્માનું સત્ત્વ ખીલે છે. સત્ત્વ પ્રગટ્યું તેથી જ ખાવાનું હાજર છતાં અને મનને ગમતું છતાં એને લાત મારી. બાકી, ખાવા મળ્યું ને ખાઈ લીધું એમાં સત્ત્વ શું ? ભુલશો નહિ,

**મહાપર્વના દિવસોમાં તપની બેપરવાઈ કરી ખાવાનું કરવામાં તો સત્ત્વ હણાય છે.**

સત્ત્વ હણી નાખ્યા પછી બીજા ધર્મક્ષેત્રોમાં પણ એની બૂરી અસર પડે છે ત્યાં સત્ત્વભરી પ્રવૃત્તિ નથી થતી. દા.ત. પર્વદિવસોમાં પણ તપની બેપરવાઈ કરી સત્ત્વ હણ્યે ગયા, પછી દાન, ભક્તિ વગેરે બીજા ધર્મ થાય ખરા કિન્તુ સત્ત્વભર્યા નહિ. દાન દેશે તે પોતાની ઘણી શક્તિ પહોંચતી હશે છતાં અલ્પ દાન દેશે. છતી શક્તિએ એમ વધુ દાન ન દીધું એમાં સત્ત્વહીનતા જ છે. જોવાનું દાનના આંકડા સામે નથી; પાસે લાખો હોય, કમાણી ય લાખ બે લાખની હોય છતાં મહાપર્વના દિવસોમાં આવતી ટીપમાં ૧૦૦-૨૦૦-૫૦૦ દે, બાર માસના સંઘના સાધારણ



ખર્ચની ટીપમાં રૂા. ૧૦૦૦ લખાવે એ આંકડો બીજા મધ્યમ માણસની દૃષ્ટિએ મોટો ગણાય, પરંતુ એની પોતાની શક્તિના હિસાબે કેટલું દીધું ? **કિંમત દાનના આંકડાની નથી, પણ શક્તિના પ્રમાણમાં કેટલું દીધું એની છે.**

**જો શક્તિ સારી રીતે છુપાવીને દીધું તો ત્યાં સત્ત્વ હણ્યું કહેવાય.**

પર્યુષણા-મહાપર્વ ઊજવવું છે ? તો સત્ત્વ ન હણાય એનો ખૂબ ખ્યાલ રાખો. સત્ત્વ કોણ હણે છે ? મૂળ પાયામાં ધનનો રાગ, કાયાનો રાગ, ખાનપાનનો રાગ, એક યા બીજા પ્રકારનો કોઈ રાગ, ધર્મ સત્ત્વને હણે છે. મહાપર્વમાં ય જો આ રાગને થોડો ઘણો ય મારશો નહિ, ને ધર્મ સત્ત્વ પ્રગટાવશો નહિ, તો પછી બાર મહિનામાં એ રાગને મારવાનું અને સત્ત્વને ખીલવાનું ક્યાં કરશો ? **રાગ ખખડધજ, અને સત્ત્વ મરેલું, ત્યાં અંતરમાં ધર્મ પરિણામ શી રીતે જાગવાના ?** પછી મામુલી ધર્મ કરવા પર ધર્મ-ઉલ્લાસ શી રીતે વધતો રહેવાનો ?

મહાપર્વની ઉજવણીમાં એક મહાન કાર્ય વ્યાખ્યાનો સાંભળવાનું છે. કેવી રીતે સાંભળવાના ? પહેલું તો વ્યાખ્યાન શરૂ થવા પહેલેથી આવીને તે ઠેઠ પૂરું થાય ત્યાં સુધી બેસીને સાંભળવાનાં. થોડા મોડા આવીએ તો ન ચાલે ? બસ, આ 'ચાલે'ની માન્યતા જ મનમાં એનું મૂલ્ય-મહત્ત્વ ઘટાડી નાખે છે, એને મામુલી ચીજ ગણાવે છે. ત્યારે સારામાં સારી વ્યક્તિને મામુલી તરીકે ગણીને એનું સ્વાગત અવ્યવસ્થિત કરો એમાં એ વ્યક્તિ આપણા પર શી રીતે ઓવારી જાય ? આપણી સાથે એ કેવાં મેળમાં આવે ? ભલે ને એને ખવરાવ્યું પીવરાવ્યું, પણ સામો તો સમજે કે 'આ કુછ નહિ' એને અપમાન લાગે. બસ, એમ 'વ્યાખ્યાને મોડા જઈએ તો ચાલે.' એ સૂત્ર બાંધ્યા પછી ભલે ને વ્યાખ્યાન અધુરું સાંભળ્યું, પણ દિલમાં એનું મહત્ત્વ ગજબનાક ક્યાં છે ? દિલમાં તો પેલા 'ચાલે'થી એ મામુલી લાગે છે; દિલમાં એનો એવો ઊછળતો આદર નથી. એવા વ્યાખ્યાન સાંભળ્યું, છતાં વ્યાખ્યાન દિલમાં ચોંટી ન જાય, એની એવી અસર ન થાય.

ફરતારામ માણસ કશુંક જોવા અધુરેથી પેઠો, એ બાકીનું જોવામાં એવો તલ્લીન ક્યાંથી બની શકે ? કે એટલી બધી આતુરતાથી જોવાનું શાનો કરે ?

નિશાળે રોજ અધુરેથી જઈ સાંભળનારો વિદ્યાર્થી શું એમાં તલ્લીન બની શકે ? શું એ સાંભળેલું મનમાં બરાબર ઉતારે ખરો ? ના, શિક્ષણ મનમાં બરાબર ઉતારવાની તાલાવેલી હોત તો તો રોજ ટાઈમસર જાત નહિ ? પણ એ છે જ નહિ.

બસ, એ રીતે મહાપર્વના ઉત્તમોત્તમ દિવસોમાં જે મુખ્ય કર્તવ્ય વ્યાખ્યાન-શ્રવણનું છે એ જો સાંભળવા મોડા ફાવે એમ જવાય છે, તો એ સૂચવે છે કે નથી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

તો એની એવી તાલાવેલી, તેમ નથી એ મળવા પર હરખ-હરખ. એમ નહિ કહેતા,-

પ્ર.- સાંભળવાનું, વરસોવરસ એનું એ એટલે તાલાવેલી એવી શી રીતે જાગે ?

ઉ.- આવું કહેતા નહિ, કેમકે દુનિયામાં એવી કેટલીય બાબત છે કે જે કરવાની સાંભળવાની એની એ જ છતાં રસથી કરાય છે, કરવાની તાલાવેલી હોય છે. દા.ત. જુઓ, ખાવાનું રોજ, તે ય એનું એ રોટલી-દાળ-ભાત, છતાં ખાવાની રોજ તાલાવેલી. નોકરી કે વેપાર એના એ જ રોજ કરવાના છતાં હંમેશાં એની તાલાવેલી રહે છે. બિમારીમાં દવા એની એ જ રોજ લેવાની છતાં રોજ એ માટે તત્પરતા રહેતી હોય છે. પ્રિય સ્નેહીનાં એના એ પ્રેમના આલાપ રોજ સાંભળવા મન રહે છે. બજારના ભાવતાલ-સ્થિતિ એવી ને એવી રોજ સાંભળવાની તાલાવેલી રહે છે. બસ, એ રીતે પર્યુષણનાં વ્યાખ્યાન જો મહાકલ્યાણરૂપ લાગે તો દરેક વરસે સાંભળવાની એ જ તાલાવેલી કેમ ન રહે ?

'જ્યાંસુધી આ વ્યાખ્યાનોને જીવનમાં અમલી નથી બનાવ્યા, ને રાગાદિ રોગ નાબૂદ નથી થયા, ત્યાં સુધી એ સાંભળવામાં મારું હિત જ છે, એ સાંભળ્યા જ કરવા જોઈએ, જેથી સાંભળેલાને અમલી કરવા જાગૃતિ રહે, પાવર મળે,'- આટલું મનમાં નક્કી કરી લેવાય તો પછી એ સાંભળવા કંટાળો નહિ આવે, ભારે તાલાવેલી રહેશે.

**પર્યુષણામાં શું શું સાંભળવાનું ? :-** એટલું જુઓને કે પર્યુષણના વ્યાખ્યાનોમાં પહેલા ત્રણ દિવસમાં દિનકૃત્યો, પર્વકૃત્યો, પર્યુષણના પાંચ કર્તવ્યો તથા વરસના ૧૧ કર્તવ્યો, એ શું જીવનમાં સુંદર રૂપનાં ઊતરી ગયા છે ? ના, કદાચ હજી તો એ નામથી ય પૂરા યાદ પણ નહિ થઈ ગયા હોય; તો પછી વગર સાંભળ્યે અમલ શી રીતે થવાનો ? માટે એ સાંભળવાની વરસોવરસ જરૂર છે.

ત્યારે પર્યુષણામાં પછીના ચાર દિવસોમાં પ્રભુ શ્રી મહાવીર પરમાત્માનું જીવન, શ્રી પાર્શ્વપ્રભુ, શ્રી નેમનાથસ્વામી તથા શ્રી આદિશ્વર પ્રભુનું અને સ્થવિર પુરુષોનાં જીવન સાંભળવા મળે છે, એ પણ પૂરા અણીશુદ્ધ ક્યાં યાદ થઈ ગયા છે ? તો પછી જો એ આપણા જીવનમાં ઉન્નતિ માટે આદર્શરૂપે આલંબનરૂપે દૃષ્ટિ સામે રાખવા જરૂરી લાગે છે, તો શું એને વરસોવરસ સાંભળવાની તાલાવેલી ન રહે ? જીવન જીવવાના ઉત્તમ આદર્શ આપીને એ પરમ પુરુષ અને મહાપુરુષોનો આપણા પર પરમ ઉપકાર છે, તો ઉપકારીનાં જીવન વારંવાર સાંભળવાની તાલાવેલી ન રહે ? એ વિભૂતિઓ ગુણગણના ભંડાર છે, તો ગુણિયલનાં જીવન વારે વારે



સાંભળવા દિલ ન હોય ? બાપે લાખો રૂપિયાનો વારસો આપ્યો હોય, તો એવા બાપનું જીવન મા પાસે વારંવાર સાંભળવાની કૃતજ્ઞ દીકરાને તાલાવેલી કેટલી બધી રહે છે ?

વાત આ છે કે 'આપણે રાગાદિ મહારોગ નિવારવા છે, અંતરમાં ધર્મના પરિણામ જગાવવા-વધારવા છે, બહારમાં એ મુજબ ધર્મપ્રવૃત્તિ વધારતા રહેવું છે,'- આ ખરેખરું જીવન-કર્તવ્ય હૈયે નિશ્ચિત થઈ ગયું હોય, તો એ વિભૂતિઓનાં જીવનોને વરસોવરસ સાંભળવાની તાલાવેલી રહે. હા, રાગાદિ રોગ નિર્મૂળ નષ્ટ થઈ ગયા પછી એ તાલાવેલી નહિ રહે. પણ આજે તો ઊલટું વિષયરાગ વધી ગયો છે, તેથી જ ઇન્દ્રિયવિષયોનું રોજ સાંભળવાની તમન્ના એટલી બધી વધી ગઈ છે એટલે જ પર્યુષણા-વ્યાખ્યાન સાંભળવા કંટાળો આવે છે. તાલાવેલી નથી રહેતી.

છેલ્લા દિવસે એના એ જ બારસા સૂત્રને સાંભળવાની તાલાવેલી પણ એટલા માટે જ રહે કે એના અક્ષરો મંત્રાક્ષર જેવા છે; ને રાગાદિ ઝેર નાબૂદ નથી થયા ત્યાં સુધી એને સાંભળવાની જરૂર છે. સાપ-વીંછીનું ઝેર નથી ઊતર્યું હોતું ત્યાં સુધી માન્ત્રિકના મોંઢે એના એ જ મંત્રાક્ષરો વારંવાર સાંભળવાની તાલાવેલી રહે જ છે ને ? એમ થાય કે 'આખું વરસ મારા કાન ઉપર મોહના શબ્દોના ઝેર વરસ્યા કર્યા છે, તો લાવ, આ પરમપવિત્ર પરમાત્મા વગેરેનાં જીવનને વર્ણવતા બારસાસૂત્રના અક્ષયમંત્રના અમૃત કાન પર આવવા દઉં, તો પેલાં ઝેર કાંક નાબૂદ થાય ? એનું વળતર વળે ? એ અક્ષરો કોના ? નવમા પૂર્વના એટલે કે ગણધર ભગવાનના, તેમજ એમાંથી ઉદ્ધરનાર શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીના શબ્દ. વરસમાં એક વાર આવા પવિત્ર અક્ષરો કાન પર પડે એવું અહોભાગ્ય ક્યાંથી ?'

બસ, વાત આ કે જીવનમાં અનેક પ્રકારની પાપ પ્રવૃત્તિ કરાવનારા મૂળભૂત રાગાદિ દોષો નિવારવા માટે તથા અંતરમાં ધર્મ-પરિણામ જાગતા-વધતા કરવા સારુ, અને એની પોષક ધર્મપ્રવૃત્તિ કરી કરી ધર્મ ઉલ્લાસ વધારતા રહેવા માટે પર્યુષણાની ઊજવણી છે, એ ખાસ ખ્યાલ રાખવાનો છે. જેવી એ પ્રતિક્રમણ, જિનભક્તિ, તપસ્યા, વ્યાખ્યાન શ્રવણ વગેરે કરણી, તેવા પર્યુષણાનાં ખાસ પાંચ કર્તવ્ય અમારિ પ્રવર્તન વગેરે તથા વાર્ષિક ૧૧ કર્તવ્ય શ્રી સંઘપૂજા વગેરે, એનું આચરણ એની આરાધના પણ એ જ ખ્યાલ રાખીને કરવાની છે. એ દરેકમાં મૂળ ઉદ્દેશરૂપે દિલમાં જીવો પ્રત્યે ભરચક દયાભાવ, સાધર્મિક પ્રત્યે ઊછળતું હેત, આહાર સંજ્ઞા પર સચોટ ઘૃણા, પાપો પર ભારે નફરત વગેરેને દિલમાં તરવરતા કરી દેવા જોઈએ, એવા કે પર્યુષણા પછી ય એ દિલમાં તરવર્યા કરે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પ્રાંતે પર્યુષણાની ઊજવણી ખરેખર આત્મકલ્યાણને જગાવનારી બનાવો, જેથી મન વિષય-કષાયો અને અર્થકામથી નિવૃત્ત થઈ આવે, શાંત થતું આવે, એ જ શુભેચ્છા.

''દિવ્ય-દર્શન''-''પત્ર'' વર્ષ-૪૦,અંક-૬,તા.૨૬-૧૦-૧૯૯૧

## ૬૫ આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ તરફથી

મૈસુરને ઊંટીને જોવા જવાની જરૂર નહોતી. કેમ કે એ બાહ્યભાવ છે. અનંતા કાળ અનંતીવાર આવા આવા બાહ્યભાવની જિજ્ઞાસા અને બાહ્યના દર્શન કરી કરીને આત્મામાં એના સંસ્કાર ગાઢ કર્યા છે તેથી તો અહીં ભૂલા પડીએ છીએ, હવે પાછું એમાં અહીં વધારો શા સારુ કરીએ ? એમ કરવામાં આગળ પાછું લાંબો સમય બાહ્યમાં અટવાયા રહેવું પડશે. ને એના આરો જ આવે નહિ.

માટે કરવા જેવું આ છે,- જીવને બાહ્ય માત્રથી તૃપ્ત કરી દો, થાકેલો કરી દો. મનને સમજાવી દો કે 'બહારનું બહુ જોયું, બહુ જોયું, હવે હું ધરાઈ ગયો છું, થાકી ગયો છું; કેમ કે નજર સામે નવું કશું આવતું નથી, જે જોયેલું છે એ જ રૂપાંતર થઈ થઈને નજર સામે આવે છે. વળી કદાચ માનો કે નવું બનીને આવતું ય હોય તો ય એ જોવાથી મારા આત્માને કશો ફાયદો નથી, આત્મામાં કાંઈ નિત્ય તૃપ્તિ, નિત્ય પ્રસન્નતા, કે નિત્ય પ્રકાશ ઊભો થતો નથી. માટે એની જિજ્ઞાસા પણ શા સારું કરું ?

બીજી વાત એવી છે કે જુવાન માણસને કુતૂહલ થાય છે કે જોઉં વિજાતીયના અંગોપાંગ કેવા છે, પરંતુ આ કુતૂહલ પણ ભયંકર છે. કેમ કે એ વાસનાને ઉત્તેજિત કરે છે, માટે એવા કુતૂહલ ઊભા જ થવા દેવા નહિ. ત્યાં તરત આંખ મીંચી વિચારવું કે આમાં જોવા જેવું છે જ શું ? એમ તો કલ્પનાથી મોટી અપ્સરાઓ જોઈ શકાય છે પરંતુ એમાં જોવા જેવું નવું છે જ શું ? ઊલટું એ જોવામાં અનાદિની કુટેવનું પોષણ થાય છે એ જોવામાં સ્વાત્માનો ખ્યાલ ચૂકાય છે ધર્મનું ધ્યાન ચૂકાય છે, સારા બધા વિચાર અટકી જાય છે. આ નુકસાન ન વહોરવા હોય, તો એવા કુતૂહલ એવી જિજ્ઞાસા ઊભી જ ન થવા દે.

એ માટે મનમાં સારા વિચાર ગોઠવી દેવા. દા.ત. (૧) મહાવીર ભગવાનના



પહેલા ભવથી ક્રમસર બનેલા પ્રસંગો મનમાં લાવ. ખાસ કરીને ૩ જા મરીચિના ભવના ૧૬ મા વિશ્વભૂતિ રાજકુમારના ભવના, ૧૮ મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવના, ૨૩ મા પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિના ભવના, ૨૫ મા નંદન રાજર્ષિના ભવના પ્રસંગો મનમાં ક્રમસર લાવ. મન આ વિચારવામાં રોકાઈ જવાથી પેલો અસત્ આવેગ અટકી જશે, ભુલાઈ જશે.

અથવા (૨) તીર્થો, દેરાસરો, જિનબિંબોનો ક્રમશઃ વિચાર-સ્મરણ મનમાં ચાલુ કરી દેવા.

અથવા (૩) જીવવિચાર આદિ પ્રકરણના પદાર્થના વિચાર મનમાં ક્રમશઃ લાવવા. દા.ત. જીવોના ૫૬૩ ભેદ ગણવા માંડવા. પ્રભુના ૩૪ અતિશય કયા કયા તે મનમાં લાવવા. અથવા (૪) ૧૨૦ કર્મપ્રકૃતિ ગણવા માંડ અને પહેલે ગુણઠાણે જે પ્રકૃતિ બંધાય છે, એના કરતાં બીજે બંધમાં કઈ કઈ ઓછી થાય એ વિચારવું.

અથવા (૫) કલ્પનામાં સામે એક મોટું રોલર અડધું જમીનમાં ને અડધું બહારમાં ગોળ ગોળ ફરી રહ્યું છે. અંદરમાંથી બહારમાં આવે છે એના પર ૨૪ ભગવાનના જમીનમાંથી ક્રમશઃ નામ પ્રગટતાં વાંચતા જવું.

અથવા (૬) 'પગામ સજ્ઝાય'માં 'અરિહંતાણં આસાયણાએ'થી ૫-૫ના ગૃપમાં પદો યાદ કરવા.

અથવા (૭) 'ભરહેસર'ના મહાપુરુષોના જીવનના એકેક ખાસ પ્રસંગ ક્રમસર નજર સામે લાવવા.

બીજું (૮) મંદિરમાં આપણે ભગવાનના દર્શન કરીએ છીએ ત્યાં આપણી દૃષ્ટિ માત્ર મૂર્તિ સુધી જઈને અટકી પડે છે, એના બદલે મૂર્તિની અંદર અંતર્ગત પ્રભુના સ્ફટિક-સ્વચ્છ આત્માને તે તે વિશેષતાવાળો જોવાનો.

અથવા (૯) 'નમુત્થુણં'ના એકેક પદ પ્રભુને સંબોધવાના,- હે અરિહંત, હે ભગવંત, હે આદિકર, હે તીર્થંકર, હે સ્વયંસંબુદ્ધ,... એમ હે પુરુષોત્તમ, હે પુરુષસિંહ,...

સારાંશ, મનમાં આવી વિચારધારાઓની પ્રેક્ટિસ કર્યા કરવાની. મન એમાં રોકાઈ જાય એટલે પેલી ગલીચ બિભત્સ વસ્તુઓની વિચારણા ઉઠવા જ નહિ પામે. ફક્ત એક પટ્ટીમાં આ સારા વિચારોના પોઈન્ટ લખી, સાથે ને સાથે રાખીને એની વિચારણા પ્રેક્ટિસ કરવા એની પૂંઠે પડી જાઓ.

બીજું, વિજાતીયના અંગોપાંગના વિચાર અટકાવવા માટે એ વિચારવાનું કે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

મારો જન્મ પશુ કરતાં ઊંચી માનવજાતમાં હોઈ પશુ જેવી હલ્કી વૃત્તિ પ્રવૃત્તિ હલ્કી ચેષ્ટા મને શોભતી નથી. માટે મારા પોતાના શરીરમાં પણ નાભિ નીચેના ગાત્રને કશી આકર્ષણની લાગણીથી જોવા જેવા નથી. તેમ ઇન્દ્રિયોમાં છેલ્લી ઇન્દ્રિય સ્પર્શનેન્દ્રિયના સંવેદનને કશું મહત્ત્વ આપવા જેવું નથી. કેમ કે જગતમાં એકેન્દ્રિય જીવો અનંત અને એમને માત્ર એક સ્પર્શનેન્દ્રિય ! તથા એના પ્રતિકૂળ સંવેદનજન્ય દુઃખો શા માટે ? કારણ એક જ કે પંચેન્દ્રિય સુધીના જીવો સ્પર્શનેન્દ્રિયની ગુલામી બહુ સેવે છે. એ હિસાબે પણ વિજાતીયના અંગોના સ્પર્શનેન્દ્રિયવિષયક સંવેદના આપણા પવિત્ર મનને ન બગાડે માટે મનને એમાં લઈ જવા જેવું જ નથી, મન એમાં જાય તે પૂર્વે જ મનને કોઈ પ્રશસ્ત વિષયોની સિરિઝમાં જોડી દેવું દા.ત. પ્રભુ નવ કનકકમળ પર ચાલતા વિચરતા પધાર્યા, ત્યાં રત્નમય સિંહાસન ઉપર બિરાજ્યા, પછી પ્રભુની બે બાજુ ચામર વીંજાવા લાગ્યા, પછી મુખની પાછળ ભામંડળ ઝગારા મારવા લાગ્યું. પછી મસ્તક પર ઊંચે ત્રણ છત્ર મોતીઓના ઝુંબકડાવાળા શોભવા લાગ્યા, એના પર બહુ ઊંચે વિશાળ અશોકવૃક્ષ લીલા કલાર પાંદડાવાળું પ્રગટ થઈ ગયું... આ દરેક પ્રાતિહાર્ય ક્રમસર દેખાતું જાય, દા.ત. પહેલા પછી બીજું. બીજા પછી ત્રીજું..., એ વખતે પૂર્વ પૂર્વનાં પ્રાતિહાર્ય પણ સાથે દેખાતા જાય, એ ધ્યાન રાખવાનું... પછી અશોકવૃક્ષની બહુ ઊંચે દેવદુંદુભિ (નગારા) દેખાતી જાય અને એનો 'તડિતુમ્ તડિતુમ્ તનનન તનનન' અવાજ સંભળાતા જાય, એની નીચે આકાશમાંથી ઝરમર ઝરમર પુષ્પવૃષ્ટિ પડતી જોવાની અને એનો સુવાસિત પમરાટ આપણને નાસિકામાં આવતો અનુભવાય જેને આપણે નાસિકામાં ઊંચે ખેંચીએ છીએ એવો અનુભવ કરવાનો. છેલ્લે વાતાવરણમાં દેવતાઓ બંસરી બજાવે છે એ દિવ્યધ્વનિને આપણે શોભાવીએ છીએ એવો અનુભવ કરવાનો.

આમ મનને અષ્ટ પ્રાતિહાર્યની સિરિયલમાં જોડી દઈએ એટલે વિજાતીયના અંગોપાંગનો ગલીચ વિચાર અટકી જશે. આવી સિરિયલો ઘણી જોઈ શકાય, દા.ત. જીવનના પ્રસંગોની,... રામના રાજ્યાભિષેકની તૈયારી ચાલી રહી છે, ને કૈકેયી આવીને દશરથ પાસે પોતાનું પૂર્વનું વરદાન માગે છે એમાં ભરતને રાજ્યગાદી આપવાનું માગે છે ત્યાં ભરત કહી દે છે હું તો પિતાજીની સાથે ચારિત્ર લેવાનો છું હું રાજ્ય લેવાનો નથી...

આવા આવા ઐતિહાસિક પ્રસંગો પહેલાં નિરાંતે બેસીને વિચાર કરી કરીને શોધી કાઢી નોટમાં લખી લેવા, પછી અવસરે અવસરે એનો ઉપયોગ કરાય. એટલું જ નહિ, પણ અવસર વિના પણ, નવરા પડ્યા કે મનમાં એ સિરિયલો ચાલુ રાખવાની. એનો બહુ અભ્યાસ થવાથી એ વિચારણાઓ સહજ જેવી થઈ જશે.

બાકી સુદર્શન શેઠ, સ્થૂલભદ્રજી, જંબૂકુમાર, સમરાદિત્યકુમાર, વિજય શેઠ વગેરે મહાન પુરુષોના મહાવૈરાગ્યના ચિંતન મનમાં લવાય.

ટૂંકમાં, બહુ સમય કાઢીને આ બધું લખ્યું છે એની કદર કરી એને જીવનમાં અમલી કરવું, જેથી ફરી ફરી 'મને વિજાતીયના બહુ વિચાર આવે છે' એવી મુફલિસ ફરિયાદ ન કરવી પડે. એ જ

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૪૦,અંક-૭,તા.૨-૧૧-૧૯૯૧

## (૬૬) લિ. આચાર્ય વિજય ભુવનભાનુસૂરિ તરફથી

જોગ ધર્મલાભ

પત્રના તમારા લખાણથી જ્ઞાનીઓ કહે છે એવું સંસારનું ભયંકર સ્વરૂપ નજરમાં આવ્યું. ફક્ત મનને દુઃખ એક થયું કે સોનું કમાઈ લેવાના ખરા અવસરે તમો કોઈક ભળતો માલ લેવામાં પડ્યા.

તમો મોટા છો, સમજુ શ્રાવિકા છો, ભગવાનના ધર્મને સમજ્યા છો. મોટાના દિલ મહાન હોય. મહાન દિલ એટલે દરિયાવ દિલ. દરિયાવ દિલમાં બધાને સમાવી લેવાના હોય. નાનડીયામાં ત્રુટીઓ દેખાય પણ મોટા એના પર નજર નાખ્યા વિના એને વાત્સલ્યથી નવરાવી નાખે. આજના કળિકાળમાં જીવો પ્રાયઃ અલ્પ સત્ત્વવાળા હોય છે એથી એમનામાં અધુરાશ રહેવાની. બધા જ મોક્ષની યાત્રામાં છે. ફક્ત વેગના પ્રમાણમાં ફેર-ફરક રહે. એ આજે દોષના કારણે મોક્ષયાત્રાના વેગમાં પાછા પડતા હોય તોય આગળ ઉપર ઉન્નતિ સાધવાના છે.

વળી ખાસ કરીને જેમને આપણે નાનડીયા સમજીએ છીએ, એમના પર એક વડીલની અદાથી હેત અધિક વરસાવવું જોઈએ. એમની ભૂલો કે દોષ જોવાને બદલે એમનામાં બીજું જે સારું સારું હોય એ જોવું જોઈએ. ખૂબી એ છે કે સામો ગમે તેવો હીન ગુણવાળો હોય પરંતુ આપણે જો એમને સારા તરીકે જોઈએ છીએ તો આપણને પ્રેમ-વાત્સલ્ય-પ્રમોદભાવનો જ લાભ મળે છે.

ખંધકમુનિની જીવતા ચામડી ઉતારવા માટે રાજાએ મારા મોકલ્યા. એ વખતે મહામુનિએ એટલું જ વિચાર્યું કે આ તો મને ભાઈથી ભલેરો મિત્ર મળ્યો. કેમ કે એ મારા કર્મોના ભાર ઉતારી નાખે છે, અને 'કર્મ ખપાવવાનો અવસર એહવો





E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ફરી નહીં મળે' એમ મનમાં ખુશી થઈ, અનાસક્ત ભાવમાં ચડ્યા, શુક્લધ્યાનમાં ચડી કેવળજ્ઞાન-મોક્ષ પામ્યા.

સુજ્ઞ બેન ! એટલું જોજો કે મુનિએ જો આવું વિચાર્યું હોત કે 'આ રાજા તો દુષ્ટ, વગર ગુનાએ મુનિને મારનારો' તો મુનિને લાભ શો થાત ? પરંતુ જિનશાસનજ્ઞ મુનિએ તો રાજાને ભાઈ કરતાં ય વધુ સારો દેખ્યો, તો મોક્ષ પામી ગયા. બેની ! જૈન માનવભવના મૂલ્ય ઊંચા આંકજો, અનંત અનંત કાળની આપણા આત્માની ખરાબીઓ અહીં જ સુધારી શકાય છે. ત્યારે જીવન શોભાભર્યું જીવ્યા શાને કહેવાય? આને જ કે મહાવીર ભગવાન સુધીના ઉત્તમ પુરુષોને નજર સામે લાવી દુશ્મનને પણ પ્રેમ પીરસીએ, હલકા પર પણ હેત વરસાવીએ, પરાયા જેવાને પણ પોતાના ગણીએ, આપણા તરફ વક્ર ચાલનારને પણ આપણે ઉમદા ભાઈ બેન તરીકે અપનાવીએ.

વળી શાણા ભગિની ! માનવભવ એ મહાકિંમતી મન-સુવર્ણને રિફાઈન કરવાની રિફાઈનરી છે એમાં આપણી સદ્બુદ્ધિ અને સત્પુરુષાર્થ શક્તિથી મનનું સંશોધન કરી એને સો ટચના સોના જેવું બનાવી શકીએ એવી આપણી લાયકી છે. આપણે મહાવીર ભગવાનના સાધુ-શ્રાવક છીએ, બાકી તો કર્મસત્તાને સૌ પરાધીન છે. આપણે અને બીજા કર્મસત્તાના નચાવ્યા નાચીએ છીએ. એમાં દોષવાળા બીચારા બીજા જીવો કર્મનો માર ખાઈ રહ્યા છે. એમાં આપણે કષાય કરી વધુ માર શા માટે મારવો ?

વળી આપણે સમજીએ છીએ આ વસ્તુ આમ જ બનવી જોઈએ પણ એક મહત્ત્વની વસ્તુ સમજી લો કે આ વિશ્વનો એક ભવિતવ્યતા નામનો મોટો ચોપડો છે. એમાં અનંત અનંત કાળના ભાવો અંકિત થયેલા છે. એ પ્રમાણે જ એ ભાવો બન્યા કરે છે. એમાં આપણી દરમ્યાનગીરી લેશ માત્ર ચાલે એમ નથી, તેથી એ અંગે આપણે મન બગાડીએ એ વ્યર્થ છે.

એ જ સમજદારને વધુ શું સમજાવવાનું હોય ?

•

## ચિત્ત-કલેશો શમાવવા એક મંત્ર,- 'પ્રભુ ! તું મને ગમે છે ?'

આજની વધારી મૂકેલી ભૌતિક જરૂરિયાતો અને વિલક્ષણ બનેલ દેશ-કાળના સંયોગોના કારણે માણસનાં મન સંકલેશોથી ખૂબ પીડાઈ રહ્યા છે; તેમજ ધર્મી



જીવોને ધર્મસાધના વખતે ચિત્તની સ્થિરતા નથી રહેતી. પુણ્ય અને સત્ત્વ એટલાં પ્રબળ નથી કે જેથી વધુ પડતી જરૂરિયાતો સીધે સીધી રીતે પૂરી પડે; તેમજ વિલક્ષણ સંયોગો પોતાને સ્પર્શે નહિ. પછી સહજ છે કે એ ચિત્તને ડહોળી નાખે ચિત્તને સંતાપથી તપાવે.

એટલે, ચિત્તના સંકલેશ અને ચંચળતા ઓછી કરવા ઉપાય ખરો આ છે કે ભૌતિક જરૂરિયાતો ઓછી કરવી, અને દેશકાળના સંયોગોથી દિલને બને તેટલું દૂર રાખવું. ધ્યાનમાં રહે કે આવાં સ્વમાન ને અહંત્વ ઊંચું રાખવાની પણ જે જરૂર લાગે છે એ ય વધુ પડતી જરૂયિાત છે. એથી બહુ નિકટના સગા બાપ-દીકરો ભાઈ-ભાઈ પતિ-પત્ની સાસુ-વહુ વગેરે વચ્ચે આના કારણે ઝગડા ઊભા થાય છે. 'સામાનું બોલ્યું-ચાલ્યું હું શાનો સહન કરી લઉં ?' એમ અહંત્વમાં તણાયે મોં બગાડાય છે, ને કડવું કર્કશ સંભળાવી ય દેવાય છે; પછી ચિત્ત કલેશ સળગતો રહે એમાં નવાઈ નથી. તેથી જેના સ્નેહથી જીવવું છે એની સામે સ્વમાન-અહંત્વની જરૂરિયાત પણ ઓછી કરી નાખવાની જરૂર છે. અસ્તુ.

સત્ત્વ ઓછું હોવાના હિસાબે જરૂરિયાતો તરત એટલી ન ઘટે અને વિલક્ષણ સંયોગો મનને સ્પર્શી જતા હોય, ત્યાં પણ સંકલેશ શમાવવા આ એક ચાવી છે કે વારંવાર અંતરમાં આ પૂછવું કે

**'પ્રભુ ! તું મને ગમે છે ? મને પ્રભુ ગમે છે ? જો ગમે તો બીજું શાનું ગમે ?'**

આ એક મંત્રની જેમ ચિત્ત પર ચમત્કારિક અસર કરે છે. કેમ કે આ યાદ કરતાં મનને એમ થાય છે કે 'વીતરાગ પ્રભુ ! જો તું મને ગમતો હોય, તો પછી શા સારુ મને રાગાદિ રોગ પોષનારું ગમે ? વીતરાગ ભગવાન એટલા જ માટે ગમે કે રાગ-દ્વેષ-અહંત્વ-ઈર્ષ્યા વગેરે મનના રોગો અને એથી નીપજતા અશુભ કર્મસંચય તથા જન્મમરણાદિની પીડાઓને એ ટાળનાર છે. એવા પ્રભુ ગમે એટલે સહજ છે કે પછી બીજું રાગાદિ રોગ વધારનારું ન ગમે. ત્યારે, જો એ અણગમતું બરાબર કર્યું તો પછી એના પર મદાર શી બાંધવી હતી ? એને મહત્ત્વ આપી શા સારું સંકલેશ કે સંકલ્પવિકલ્પ કરવા ?' આમ, મનમાં બરાબર ગોઠવીને વીતરાગ પ્રભુ પર આસ્થા વધાર્યે જવાય. 'પ્રભુ ! તું મને ગમે છે ?' એ વારંવાર યાદ કરી કરી 'તો પછી મારે બીજું ગમતું કરવાનું ન હોય' એ ભાવ નક્કી કરાય; અને એમ એનું મહત્ત્વ ઘટાડી દેવાથી એના સંકલેશ અને સંકલ્પવિકલ્પ ઓછા થાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૬૭) કષાયો રોકવાના વિચારમાં માયા કેમ રોકવી

કષાયો એક પણ સારા નથી. કષ = સંસાર, આય = લાભ - સંસારનો લાભ જેનાથી થાય એને કષાય કહેવાય. કષાય આત્માને નુકસાન કરનાર છે. આ ભવમાં અને ભવિષ્યમાં પણ પોતાના અંદરવાળા આત્માનું બગાડે છે. માયા કષાય છે. દંભ, કપટ, પ્રપંચ, દગો, વિશ્વાસઘાત એ માયાના રૂપકો છે.

(૧) એક વિચાર એ છે - પ્રાકૃત ભાષામાં માતાને 'માયા' કહેવાય. માયા ભવોની માતા છે. માયા કરો એમાંથી અનેક ભવોનું સર્જન થાય. નવા નવા ભવો માયાના બાળકો છે. પૂર્વના દૃષ્ટાંત પરથી પણ દેખાય છે. લક્ષ્મણા સાધ્વીએ આલોચના કરતાં માયા કરી, ક્રીડા કરતા પક્ષીનું જોડલું દેખી, 'આ કેવા સુખી ભગવાને અમને આવા વિષયસુખની કેમ ના પાડી ? ભગવાનને વેદોદયનું દુઃખ નહોતું એટલે ભગવાનને શી ખબર કે વેદોદયવાલાને કેટલું દુઃખ ? તેથી ક્રીડાની ના પાડી.' પછી લાગ્યું કે આ ખોટું વિચાર્યું તેથી આલોચના કરવા ગઈ ખરી પણ માયા કરી બીજાના નામથી કર્યું અને 'સાહેબ ! કોઈ આવું વિચારે તો શું પ્રાયશ્ચિત્ત ?' જે બતાવ્યું એના કરતાં અનેકગણુંનું કર્યું, પણ પાપ છૂટ્યું નહિ. કેમ કે માયા હતી. એના પર ૮૪ ચોવીસી જેટલો કાળ ભટકી.

(૧) માયામાંથી એટલા બધા ભવો સરજાયા, કેમ આમ ? જ્ઞાનીઓની દૃષ્ટિએ માયા કરી એ હૃદયની એક પ્રકારની સંક્લિષ્ટતા છે. દિલ કઠોર નિષ્ઠુર થઈ જાય છે એના પર ધર્મના ઘાટ ઘડાવા માટે પૂર્વે દુર્ગતિના દુઃખોમાં કાળના કાળ જાય ઘણું સહન કર્યે રીબાય પછી ઘાટ માટે યોગ્ય થાય. માયા રોકવા માટે આ વિચાર છે :- થોડો મનનો માનેલો લાભ થઈ જશે. લોક કહેશે આ સારો છે. ગુરુ પાસે ય જશ લીધો. પણ પછી ડુચા નીકળી જાય. બીજો હિસાબ છે.

(૨) માયા જેમ ભવોની માતા છે તેમ દોષોની ને પાપોની પણ માતા છે. પછી આરંભ સમારંભ જૂઠ અનીતિ વગેરે અનેક દોષો ને પાપો સેવાય છે. માયા કપટ કરે કોઈ માનથી આકર્ષાય સ્વાર્થથી આકર્ષાય... સમરાદિત્યની સામે અગ્નિશર્માનો જીવ ગુસ્સાથી વૈરની ગાંઠ બાંધી પછીના ભવોમાં સમરાદિત્ય બાપ દીકરો, ત્રીજા ભવે અગ્નિશર્મા માતા જાલિની ગુણસેન એનો દીકરો શિખિકુમાર. બહારથી પ્રેમ અંદરથી માયા કરી કરી અનેક દોષો ને ઘોર પાપો કરી કરી નીચી નીચી નરકે જ તો ગયો તેમાં નીચે નીચે ઊતરતો ગયો. માયા સાથે અનેક પ્રકારના



દોષો આવે છે. માયા એ દોષોની માતા છે, આવા ઉત્તમ પ્રકારના માનવભવમાં માયા એટલે પશુજીવન હલકી કોટિનું જીવન જીવવાનું ? મનુષ્યના અવતારે જીવન મનુષ્યનું જીવવું જોઈએ માટે આ ભવમાં નવા ભવોના સર્જન નથી કરવા, દોષોના પોટલા નથી ભેગા કરવા.

(૩) માયાથી સ્ત્રીવેદ અને તિર્યંચગતિ નીપજે છે. માયા રમો એટલે તિર્યંચગતિની ટિકીટ મલે જેમાં ધર્મનું બળ હોય તો કદાચ તિર્યંચગતિ નહિ પણ સ્ત્રીવેદ બંધાય. જેમ પીઠ મહાપીઠ મુનિ. ભરત બાહુબળના જીવ પૂર્વભવે બાહુ સુબાહુ મુનિ ખડે પગે ૫૦૦ સાધુની સેવા કરતા. ઋષભદેવ પ્રભુના જીવ આચાર્યના વૈયાવચ્ચી મુનિની આચાર્ય પ્રશંસા કરે છે કેવા સોભાગી ૫૦૦ સાધુની ખડે પગે સેવા કરે છે. ઈર્ષાથી પીઠ-મહાપીઠને ઈર્ષ્યા માયાના કારણે સહન ન થયું. મોટા આચાર્ય ઋષભદેવ પ્રભુનો જીવ છે કેટલી કાળી મહેનત કરી પૂર્વનું અધ્યયન સાથે કાળી તપસ્યા, કેટલી લબ્ધિઓ થઈ, પવન પોતાને અડી આગળ જાય લાગે બાજુવાલાનો રોગ જતો રહે, જ્ઞાન તપસ્યા કેવી નિષ્કામ પણ આરાધના કરી ચક્રવર્તી દેહે આટલું બધું કેમ ભણ્યા ? કહો જ્ઞાનના મહાસાગરમાં મસ્ત થઈ જવા. જાણે ૧૪ પૂર્વી પ્રોફેસરને જ્ઞાન ચોપડામાં નહિ. પૂર્વના વિદ્વાન કેવા ? LIVING Library જીવંત જ્ઞાન ભંડાર, બંગાલી પંડિત ભટ્ટાચાર્ય કૉલેજના પ્રોફેસરો શંકા પૂછવા આવે ગુરુજી પ્રશ્ન ? 'બેઠીએ પૂછીએ !' એ પૂછે તે સમયમાં 'ૐ નમઃ શિવાય' રટતો હોય અને સાંભળે પછી 'દેખીયે' એમ કહી શાસ્ત્ર પાઠ સાથે સમાધાન આપે 'હાં ફિરભી પૂછના હો તો પૂછીયે' પેલા પૂછે ત્યાં સુધી ૐ નમઃ શિવાય' રટે પછી તરત જ જવાબ, શાસ્ત્રોની સાક્ષીઓ બધુ મોઢે આવા વિદ્વાન જોતાં આજે આપણને ચમત્કાર લાગે ત્યારે ૧૪ પૂર્વ મોંઢે એ કેવા વિદ્વાન ? ૧૪ પૂર્વ અગાધ છે ચક્રવર્તી મુનિ ૧૪ પૂર્વ કંઠસ્થ, જ્ઞાનની મહેનત સાથે તપસ્યા, આપણે એમ સમજીએ કે તપસ્યા કરતાં જ્ઞાન ન ચડે નહિ પણ એ પટેલશાહી ગોલા હિસાબ છે. ત્યાગ કરો તપસ્યા કરો જ્ઞાનાવરણીય કર્મ ખપે, ભણે આવા મહાન આચાર્ય કરેલી પ્રશંસા પણ પીઠ અને મહાપીઠને સહન ન થઈ મનમાં શું હતું એ કદાચ ભક્તિ વૈયાવચ્ચ કરે છે તો અમે જ્ઞાન ધ્યાન કરીએ છીએ. મનમાં હતું એ આચાર્યને જાણવા ન દીધું, પીઠબળ જ્ઞાન ધ્યાનનું હતું. અહીંથી મરીને અનુત્તરવિમાનમાં જવાના છે ક્ષણવાર માયા આવી ગઈ એમાં પાછા જ્ઞાન ધ્યાનમાં લાગી ગયા તો જ અનુત્તરમાં ગયા. પરંતુ માયાથી પછી બ્રાહ્મી સુંદરી સ્ત્રી અવતાર. આવા તપસ્વી ૧૪ પૂર્વીનું વચન પર વિશ્વાસ ન કર્યો એનાથી સ્ત્રીવેદ બાંધ્યો બ્રાહ્મી સુંદરી થયા. તમો બધું કરજો એના ફળમાં સારા ઈનામ મલશે પણ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

માયા કરી તો એક વખત તો બધો ધર્મ અટકાવે માયા આગળ આવે.

(૪) ક્રોધ અભિમાન લોભ લોકોની જાણમાં આવે. ક્રોધ મોં પર વરતાય, માન બોલથી વરતાય, લોભથી બજારમાં દોડાદોડ કરતો દેખાય, પણ માયા કષાય એવો છે બીજાને એની ખબર જ ન પડે અને તેથી કોઈ એને રોકવા ન આવે તેથી પોતાને અફસોસી ન થાય. ક્રોધ અભિમાન લોભમાં હજી પાછળથી પસ્તાવો થાય, માયામાં નહિ. માયાની પાછળ અફસોસી નહિ. જે પાપની પાછળ અફસોસી નહિ ત્યાં મિથ્યાત્વ આવે. ઘોર પાપ પાછળ પસ્તાવો હોય એ પાપ મોળું; ત્યાં સમકિત ઊભું રહે. માયા પાપની પાછળ અફસોસી નથી ત્યાં મિથ્યાત્વ છે. એમાં સ્ત્રીવેદ તિર્યંચગતિ બંધાય. ત્યારે સમકિત કેટલી મોટી મૂડી છે, મિથ્યાત્વે કે સાસ્વાદન ગુણઠાણે સ્ત્રીવેદ બંધાય, ચોથે ગુણસ્થાને સ્ત્રીવેદ ન બંધાય. ક્રોધ, અભિમાન કર્યું છતાં નિયમ નહિ કે મિથ્યાત્વ આવે, જો મનમાં કષાય ખટકતો હોય, પરંતુ માયા કષાય ખટકવો મુશ્કેલ તેથી એમાં સ્ત્રીવેદ બંધાય; કેમ કે માયા મિથ્યાત્વ લાવે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૪૦,અંક-૨૧,તા.૨૯-૨-૧૯૯૨

## (૬૮) શ્રેણિકપુત્ર નંદિષેણનો ઉત્ક્રાંતિ ક્રમ

નંદિષેણ શ્રેણિક રાજાનો દીકરો હતો. એક વાર શ્રેણિક રાજા પાસે તાપસોએ ફરિયાદ કરી કે - એક વિશિષ્ટ હાથીરત્ન અમારા આશ્રમમાં તોફાન કરે છે. કોઈનાથી કબજામાં આવતો નથી. શ્રેણિક રાજાએ પોતાના પુત્ર નંદિષેણને કહ્યું કે આ હાથી તોફાન કરે છે એને તું અંકુશમાં લાવ. નંદિષેણકુમાર ત્યાં ગયા અને જ્યાં હાથીની સામે આવ્યા ત્યાં હાથી પાળેલા કૂતરાની જેવો થઈ પગમાં પડે છે. નંદિષેણ એને લઈને રાજસભામાં આવે છે આ કેમ થયું ? એનું કારણ એ કે -

પૂર્વભવમાં નંદિષેણ જૈન વણિક-વ્યાપારી હતા. અને હાથી એ એક તવંગર શ્રેષ્ઠિનો - બ્રાહ્મણનો જીવ હતો. આ પૈસાદાર બ્રાહ્મણને ચોર્યાસીનું જમણ કરવું હતું. વ્યવસ્થા કરવામાં આ વણિક-વ્યાપારી હોંશિયાર હોય છે એમ માની આ બ્રાહ્મણે પોતાના વણિક મિત્રને કહ્યું - 'મારું આટલું કામ તમે કરો.'

એક મિત્રાચારીના નાતે આ વણિકમિત્રે ચોર્યાસીજમણની બધી વ્યવસ્થા સંભાળી અને હોંશિયારીપૂર્વક જમણનું કાર્ય પાર પાડ્યું. તેથી ચારે બાજુ વાહવાહ અને પ્રશંસા થઈ. ત્યારે બ્રાહ્મણમિત્રે વિચાર્યું કે મારા વણિકમિત્રે આ વ્યવસ્થા કરી છે એ કાંઈ બદલામાં પૈસા લેશે નહિ પણ આ બધું વધ્યું છે તે બધો સામાન તેને



આપી દઉં. એમ વિચારી બ્રાહ્મણે વણિકમિત્રને કહ્યું કે - 'આ લાડુ-ઘી-સાકર વગેરે મિઠાઈ આદિ બધો સામાન તું લઈ જા.'

હવે આ વણિકમિત્ર વિચારે છે કે - આટલા બધા સામાનને હું શું કરું ? આ બધી સાધન-સામગ્રી સાધુને માટે નિર્દોષ છે માટે લાવ હું સાધુઓનો જ લાભ આ સામગ્રીથી લઉં. આવી ઉમદા વિચારણા પણ નજીકના ભવિષ્યમાં ન્યાલ થવાનું હોય તો આવે. આવી ઉમદા વિચારણાથી આ વણિકે આખા નગરમાં જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતો હતા તેને આગ્રહપૂર્વક બોલાવીને તે બધાનો ભાવપૂર્વક અને ઉલ્લાસથી વહોરાવવાનો લાભ લીધો. આનાથી પુણ્ય પુણ્યાનુબંધી થયું. એટલે આ શુભ અનુબંધથી ભોગનું જોરદાર પુણ્ય ઉપાર્જન થયું. પરિણામે વણિકમિત્રનો જન્મ મગધદેશના સમ્રાટ શ્રેણિક રાજાને ત્યાં થયો. જ્યારે પેલા બ્રાહ્મણમિત્રનો જીવ હાથી થયો. પણ આ હાથી વિભંગજ્ઞાની થયો. અવધિજ્ઞાન મિથ્યાત્વની હાજરીમાં હોય ત્યારે વિભંગજ્ઞાન કહેવાય છે. આમ પૂર્વજન્મના સુકૃતના પરિણામે નંદિષેણ રાજપુત્ર બન્યા.

આગળ જતાં નંદિષેણ રાજકુમારના ૮ રાજકન્યાઓ સાથે લગ્ન થયા. અને પછી ચારિત્ર પણ લીધું. પૂર્વના કોઈ નિકાચીત પાપકર્મવશાત્ મુનિ નંદિષેણનું વેશ્યા દ્વારા પતન થયું. પણ ફરીથી સાવધાન બની ચારિત્ર લે છે. મુનિને દેશનાની અદ્ભુત લબ્ધિ હતી. જ્યારે પતન પામી વેશ્યાને ત્યાં રહેલા ત્યારે રોજના દશ-દશ પુરુષોને દેશના લબ્ધિથી બુઝવતા હતા. વેશ્યાને ત્યાં આવતા પુરુષોને નંદિષેણમુનિ શું કહેતા હતા ? આવું જ કાંઈક કે - 'મહાનુભાવ ! આવા મહાન અને ઉચ્ચ માનવ અવતારમાં આવા કાળા કામોમાં ખરડાવાનું ? તો પછી આ આત્માનો ઉદ્ધાર ક્યારે ? આ ઉચ્ચ માનવભવ તો અદ્ભુત સંયમની સુંદર આરાધના કરવા માટે છે. ઈત્યાદિ.'

દેશનાલબ્ધિ છે તેથી પેલા ભોગ છોડી ત્યાગના માર્ગે લાગી જતા. એક વાર વેશ્યાની ટકોર થઈ... 'બધાને ઉપદેશ આપનારા તમે હવે આજે ચારિત્ર લ્યો ?' ને ટકોર લાગી ગઈ... પ્રાયશ્ચિત્ત કરી ફરી સંયમી બન્યા.

એક વખત નંદિષેણ મુનિના પરિવારમાં એક સાધુ ચલિત થઈ ગયા હતા. તે મિત્રસાધુને પૂછે કે હું શું કરું ? - મિત્રસાધુએ તપ-સ્વાધ્યાયાદિ કરવાની સલાહ આપી. બધું કરવા છતાં પણ કાંઈ વાસના શમતી નથી. એમાં આ બધા મુનિવરો વિહાર કરતા રાજગૃહી નગરીમાં આવ્યા. ત્યાં ૮-૮ રાજકન્યાઓને પેલા મિત્રમુનિએ ચલિત થયેલા મુનિને બતાવી. અને કહ્યું - જો આ કોણ છે ? ત્યારે પેલા મુનિ કહે - આ તો કોઈ દૈવી સ્ત્રીઓ લાગે છે, ત્યારે મિત્રમુનિ સાધુને કહે - 'ના,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

આ તો આપણા ગુરુની સંસારી આઠ પત્નીઓ છે. આવી અપ્સરા જેવી રૂપવાન પત્નીઓને આપણા ગુરુ છોડી આવ્યા છે.

પછી મિત્રમુનિ પેલા મુનિને કહે - જો વિચાર કે સાધુપણું છોડીને જઈશ તો શું તને આવી અપ્સરા સમાન સ્ત્રી મળશે ? શું ચલિત થાય છે ? અને પેલા મુનિ પણ સ્થિર થઈ ગયા.

આ નંદિષેણ મુનિએ કેવી રીતે દીક્ષા લીધી હતી તે જાણો છો ? દેવીએ ના પાડવા છતાં પણ ભગવાન પાસે ચારિત્ર લીધું હતું અને જાણવા છતાં પણ ભગવાને ચારિત્ર આપેલ. કેમ ? કેમ કે ભગવાન શ્રી મહાવીરદેવ જાણે છે કે - આ જે ચારિત્ર લઈને સંગ્રામ ચલાવશે ને કર્મોના ભુક્કા બોલાવશે તે આગળ ઉપર મહાલાભકારી થશે. ચારિત્ર લઈને આ નંદિષેણ મુનિએ બે-બે, ચાર-ચાર ઉપવાસ ૧૨-૧૨ વર્ષ સુધી લગાતાર કર્યા. સાથે ધ્યાન-તપ-સ્વાધ્યાય આદિનું જોર એવું લગાવેલ જેનાથી અદ્ભુત દેશનાલબ્ધિ ઉત્પન્ન થયેલ. એટલું જ નહીં આંખની પાંપણે ક્રોડોની સંપત્તિ ઉત્પન્ન કરવાની શક્તિ પણ ઉત્પન્ન થયેલી. એમની સાધના આટલી પાવરવાળી હતી. જ્યારે મોહનો ઉદય થવા લાગ્યો તો તપસ્યા-ત્યાગમાં આગળ વધ્યા. મોહ ન શમવાથી આપઘાત કરવા ગયા પણ ત્યાં દેવીએ બચાવી લીધા.

એક વાર વેશ્યાના મહેલ પાસે ધર્મલાભ કહીને ઊભા રહ્યા ત્યાં વેશ્યા કહે મહારાજ અહીં ધર્મલાભ નહીં અર્થલાભ જોઈએ. અને ત્યાં નંદિષેણ મુનિએ આંખના પાંપણને તણખલું અડાડીને સાડા બાર ક્રોડ વરસાવ્યા. વેશ્યા તો આ જોઈને આભી જ બની ગઈ. પણ તે ચાલાક હતી. એટલે કહે - 'મહારાજ એમ ને એમ ન જવાય. અમે તો માલ આપીને માલ લઈએ. ક્યાં તો આ પૈસા લઈ જાઓ ક્યાં તો અંદર અહીં રહો.' વેશ્યાએ ચેનચાળા કર્યા. નંદિષેણમુનિ એવા ત્યાગી તપસ્વી પણ વેશ્યાના આ ચેનચાળાથી પડ્યા. દેવી વચન નિકાચિત ભોગાવલી ભોગવવા જ પડશે યાદ આવ્યું. અને છતાં ત્યાં નિયમ કરીને રહ્યા. રોજના ૧૦ ને પ્રતિબોધ કર્યા પછી જ ભોજન કરવું. વેશ્યાની આગળ આવનારને પ્રતિબોધી ભગવાન પાસે મોકલવા લાગ્યા. એવી દેશનાલબ્ધિ ઉત્પન્ન થયેલ ૧૨-૧૨ વર્ષ સુધી આવનારને પ્રતિબોધ્યા. એક દિવસ એક બુઝતો નથી. જમવાનો સમય થઈ ગયો... વેશ્યા બોલાવવા આવી - ચાલો જમવા. આવું છું પણ આ બુઝતો નથી...

ત્યારે વેશ્યાએ મજાકમાં કહ્યું - ૧૦ મા તમે અને તે જ વખતે ઊભા થઈ ગયા અને ભગવાન પાસે જઈ જોરદાર તપસ્યામાં લાગી ગયા.





## ૬૯ જુદા જુદા કર્મ-સંસ્કારોના હિસાબ એક સાથે કેમ પત્યા ?

શાસ્ત્રમાંથી જાણવા મળે છે કે શ્રી સિદ્ધગિરિ પર પુંડરિકસ્વામી સાથે પાંચ ક્રોડ મુનિ, દ્રાવિડ-વારિખિલ્લ સાથે ૧૦ ક્રોડ મુનિ, પાંચ પાંડવો સાથે ૨૦ ક્રોડ મુનિ, શાંબ-પ્રદ્યુમ્ન સાથે ૮॥ ક્રોડ મુનિ મોક્ષે પધાર્યા. એના પર આ સવાલ થાય છે કે,

પ્રશ્ન - એ બધામાં દરેકનાં કર્મ અને દરેકના મોહસંસ્કાર તો જુદા જુદા હોય. એમાં વળી કોઈક ક્યારે પાકે, તો બીજા વળી જુદા સમયે પાકે, આવા ભિન્ન ભિન્ન સ્વરૂપનાં કર્મ અને સંસ્કારોનો હિસાબ એક સાથે કેવી રીતે પાકી ગયા કે બધા એક સાથે મોક્ષે ગયા ?

આનો ઉત્તર એ છે કે એ બધાએ એક સમર્થ નેતાને માથે કરી લીધેલા. તે એવા માથે કર્યા કે,-

(૧) અમારે અમારા હિસાબ-ગણતરી-દૃષ્ટિબિન્દુ કાંઈ જ નહિ, અમારે તો નેતાના જે હિસાબ-ગણતરી-દૃષ્ટિબિન્દુ, એ જ અમારાં. નેતા બધું વોસિરાવવાનું કહે છે, ને આત્મા પર લાગેલા બધા જ વળગાડની મમતા ફગાવી દેવાનું કહે છે, તો અમારે પણ એ જ કરવાનું. દૃષ્ટિબિન્દુ સ્થિર શુભ આત્મભાવની અપેક્ષાએ જોવાનું રાખ્યું.

(૨) નેતાને આશ્રિત-આધીન-અર્પિત રહેવામાં મહાન આનંદ માન્યો. જેમ કે,- દુનિયામાં સુશીલ સ્ત્રીઓ પણ એ જ રીતે પતિને પરાધીન-સમર્પિત રહેવામાં પૂર્ણ આનંદ માને છે. એમાં પછી પોતાની વૈયક્તિક બધી ય મનોવૃત્તિઓ હૃદયના કેન્દ્રમાં (મધ્યમાં) રહેલ આરાધ્ય પતિદેવમાં જઈ મળે છે. જેમ કે, બધી નદીઓ સમુદ્રમાં જઈ ભળે છે, પછી પોતાનું વ્યક્તિત્વ છોડી દે છે, અને સમુદ્રના અભિન્ન અંશરૂપે બની જાય છે; અર્થાત્ નદી પોતાના ગુણોને છોડી સમુદ્રની ગંભીરતા, પ્રૌઢતા, પ્રશાન્તતા વગેરે ગુણોને અપનાવી લે છે; એ જ પ્રમાણે સતી પતિના આત્મામાં ભળી જાય છે. એનું મૂળ કારણ સતી પોતાનું વ્યક્તિત્વ મૂકી દઈ પોતે પતિનું વ્યક્તિત્વ અપનાવી લે છે. એ છે. અપનાવી લઈને એ સંપૂર્ણ પરાધીનતા-પરાશ્રિતતા-સમર્પિતતા અપનાવી લે છે એ છે.


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

બસ આ રીતે જ જે પુંડરિકસ્વામી આદિ મહાપુરુષોની સાથે લાખો ક્રોડની સંખ્યામાં મુનિઓએ અણસણ સાધ્યા, ને એક સાથે મોક્ષે ગયા, ત્યાં પણ એ મુનિઓએ એ નેતા મહામુનિમાં સ્વાત્મવિલોપન કર્યું, એમને સર્વેસર્વા સમર્પિત થઈ ગયા, આવા સમર્થ નેતામુનિને પામીને પહેલાં તો, 'એમને નેતા તરીકે માથે ધરવામાં 'અહોભાગ્ય' માન્યું. સમર્થ ગુરુની તાબેદારી એમને ખૂબ ગમી. તેથી એ ગુરુની કઠોર સાધનાઓને, જાતની સુંવાળાશ બાજુએ મૂકી, પોતાની કરવા માંડી, અને પછી એમના સમસ્ત ગુણો પોતાના જીવનમાં ઉતારવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો. શાલિભદ્ર અને ધનાજી મહામુનિઓએ શું કરેલું ? આ જ, ગુરુ મહાવીર ભગવાનની કઠોર તપ-કાયોત્સર્ગની સાધના પોતાની કરતા ગયા, અને થોડા વખતમાં કાયાને હાડપિંજરશી બનાવી દીધેલી.

પેલા પુંડરિકસ્વામી સાથે ૫ ક્રોડ મુનિ, દ્રાવિડ-વારિખિલ્લ સાથે ૧૦ ક્રોડ મુનિ, પાંડવો સાથે ૨૦ ક્રોડ મુનિઓએ આ કરેલું. નેતામુનિને સર્વેસર્વા આશ્રિત-આધીન-અર્પિત બની ગયેલા. નેતામુનિના મહાવૈરાગ્ય આદિ ગુણોને પોતાના કરવા મથેલા. બસ, પોતાનું 'અહં' મૂકી દઈ જાણે ગુરુના આત્માનું પ્રતિબિંબ બની ગયા ! ને સંભેદ-પ્રણિધાનમાંથી અભેદ-પ્રણિધાનમાં ચડી ગયા. આનો પ્રભાવ એવો પડ્યો કે જેમ એક જ ગારુડી મંત્રથી, વિવિધ પ્રકારે ચડેલા વિષ, ડંખમાં આવી નાબૂદ થઈ જાય, એમ આ જુદા જુદા આત્માઓના વિવિધ પણ કર્મ અને સંસ્કારોના હિસાબ એક જ ગુર્વાધીનતા ગુરુસમર્પિતતા ગુરુતન્મયતાના મંત્રથી ડંખમાં આવવા રૂપે એક સરખા ક્ષણનાશ્ય બની ગયા.

આ પરથી સમજવા જેવું છે કે દેવતત્ત્વ અને ગુરુતત્ત્વની આરાધના કરી મોક્ષ પામવો હોય, તો પહેલાં તો દેવાધિદેવમાં અને ગુરુમાં, જેમ સમુદ્રમાં નદી ભળે યા પતિમાં સતી ભળે, એમ ભળી જાઓ. પછી (૧) જેમ નદી પોતાનું વ્યક્તિત્વ, પોતાની ખાસિયતો જેવી કે ચંચળતા, ઉછાંછળાપણું તથા પોતાના અલગ હિસાબ વગેરે છોડી દે છે, અને સમુદ્રનું વ્યક્તિત્વ અને સમુદ્રની ખાસિયતો જેવી કે ગંભીરતા, સ્થિરતા, પ્રૌઢતા તથા સમુદ્રના હિસાબ ખિતાબ વગેરેને અપનાવી લે છે, (૨) જેમ સીતાજી જેવી સતીઓ પોતાનું વ્યક્તિત્વ (અહમ્), અને પોતાના હિસાબ-લેખાં, પોતાની સગવડો, પોતાના સ્વભાવ-રુચિ-ઈચ્છા-અપેક્ષા-અભિપ્રાય આદિ છોડી દે છે તથા પતિનું વ્યક્તિત્વ ને "પતિના સ્વભાવ-રુચિ-ઈચ્છા-અપેક્ષા-અભિપ્રાય તથા પતિના ઈષ્ટ-અનિષ્ટના હિસાબ આદિ એ જ પોતાનો સ્વભાવ-રુચિ-ઈચ્છા-અપેક્ષા-અભિપ્રાય, તેમજ ઈષ્ટ-અનિષ્ટના હિસાબ," એમ પોતાના તરીકે અપનાવી લે છે.



એ જ રીતે દેવાધિદેવ અને ગુરુમાં ભળી જવા માટે આપણે આપણું વ્યક્તિત્વ યાને આપણું અહમ્ મૂકી દેવાનું, સરાસર ભૂલી જવાનું, તેમજ આપણા હિસાબ-લેખા પડતા મૂકવાના, આપણી સગવડો જતી કરવાની, આપણા સ્વભાવ બદલી નાખવાના, આપણી રુચિઓ ને ઈચ્છાઓને નામશેષ કરવાની, આપણી અપેક્ષાઓ રવાના કરવાની, આપણા મત-માન્યતા ને અભિપ્રાયો વિસરી જવાના; અને દેવાધિદેવ તથા ગુરુનું એ બધું અપનાવી લેવાનું, એટલે કે આપણું પોતાનું તરીકે કરી લેવાનું.

પ્ર.- સમજવા છતાં એ કેમ નથી કરી લેવાતું ?

ઉ.- કારણ આ છે કે આપણને આપણું 'અહમ્' નડે છે. 'મને આમ લાગે છે,' 'મને આ અનુકૂળ છે.' 'મારા દિલમાં આ જચતું નથી,' 'મને આમ ન ફાવે,' વગેરે વગેરેમાં 'અહમ્'થી મરવાનું થાય છે. નરકની ભયંકર પ્રતિકૂળતાઓ ભૂલી મામુલી મામુલી અનુકૂળતામાં લપટાઈ જવાય છે. એ નથી જોવાનું કે મારે કેવો ધન્યકાળ કે મને સર્વોચ્ચ દેવતત્ત્વ, ગુરુતત્ત્વ સેવવાનાં મળ્યા ! 'હું રાખની કિંમતનો, ગુરુ લાખ રૂપિયાના,' એ કેટલો ઊંચો સુયોગ !! માટે તન-મન-ધનથી એમને સેવવાના.

પ્ર.- તન-મન-ધનથી ગુરુને સેવવા જરૂરી; પરંતુ ગુરુમાં સર્વેસર્વા મળી જવાનું અને નદીની જેમ આપણું વ્યક્તિત્વ વગેરે વિસારી દેવાનું એટલું બધું શા માટે જરૂરી ?

ઉ.- આપણું અહંત્વ અને સ્વાભિમાન સર્વેસર્વા ભૂલાવી દેવા માટે એ બધું જરૂરી છે. સ્વાભિમાન ભૂલવાનું છે, કેમકે ઉપરના ગુણસ્થાનકની પાયરીએ ચડતાં અટકાવનારા યાને ન ચડવા દેનારા સ્વાભિમાન છે; અને સ્વાભિમાન-પોષણ જેવો ખતરનાક બીજો દોષ નથી. બધા દોષ આના પર નભે છે. 'સર્વગુણ-વિનાશકો લોભઃ' કહેવાય છે. એમાં પણ સ્વાભિમાનની રક્ષા અને પોષણનો લોભ મોખરે રહે છે. આવો ખતરનાક સ્વાભિમાન દોષનો અંત લાવનાર છે ગુરુમાં સ્વાત્મમિલન. પોતાનું વ્યક્તિત્વ ને પોતાનું અહમ્ વોસિરાવી દીધું અને ગુરુનું વ્યક્તિત્વ, પોતાનું ગણી લઈ એમની જ ઈચ્છા-અભિપ્રાય વગેરેને પોતાના તરીકે ગણી લીધા, પછી ત્યાં 'મને એમ લાગે છે' વગેરે સ્વાભિમાન શાનું ઊભું જ થવા પામે ? એ નહિ એટલે વડીલ તરફ સર્વેસર્વા આશ્રિતતા આધીનતા-સમર્પિતતા સહેજે આવે. એથી પછી લાંબા ટુંકા કાળના અને ઉગ્ર-મન્દ પ્રકારના વિવિધ કર્મ-સંસ્કારોના હિસાબ એક સાથે પતી જાય એમાં નવાઈ નથી.


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## ૭૦ નફા વિનાનો વેપાર

ધન-કમાઈ કરવાના વેપારમાં માણસ હંમેશા એ જોવા સાવધાન હોય છે કે 'નફાનું માર્જિન કેટલું રહે છે.' નવો ઘરાક બનાવવા કોઈને બે-ત્રણ વેચાણમાં કદાચ નફો જતો કર્યો હોય તો પછી એના પાસેથી સારી રીતે નફો આંચકી લેવા માટે સજાગ રહે છે. બજાર બહુ મંદા પડી ગયા હોય, નફા વિના માલ વેચવો પડતો હોય તો જીવને કાંઈ કાંઈ થઈ જાય છે ! એમાં વળી જો માલ ખોટ ખાઈને કાઢવો પડતો હોય, તો ચિંતા-સંતાપનો પાર નથી રહેતો ! ત્યાં ભાવતાં ભોજન પણ કરવામાં હોંશ નથી. શરીર સાજુ સારું છતાં સુસ્ત ઢીલું રહે છે. મનને ચેન નથી. અકળામણ, મુંઝવણ રહ્યા કરે છે. ચારે બાજુ ફાંફા મારે છે કે 'ક્યાં દાવ લાગે ને બધી ખોટ પાછી વાળવા ઉપરાંત નફો કરી લઉં !' તાત્પર્ય, દુનિયામાં નફાના જ વેપાર પર ચોંટ રહે છે.

હવે ધર્મની બાબત જોવામાં આવે તો શું દેખાય છે ? પ્રભુદર્શન કરવા, પૂજા કરવી, સામાયિક-પ્રતિક્રમણાદિ અનુષ્ઠાન, ત્યાગ, તપસ્યા, દાન, જ્ઞાનધ્યાન વગેરે કરવા એ ધર્મવેપાર છે. એ કરવામાં નફો કમાઈ લેવાનું લક્ષ કેટલું ? નફાનું માર્જિન વધારવા માટે ચોંટ કેટલી ? બે ચાર ધર્મવેપાર નફા વિનાના એમજ કરાઈ ગયા હોય તો પછી આગળ ધર્મવેપારમાં પૂરો નફો કમાઈ લેવાની જાગૃતિ કેટલી ? કોઈ માનસિક ચિંતાના કારણે ધર્મવેપાર વિના-નફાએ મંદા ચાલ્યા કરતા હોય તો જીવને કાંઈનું કાંઈ થઈ જાય ખરું ? એમાં વળી ધર્મવેપાર વખતે આર્તધ્યાન, કષાયો, વિષયલગની વગેરેથી ઉલટી મોટી ખોટ આવતી હોય તો સંતાપનો પાર ન રહે, એવું ખરું ? ધર્મવેપાર કરાયે જતા છતાં નફો નહિ, ને ખોટ માથે ચડ્યે મીઠાં રસમય ભોજન પણ ન ભાવે, શરીર સુસ્ત, મનને ચેન નહિ, મુંઝવણ-અકળામણ થયા જ કરે. જીવ ફાંફા માર્યા કરે કે 'કેમ પૂર્વની બધી ખોટ ભરપાઈ કરી જોરદાર નફો કરી લઉં !' આવો અનુભવ છે ખરો કે નહિ ? - આ આંતર નિરીક્ષણ કરવા જેવું છે.

ધર્મ વેપારમાં નફો શું ? અહીં એવો નફો લેવાનો છે કે જે આપણને દેખાય, જેની ખબર પડે કે આ નફો વધ્યો, ઘટયો, યા નથી. તે નફો પુણ્ય નહિ લેવાય; કેમકે એ વધ્યા ઘટયાનો આપણને અનુભવ નથી થતો; તેમજ એના



આધાર પર આત્માની શ્રીમંતાઈ વધવાને હિસાબ નથી પરંતુ નફા તરીકે શુભ અધ્યવસાય, સંવેગ-વૈરાગ્યમય પરિણતિ, નિરાશંસ અર્હદ્ ભક્તિભાવ, જિનવચન-રાગ, આંતરિક સાચી ક્ષમા-સમાધિ-દયાદિના ભાવ ઈત્યાદિ સમજવાના છે. નફામાં ઊભું આ થવું જોઈએ, વધવું આ જોઈએ.

વીતરાગ પ્રભુના દર્શન કરીએ ત્યાં સીધો ભક્તિ-ઉછાળાનો નફો ઊભો થવો જોઈએ. યા પ્રભુના મુખ અને ચક્ષુ પર યાવત્ આખા અંગ ઉપર વીતરાગતા તરવરતી નિહાળી સંસારના કષાયો-ઉકળાટ-વિહ્વળતા, હર્ષ-ખેદ, ઈન્દ્રિયોની ખણજ વગેરેને ઘડીભર શાંત કરે અને શરીરના રુંવે રુંવે ઠંડગાર શીતલતાનો અનુભવ કરાવે એવા ઉપશમરસનો નફો ઊભો થવો જોઈએ. કામી માણસ રૂપાળી સ્ત્રીનાં દર્શન પર રાગનાં ગિલગલિયાં અનુભવે છે. શાતાનો શેરડો અનુભવે છે; તો વીતરાગનો ભક્ત વીતરાગનાં દર્શન થતાં શાંત શીતલ ઉપશમ ભાવનો અનુભવ ન કરે ? કલેજે શેરડો ન પડે ? હૈયામાં ભક્તિ કે બીજો શુભ ભાવોલ્લાસનો ઊભરો ન આવે ? જો આ નહિ તો દર્શનના વ્યાપારમાંથી નફો લઈ લેવાની વાત ક્યાં રહી ?

એમ, પરમાત્માની પૂજાના અનુષ્ઠાનમાં પણ પોતાનાં રીતસરનાં દ્રવ્યનો ભોગ આપ્યો હોય અને ત્યાં ભાવ એ જગાવાય કે 'મારા નાથ ! બધું તારી કૃપાનું ફળ પામ્યો, પણ આ રાંક ભેટ તારા ચરણે ધરું છું. કેવી મારી જાલિમ તૃષ્ણા ! છતાં આટલું ય તારી ભક્તિમાં લગાવું છું. એટલાં મારો અહોભાગ્ય ! એટલી યત્કિંચિત્ કૃતજ્ઞતા અદા થઈ તેટલું બચ્યો !' અથવા વીતરાગે સાધેલાં સુકૃતોના સ્મરણ સાથે હર્ષ અને ઉત્કંઠાભરી અનુમોદના કે પોતાના દુષ્કૃત્ય અને રાગાદિ દોષભરી દુર્દશા પર રુદન, પ્રભુને મનોમન પ્રાર્થના કે 'દેવ ! આપનું શરણું મળ્યું ને મને હવે આ વિટંબણા ઓછી નહિ થાય ? જરૂર ઓછી કરો. આપ જ કરશો. આપ એવા મારા દિલમાં ઓતપ્રોત થઈ જાઓ કે એ દુર્દશા ચાલતી પકડે. મને પાકો વિશ્વાસ છે કે આપના આલંબને જરૂર એ દૂર થશે.' જો આવો કોઈ ઊછળતા દિલનો ભાવ ન અનુભવાય તો નફો શું કમાયા ?

પ્રત્યેક ધર્માનુષ્ઠાન-ધર્મસાધનામાંથી આવા આવા કોઈ શુભ ભાવ, શુભ લેશ્યા અને સમાધિ તારવવાનું લક્ષ ખાસ રહે; જેથી ધર્મ ખાતે વેપાર નફા વિનાનો ન ગબડાવ્યે જવાય.

અંતરમાં આ શુભ ભાવના ઉલ્લાસ, દોષના હ્રાસ અને ગુણના વિકાસ એ ધર્મસાધનામાં રોકડી કમાઈ છે. એ કરી લેવાનું જો લક્ષ જ ન રખાય, તો સાધના,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

શુષ્ક-કોરી-ફિક્કી અને પરાણે દિલની થાય છે. ઊલટું કેટલીકવાર એવું ને એવું ચલાવ્યે રાખવામાં હૃદય એવું ધિટ્ઠું બનતું જાય છે કે પછી ભાવ જગાવવાનું મુશ્કેલ બની જાય છે.

ભાવોલ્લાસની આ કમાઈ પર દુર્લક્ષ એ માનવજીવનમાંની મોટામાં મોટી ખોટ છે; કેમકે વિશિષ્ટ બુદ્ધિના આ જીવનમાં જ એ કમાઈ ખરેખરી શક્ય છે, અહીં એ ન કરી તો પછી આગળ ક્યાં કરવાનું ? અને સારા ભાવ તરીકે અહીંથી શું લઈ જવાનું ?

“દિવ્ય-દર્શન”-“અગ્રલેખામૃત” વર્ષ-૪૦,અંક-૪૭,તા.૨૯-૮-૧૯૪૭

## (૭૧) ક્રિયામાં મનની સ્થિરતાનો એક પ્રયોગ

શ્રાવકપણાની કે સાધુપણાની ધર્મક્રિયાઓ જેવી કે દેવદર્શન, ચૈત્યવંદન, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ વગેરે એ ધર્મક્રિયાઓમાં જેનું મન સ્થિર રહે, બીજા-ત્રીજા વિચારમાં ન ચાલ્યું જાય,એ આત્માની બલિહારી છે; કેમ કે આવી ઉત્તમ ક્રિયામાં મન સ્થિર કર્યું એને સ્થિરતાનો અભ્યાસ શરૂ થયો. એથી એ એટલા પ્રમાણમાં પાપવિકલ્પોથી બચી ગયો, પાપવિકલ્પોના નિમિત્ત કષાયોથી એટલો બચ્યો.એવા બચાવ વારંવાર એકઠા થતાં-થતાં એની એક શક્તિ ઉભી થાય કે જેથી પાપવિકલ્પો પ્રત્યે નફરત-ઉદાસીનતા-અપરિચિતતા ઊભી થાય એથી ક્રિયા સિવાયના સમયમાં પાપવિકલ્પો ઓછા થતાં આવે.

એમ ક્રિયામાં મન સ્થિર રહે એટલે આ લાભ ઉપરાંત ક્રિયાનાં ભાવ જાગે, તે તે ક્રિયાને અનુરૂપ ભાવ હૈયાને સ્પર્શે. મન જ રખડતું હોય તો આ ક્યાથી બને ? ભાવ જાગવાથી ક્રિયામાં રસ વધે તેથી ક્રિયામાં કંટાળો ન આવે. ઊલટું આ ધર્મક્રિયાનો રસ વધવાથી કર્મ ક્રિયાઓ યાને સાંસરિક ક્રિયાઓમાં રસ સુકાતો જાય, અને એક દિવસ બધો જ રસ સુકાઈ જતાં સાંસારિક ક્રિયાઓ અને સંસારનો ત્યાગ થઈ જાય; એટલે મહાપવિત્ર ચારિત્ર માર્ગે પ્રયાણ થાય.એમાં પણ એ જ પ્રમાણે સાધુક્રિયામાં રસ વધતાં ભાવ વધે, ને ભાવ વધતાં ક્રિયામાં રસ અને તન્મયતા વિશેષ વધે...એમ કરતાં કરતાં એક દિવસ એવો આવીને ઊભો રહે કે તન્મયતા એકાકારતાપૂર્ણ અનાસક્તયોગમાં ચડી વીતરાગસર્વજ્ઞ બનાય. હવે આનાથી વધારે જોઈએ શું ?



પણ આ બધાનું મૂળ ધર્મક્રિયામાં મનની સ્થિરતા છે.મહત્વ મનની સ્થિરતાનું જ છે.માટે કહીએ છીએ કે એવી સ્થિરતા લાવનાર-કેળવનાર આત્માની બલિહારી છે,કેમ કે એ ઊક્ત લાભોનો ભાગી બને છે, ત્યારે સવાલ એ છે કે સ્થિરતા લાવવી કેવી રીતે ? આ સ્થિરતા પાછી એવી કે ધર્મક્રિયાના વિવિધ ભાગમાં મન સરળતાથી ઝડપટ પલોટાતું રહે, દા.ત.

ચૈત્યવન્દનની ક્રિયામાં ‘નમુત્થુણં’ સૂત્ર બોલતાં ‘નમો જિણાણં જિઅભયાણં’ સુધીના પદોથી ભાવજિનને નમસ્કાર છે, પછી તરત ‘જેઅ અઈયા સિદ્ધા’ ગાથાથી ભૂત-ભવિષ્ય-વર્તમાનના સર્વદ્રવ્ય જિનને નમસ્કાર છે. પછી તરત ‘જાવંતિ ચેઈયાઈં’ સૂત્રથી ઊર્ધ્વ-અધો-તિર્યક્ લોકના સર્વ ચૈત્યો-બિમ્બો અર્થાત્ સ્થાપના-જિનને નમસ્કાર છે. પછી તરત પ્રભુ કે ગુરુ સન્મુખ ખમાસમણું છે, પછી તરત ‘જાવંત કે વિ સાહૂ’ સૂત્રથી ભરત-ઐરાવત-મહાવિદેહમાં રહેલા સર્વ સાધુને નમસ્કાર છે.પછી તરત નમોઽર્હત્...થી અનંત પંચ પરમેષ્ઠીને નમસ્કાર છે.

હવે જોવાનું એ છે કે ચૈત્યવંદન ક્રિયાના આ વિવિધ ભાગોમાં એ બધું મનની નજર સામે ફટોફટ આવવું જોઈએ, અને એમને-એમને નમસ્કાર કરાતો જાય. આ શી રીતે બની શકે ? મન એકથી બીજે, બીજેથી ત્રીજે, તુરત તુરત પરોવાતું જાય એ કેમ બને ? આના માટે એક પ્રયોગ છે.

પ્રયોગ આ છે કે આપણી નજર સામે સર્વદા પ્રભુ છે, અને એમનું હૃદય ખૂલ્લું દેખાય ને એમાં ચાટલા જેવું ચમકતું કેવળજ્ઞાન દેખાય, જેમાં આખું જગત પ્રતિબિંબિત છે તેથી એમાં તે તે સૂત્રની વસ્તુ પ્રતિબિંબિત જોવાની. આખા જગતનું ત્રણેય કાળનું બધું અહીં પ્રભુના કેવળજ્ઞાનમાં અર્થાત્ એકજ ઠેકાણે પ્રતિબિંબિત છે એટલે ફટોફટ જોવા મળે છે.

આમ તો જોઈએ તો ઉપરોક્ત દાખલામાં ભાવજિનને એટલે કે સમવસરણસ્થ જિનને જોવા માટે મહાવિદેહ પર દૃષ્ટિ નાખવી પડે અને ત્યાં સીમંધર ભગવાન જોવા પડે. પછી ‘જે અઈયા સિદ્ધા....’ ગાથાથી દૃષ્ટિ ત્રણે કાળ પર નાખવી પડે અને દ્રવ્યજિન જોવાય. એમાંય ભૂતકાળના જિન જોવા નજર સિદ્ધશિલા પર લઈ જવી પડે, અને ત્યાં સિદ્ધ થયેલા અતીત જિન જોવા પડે; ત્યારે ભવિષ્યકાળના જિન જોવા દૃષ્ટિ અઢી દ્વીપ પર લેવી પડે અને સંપ્રતિ એટલે કે વર્તમાનના જિન જોવા દૃષ્ટિ પાંચ મહાવિદેહ પર લેવી પડે. પછી ‘જાવંતિ ચેઈયાઈં’ માટે ઉપર અનુત્તર સ્વર્ગથી માંડી નીચે ઉર્ધ્વલોક, નીચે ૧૦ ભવનપતિ-અધોલોક, તથા તિર્ચ્છું વ્યંતર-જ્યોતિષી સહિત મધ્યલોક પર નજર નાખવી પડે. વળી ‘જાવંત કેવિ


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સાહૂ'માં દૃષ્ટિમાં અઢી દ્વિપ લાવવા પડે. સારાંશ, દૃષ્ટિ બહુવાર આમ તેમ ફેરવવી પડે. ત્યારે પ્રભુના કેવળજ્ઞાનરૂપી દર્પણને એકલાને જોઈએ. તો એમાં આ બધા ભાવ પ્રતિબિંબિત જોવા મળે. આમ એક જ ઠેકાણે જોવા મળવાથી મનને અહીંથી તહીં ફેરવવું ન પડે. જગતમાં જુદા જુદા ભાવ ભલે જુદા સ્થાને અને જુદા જુદા કાળે બનતા કે બન્યા હોય, પણ અહીં કેવળજ્ઞાન જયારે ત્રણેય કાળ અને ત્રણેય જગતને વિષય કરે છે, તેથી એમાં જ એ બધા ભાવ પ્રતિબિંબિત દેખાય; એટલે વર્તમાન જિનેશ્વર ભગવાન પણ દેખાય.અને ભૂતકાળ તથા ભવિષ્યકાળના પણ ભગવાન દેખાય.એમ વર્તમાન અઢીદ્વીપના મુનિઓ પણ દેખાય. કેવળજ્ઞાનમાં શું ન દેખાય ? ત્રણેય કાળના લોકાલોક, ને એમાં જે કાંઈ ખરેખર હતું, છે, કે થશે, એ બંધુ જ દેખાય.

'નમો અરિહંતાણં' બોલીએ, એમાં અનંતા અરિહંત દેવોને નમસ્કાર કરવો છે, તો તે અનંત સમવસરણ પર બેઠેલા દેખાય. 'નમો સિદ્ધાણં' માં અનંતા સિદ્ધભગવંતોને જોવા છે તો ત્યાં કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત સિદ્ધશિલા પર જયોતિમય અનંતા સિદ્ધ દેખાય. એમ આપણી જાત પણ કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત દેખાય.એટલે એમાં આપણાં દોષો પણ દેખવા મળે તેથી પાપ આલોચવાની, પ્રતિક્રમવાની બધી ક્રિયા એમાં જોઈને થાય.

તાત્પર્ય, કેવળજ્ઞાન માનસિક નજર સામે રાખી, એમાં જ ક્રિયા-સૂત્રના તે તે વિષય જોતા રહી ધર્મક્રિયા સાધીએ  એટલે સહજ છે કે મનને એ જોવામાં પરોવવું પડે.તેથી ત્યાં મનની ભારે એકાગ્રતા રહે, અને શુભ ભાવોલ્લાસ ઉછળતા રહે.

મનની સામે અરિહંત પ્રભુને ધારી એમના સર્વ પ્રકાશક કેવળજ્ઞાનને જોવાની મજા ઓર છે. એમાં આપણા દુર્દશાવાળા પૂર્વભવો દેખી શકાય, ગુણવાનના ઉત્તમ ભવોના ધર્મપરાક્રમ દેખી શકાય. એકમાં કકળતી દુષ્કૃતગર્હા થાય, બીજામાં ગળચટી સુકૃતાનુમોદના થાય. એમ, ત્રિકાળના અરિહંતભગવાન જોવાના, તે વર્તમાનના ૨૦ આપણી સામે પાંચ મહાવિદેહમાં અને એમની એક બાજુ ભૂતકાળના અનંત ભગવાન, તથા બીજી બાજુ ભવિષ્યના અનંતા તીર્થંકર જોવાના. મન સ્થિર કરવાનો આ એક પ્રયોગ છે.





# ૭૨ વીતરાગ અરિહંત આપણું ભલું કરે ?

**(લેખાંક-૧)**

કેટલાક એમ કહે છે કે "અરિહંત તો વીતરાગ છે, કૃતકૃત્ય છે, એ આપણું ભલું શી રીતે કરે ? આપણું ભલું થાય તો તે એમની ભક્તિથી અને એમની આજ્ઞા પાળવાથી થાય. વીતરાગ કશું કરે નહિ." જ્યારે શાસ્ત્ર એમ કહે છે કે આમાં પૂજા-ભક્તિ વગેરે ક્રિયાનાં મહત્ત્વ કરતાં એ ક્રિયાના વિષયભૂત અરિહંતનું મહત્ત્વ છે. માટે આ પક્કી શ્રદ્ધા જોઈએ કે અરિહંતથી આપણું સમસ્ત ભલું થાય. એટલે 'અરિહંત તો વીતરાગ, એ કશું કરી શકે ?'- એવી થોડી પણ શંકા શ્રદ્ધાને બગાડી નાખે છે, માટે કશી શંકા રાખ્યા વિના એવી દૃઢ શ્રદ્ધા રાખવી જોઈએ કે, અરિહંત ભગવાનનો સ્વભાવ જ એવો છે કે અચિંત્ય સિદ્ધિ કરી આપે, માત્ર આપણે તેવી જોરદાર પૂજા-ભક્તિ સ્તુતિ વગેરે કરવી જોઈએ, એમને આપણે પૂજા-ભક્તિ-નમન આદિના વિષય બનાવવા જોઈએ.

માત્ર ધારેલા જ કાર્ય નહિ, કિન્તુ નહિ ધારેલા યાને ધારણા-બહારના પણ કાર્યોમાં ય શાસ્ત્રે શ્રી અરિહંત ભગવાનને અસાધારણ કારણ રહ્યા છે.

પ્ર.- જિનશાસનમાં તો કાર્ય માત્રની પ્રત્યે આ પાંચ કારણ કહ્યા છે,- ભવિતવ્યતા, કાળ, સ્વભાવ, કર્મ અને પુરુષાર્થ, આત્માનો મોક્ષ થાય તો આ પાંચ કારણથી થાય. આમા અરિહંત કારણ તરીકે કયાં આવ્યા ?

ઉ.- એ પાંચ કારણ કાર્યમાત્ર પ્રત્યે સાધારણ કારણ છે, ત્યારે અરિહંત એ કાર્યપ્રત્યે અસાધારણ કારણ છે. માટે ભગવાનના સ્તવનમાં કહ્યું,-

**"મુખ્ય હેતુ તું મોક્ષનો, ભવિતવ્યતાદિ તુજ દાસો રે."**

અર્થાત્ હે પ્રભુ ! મોક્ષ માટે તું અસાધારણ કારણ છે, અને ભવિતવ્યતા વગેરે પાંચ કારણ તો તારા દાસ છે. એ તો તારા પ્રભાવ પ્રમાણે કામ કરનારા સાધારણ કારણ છે. 'સાધારણ' એટલે કાર્યમાત્રમાં જરૂરી કારણ છે, પણ પ્રભુ ! તું એમના પર વર્ચસ્વ ધરાવનાર છે, માટે તું અસાધારણ કારણ છે. એટલે જેણે અરિહંતને અનુકૂળ કરી લીધા, એને એ બધાં કારણ અનુકૂળ થઈ જાય છે.

શ્રીપાલકુમારે પ્રવાસમાં એક માત્ર નવપદ (સિદ્ધચક્ર) ને આધાર રાખ્યા હતા. તો જ્યાં ગયા ત્યાં એમને સુખના માટેના ભવિતવ્યતાદિ કારણ અનુકૂળ થઈ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

આવતાં. ધવલ શેઠે જહાજમાં વગર ખીલાના અઠકણે રાખેલા ઝરુખા પર શ્રીપાલને ચડાવ્યા, તો ઝરુખો નીચે લચી પડતાં શ્રીપાલ પડ્યા દરિયામાં ! પરંતુ એ જ વખતે શ્રીપાલ પાસે 'નમો નવપયાણં' તૈયાર હતું. તો ભવિતવ્યતાએ નીચે એક મોટા મગરમચ્છની પીઠ, તરાપાની જેમ ગોઠવાઈ ગઈ, ને શ્રીપાલ એના પર આરામથી બેસી ગયા; ને પછી મગરમચ્છ થાણા બંદરના કિનારા નજીક પહોંચ્યા. ત્યાં શ્રીપાલ કિનારે ઊતરી ગયા; કેમકે ત્યાં એમના પુણ્યકર્મના ઉદયે એમના વેરે થાણાના રાજાની રાજકુંવરીને વરાવવા માટે એમની રાહ જોવાઈ રહી હતી. શ્રીપાલનો પુરુષાર્થ કેટલો ? માત્ર મગરમચ્છ પર બેસી જવાનો, ને કિનારે ઊતરી જવાનો. એમને મગરમચ્છની બીક ન લાગી ? શું કામ લાગે ? પોતાની પાસે હૈયામાં નવપદજીનું પ્રચંડ બળ હતું. માટે તો કાળ પણ અનુકૂળ થઈ ગયો...પોતે કિનારે ઊતરી જરાકશો ઝાડ નીચે વિસામો કરે છે. એટલામાં તો એમને માનભેર તેડી જવા માટે સિપાઈ ઘોડા સાથે ખડો છે ! બધું નવપદ-અરિહંતના અચિંત્ય પ્રભાવે અનુકૂળ ! આટલું બધું પ્રબળ અસાધારણ કારણ નવપદ છે. અરિહંત છે.

આ નવપદમાં મુખ્ય અરિહંત ભગવાનનું પદ છે. એટલે આઠે પદ સમાઈ જાય છે. તેથી અરિહંત યાદ કરો-એમાં નવપદ આવી ગયા સમજો. જેટલો નવપદનો પ્રભાવ છે, એટલો અરિહંતપદનો પ્રભાવ છે. માટે તો

**જેમ 'એસો પંચનમુક્કારો, સવ્વ-પાવપ્પણાસણો' કહેવાય છે,**
**એમ 'અરિહંત-નમુક્કારો, સવ્વ-પાવપ્પણાસણો' કહેવાય છે.**

શું ? અરિહંત દેવને નમસ્કાર એ સર્વ પાપોનો નાશક છે. એ શી રીતે ? કવિ કહે છે એ કાંઈ પૂછશો નહિ. અરિહંતનો સ્વભાવ એવો છે કે એમને ક્ષણવાર પણ ધ્યાનમાં લાવ્યા એટલે એ અચિંત્ય સિદ્ધિ કરી આપે. માટે સ્તુતિકાર સ્તુતિ કરે છે.

**"જિનેન્દ્ર ! પૂજિતો ભકત્યા, સંસ્તુતઃ પ્રસ્તુતોડથવા,**
**ધ્યાતસ્ત્વં યૈઃ ક્ષણં વાપિ સિદ્ધિસ્તેષાં મહોદયા."**

અર્થાત્ "હે અરિહંતદેવ ! (૧) તમે જેમના વડે ભક્તિથી પૂજાયા તેમને મોટી ઉન્નતિ લાવનારી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. (૨) જેમના વડે તમે સારી રીતે સ્તવાયા, અથવા પરિચય કરાયા, એમને ક્ષણવારમાં મોટી સિદ્ધિ થઈ જાય છે. (૩) જેમના વડે પ્રભુ ! તમે પ્રસ્તુત કરાયા, પુરસ્કૃત કરાયા, અર્થાત્ કાર્યમાત્રમાં આગળ કરાયા યાને "બધું કરવું, તે પહેલાં અરિહંતને યાદ કરીને કરવું." એમ યાદ કરાયા, એવા એમને ક્ષણવારમાં મોટા ઉદયવાળી સિદ્ધિ થાય છે. અથવા (૪) પ્રભુ ! જેમના વડે તમે ક્ષણવાર પણ ધ્યાનમાં લવાયા, તેમને મોટા ઉદયવાળી



સિદ્ધિ થાય છે, અર્થાત્ તમે એમને મોટી સિદ્ધિ કરી આપો છો."

કોણ સિદ્ધિ કરી આપે છે ? 'જિનેન્દ્ર ! ત્વમ્ ! હે અરિહંત ! તમે સિદ્ધિ કરી આપો છો; પછી ભલે ગૌણપણે કહેવાય છે કે અરિહંતની પૂજા-ભક્તિ, સ્તવન-ભક્તિ, પુરસ્કરણ-ભક્તિ, યા અરિહંતનું ધ્યાન સિદ્ધિ કરી આપે છે. પરંતુ મુખ્યપણે તો સિદ્ધિ કરી આપનાર અરિહંત છે. માટે કહ્યું છે કે

**"ફળે અચેતન પણ જિમ સુરમણિ. તિમ તુજ ભક્તિ પ્રમાણ."**

જેમ ચિન્તામણિનો સ્વભાવ કે એ આરાધાયો થકો ચિંતિતને સાધી આપે, તેમ અરિહંતનો સ્વભાવ કે ભક્તિ કરાયા થકા એ અચિંત્ય સિદ્ધિ કરી આપે.

નમિ-વિનમિને ઋષભદેવે પુત્ર જેવા માનેલા. એ પરદેશથી આવ્યા ત્યારે જોયું કે, ભગવાને રાજ્યના સો ભાગ સો દીકરાઓને વહેંચી આપેલા, પણ પોતાનો ભાગ રાખેલો નહિ, ત્યાં ભરત એમને કહે છે મારા ભાગમાંથી હું તમને રાજ્ય આપું. તો આ કહે છે 'ના, અમારે તો ભગવાનનું આપેલું જોઈએ, તેથી અમે તો જવાના ભગવાન પાસે.' ભગવાનને તો મૌન છે, તે શાના કાંઈ બોલે ? ત્યારે આ નમિ-વિનમિ બે બોડીગાર્ડની જેમ ભગવાનની સાથે ને સાથે વિચરે છે, ને ભગવાન કાઉસ્સગ્ગધ્યાને ઊભા રહે ત્યાં ભગવાનની પાસે માગણી કરી સન્માન અને રખેવાળી કરે છે. 'અરિહંતની તમે ભક્તિ કરો, અરિહંત અચિંત્ય સિદ્ધિ કરી આપે છે.' એવું અહીં નમિ-વિનમિને બન્યું. ધરણેન્દ્ર પ્રભુને વંદન કરવા આવે છે અને નમિ-વિનમિને ૪૮૦૦૦ વિદ્યાઓ આપી જઈ વૈતાઢ્ય પર્વત પર ઉત્તર-દક્ષિણ શ્રેણિના વિદ્યાધર સમ્રાટ રાજા બનાવી જાય છે.

ઋષભદેવ ભગવાને સીધું સીધું સો દીકરાઓને કેટલું આપ્યું ? ને ભગવાનના અચિંત્ય પ્રભાવે નમિ-વિનમિને અહીં કેટલું મળ્યું ? વૈતાઢ્યના રાજ્ય ઉપરાંત વિદ્યાધરની ૪૮૦૦૦ વિદ્યાઓ ! એમાં આકાશગામિની વિદ્યા, રૂપપરાવર્તનની વિદ્યા, વગેરે કેઈ વિદ્યાઓ આવે ! આ શાના પ્રભાવે મળ્યું ? કહો, અરિહંતના અચિંત્ય પ્રભાવે. તમારે માત્ર ત્રિકરણયોગે અરિહંતદેવની ઉપાસનામાં દઢપણે લાગવાનું, અરિહંત ચિન્તામણિરત્નની જેમ ફળે છે.

નમિ-વિનમિ આ ઉપાસનામાં લાગ્યા હતા, તેથી એમને ન ધારેલી સિદ્ધિ થઈ.

કમઠ તાપસના બળતા કાષ્ઠમાંથી કઢાવેલ સાપને પાર્શ્વકુમારે માણસ પાસે નવકારમંત્ર સુણાવ્યો; સાપ બળવાની પીડા ભૂલી એના શ્રવણમાં અને દ્રવ્ય અરિહંત-પાર્શ્વકુમારનાં દર્શનમાં લીન બન્યો, તો મરીને નાગકુમાર-દેવલોકનો ઈન્દ્ર ધરણેંદ્ર થયો. જિનેન્દ્ર અરિહંતનું સ્મરણ અને ધ્યાન અચિંત્ય સિદ્ધિ કરી આપે છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## ૭૩ સાંસારિક કાર્ય માટે પાપ કે ધર્મ કરવો ?

**(લેખાંક-૨)**

'તરંગવતી તરંગલોલા'ની કથામાં આવે છે કે તરંગવતી પૂર્વજન્મનો પ્રિય મેળવવા ૧૦૮ આયંબિલ સાથે અરિહંતભક્તિમાં લાગી; અને એને ઈચ્છિત પ્રિય મળી ગયો. ત્યારે અહીં પ્રશ્ન થાય કે 'શું સાંસારિક કાર્ય માટે ધર્મ થાય ? અરિહંતને ભજાય ?' ઉત્તર એ છે કે 'ઈષ્ટફલસિદ્ધિ' ની માગણીમાં શાસ્ત્રો સાંસારિક ઈચ્છિત માગવાનું કહે છે. અહીં તરંગવતી સાંસારિક કાર્ય માટે અરિહંતભક્તિમાં લાગી છે એ હકીકત છે, અને એથી એનો સંસાર વધી નથી ગયો, બલ્કે એ જ ભવમાં એ મોક્ષે ગઈ છે, એ પણ હકીકત છે.

આ હકીકતને અપલાપ કરીને જે એમ કહેતા હોય કે 'સંસારના કાર્ય માટે ધર્મ ન જ થાય.' એમને પૂછીએ કે-

સંસારના કાર્ય માટે જો ધર્મ ન થઈ શકે, તો શું પાપ થઈ શકે ? એમ, શું સાંસારિક કાર્ય માટે પાપ કરવાની છુટ ? ને ભગવાન ભજવાની છુટ નહિ ?

શું એવું છે કે, સાંસારિક કાર્ય માટે શ્રાવક અરિહંતને ભજે તો ભયંકર પાપ બાંધી દુર્ગતિઓમાં બહુ રખડતો થઈ જાય ? ને ષટ્કાય જીવસંહારમય પાપ વેપારો કરે તો દુર્ગતિઓમાં એટલો રખડતો ન થાય ?

ઊંધા વેતરણ કરશો નહિ, નહિતર શાસ્ત્ર-અપલાપનું ભયંકર પાપ બાંધશો. **'શ્રાદ્ધવિધિ'** શાસ્ત્રમાં કહ્યું છે,- 'શ્રાવકને જો મોટો ક્રય-વિક્રય કરવો હોય તો એ એની પહેલાં મંગળરૂપે નવકાર સ્મરણ કરે, અરિહંત ભક્તિ કરે,-' વગેરે આમાં ધર્મ શા માટે કરવાનો કહ્યો ? અરિહંત-ભક્તિ શા માટે કરવાની કહી ? સુલસા શ્રાવિકાએ પુત્રપ્રાપ્તિ માટે અરિહંત-ભક્તિ વધારેલી. હિસાબ એક જ છે કે, ધર્મઆરાધના કરવાની તે મોક્ષ માટે કરવાની; પરંતુ સાંસારિક કાર્ય આજીવિકા આદિ માટે જરૂર પડી તો શું કરવાનું ? ધર્મ કરવાનો, પાપ નહિ, અરિહંતદેવને ભજવાના, દેવી-દેવતા કે અન્યાય-અનીતિને નહિ.

અહીં એવો પ્રશ્ન થાય છે કે શું વસ્તુના સ્વભાવમાત્રથી કાર્ય થતાં હશે ? એના ઉત્તરમાં કહે છે,-

**"ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે;**
**સેવકના તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે..." થાશું૦**



અર્થ :- જેમ ચંદન (સ્વભાવથી) શીતલતા ઉત્પન્ન કરે છે, જેમ અગ્નિ સ્વભાથી ઠંડી દૂર કરી દે છે. તે પ્રમાણે (સેવકના દિલમાં રહેલા) પ્રભુના ગુણના પ્રેમ-અનુરાગ દ્વારા પ્રભુ સ્વભાવથી સેવકનાં દુઃખ દૂર કરે છે.

વિવેચન :- પૂર્વ ગાથામાં ચિંતામણિ રત્નના દૃષ્ટાન્તથી એ બતાવ્યું કે, જેમ ચિંતામણિ આરાધવા દ્વારા ચિંતિત આપે છે, તેમ વીતરાગ અરિહંતપ્રભુ આરાધના દ્વારા અચિંત્ય સિદ્ધિ આપે છે. અચિંત્ય એટલા માટે કહ્યું કે, વીતરાગ જે આપી શકે છે તે આપવાની તાકાત બીજા કોઈ દેવી-દેવતામાં નથી. અલબત એ પ્રભુ, આપણી શક્તિ દ્વારા જે ઠેઠ મોક્ષ સુધીની અચિંત્ય સિદ્ધિમાં કારણભૂત છે. માટે તો ભગવદ્-ભક્તિને મોક્ષનું બીજ કહ્યું છે, અને આ જ જૈન શાસ્ત્રોનો નિચોડ છે. કહ્યું છે,-

**સારમેતન્મયા લબ્ધં શ્રુતાબ્ધેરવગાહનાત્ ।**
**ભક્તિર્ભાગવતી બીજં, પરમાનન્દસમ્પપદામ્ ॥**

મોટા શ્રુતસાગર યાને જૈનશાસ્ત્ર સમૂહરૂપી મહાસાગરના અવગાહનથી મને આ સારરૂપે મળ્યું છે કે વીતરાગ ભગવાનની ભક્તિ એ મોક્ષની અનંત સુખરૂપી સંપત્તિનું બીજ છે, મુખ્ય કારણ છે.

એટલે જ ભગવાનની ભાવથી ત્રિકરણયોગે ભક્તિ કરનાર ક્રમશઃ અનંતસુખ અનંત આનંદના ધામભૂત મોક્ષ સુધી પહોંચી જાય છે; એટલે કે આ ભગવાન તો એવા છે કે ભક્તને પોતાના સમાન ફળવાળા બનાવે છે. માટે કહ્યું, 'જિણાણં જાવયાણં ...મુત્તાણં મોઅગાણં ! પોતે જિન બનેલા અને ભક્તને જિન બનાવનારા...પોતે અનંત સુખના ધામભૂત મોક્ષ પામેલા અને ભક્તને મોક્ષ પમાડનારા છે. 'નમુત્થુણં' સૂત્રની આ સંપદાને (પદસમૂહને) 'નિજ ફલ સમ પરફલ કર્તુત્વ,' નામની સંપદા કહે છે અર્થાત્ બીજામાં પોતે પ્રાપ્ત કરેલ ઉત્કૃષ્ટ ફળની સમાન ફળના ઉત્પાદક ! દુનિયામાં આવા કોઈ ફિરસ્તા ન મળે કે જે ભક્તને પોતાના સમાન બનાવી દે. માટે જ બીજા કોઈ એવા ઉત્કૃષ્ટ ગુણોના સ્વામી નથી. એ તો પોતાના સમાન વીતરાગ સર્વજ્ઞ બનાવનાર ભગવાન એક જ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર (અરિહંત)-ભગવાન.

આવા અનન્ય દાતાર ભગવાન માટે કહેવું કે, 'ભગવાન તો વીતરાગ છે, કૃતકૃત્ય છે, હવે એમને કશું કરવાપણું રહેતું નથી. એટલે આપણું ભલું આપણે જ પુરુષાર્થથી કરવું પડે, ભગવાન કાંઈ આપણું ભલું કરે નહિ,' આવું કહેવું એ સરાસર અજ્ઞાનતાનું કથન છે. જગતનું વીતરાગ ભગવાન જેવું ભલું કરનાર બીજો કોઈ નથી.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પ્ર.- પણ ભગવાન પોતે તો હવે કૃતકૃત્ય અર્થાત્ સમાપ્તકાર્ય થયા છે. એ શી રીતે બીજાનું ભલું કરે ?

ઉ.- અહીં ભલું કરવું તે કાંઈ પોતે ક્રિયા કરીને ભલું નથી કરવાનું. પરંતુ

અરિહંત ભગવાનના પરમાત્મ-દ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે એ એમને આરાધનારનું અચિંત્ય ભલું કરે...

જેમકે, ચંદનનો સ્વભાવ જ એવો છે કે, એને ઘસીને વાપરનારામાં ઠંડક ઠંડક ઊભી કરી દે. અગ્નિનો સ્વભાવ જ એવો છે કે વિધિપૂર્વક સેવનારમાં ઠંડક-શરદી મિટાવી દઈ ગરમી ઊભી કરી દે. અહીં આવો પ્રશ્ન ન કરાય કે, બીજા કાષ્ઠમાં આ સ્વભાવ નહિ, ને ચંદનના કાષ્ઠમાં આ સ્વભાવ કેમ ? કારણ કે સ્વભાવ અંગે પ્રશ્ન ન હોય કે 'આનો આવો જ સ્વભાવ કેમ ?' બીજા કાષ્ઠનું આ ઠંડક કરવાનું કાર્ય નથી દેખાતું ને ચંદનકાષ્ઠનું દેખાય છે એ જ બતાવે છે કે ચંદનનો જ એવો સ્વભાવ છે, બીજા કાષ્ઠનો નહિ.

ખાઈએ તો ભૂખ મટે એવું કેમ ? પાણી પીએ તો તરસ મીટે એવું કેમ ? ત્યાં એમ જ કહેવાય કે આહાર. ગ્રહણનો સ્વભાવ જ એવો છે કે ભૂખ મિટાવે, જલ ગ્રહણનો સ્વભાવ જ એવો છે કે એ તૃષા શમાવે. એમ પ્રભુનો સ્વભાવ જ એવો છે કે આપણને એમના ગુણોનો પ્રેમ થાય તો પ્રભુ આપણાં સર્વ દુઃખ શમાવે. ચિંતામણી કરતાં પ્રભુમાં આ વિશેષતા છે કે, પ્રભુ પરમ વિશુદ્ધ પરમાત્મપદ પામ્યા છે અને સર્વોચ્ચ સકલ ગુણના નિધિ છે. જડ-ચિંતામણિ એવું નહિ, તેથી એ આલોક-પરલોકના સર્વદુઃખ ન મિટાવી શકે.

માટે જ વિવેકી માણસનું આ ડહાપણ (સજ્ઞાનદશા) છે કે શ્રદ્ધા બીજે ત્રીજે નહિ પરંતુ અરિહંત પ્રભુના અચિંત્ય પ્રભાવના સ્વભાવમાં જ શ્રદ્ધા રાખે છે, એમના ગુણોનો એકમાત્ર પ્રેમ રાખે છે. આ શ્રદ્ધાવાસિત પ્રેમ દ્વારા અચિંત્ય સિદ્ધિઓ થાય છે.

એમ અરિહંતનો સ્વભાવ જ એવો છે કે એ દર્શન-પૂજા-સ્તુતિ-ભક્તિના વિષય બન્યા એટલે મહાન ફળ આપે જ; જેમકે ચિંતામણિ આરાધનાનો વિષય બને એટલે ઈષ્ટ ફળ આપે જ.

હવે અહીં સવાલ એટલો, કે અરિહંત કેટલું આપે ? કહો કે 'મોક્ષ સુધીનું આપે,' તો 'સંસારનું કાંઈ ન આપે ?' આનો જવાબ એ છે કે જેમનામાં મોક્ષના અનંતસુખ આપવાની તાકાત છે એમનામાં શું સંસારના મામુલી ઈષ્ટ આપવાની તાકાત નથી ? તાકાત નથી એમ માનવું એ મિથ્યાત્વ છે. હવે જો એમ કહો કે

પ્ર.- 'ભગવાન સંસારના ઈષ્ટ આપી તો શકે, પણ ભગવાન પાસે એ મંગાય નહિ, ભગવાન પાસે તો મોક્ષ જ મંગાય.



ઉ.- 'જયવીયરાય' સૂત્ર ને બીજા સૂત્ર ભણ્યા છો ? એ ગણધર વચન છે. એમાં ઈષ્ટસિદ્ધિ-આરોગ્ય વગેરે કેટલું ય માગ્યું છે. પૂછો,

પ્ર.- ગણધર ભગવંતે આવું કેમ મંગાવ્યું ?

ઉ.- એટલા માટે મંગાવ્યું કે અરિહંત સિવાય બીજા મિથ્યાદૃષ્ટિ દેવ પાસે માગવા ન જાય, અને અરિહંત પર અવ્વલ શ્રદ્ધા રહે કે 'મારું સારું થશે તો તે અરિહંતથી જ.' **'જિનભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે ?'** સુલસાની આ શ્રદ્ધા હતી તેથી પુત્ર માટે એના પતિએ બીજા દેવ દેવીને ભજવા કહ્યું છતાં એણે કહ્યું હું શું કામ બીજાને ભજું ? મારા મહાવીર પ્રભુ કયાં કમ છે ? હું તો અરિહંતને જ ભજીશ.'

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૪૧,અંક-૩,તા.૨૬-૯-૧૯૯૨

## (૭૪) કેટલાક વિચારણીય પ્રશ્ન : એના સમાધાન

**(લેખાંક-૧)**

પ્ર.- બારમાં ભગવાનના સ્તવનમાં ઉપા. યશોવિજયજી મહારાજે ગાયું.-

**''સ્વામી ! તુમે કાંઈ કામણ કીધું ચિતડું હમારું ચોરી લીધું**
**અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ સહિત મન-ઘરમાં ધરશું''**

આમાં વિચારણીય પ્રશ્ન એ છે કે કવિએ જ્યારે પહેલા કહ્યું કે ''હે સ્વામી ! તમે કાંઈક કામણ કરીને અમારું ચિત્ત ચોરી લીધું.'' એનો અર્થ તો એ થાય કે 'આપણું ચિત્ત પ્રભુ દ્વારા ચોરાઈ ગયું. એટલે ચિત્ત આપણી પાસે રહ્યું નહિ.' તો પછી હવે કવિ શી રીતે એમ કહી શકે કે ''પ્રભુ ! અમે તમને અમારા ચિત્તમાં ભક્તિ સાથે ઉતારી દેશું ? અર્થાત્ પ્રભુ ! તમે તો અમારું માત્ર એકલું ચિત્ત ચોર્યું. પણ અમે તો તમારું માત્ર ચિત્ત નહિ તમને આખાને અમારા મનમાં બેસાડી દઈશું'' આવું શી રીતે કહી શકે ? કેમકે ભક્તને એમ પ્રશ્ન થાય કે ''અલ્યા ભલા માણસ ! ભગવાને તારું ચિત્ત ચોરી તો લીધું છે, પછી તારી પાસે ચિત્ત જ કયાં રહ્યું છે કે પ્રભુને ચિત્તમાં ધરવાની તું વાત જ કરી શકે ?'' આમ આ વિચારણીય પ્રશ્ન ઊભો થયો.

ઉ.- આ પ્રશ્નનું સમાધાન એ છે કે અહીં 'ચોરી લીધું' નો અર્થ 'હરી લીધું આકર્ષી લીધું' એવો છે, અર્થાત્ અમારું ચિત્ત જે સંસારના પદાર્થ તરફ હતું, તે પ્રભુના કામણથી પ્રભુ સન્મુખ થઈ ગયું. ''હવે પ્રભુએ અમારું ચિત્ત હરી લીધું.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

તો એની સામે અમારી વારિમાં અમે પ્રભુ પ્રત્યે ભક્તિનું કામણ એવું કરીશું કે 'પ્રભુ ! તમે તો અમારા મનને માત્ર આકર્ષી લીધું અર્થાત્ તમારી તરફ વાળ્યું એટલું જ, પરંતુ અમે તમારું માત્ર કોઈ અંગ નહિ, કિન્તુ તમને આખાને જ અમારા ચિત્તમાં સ્થાપી દઈશું."

આ શક્ય છે; અને આત્મોત્થાનની પ્રક્રિયા પણ આ જ છે કે પહેલાં ચિત્ત સંસારના પદાર્થની સન્મુખ રહેતું, એને ત્યાંથી પરાઙ્મુખ કરવું પડે; ને તે ચિત્તને પ્રભુની સન્મુખ કરવાથી બને. પ્રભુની સન્મુખ ચિત્ત એટલે કે હવે સામે દુનિયાના વિષયો નહિ, પણ સામે પ્રભુ આવે પછી ભલે મહાવીર પ્રભુ આવે, અને તે પણ સર્વ ત્યાગ કરી ચારિત્ર લેતા હોય એવા દેખવામાં આવે, યા કોઈક ગોવાળિયા વગેરેનાં ઉપસર્ગ ઝીલતા હોય, યા ૬ મહિનાના તપમાં રોજ પારણે ગોચરી મળ્યા વિના પાછા ફરતા હોય, ને અંતે ચંદનવાળાના હાથે પારણું કરતા હોય, પ્રભુ નજર સામે એવા દેખવામાં આવે. આમ પહેલાં નજર સામે પ્રભુ આવે, તે પછી પ્રભુને ચિત્તમાં સ્થિર સ્થાપવાના; અર્થાત્ મનથી પ્રભુનો કોઈ પ્રસંગ યા કોઈ અવસ્થાનો વિચાર કરવાનો.

હવે વિચારણીય પ્રશ્ન

પ્ર.- પ્રભુને અમે મનમાં તો સ્થાપ્યા, પરંતુ અમારું મન ચંચળ, તે કયાંનું કયાંય ભટકવા ચાલ્યું જાય છે, અર્થાત્ મનમાં કોઈ બીજા-ત્રીજા પદાર્થના વિચાર ચાલે છે, ત્યાં 'અમે પણ ભક્તિનું કામણ કરી પ્રભુને મનઘરમાં ધરશું.' એવું કહેવું સાચું શી રીતે ?

ઉ.- ત્યાં કવિએ સાથે જ પછીની ગાથામાં એનો ઉપાય બતાવ્યો કે "ઘર-શોભા દેખત નિત્ય રહેશો થિર શોભા." આ ઘર શોભા અર્થાત્ આ મનઘરની શોભા કઈ ?

શોભા આ, કે મનમાં (i) વૈરાગ્ય (ii) વિષય ધરપત (iii) રાગ દ્વેષ નિગ્રહ (iv) પ્રભુના ઉચ્ચ ક્ષમા વૈરાગ્યાદિ ગુણોની યાદગીરી...વગેરે હોય. આ જો દિલમાં હોય તો બીજા-ત્રીજા પદાર્થની ઝખના ઓછી થઈ જાય તેથી ચિત્તમાં એ બીજા-ત્રીજા પદાર્થ ઓછા આવે. એટલે ચિત્તમાં પ્રભુ સ્થિર રહે. અર્થાત્ પ્રભુની કોઈ અવસ્થાનું ચિંતન કે પ્રભુના પ્રસંગનું ચિંતન સ્થિર ચાલે.

(૧) આમાં વૈરાગ્ય હોય એટલે દુનિયાના વિષયો પ્રત્યે નફરત હોય, નફરતની વસ્તુ બહુ મનમાં ન આવે.

(૨) વિષયોની 'ધરપત' એટલે કે ધરાઈ ગયાપણું હોય, તો એ વિષયો મનમાં લાવવા ગમતા નથી. જેમકે માણસ બહુ પેટ ભરીને મિઠાઈ ખાધા પછી



ધરાઈ જાય છે, પછી તો એને મિઠાઈનું હવે નામ લેવું પણ ગમતું નથી. હવે કોઈ મિઠાઈનું નામ લે તો એને સૂગ આવે છે, કહે છે "બસ ભાઈ ! હવે મૂકો મિઠાઈનું નામ, ધરાઈ ગયા; મિઠાઈ દેખવી ય ગમતી નથી, ને સાંભળવી ય ગમતી નથી." બસ, દુનિયાના વિષયો તરફ પણ એમ થાય કે 'બસ ભાઈ ! બસ. હવે ધરાઈ ગયા આ વિષયોથી.' મનમાં એ બહુ ન આવે.

(૩) એમ રાગ-દ્વેષને દબાવતા રહેવાય તો મનમાં બાહ્ય વિષયો લાવતાં ભય રહે કે 'હાય ! એવા રાગ-દ્વેષ ઉછળે તો ? રાગ-દ્વેષનો નિગ્રહ એ રીતે વિચારવાથી થાય, કે 'મારો જીવ પોતાના રાગની લહાણી કોને કર્યા કરે છે ? દુનિયાના બેવફા અને ધોખાબાજ પદાર્થોને જ કર્યા કરે છે. જગતના પદાર્થ આપણી પ્રત્યે બેવફા છે. પહેલું તો આપણું શરીર જ આપણને બેવફા છે. વફાદાર નથી, કેમકે અણધાર્યા સમયે વાંકુ થઈ બેસે છે. સારી રીતે એને ખવડાવ્યું પીવડાવ્યું હોય તો ય પ્રતિક્રમણાદિ ધર્મક્રિયા કરતાં એને ચૂંક આવે છે. વળી શરીર પણ ધોખાબાજ છે. શરીરના હિસાબે જ આ પીડાઓ આવે છે, રોગો આવે છે, અપમાન થાય, અકસ્માત થાય, બધું શરીરના લીધે. માટે એવા શરીર વગેરે જગતના પદાર્થોને રાગ-દ્વેષની લહાણી શી કરવી ? મનને એમ થાય કે "રાગની લાણી કરૂં તો પ્રભુને, ગુરુને, સાધર્મિકને, જિનવાણીને, દયાદિ ધર્મોને, ત્યાગને, તપસ્યાને, એમનો જ રાગ રાખું. દ્વેષની લાણી કરૂં તો હિંસાદિ પાપોની, ક્રોધાદિ કષાયોની ને કામવાસનાની કરું અર્થાત્ દ્વેષ કરું તો ય પાપો ઉપર, ને કામવાસના પર કરું આ રીતે જગતના પદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ ન રાખ્યા એટલે હવે મનમાં એ પદાર્થો બહુ ન આવે.

(૪) મનમાં પ્રભુને સ્થિર થવા માટે મનઘરની એક શોભા આ, કે મનમાં પ્રભુના ઉચ્ચ ક્ષમા વૈરાગ્યાદિ ગુણોની યાદગીરી બહુ ચાલતી હોય. એ ચાલે એટલે એટલો સમય જગતના પદાર્થ મનમાં ન પેસે. તો મન પ્રભુમાં સ્થિર રહે, મનમાં પ્રભુ સ્થિર સ્તંભિત થઈ જાય. મનઘરની શોભામાં મનમાં (૧) પ્રભુની પાંચ અવસ્થાઓનું ચિંતન આવે. (૨) પ્રભુના સારા-નરસાં પ્રસંગનું ચિંતન આવે. ને (૩) પ્રભુના ગુણો-સાધનાઓ-સુકૃતો-અતિશયો અને ઉપકારોનું ચિંતન આવે. આ ચિંતનો મનઘરની શોભા છે.

(૧) પ્રભુની પાંચ અવસ્થાઓ આ પ્રમાણે - (i) જન્મ અવસ્થા (ii) રાજ્ય અવસ્થા (iii) શ્રમણ અવસ્થા (iv) પદસ્થ અર્થાત્ તીર્થંકર પદની અવસ્થા અને (v) રૂપાતીત મોક્ષની અવસ્થા.

(૨) પ્રભુના સારા નરસા પ્રસંગો આ,- પ્રભુના જીવનમાં બનેલા માન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સન્માદિના અનુકૂળ પ્રસંગો તેમજ અપમાન-ત્રાસ વગેરે પ્રતિકૂળ પ્રસંગો.

(૩) પ્રભુના ગુણોમાં ધીરતા, ગંભીરતા, નમ્રતા, નિસ્પૃહતા, વૈરાગ્ય, સત્ત્વ વગેરે વગેરે આવે. પ્રભુની સાધનામાં સર્વવિરતિ-તપ-અભિગ્રહો-ધ્યાન પરિસહસહન-ઉપસર્ગસહન...વગેરે લેવાય. પ્રભુના સુકૃતોમાં માતા-પિતાનો વિનય, પરોપકારના પ્રસંગ દા.ત. મહાવીર પ્રભુનો ચંડકૌશીક પર ઉપકાર, કાનમાં ખીલા ઠોકવા આવનાર ગોવાળિયાને પોતાનું માથું સ્થિર અક્કડ રાખવાની સહાય વગેરે. પ્રભુના અતિશયોમાં મૂળ ચાર અતિશય, કુલ ૩૪ અતિશય અને વાણીના ૩૫ અતિક્ષય આવે. પ્રભુના ત્રિવિધ ઉપકારોમાં, (i) જીવાદિ તત્ત્વ પ્રકાશદાન, (ii) સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગદાન, અને (iii) મૂર્તિ-મુદ્રા-જીવનનું આલંબનદાન.

“દિવ્ય-દર્શન”-“અગ્રલેખામૃત” વર્ષ-૪૧,અંક-૫,તા.૧૦-૧૦-૧૯૯૨

## (૭૫) (લેખાંક-૨)

પ્ર.- ઉપા. માનવિજયજી મહારાજે શાન્તિનાથ પ્રભુના સ્તવનમાં પ્રભુને કહ્યું કે -

**“મેં લીધી કેડજ તાહરી તે તો પ્રસન્ન થયે મુકાશે.”**

પ્રભુ ! મેં તમારો કેડો પકડ્યો છે. તે તમારા પ્રસન્ન થવા પર જ મુકાશે. તે વિના કેડો મુકાવાનો નથી. અહીં સવાલ આ છે કે પ્રભુ વીતરાગ છે - એ તો કવિને ખબર છે, તો એવા વીતરાગ પ્રભુ આપણા પર ‘પ્રસન્ન’ એટલે કે આપણા પર રાગવાળા ને મહેરવાળા કયાં થવાના હતા ? તો પછી કવિએ વીતરાગ પ્રભુને શું સમજીને આ કહ્યું કે “તમે પ્રસન્ન થાઓ પછી તમારો કેડો મૂકી દઉં ?”

સમાધાન :- અહીં વીતરાગ પ્રભુ “પ્રસન્ન” થાય એનો અર્થ જૈનશૈલી મુજબ સમજવાનો છે. જૈનશૈલી આ કહે છે કે જેમ દુકાનમાં શેઠ, જે નોકરની વધારે લાયકાત દેખે છે, એના પર પ્રસન્ન થાય, ત્યાં એ યોગ્યતા જ પ્રસન્નતા કહેવાય છે. એમ ભગવાન પોતાના જ્ઞાનમાં આપણી સારી યોગ્યતા દેખે એ જ ભગવાનની આપણા પર પ્રસન્નતા છે. કવિ માગે છે તે આ માગે છે કે ‘પ્રભુ મારામાં વિશેષ યોગ્યતા દેખે.’ અહીં પ્રશ્ન થાય,-

પ્ર.- આપણામાં આ યોગ્યતા તો આપણે જ ઊભી કરવાની હોય. એમાં પ્રભુ પાસે શી માગવાની હોય ?

ઉ.- આ યોગ્યતા પણ શું છે ? આ જ, કે આપણે પ્રભુને આપણા દિલમાં જેટલું ઊંચું સ્થાન આપીએ એટલી આપણી ઊંચી યોગ્યતા યાને આપણા પર



પ્રભુની એટલી ઊંચી કૃપા ગણાય. આમાં દિલમાં પ્રભુના વસવા પર જ યોગ્યતા ગણાય છે તેથી એમાં પ્રભુ જ મુખ્ય કારણ બન્યા; અર્થાત્ પ્રભુ તરફથી જ પ્રસન્નતા મળી ગણાય. આપણે કરવાનું આ છે કે પ્રભુને આપણા અંતરમાં લાવવાના છે. ધારવાના છે, ને એમની સાથે ગડમથલ કરવાની છે. હવે અંતરમાં પ્રભુને ધારવાના, તે જેવા ધારવા હોય તેવા ધારી શકાય. તો અંતરમાં પ્રભુને આપણા પર કરુણા વરસાવતા ધારવાના, જાણે અંતરમાં દેખાય છે કે ‘પ્રભુ આપણા પર પ્રેમથી આપણને કહે છે. ‘જા હવે તારું કલ્યાણ નજીકમાં છે, તું મારો છે અને હું તારો છું.” એટલે ‘તારો તારણહાર છું.’ બસ મનમાં આ સ્થિર થઈ જાય એવી કવિ ગડમથલ કરે છે. એ ગડમથલમાં શું કરવું પડે ? આ,- કે ‘પૈસા-ટકા-પરિવાર કોઈ મારા તારણહાર નહિ. કોઈ મને સુખકારી નહિ, કિન્તુ એ બધા તો મારણહાર અને સરવાળે દુઃખદાયી છે. એટલી જોરદાર સૂગ એના પર ઊભી થઈ જાય; ને વીતરાગની જ એક માયા લાગી જાય. એ જ પ્રભુ પ્રસન્ન થયા ગણાય; અને પછી પ્રભુનો કેડો પકડવાનો ન રહે; અર્થાત્ પ્રભુને પરાણે ચિંતનમાં લાવવાના ન રહે, પણ પ્રભુ હૈયામાં સહજભાવે આત્મસાત્ થઈ ગયા હોય, રાત ને દિવસ નજર સામે પ્રભુ જ પ્રભુ રહ્યા કરે.

પ્ર.- આ જ સ્તવનમાં આગળ કહ્યું કે “તમે વીતરાગપણું બતાવી ભોળા જનને ભુલાવો છો કે “જા જા ઘરે જા, હું તો વીતરાગ બની મોક્ષમાં ગયો છું, તે કાંઈ હવે નીચે ન આવું ?” પરંતુ મેં એ સમજી બૂઝીને જ પ્રતિજ્ઞા કરી છે કે હું જેની કેડે પડયો તેને હૈયામાં આણવા જ છે, લાવવા જ છે, તેથી ભક્તિ દ્વારા તમને મોક્ષમાંથી અહીં સાત રાજલોક નીચે મારા હૃદયમાં ખેંચી લાવ્યો છું.” હવે કવિ કહે છે.

**‘જો ભેદ રહિત મુજશું મિલો તો પલકમાંહી છુટાય.’**

અર્થાત્- “પ્રભુ ! જો હવે તમે મારી સાથે ભેદ રહિત યાને અભેદપણે મળી જાઓ, એકમેક થઈ જાઓ, તો પછી તમે એક પલકમાં છૂટી શકશો.”

**સમસ્યા** - ભગવાન જો આપણા આત્મા સાથે અભિન્નપણે એકમેક થઈ જાય તો પછી તો પ્રભુને છૂટવાનું રહ્યું જ શું તે કવિ કહે છે ‘તો પલક માંહે છુટાય ?’

**સમાધાન** - અહીં ‘મિલો’ શબ્દ ‘મળી જાઓ’ અર્થમાં નથી, પરંતુ ‘દર્શન દો’ ના અર્થમાં છે, જેમકે કહેવાય કે ‘ફલાણા ભાઈ મને રસ્તામાં મળેલા’ અર્થાત્ એ ભાઈનું દર્શન થયેલું (એમ નહિ કે એ ભાઈ મારા આત્મા સાથે એકમેક થઈ ગયેલા) એવી રીતે અહીં કવિ કહે છે ‘જો ભેદ રહિત મુજશું મિલો.’ અર્થાત્ “પ્રભુ ! જો તમારું અભેદપણે મને દર્શન આપો” અર્થાત્ હું મારા આત્માને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

બહિરાત્મા તરીકે નહિ, અંતરાત્મા તરીકે નહિ, પરંતુ પરમાત્મા વીતરાગ તરીકે દેખું એવી મહેર કરો અને જો મારા આત્માને આવું પરમાત્મ-દર્શન થઈ જાય, અર્થાત્ મને એમ થાય કે 'હું પરમાત્મા શુદ્ધ વીતરાગ આત્મા છું' ને પછીથી મેં આ અભેદ દર્શનનો તત્ત્વ-સંવેદનરૂપ થઈ જાય તો પછી મારે પ્રભુ તમને બાંધી રાખવા નથી. તમે છુટ્ટા છો, આમ સમસ્યાનું સમાધાન થઈ જાય છે.

કવિ વીરવિજયજી મહારાજે બારવ્રતની પૂજામાં કહ્યું,

**"વિરતિ પણે હું વિનવું પ્રભુ અમ ઘેર આવો**
**પંથ વચ્ચે પ્રભુજી મળ્યા, હજી અરધે જાવો."**

**સમસ્યા** - અહીં કવિ કહે છે કે 'મને પ્રભુજી અડધે રસ્તે મળ્યા પણ હજી અડધું જવાનું બાકી છે.' આ 'અડધું' એટલે શું ? જો એમ કહીએ કે 'આપણે આ મનુષ્યલોકમાં આવ્યા એટલે ૭ રાજલોક ઊંચે આવી ગયા, હવે અડધું એટલે અહીંથી ૭ રાજલોક ઊંચે જવાનું બાકી છે એ જઈએ એટલે સિદ્ધશિલા-મોક્ષે પહોંચી જવાય. તેથી હવે ૭ રાજલોક જવાનું બાકી છે એ અડધું" આમ જો કહીએ તો તો મનુષ્યલોકમાં તો કીડી-મંકોડા પશુ-પંખી અનાર્ય મ્લેચ્છ મનુષ્યો પણ આવેલા છે, તો શું હવે એ મોક્ષે જવામાં અડધે આવી ગયા ? ને હવે શું એમને અડધે જવાનું બાકી છે ? ના, તો પછી 'અડધે આવ્યા, અડધું જવાનું બાકી છે, એનો અર્થ શો ?'

**સમાધાન** :- 'પંથ વચ્ચે - અડધે રસ્તે' એટલે ખાલી ક્ષેત્ર નથી સમજવાનું; કિન્તુ ૧૦ નું અડધું ૫ (પાંચ) તાત્પર્ય, પાંચ ગુણસ્થાનકે આવ્યો છું. કેમકે પ્રારંભે જ કહ્યું 'વિરતિ પણે હું વિનવું' અર્થાત્ 'દેશવિરતિ' ગુણસ્થાનકે રહીને હું વિનંતી કરું છું. હવે પ્રશ્ન થાય કે આ અડધું કેમ ? તો કે હું શ્રાવક દેશવિરતિની સાધના સુધી આવ્યો છું. તે પાંચ ગુણઠાણા ચઢ્યો છું ને હવે આગળ વીતરાગતાની સાધના સુધી જવાનું છે. તે દશ ગુણઠાણા વટાવવાના છે. દશમાને અંતે વીતરાગ થવાય એટલે હવે મારે પાંચ ગુણઠાણા ચઢવાના બાકી છે. માટે 'હજી અડધે જાવો.'

પ્ર.- તો શું વીતરાગતા સિદ્ધ થયા પછી સાધના નથી કરવાની ? જો કરવાની હોય તો એટલું હજી જવાનું અને એ માટે સાધના કરવાનું બાકી રહ્યું ને ?

ઉ.- અલબત હજી ૧૦ મા ગુણઠાણાથી આગળ ૧૪ મા સુધી જવાનું છે. પછી મોક્ષ થાય. પરંતુ ૧૦ માને અંતે વીતરાગ ક્ષીણ-મોહ બન્યા પછી જ શુકલ ધ્યાનના બીજા પાયા પર ચડવાનું છે; એ કોઈ ખુદ ધ્યાન રાખીને ને ઈરાદાપૂર્વક



કષ્ટ વેઠીને સાધવાની વસ્તુ નથી. એમ કહો કે વીતરાગ બનેલાને પછી તો એ સહજસિદ્ધ થઈ જાય છે. તાત્પર્ય, વીતરાગ ન બનીએ ત્યાં સુધી ધ્યાન રાખીને ઈરાદાપૂર્વક ઉત્તરોત્તર ચડિયાતી કષ્ટમય સાધના કરતા રહેવાનું. જેથી રાગ-દ્વેષ દબાતા આવે ને પરાકાષ્ઠાએ ૧૦ મા ગુણસ્થાનકના અંતે વીતરાગ થવાય, એટલે સાધનામાં ૧૦ ગુણઠાણા સુધી ચડી જવાનું છે. એમાં શ્રાવક પાંચ ગુણઠાણા ચઢ્યો છે તેથી હવે એને અડધું જવાનું બાકી છે એમ કહેવાય...

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૪૧,અંક-૬,તા.૧૭-૧૦-૧૯૯૨

## (૭૬) (લેખાંક-૩)

પ્ર.- "વિમલ કેવલ જ્ઞાન કમલા કલિત ત્રિભુવન હિતકરં" વાળા શ્રી સિદ્ધાચલજીના ચૈત્યવંદનમાં પાંચમી ગાથા **"નિજ સાધ્ય સાધન સૂર મુનિવર કોડીનંત એ ગિરિવરં; મુક્તિરમણી વર્યા રંગે"**- આવે છે, તો દીક્ષા લીધી છે તેથી દીક્ષિત જીવનમાં ગિરિરાજ ઉપર અનશન કરીને મોક્ષે ગયા એ બરાબર છે, પરંતુ **'સુર'** એટલે શું દેવતાઓ વિના દીક્ષાએ એ ગિરિરાજ ઉપર અનશન કરીને મોક્ષે ગયા છે ? દેવતાને તો જ્યારે ચોથા ગુણઠાણાની ઉપરનું ગુણસ્થાનક નથી હોતું તો ૧૪ ગુણસ્થાનક પાર કરીને મોક્ષ પામવાની વાત જ ક્યાં ? કોઈ શાસ્ત્રમાં દેવતા મોક્ષે ગયાનું નથી આવતું, તો કવિએ આમ કેમ કહ્યું ?

ઉ.- અહીં 'સૂ' દીર્ઘ લેવાનો છે. એટલે 'સૂર' શબ્દ લેવાનો, તે પ્રાકૃત ભાષાનો તેથી એનો સંસ્કૃતમાં **'શૂર'** શબ્દ થાય. તેમજ આ ચૈત્યવંદન સંસ્કૃત-ગુજરાતી મિક્સ ભાષામાં છે, તેથી અહીં 'નિજ સાધ્ય સાધન શૂર મુનિવર' એમ 'શૂર' શબ્દ સાથે આ લીટી બોલવી યોગ્ય છે એનો અર્થ એ થાય કે,-

**"પોતાના સાધ્યને સાધનમાં = સાધવામાં 'શૂરવીર' મુનિવરો, ૧-૨ કરોડ નહિ, પરંતુ અનંત કરોડની સંખ્યામાં આ ગિરિવર ઉપર રંગે ચંગે મુક્તિ-રમણીને વર્યા છે."**

અલબત્ પ્રાકૃત સૂર મુનિવરનો 'શૂર મુનિવર' અર્થ થાય, પરંતુ અજાણ બોલનાર સાંભળનારને 'સુર' શબ્દથી દેવતાનો ભ્રમ થવા સંભવ છે, તેથી પાઠ 'શૂર મુનિવર' બોલવો સારો છે. એમાં કાવ્ય-ઉચ્ચારણમાં છંદના નિયમ મુજબ 'શુ' દીર્ઘ પણ બોલાય, અને તે શુદ્ધ ઉચ્ચારણ છે.

પ્ર.- 'ૐ નમઃ પાર્શ્વનાથાય વિશ્વ ચિંતામણીયતે' વાળા સંસ્કૃત ચૈત્યવંદનમાં ચતુઃષષ્ઠી સુરેન્દ્રાસ્તે ભાસન્તે છત્ર ચામરૈઃ' બોલાય છે, ત્યાં "ભાસન્તે" એટલે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ભાસે છે, શોભે છે' એમ અર્થ લેવો પડે છે; તો કોણ ભાસે છે ? તો કે 'ચતુઃષષ્ઠી (ચોસઠ) સુરેન્દ્રો,' શેનાથી શોભે છે ? તો કે 'છત્ર ચામરૈઃ' અર્થાત્ છત્ર ચામર વડે, એમ 'છત્ર-ચામર વડે ૬૪ ઈન્દ્રો શોભે છે' એવો અર્થ લેવા જતાં પ્રશ્ન થાય કે શું ઈન્દ્રોને ચોવીસે કલાક માથે છત્ર અને ચામર વીંજાય છે ? વળી ઉપરની લીટીમાં 'તત્ર ત્રૈલોક્યનાથતાં...તે' એટલે કે 'તારા ત્રૈલોક્યનાથપણાને,' એનો અન્વય ક્યાં કરવાનો ? આમ સમસ્યા છે,- શું છત્ર ચામર પ્રભુને ? કે ૬૪ ઈન્દ્રોને ? વળી 'ભાસન્તે' અકર્મક ક્રિયાપદ છે, તો 'નાથતાં' એ કર્મપદ ક્યાં જોડવાનું ? અકર્મક ક્રિયાપદને કર્મપદ ન હોય.

ઉ.- અહીં અસલમાં 'ભાસન્તે' શબ્દ નથી, પરંતુ 'ભાષન્તે' શબ્દ છે, ને એનો અર્થ 'બોલે છે' - 'કહે છે' એવો અર્થ થાય છે. કુલ અર્થ આ પ્રમાણે થાય,- "ત્યાં ૬૪ સુરેન્દ્રો છત્ર અને ચામર વડે (પ્રભુ!) તારા ત્રિલોકનાથપણાને કહે છે," દેવોના ય માલિક ઈન્દ્ર જ્યારે પ્રભુને છત્ર ધરે અને નાચતાં નાચતાં પ્રભુને ચામર વીંજે ત્યારે એ જોનાર અજાણ્યાને લાગે કે 'આ પ્રભુ ઈન્દ્રોનાય પૂજ્ય છે.' એમાં ઈન્દ્રો (૧) પાતાળના-ભવનપતિના ય આવે, (૨) મધ્યલોકના જ્યોતિષી દેવલોકના ય આવે, અને (૩) શક્ર, ઈશાન વગેરે ઊર્ધ્વલોકના વૈમાનિક ઈન્દ્ર પણ આવે એમ ત્રણેય લોકના ઈન્દ્ર પ્રભુને ચામર વીંજે એનો અર્થ એ, કે પ્રભુ ત્રણેય લોકના ઈન્દ્રોના પણ નાથ છે, અર્થાત્ પ્રભુ ત્રિલોકના નાથ છે. પ્રભુમાં એ ત્રિલોકનાથપણું, ઈન્દ્રો પ્રભુને ચામર વીંજીને, સૂચવી રહ્યા છે, સાથે આ ચૈત્યવંદનમાં 'ભાસન્તે' શબ્દ ખોટો, કિન્તુ 'ભાષન્તે' શબ્દ સાચો; એ બોલવાનો, ને એનો અર્થ 'કહે છે' 'સૂચવે છે' એવો લેવાનો.

અહીં એ પણ ખાસ ધ્યાનમાં લેવાનું કે પહેલી ગાથા (શ્લોક)માં પ્રારંભે 'ૐ અસિઆઉસા નમઃ' પાઠ સાચો છે. પરંતુ જે કેટલાક 'ઉસાય નમઃ' બોલે છે તેમાં 'ય' લગાડવાનું ખોટું છે. 'સા' ઉપર 'ય' નથી. 'અસિઆઉસા નમસ્' એટલું જ છે. કેમકે 'અસિઆઉસા' પમેષ્ઠિના પાંચ અક્ષરથી પાંચ પરમેષ્ઠિ લેવાના તે બહુવચનમાં જોઈએ, માટે એના પર હજી વિભક્તિ-પ્રત્યય લગાડવો હોય તો બહુવચનનો 'ભ્યઃ' પ્રત્યય લાગે, પણ એકવચનનો 'ય' પ્રત્યય નહિ. બીજું કારણ એ છે કે આ અનુષ્ટુપ શ્લોક છે એમાં પ્રથમ ચરણમાં છંદના નિયમ મુજબ આઠ અક્ષર આવે...આ આઠ અક્ષર, ૐ અસિઆઉસા નમઃ માં થઈ જાય. 'ઉસાય નમઃ' બોલવામાં 'ય' અક્ષર વધી જવાથી નવ અક્ષર થઈ જાય માટે પણ 'ય' અક્ષર બોલવો ખોટો છે. આમ 'ૐ અસિઆઉસા નમઃ' એ અષ્ટાક્ષરી મંત્ર પણ છે.





## (૭૭) (લેખાંક-૪)

**એક સમસ્યા** - આ જ ઋષભદેવના સ્તવનમાં કહ્યું -

**"ઈન્દ્ર-ચન્દ્ર-રવિ-ગિરિ તણાં ગુણ લઈ ઘડિયું અંગ લાલ રે**
**ભાગ્ય કિહાં થકી આવિયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે"**

આમાં સવાલ કર્યો કે 'પ્રભુ !' આપના શરીરમાંના મહાન ગુણો દા.ત. ઐશ્વર્ય, શીતલતા, પ્રતાપ, અને ધીરતા ગુણ ક્રમશઃ ઈન્દ્રમાંથી, ચંદ્રમાંથી, સૂર્યમાંથી અને મેરૂમાથી લઈ કુદરતે એવા ગુણોવાળું આપણું શરીર બતાવ્યું, એટલે હવે આશ્ચર્ય ન રહ્યું કે, આપનામાં આટલું બધું ઐશ્વર્ય ક્યાંથી ? કેમકે ઈન્દ્રમાં એ ઐશ્વર્ય હતું જ તે લઈને, કુદરતે કહો કે બ્રહ્માએ કહો, આપનામાં ગોઠવ્યું. તો પછી પ્રશ્ન થાય.

પ્ર.- ઐશ્વર્ય જો ઈન્દ્રમાંથી લઈ આપનામાં ગોઠવ્યું તો ઈન્દ્ર તો ઐશ્વર્ય વિનાનો બની જવો જોઈએ ! અથવા ઈન્દ્રના ઐશ્વર્યમાંથી અંશ લઈને જો પ્રભુનું શરીર બનાવ્યું, તો પ્રભુનું ઐશ્વર્ય ઈન્દ્રના ઐશ્વર્ય આગળ તુચ્છ નાનકડું હોવું જોઈએ !

ઉ.- એવું નથી, કેમકે પ્રભુ પાસે જે ઐશ્વર્ય છે તે ઈન્દ્ર પાસે પહેલા હતું પછી બ્રહ્માએ ઈન્દ્રને કહ્યું "તું બેસ હેઠો, તારા કરતાં પ્રભુ ઘણા ચડિયાતા છે, માટે તારું અથાગ ઐશ્વર્ય પ્રભુને આપ્યું. હવે તારી પાસે મામુલી ઐશ્વર્ય રહેવા દે" આમ એ અથાગ ઐશ્વર્ય પ્રભુને આપ્યું. હવે પ્રભુના અથાગ ઐશ્વર્ય આગળ ઈન્દ્ર પાસે તુચ્છ ઐશ્વર્ય રહ્યું. બસ એ રીતે ચંદ્ર સૂર્ય ને મેરુ પાસે મામુલી તુચ્છ શીતલતા પ્રતાપ અને ધીરતા રહ્યાં અને એ સાચી કોટિના ને અથાગ શીતલતાદિ ગુણો પ્રભુમાં ગયા.

પ્ર.- અહીં સુધી તો કવિ કહે છે, બરાબર છે કે પ્રભુમાં ઐશ્વર્ય આદિ ઈન્દ્રાદિમાંથી આવ્યા, પરંતુ હવે સમસ્યા ખડી થાય છે કે, આ સર્વોચ્ચ ઐશ્વર્ય આદિ સર્વોચ્ચ ભાગ્ય વિના તો મળે નહીં ? તો પ્રભુમાં એ સર્વોચ્ચ ભાગ્ય ક્યાંથી આવ્યું ? કોનામાંથી એ સર્વોચ્ચ ભાગ્ય કુદરતે પડાવી પ્રભુમાં ગોઠવ્યું ? તાત્પર્ય સર્વોચ્ચ ઐશ્વર્ય આદિ એકેક તો ઈન્દ્ર ચંદ્ર વગેરે એકેકમાં હતા, તે લઈને એ બધાને પ્રભુમાં ગોઠવ્યા, પરંતુ એ ઐશ્વર્ય આદિ ચારેયને પમાડે એવું સર્વોચ્ચ ભાગ્ય બ્રહ્માએ કોનામાંથી પડાવ્યું ? ઈન્દ્ર-ચન્દ્રાદિ પાસે એ સર્વોચ્ચ ઐશ્વર્ય આદિ એકેક મળવાનું તો ભાગ્ય હતું, પરંતુ ઐશ્વર્ય આદિ કુલ ચારેય સવોત્તમ મળવાનું સર્વોત્તમ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ભાગ્ય તો એમના કોઈના પાસે નહોતું. તો પ્રભુમાં એવું સર્વોત્તમ ભાગ્ય બ્રહ્માએ કયાંથી લાવીને ગોઠવ્યું ? આ સમસ્યા છે.

**સમાધાન આ છે, કે -**

ઉ.- ભાગ્ય કોઈની પાસેથી લાવવાની વસ્તુ નથી. ભાગ્ય તો પોતાની મેળે ઉપાર્જવાની વસ્તુ છે. પછી એના ફળરૂપે ઐશ્વર્ય આદિ એ લાવવાની વસ્તુ છે. તે કયાંથી લાવવી એ પ્રશ્ન થાય. દા.ત. - નાણાં એ ઉપાર્જન કરવાની વસ્તુ છે. પછી એ નાણાંથી અનાજ, કપડાં, સોનું, ચાંદી, ઝવેરાત વગેરે લાવવાની વસ્તુ છે તો એ કયાંથી લાવવી એ પ્રશ્ન થાય તો ત્યાં કહેવાય કે કરિયાણા બજારમાંથી અનાજ લવાય, કાપડ બજારમાંથી કાપડ લવાય, ચોકસી બજારમાંથી સોનું-ચાંદી લવાય, ઝવેરી બજારમાંથી ઝવેરાત લવાય, આ ચીજો તે તે બજારમાંથી મળે, પરંતુ એના નાણાં કયાંથી લાવવા ? એમ પૂછતાં કહેવું પડે કે નાણાં તો સ્વ પુરુષાર્થથી ઉપાર્જવા પડે. એમ અહીં તે તે ઐશ્વર્યાદિ દરેક તે તે ઈન્દ્ર-ચંદ્ર આદિ દરેકમાંથી લવાય. પરંતુ એ બધાનું ભાગ્ય પ્રભુ કયાંથી લાવ્યા ? તો કહેવાય કે ભાગ્ય તો સાધન છે, ઉપાર્જવાની વસ્તુ છે. એ પ્રભુએ સ્વ પુરુષાર્થથી ઉપાર્જ્યું એમાં આશ્ચર્ય શું ? અચરિજ શું ?

પ્ર.- તો સમસ્યા આ છે કે આવા મોટા બુદ્ધિમાન કવિએ કેમ કહ્યું.

'ભાગ્ય કિહાં થકી આવીયું ? અચરિજ એહ ઉત્તંગ' (મોટું)

ઉ.- આનું સમાધાન એ છે કે - કવિએ અહીં 'ભાગ્ય' શબ્દને વાપર્યો છે એ 'સૌભાગ્ય' ના અર્થમાં છે, અર્થાત્ 'સૌભાગ્ય કિંહા થકી આવીયું.' એ અચરિજ છે. એ અચરિજ આ રીતે, કે પ્રભુએ ભલે સ્વ પુરુષાર્થથી સર્વોત્તમ ભાગ્ય ઊભું કર્યું, એથી એ ભાગ્યરૂપી નાણાં વડે ઐશ્વર્ય ઈન્દ્રરૂપી બજારમાંથી ખરીદી લીધું. શીતલતા ચંદ્ર પાસેથી ખરીદી લીધી. પ્રકાશ સૂર્ય પાસેથી અને ધીરતા મેરૂ પાસેથી લીધી. કિન્તુ સૌભાગ્ય કોની પાસેથી લાવ્યા ? એ મોટું આશ્ચર્ય છે. કેમકે પ્રભુ પાસે જે સૌભાગ્ય છે એવું તો શું પણ એનું અડધું કે ચોથા ભાગનું દશમાં ભાગનું સૌભાગ્ય જગતમાં કોઈની પાસે નથી.

પ્રભુ પાસે સૌભાગ્ય કેવું ? સૌભાગ્ય એટલે એવું પુણ્ય કે જેનાથી માણસ સૌને ગમે એના પગલાં સૌને ગમે, એના પગલે આખા કુટુંબની બોલબાલા થાય. ધનાજી ઘરમાં હતા તો ત્રણ મોટા ભાઈ, પિતાજી ને માતાજી બધાને મહાશ્રીમંતાઈ ! એમ ધનાજી જ્યાં જાય ત્યાં એમને ય માનપાન મળતા. પરંતુ અરિહંત પ્રભુનું સૌભાગ્ય કેવું કે (૧) પ્રભુ નિર્વાણ પામે ત્યાં સુધી રોજ પ્રભુની સાથે ચોવીસે ય કલાક માટે ઓછામાં ઓછા એક કરોડ દેવતા સેવા ભક્તિ બહુમાન કરવા માટે



રહે. આવું સૌભાગ્ય બીજા કોની પાસે છે કે જેની પાસેથી લઈને બ્રહ્માએ પ્રભુને આપ્યું કહેવાય ? (૨) એમ પ્રભુ ચાલે ત્યાં દેવતાઓ મળી નવ કમળ પ્રભુના પગ નીચે ગોઠવી દેવા દોડાદોડ કરે. (૩) રસ્તાના અક્કડ ટાઈટ ઝાડ પણ નમે. (૪) પંખેરા આકાશમાં પ્રભુને પ્રદિક્ષણા ઘુમરી દેતા ચાલે. (૫) કાંટા ઊંધા થઈ જાય, પ્રભુનું સૌભાગ્ય કેવું ? (૬) સવાસો યોજનમાંથી મારી મરકી વગેરે પલાયન ! (૭) સમવસરણમાં સિંહ, હરણ, વાઘ, બકરી મિત્રભાવે સાથે સાથે બેસે. (૮) કાલસૌકરિક કસાઈ જેવાય સાંભળવા આવે. (૯) વૈરીના વૈર શાંત થઈ જાય. આવા સૌભાગ્યને કુદરત પ્રભુમાં કયાંથી લઈ આવી એ આશ્ચર્ય છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૪૧,અંક-૮,તા.૭-૧૧-૧૯૯૨

## (૭૮) (લેખાંક-૫)

પ્ર.- ઋષભદેવ ભગવાનના સ્તવનના અન્તે યશોવિજયજી મ.એ કહ્યું છે કે, 'ગુણ સઘલા અંગી કર્યા... દેજો સુખનો પોષ લાલ રે' અહીં પ્રશ્ન થાય છે કે જ્યારે પહેલા કહ્યું કે 'પ્રભુ ! આપે બધા ગુણ અંગીકાર કરી લીધા' ત્યાર પછી પ્રભુ પાસે ગુણોનો પોષ માંગવો જોઈએ ને ? પરંતુ અહીં સુખનો પોષ કેમ માંગ્યો છે ?

ઉ.- આ જે સુખનો પોષ માંગ્યો છે તે સામાન્ય સુખનો નહિ પરંતુ ગુણોના સુખનો પોષ માંગ્યો છે... પ્રભુ ! અમને ગુણોના આનંદનું પોષણ આપો. આ એટલા માટે કે કયારે કયારે સંયોગવશ ગુણોનું પાલન કરીએ છીએ પરંતુ એનો આનંદ નથી માનતા, ઉદાહરણથી,

(૧) કોઈના ઉધ્ધતવર્તન પર એમ ક્ષમા તો રાખી, કિન્તુ ત્યાં કયારે મનમાં એવું થાય કે ''આવા ઉદ્દંડના પ્રત્યે અમે કેમ ક્ષમા રાખી ? એમના પ્રત્યે ગુસ્સો જ કરવા યોગ્ય છે. કઠોર ઠપકો આપવા લાયક છે !'' આ શું ? અમે ક્ષમાનો ગુણ તો રાખ્યો કિન્તુ એનો આનંદ ન રાખ્યો.

(૨) તેવી જ રીતે ઉપવાસ અથવા આયંબિલ કર્યું પરંતુ પછી શિથિલતા આવવાથી મનમાં થાય કે ''અમે કયાં આ તપ કર્યો ?'' આ શું થયું ? તપગુણનો આનંદ નહીં કિન્તુ દુઃખ થયું ! આમ સમજો.

(૩) ચારિત્ર લઈ લીધું. પરંતુ ગુરુએ અથવા બીજાએ કાંઈ કહ્યું, જેમકે 'કેમ ગાથા ગોખવાની મહેનત નથી કરતાં ? વાણિયાના રોટલા ફોગટમાં ઉડાવવા છે. ત્યારે મનમાં આવી જાય કે મેં ચારિત્ર કેમ લીધું કે આવા ઠપકા સાંભળવા પડે છે ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

આ શું થયું ? ચારિત્ર ગુણનો આનંદ ઊડી ગયો. ચારિત્ર ગુણનું દુઃખ આવ્યું.

(૪) ટીપમાં પૈસા લખાવ્યા, પરંતુ પછી મનમાં આવ્યું કે "હું કયાં શરમમાં ખેંચાયો કે આટલા રૂપિયા લખાવા પડ્યા ?" આ શું થયું ? દાનગુણનો આનંદ રાખવાના બદલે દુઃખ કર્યું. જીવનમાં એવા કોઈ પ્રસંગોમાં આપણે ગુણનું પાલન કરવા છતાં પણ આપણને ગુણનો આનંદ નથી પરંતુ દુઃખ થાય છે. એવા ગુણ-સુકૃતનું દુઃખ કરવું કેટલું ભયંકર છે કે આ દુઃખ ગુણ-સુકૃતને બાળી નાંખે છે.

મમ્મણ શેઠે પૂર્વભવમાં દાન તો બહુ સુંદર આપ્યું અને ભાવ પણ સુંદર હતા, પછી એનું દુઃખ-સંતાપ કરવા લાગ્યો કે, "મેં મહારાજને ઉતાવળમાં સિંહ-કેસરિયા લાડવા કયાં વહોરાવી દીધા ? સાધુના પાત્રમાં બધું આપી દીધું ?" બસ એવા દાનગુણના સુકૃતના સંતાપથી સુકૃત જલાવી દેવાથી મમ્મણના ભવમાં લક્ષ્મી તો મેળવી, પરંતુ એનો ઉપભોગ નથી કર્યો કે નથી દાન કરી શકયો, ઊલટું સંગ્રહ રાખીને એના પર ભયંકર મમત્વ કરીને સાતમી નરકમાં ગયો. કેમકે પૂર્વ ભવમાં દાન સુંદર આપ્યું. પરંતુ પછી એના દાન ધર્મમાં આનંદ નથી માન્યો, દુઃખ માન્યું.

બસ કવિનું કહેવું છે 'દેજો સુખનો પોષ' પ્રભુ ! મને ધર્મગુણમાં સુખનું પોષણ આપજો.

સારાંશ, અમે જે કોઈ દાનાદિ ધર્મ કરીએ અથવા ક્ષમાદિ કોઈ ગુણ પાલન કરીએ એમાં અત્યન્ત આનંદ માનતા રહીએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૪૧,અંક-૪,તા.૩-૧૦-૧૯૯૨

## (૭૯) ચિત્તમાં શુભ અધ્યવસાય રમતા રાખો

પજુસણ આવ્યા ને ગયા, એમાં ઝવેરાત જેવી કમાણી શુભ અધ્યવસાયોની ખુબ સુંદર કરી હશે. મુનિઓને માટે શુભ અધ્યવસાયોનું દાન અને શ્રાવકો માટે શુભ અધ્યવસાયોની કેળવણી એ ઉત્તમોત્તમ માનવજનમનો સાર છે. જીવનમાં બીજું ન જડે તો ય પર્યુષણના પ્રસંગોના સુખદ સંભારણા અને અનુમોદના શુભ અધ્યવસાયો જગાવ્યે રાખે છે. ભગવાનના જીવનપ્રસંગો તેમજ સ્થવિરાવલીના મહાપુરુષોના જીવનપ્રસંગો વારે વારે મનમાં લાવીને શુભ અધ્યવસાયોની પવન લહેરીઓ મનોમંડળમાં ચાલતી રાખી શકાય છે.

યાદ રહે, નરકમાં એકાન્ત દુઃખની ઘોર વ્યથા, દેવતાને રમા-રામામાં ભાન-ભુલામણું અને જાનવરને અબુઝપણું લમણે લખાયું હોય છે. એક માત્ર માનવ



અવતારે આ શુભ અધ્યવસાયો મનમાં રમતા રાખવાનું વરદાન મળ્યું છે. તો એનું મુલ્યાંકન કરી અમલ કરવાની બુદ્ધિમત્તા સદા રાખજો પણ એ વિસારી અર્થકામમાં ખૂંચી જવાની બુદ્ધુગીરી કરતા નહીં.

ખંભાતના કસ્તુરભાઈ શેઠ, ભરુચના અનુપચંદ શેઠ, અને અમદાવાદના છોટાભાઈ સંઘવી આ કરતા હતા એવું એમના અતુલ જીવનપ્રસંગોમાંથી કલ્પી શકાય છે. દા.ત.

કસ્તુરભાઈ શેઠ જમવા બેઠા હતા, સાધુ મહારાજ વહોરવા પધાર્યા. તે તરત ઊભા થઈ ગયા. આવકાર કર્યો, રસોઈયા રોટલી વહોરાવી ઘીની વાઢીમાંથી ઘીની દદુડી મુતરાવતો હતો, તરત શેઠે એના હાથમાંથી વાઢી લઈ લીધી સાધુ મહારાજના, પાત્રમાં વાઢી ઊંધી વાળી દીધી અને રસોઈઆને લાફો ખેંચી કાઢી કહે, 'મૂર્ખ ! આ સાધુ ભગવાન તો અમારા તારણહાર છે, એમને આમ દદુડી મુતરાવવાની જેમ વહોરાવાય ?' પછી એ રસોઈયાને કાઢી મુક્યો, જેથી નવા રસોઈયાને ખબર રહે કે જુનાને કેમ કાઢી મુક્યો હતો.

એકવાર શેઠ પેઢી પર ચોપડો જોતા હતા. એમાં એક વેપારીના ખાતામાં અમુક રકમ જમા થયેલી જોઈ મુનિમને પુછ્યું કેમ આમાં આ ભાવ ભર્યો છે ? મુનિમે કહે, 'શેઠજી બજારમાં એ ભાવ ચાલે છે.' શેઠ કહે, મેં એની સાથે સોદો કર્યો ત્યારે ભાવ ઓછો હતો. તો લાવ એની પાસેથી વધારે રકમ લીધી એ.' એ રકમની થેલી લઈ રોજની જેમ બીજી સવાર શેઠ ચૈત્યપરિપાટી કરવા જતી વખતે પહેલા એ વેપારીને ત્યાં જઈ એ થેલી આપી ખુલાસો કરે છે. પેલો કહે, ના શેઠ ! બજારમાં ભાવ આ જ ચાલે છે તેથી એ ભાવે મેં પૈસા ભરી દીધા. શેઠ કહે, 'મેં જ્યારે સોદો કર્યો ત્યારે ભાવ ઓછો સમજીને સોદો કરેલો તેથી મારે વધારે ન લેવાય.' એમ કહી થેલી ત્યાં જ રાખી શેઠ ચાલતા થઈ ગયા.

અનુપચંદ શેઠને નાનો ભાઈ ગુજરી ગયો. ઠાઠડી લઈ ગયા પછી તરત નાના ભાઈની નવયુવાન વહુને ઓરડામાં બોલાવી તિજોરીની ચાવી આપી કહે, "આ રાખો તમારી પાસે, જુઓ કર્મના સંયોગે બનનારું બની ગયું હવે શોક કરવાથી ભાઈ મારો પાછો નહી આવે. અને શોકથી તમને અને સદ્‌ગતને ફોગટ કર્મ બંધાશે. કેમકે ભાઈ અચાનક ગયો એ કાંઈ તમને વોસિરાવીને ન ગયો હોય તેથી તમો જે શોક વગેરે કરો એનું પાપ મમતાને લીધે એને પણ લાગે. માટે એના ભલા માટે તમે રોશો નહીં. અને હવે બાઈઓ આવીને તમને રોવરાવતી બોલશે 'હાય બિચારીનો ધણી ગયો એટલે આ બિચારીને જેઠના પનારે રહેવું પડશે. બે પૈસા ય જેઠ આપે તો મળે.' આવું આવું બોલશે. માટે લો તિજોરીની ચાવી તમારી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પાસે રાખજો અને જ્યારે તમારે પોતામાં કે ધર્મમાં બે પૈસા ખરચવા હોય ત્યારે તિજોરીમાંથી મને પૂછ્યા વગર લઈ લેજો. મારે પૈસા જોઈશે તો હું તમારી પાસેથી માંગી લઈશ. હવે બાઈઓ ઘેલું ઘેલું ન બોલે એ માટે પથાણામાં (બેસણામાં) લો આ નવકારવાળીઓનો ડબ્બો લઈને બેસજો. જમણા હાથે તમે ય માળા ગણતાં રહેજો. અને ડાબા હાથે પથાણે આવે એ બાઈને હાથમાં માળા પકડાવજો.'' નાની ભોજાઈ ચકિત થઈ ગઈ. રૂદન બંધ, અને બેસણામાં આવેલી બાઈઓ પણ શાંત બેસી ગઈ. આખા ભરૂચમાં સોપો પડી ગયો.

છોટાભાઈ સંઘવી એક દિવસ વ્યાખ્યાનમાં સહેજ મોડા પડયા. વ્યાખ્યાન પછી વ્યાખ્યાતા મહારાજનો ચરણસ્પર્શ કરવા ગયા. મહારાજે સ્હેજ પૂછ્યું, 'છોટાભાઈ ! આજ વ્યાખ્યાનમાં આવતાં કંઈક મોડું થયું ?' પેલા કહે, સાહેબજી ! આજે જરા મે'માનને વળાવા ગયો હતો તેથી મોડું થયું.' મા'રાજ સમજ્યા કે 'નાના આડતિયો હોય તો તો એને ગુમાસ્તો ગાડીએ બેસાડી આવે, પણ કોક મોટો વેપારી આવ્યો હશે તે એને સ્ટેશને મુકવા છોટાભાઈને પોતાને જવું પડયું હશે.' પછી કાંઈ આગળ ન પૂછ્યું. પાસે ઊભેલા એક શ્રાવકે સાધુને કહ્યું ''સાહેબજી ! આ મે'માન કોઈ વેપારી નહી; પણ શેઠનો પેઢી ચલાવનાર મોટો દિકરો, તે આજે તાવમાં ગુજરી ગયો એની સ્મશાનયાત્રામાં ગયેલા તેથી અહીં મોડા પડયા. સાહેબ ! શેઠની શી વાત કરવી ? દિકરાને તાવ હતો. એ જ વખતે ગુમાસ્તો પણ તાવમાં હતો, તે શેઠ એની ખબર લેવા વારે વારે જતા, ત્યાં બીજા પૂછે. શેઠ ! ઘરે દીકરો તાવમાં છે ને !' ત્યારે શેઠ કહેતા કે 'એની તો ખબર પૂછનારા ઘણા ય સગાવહાલા છે, આ બિચારા ગુમાસ્તાની ખબર કોણ રાખે ?' એ મારી સેવામાં છે તો મારી ફરજ છે એની ખબર રાખવાની.''

આ ત્રણેય સંઘના અગ્રણી શેઠિયાના આ પ્રસંગ પરથી ખ્યાલ આવશે કે એમના મનમાં કેટકેટલા ઊંચા શુભ અધ્યવસાયો મનમાં રમતા હશે !

બસ, જૈન ધર્મ આ માટે જ મળ્યો છે. હર પ્રસંગમાં ચિત્તમાં શુભ અધ્યવસાય રમતા રાખો. એ માટે કોઈના પ્રત્યે શત્રુતા, અમૈત્રી, વૈર, અંટસ, અહંત્વ ન રાખશો. તેમ જગતના નાશવંત પદાર્થોની બહુ એષણાઓ ન રાખશો. માનાકાંક્ષા તો વોસરાવી જ દેજો. એમ માયા, ઈર્ષા કદી રાખતા નહીં. એમ લોભ લાલચુડાપણું લંપટતા ન રાખશો નહિતર બૈરાના અને બીજાના ગુલામડા થવું પડશે.

શુભ અધ્યવસાયોમાં સ્વયં વિચારવાનું અને બીજાઓને માત્ર શુભ અધ્યવસાયોનું દાન કરવાનું રાખી જીવન સફળ કરો એ જ શુભેચ્છા. પ્રભુ તમને એમાં સહાય કરો એ જ પ્રભુને પ્રાર્થના.





## (૮૦) ક્રોધ દબાવી શાંત રહેવા શું શું વિચારવું ?

### (લેખાંક-૧)

બીજા તરફથી કેટલાય અનિષ્ટ પ્રતિકૂળ સંયોગ ઊભા થવા છતાં જો ત્યાં આપણું કાળજું ઠેકાણે હોય તો આપણે ક્રોધથી ભવિષ્યમાં થનારા આલોક અને પરલોકના મોટા અનર્થોને આપણી દૃષ્ટિ સામે લાવીએ. લાવીને આપણો નિર્ણય હોય કે આપણી સમતા-શાંતિને લુંટાવવી નથી અને આ ક્રોધમાં આપણી જ નુકસાની આપણે આપણા હાથે સર્જવી નથી. તો પછી આપણા નિર્ણય પર દુનિયા વા ખાય છે, બેકાર બસી રહેશે, દુનિયા આપણને કાંઈ પણ નહિ કરી શકે, આપણને અશાંત નહીં કરી શકે.

આવી સમતા શાન્તિ અને ઉપશમનો પાકો નિર્ણય રાખવા માટે આપણે આ વિચારવું જોઈએ કે,-

(૧) સામા તરફથી આપણને જે પ્રતિકૂળતા આવતી દેખાય છે એમાં મૂળ કારણભૂત આપણા જ પૂર્વ કર્મોનો ઉદય છે. બાકી સામેવાળો તો નિમિત્તમાત્ર છે. એના પર ક્રોધ કરવાથી શો ફાયદો ? આનાથી ઉદયમાં આવનારા આપણા અશુભ કર્મ કાંઈ રોકાઈ નહિ જાય. અને આપણા ક્રોધ દ્વારા આપણને નવાં કર્મબંધન વધશે !

(૨) ભવિતવ્યતા જ આવી જ કે વિચિત્ર સંયોગ ઊભા થાય. આવી ભવિતવ્યતા સામે આપણો ક્રોધ નિરર્થક છે.

(૩) આપણા અનાદિ કાળના ક્રોધાદિ દોષોના સંસ્કારો જ આવા છે કે અહીં ક્રોધાદિ ઉત્પન્ન થાય છે. પરંતુ આ ક્રોધથી ઉત્પન્ન થનારા નરકાદિ દુર્ગતિના દુઃખોની સામે અહીં ક્રોધ ન કરું અને સામાની જોહુકમી સહી લઉં, તો એથી સહવું પડતું કષ્ટ વિસાતમાં નથી.

(૪) મારા પ્રભુએ પોતાને કેવળજ્ઞાન અને મોક્ષ નિશ્ચિતરૂપે થવાના છે એમ જાણવા છતાં કેવી ગજબની સમતા અને શાન્તિ રાખીને ભયંકર કષ્ટોને પણ સહન કર્યા તો મારે કેમ સહન ન કરવું જોઈએ ?

(૫) 'આ આટલું થોડું સહન કરી લેવાથી મને કેટલા બધા મોટમોટા પુણ્યબંધ અને પાપક્ષયના આત્મિક લાભ મળવાના છે !' આ વિચારવાથી સમતા અને શાન્તિ રહેશે.

(૬) લાભ કેવો કે 'ક્ષમાદિને પોષવાનો અને આત્મામાં સ્થિર કરવાનો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સુંદર અવસર અહીં મળ્યો છે, તો એ કેમ જતો કરાય ? જો ક્ષમા જ ન રાખું તો ઉપશમ સ્થિર કેમ બને ?

(૭) હું જો ક્રોધ કરું તો સ્વ-પરની દયા ગુમાવીશ. આનાથી મારા અને સમાવાળાના જીવનું બગડશે. બંનેને મોટું નુકશાન !

(૮) પૂર્વ જન્મોમાં મેં સામાવાળાનું ઘણું બગાડ્યું છે, માટે હવે સામાનો મારા પર એવો અધિકાર છે કે એ આમ જ કરે, મારું પ્રતિકૂળ જ કરે. તો મારે શાહુકારીથી એ બરદાસ્ત કરી લેવાનું.

(૯) ઉપદ્રવ મારા શરીરને છે, મારા આત્માને નહિ, કેમકે હું ધારું તો મારો આત્મા શાન્તિ રાખી શકે છે. જો શાન્તિ રહે તો ઉપદ્રવ શાનો ?

(૧૦) મારા આત્માની ઉત્તમતા સહન કરવામાં છે; ભાગવામાં કે સામનો કરવામાં નથી. સોનું અગ્નિને સહન કરવાથી કિંમત મેળવે છે, અગ્નિથી આઘું રહીને નહિ.

(૧૧) મારો બીજા પર શો અધિકાર છે કે એણે અમુક જ આચરણ કરવું જોઈએ એવો દાવો હું રાખું ? શું એવો હક રખાય ? જેમ મને ઠીક લાગે તેમ વર્તુ એમ હું સ્વતંત્ર છું એ રીતે સામો પણ એને ઠીક લાગે તેમ વર્તવા સ્વતંત્ર છે. એના પર મારે ગુસ્સો કેમ કરાય ?

ઈત્યાદિ અનેક પ્રકારની શુભ સુંદર વિચારણાઓ છે કે જેના આલમ્બનથી આપણે આપણા દિલમાંથી ક્રોધ, અભિમાન આદિને થોડું પણ સ્થાન ન આપીએ. આપણા દિલમાં ક્ષમા, સમતા અને ઉપશમ ભાવોના શીતલ ઝરણાં વહેતાં રાખી શકીએ છીએ.

આવી રીતે ચિંતન કરીને કૂરગડું મહાત્માએ ઉપશમ ભાવને બનાવી રાખ્યો. આની અંદર આત્મનિંદા, પરગુણરાગ, અને ઉપશમ-વૃદ્ધિમાં એવા ચઢયા કે એમણે શુભ ધર્મધ્યાનમાંથી શુકલધ્યાનમાં ચઢીને ક્ષપકશ્રેણિ માંડી દીધી ! અને ઘાતી કર્મોનો વિધ્વંસ કરી નાખ્યો. વીતરાગ બન્યા અને ત્યાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું !

ઉપશમનું આ જ જીવનમાં આટલું મોટું ફળ ?

આ સાંભળીને શું થાય છે ? એમ જ થાય ને કે ''બસ, તો પછી બધાયની ક્ષમા માગી લઉં; બધાને ક્ષમા આપી દઉં ? ક્રોધ, દ્વેષ, વૈર આદિ શલ્યોને હડસેલી દઉં ? મારે કેટલું જીવવું છે ? દ્વેષ વગેરેની મારી અહીંની હોંશિયારી આગળ પરલોકમાં કયાં કામ આવવાની છે ?'' આમ થાય છે ને ?





## (૮૧) (લેખાંક-૨)

કેવળજ્ઞાન થયા પછી અહીં શાસનદેવીએ આવીને તપસ્વી મુનિઓને પૂછ્યું કે, 'મહાત્મા કૂરગડું ક્યાં આગળ ધ્યાન લગાવીને બેઠા છે ?

તપસ્વીઓની પાસે ઉપશમ કયાં છે ? એ તો રોફ અને રોષથી બોલે છે. 'જોયો જોયો મોટો ધ્યાની મહાત્મા ! જાઓ ત્યાં અંદર ખુણામાં બેસીને પેટ ભરતો હશે.' જો તપસ્વીઓને આટલો ગુસ્સો છે, તો એમણે તપની શું કદર કરી ?

**તપ એક મોટો રાજા છે. આ જો આપણાં દિલમાં બેઠો છે, તો ત્યાં ક્રોધ ચંડાલને-ભંગીને આ તપરાજાની સાથે ન બેસાડીએ. આ જ તપસ્વરૂપ મોટા રાજાની કદર થઈ.**

તપની સાથે રોષ કરે, ગુસ્સો કરે, એમાં નુકસાન કોને ? તપનો ગુણ હોવા છતાં રોષ કોણ કરાવે છે ? (૧) ચિત્તની વિહ્વળતા, (૨) અસહિષ્ણુતા, (૩) પાપ લાગવા પ્રત્યે ઉપેક્ષા-અવગણના...

શું તમે ઉપશમ ચાહો છો ? તો આ ત્રણેને મનમાંથી હટાવી દો. અહીં કૂરગડું મહાત્માની સામે ચાર તપસ્વી રોષથી દેવીને કહે છે, 'જુઓ પેટભરુ કૂરગડું, મહાત્મા નહીં !'... આટલામાં ઉપરથી દેવદુંદુભીનો નાદ સંભળાયો અને અન્ય દેવતાઓ ગીત-ગાન-વાજિંત્રના નાદ સાથે નીચે ઊતર્યા અને તેઓ જયનાદ કરે છે, ''જય હો ! જય હો ! કેવલી ભગવાન કૂરગડું મહર્ષિની !'' સાથોસાથ વંદન સન્માન પણ કરે છે. હવે વિચારો કે ચાર અભિમાની તપસ્વીઓની શું હાલત થાય ? પોતે કેટલા ય મોટા તપસ્વી હોય છતાં જુએ કે આપણી સામે પ્રતિદિન ખાનારાને કેવળજ્ઞાન ? આ જુએ ત્યારે તો આશ્ચર્યમાં જ પડી જાય ને ? તપસ્વીઓને શરમ તો લાગી જ ગઈ, પરંતુ આનાથી અધિક તો આ થયું કે, પોતાના આત્માની અત્યંત કમીના અને હલકાપણા પર ઘણાં સંતાપના આંસુ વહાવ્યા, અત્યંત ખેદ પશ્ચાત્તાપ થવા લાગ્યો ! એ લોકો વિચારે છે કે ''મહાન પણ તપ શા માટે કરવો જોઈએ ? ક્રોધ-માન આદિ કષાયોને નષ્ટ કરવા માટે; અને અમે શું કર્યું ? એમના આહારમાં થુંકયા ? અને એમને કઠોર ભાષાથી વઢ્યા ? તપ શા માટે છે ? ક્ષમા-ક્ષમાપના અને ઉપશમને દિલમાં વિકસાવવા માટે; પરંતુ અમે શું કર્યું ? આ સાચા તપસ્વી મહર્ષિ પર ભયંકર દ્વેષ ? તપ શા માટે કરવો છે ? રાગ-દ્વેષ અને પાપપ્રવૃત્તિઓથી ભારે બનેલા આપણા આત્માની એ ખરાબીઓને કાઢીને આત્માને હલકો-ફૂલ બનાવવા માટે. પરંતુ અહીં તો અમારી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પાસે તપ હોવા છતાં અમે કેટલું ઊલટું કર્યું ? રોષ અને ક્ષુદ્રતાથી આત્માને ભારે કઠોર પત્થર જેવો કરીને સંસારમાં ડુબાડનારો કરી નાખ્યો !

હે ભગવન્ ! મહર્ષિની કેટલી ઊંચી ઉત્તમતા ? અને અમારી કેટલી નિકૃષ્ટ નીચતા ?..." બસ, આવી ભાવનામાં ક્ષમાપના ઉપશમ અને અનાસક્ત યોગમાં ચઢીને તેઓ પણ કેવળજ્ઞાની બની ગયા !

માટે જ જીવનમાં કોઈ એવા પ્રસંગમાં ક્રોધ આદિ દબાવતા ચાલી શાંત રહેવા પ્રયત્નશીલ રહેવું. યાદ રહે, **"ક્ષમા-ધર્મનો વ્યાપાર, ક્રોધના બજારમાં થાય છે."**

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૪૧,અંક-૧૪,તા.૨-૧-૧૯૯૩

## (૮૨) ઈન્દ્રિયો અને વાણી વગેરે પર અંકુશ કેમ આવે ?

વર્ષો પૂર્વે મલાડમાં શિબિર ભરેલી એ પૂરી થયા પછી એક બહારગામનો છોકરો, સત્સંગ કરવા ત્યાં અમારી સાથે રહ્યો. ૩-૪ દિવસ પછી એ પૂછે, "મહારાજ સાહેબ ! હું દેરાસર જાઉં કે નહિ ?" (દેરાસર નીચે બાજુમાં હતું)

મેં કહ્યું, "તું શિબિરમાં ભણેલો; ને આમ કેમ પૂછે છે ?"

એ કહે, "સાહેબ ! દેરાસરમાં અમે ભગવાનના દર્શન કરતાં હોઈએ ત્યારે અમારા દર્શનની વચમાં રમકડાં (ઉદ્ભટ વેશવાળી યુવાન સ્ત્રીઓ) આવીને ઊભી રહે છે, અને અમે તો યુવાનિયા, એટલે અમારી આંખો ઝટ ભગવાન પરથી ઊઠીને સીધી એના ગુલાબી મોં અને એના ગુલાબી અંગો પર જાય છે. દેરાસરમાં જઈને આવું ઘોર પાપ કરવું એના કરતાં દેરાસર ન જવું સારું ને ?"

મે કહ્યું, 'ચાર દિવસ એક કામ કર, પછી આ સવાલ પૂછજે.'

એમ કહી એ કામ બતાવવા મેં એને 'In Search Of Divine Life' દિવ્ય જીવનની શોધમાં એ પુસ્તકની વાત કરી.

'જો એક યુરોપિયને આ ચોપડીમાં લખ્યું છે કે હું ભારતમાં ગયેલો ત્યાં મેં યોગીઓની મુલાકાત લઈ ભારતના તત્ત્વજ્ઞાનનો અનુભવ લીધો. મારા યુરોપિયન બંધુઓને આ તત્ત્વજ્ઞાન ગ્રીકલેટિન જેવું તદ્દન ન સમજાય એવું છે, પરંતુ હું એની એક Fundamental (મૂળ) ચીજ અહીં બતાવું છું.'

એમ કરી એ બતાવે છે કે, 'જુઓ આપણે વાતવાતમાં 'I' (એટલે કે 'હું') નો પ્રયોગ કરીએ છીએ. દાત. I see, I taster, I hear (એટલે કે 'હું જોવું



છું' 'હું ચાખું છું.' 'હું સાંભળું છુ.') આવા પ્રયોગમાં 'I' is common, (અર્થાત્ 'હું' નો પ્રયોગ સમાન છે, સામાન્ય છે, તો સવાલ થાય કે બધામાં કોમન આ 'હું' કોણ છે ? એક જ 'હું' જોનાર છે, સાંભળનાર છે, ચાખનાર છે, તો એ 'હું' કોણ ? આંખ, કાન અને જીભમાંથી એકેય 'હું' નહીં કેમકે આંખને 'હું' માનીએ તો આંખ કાંઈ સાંભળી શકે નહીં એટલે આંખ કહી શકે નહીં કે 'હું સાંભળું છું.' અહીં જો 'હું' તરીકે કાનને લઈએ તો તે આંખ અને કાન બંને જુદા હોવાથી બે 'હું' જુદા જુદા થયા ! એટલે બેમાંથી એકેય કહી ન શકે તેથી એમ ન કહી શકાય, કે 'જે હું જોઉં છું, તે જ હું સાંભળું છું.' એમ 'જે હું જોઉં છું, તે જ હું ચાખું છું.' એવું પણ ન બોલી શકાય. કેમકે જોનારી આંખ અને ચાખનારી જીભ બંને જુદા હોવાથી બંને 'હું' જુદા જુદા થયા ! હકીકતમાં 'હું' એક જ છે, બે નહિ ત્યારે કહેવું પડે કે પાંચેય ઈન્દ્રિયોના અનુભવમાં 'હું' સમાન છે, સામાન્ય છે. 'હું' એકનો એક જ છે; જે હું જોઉં છું તે જ સાંભળું છુ, તે જ હું ચાખું છું, તે જ હું સૂંઘું છું. તે જ હું સ્પર્શું છું.' આમ જોવા-સાંભળવા-ચાખવાની, સુઘવાની અને સ્પર્શવાની પાંચેય ક્રિયાનો કર્તા (કરનારો) એક છે 'હું' એ આ ક્રિયાઓ કરવામાં સાધનરૂપ આંખ-કાન-જીભ-નાક અને સ્પર્શન ઈન્દ્રિયથી તદ્દન જુદો છે અને એ જ 'આત્મા' છે. It is the soul that speaks, 'I see,' 'I hear,' 'I taste,' 'I smell,' 'I touch,' None of these five senses can speak like this - I see, I hear, I taste etc.) અર્થાત્ બોલનારો તે આત્મા જ છે; નહી કે ઈન્દ્રિયો, કે જે બોલી શકે 'હું જાઉં છું, હું સાંભળું છું... સારાંશ, જોવા સાંભળવા વગેરે અનુભવોની ક્રિયાનો કર્તા 'હું' જ છે અને આંખ વગેરે, એ ક્રિયાના સાધન છે, કરણ છે.

આ કર્તા 'હું' નું આંખ વગેરે ઈન્દ્રિયો પર પ્રભુત્વ છે, વર્ચસ્વ છે. એ 'હું' ધારે એ પ્રમાણે એનું પ્રવર્તન કરાવી શકે છે. પરાવર્તન કરાવી શકે છે; ને નિવર્તન કરાવી શકે છે. દા.ત. આંખને દૂરના ઝાડ પર મોકલી શકે છે, અને ઝાડ પરથી ફેરવીને મકાન પર લઈ જઈ શકે છે, ને ઝાડ જોવાનું તદ્દન બંધ પણ કરાવી શકે છે.

(૧) આમાં પાંચે ઈન્દ્રિયોનું પોતપોતાના વિષયમાં પ્રવર્તન, પરાવર્તન, નિવર્તન કરાવનાર 'હું' એટલે કે સ્વતંત્ર આત્મા કરાવી શકે છે. 'હું' નું પાંચેય પર પ્રભુત્વ છે, વર્ચસ્વ છે, 'હું' ધાર્યા પ્રમાણે પાંચેયને પ્રવૃત્તિ વગેરે કરાવી શકે, ધાર્યા પ્રમાણે પરાવર્તન કરાવી શકે છે; એક ઈન્દ્રિય દા.ત. આંખનું જોવાનું કામ બંધ કરાવીને બીજી ઈન્દ્રિય દા.ત. કાનને કશું સાંભળવામાં જોડી શકે છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

(૨) આમ, આત્મા 'હું' ગાત્ર ને ઈન્દ્રિયો પર વર્ચસ્વ ધરાવે છે; એટલું જ નહીં, પરંતુ 'હું' (૨) શરીરના ગાત્રો પર પણ વર્ચસ્વ ધરાવે છે. 'હું' એ ધાર્યા પ્રમાણે હાથને ઊંચો કે લાંબો રાખી શકે. હાથ-પગ-મોં વગેરે બધું 'હું' ના પ્રવર્તાવ્યા પ્રમાણે પ્રવર્તે.

(૩) આમ જ 'હું' નું વર્ચસ્વ વાણી પર પણ પ્રવર્તે છે. એ 'હું' વાણીને ધાર્યા પ્રમાણે બોલી-બોલાવી શકે છે. જરૂર લાગ્યે 'વાણિયા ! વાણિયા ! ફેરવી તોળ' પણ કરી શકે છે.

(૪) અરે ! 'હું' એ પોતાના મન પર પણ વર્ચસ્વ ધરાવે છે. હમણા એક સ્વાર્થના વિચારમાં મન ચાલતું હોય, ને તરત યાદ આવે કે ફલાણાભાઈ કહી ગયા છે, 'હું રવિવારે ૧૦ વાગે આવી હિસાબ પતાવી બાકી નીકળે તે રોકડા આપી જવાનો છું.' તો તરત મનને હુકમ છુટે છે 'ચાલુ વિચારણા પડતી મૂક, લાવ એ ઘરાક સાથેની લેતી દેતી વિચારી લેવા દે.' આમ મનની પાસે વિચારણા ફેરવાવી ધારી વિચારણા કરાવી શકે છે. સારાંશ.

'દેરાસર જવું કે નહીં' એવો પ્રશ્ન કરનાર પેલા યુવાનને આ બધું આત્મતત્ત્વનું સાયન્સ સમજાવી કહ્યું કે, 'તું અંદર રૂમમાં એકાંતમાં બેસી જા, આંખ મીંચી હૈયાની અંદરમાં જો, 'આ 'હું' કેવો છે ? લાલ ? પીળો ? લાંબો ? ટુંકો ?' અલબત તને કાંઈ દેખાશે નહીં. ભલે ન દેખાય. પરંતુ ત્યાં તરત 'હું' નું અસ્તિત્વ ને વર્ચસ્વ મહત્ત્વ વિચારજે...એ પૂર્વે બતાવેલ પદ્ધતિએ વિચારવાનું કે શરીરની અંદરમાં કોક અદશ્યરૂપે 'હું' છે, જે મારી ઈન્દ્રિયો-ગાત્રો-વાણી અને મન પર હકુમત ચલાવી શકે છે.

બસ, એ જુવાન ચાર દિવસ આમ વિચારીને આવ્યો મારી પાસે, અને હસતાં હસતાં મને કહે, 'સાહેબ ! હવે હું મારો સવાલ પાછો ખેંચી લઉં છું. અને હવેથી હું દેરાસર 'હું' ના વર્ચસ્વ સાથે જઈશ.

મેં પૂછ્યું, "શો ફરક પડયો તને ?"

એ કહે, "સાહેબજી, મકાનમાં ચાર દિવસ એકાંતમાં બેસીને કલાકોના કલાકો 'હું' નું ઈન્દ્રિયો-મન-વાણી પર વર્ચસ્વ વિચારતાં વિચારતાં હવે મન પર કાબુ આવી ગયો છે. (દા.ત. હું દેરાસરમાં જાઉં ને દર્શન કરતાં, આજુબાજુમાં જ્યાં યુવતીઓ આવી કે આંખને મારો હુકમ છૂટે છે,- 'ખબરદાર ! આંખ ! તારે ભગવાન જ જોવાના છે, આ બાઈઓ-ફાઈઓ નહીં,' ને ત્યાં આંખ પ્રભુ પર સ્થિર રહે છે. એટલે હવે દેરાસર જવામાં વાંધો નથી. આંખ મીંચી વિચારું છું, કે 'આ બાઈમાં શું જોવાનું હતું ? એના કરતાં વધુ રૂપાળી અપ્સરા કલ્પનામાં જોઈ



શકું છું. પરંતુ એમાં જોવા જેવું છે જ શું ? એવું તો અનંતી વાર જોઈ નાખ્યું ? ગલીચ જોવાના ભૂખારવા જીવને આમ ધરપત નથી થવાની, બલ્કે લંપટ-લાલસા વધવાની છે. માટે આવું કશું જ મારે જોવું નથી.

'હું' નું આ સાયન્સ બધે લાગુ કરવાનું. દા.ત. રસ્તે ચાલતાં કોઈ દુકાન પર ડાફોળિયું મારવાનું મન થયું, ત્યાં વિચારવાનું 'આ દુકાન મને શું દેખાડવાની હતી? એના કરતાં કલ્પનાથી દેવતાઈ દુકાનના અવ્વલ માલ જોઈ શકું છું. પરંતુ એમાં જોવા જેવું છે જ શું ? દેવલોકમાં અનંતી વાર દેવતાઈ માલ જોઈ આવ્યો પણ વળ્યું શું ? જોવાની ભૂખ ચાલુ રહી ! મન ! બેસ અહીં કાંઈ જોવું નથી ?...' આમ, આંખ-મન પર વર્ચસ્વ આવી જાય.

એમ જમવા બેઠા, ભાણામાં દાળ-રોટી-શાક આવ્યા, મનને થયું 'શાક નથી ખાવું,' મનનો જીભને હુકમ છુટે 'રહેવા દે શાકમાં શું ખાવું હતું ? આજ સુધીમાં ઢગલો શાક ખાઈ નાખ્યા, તો ય એની લાલચ મટી નહીં, જવા દે, આજે શાક પર હાથ લઈ જ જવો નથી ?' આમાં 'હું' નું વર્ચસ્વ છે એમ કરી શાકનો ત્યાગ થાય.

એમ દા.ત. અયોગ્ય સ્થાને હાથ અડાડવાનું મન થયું ત્યાં વિચારવાનું 'આ હાથ અડાડવાથી શું વળવાનું હતું ? એમ તો કલ્પનાથી દેવતાઈ અપ્સરાને અનંતા વાર હાથ અડાડી આવ્યો, પરંતુ એમ અડાડવાથી વળ્યું શું ? શું અનંતા કાળની અયોગ્યને સ્પર્શવાની ભૂખ-લંપટતા મટવાની છે ? ના, વધવાની છે. તો જા, કાંઈ અડવું જ નથી." એમ નિર્ધાર કરવાથી અયોગ્ય સ્થાને અડવાની ઈચ્છા શમી જશે.

આમ દરેક ઈન્દ્રિયના વિષયમાંથી આંખ વગેરે ઈન્દ્રિયને અને ગાત્ર, વાણી અને મનને જતા રોકી શકાય અને અનુચિત ચેષ્ટાઓ બંધ કરી શકાય. પહેલાં ડાફોળિયાં વગેરે નાની નાની કુચેષ્ટાઓની આતુરતાઓ અને એ પ્રવૃત્તિ બંધ કરતા ચાલવાનું. એમ કરતાં કરતાં મોટી કુચેષ્ટા બંધ કરવા એની આતુરતા બંધ થતી આવશે, અને અસત્ પ્રવૃત્તિ પણ અટકશે.

આ ઉપાયમાં જોમ લાવવા માટે રોજ પ્રભુ પાસે સવારે ૨૪ કલાકનો અભિગ્રહ કરવો (૨) 'દિવ્યદર્શન' ના જુના અગ્રલેખો વારંવાર વાંચવા. (૩) ચાર શરણા આ માટે વારંવાર સ્વીકારવા 'અરિહંતા મે શરણં, સિદ્ધા મેં શરણં...' (૪) પ્રભુની આ કરુણા વિચારવી કે 'પ્રભુ ! ઠેઠ નિગોદમાંથી નીકળી ઊંચે ચઢતા ચઢતાં પ્રભુ ! તમે મારી અવળચંડાઈ જોઈ છે, પણ જરાય તરછોડવા તિરસ્કારવાનું ન કરતાં. 'લે આવ્યો છે મારી પાસે તો લે લેતો જા આ સારું ઉન્નતિનું સાધન કેવી તમારી અસાધારણ ભરચક નીતરતી દયા ! ધન્ય પ્રભુજી ધન્ય તમને !' આમ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પ્રભુની અવ્વલ કરુણા વિચારવી અને પ્રભુ પર વિશ્વાસ જાહેર કરવો કે પ્રભુ તમારી કરુણાથી મારી અસત્ પ્રવૃત્તિઓ તદ્દન બંધ થઈ જશે.'

એક ઉપાય આ છે કે અસત્ પ્રવૃત્તિના સમયના કલાક પૂર્વે 'નમો અરિહંતાણં' ૫૦૦-૧૦૦૦ વાર લખવા બેસી જવું.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૪૧,અંક-૧૫,તા.૯-૧-૧૯૯૩

## (૮૩) સુખ અને સાત્ત્વિકતાની એક અનુપમ ચાવી

મનુષ્યમાત્ર સુખ માટે ઝંખે છે, પણ પ્રશમરતિમાં શ્રી ઉમાસ્વાતિજી મહારાજ કહે છે,

**'दुःखद्विट् सुखलिप्सुर्मोहन्धत्वाददृष्टगुणदोषः ।**
**यां यां करोति चेष्टां तया तया दुखमादत्ते ॥'**

-અર્થાત્ 'જીવ દુઃખનો દ્વેષી અને સુખનો ઇચ્છુક છતાં મોહાન્ધતાએ ગુણ-દોષ વિચારતો ન હોવાથી જે જે પ્રવૃત્તિ કરે છે, તેના-તેનાથી એ દુઃખ પામે છે' સારાંશ દુઃખનું કારણ સાચા ગુણ-દોષ અને લાભ-નુકસાનનું લક્ષ નહિ તે. તો સુખનું સાધન આ લક્ષવાળી પ્રવૃત્તિ નક્કી થાય છે.

આ 'ગુણ-દોષ' શબ્દ ગંભીર છે, એના પર ઘણો વિચાર થઈ શકે.

દા.ત. સુખ માટે જે જે પ્રવૃત્તિ યા નિવૃત્તિ કરીએ તેના તેના અંગે વિચારાય કે આ પ્રવૃત્તિ-નિવૃત્તિના વિષયમાં ગુણ કેટલો અને દોષ કેટલો ? ત્યારે એથી વિરુદ્ધ પ્રવૃત્તિમાં યા નિવૃત્તિમાં ગુણ-દોષ કેટલા ?

'છોકરા કે નોકર પણ ગુસ્સો કરવા જતાં કેટલો ફાયદો અને નુકસાન ? તથા ત્યાં ક્ષમા રાખવામાં કેટલું લાભ-નુકસાન !' આ સમજીને યોગ્ય પ્રવૃત્તિ યા નિવૃત્તિ કરીએ તો સુખનો અનુભવ થાય.

ત્યારે અહીં પ્રશ્ન થાય.

પ્ર.- જીવનમાં એવી કેટલીય બાબત હોય છે કે જ્યાં અનુકૂળતા કરવા માટે આત્મિક હિત ઓછું દેખાય છતાં એ કરવી પડે છે, યા મન ઢીલું થઈને કરાય છે, અને સરવાળે દુઃખ થાય છે. ત્યાં શું કરવું ?

ઉ.- અહીં એ જુઓ કે આમ થવામાં એક મોટું કારણ એ છે કે 'જગતના સંયોગ અને પરિસ્થિતિ આપણને અનુકૂળ હોવા જ જોઈએ.' એવો આપણો આગ્રહ



રાખીએ છીએ, અને અનુકૂળ ન હોય તો અનુકૂળ કરવા મથીએ છીએ. અનુકૂળ થાય તો તે પછી ય જંપ નથી ! વધુ અનુકૂળતાની ઈચ્છાઓ સળવળે છે, અને એની પાછળ વળી મથામણ ચાલુ રહે છે. પરંતુ ત્યાં જુઓ કે બાહ્ય બધું જ અનુકૂળ કરવું એમાં કદાચ ગુણ થાય તો અલ્પ, અને દોષ-નુકસાન ઘણાં ! એટલે એ જીવનપદ્ધતિમાં દુઃખ જ જોવા મળે એમાં નવાઈ નથી. આ તો પુણ્ય પહોંચતું હોય તો જ અનુકૂળતા થવાની વાત; બાકી પુણ્ય કાચું હોય ત્યાં ધારી અનુકૂળતા થાય નહિ; એટલે દુઃખના જ અનુભવ લમણે લખાયેલા રહે છે !

**બસ, ત્યારે સુખનો માર્ગ આ છે, કે સંયોગ-પરિસ્થિતિને આપણને અનુકૂળ બનાવવાની મથામણને બદલે આપણે અનુકૂળ બની જવાનો અભ્યાસ કરવો.**

આપણી સામે ગમે તેવા સંયોગ ઉપસ્થિત થાય, પ્રતિકૂળ દેખાતા પણ પદાર્થ, જીવો કે બનાવો થાય, ગમે તેવી પરિસ્થિતિ સર્જાય, આપણે તો એ બધાને અનુકૂળ બની જવાનું. પેલું કેટલું ય અશક્ય છે, આ શક્ય જ છે.

વાત પણ સાચી છે કે માનો આખે રસ્તે કાંટા વેરાયા છે, તો હવે એ બધાને હટાવવાનું અને રસ્તો અનુકૂળ કરવાનું ક્યાં બને ? પણ જો પોતે જ એને અનુકૂળ થઈ એટલે કે પગમાં જોડા પહેરીને ચાલશે તો કાંટાનું દુઃખ નહિ રહે. એમ અહીં જીવનમાં અથડાતી અનેક વસ્તુઓને અનુકૂળ કરવા બેસવાનું કેટલું બધું મુશ્કેલ છે ? એના બદલે આપણે એકલાએ જાતે જ મનની ગણતરી ફેરવીને અનુકૂળ થઈ જવું એ સરળ છે, અને એમાં સુખી થવાનું જ બને છે. એટલું જ નહિ પણ જાતે અનુકૂળ બનવામાં આત્માનું સત્ત્વ ખીલે છે. અને એમ કરવાનું નક્કી રાખી એ ગુણો કેળવશે, તો દુઃખ નહિ; સુખનો જ અનુભવ થશે; સાથે સત્ત્વ ખીલશે,

એમ, પેટમાં પચતું નથી, ગેસ, આમ, કબજિયાત વગેરે થાય છે છતાં સારું સારું ખાવાનું છોડાતું નથી. હવે પેટ અનુકૂળ કરવા દવાઓ, ગોળીઓ, ચૂરણો વગેરે લીધ્યે રાખે, તો એ દુઃખી થવાનો. એના બદલે પોતે જ પેટને અનુકૂળ થઈ સારું અને રીતસર દાબીને ખાવાનું ઓછું કરી નાખશે તો સુખી થશે. એમ મનોનિગ્રહમાં સત્ત્વ પણ ખીલશે.

મોંઘવારી ઘણી છે, આવક ઓછી છે, અનુકૂળતા કરવા જો આવક વધારવા જશે તો પાપના અને બજારના માર ખાશે ! પણ આવકને અનુકૂળ પોતે બનીને જરૂરિયાતો ઘટાડી નાખશે તો બે ય મારથી બચશે.

સભામાં ગયો, જગા સાંકડી મળી. હવે જો પહોળો પલાંઠો કરવા જશે તો બીજાનો ખોફ વહોરશે. એના બદલે જે મળી તે બરાબર માની પોતે એને અનુકૂળ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

થશે તો મન નિશ્ચિંત બનવાથી સુખી થશે. ઊલટું બીજાને કહી શકશે. 'ભાઈ બેસો સરખા, પગ પહોળો કરો, મારે કાંઈ વાંધો નથી,' તો બીજાને પ્રિય બનશે અને સત્ત્વ તો ખીલવાનું જ.

ઘરે મોડો આવ્યો. રસોઈ ઠંડી પડી છે, ને એ જ ખાવાની છે. છતાં જો એને અનુકૂળ કરવા ધમધમશે, 'કેમ આ ગોતા જેવું ? ઢોર-બોર છીએ ? ભાન નથી ?...' વગેરે વગેરે તો કદાચ સામેથી લમણામાં લાગે એવો બડફો નીકળશે ! અગર કમમાં કમ સામાનું દિલ ઘવાશે. દિલમાં વિરોધ, અભાવ ઊભો થશે. પણ એના બદલે જો ઠંડી રસોઈને પોતે અનુકૂળ બની જાય કે 'અત્યારે આટલું પણ તૈયાર મળે છે એ મારાં પુણ્યના પ્રમાણને મળતું ને છાજતું છે. વળી કોક દિ' આનો અનુભવ કરાય એ સારું છે,' તો ઉપરથી કહી શકશે. 'વાહ મારે મોડું થયું તો ય બધું રાખી મૂક્યું છે ? ઠીક છે તમારા વિવેકથી ઘર સારું ચાલે છે...' તો સામાનો સદ્ભાવ વધશે. એથી સુખ વધવાનું.

સારાંશ, સંયોગોને આપણે અનુકૂળ થઈ જવું. એ માટે તત્ત્વ વસ્તુમાંનું સારું જ પકડવું, અને ખરાબને દરગુજર કરવું. એમાં આત્મસત્ત્વ ખીલે છે, અને સુખનો અનુભવ પણ નક્કી છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૪૧,અંક-૧૬,તા.૨૩-૧-૧૯૯૩

## (૮૪) જડ જીવનની આંધીથી કેમ બચાય ?

### (લેખાંક-૧)

આજે આ મોટા પ્રશ્ન છે કે 'ધર્મ આચરવા છતાં હૈયે ધર્મનો રંગ કેમ નથી જામતો ? ધર્મમય વિચારો, કેમ નથી ચાલતા ? ધર્મની જ વાતચીતો વિશેષરૂપે અને મુખ્યરૂપે જીવનમાં સ્થાન કેમ નથી પામતી ?...'

પણ આનું નિદાન સ્પષ્ટ છે કે આજનાં જીવન જડપ્રધાન બની ગયાં છે. જયાં ને ત્યાં ઈન્દ્રિયોના જડ વિષયોના ઉજળામણ અને ઝાકઝમાળતાને જ આગળ કરવાનું થાય છે. લગભગ બધી વાતોચીતો અને વિચારણા એ કેન્દ્રની આસપાસ જ ચાલુ હોય છે. ત્યાં મારા આત્માનું શું ? કે સામાના આત્માનું શું ? એનો વિચાર જ કોઈ નથી આવતો ! બધાં જ સંસારવ્યવહાર એવા જડસુખના જ હોય ત્યાં પછી ધર્મક્રિયાની અસર શી ઊભી રહે ? ઊલટું આની અસર ધર્મક્રિયા પર જાય છે ! તો ધર્મમાંય જડનો રંગ મુખ્ય કરી એમાં જ અટવાઈ રહેવાનું બને છે.



દા.ત. પ્રભુનું ચૈત્યવંદન કે પૂજા થઈ સ્તવન કે પૂજાની ઢાળ કોઈએ સુંદર રાગ-આલાપથી ભણાવી તો બસ મન એ સુંદરતામાં જ અટકી જાય છે 'વાહ રાગ કેવો સરસ ! આલાપ કેવો અદ્ભુત ! કેવી બોલવા-ગાવાની છટા અને મિઠાશ !' થયું આત્માને માટે કઈ એમાં આવ્યું ?' એનો વિચાર જ નથી ! કયાંથી હોય ? બાહ્ય જીવનમાં કેવળ જડમયતા છે, મન જડ પુદ્ગલની જ બોલબાલા પર કેન્દ્રિત છે. વ્યવહાર બધો જ જડને અનુલક્ષીને છે, પછી એની ઘેરી અસર ધર્મક્ષેત્રમાં ય પહોંચે એમાં નવાઈ નથી.

છોકરાનો જન્મ થાય છે ત્યાંથી માંડીને એની ચિંતા જડ પૌદ્ગલિક સુખ અને શોભા તરફ ઝુકેલી રાખીને કરવામાં આવે છે. આધુનિક ફેશનના સારા કપડાં, આધુનિક રમકડાં, ભૌતિક ચિત્રો, ને રેડિયો-સંગીત આદિથી એને ખુશ કરવાનું, બસ લક્ષ આના તરફ જ રહે છે, એને શબ્દ શિખવાડાય તો, 'બા, બાપા, ભાઈ, કાકા,' એવા જ. કયાંય આમાં આત્માને અનુલક્ષીને વાત છે ? ભલે એ અણસમજણું છે, પણ જેવું દેખે છે એવા સંસ્કાર એના મગજ પર પડ્યા જ કરે છે. એ ભૂલવા જેવું નથી. એવા વિરલ બાળકો પણ જાણવા મળે છે કે જેને મંદિર, ઉપાશ્રય વગેરેની ચર્યામાં પલોટ્યા હોય છે તો એને એનો રસ લાગી જાય છે. અને પછી આડો કરીને પણ એ ચર્યા રોજ માગે છે. 'બા, બાપા' વગેરે સાથે વીર, અરિહંત વગેરે શબ્દો શિખવાડવાનું કરાતું હોય તો પછી એની રઢ લાગે એ સહજ છે. પણ આ કેટલા જૈનઘરોમાં ? બાળકની દૃષ્ટિમાં મોહના ચાળા-ચેષ્ટા કરવાથી એના ભાવુક મન પર એની અસર પડે છે. માબાપને પોતાના જડના રંગરાગમાં આ જોવાની તમન્ના નથી અને બાળકની દૃષ્ટિમાં ય ગમે તેમ વર્તવાની, બોલવા-ચાલવાની છુટ છે, તો બાળકના મગજ પર એના ખરાબ સંસ્કાર પડવાના એ સહજ છે. એનું પરિણામ દેખાય છે કે બાળકો કુચેષ્ટાઓ કરે છે, મોટા થયેલ છોકરાઓમાં બદીઓ પેઠી છે.

છતાં આશ્ચર્ય છે કે બાળકને સારા આત્મહિતકારી સંસ્કાર પડે એવો વ્યવહાર, શિક્ષણ અને વાતાવરણ નથી અપાતું ! કુટુંબમાં જડમુખી વાતોને બદલે સામાયિક પ્રતિક્રમણ પૂજા વ્રતનિયમ-દયાદાન વગેરેની ભરપૂર વાતો ચાલતી હોય, પ્રવૃત્તિ હોય, એક બીજાના ગુણાનુવાદ-ક્ષમા-સહિષ્ણુતા-ઉદારતા વગેરેના ભરપૂર વ્યવહાર હોય તો બાળકના મન પર એના સંસ્કાર પડે. એમ બાળકને શિક્ષણ પણ માર્ગાનુસારી જીવનનું, ધર્મપ્રવૃત્તિનું, દયા-સત્ય-પ્રામાણિકતા વગેરે ગુણોનું અપાતું હોય, તેમ બાળકની આજુબાજુ વાતાવરણ. દા.ત. ઘરમાં મહાપુરુષોના ફોટા, એમના ધર્મપરાક્રમોનાં ચિત્ર, તેમજ ધર્મના ભરપૂર સાધન ઉપકરણ હોય, મોટાઓનો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ગુણમય વ્યવહાર, ધર્મના સ્તોત્રો-ગીતો સૂત્રો બોલાતા હોય, અતિથિ-સાધુ-દીન દુઃખીની યોગ્ય સરભરાઓ થતી હોય, સામાયિક-સ્વાધ્યાય-તપ-જપ-વગેરે ક્રિયાઓ ચાલતી હોય,- આવા સુંદર ધાર્મિક-આધ્યાત્મિક વાતાવરણ હોય તો એની બાળકના મન પર સુંદર અસર-સંસ્કાર પડે.

આનાથી ઊલટું કુટુંબમાં રગડા-ઝગડા, ઊંચા બોલ-તુચ્છકાર-તિરસ્કાર ચાલતા હોય, રંગરાગ વિલાસની જ પ્રવૃત્તિઓ થતી હોય, તુચ્છ ગપ્પાસપ્પા, એકલી વ્યાવહારિક વાતો, મોહભરી સલાહસૂચન, વિલાસી ચિત્રો-ફોટા, ભરપૂર મોહક સાધનો...આવા બધા વ્યવહાર-વાતાવરણમાં બાળકને જડનું જ શિક્ષણ-સંસ્કરણ મળે એમાં નવાઈ નથી.''

આજની દુનિયા સામે જોતા રહેવાથી તો જડ જીવનની જ આંધિમાં જ ફસાવવાનું થશે, કેમકે વૃત્તિ અને પ્રવૃત્તિ સહેજે એનું અનુકરણ કરતાં રહેવાની જ રહેશે. વિચાર તો એ જોઈએ કે 'અમે જૈન, એટલે જગતથી નિરાળા વીતરાગના શાસનને પામેલા ! અમારા રાહ જગતના જેવા અજ્ઞાનના અંધકારભર્યા ન હોય. અમારી પ્રવૃત્તિ, અમારી ચેષ્ટાઓ, અમારા બોલચાલ-વ્યવહાર અને વાતાવરણ, બધું જ ધર્મ અને અધ્યાત્મભાવથી સુશોભિત-સુવાસિત હોય. જડમુખી દુનિયા હોય, અમે નહિ અમે તો આત્મલક્ષી, પરમાત્મપ્રેક્ષી અને ધર્મપ્રધાન જીવનવાળા ! આ ચોક્કસ ધોરણ રાખી એને અનુરૂપ જીવન જીવાય, તો બાળક કોરા જડજીવનથી બચે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૪૧,અંક-૧૭,તા.૩૦-૧-૧૯૯૩

## (૮૫) (લેખાંક-૨)

કુમાર અવસ્થાના સંતાનોનાં પણ જીવન જડજીવનની આંધીમાં ચઢી ગયા છે. પહેરવેશમાં ઠેઠ પગની પાની સુધીના લેંઘા, પણ માથું ઉઘાડું ! માથે તો ટોપીનો ભાર-બોજ ગણાય, તે જ ઉડાડી ! ત્યારે, કન્યાઓના પગ ઢીંચણની ઉપર સુધી ખુલ્લા ! આ વિલાયતી અનુકરણે સદાચાર-રક્ષાની પવિત્ર આધ્યાત્મિક ભાવનાને બાધ કરે એવી જડ વિલાસી સ્થિતિ ઊભી કરી. ભણવામાં જાતકાળજી-જાતમહેનતનું જોર ઘટ્યું, ટ્યુશન, અને પરીક્ષા સમયે તાત્કાલિક તૈયારી વધી, અનેક રજાઓ, ફંકશનો વગેરેના તોફાન, ધાર્મિક વિના કેવળ ભૌતિક વિષયોના શિક્ષણ... વગેરે વગેરે ચાલ્યું. આ શું છે ? જડજીવનની મહા આંધી ! છોકરાઓના માબાપ સાથેના વ્યવહારમાં પણ સવારે ઊઠીને પ્રણામથી માંડી રાતના એમની પગચંપી સુધીના



વિનય સેવા વગેરે લુપ્ત થઈ ભણવું-રમવું-ફરવું વગેરે જડજીવનના ખેલ લાગી પડયા ! છોકરીઓને ય એને યોગ્ય ગૃહજીવન અંગેનું સુસંસ્કરણ કરવાનું જાણે બિનજરૂરી લેખાઈ ગયું ! નહિતર એમાં વડિલની આજ્ઞા-આમન્યા-સેવા તથા સારી શિખામણ વગેરે આધ્યાત્મિકભાવને સ્થાન મળતું ! ના, આ તો છોકરીઓને ય છોકરાની જેમ જ શાળાશિક્ષણ, ડીગ્રી, કોન્સર્ટ, ડાન્સ...! વિશેષ ખતરનાક વળી સહશિક્ષણ ચાલ્યું !

છોકરાઓના ખિસ્સાખર્ચ, છાપા-નોવેલ વગેરેના વાંચન, રેડિયોના પ્રોગ્રામશ્રવણ, ટી.વી.-સિનેમાપ્રેક્ષણ, આધુનિક બીજી ફેશન-ફીશિયારી, છોકરીઓને માથાની વેણીઓ ખુલ્લી, અંગ-હાઈટ કપડાં !

આ વસ્તુ પર ગંભીર વિચાર કરવા જેવો છે. સંસ્કારયોગ્ય આ વયમાં તો ખાસ કરીને શકય નવી ફેશનો-પદ્ધતિઓ ઓછી કરી આત્મગુણ-આત્મહિત-પોષક પ્રાચીન પદ્ધતિઓ રીવાજો પર ખાસ ભાર દેવા જેવો છે. દા.ત. (૧) સવારે ઊઠીને માતાપિતાને પ્રણામ કરે ને; તે પણ પગમાં માથું મૂકીને આશીર્વાદ માગવા સાથે કે આજના દિવસે દોષોથી બચી આત્મગુણ સાધું; એમ (૨) દરેક કાર્ય માબાપને પૂછીને જ કરવાની ટેવ; (૩) માતાપિતાના કામકાજમાં જરૂર સેવા; (૪) શિક્ષણની આકરી જાત-મહેનત; (૫) શિક્ષકનો પાકો વિનય; (૬) માથાનાં મોંઘા તેલ, પફ-પાવડર અને બીજી ફેશનનો ત્યાગ; (૭) સિનેમા-ટી.વી.-નોવેલ-છાપાનો સ્પર્શ નહિ; (૮) આ ઉપરાંત જીવનના ખાસ અંગ તરીકે અવશ્ય ભગવાનનાં દર્શન તથા પૂજા એ પણ શકય એટલી જાતમહેનત અને જાતખર્ચના દ્રવ્યવાળી; (૯) રોજ એક સામાયિકમાં અથવા તે વિના એક ધાર્મિક ગાથાપાઠ-પુનરાવૃત્તિ; (૧૦) એક બાંધી નવકારવાળી; (૧૧) રાત્રિભોજન અને કંદમૂળ બંધ, (૧૨) પાંચ તિથિ લીલોતરીનો ત્યાગ-તપસ્યા-પ્રતિક્રમણ...વગેરે.

ત્યારે મોટી ઉંમર થયા પછી યુવાની-પ્રૌઢ-જૈફ વયમાં પણ આજે જોઈએ તો જીવન લગભગ જડ પુદ્ગલલક્ષી બની ગયાં છે. જડ જરૂરિયાતો ફેશન-સગડવો અને લહેલહાટ વધી ગયા ! પુરુષોમાં સ્ત્રીઓ જેવી ટાપટીપ-સુકોમળતા-ફેશનો ચાલી; અને સ્ત્રીઓમાં પુરુષો જેવી પ્રવૃત્તિઓ પેઠી ! પુરુષોના સ્ત્રીઓ સાથે સંપર્ક-વાતચીત-મજાક વધ્યા ! કલબ-કમિટિઓ-પાર્ટી વગેરે તુત નીકળ્યા ! એટલે ચેરમેન-સેક્રેટરી-મેમ્બર વગેરે હોદ્દાના આકર્ષણ વધ્યાં ! મિટિંગો, કોન્ફરન્સો, ભાષણો, ઠરાવો, સંસ્થાપ્રચારો, એનાં લિટરેચર, જાહેરાતો, વગેરે પ્રવૃત્તિઓ વધી નામ-ધર્મનો પ્રચાર કરો.' પણ બધું લગભગ ભાષણ-લેખન-સાહિત્યરૂપ; એ જ ધર્મપ્રચાર ! (પણ સદાચારના કડક નિયમ-મર્યાદા, ભંગના દંડ, શ્રાવકજીવનના



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

આચાર અનુષ્ઠાન, બે ટંક અવશ્ય પ્રતિક્રમણ, સ્વદ્રવ્યથી જિનપૂજા, અભક્ષ્ય-રાત્રિભોજન, ત્યાગ, રાત્રિના રખડવાનું નહિ, પણ કુટુંબ સમક્ષ ધાર્મિક વાંચન, -પર્વતિથિઓએ ત્યાગ-વ્રત-તપસ્યા, ચતુર્દશીએ પૌષધ, અમુક ઉંમરે બ્રહ્મચર્ય, વ્યવહારનિવૃત્તિ, શાસ્ત્રચિંતન...ઇત્યાદિ કશું પ્રચારવાનું નહિ !)...આ બધી અતિશય જડની જરૂરિયાતો-ફેશનો-રીતરસમો વગેરે એ જડજીવન-ભૌતિકજીવનના મૂળ પર ઊભા છે. જડ જીવનના પરિણામે જૂઠ, અનીતિ, દુરાચાર, વિલાસ-વાસનાતિરેક, દગા-ફટકા, અહંત્વ-હોંશાતોંશી, ઈર્ષ્યા વગેરે જાલિમ વિકસ્યા છે.

જડજીવનની આ આંધીમાં બચવા ઉપાય આ છે કે ફટાટોપો પડતા મૂકી જીવનમાં મુખ્ય સ્થાન નક્કર ધર્મ-આચાર અનુષ્ઠાનો, વ્રત-નિયમો, શાસ્ત્રસ્વાધ્યાય વગેરેને મળે; એના પ્રચાર, આદર, અભિનંદન વગેરે થાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૪૧,અંક-૧૯,તા.૧૩-૨-૧૯૯૩

## (૮૬) "ચિત્તપ્રસન્ની રે પૂજનફળ ?" કે "ચિત્તપ્રસન્ને રે પૂજનફળ ?"

મુદ્રણના જમાનામાં સ્હેજ દેખાતી ભુલના પ્રુફ સંશોધનમાં ખામી રહેવાથી કેવી ગંભીર ભૂલની પરંપરા ચાલે છે એનો આ એક નમૂનો છે જે ઉપર હેડીંગમાં બતાવ્યો છે.

ભૂલની ગંભીરતા એ છે કે આમાં ગાડી આગળ અને ઘોડો પાછળ એના જેવું થાય છે. વાસ્તવમાં કારણને કાર્ય ન બનાવાય અને કાર્યને કારણ ન બનાવાય. શ્રી જિનેન્દ્ર ભગવાનની પૂજાથી એ ચિત્તપ્રસન્નતા યાને ચિત્તની વિશુદ્ધિ થાય અને એ ચિત્તના સંકલેશ મટવાથી થાય. એટલા માટે ચૌદ ગુણસ્થાનકમાં આત્મા જેમ જેમ સંકલેશરહિત બને છે તેમ તેમ ચિત્ત વિશુદ્ધિ લાવવી હોય એણે ક્રોધ-કષાયનો સંકલેશ મિટાવવો જોઈએ. તેથી જ કહ્યું જેટલા સંકલેશના સ્થાન એટલા વિશુદ્ધિના સ્થાન. સંકલેશ મિટાવો એટલે સહજ રીતે વિશુદ્ધિ પ્રાપ્ત થાય.

જિનેશ્વર ભગવાનની પૂજા બે પ્રકારની :- દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ, દ્રવ્યસ્તવ એટલે જિનોકત ધર્માનુષ્ઠાન અને ભાવસ્તવ એટલે જિનાજ્ઞા પાલન. એનું ફળ શું ? તો આ જ કવિ આનંદઘનજી મહારાજે નવમાં શ્રી સુવિધિનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું : જિનપૂજાના બે ફળ - ૧ સાક્ષાત્ અને ૨ પારંપારિક. સાક્ષાત



ફળમાં પણ બે પ્રકાર બતાવ્યા - ૧ આજ્ઞાપાલન અને ૨ ચિત્તપ્રસન્ની અર્થાત્ જિનપૂજા કરવાથી ફળમાં જિનાજ્ઞાના પાલન અને ચિત્તપ્રસન્નતાનો લાભ મળે છે. ચિત્તપ્રસન્નીનો અર્થ ચિત્તપ્રસન્નતા એવો કરવામાં દૃષ્ટાંત છે. ગ્લાની=ગ્લાનિતા, હાનિ=હાનિતા એમ ચિત્તપ્રસન્ની=ચિત્તપ્રસન્નતા. જેમ જિનાજ્ઞાનું પાલન એનો જેવો તેવો લાભ નથી. એટલા જ માટે સમકિતી જીવ આ લક્ષ રાખે છે કે આ જીવનમાં મારે જેટલું જિનાજ્ઞાપાલન થયું એટલું હું જીવન જીતી ગયો અને જેટલું જિનાજ્ઞાપાલન ન થયું એટલું જીવન હારી ગયો.

અહીં ધ્યાન રહે કે આજ્ઞાનું પાલન બે પ્રકારનું હોય છે : ૧ આજ્ઞાનો સ્વીકાર અને ૨ આજ્ઞા પ્રમાણે અમલ. દા.ત. જિનાજ્ઞા છે :- આશ્રવ ત્યાજય છે અને સંવર ઉપાદેય છે. ચોથા સમ્યકત્વના ગુણઠાણે રહેલો શ્રાવક શું આ આજ્ઞાનું પાલન કરી શકે છે ! તો તો એણે ઘર છોડીને ચારિત્રજીવનમાં જ ચાલ્યા જવું પડે. જો એ એમ નથી કરતો તો શું એણે જિનાજ્ઞાનું પાલન ન કર્યું ? પરંતુ કહેવું પડે છે કે અહીં પાલન એ સ્વીકારરૂપ છે. એટલે અલબત એ આજ્ઞાના અમલમાં નથી પરંતુ જિનાજ્ઞાનો સ્વીકાર જરૂર કરનારો છે માટે એને પણ જિનાજ્ઞાનો ભંજક નહિ પણ પાલક જ કહેવાય. એમ સમકિતી જીવને જિનાજ્ઞાપાલનનો અતિશય રસ હોય છે એટલે જિનપૂજા કરીને મહાન સંતોષ માને છે. મને જિનાજ્ઞાપાલનનો લાભ મળ્યો. તેથી કવિએ જિન પૂજાને કારણ બતાવી આજ્ઞાપાલનને એનું ફળ બતાવ્યું. એવી રીતે જિનપૂજાનું બીજુ સાક્ષાત્ ફળ ચિત્તપ્રસન્ની છે. આમ ચિત્તપ્રસન્ની એ ફળ છે. કાર્ય છે અને એનું કારણ જિનપૂજા છે. આ હિસાબે જ ચિત્તપ્રસન્નીરે પૂજનફળ કહ્યું. 'પૂજનફળ' એટલે પૂજાનું ફળ, પૂજાનું કાર્ય, ચિત્તપ્રસન્ની = ચિત્તની પ્રસન્નતા અર્થાત્ ચિત્તમાં સંકલેશનો અભાવ. જિનોક્ત કોઈ પણ અનુષ્ઠાન એ દ્રવ્યસ્તવ છે અને એને આચરીએ છીએ એ પ્રામાણિક ત્યારે કહેવાય કે એને આચરવા દ્વારા આપણા ચિત્તમાંથી એક યા બીજો સંકલેશ મટે અર્થાત્ એટલા પ્રમાણમાં ક્રોધ-લોભાદિ કષાયની શાંતિ થાય. આ હિસાબે કહ્યું ચિત્તપ્રસન્ની રે પૂજનફળ કહ્યું.

હવે જો ચિત્તપ્રસન્ને રે પૂજનફળ કહ્યું બોલીએ તો એનો અર્થ તો એવો થાય કે ચિત્ત પ્રસન્ન હોય તો જ પૂજનનું ફળ મળે. અહીં ચિત્તની પ્રસન્નતાને કારણ તરીકે બોલ્યા અને પૂજનનું બીજું કોઈ ફળ કાર્ય તરીકે અધ્યાહાર રાખ્યું.

આમાં ચિત્તપ્રસન્નતાને પૂજનથી થતાં ફળમાં કારણ તરીકે બતાવી જ્યારે ખરેખર તો ચિત્તપ્રસન્નતા પોતે ફળરૂપ યાને કાર્યરૂપ છે. એના કારણ તરીકે જિનપૂજન છે. એ ચિત્તપ્રસન્ની રે પૂજનફળ કહ્યું.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

જિનપૂજન એટલે જિનોકત દ્રવ્યસ્તવ યાને જિનોકત નવકારસ્મરણ-દેવદર્શન-દયા-દાન-ત્યાગ-તપસ્યા-શીલ-સદાચાર-સામાયિક-પ્રતિક્રમણ વગેરે કોઈ પણ અનુષ્ઠાનો એ આપણે ખરેખર આચર્યું. ત્યારે મનાય કે એના ફળરૂપે આપણને ચિત્તની પ્રસન્નતા મળે; યાને ચિત્તમાંના સંકલેશ-દુર્ધ્યાન-કષાય-અસમાધિ વગેરે મોળાં પડે તો જ આપણે જિનને એટલે કે વીતરાગને માન્યા-પૂજ્યા-ભજ્યા સાર્થક ગણાય.

પ્રશ્ન :- એ દ્રવ્યસ્તવન ચિત્તમાં પ્રસન્નતા શી રીતે આવે ? સંકલેશ શી રીતે મટે ? જીવને વિચિત્ર કર્મના ઉદય હોય છે એથી એવા પ્રતિકુળ અશુભ કર્મના ઉદયથી આફત આવે અને જીવને મનમાં સંકલેશ થાય એ સ્વાભાવિક છે તો દ્રવ્યસ્તવમાં એવી શી તાકાત છે કે એ સંકલેશને મિટાવી ચિત્તપ્રસન્નતા લાવી આપે ?

ઉત્તર :- આ દ્રવ્યસ્તવ એટલે કે શુભાનુષ્ઠાન એ વીતરાગપ્રણિત છે એવી શ્રદ્ધાથી અનુષ્ઠાન કરનારાના દિલમાં સ્હેજે વીતરાગ પરમાત્મા પ્રત્યે એવો આછો પણ સમર્પિતતાનો ઝોક ઉત્પન્ન થાય છે, તેથી 'મારા વીતરાગ પ્રભુએ તો કેટલું ય બધું સહન કરીને વૈરાગ્ય અને ઉપશમભાવ ટકાવી રાખ્યો છે તો એમનો સેવક મારે પ્રતિકૂળ પ્રસંગમાં આકુળતા-વ્યાકુળતા શાની કરવાની હોય' એમ સમજીને અશાંતિ-અસમાધિ વગેરે સંકલેશનો નિગ્રહ કરે છે, જેથી ચિત્તની પ્રસન્નતા સ્હેજે બને છે. બીજું જિનપૂજાનો ઉદ્દેશ પોતાના આત્માની વિશુદ્ધિ અને અંશે પણ વીતરાગતા પ્રગટાવવાનું હોવાથી સહજ છે કે એ અનુષ્ઠાનના લાભમાં સ્વાત્માની સમાધિ-સ્વસ્થતા પ્રગટાવવા ઉદ્યમશીલ હોય એથી જિનપૂજન દ્રવ્યસ્તવના અનુષ્ઠાનથી ચિત્તપ્રસન્નતા ઊભી કરે માટે કહ્યું 'ચિત્તપ્રસન્ની રે પૂજનફળ કહ્યું'

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૪૧,અંક-૨૯,તા.૧-૫-૧૯૯૩

## (૮૭) જિન કા પરમ પાવન ચરિત્ર પ્રેરણા કા શ્રોત હૈ ભુવનભાનુસૂરિ કો વંદના શત બાર હૈ

**કુમારપાળ વિ. શાહ**

''સાહેબ ! તમે પથારી છોડીને રૂમની બહાર નીકળી રાત્રે લખવા કેમ બેસી ગયા ? આપને હાર્ટએટેકનું દર્દ છે એથી Bed-Rest અત્યંત જરૂરી છે. આપ



જેવા વિદ્વાન સમજુ દર્દી અમારી વાત ન સ્વીકારો તો પછી અમે સરખી સારવાર શી રીતે કરી શકીએ ?'' ટુમકુર (કર્ણાટક)ની સુવિખ્યાત હોસ્પીટલના નામાંકિત ડોકટરનો ૭૮ વર્ષની ઉંમરના જૈનાચાર્યને પ્રશ્ન આવ્યો. પોતાના આલેખિત ''ગણધરવાદ'' પુસ્તકનું ઈંગ્લીશ મેટર તપાસવા એમણે રાત્રિના સમયનો સદુપયોગ કર્યો હતો.

'જુઓ ડોકટર ! લેખન એ મારો શોખનો વિષય છે આમાં મને થાક લાગતો જ નથી. મેં વર્ષોથી લખવા દ્વારા મારા જીવનને સુંદર રીતે વિતાવ્યું છે, લખવાથી મારી ઉંઘ તો ઊડી જ જાય છે પણ સાથે જ મને વિદ્યુત જેવી સ્ફુર્તિ આવે છે.'

૭૮ વર્ષની જૈફ ઉંમરે હાર્ટએટેકના હુમલા વખતે યુવાનને પણ શરમાવે એ રીતે રાત્રિનો સમય સુંદર લેખનમાં પસાર કરનાર જૈનાચાર્યના એ વચનો સાંભળી એમના ચરણોમાં ડોકટરનું માથું ઝૂકી ગયું.

'સમયં ગોયમ ! મા પમાયએ' એ સૂત્ર સતત જેમની આંખ સામે રમતું રહ્યું છે એ છે વર્ધમાન ૧૦૮ આયંબિલ ઓળી સમારાધક ૨૦૦ થી અધિક મુનિઓના સાર્થવાહ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

આજથી ૮૩ વર્ષ પહેલા જૈનનગરી અમદાવાદમાં પ્રતિષ્ઠિત શ્રી મનસુખભાઈ લલ્લુભાઈ શાહના પરિવારમાં પિતા ચિમનભાઈના ઘેર માતા ભૂરીબેનની કુક્ષીએ એક તેજસ્વી બાળકનો જન્મ થયો. નામ પ્રમાણે ગુણવાન બાળકનું નામ કાંતિલાલ. માતા-પિતાના લાડલા આ બાળકે અમદાવાદની સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો.

એકવાર પ્રકાશ હાઈસ્કૂલના એક પ્રધ્યાપકે પ્રશ્ન કર્યો કે ''તમને શું થવું ગમે ?'' આ કાંતિલાલે ઉત્તર આપ્યો હતો કે ''જો કોઈ રોટી-કપડાની જરૂરિયાત પૂર્ણ કરે તો આ જીવન શાસ્ત્રનો-વાઙ્ગમયનો ઊંડો અભ્યાસ કરવો મને ગમે.''

૨૨ વર્ષની નવયુવાન વયે G.D.A. પરીક્ષા તથા ઈન્સ્ટીટ્યુશન ઓફ બેંકર્સની ડીસ્ટીંકશન અને ઈનામ સાથે પ્રથમ પરીક્ષા ઉત્તિર્ણ કરી આ કાતિભાઈએ અમદાવાદમાં સેન્ટ્રલ બેંકમાં સર્વીસ શરૂ કરી.

મુંબઈમાં દીક્ષાપ્રદાન પારસમણિ સમાન સિદ્ધાંતમહોદધિ પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. ના સંપર્કમાં આવ્યા. આમે ય ઘરના સંસ્કાર દ્વારા તપ-ત્યાગ પ્રભુભક્તિ ને ધાર્મિક અધ્યયનમાં બાળપણથી રંગાયેલા કાંતિભાઈના દિલમાં સંયમની આરાધના કરવાની ભાવના પ્રબળ બની. મોટા પગારની આકર્ષક બેંકની નોકરી છોડી - ૨૩ વર્ષની નવયુવાનવયે આ કાંતિભાઈએ ઘરથી ભાગી જઈને જૈન સાધુ-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

સંન્યાસ સ્વીકાર કર્યો. કાંતિભાઈએ ભાગીને દીક્ષા એકલાએ જ ન લીધી પણ નાના ભાઈને પણ પોતાની સાથે લીધો. અમદાવાદથી ચાણસ્મા કોઈને કહ્યા વગર ભાગી જઈને બંને ભાઈઓએ ચારિત્ર-દીક્ષા અંગીકાર કર્યા. પાછળથી પોતાના ત્રીજા નાના ભાઈ અને એક બહેને પણ ભાગવતી દીક્ષા લીધી.

ચારિત્ર સમ્રાટ પરમ પૂજ્ય પ્રેમસૂરીશ્વરજી મ.ની પાવન નિશ્રામાં વિદ્યાભ્યાસ, જ્ઞાન-ધ્યાન અધ્યયન કરતાં કરતાં પૂજ્ય મહારાજશ્રીએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો સુંદર અભ્યાસ કર્યો...આગળ વધીને સ્વ-પર શાસ્ત્રોના મર્મજ્ઞ જ્ઞાતા બન્યા...ન્યાય-તર્ક આગમ આદિમાં અજોડ વિદ્વાન બન્યા, જ્ઞાન અર્જનની સાથે સાથે તપ-ત્યાગ-તિતિક્ષા પણ બેહિસાબ કરી... વર્ધમાન તપ આયંબિલની ૧૦૮ સુધી (લગભગ ૬૦૦૦ દિવસ) ઓળી કરી. આ મહાપુરુષે મેવા-મીઠાઈ-ફ્રુટનો ત્યાગ કરી રસ પર વિજય મેળવવા જબ્બર પુરુષાર્થ કર્યો. મોહરાજા સામે સંગ્રામ ખેડવા માટે કમર કસી અને જ્ઞાન પ્રાપ્તિ માટે મહાન યજ્ઞ આરંભ્યો, ન્યાયશાસ્ત્ર જેવું કિલષ્ટ શાસ્ત્ર સાંગોપાગ પાર પાડી ન્યાયવિશાયદ બન્યા. ન્યાયશાસ્ત્ર ભણવા વધારે સમય મળે એ અપેક્ષાએ એક સમયે આ મહાપુરુષે બે ઉપવાસ (છઠ્ઠ) ને પારણે બે ઉપવાસ (છઠ્ઠ) કરી જ્ઞાનપીપાસા તૃપ્ત કરી હતી.

જ્ઞાન અને તપની આરાધનાની સાથે સાહિત્યસર્જનની સાધના પણ આપણા આ મહાપુરુષે અજબ-ગજબની કરી વિશાળ સંઘ અને સમુદાયના કાર્યોમાંથી દિવસે સમય મળવો મુશ્કેલ બને ત્યારે આ મહાપુરુષે રાત્રિમાં ચન્દ્રના અજવાળાના સહારે કલમ ચલાવી અનેક સુંદરગ્રન્થોનું સર્જન કર્યું જેમાં પરમતેજ ભાગ-૧-૨, ઉચ્ચપ્રકાશના પંથે, સીતાજીના પગલે પગલે, યોગદૃષ્ટિ સમુચ્ચય, ધ્યાન અને જીવન, અમીચંદની અમીદૃષ્ટિ ઈત્યાદિ ગ્રંથો અગ્રક્રમે છે. એક મહાન જૈનાચાર્ય પૂજ્ય શ્રી મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબે એક વાર આ મહાપુરુષનો પરિચય આપતાં કહેલું કે... ''રાત્રિના સમયમાં બધા મુનિભગવંતો સુતા હોય ત્યારે ચંદ્રના અજવાળામાં એક ખૂણામાં બેસી હાથમાં કલમ લઈ લખી રહ્યા હોય તે મહાત્મા તે આચાર્ય વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. જાણવા.''

અધ્યયન-શાસ્ત્રસર્જનની સાથે યુવાનોમાં અધ્યયન વધે, યુવાનોના ચારિત્રનું નિર્માણ થાય એ માટે પણ પૂજ્યશ્રીએ અથાગ પ્રયત્ન કર્યા છે. ગ્રીષ્મકાલીન વેકેશનમાં મેટ્રિક-કૉલેજના યુવાનોની સૌ પ્રથમ શિબિર આયોજન રખાવી તેમણે જૈન આચાર, તત્ત્વજ્ઞાન, ધ્યાન-યોગ, માર્ગાનુસારી જીવન, જૈન ઇતિહાસ આદિ અનેક વિષયોનું જિજ્ઞાસુઓને તલસ્પર્શીજ્ઞાન કરાવવા માટે આ મહાપુરુષે નથી જોયો દિવસ કે નથી જોઈ રાત્રિ ! નથી જોયો પોતાનો થાક કે શ્રમ ! આવી ઊંચી



ધગશ આ પૂજ્યશ્રીની હતી ! આમ ધાર્મિક શિબિરોના માધ્યમથી હજારો યુવાનોના હૃદય પરિવર્તન કરવા દ્વારા તેઓ અનેકોના હૃદયસમ્રાટ બન્યા હતા.

આ પૂજ્યશ્રીએ ગુજરાત-મહારાષ્ટ્ર-રાજસ્થાન-બંગાળ-બિહાર-મધ્યપ્રદેશ-ઉત્તરપ્રદેશ-કર્ણાટક-આંધ્રપ્રદેશ, તામિલનાડુ આદિ અનેક રાજ્યોમાં હજારો કિલોમીટરનો લાંબો પગપાળે વિહાર કરીને ઠેર ઠેર ધર્મની જ્યોત જલાવી છે અને નિરતિચાર સંયમની સાધનામાં આડે આવતા પરિષહો અને ઉપસર્ગો સામે સહનશીલતાના સ્વસ્તિકો રચ્યા છે. નિર્દોષ ગોચરીભર્યા ને ઉગ્રવિહારીતા એ આ મહાપુરુષની વિશિષ્ટ ખાસિયત રહી હતી.

આ વૈરાગી-ત્યાગી મહાત્માની પ્રભુભક્તિ પણ અજોડ હતી. પ્રભુના મંદિરમાં સુરીલા કંઠે સ્તવન અને સ્તુતિ કે પ્રભુના ભજનો એમના મુખે સાંભળવા એક લહાવો ગણાતો. સુપ્રસિદ્ધ અષ્ટાપદજીની પૂજા વિવિધ રાગરાગિણીઓ સાથે આપણા આ મહાપુરુષ ભણાવતા હોય કે તેના અર્થો કરતાં હોય ત્યારે શ્રોતાગણ ચાર-ચાર યા પાંચ-પાંચ કલાક મંત્રમુગ્ધ બનીને સાંભળીને ભાવવિભોર બની જતો... આ રીતે ૮૨ વર્ષની જૈફવયે પણ યુવાનોને શરમાવે તેવી શક્તિ અને ભક્તિથી પૂજ્યશ્રી અપ્રમત્તપણે સાધનાના માર્ગે પુરપાટ આગળ વધી રહ્યા હતા.

એમની પ્રકૃતિ મૂળથી જ ચિંતાપ્રધાન નહિ પણ ચિંતનપ્રધાન હતી. એમનું ચિંતન ભાષાથી નહિ પણ ભાવથી ઘડાયેલું હતું. અને સાઠથી પણ વધારે ધર્મગ્રંથોનું તેઓશ્રીએ સર્જન કર્યું. અને વળી દર સપ્તાહે દિવ્યદર્શન સાપ્તાહિકના પૃષ્ઠો પર તેમની વૈરાગ્યવાણીની છેલ્લા ૪૦ વરસથી અમીવર્ષા થતી રહી છે. હિંદીભાષી વાચકો એમની વૈરાગ્યવાણીથી વંચિત ન રહી જાય તે માટે તીર્થંકર દિવ્યદર્શનનું પ્રકાશન છેલ્લા પાંચ વરસથી ચાલુ કરવામાં આવેલું. અધ્યાત્મવાણી પ્રેમીઓનું દિવ્યદર્શન પ્રત્યેનું અનોખું પોતીકાપણું ઊભું થયું હતું.

એવા સંઘહિતૈષી ગચ્છાધિપતિ પરમપૂજ્ય ગુરુદેવશ્રીની જ્ઞાન અને વિહારયાત્રા અવિરત ચાલી રહી હતી. પૂજ્યશ્રી દક્ષિણ ભારતના દૂરસુદૂરના પ્રદેશમાંથી દક્ષિણ ગુજરાતની ધરતી પર પદાર્પણ કરતા કરતા અમદાવાદની ધરા પર પધારી ગયા હતા.

અમદાવાદ શ્રી સંઘના વૈરાગ્યવાણી પ્રેમીઓના હૈયે ઉલ્લાસ છલકાતો હતો. પૂજ્યશ્રીની માર્મિક વાચનાઓના બોધધોધથી અનેકોને અનુપમ લાભ મળી રહ્યો હતો. પૂજ્યશ્રી ૮૨ વરસની જૈફવયે પણ પૂર્ણ પ્રસન્નતાથી અવિરામ અવિરત પરિશ્રમ કરવામાં મગ્ન અને મસ્ત રહેતા હતા. શારીરિક અનેક અસ્વસ્થતા વચ્ચે ય પૂજ્યશ્રીની માનસિક સ્વસ્થતા અને સમતા અખંડ હતી.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

પણ ૧૮ મી એપ્રિલના દિવસે સમી સાંજે પૂજ્યશ્રી પંકજ સોસાયટીના ઉપાશ્રયે બિરાજમાન હતા ત્યારે હૃદયરોગનો હુમલો થતાં સારવાર અર્થે તેઓશ્રીને ડૉક્ટરહાઉસ ખાતે લઈ જવામાં આવ્યા હતા. તાકીદે મળેલી સારવારથી સુધારો જણાતો હતો. રાત્રિ પ્રતિક્રમણ ઈત્યાદિ ક્રિયા સુપેરે શુદ્ધિપૂર્વક થઈ. વહેલી સવારે ૧૯ તારીખે પ્રતિક્રમણની ક્રિયા સૂત્રો અને શબ્દો પ્રત્યેની કાળજી જાગૃતિ પણ અજબગજબ હતી. વેદના વચ્ચે વંદના અનુપમ જળવાઈ હતી.

૧૯ તારીખની ઘડિયાળે બપોરે ૧-૧૫ મીનીટનો સમય બતાવ્યો ત્યારે ગચ્છાધિપતિના દેહદીપકના આયુષ્યનું તેલ ખૂટી રહ્યું હતું. નમો અરિહંતાણં, અરિહંત અરિહંતના મીઠા પણ શાંત મધુર સ્વરો ગુંજી રહ્યા હતા ત્યારે ૧-૩૦ મીનીટે અરિહંતે શરણમ્ પવ્વજ્જામિની પ્રાપ્તિ થઈ.

**જિનકા પરમ પાવન ચરિત્ર પ્રેરણા કા શ્રોત હૈ**
**ભુવનભાનુસૂરિ કો, વંદના શત બાર હૈ**

“દિવ્ય-દર્શન”-“અગ્રલેખામૃત” વર્ષ-૪૧,અંક-૪૨,તા.૨૮-૮-૧૯૯૩

## (૮૮) નિષ્ફળ-નકામા વિચારોનો અતિ ભયંકર રોગ : એનું ઔષધ

જીવનમાં તપાસ કરો કે એક દિનભર શું, પણ એક કલાકભરમાં નિષ્ફળ અને નકામા વિચારો કેટલા આવે છે ?

વિચાર નિષ્ફળ એટલે કે વિચારનું કાંઈ સારું ફળ આવવાનું નથી. યા આપણે વિચારમાંથી કશું સારું નિપજાવી શકવાના નથી. વિચાર ‘નકામો’ એટલે જેનું કોઈ પ્રયોજન નથી.

દા.ત. ઘરમાં પેઠા, એના એક ભાગમાં કચરો દીઠો, જો જાતે દૂર કર્યો, યા માણસ પાસે દૂર કરાવ્યો, તો તો ઠીક; પરંતુ મનમાં બબડયા કે ‘આ ઘરના માણસ કેવા કે અહીં હજી કચરા પડ્યા છે ? કશું, ભાન નથી. એદીપણું છે. બેપરવાઈ છે...’ ચાલી વિચારમાળા. શું વળવાનું એથી ? કચરો ઉપડી જવાનો ? માણસ સુધરી જવાના ? ના, કશું સારું ફળ નહિ. કદાચ આમ વ્યાકૂળ થઈને કહેવા જશે તો સામાને કચરાના ખ્યાલ સાથે પોતાની ઉગ્રતા ક્રોધીતાનો પણ ખ્યાલ આવશે, માટે આ વિચાર નિષ્ફળ વિચાર છે.



એમ ચીજવસ્તુ ખોવાઈ ગઈ. બગડી ગઈ એના પર પણ શોક-ઉદ્વેગભર્યા વિચાર એ બધા નિષ્ફળ વિચાર છે.

એમ ‘હું આમ કરીશ તેમ કરીશ; આવું આવું બને તો કેવું સારું ? પેલો આમ કેમ કરે છે ?...’ ઈત્યાદિ વિચારો પણ જો પુણ્યના અભાવે કે સ્થિતિ-સંયોગ-સામગ્રીના અભાવે અમલમાં આવી શકવાના નથી તો એ નિષ્ફળ વિચારો છે.

એમ જ્યાં પોતાને કાંઈ લાગતું વળગતું નથી એના વિચારો. દા.ત. ‘પેરિસમાં સૌંદર્ય ઘણું ! અમેરિકામાં જાહોજલાલી ઘણી ! ભાકરાબંધ અવ્વલ બાંધ્યો, ફલાણાનો બંગલો આલીશાન ?...’ આવા વિચારોનું કોઈ પ્રયોજન નથી, એટલે એ નકામા વિચારો છે.

દિવસ-રાતના આવા આવા નકામાં અને નિષ્ફળ વિચારો કેટલા આવતા હશે ? લોટબંધ ? આજના માનસશાસ્ત્રીઓ પણ કહે છે કે એવા વિચારોથી મનની શક્તિ ઘટતી આવે છે. અને કમજોર બનેલું મન સુંદર ભવ્ય વિચાર કરવા માટે, અવસરે ધીરતા અને સ્થિરતા રાખવા માટે, તથા મહાન સદ્‌ગુણો કેળવવા માટે નિઃસત્ત્વ, મુડદાલ, અયોગ્ય બની જાય છે.

(૧) ત્યારે જૈનશાસ્ત્રો બતાવે છે કે એવા વિચારોમાંથી સહેજે આર્તધ્યાન થયા કરે છે; અને મનની ઉગ્રતા વધતાં રૌદ્રધ્યાન પણ લાગી જવા મોટો સંભવ છે. આર્તધ્યાન તિર્યંચગતિનાં અને રૌદ્રધ્યાન નરકગતિનાં પાપકર્મ ભેગા કરી આપે છે.

(૨) આટલું જ નહિ પણ નિષ્ફળ કે નકામા વિચારમાં રાગ-દ્વેષ, હરખ-ખેદ, ઈર્ષ્યા-મદ વગેરે મિશ્રિત રહેવાથી એના કુસંસ્કારોનો થોક આત્મા પર વધતો જાય છે. ‘પેરિસ સુંદર...’ વગેરે વિચારવા ગયાં ત્યાં રાગ. ‘અહીં એવું નહિ’ એનો ખેદ, ચીજ ખોવાવા પરના હાયવોયના વિચારમાં શોક-ઉદ્વેગ; ‘હું આમ કરીશ તેમ કરીશ...’ વગેરે વિચારોમાં મદ લાલસા; ‘ફલાણો માળો બહુ ફાવ્યો, અભિમાની થયો છે.’ એમાં ઈર્ષ્યા...ઈત્યાદિ ઈત્યાદિ દુર્ગુણોના કુસંસ્કાર જામતા જ જાય છે. એની આગળના ભવોમાં અસરો કેટલી બધી ખરાબ નીપજવાની ?

(૩) એટલું જ નહિ પણ એવા નિષ્ફળ-નકામા વિચારોમાં મન ડુબ્યું રહેવાથી સુંદર ભાવનાઓ, તત્ત્વચિંતન, સ્વાત્મચિંતા કે પરમાત્મ ધ્યાન કરવા માટે જગા જ નથી રહેતી. કદાચ એ લઈ બેસે તો પણ પેલા બહુ અભ્યાસી વિચારો એમાં તરત ઘુસી જઈ એને હટાવી મૂકવાના. ખલાસ ! માનવજીવન એમ જ કૂચામાં પૂરું.

**આમ, નિષ્ફળ-નકામા વિચારો એ અનન્ય અને અતિભયંકર રોગ છે.**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

આ તો હકીકત થઈ, ત્યારે એને નિવારવાનો કોઈ ઉપાય છે ! હા, પહેલા નંબરનો ઉપાય એ, કે ચિત્તને શાસ્ત્રોનાં ખૂબ ખૂબ અધ્યયન વાંચન-મનન-પરાવર્તનમાં લગાડી દેવું. બધું મોંઢે થઈ એનું મનમાં વારંવાર પરાવર્તન શકય ન હોય તો ય વાંચનમાંથી ડાયરીમાં ટુંકી ટુંકી નોંધ કરી લેવી. અને એને વારંવાર વાંચીને મોઢે કરવા પ્રયત્ન કરવો, ને પછી એનું પરાવર્તન કરવું. ચિત્ત બસ એમાં રોકાઈ રહેવાથી નિષ્ફળ અને નકામા વિચારો ઘણા ઓછા થઈ જશે.

બીજો એક ઉપાય આ છે કે એ વિચારવું કે શું જગતના મોટા મોટા પદાર્થ કે નાની નાની ચીજો, એમાંનું કોઈ એક પણ દુનિયાનું કે આસપાસનું જોવાનું કે વિચારવાનું કરે છે ? ના, તો આપણે શા માટે એ જોવા વિચારવાનું લઈ બેસી નાહકના દુઃખી થઈએ છીએ ? અહીં પ્રશ્ન થાય.-

પ્ર.- તો આપણે શું કશું જોવું વિચારવું નહિ એટલે જડ સંમૂર્છિમ થઈ બેસવું ? ઈન્દ્રિયો છે મન છે એટલે જોવા વિચારવાનું તો સહેજે થાય. એમ તો કેવળજ્ઞાની સર્વજ્ઞ કયાં આખા જગતને નથી જોતા ?

ઉ.- સર્વજ્ઞ જે બધું જુએ છે એ રાગદ્વેષ અને હર્ષ-ખેદ વિના, તેથી એમને કોઈ દુઃખ નથી.

આપણને હજી એવું રાગાદિના લપ વિનાનું દર્શન કે વિચારણા આવડતી નથી; તેથી ડહાપણ આ છે કે જેમ જડ એ બહારનું વિચારતું નથી તો દુઃખી થતું નથી, તેમ મારે બહારનું વિચારી શા માટે દુઃખી થવું ? શા માટે સૂકાવું ? અલબત જડ કરતા વિશેષતા એ રાખવી કે પોતાના આત્માનો પૂરો વિચાર, ને તે પણ સફળ વિચાર કરતા રહેવું.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૪૧,અંક-૪૩,તા.૪-૯-૧૯૯૩

## (૮૯) દેખિએ માર્ગ શિવનગરનો

અપમંગળભર્યા સંસારમાંથી છુટી પરમ મંગલમય મોક્ષ પામવાની કામના દરેક આસ્તિકની હોય. સંસાર જે કારણે ચાલ્યો આવે છે એ કારણોને નાબુદ કરવાથી જ સંસારનો અંત થઈ મોક્ષ થાય. 'કસાયમૂલો સંસારો, કસાયા વિષયસ્સિઆ,' અર્થાત્ સંસારનું કારણ ક્રોધ-લોભાદિ કષાયો છે, અને એ કષાયો ઈન્દ્રિયના વિષયોને બંધાયેલા છે. શ્રી યોગશાસ્ત્ર કહે છે,-



**'अयमात्मैव संसारो कषायेन्द्रिय निर्जितः ।**
**तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥'**

અર્થાત્ કષાયો અને ઈન્દ્રિયો (ઈન્દ્રિય વિષયો) થી જિતાયેલો આ આત્મા જ સંસાર છે, ને એને જીતનાર આ આત્મા જ મોક્ષ છે, એમાંય ઈન્દ્રિયના વિષયો અંગેના રાગ લોભ ક્રોધ વગેરે કષાય બંધ કર્યા એટલે પછી એ વિષયો અકિંચિત્કર બની મોક્ષ થાય છે. તેથી કહેવાય છે 'કષાયમુક્તિ કિલ મુક્તિરૈવ' કષાયોથી છુટકારો એ મોક્ષ જ છે. કષાયના કારણે સંસાર; કષાયત્યાગે મોક્ષ.

અવિનાશી આત્માને માનનારો માણસ નાશવંત પદાર્થોના અંગે રાગદ્વેષાદિ કષાયો કરી કરી સંસારમાં પરાધીન, નિરાધાર અને દુઃખગ્રસ્ત સ્થિતિમાં ભટકયા કરવાનું પસંદ જ ન કરે. એ તો આ પેંધી ગયેલા કષાયોને ફગાવી દઈ મોક્ષમાં જઈ ઠરવાનું જ ચાહે છતાં એ કષાયોને ફગાવી દેવાનું શે બને, એમ લાગે, પરંતુ જીવનમાં જો ઉદાસીનતા એક જ સિધ્ધ થઈ જાય, તો પછી એ કષાયોને ઊઠવાની જગા જ નથી રહેતી, અને એ રીતે મોક્ષ થાય છે, તેથી એમ કહેવાય કે એક ઉદાસીનતા માત્રથી મોક્ષ થાય. ઉપાધ્યાયજી મહારાજે ગાયું કે,

**'દેખિયે માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે;**
**તેહ અણ છોડતાં ચાલીએ, પામીએ જિમ પરમ ધામ રે'**

મોક્ષ નગરીએ જવાનો માર્ગ 'ઉદાસીન ભાવ' એને બરાબર પકડી રાખીને જીવન જીવાય તો પરમ ધામ મોક્ષ-આવાસે પહોંચી જવાય.

'ઉદાસીન ભાવ' એટલે જગતના જડ કે ચેતન પદાર્થો અને એના પર્યાયો (અવસ્થાઓ) પ્રત્યેથી ઊઠી ગયેલું મન, તટસ્થ, મધ્યસ્થ, અનાસક્ત હૃદય. આવું દિલ બનાવવા માટે એની પ્રત્યે રાગદ્વેષ વિનાનું દિલ રાખવું પડે.

જીવ બહારના પદાર્થોમાં 'આ અનુકૂળ છે, સારું છે, સુખાકારી છે.' આ તો પ્રતિકૂળ છે, ખરાબ છે, દુઃખદાયી છે, એવી કલ્પના કરી કરી એની અસર લે છે, એમાં રાગ કે દ્વેષ કરે છે. એની ખાતર ક્રોધ અભિમાન માયા કે લોભ સેવે છે, તેથી જ કર્મથી બંધાય છે અને સંસારમાં ભમે છે.

આત્મા જાણે એક વસ્ત્ર, અને રાગદ્વેષ એ જાણે તેલની ચિકાશ. કપડા પર ચિકાશ હોય એટલે કુદરતી રીતે વાતાવરણની રજ એના પર ચોંટ્યા જ કરવાની એમ આત્મા પર રાગદ્વેષ કામ-ક્રોધ, મોહ-મદ-માયા વગેરે ચિકાશ હોય ત્યાં સુધી આત્મા પર કર્મ રજ ચોંટ્યા જ કરવાની; ને એ બંધાયેલા કર્મના ઉદયના પરિણામે એને સંસારની ચાર ગતિઓમાંની તે તે ગતિમાં પુરાયા રહેવું પડવાનું. મોટા


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ઈન્દ્રને પણ દેવગતિનાં કર્મ ભોગવાઈ જતાં ને બાંધી મુકેલા મનુષ્ય-ગતિયોગ્ય કર્મના ઉદય થતાં, દેવપણામાંથી ચ્યવી માનવ અવતારમાં પુરાવું પડે છે. એમ ન થવા દેવા માટે એનું કાંઈ જ ચાલતું નથી. કર્મ છે ત્યાં સુધી સંસાર છે અને તેવાં તેવાં કર્મ ઉદય પામતાં તેવો તેવો સંસાર સરજી આપે છે.

આ થવાનું મૂળ કારણ રાગદ્વેષાદિ ભાવો છે, અને એ ઊભા થાય છે જગતના પદાર્થ પ્રત્યે કરાતી 'ઈષ્ટ-અનિષ્ટ' ની કલ્પનામાંથી. મન ત્યાં ચોંટે છે તેથી એની અસર લે છે, ને રાગાદિમાં પડે છે, જો જીવ એનાથી ઉદાસીન બને, વિમુખ થઈ જાય, એની પ્રત્યે નફરત રાખે, એની 'આ ઈષ્ટ' 'આ અનિષ્ટ' એવી પરવા ચિંતા મુકી દે, તો પછી એના પર રાગ દ્વેષ, કામ ક્રોધ વગેરે કશું કરવાનું રહે નહિ. શું મિત્ર કે શું શત્રુ, શું બંગલા કે શું ઝુપડું, શું માન કે શું અપમાન. એનું લેખું જ ન માંડે, એના પ્રત્યે મનને બેપરવા બનાવે, તો પછી એની ખાતર ક્રોધ, લોભ, મદ-માયા, રાગદ્વેષ વગેરે કોઈ કષાય કરવાની જરૂર નથી, કોઈ ઉકળાટ વિહ્વળતા વ્યાકૂળતા એ ન કરે.

સ્વાત્માથી 'પર' વસ્તુની યાને બાહ્યની અસર લેવા જતાં ને એમાં મન લગાડવા જતાં જીવ રાગ દ્વેષ વગેરે ભાવથી પીડાય છે. જો મન ન લગાડાય, ઉદાસીન અલિપ્ત બેપરવા બનાય, એમ વિચારાય કે 'અવિનાશી શાશ્વત સનાતન, એવા મારે આ બહારના અનિત્ય સંયોગોમાં શું મુંઝાવું ? શી એની અસરો લેવી ? એક દિ' આ ઊડી જવાના છે, પાછા નવા સંયોગ નવી રામાયણ ઊભી થવાની છે, પછી એના પર વળી નવી આસક્તિ, નવા રાગ દ્વેષ મોહ...આ બધી વેઠ શી ?' એમ કરી એમાં ભળવાનું જ ન કરાય, તો રાગાદિ કષાયો કરવાના રહે નહિ.

જગતના પદાર્થો કાળ, કર્મ, સ્વભાવ ભવિતવ્યતા વગેરે કારણોના હિસાબે ચાલે છે. ઉત્પન્ન થાય, પરિવર્તન પામે, નષ્ટ થાય છે. એ 'પર' વસ્તુ છે, બાહ્ય છે, આત્માથી અલગ છે. સંસારમાં જીવને રહેવું પડે ત્યાં સુધી એના સંબંધ રહે, છતાં એમાં કેટલાય પરિવર્તન થયા કરે છે. જીવ ત્યાં સમજી મૂકે કે, 'એ એના કારણોને આધીન રહીને ચાલવાના, પરિવર્તન પામવાના, ને ઊડી ય જવાના, માટે એના પ્રત્યે હૃદયથી ઉદાસીન રહેવાનું; એનાથી જરાય લહેવવાનું નહિ, પછી એની ખાતર કોઈ કષાય કોઈ રાગદ્વેષ વગેરે ઉકળાટ કરવાના નહિ, શાંત-પ્રશાંત-ઉપશાંત રહેવાનું.'

આ એક ઉદાસીન ભાવની કામના રાખીએ, નિરંતર એની ભાવના કરીએ, તો વર્તમાન વિષમ કાળમાં ઘણાં ઘણાં આર્તધ્યાન-સંતાપ-અશાંતિથી બચીએ.





## (૯૦) મહાવીર ભગવાનની કરુણામાં ફરક કેમ ?

જગદ્ગુરુ મહાવીર ચંડકોશિયા પર કરુણા કરીને સરળ નિરુપદ્રવ રસ્તો છોડી વિકટ ટુંકા રસ્તે પધાર્યા આમાં પ્રભુને ચડકોશિયાના તીક્ષ્ણ ડંસ ખાવા પડ્યા, તો પણ એ ખાઈને. પણ પ્રભુએ દીલમાં કરુણા વહેતી રાખી, જ્યારે હવે સવાલ બીજો છે કે, - મહાવીર ભગવાને જીરણ શેઠ ચાર-ચાર મહિનાથી પારણે પધારવા વિનંતી કરતો હતો છતાં ચાર મહિનાના અંતે આંગણે તીવ્ર રાહ જોઈને ઊભેલા શેઠને લક્ષમાં ન રાખ્યા અને પારણું બીજા અભિનવ શેઠને ત્યાં કરી લીધું. ખેર ! જીરણ શેઠને પારણાનો લાભ તો ન આપ્યો પરંતુ ત્યાં જીરણ શેઠ જે પારણાની રાહ જોતા હતા અને ભાવવૃદ્ધિમાં ઉપર ઉપરના દેવલોકનું આયુષ્ય બાંધે જતા હતા એમાં બારમા દેવલોકનું આયુષ્ય બાંધવા ટાણે દેવદુંદુભિ વાગી એટલે જીરણ શેઠ સમજી ગયા કે પારણું બીજે થઈ ગયું, તેથી ભાવનાની શ્રેણી ત્યાં અટકી પડી. હજી જો દુંદુભિ ન વાગી હોત તો ભાવના અને ગુણસ્થાનની શ્રેણી ચઢતી-ચઢતી અનુત્તર વિમાનને વટાવી ક્ષપકશ્રેણી પર લાગત અને એ જ અંતર્મુહુર્તમાં કેવળજ્ઞાન પામી જાત. આ થવા માટે મહાવીર પરમાત્માએ અભિનવ શેઠને ત્યાં એટલી માત્ર અંતમુહુર્ત (સહેજ ઓછી બે ઘડી) વિલંબ કરવાની જરૂર હતી તો એટલી દયા પ્રભુએ કેમ ન કરી ?

ઉ.- અહીં ભગવાનનો અંતરાત્મભાવનો-અંતર્મુખતાનો ધર્મ આગળ આવે છે. ભગવાન સદ્ અંતરાત્મ-ભાવમાં રહેતા, સદા અંતર્મુખ રહેતા હતા, તેથી જ જીરણ શેઠનો વિચાર ન કર્યો કે - "આ બિચારો ૪-૪ મહિના સુધી ગોચરીની વિનંતી કરતો રહ્યો હતો અને હવે આજે પારણાની રાહ જોતો ઉચ્ચ ભાવનામાં ચડી રહ્યો છે તો હું પારણું જરાક મોડું વહોરું, તો આ કેવળજ્ઞાન પામી જાય એવું છે," માત્ર આ વિચાર જ નહિ કિન્તુ જીરણ શેઠ ૪-૪ મહિના રોજ વિનંતી કરતા હતા તે પણ પ્રભુ જોતા ન હતા, કેમ કે પ્રભુ પોતે સદ્ અંતરાત્મભાવમાં ઝીલતા ને અંતર્મુખ રહી પોતાના સંયમ અને તત્ત્વચિંતનમાં જ તન્મય રહેતા હતા. એટલે મન એમાં જ એવું ચોટેલું રહેતું કે બીજા કોઈ વિચાર માટે મન નવરું જ નહોતું.

જ્યાં ચાર ચાર મહિના સુધી જીરણ શેઠની રોજની વિનંતી પર પ્રભુએ એક દિવસ પણ મન લગાવ્યું નથી ત્યાં હવે પારણાના દિવસે પણ જીરણ શેઠનો વિચાર કરે જ શી રીતે ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

તો પછી અહીં કેમ એવો પ્રશ્ન ન થાય કે હંમેશા અંતર્મુખ હોવાને કારણે પ્રભુએ સર્પ માટે એના કલ્યાણનો વિચાર શી રીતે કર્યો ?

ઉત્તર સરળ છે.

અરિહંત ભગવાન હંમેશા નિરંતર કરુણાના ભરેલા હોય છે, એટલે એમની દરેક પ્રવૃત્તિ કરુણાથી સંમિશ્રિત હોય તેથી જ જ્યારે ચંડકોશિકના સ્થાન પર પધારતા હતા ત્યારે જ એમને જ્યાં ગોવાળિયાઓએ નિર્દેશ કર્યો કે આ ટુંકા રસ્તે જતા આગળ મહા ઝેરી મોટો ચંડકોશિયો ભોરીંગ રહે છે માટે આ રસ્તે મત જાઓ, ફરીને બીજા લાંબા રસ્તે જાઓ. આમ કહ્યું ત્યારે જ એ વિચાર પ્રાસંગિક હતો કે નિર્દોષ જીવોને બીચારાને મારી મારી ખતમ કરનારો આ ચંડકોશિયો અસલમાં કોણ છે ? એ જો જાણું તો કદાચ એની એવી મહાહિંસક દારુણ વૃત્તિને મારી જાત પર ગમે તેટલું ઉગ્ર સહન કરીને બદલાવવાની કરુણા કરી શકાય. આ હિસાબે પ્રભુને માટે ચંડકૌશિકનો પ્રસંગ પ્રાસંગિક ગણાય. એટલે જેમ વિહારમાં કોઈ એવા પ્રાસંગિક અવસર આવે અને ત્યાં પ્રભુ યોગ્ય આચરી લે તો એમાં પરરમણતા નથી કહેવાતી પરંતુ સ્વાત્મરમણતા અખંડિત કહેવાય છે. એમ અહીં પણ ચંડકૌશિકના વિચારમાં સ્વાત્મરમણતાં જ હતી જ્યારે જીરણ શેઠના પ્રસંગમાં 'જીરણ શેઠની ખાસ વિનંતી છે અને એને હું પારણું અંતમુર્હુત લંબાવું, તો એને લાભ થાય એવો છે' આ વિચાર સ્વાત્મરમણતામાં ન જણાય, એટલે ભગવાન જીરણ શેઠનો વિચાર જ શા માટે કરે ?

આ ઉપરથી ધર્મસાધકે સ્વાત્મચિંતા મુખ્ય રાખવાની છે; અને પ્રાસંગિક કોઈક પરિસ્થિતિ ઊભી થાય તો સામાની ભાવદયા વિચારવાની છે; દા.ત. પ્રભુના દર્શનની આડે કોઈ આવીને ઊભુ તો અસલમાં તો ત્યાં 'ચાલો મારે આંખ મીંચી પ્રભુદર્શન કેવા થયા એ યાદ કરી લેવાનું થયું' એ વિચારવું. જો ત્યાં ધીરજ ન રહે તો આપણે સૌમ્યતાથી એ ભાઈને જરાક બાજુએ ઊભવા કહેવાનું. સારાંશ સ્વાત્મરમણતા એ પ્રધાન સાધના છે. એથી આપણે અસમાધિ અને સંકલેશથી બચી જવાય છે.





## ૯૧ પુરુષાર્થ એ સ્વતંત્ર છે, કર્માધીન નહિ.

એક નગર હતું, ત્યાં એક વાર રાજાએ કોઈ બિનગુનેગારને ગુનેગાર ધારી દંડી નાખ્યો, ફાંસી દઈ દીધી એ માણસ મર્યો પણ કાંઈક કોમળ પરિણામમાં, તેથી મરીને પિશાચ જાતિનો દેવ થયો.

દેવ થવું સહેલું નથી. મરતાં ઉગ્ર કષાયના ભાવ હોય તો દેવ તો ન થવાય, પણ મનુષ્યે ન થવાય, ભલું હોય તો નરકમાં જ પ્રયાણ થાય, ત્યારે અહીં એ ફાંસીએ લટકીને, મરનારને ઉગ્ર કષાયનો ભાવ આવી જવો સુલભ હતો, કેમ કે એક તો ગુનો કરેલો નહિ,ને બીજી બાજુ ફાંસીની શ્વાસ-ગુંગળામણની ઘોર પીડા ! એમાં રાજા પર ભારે ગુસ્સો આવી જવા પુરો સંભવ; ને એમાં કાંઈ દેવગતિ ન મળે, આમ છતાં અહીં ભવિતવ્યતાવશ પેલા મરનારને મરતાં કષાય એવો ઉગ્ર થયો નહિ. અહીં પ્રશ્ન થાય.

પ્ર૦- તો શું શુભ-અશુભ ભાવનો પુરુષાર્થ ભવિતવ્યતાને આધીન છે ?

ઉ૦- ના, પાંચ કારણમાં પુરુષાર્થ-ઉદ્યમ એ પણ એક સ્વતંત્ર કારણ છે, પણ નહિ કે બીજા કારણને આધીન; એટલે કે 'પાંચમાંનાં બીજા કારણ પુરુષાર્થ જગાવી આપે તો પુરુષાર્થ થાય' એવું નથી.દા.ત સ્વભાવ પુરુષાર્થને જગાવી આપે કે નિમિત્ત જગાવી આપે યા ભવિતવ્યતા પુરુષાર્થ ઉત્પન્ન કરી આપે તો થાય એવું નથી.અહીં એક સવાલ થાય.

પ્ર૦- તો પછી આ પાંચમાં આરામાં મોક્ષનો પુરુષાર્થ કેમ નથી થઈ શકતો ? ઉત્કૃષ્ટ સંઘયણ-બળનું પુણ્યકર્મ નથી માટે જ ને ? એટલે શુભાશુભ કર્મ એ પુરુષાર્થમાં કારણ બન્યું ને ? માટે પુરુષાર્થ એ કર્મ અર્થાત્ નિમિત્ત કારણને આધીન થયો જ ને ?

ઉ૦- એવું નથી. કેમકે તો પછી એવો પ્રશ્ન થાય કે જેટલાને અહીં ચોથા આરામાં કે આજે મહાવિદેહ ક્ષેત્રમાં પુણ્યે ઉત્કૃષ્ટ સંઘયણ બળ મળ્યું, એ બધાને મોક્ષનો પુરુષાર્થ કેમ ન થયો ? કર્મથી જ પુરુષાર્થ જનમતો હોય, તો તો એ જનમવો જોઈતો હતો. એમ કહેતા નહિ કે,-

પ્ર૦- કર્મ અનુકૂળ છતાં કાળ અનુકૂળ ન હોય એટલે ઉદ્યમ ન થાય એમ બને ને ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

ઉ૦- પણ અહીં ભૂલતા નહિ; ચોથા આરાનો કાળ તો અનુકૂળ જ છે, તેથી તો બીજા કેટલાક જીવો મોક્ષનો પુરુષાર્થ કરી શકે છે, ને કરીને મોક્ષ પામે જ છે, માટે આ વાત જ ખોટી છે કે 'પુરુષાર્થ કર્મ અને કાળને આધીન છે.' ઉત્કૃષ્ટ સંઘયણ બળનું પુણ્યકર્મ અને ચોથા આરાનો કાળ, તેમ જ ભવ્યત્વનો સ્વભાવ, એ ત્રણેય મળવા છતાંય મોક્ષનો પુરુષાર્થ નથી જનમતો. કેમ નથી જનમતો ? ત્યાં કહેવું પડે કે પુરુષાર્થ કર્મ અને કાળને આધીન છે.' ઉત્કૃષ્ઠ સંઘયણ બળનું પુણ્યકર્મ અને ચોથા આરાનો કાળ, તેમ જ ભવ્યત્વનો સ્વભાવ, એ ત્રણેય મળવા છતાંય મોક્ષનો પુરુષાર્થ નથી જનમતો.કેમ નથી જનમતો ?ત્યાં કહેવું પડે કે પુરુષાર્થ એ પણ કાળ અને કર્મની જેમ સ્વતંત્ર કારણ છે. એટલે કે પેલા કારણમાત્રથી પુરુષાર્થ ન જન્મે કિન્તુ,

**જીવે પુરુષાર્થ કરવો હોય તો જ થાય ન કરવો હોય તો ન થાય, એ એની સ્વતંત્રતા છે.....**

અલબત કાળ, સ્વભાવ, કર્મ વગેરે પુરુષાર્થમાં સહાયક ખરા, પરંતુ પુરુષાર્થને જગાવનારા ન કહેવાય. પુરુષાર્થ પોતે જગાવે તો જ થાય; ન જગાવે તો ન જ થાય.કાર્ય થવામાં જેમ કર્મ સ્વતંત્ર આવીને ઊભો રહે. કાળ સ્વતંત્ર આવીને ઊભો રહે, સ્વભાવ સ્વતંત્રપણે આવીને ઊભો રહે એમ પુરુષાર્થ સ્વતંત્ર આવીને ઊભો રહે ત્યાં એવું નહિ કે સ્વભાવને કર્મ લાવી આપે,યા કર્મને સ્વભાવ જગાવી આપે; એમ એવું પણ નહિ કે પુરુષાર્થને કાળ કે પુરુષાર્થને કર્મ જગાવી આપે; કિન્તુ જેમ કાળ કે કર્મ સ્વતંત્રપણે આવે, એમ પુરુષાર્થ સ્વતંત્રપણે આવે. એટલે,

કાળ-કર્મ-સ્વભાવ, બંધુ અનુકૂળ છે, છતાં મોક્ષનો પુરુષાર્થ તો જીવ કરે તો જ થાય. આ ઉપરથી સમજી શકાય છે કે મનુષ્યભવ, આર્યત્વ, દીર્ઘ આયુષ્ય, અને દેવ-ગુરુ-ધર્મનો સંયોગ મળી ગયો એટલે કર્મ તો અનુકૂળ થઈ ગયા છે; હવે પુરુષાર્થ જગાવવાનું તમારે આધીન છે.માટે બહાનું ન કાઢતા કે 'શું કરીએ ? પુણ્યનો ઉદય નથી એટલે મોક્ષનો-ધર્મનો પુરુષાર્થ નથી થતો.' આ બહાનું ખોટું છે.ધર્મ પુરુષાર્થ કોઈ કર્મના ઉદયથી નહિ, પણ એ તો તમારે કરવો હશે તો જ થવાનો. માનવજન્મ આદિ મળ્યા એટલે કહેવાય કે પુણ્ય તો છે જ. પુણ્યે એનું કામ પુરું કર્યું.હવે કામ પુરુષાર્થનું છે, ને તે પુરુષાર્થને પુણ્ય નથી જગાવી શકતું; એ તો તમે ઊઠીને પુરુષાર્થ કરો તો જ થવાનો છે.

આમ, જેમ કર્મ એ સ્વતંત્ર કારણ, એમ પુરુષાર્થ એ સ્વતંત્ર કારણ, એવી રીતે ભવિતવ્યતા એ સ્વતંત્ર કારણ, ને પુરુષાર્થ એ ય સ્વતંત્ર કારણ એટલે એવું



નથી કે ભવિતવ્યતા હોય તો જ પુરુષાર્થ થાય. ભવિતવ્યતા કાંઈ પુરુષાર્થને જગાવનારી નથી, છતાં જયાં અમુક પુરુષાર્થ થવા સંભવ હોય, ત્યાં જો બીજી જાતનો પુરુષાર્થ થાય, તો ત્યાં ભવિતવ્યતાનો કાંઈક કારણ કહેવું પડે, એટલે ભવિતવ્યતા પુરુષાર્થમાં કારણ નહિ. પરંતુ પુરુષાર્થની જાતિમાં કારણ એવી આ વાત છે કે પેલા બિનગુનેગારને ફાંસી થઈ ત્યાં સંભવ એને ભારે કષાયનો પુરુષાર્થ થવાનો હતો, પરંતુ ભવિતવ્યતાના યોગે મરણ વખતે એને ભાવ કોમળ રહી ગયા, એટલે કે કોમળ ભાવનો પુરુષાર્થ થયો તેથી એ દેવગતિ પામ્યો.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૪૨,અંક-૧૭,તા.૨૭-૧૧-૧૯૯૩

## (૯૨) કષાયો રોકવાના વિચારમાં માયા કેમ રોકવી ?

કષાયો એક પણ સારા નથી. કષ=સંસાર, આય=લાભ-સંસારનો લાભ જેનાથી થાય એને કષાય કહેવાય.કષાય આત્માને નુકશાન કરનાર છે. આ ભવમાં અને ભવિષ્યમાં પણ પોતાના અંદરવાળા આત્માનું બગાડે છે.માયા કષાય છે. દંભ, કપટ, પ્રપંચ, દગો, વિશ્વાસઘાત એ માયાના રૂપકો છે.

(૧) એક વિચાર એ છે-પ્રાકૃત ભાષામાં માતાને 'માયા' કહેવાય, માયા ભવોની માતા છે. માયા કરો એમાંથી અનેક ભવોનું સર્જન થાય. નવા નવા ભવો માયાના બાળકો છે.પૂર્વના દૃષ્ટાન્ત પરથી પણ દેખાય છે. લક્ષ્મણા સાધ્વીએ આલોચના કરતાં માયા કરી, ક્રીડા કરતા પક્ષીનું જોડલું દેખી, આ કેવા સુખી ભગવાને અમને વિષયસુખની કેમ ના પાડી ? ભગવાનને વેદોદયનું દુઃખ નહોતું એટલે ભગવાનને શી ખબર કે વેદોદયવાલાને કેટલુ દુઃખ ? તેથી ક્રીડાની ના પાડી.' પછી લાગ્યું કે આ ખોટું વિચાર્યુ તેથી આલોચન કરવા ગઈ ખરી પણ માયા કરી બીજાના નામથી કર્યું, અને 'સાહેબ ! કોઈ આવું વિચારે તો શું પ્રાયશ્ચિત્ત ? જે બતાવ્યું એનાં કરતાં અનેકગુણું કર્યું. પણ પાપ છુટ્યું નહીં. કેમકે માયા હતી એના પર ૮૪ ચોવીસી જેટલો કાળ ભટકી.

(૧) માયામાંથી એટલા બધા ભવો સરજાયા, કેમ આમ ?જ્ઞાનીઓની દૃષ્ટિએ માયા કરી એ હૃદયની એક પ્રકારની સંક્લિષ્ટતા છે.દિલ કઠોર નિષ્ઠુર થઈ જાય છે, એના પર ધર્મના ઘાટ ઘડાવા માટે પૂર્વે દુર્ગતિના દુઃખોમાં કાળના કાળ જાય ઘણું સહન કર્યે રીબાય પછી ઘાટ માટે યોગ્ય થાય.માયા રોકવા માટે આ વિચાર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

છેઃ- થોડો મનનો માનેલો લાભ થઈ જશે. લોક કહેશે આ સારો છે.ગુરુ પાસે ય જશ લીધો પણ પછી ડુચા નીકળી જાય.બીજો હિસાબ છે.

(૨) માયા જેમ ભવોની માતા છે તેમ દોષોની ને પાપોની પણ માતા છે પછી આરંભ સમારંભ જૂઠ અનીતિ વગેરે અનેક દોષો ને પાપો સેવાય છે.માયા કપટ કરે કોઈ માનથી આકર્ષાય સ્વાર્થથી આકર્ષાય...સમરાદિત્યની સામે અગ્નિશર્માનો જીવ ગુસ્સાથી વૈરની ગાંઠ બાંધી પછીના ભવોમાં સમરાદિત્ય બાપ દીકરો ત્રીજા ભવે અગ્નિશર્માનો માતા મલિન ગુણસેન એનો દીકરો શિખિકુમાર.બહારથી પ્રેમ અંદરથી માયા કરી કરી અનેક દોષો ને ઘોર પાપો કરી કરી નીચી નીચી નરકે જ તો ગયો તેમાં નીચે નીચે ઊતરતો ગયો.માયા સાથે અનેક પ્રકારના દોષો આવે છે.માયા એ દોષોની માતા છે, આવા ઉત્તમ પ્રકારના માનવભવમાં માયા એટલે પશુજીવન હલકી કોટીનું જીવન જીવવાનું ? મનુષ્યના અવતારે જીવન મનુષ્યનું જીવવું જોઈએ માટે આ ભવમાં નવા ભવોના સરજન નથી કરવા, દોષોના પોટલા નથી ભેગા કરવા.

(૩) માયાથી સ્ત્રીવેદ અને તિર્યંચગતિ નીપજે છે.માયા રમો એટલે જીવ ગુસ્સાથી વૈરની ગાંઠ બાંધી પછીન ભવોમાં સમરાદિત્ય બાપ દીકરો  નીપજે છે. માયા રમો એટલે તીર્યંચગતિની ટિકીટ મલે જેમાં ધર્મનું બળ હોય તો કદાચ તિર્યંચગતિ નહિ પણ સ્ત્રીવેદ બંધાય. જેમ પીઠ મહાપીઠ મુનિ. ભરત બાહુબળના જીવ પૂર્વભવે બાહુ સુબાહુ મુનિ ખડે પગે ૫૦૦ સાધુની સેવા કરતા. ઋષભદેવ પ્રભુના જીવ આચાર્યના વૈયાવર્તી મુનિ આચાર્ય પ્રશંસા કરે છે કેવા સોભાગી ૫૦૦ સાધુની ખડે પગે સેવા કરે છે. ઈર્ષાથી પીઠ-મહાપીઠને ઈર્ષ્યા માયાના કારણે સહન ન થયું મોટા આચાર્ય ઋષભદેવ પ્રભુનો જીવ છે કેટલી કાળી મહેનત કરી પૂર્વનું અધ્યયન સાથે કાળી તપસ્યા કેટલી લબ્ધિઓ થઈ પવન પોતાને અડી આગળ જાય લાગે બાજુવાલાનો રોગ જતો રહે, જ્ઞાન તપસ્યા કેવી નિષ્કામ પણ આરાધના કરી ચક્રવર્તી દેહે આટલું બધું કેમ ભણ્યા ? કહો જ્ઞાનના મહાસાગરમાં મસ્ત થઈ જવા.જાણે ૧૪ પૂર્વી પ્રોફેસરને જ્ઞાન ચોપડામાં નહિ.પૂર્વના વિદ્વાન કેવા LIVING LIBRARY જીવંત જ્ઞાન ભંડાર, બંગાલી પંડિત ભટ્ટાચાર્ય કોલેજના પ્રોફેસરો શંકા પૂછવા આવે ગુરુજી પ્રશ્ન ? 'બેઠીએ પૂછીએ !' પૂછે તે સમયમાં 'ૐ નમઃ શિવાય' રટતો હોય અને સાંભળે પછી 'દેખીયે' એમ કહી શાસ્ત્ર પાઠ સાથે સમાધાન આપે 'હાં ફિરભી પૂછના હો તો પૂછીયે' પેલા પૂછે ત્યાં સુધી 'ૐ નમઃશિવાય' રટે પછી તરત જ જવાબ, શાસ્ત્રોની સાક્ષીઓ બધુ મોઢે આવા વિદ્વાન જોતાં આજે આપણને ચમત્કાર લાગે ત્યારે ૧૪ પૂર્વ મોંઢે એ કેવા



વિદ્વાન ? ૧૪ પૂર્વ અગાધ છે ચક્રવર્તી મુનિ ૧૪ પૂર્વ કંઠસ્થ, જ્ઞાનની મહેનત સાથે તપસ્યા, આપણે એમ સમજીએ કે તપસ્યા કરતાં જ્ઞાન ન ચડે નહિ પણ એ પટેલશાહી ગોલા હિસાબ છે ત્યાગ કરો તપસ્યા કરો જ્ઞાનવરણીય કર્મ ખપે, ભણે આવા મહાન આચાર્ય કરેલી પ્રશંસા પણ પીઠ અને મહાપીઠને સહન ન થઈ મનમાં શું હતું એ કદાચ ભક્તિ વૈયાવચ્ચ કરે છે તો અમે જ્ઞાન ધ્યાન કરીએ છીએ. મનમાં હતું એ આચાર્યને જાણવા ન દીધું, પીઠબળ જ્ઞાન ધ્યાનનું હતું અહિથી મરીને અનુત્તરવિમાનમાં જવાના છે ક્ષણવાર માયા આવી ગઈ એમાં પાછા જ્ઞાન ધ્યાનમાં લાગી ગયા તો જ અનુત્તરમાં ગયા.પરંતુ માયાથી પછી બ્રાહ્મી સુંદરી સ્ત્રી અવતાર. આવા તપસ્વી ૧૪ પૂર્વીનું વચન પર વિશ્વાસ ન કર્યો એનાથી સ્ત્રીવેદ બાંધ્યો બ્રાહ્મી સુંદરી થયા તમો.બધું કરજો એના ફળમાં સારા ઈનામ મલશે પણ માયા કરી તો એક વખત તો બધો ધર્મ અટકાવે માયા આગળ આવે.

(૪) ક્રોધ અભિમાન લોભ લોકોની જાણમાં આવે.ક્રોધ મોં પર વરતાય, માન બોલથી વરતાય, લોભથી બજારમાં દોડાદોડ કરતો દેખાય, પણ માયા કષાય એવો છે બીજાને એની ખબર જ ન પડે અને તેથી કોઈ એને રોકવા ન આવે તેથી પોતાને અફસોસી ન થાય. ક્રોધ અભિમાન લોભમાં હજી પાછળથી પસ્તાવો થાય, માયામાં નહિ માયાની પાછળ અફસોસી નહિ. જે પાપની પાછળ અફસોસી નહિ ત્યાં મિથ્યાત્વ આવે. ઘોર પાપ પાછળ પસ્તાવો હોય તો એ પાપ મોળુ; ત્યાં સમકિત ઊભું રહે. માયા પાપની પાછળ અફસોસી નથી ત્યાં મિથ્યાત્વ છે એમાં સ્ત્રીવેદ તિર્યંચગતિ બંધાય. ત્યારે સમકિત કેટલી મોટી મૂડી છે. મિથ્યાત્વે કે સાસ્વાદન ગુણઠાણે સ્ત્રીવેદ બંધાય, ચોથે ગુણસ્થાને સ્ત્રીવેદ ન બંધાય. ક્રોધ અભિમાન કર્યું છતાં નિયમ નહી કે મિથ્યાત્વ આવે.જો મનમાં કષાય ખટકતો હોય. પરંતુ માયા કષાય ખટકવો મુશ્કેલ તેથી એમાં સ્ત્રીવેદ બંધાય; કેમકે માયા મિથ્યાત્વ લાવે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૪૨,અંક-૧૮,તા.૧૯-૨-૧૯૯૪

## ૯૩ માયા કષાયને કેમ રોકાય એના માટેની વિચારણા

(૪) માયાથી તિર્યંચગતિ સ્ત્રીવેદ બંધાય છે માયા રમવાનું સહેજ વાતમાં થઈ જાય છે જરા હોશિયારી પોલિસી વાપરી લઉં પણ પરિણામ ખતરનાક આવે આમ વિચારી માયા રોકાય...



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

(૫) માયા રોકવા આ પણ વિચારે છે કે કર્મ અવશ્ય વેદ્ય છે, નાહક માયા શા માટે કરવી ? માયા કરવા જઈએ તો કોઈ લાભ લેવા, અથવા આપદાથી બચવા માટે. ત્યાં વિચાર કરવો જોઈએ કે કર્મ જો અવશ્ય વેદ્ય તો માયા નહિ કરું તો ય પુણ્યે મલી જવાનું છે. જો આપદાનું કર્મ છે, તો એ અવશ્ય વેદનીય છે તો અવશ્ય આવવાની ચીજથી સામે કરેલી માયા માથે પડવાની. ધીરજ રાખ માયાથી બચી જઈશ.

ડહાપણનો રસ્તો એ છે કે કર્મ કરે તેમ થવા દેવું માયાનું ઘોર પાપ ન કરવું.

(૧) માયા લોકમાં નીંદ્ય છે માયાવીનો લોક વિશ્વાસ નથી કરતા સગા સ્નેહી પણ એના પર વિશ્વાસ નહિ કરે ગભરાશે કે કોને ખબર આગળ જઈને શું કરે ? લોકમાં ખ્યાતિ થાય કે માયાવી છે પેટમાં આંટા છે. લોકમાં અપકીર્તિ થાય. અપકીર્તિ થવાથી પછી બીજુ જે સારું કરવું હોય તે ન થાય કેમકે લોક ગભરાય. ‘ભાઈનું ભલું પૂછો,’ આ દેખાતા સારામાં અંદર કોઈ પેચ હોય. સુકૃત કરવા જાય તો અંદર બીજું હશે. સુકૃત કરવું છે સ્થાન નથી. માયાવીની ખ્યાતિમાં બીજાને બચાવવા માટે કલ્યાણમિત્ર થવાનું મન થાય છતાં કલ્યાણમિત્ર ન બની શકાય માયાવી ખ્યાતિ હોય તે કહે મને ખબર છે તમે કેમ કહેવા આવ્યા છો. માયા કામ શું કરે ? ત્યારે મલ્લિનાથ ભગવાન પૂર્વ ભવમાં દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી વીસસ્થાનકની આરાધના કરી અને એમાં તપપદની જબરજસ્ત આરાધના કરી. આરાધના કેટલી બધી ઉચ્ચી ? ૨૪ તીર્થંકર ભગવાનમાં એક જ મલ્લિનાથ ભગવાન એવા કે તીર્થંકરના ભવમાં દીક્ષા પછી બહુ આરાધનાનો કાળ નહિ. દીક્ષાના દિવસે જ કેવળજ્ઞાન સવારના દીક્ષા તો સાંજે કેવળજ્ઞાન ! કેમ જાણે રાંધણું કરીને આવ્યા હવે તપેલીનું ઢાંકણું ખોલી ખાવા બેસી જાઓ. આ શી રીતે થયું ? ત્રીજા ભવમાં જબરજસ્ત આરાધના કરી હતી. માયામાં ક્યાં ભૂલાવામાં નાખી દીધા.

આટલી બધી ઊંચી આરાધના છતાં સ્ત્રી અવતાર કેમ ? છ મિત્ર રાજાઓ છે. આ છ મિત્રોએ મને સંસારીપણામાં ઉજાણી વગેરેમાં આગળ કર્યો છે ભાઈ મહાબલ મહારાજાને આગળ બેસાડો. તો પછી સાધુ-જીવનમાં મારે ત્યાગભાવમાં પણ આગેવાની લેવી જોઈએ. જમવાનું હોય તો હું જગાભાઈ અને ભાગવાનું હોય તો હું ભગાભાઈ એ ન ચાલે- આગેવાની શી રીતે લેવી ? છ જણાએ ચારિત્ર લીધું ત્યારે કહ્યું હવે દયા રાખતા નહિ બધું તમારી પુંઠે પુંઠે કરવાનું છે એમના કરતા મોજ વધારે કરી છે તો કષ્ટમાં પણ આગેવાની કરવી જોઈએ. મિત્રોએ દીક્ષા લેતાં કહેલું કે મોજ ઉડાવવામાં અમે તમારી સાથે હતા તો દીક્ષામાં ત્યાગ તપ સંયમના



કષ્ટમાં સાથે જ રહેવાના છતાં કષ્ટમાં આગળ રહેવા તપ વિશેષ કરવા માંડ્યો. આમાં બીજા કોઈ ઠગવાનો ઈરાદો નથી પણ કર્મસત્તા કેટલી સૂક્ષ્મ છે છુપું રાખ્યું મિત્ર મુનિઓથી થોડું આંતરું રાખ્યું, કર્મસત્તાએ નોંધ લીધી સ્ત્રીવેદ બાંધ્યો મઝા ભવ નથી દેવલોક પછી આમ તીર્થંકરનામકર્મ બાંધ્યું સ્ત્રીવેદ ભોગવું ક્યાં ? અનુત્તર વિમાનમાં ગયા પણ ત્યાં સ્ત્રીવેદ નહિ. કર્મસત્તા ખતરનાક છે. તીર્થંકર થયા પણ સ્ત્રી અવતારે. જોવા જઈએ તો માયા કરી હતી ધર્મમાં કરી એ માટે એમને છાનું છુપું રાખ્યું હતું તોય કર્મસત્તાએ છુપુ ન રાખ્યું.

પ્ર.- ધર્મ માટે માયાની તો છુટ છે ને ? ધમ્મે માયા નો માયા.

ઉ.- આ નહિ. એ તો જ્યાં ધર્મનો નાશ થતો હોય ત્યાં ધર્મની રક્ષા કરવા માટે જે માયા છે તે માયાની વાત છે. આ એક વિચારવાનો મુદ્દો છે. માયા કરીને પણ ધર્મ કરવાની મના છે. કષ્ટ વેઠ્યા છે તોય કર્મસત્તા એ નોંધ લે છે. તીર્થંકર ભગવાનને છોડ્યા નથી તો મને થોડા જ બાકી રાખવાનો છે ? દુઃખદ પરિણામ વિચારી આશય બદલવાનો છે એ હિસાબથી માયા રોકી રાખવાની.

એક મુદ્દો એ છે કે જેની પ્રત્યે માયા રમવા જઉં, એ પોતે બિચારો કર્મપીડિત છે હું પણ કર્મપીડિત છું. અગર જો ઈસ્પિતાલના બંને દરદી છે તો મારે શા માટે માયા કરી એને વધુ પીડવો ? એ માયા કરી કર્મથી પીડાઈ રહ્યો છું હું વધારે શા માટે પીડવા જઉં ? નિખાલસ ભાવે જે કહેવું હોય તે કહી દેવું. ભગવાનના આત્મા બહુ જ નિખાલસ. કોઈ કપટ ભાવ નહિ. ઉપસર્ગ પરિસહ ગમે તે આવો માયાનો કોઈ વિચાર નહિ. સીધે રસ્તે જતા હોય પછી આફત છે એમ જાણે તો કોઈ માયાથી સમજાવી દેવાનો માયાથી બચવાનો કોઈ વિચાર નહિ તપચિંતામણિના કાઉસ્સગ્ગ વખતે તપ વિચારવામાં માયા નહિ રાખવાની. શક્તિ હોય તો ‘શક્તિ નથી’ એમ નહિ વિચારવાનું.

મહાવીર પ્રભુના શાસનમાં ગણધર ભગવંતોએ છ માસી તપ કર્યો છે સંયમયોગો સાચવીને એ તપ કરવાની તારી શક્તિ છે ? આમ શક્તિ છે પરંતુ સંયમયોગો સાચવીને શક્તિ નથી. ૧ દિવસ ઓછો ? ૨ દિવસ શક્તિ નથી ૨૯ દિવસ ઓછા, એ શક્તિ નથી. પાંચ માસીમાં ૫-૫ દિવસ ઓછા કરતો ચઉમાસીમાં પણ ૫-૫ ઓછા એમ કરતાં માસક્ષમણ એમાં પણ એક એક ઉપવાસ ઓછો ૧૩ ઉપવાસ ઓછા પછી ૩૪ અબ્ભત્તટ્ઠ કેમકે આજે મોટામાં મોટું પચ્ચ૰ ૧૬ ઉપવાસનું પચ્ચખાણ લેવાય. ૩૪ પછી ૩૨-૩૦-૨૮ અબ્ભત્તટ્ઠ એમાં પૂર્વે તપ કર્યો છે ત્યાં શક્તિ છે પણ પરિણામ નથી ભાવના નથી. ઊતરતાં ઊતરતાં જે પચ્ચખાણ કરવું હોય તે શક્તિ પરિણામ છે એમ ધારવાનું. હવે જો શક્તિ છે છતાં તપ નથી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

કરતા તો માયા કરી કહેવાય ! આટલામાં પણ ભગવાન પોતાની જાતને તોલતા હતા ત્યાં માયા રમતા નહિ. આ બધું વિચારી આપણે આપણા જીવનમાંથી માયા રોકવા પ્રયત્નશીલ બનીએ એ જ શુભેચ્છા !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત"  વર્ષ-૪૨,અંક-૧૯,તા.૨૬-૨-૧૯૯૪

## ૯૪ નમો અરિહંતાણં

**નમો અરિહંતાણં**

| | |
|---|---|
| નમો સિદ્ધાણં | એસો પંચનમુક્કારો |
| નમો આયરિયાણં | સવ્વ પાવ પ્પણાસણો |
| નમો ઉવજ્ઝાયણં | મંગલાણં ચ સવ્વેસિં |
| નમો લોએ સવ્વસાહૂણં | પઢમં હવઈ મંગલં |

કુદરત અરિહંતને અરિહંત દેવાધિદેવ બન્યા પછી એકલા અટુલા રાખતી નથી, શું રાતે કે શું દિવસે અરિહંતને બોલતી, ચાલતી કે આરામ લેતી અવસ્થામાં, ભવ્યાતિભવ્ય રસાલા સાથે જ રાખે છે. એટલે એ અરિહંત પ્રભુને-એકલા અટુલા-અરે ! અષ્ટપ્રાતિહાર્ય વગરના વિચારવાનો આપણને શો અધિકાર છે ?

આ આયોજન યુક્તિયુક્ત છે, તે આ રીતે (૧) અરિહંત પ્રોડ્યુસર-(PRODUCER-ઉત્પાદક) છે, માટે એમને સૌથી મથાળે આરૂઢ કર્યા, તેમજ એ પૃથ્વી ઉપર હંમેશા અતિભવ્યાતિભવ્ય શોભા-રસાલા સાથે જ હોય, તેથી પણ મથાળે રખાયા.

ચાહે આકૃતિમાં યા અક્ષરમાં એમની નીચેની બે કૉલમમાંના સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ચાર, પ્રોડ્યુસર (ઉત્પાદક) અરિહંતનાં જ પ્રોડક્શન છે. એ દરેક નમસ્કારનું પણ આટલું જ ફળ અને એટલો જ પ્રભાવ છે. આ નિર્યુક્તિ શાસ્ત્રમાં લખ્યું છે.

અરિહંત નમુક્કારો  સવ્વ પાવ પ્પણાસણો ।
સિદ્ધાણં નમુક્કારો  સવ્વ પાવ પ્પણાસણો ।
આયરિયાણં નમુક્કારો  સવ્વ પાવ પ્પણાસણો ।
ઉવજ્ઝાયાણં નમુક્કારો  સવ્વ પાવ પ્પણાસણો ।



સાહૂણં નમુક્કારો  સવ્વ પાવ પ્પણાસણો ।
મંગલાણં ચ સવ્વેસિં  પઢમં હવઈ મંગલં ॥

ગમે તે ગમે તે એક પરમેષ્ઠીને પણ કરેલો નમસ્કાર સમસ્ત પાપોનો નાશક છે; એટલા જ માટે 'નમો અરિહંત-સિદ્ધ-આયરિય-ઉવજ્ઝાય સવ્વ સાહૂણં' એમ ટુંકે ન પતાવતાં અર્થાત્ 'પાંચે પરમેષ્ઠીને એક જ નમસ્કાર' એમ ન કહેતાં દરેક પરમેષ્ઠીને જુદો જુદો નમસ્કાર કર્યો. તેથી જ એસો પંચ નમુક્કારોનો અર્થ 'આ પાંચ પરમેષ્ઠીને (કરેલો) નમસ્કાર' એવો નહિ કરવો કિન્તુ આ પાંચ નમસ્કાર (અર્થાત્ પાંચમાંના એકેક પરમેષ્ઠીને કરેલો નમસ્કાર, એમ પાંચે નમસ્કાર સર્વ પાપનાશક; નમસ્કાર સર્વ પાપનાશક છે એવો અર્થ છે.

પ્ર.- અહીં સવાલ થયો કે તો પછી 'એસો નમુક્કારો' એમ એક વચન કેમ મૂક્યું ? નમુક્કારે એમ બહુવચન કેમ ન મૂક્યું ?

ઉ.- એનો જવાબ એમ છે કે જેમ 'ત્રિભુવનમ્' એમ 'પંચ નમુક્કારો' એક વચનમાં દ્વિગુ સમાસ છે.

પ્ર.- વળી સવાલ એમ થાય કે 'ત્રિભુવનમ્' નપુ. લિંગી છે. તો અહીં પંચનમુક્કાર નપુંસક લિંગી કેમ નહિ ?

ઉ.- આનો જવાબ એ છે કે આ મહર્ષિ વચન-આર્ષવચન છે અથવા અનાદિરૂઢ વચન છે માટે પુલ્લિંગમાં ચાલ્યું આવે છે; જેમ કે 'ત્રિલોકી' સ્ત્રીલિંગ પદ છે.

આપણી વાત આ છે કે નવકાર મહામંત્રનું પહેલું પદ માસ્ટર પદ છે. માટે ત્યાં અરિહંતને એમના ભવ્ય રસાલા સાથે જોવાના, અને એમની નીચે બે કોલમમાંના પહેલા કોલમમાં ૨ જું, ૩ જું, ૪ થું, અને ૫ મું એમ ચાર પદ જોવાના, તથા દ્વિતીય કોલમમાં ૬ ઠું, ૭ મું, ૮ મું, અને ૯ મું....એમ ચાર પદ જોવાના.

સતત નવકાર ગણવા હોય ત્યારે એક નવકાર પુરો થયા પછી તરત નજર સામે બીજા નવકાર માટેનો તેનું પદ તેની આગળ એજ અરિહંત કરોડ દેવતા એજ શોભા સાથે દેખાય અને પછી તેની નીચે બે કોલમમાં બાકીના નવકારના ચાર ચાર પદ દેખાય, પછી વળી ત્રીજા નવકાર માટે પૂર્વની જેમ સમવસરણ વગેરેની શોભા અને તેની નીચે બે કોલમમાં ચાર ચાર પદ દેખાય એમ સળંગ નવકાર ગણવાનું ચાલે, આ રીતે ૧૦૮ નવકાર સંગીતમાં બોલીને ગણવામાં ખૂબ આનંદ રહે છે. અથવા મૌન પણ ગણી શકાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૯૫) આત્માની ખરાબીઓ ટાળવાનું એક સૂત્ર

કંઈક પણ ધર્મ સમજેલા જીવને પોતાના આત્માની ચિંતા હોય છે. આત્માની ચિંતા હોય એ આત્માર્થી જીવ કહેવાય.એ જ સાચો આસ્તિક છે.જેને પોતાના આત્માની ચિંતા નથી, પછી ભલે એ કહેતો હોય કે હું આત્માને માનું છું; તો એ બોલવા પૂરતું જ છે. એ પ્રચ્છન્ન નાસ્તિક છે, છુપો નાસ્તિક છે.

માણસને ઘર પર મમતા હોય છે તો ઘરની ચિંતા રહે છે; કુટુંબ પર મમતા છે તો એની ચિંતા રહે છે.અરે ! શરીર પર મમતા છે, તો શરીરની ચિંતા રહે છે, કે 'સરખું' ખાધા વિના એ દુબળું પડે તો ? કેમ સરખી ભૂખ નથી લાગતી ? કાંઈક રોગ છે તો લાવ ડૉકટરને બતાવું' શરીરની મમતા આવી આવી ચિંતા કરાવે છે.તો જો આત્માની મમતા હોય તો શું એની ચિંતા ન થાય કે 'એને સરખી આત્મહિતની પ્રવૃતિ અને સરખી શુભભાવનાઓ નહિ મળે તો એ દુબળો પડશે ? એને કેમ ધર્મની ભૂખ નથી લાગતી ? લાવ, સાધુ મહારાજને પુછું કે મને કયો વિશિષ્ટ રોગ નડે છે? જેમ શરીર સરખી ભૂખ વિના અને સરખા ખોરાક વિના દુબળું પડતું પડતું મોત દેખે, એમ આત્મા ધર્મની ભૂખ વિના અને ધર્મપ્રવૃત્તિ તથા શુભ ભાવો વિના દુબળો પડતો પડતો અનેક દુર્ગતિઓનાં જનમ-મરણ દેખે.' આવી આત્માની ચિંતા ન થાય ? એ ચિંતા વિના આત્માર્થીપણું શું ?

ત્યારે આજે એવા ખરેખરા આત્માર્થી જીવો છે કે જેમને ચિંતા રહ્યા કરે છે કે 'મને વિષયો બહુ સતાવે છે.સારાં સારાં રૂપ જોવા બહુ ગમે છે, સારાં ખાન-પાનમાં મન તલ્લીન બની જાય છે.સ્ત્રીનો રાગ ઠેઠ હૃદયના ઊંડાણમાં ઊતરી ગયો છે. પૈસા એટલે તો શી વાત એમ લાગે છે.મારું શું થશે ? આ મારી નબળાઈઓ કેમ મટે ? આવી સ્વાત્માની ચિંતા થાય છે.

તેમ એ પણ ચિંતા રહે છે કે 'જરાક'શો પ્રસંગ આવતાં મને ગુસ્સો થઈ આવે છે, અભિમાન તો જાણે રૂવાડે રૂવાડે વ્યાપી ગયું છે, મોકો મળતાં ઝટ મારી વડાઈ ગાવા બેસું છું,તુચ્છ વાતમાં ય સારો દેખાવા કે સ્વાર્થ સાધવામાં માયા-દંભ કરતાં આચંકો નથી આવતો, ત્યારે લોભ-તૃષ્ણા-મમતા-આસક્તિ વગેરે તો ફાલ્યા ફૂલ્યા રહે છે. કોઈનો બંગલો, મોટર જે મને કદી વાપરવા નથી મળવાનાએ જોતાય મને રાગ થઈ આવે છે, ઝટ સર્ટિફિકેટ ફાડું છું કે 'બંગલો બહુ સરસ ! મોટર હાઈકલાસ ! શી જરૂર છે આવા રાગ-આકર્ષણ કરવાની ? શો લાભ છે



એથી ? આવા બધા કષાયો ડગલે ને પગલે કરી કરીને મારું શું થશે ?' આત્માર્થીને આવી પોતાના આત્માની ચિંતા રહ્યા કરે છે.

મનને એમ પણ થાય છે કે 'આ નબળાઈઓ અને ખરાબીઓ આ મનુષ્ય જનમમાં નહિ ટાળું તો પછી કયા ભવમાં ટાળવાનું બની શકવાનું હતું ? રુડો ધર્મ મળ્યો છે, દેવ-ગુરુ-શ્રેષ્ઠ મળ્યા છે, એમનાં પડખાં સેવું છું છતાં આ મારી વિટંબણા ?

આત્માર્થીની આ ચિંતા તો જ હળવી થાય કે જો એ જડ વિષયોના આકર્ષણ થવાની નબળાઈ અને કષાયોની ખરાબીઓ મોળી પડે.એ મોળી પાડવા માટે આ એક ઉપાય છે, આત્મ સ્વરૂપનો ખ્યાલ કરતા રહેવું, આ સૂત્ર જ વારે વારે લગાવ્યા કરવાનું

**'મારા આત્મ-સ્વરૂપમાં આ છે ?'**

જયારે જયારે વિષયોનો રાગ-આકર્ષણ ઊઠવા જાય કે તરત જ જોવાનું. 'આ મારા આત્મ-સ્વરૂપમાં છે ?' એમ જયારે જયારે ગુસ્સો અભિમાન વગેરે ઊઠવા જાય, કામવાસના જાગવા જાય કે આ સૂત્ર લગાડવાનું કે 'આ મારા આત્મ-સ્વરૂપમાં છે ? એ સૂત્ર લગાડતાં ઝટ મનને થશે કે 'આ ક્રોધ કરવા જાઉં છું એ મારા આત્મ-સ્વભાવમાં છે ? આ કામવાસનામાં તણાઉં છું એ મારા આત્મ-સ્વભાવમાં છે ? ના, આત્માનો શુદ્ધ સ્વભાવ તો દર્પણની જેમ સ્વચ્છ અને સ્વચ્છ રહી જગતનાં પ્રતિબિંબ લેવાનો અર્થાત્ માત્ર એને જોવા જાણવાનો છે, કશો જ ઉકળાટ કરવાનો નહિ, કે આકર્ષિત થવાનો નહિ. નહીતર જો ઉકળાટનો સ્વભાવ હોય તો સૌના પ્રત્યે ઉકળાટ કેમ નથી થતો ? તેમ ઉત્કૃષ્ટો ભયંકર ઉકળાટ કેમ નથી થતો ? ઉકળાટનો સ્વભાવ એટલે સ્વભાવ; વહાલાની પ્રત્યે ય ઉકળાટ થવો જોઈએ. અગ્નિ બીજાને બાળે તેમ એને જન્મ આપનાર બાઈ પણ જો એમ અંદરમાં હાથ ઘાલે તો એનેય બાળે છે.કેમ કે એનો બાળવાનો સ્વભાવ છે. એવી રીતે જો જીવને કામવાસનાનો સ્વભાવ જ હોય તો માતા પ્રત્યે બેન પ્રત્યે પણ એ જાગવી જોઈએ ! પરંતુ એમ નથી થતું, એ સૂચવે છે કે મારો આત્મ-સ્વભાવ ક્રોધ કે કામનો નથી. માટે શા સારુ મારે એને પોષવા ?'

એવી રીતે અભિમાન, લોભ તૃષ્ણા જે મને ઊઠવા જાય છે એ મારા આત્મ-સ્વભાવમાં નથી તેથી શા સારુ મારે એને વિકસાવવા ? પોષવા ?

આમ, અનેક જાતના સાંસરિક ભાવોને દબાવવા 'આ મારા આત્મ-સ્વભાવમાં છે ?' એ સૂત્ર લગાડવું, એ વારે વારે લગાડવાથી આત્માની નબળાઈઓ અને ખરાબીઓ મોળી પડતી આવશે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## ૯૬ નવમા વર્ષના પ્રારંભે-

જણાવતા હર્ષ થાય છે કે 'દિવ્યદર્શન' સાપ્તાહિક સપ્ટેમ્બર માસથી નવમાં વર્ષનો મંગળ પ્રારંભ કરે છે. આઠ વર્ષમાં મુખ્યતયા આધ્યાત્મિક પ્રવચનોનું વાંચન આપવા દ્વારા આ પત્રે જનતાના આધ્યાત્મિક ઉત્થાનમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આજના બીજા ત્રીજા રસિલા વાંચનની સામે રસિલી ભાષામાં જૈન શાસનની અદ્‌ભૂત આધ્યાત્મિક વસ્તુઓ, ઊંડા તત્ત્વો, જીવન વિકાસની કેઈ સુંદર ચાવીઓ સંવેગ-વૈરાગ્યની વાંચનની સામે પ્રબળ પ્રેરણાઓ આજની અનેકવિધ અશાન્તિઓને નિવારનારા વિવિધ ઉપાયો કર્મ બન્ધથી બચવાના અને વિશિષ્ટ પુણ્યોપાર્જન તથા પાપક્ષય કરવાના સચોટ માર્ગો ...વગેરે નો ભાવ પ્રકાશ દિવ્યદર્શન પત્ર એના પ્રવચન પ્રકાશન દ્વારા પાથરતું આવ્યું છે. વ્યાપક લોકચાહના એની સફળતાનો એક નક્કર પુરાવો છે. દર અંકે જુદા જુદા વિષય પર એનો અગ્રલેખ પણ વિશિષ્ટ બોધ આપી જાય છે.

પત્રના સફળ સંચાલમાં સહાયક થનાર સભ્યો, દાતારો, પ્રચારકો તથા વિશેષે પૂ. પ્રવચનકાર પંન્યાસજી સાહેબનો અમે આભાર માનીએ છીએ. અમે ઈચ્છીએ છીએ છે કે હજી પણ દરેક વાંચક-શુભેચ્છક પત્રનો વધુ ફેલાવો કરી આજની ભૌતિક જલતી આગમાં આધ્યાત્મિક અમૃતવર્ષા કરવાના મહાન સુકૃતનો લાભ ઉઠાવે.

સભ્ય બંધુઓને તરત જ લવાજમ મોકલી આપવા વિનંતિ કરીએ છીએ.

**- 'દિવ્યદર્શન' સાહિત્ય સમિતિ.**

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૯,અંક-૬,તા.૧૫-૧૦-૧૯૬૧

## ૯૭ કપરી કસોટી

હજી થોડા વખત પહેલાં જ ભારત સરકારે શ્રી સી. પી. રામસ્વામી આયરનાં પ્રમુખપદે **'હિંદુ રિલિજયસ એન્ડોમેન્ટ કમીશન'** નીમ્યું હતું કે જેણે હિંદુ, જૈન તથા બૌદ્ધનાં ધાર્મિક ટ્રસ્ટોને લગતી પરિસ્થિતિનો અભ્યાસ કરીને તે સંબંધી ભારત સરકારને પોતાનો રિપોર્ટ યોગ્ય ભલામણો સાથે મોકલી આપવાનો હતો.



સામાન્ય પ્રણાલિકા એવી છે કે આવાં કમીશનનો રિપોર્ટ આવી ગયા પછી સરકાર તેનો બારીકાઈથી અભ્યાસ કરે અને તેમાં જરૂર જણાય તો તેને લગતું કોઈ પણ બીલ લોકસભામાં રજૂ કરે. પરંતુ આ કમીશનનો રિપોર્ટ આવે તે પહેલાં જ સરકારે લોકસભામાં **'રિલિજયસ ટ્રસ્ટસ બીલ-૧૯૬૦'** રજૂ કરી દીધું છે અને એ રીતે એક ચિરપ્રચલિત પ્રણાલિકાનો ભંગ કર્યો છે. ભારત સરકારને આવું પગલું કેમ ભરવું પડ્યું ? એ અમારે મન એક અગમ્ય કોયડો છે. એમ ખાતરીથી માનીએ છીએ કે લોકશાહીનાં સિદ્ધાંતોમાં માનનારા કોઈ પણ સુજ્ઞને આ વસ્તુ નહિ જ ગમી હોય.

ભારતના કાયદામંત્રીએ જણાવ્યું છે કે આ બીલ લાવવામાં અમારો હેતુ ધાર્મિક ટ્રસ્ટોમાં સુવ્યવસ્થા આણવાનો છે, પણ તેમાં જે કલમો દાખલ કરવામાં આવી છે, તે એમના શુભ હેતુનું ઉલ્લંઘન કરી જાય છે અને ધાર્મિક ટ્રસ્ટોમાં સુવ્યવસ્થા આણવાને બદલે તેના પર ભયંકર કુઠારઘાત કરશે, એમાં અમને કોઈ સંદેહ નથી.

આ બીલ ચેરીટી કમીશનને એવી વિશાળ સત્તાઓ આપવામાં આવી છે કે તે ધાર્મિક ટ્રસ્ટનો માલીક હોય એ રીતે જ સર્વ વર્તાવ કરી શકે, એટલે કે તે કોઈ પણ ટ્રસ્ટીને દૂર કરી શકે, નવો નીમી શકે, કોઈ પણ ટ્રસ્ટી પાસેથી ટ્રસ્ટને થયેલું નુકશાન વસુલ કરી શકે વગેરે વગેરે. વળી ટ્રસ્ટીઓએ દરેક વર્ષના ખર્ચનું બજેટ કરવું આવશ્યક બને છે કે જે ધાર્મિક ખાતાઓ માટે લગભગ અશક્ય છે. આ બજેટમાં કમીશ્નર તેમનો શેઠ છે. એમ કહેવામાં આવ્યું છે કે ચેરીટી કમીશ્નર કઈ વસ્તુને યોગ્ય માનશે અને કઈ વસ્તુને અયોગ્ય માનશે તે કોણ કહી શકશે ?

ચેરીટી કમીશ્નર સરકારી નોકરીની યોગ્યતાનાં ધોરણે જ નીમાશે, એટલે તેનાં કોઈ પણ ધર્મનો ગમે તે માન્યતા ધરાવનારો માણસ પણ સ્થાન પામી શકશે, અને તેના હાથમાં ધાર્મિક ખાતાંઓને લગતી સર્વ સત્તાઓ આવતાં કેવી પરિસ્થિતિ પેદા થશે તે કલ્પવાનું મુશ્કેલ નથી !

પચીશ હજારથી વધારે આવકવાળાં ખાતામાં ચેરીટી કમીશ્નર તરફથી નિમાયેલો માણસ હિસાબનીશનું કામ કરશે ! આ માણસ કોને વફાદાર રહેશે ? ચેરીટી કમીશ્નર કે ટ્રસ્ટીઓને ?

આવું આવું તો આ બીલમાં ઘણું ભર્યું છે. જો તે કાયદાનું રૂપ લેશે તો ઘણા ટ્રસ્ટીઓ ધાર્મિક ખાતાઓનો વહીવટ કરવાનું છોડી દેશે, તેથી ધાર્મિક ખાતાઓ અસ્તવ્યસ્ત થઇ જશે અને તેની આવકોને પણ ગંભીર ફટકો પડશે. એટલે આ બીલ સરકાર પાછું ખેંચી લે તેમાં જ તેની શોભા છે અને કોઈ સંયોગોમાં તેમ ન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

જ બની શકે એમ હોય તો જૈન ધાર્મિક ટ્રસ્ટોને એ લાગુ ન પાડે કે જે રીતે તેણે પારસી, યાહુદી વગેરેને લાગુ પાડ્યું નથી.

જૈન સંઘ માટે આ એક કપરી કસોટી છે અને તેમાંથી તેણે અણિશુદ્ધ પાર ઉતરવું જ જોઈએ. આનંદની વાત એ છે કે આ બીલનો પ્રતિકાર કરવા માટે ચતુર્વિધ સંઘ તરફથી અમદાવાદમાં એક કમિટિ નીમાઇ છે અને મુંબઈમાં શ્રી અખિલ ભારત વર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિ નીમાઇ ગઈ છે અને તેમાં સમાજની અનેક અગ્રગણ્ય વ્યક્તિઓ જોડાઈ છે. એની સૂચનાનુસાર દરેક જૈન સંઘ તથા સંસ્થા એ પ્રવૃત્તિ કરતાં આ બીલનો અસરકારક પ્રતિકાર કરી શકશે એમ અમારું માનવું છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૯,અંક-૮,તા.૨૯-૧૦-૧૯૬૦

## ૯૮ રિલિજિયસ ટ્રસ્ટ બીલ અંગે નાયકોનું કર્તવ્ય

શ્રી અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિના પ્રબળ પ્રયાસથી દિલ્હી લોકસભામાં રજૂ થયેલા રિલિજિયસ ટ્રસ્ટ બીલ ૧૯૬૦ ની ભયંકરતા જૈન સંઘો અને સંસ્થાઓના જાણવામાં આવી અને તારનાં દોરડાં ઝણઝણવા લાગ્યાં. છેલ્લા વીસ-પચીસ દિવસથી સરેરાશ દર આઠ કે દશ મિનિટે એક તાર દિલ્હી રવાના થતો રહ્યો છે અને તે રાષ્ટ્રપતિ, પંડિત જવાહરલાલ નહેરૂ, કાયદામંત્રી શ્રી એ. કે. સેન તથા જોઈન્ટ સિલેક્ટ કમિટીના સભ્યોને પ્રસ્તુત બીલ અંગે જૈન સંઘના હૃદયમાં જે અપાર વેદના ઊઠી છે, તેનો ખ્યાલ આપતો રહ્યો છે.

જાણવા મુજબ ભારતના જુદા જુદા સંઘોએ આ બીલ અંગે ૬૦૦ ઉપરાંત ઠરાવો કરીને મોકલી આપ્યા છે તથા લગભગ ૧,૦૦,૦૦૦ (એક લાખ) વ્યક્તિઓએ પોતાના હસ્તાક્ષરથી આ બીલને પાછું ખેંચી લેવાની અને તેમ ન જ બની શકે તેમ હોય તો જૈન ધાર્મિક ટ્રસ્ટોને તેની નાગચૂડમાંથી મુકત રાખવાની માગણી કરી છે. દિગમ્બરો, સ્થાનકવાસીઓ તથા તેરાપંથીઓ પણ તેમાં સામેલ રહ્યા છે.

કેટલાક એમ માને છે કે સરકાર આ વિરોધની ગણના કરશે નહિ, એ તો પોતાનું ધાર્યું કર્યે જ જશે, પરંતુ અમને લાગે છે કે લોકશાહીના સિદ્ધાંતોમાં માનનારા દેશનાયકો સમસ્ત જૈનસમાજના આવા પ્રચંડ વિરોધની અવગણના કરી શકશે નહિ. તે જૈનસમાજના આગેવાનોને નિમંત્રણ આપી તેમને આ વિષયમાં જે કંઇ કહેવાનું હશે તે સાંભળશે અને તેના પર વિચાર કર્યા પછી જ તે આગળ વધશે.



અમારા જાણવા મુજબ શ્વેતામ્બરો અને દિગમ્બરો તરફથી આ બીલ અંગે કેટલાંક મેમોરેન્ડમો દિલ્હી ગયાં છે અને તેમાંનાં કેટલાંક મેમોરેન્ડમોમાં ડેપ્યુટેશનની માગણી કરવામાં આવી છે. પરંતુ આશ્ચર્યની વાત છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનાં, કે જે સકલ હિંદના મૂર્તિપૂજક સમાજનું અમુક બાબતોમાં પ્રતિનિધિત્વ ધરાવે છે, તેણે ડેપ્યુટેશનની માગણી કરી નથી ! શું તેના કાર્યવાહકો એમ માને છે કે તેમનું મેમોરેન્ડમ વાંચીને દિલ્હીના માધાંતાઓ બધી વસ્તુસ્થિતિ સમજી જશે અને તેમનાં સૂચનોનો સ્વીકાર કરી લેશે ? શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ગમે તે કારણે ડેપ્યુટેશનની માગણી કરી ન હોય, પણ હવે હિંદના સમસ્ત જૈન સંઘોનો અભિપ્રાય જોતાં તેણે આ બાબતમાં વધારે સક્રિય બનવું ઘટે છે અને જ્યારે તા.૧૪મી નવેમ્બર સુધી મેમોરેન્ડમ કરવાનો સમય લંબાયો છે, તો તેનો ઉપયોગ કરીને તેણે એ પ્રકારની માગણી જોઈન્ટ સિલેક્ટ કમિટી સમક્ષ પેશ કરવી ઘટે છે.

આ બીલની કલમો ખતરનાક છે અને તેનો અમલ થતાં ઘણાખરા ટ્રસ્ટીઓ ખસી જશે અને જૈન ધાર્મિક સંસ્થાઓ પર કાતિલ ફટકો પડશે, પરિસ્થિતિની આ ગંભીરતા જોતાં શેઠ આણંદજી કલ્યાણજીએ પોતાના ખાસ પ્રતિનિધિઓને મુખ્ય મુખ્ય આચાર્યભગવંતો આગળ મોકલી તેમના અભિપ્રાયો જાણી લેવા જોઈએ અને ત્યાર બાદ ભારતભરના પોતાના પ્રતિનિધિઓની મીટિંગ બોલાવી સમસ્ત પરિસ્થિતિની યોગ્ય છણાવટ કરી લેવી જોઈએ.

જોઈન્ટ સિલેક્ટ કમિટીની વિધિસરની બેઠક જાન્યુઆરી ૧૯૬૧ના કોઈપણ દિવસથી પોતાનું કામ શરૂ કરે એવી વકી છે, એટલે હજી આપણી પાસે કમમાં કમ બે મહિના જેટલો સમય છે, તેનો ઉપયોગ આ રીતે કરી લેવાથી શાસનની એક મહાન સેવા થઈ ગણાશે.

હિંદુ રિલિજિયસ એન્ડોમેન્ટ કમિશનનું કામ હજી ચાલુ છે અને તે જુદા જુદા ભાગમાં આગેવાનોની જુબાની લેવાનું કાર્ય કરી રહેલ છે, એટલે તેનો રિપોર્ટ તૈયાર થતાં સહેજે દોઢ-બે વર્ષ નીકળી જશે. સરકાર આટલો સમય થોભવાની નથી, એવો ખુલાસો કાયદામંત્રીએ કર્યો છે; એટલે પ્રસ્તુત બીલનું કાર્ય જાન્યુઆરીમાં અવશ્ય આગળ વધશે, એમ માનીને ચાલવું એ જ સમાજના હિતમાં છે.

આ બીલ અંગે પોતાના માથે જે કંઈ ફરજ આવતી હોય તે કરવાની સંઘો તથા સંસ્થાની સારી તૈયારી છે, પણ તે માટે નાયકોના આદેશની રાહ જોવાય છે. શું નાયકો સમયસર આગળ આવીને આ આદેશ આપશે ખરા ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૯૯) શ્રમણસમુદાયના સંગઠનની ભારે આવશ્યકતા

**ત્યાગ** અને તપશ્ચર્યાથી ભરપૂર શ્રમણસમુદાયની શક્તિ વિષે બે મત છે જ નહિ. ભૂતકાળમાં તેના શિરે અનેક યશકલગીઓ ચડેલી છે અને આજે પણ ચડી રહી છે. ધર્મ, નીતિ અને સુસંસ્કારો પ્રચારવાની કોઈ પ્રવૃત્તિ એવી નથી કે જેમાં આ શ્રમણસમુદાયની શક્તિ એક યા બીજી રીતે પ્રવાહિત થઈ ન હોય, પરંતુ આ શક્તિ આજે સંગઠિત નથી એટલે મહત્વની રાજદ્વારી બાબતોમાં તેનો જે પ્રભાવ પડવો જોઈએ તે પડતો નથી. આ સ્થિતિની કોને ખેદ નહિ ઉપજે ? અમને તેનો પારાવાર ખેદ છે અને તેથી જ આ પંક્તિઓ અહીં લખી રહ્યા છીએ.

આજે રિલિજિયસટ્રસ્ટબીલનો પ્રશ્ન મોખરે આવ્યો છે અને તે આપણી અનેકવિધ ધાર્મિક પ્રણાલિકાઓને તોડી પાડવાનો ભય ઊભો થયો છે, આ વાતનું આચાર્ય ભગવંતથી માંડી નાના શ્રમણો સુધી સહુ કોઈને દુઃખ છે અને તેઓ એ બીલનો પ્રતિકાર કરવામાં પોતાની શક્તિ સારી રીતે વાપરી રહેલ છે. મુંબઈના શ્રી ચતુર્વિધ-સંઘે સ્થાપેલી શ્રી અખિલ ભારતવર્ષીય ટ્રસ્ટબીલ પ્રતિકારસમિતિને આ બીલનો પ્રતિકાર-વિરોધ કરવામાં જે ભગવંતોને મળીને તેમનું દૃષ્ટિ-બિંદુ સમજવાનો પ્રયત્ન કરે છે અને બીલનું પરિણામ ધાર્યા મુજબનું આવે તે માટે સારો એવો પરિશ્રમ ઉઠાવે છે. આ તબક્કે અમને કહેવા દો કે અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કે જેનું મુખ્ય કાર્ય શ્વેતામ્બર મૂર્તિપૂજકોનાં તીર્થોનું રક્ષણ કરવાનું તથા આવા અગત્યના પ્રશ્નોમાં સમાજના રાહબર બનવાનું છે, તેણે આચાર્ય ભગવંતોને મળવાનું ને તેમનાં દૃષ્ટિબિંદુને લક્ષમાં રાખીને વર્તવાનું ખૂબ જ જરૂરી છે. આ કહેવાનું મન એટલા માટે થાય કે અમે જાણીએ છીએ ત્યાં સુધી આ ગંભીર પ્રશ્ન અંગે તેણે આવું કોઈ પગલું ભર્યું નથી. અને હવે બીલ અંગે નિર્ણય થવાનો સમય સમીપ આવી રહ્યો છે, ત્યાં સુધી પણ આવું કોઈ પગલું ભરવાનાં ચિહ્નો દૃષ્ટિગોચર થતાં નથી. શું અમે માની લઈએ કે પેઢી આવું કંઈ જ કરવાની નથી ?

આજે ભારતભરના જૈનસંઘોમાં આ બીલ અંગે ઊંડી ચિંતા સેવાઈ રહી છે, એવા વખતે પેઢીના કાર્યવાહકોએ સ્પષ્ટ નિવેદન કરીને પોતાની કાર્યવાહી સમાજને



જણાવવાની જરૂર છે અને આ બાબતમાં પૂજ્ય આચાર્ય ભગવંતોની સલાહ લઈને આગળ વધવાની આવશ્યકતા છે.

પરંતુ અહીં અમારે ખાસ જણાવવાનું તો એ છે કે જો શ્રમણસમુદાય સંગઠિત હોત અને તેણે અમદાવાદ મુકામે ભરાયેલા બીજા અખિલ ભારતવર્ષીય શ્રમણસંમેલનમાં તિથિપ્રકરણનો નિકાલ કરીને બીજી અનેક મહત્ત્વની બાબતોનો નિર્ણય કરવા માટે આગેવાન આચાર્યોની એક કાયમી સમિતિ નીમી હોત તો સ્થિતિ આટલી હદે પહોંચી ન હોત.

ધ્યાનમાં રહે કે રિલિજિયસ ટ્રસ્ટબીલ તો પાશેરામાં પહેલી પૂણી છે. કાળનાં એંધાણ છે કે હજી આવાં અનેક બીલો આવવાનાં અને જૈનેતરો તરફનાં આક્રમણો પણ ચાલુ રહેવાનાં. દાખલા તરીકે એક એવું બીલ લોકસભામાં આવી ગયું છે કે આવવાની તૈયારી છે કે જે કોઈ પણ મંદિરનો જીર્ણોદ્ધાર કરવો હોય તો સરકારી પરવાનગી અને અમુક નિયમોનું પાલન આવશ્યક બનાવે છે, વળી એક બીલ એવું આવવાના ભણકારા પણ સંભળાય છે કે જે ધાર્મિક ઉત્સવો અંગે થનાર ખર્ચ માટે પ્રથમથી સરકારી અધિકારીની રજા લેવાનું ફરજિયાત બનાવે. ચરમશાસનપતિ શ્રી મહાવીરસ્વામી પર માંસાહારનું કલંક લગાડવાની પ્રવૃત્તિ પણ જોરમાં છે અને તે સંબંધી હજી કોઈ અસરકારક પગલાં ભરાયાં નથી. ઘરમાં પણ પં. શ્રી કલ્યાણવિજયજીની 'જિનપૂજા-પદ્ધતિ' નામની પુસ્તિકાએ કેટલાકોની જિનભક્તિના અનુષ્ઠાનની શ્રદ્ધા દોલાયમાન કરવાનો અનર્થ ફેલાવ્યો છે, એની સામે પ્રાચીન અર્હદ્ભક્તિના પ્રકારો, વિધાનો, શાસ્ત્રપાઠો, દલીલ, દૃષ્ટાન્તો, વગેરેથી ભરપૂર મંડનાત્મકકોઈ પુસ્તક લખાયું કે ભારતભરમાં પ્રચારિત થયું નથી. આ બધું જોતાં સમર્થ પ્રતિકાર હવે અને પછીના યુગમાં જૈનધર્મની જાહોજલાલી ટકાવી રાખવા માટે શ્રમણસમુદાયનાં સંગઠનની ભારે આવશ્યકતા છે.

અમદાવાદમાં ભરાયેલું બીજું શ્રમણસંમેલન ભલે નિષ્ફળ ગયું, પણ હવે પછી ત્રીજું સંમેલન ભરવાની આપણી તૈયારી હોવી જોઈએ અને તેમાં શ્રમણ-સમુદાય સંગઠિત થઈને બહાર આવે એવી સર્વ પ્રવૃત્તિઓ આપણે અત્યારથી જ આદરી દેવી જોઈએ.

શેઠ કસ્તુરભાઈએ થોડા દિવસ પહેલાં સકલસંઘનું બંધારણ અમલી કરવાની જે વાત વહેતી મૂકી હતી. તેનો પણ આ સંમેલનથી ઉકેલ આણી શકાશે.

## (૧૦૦) આય્યર-કમિશન અમદાવાદમાં

હિંદુ-જૈન-બૌદ્ધ ધાર્મિક સખાવતો અંગે વ્યવસ્થા વગેરેની તપાસ કરી તે સંબંધી સરકારને યોગ્ય ભલામણો કરવા માટે શ્રી રંગાસ્વામી આય્યરના પ્રમુખપદે ધી હિંદુ રિલિજિયસ એન્ડાઉમેન્ટ કમિશનનું કામકાજ ચાલુ છે. તેણે જયપુર, ઉદયપુર વગેરે સ્થળોએ થઈ ગત તા. ૧૮-૧૧-૬૦ ને રોજ અમદાવાદની મુલાકાત લીધી હતી અને ત્યાં થોડા દિવસની સ્થિરતામાં કેટલાક જૈન-જૈનેતર આગેવાનોની જુબાનીઓ લીધી હતી. તેમાં જૈન સમાજના અગ્રણી શેઠ કસ્તુરભાઈ લાલભાઈ તથા શ્રી અખિલ ભારતવર્ષીય જૈનસંસ્કૃતિ રક્ષકસભાના મંત્રીઓ પંડિત મફતલાલ ઝવેરચંદ તથા શાહ લક્ષ્મીચંદ પ્રેમચંદે જુબાનીઓ આપી હતી.

મુનિવર્ગમાં પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પ.પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ધર્મસાગરજીની જુબાનીઓ થવાની હતી પરંતુ આચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે જુબાની આપી ન હતી. કારણમાં એમ સાંભળવા મળે છે કે શેઠ શ્રી કસ્તુરભાઈ સાથે એઓશ્રીને રૂબરૂ વાતચીત થયેલી એમાં શેઠશ્રીની જુબાની અંગેની લાઈનદોરી જાણવા મળેલી; તે પછી શેઠશ્રીની જુબાની સાથે ભિન્નવાકયતા ન થાય એ રીતે જુબાની આપી જૈનધર્મ-સંસ્કૃતિ, જૈન ધાર્મિક ખાતાઓ અને વ્યવસ્થા તથા ધી રિલિજીયસ ટ્રસ્ટ બીલ ૧૯૬૦ અંગે અસરકારક દૃષ્ટિબિંદુ રજૂ કરી શકત, પરંતુ એમ જાણવા મળે છે કે કમિશન ઉપર એઓશ્રીએ એવા ભાવનું લખી મોકલ્યું હતું કે જૈનધર્મ અનાદિનો છે, સ્વતંત્ર છે, તેને હિન્દુ ધર્મનો કાયદો લાગુ પાડી શકાય જ નહિ. આ સત્ય કમિશનને જો સ્વીકાર્ય ન હોય તો જુબાનીથી કમિશને વિશેષ શું વિચારવાનું હતું ?

તાજેતરમાં જુનાગઢ ખાતેની મુલાકાતમાં કમિશનના પ્રમુખ શ્રી રામસ્વામી આય્યરે એવો અભિપ્રાય પ્રગટ કર્યો છે કે જૈનધર્મ હિન્દુ ધર્મથી ભલે જુદો હોય પરંતુ હિન્દુ ધર્મના કાયદા જૈનોને લાગુ પડે છે, આ અભિપ્રાય તર્કવિહોણો છે, કેમકે ધર્મની જેમ ધાર્મિક કાયદા જૈનોને કેમ લાગુ થઈ શકે ? મુંબઈટ્રસ્ટબીલ અંગે શ્રી રતિલાલ પાનાચંદના કેસમાં સુપ્રીમ કોર્ટે જજ્મેન્ટ આપતાં ધર્મ સાથે ધાર્મિક સંસ્થા-ખાતાં વગેરેની બાબતોમાં પ્રજાનું સ્વાતંત્ર્ય જાહેર કર્યું છે. એ સિદ્ધ કરે છે



કે સ્વતંત્ર એવા જૈન ધર્મના અનુયાયીઓને હિન્દુ ધાર્મિક કાયદા લાગુ ન જ પડી શકે, ન જ પાડવા જોઈએ.

પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મહારાજે આ કમિશન સમક્ષ જુબાની આપી જૈનધર્મ અને સંઘનું દૃષ્ટિ-બિન્દુ સારી રીતે રજૂ કર્યું હતું,

જુબાની લગભગ સવા કલાક ચાલી હતી. તેમાં જાણવા મુજબ તેમણે નીચેના ચાર મુદ્દાઓ કમિશનને જણાવ્યા હતા.

(૧) જૈનધર્મ સ્વતંત્ર છે. તે હિંદુઓની એક શાખા કે ભાગ નથી, માટે તેનો વિચાર અલગ રીતે થવો જોઈએ.

(૨) ધાર્મિક નાણાંનો ઉપયોગ તે જે ખાતા માટે અપાયેલાં હોય તેમાં જ કરી શકાય. તેમાં ગોલમાલ થઈ શકે નહિ.

(૩) સને ૧૯૬૧ ના અંત સુધીમાં આ કમિશનનું કામકાજ પુરું થાય ત્યાં સુધી લોકસભા ધી રિલિજિયસટ્રસ્ટ બીલ-૧૯૬૦ પસાર કરે નહિ, એવી તાત્કાલિક ભલામણ થવી જોઈએ.

(૪) સારા પ્રતિષ્ઠિત ધર્મગુરુ તથા આગેવાનોનાં દશ નામો હું આપું, તેમની સાથે પંદર કે ત્રીશ મિનિટ નહિ, પણ ચાર-આઠ દિવસ પૂરો વિચાર કરી તમારે રિપોર્ટ કરવો.

શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈએ કમિશનના મુખ્ય ત્રણ આશયો અંગે એમ જણાવ્યું કહેવાય છે કે (૧) મોટાં ટ્રસ્ટોએ તે ધર્મના નાનાં ટ્રસ્ટોને મદદ કરવી જોઈએ; (૨) પૂજારીઓને ધાર્મિક કેળવણી આપવી જોઈએ; (૩) લોકોમાં ધાર્મિક વૃત્તિની જાગૃતિ થાય તેવી કેળવણી આપવા સંસ્થાઓ ખોલવી જોઈએ.

ટ્રસ્ટ બીલની બાબતમાં શેઠશ્રીએ એમ જણાવ્યું કહેવાય છે કે (૧) જૈનધર્મ હિન્દુધર્મ કરતાં જુદો છે, તેમ જૈન ધાર્મિક રીતરિવાજો પણ જુદા છે તેથી જૈનોને આ કાયદો લાગુ પાડવો જોઈએ નહિ. (૨) એક ખાતાના પૈસા બીજા ખાતામાં વાપરવા સૂચના કરી શકાય જ નહિ. દાતાની ઈચ્છા મુજબ જ ટ્રસ્ટનાં નાણાં વપરાવાં જોઈએ. (૩) આ ટ્રસ્ટ બીલમાં ચેરિટી કમિશ્નરને જે સત્તાઓ આપવામાં આવી છે તે ઘણી ગેરવ્યાજબી છે તેથી ટ્રસ્ટોને નુકસાન થશે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final

## (૧૦૧) દિલ્હીમાં જોઈન્ટ સીલેક્ટ કમીટીની બેઠક

ધી રિલિજિયસ ટ્રસ્ટ બીલ ૧૯૬૦ અંગે નીમાયેલી જોઈન્ટ સીલેક્ટ કમીટીની બેઠક તા. ૨૩ મી જાન્યુઆરીથી દિલ્હી ખાતે મળવાના સમાચાર પ્રાપ્ત થયા છે. આ સમિતિ પોતાની સમક્ષ જુદી જુદી સંસ્થાઓના પ્રતિનિધિઓને બોલાવીને તેમણે પોતાના મેમોરેન્ડમ દર્શાવેલા વિચારોને વધારે વિગતથી કે વધારે સ્પષ્ટતાથી સાંભળવા ઈચ્છે છે અને તેથી રૂબરૂ જુબાની આપવાની માગણી કરનાર પૈકી કેટલીક સંસ્થાઓને તેણે આમંત્રણો પણ આપ્યાં છે. આ રીતે સમસ્ત જૈન સમાજમાં કેટલી સંસ્થાઓને આમંત્રણો મળ્યા છે, તેની પૂરી વિગત પ્રાપ્ત થઈ નથી, પણ શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજમાંથી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ અને શિરોહીની શેઠ કલ્યાણજી પરમાનંદ પેઢીને પોતાના પ્રતિનિધિઓ મોકલવાનું આમંત્રણ મળ્યાનું નિશ્ચિત છે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને અમારા જાણવા મુજબ આમંત્રણ મળ્યું નથી. કારણ કે તેણે પોતાના મેમોરેન્ડમમાં એ જાતની માગણી કરી ન હતી. કેમ માગણી ન કરી ? એ એક પ્રશ્ન છે, જ્યારે અખિલ હિંદના ધાર્મિક ટ્રસ્ટો અંગે વિચિત્ર સમસ્યા ઊભી થઈ હોય, તે વખતે પેઢી માત્ર પોતાના વિચારો દર્શાવીને જ સંતોષ માને અને રૂબરૂ જઈને પોતાનો કેસ સમજાવવા જેટલીય તત્પરતા ન બતાવે, ત્યારે સમાજને આશ્ચર્ય અને ખેદ થાય એ સ્વાભાવિક છે.

આ બીલ લોકસભા સમક્ષ આવ્યું ત્યારે પ્રારંભમાં કોઈએ તેના પર ધ્યાન આપ્યું નહિ. પછી જ્યારે સમાજનું લક્ષ ખેંચાયું અને ભારે ઉહાપોહ થયો, ત્યારે પેઢીએ આ બાબતમાં વધારે સક્રિય થવું જોઈએ એવી સૂચના થઈ હતી અને તેણે આગેવાન આચાર્યોને મળી તથા જરૂર લાગે તો બધા પ્રતિનિધિઓની સભા બોલાવીને એ બાબતમાં જરૂરી પગલાં ભરવા જોઈએ એવી ભલામણ પણ થઈ હતી, પરંતુ પેઢીએ તેના પર લક્ષ આપ્યું હોય, એમ જણાયું નથી.

પેઢી પર સમસ્ત શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનો સારો એવો વિશ્વાસ છે, તે વિશ્વાસ શું આથી ઓછો નહિ થાય ? ભવિષ્યમાં આવાં બીજા ખતરનાક બીલો આવશે, તે વખતે પેઢી પોતાની નિષ્ક્રિયતા જ બતાવશે કે તેની સામે ઝઝુમશે ? વગેરે અનેક પ્રશ્નો આજની પરિસ્થિતિમાંથી ઉદ્‌ભવે છે અને તે એણે ગંભીરતાથી વિચારવા જેવા છે.

કોન્ફરન્સ તરફથી જે ડેપ્યુટેશન દિલ્હી જવાનું છે તેના બધા સભ્યો અખિલ ભારતવર્ષિય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિના સભ્યો છે અને શિરોહીથી



જનાર ડેપ્યુટેશનમાં પણ લગભગ એજ પરિસ્થિતિ છે, વળી તાજેતરમાં મળી ગયેલી પ્રતિકાર સમિતિની સભામાં મુંબઈથી જનારા ડેપ્યુટેશનના સભ્યો હાજર હતા અને તેમને સમિતિએ પોતાના વિચારો દર્શાવ્યા છે. ઉપરાંત પ્રતિકાર સમિતિનું કાર્યાલય તા. ૨૦ મી જાન્યુઆરી થી તા. ૨૬ મી જાન્યુઆરી સુધી દિલ્હીમાં રહેવાનું છે એટલે તેણે 'આ બીલ ન જોઈએ અથવા જૈનોને લાગુ ન પડવું જોઈએ' એવી જ નીતિ ઘડી હતી અને તેનો જ પડઘો દિલ્હીમાં પડશે, એમ માનવું વધારે પડતું નથી. આમ છતાં અમને કેટલાક સૂચનો કરવાં જરૂરી લાગે છે, તે અહીં કરીએ છીએ.

(૧) શ્વેતામ્બર મૂર્તિપૂજક ડેપ્યુટેશનના સભ્યોએ દિલ્હી જતાં પહેલાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો અને ખાસ કરીને શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈનો સંપર્ક સાધી લેવો અને આ વિષયની તેમની પાસે પૂરી ચર્ચા કરી લેવી.

(૨) શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ તરફથી જે ડેપ્યુટેશનો દિલ્હી જાય તેમણે દિલ્હીમાં પોતાની એક સભા ભરી લેવી અને આ વિષયની ચર્ચા-વિચારણા કરીને એક વાક્યતા સાધી લેવી. જો માગણીઓ જુદા જુદા પ્રકારની થશે, તો સરકાર તરફથી તેમાંની કોઈપણ માંગણીનો સ્વીકાર થશે કે કેમ ? એ વિચારવું ઘટે છે. 'તમારી માગણીઓ વિવિધ હોવાથી અમે કોને સંતોષ આપીએ ?' એવો સરકાર તરફથી જવાબ મળવા પૂરો સંભવ છે, માટે આ બાબત પર ખાસ લક્ષ આપવું

(૩) દિગમ્બર, સ્થાનકવાસી વગેરેના ડેપ્યુટેશનો જવાના હોય તો તેની સાથે પણ સંપર્ક સાધી લેવો અને તેઓ આપણી સાથે જ ઊભા રહે તેવો પ્રયત્ન કરવો.

(૪) આપણી માગણીઓ મક્કમતાથી રજૂ કરવી, અને તેમાં કોઈ પણ પ્રકારનું ઢીલાપણું બતાવવું નહિ.

આશા છે કે આ સૂચનો પર લક્ષ આપી શાસનનું હિત થાય એમ સહુ કોઈ વર્તશે.

**દિવ્યદર્શન સાપ્તાહિકમાં વર્ષ ૧ થી ૫ માં અગ્રલેખો આવતા ન હતા તેથી વર્ષ ૬ થી અગ્રલેખો આ સંગ્રહમાં (ભાગ ૧ થી ૧૦) આપેલ છે તથા ભાગ-૧૧ થી દિવ્યદર્શનમાં આવતા આધ્યાત્મિક પ્રવચન વિભાગ શરૂ થશે.**
**– દિવ્યદર્શન ટ્રસ્ટ**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-10)(yr.35-42).pmd/prf.4/Final